Smt. HANSA MEHTA LIBRARY
THE M... OF BARODA

31310

---

# The Portrait Gallery of Western India

R H Jalbhoy

1886

---

Rs12.00

---

Bombay

presented to the
·lia. It is a select
·he Portraits are
Day, and Son,
al, Political,
GLISH and
are short,
·ious.

·siderable
through
·nts of
·ADRA,
·reater
·ries.

·its,
·s,
·l
·be
·y

H. JALBHOY.

શેહેનશાહી દબદબાના મહાપ્રતાપી

# વીકટોરીઆ,

ગ્રેટબ્રીટંન અને આયરલાંડનાં જોડાયલાં રાજ્યો અને તેહેનાં સંસ્થાંનો અને તા

હેઠળના મુલુકોના મહારાણી, અને

# કયસરે-હીંદ.

મેહેરબાન બાઈ સાહેબ,

આપ અલીજાહાં અને બુલંદ દરજ્જાનાં કૃપાળુ મહારાણીની પરવાનગીથી, હું, આ "પશ્ચીમ . સ્થાનના રાજાઓ, સરદારો, નવાબો, અને ઉમરાવોની પોર્ટ્રેટ-ગ્યાલરી" નું ગ્રંથ, તમો મહારાણી પોતાની પ્રજા ઉપરના ખરા પ્રેમ અને રેહેમ ખાતર, તેમનું કલ્યાણ ઈચ્છવા અને સુધારો કરવા અને વળી આપે પોતાના ખુદ ખાસ વખાણ લાયક સદ્-ગુણો અને નાદર ખુબીઓથી પોતાનું પ્રી નામ આખ્ખી બોહોલી ઈંગ્રેજી શેહેનશાત અને તેના તાબા હેઠળના દૂરના મુલુકોની ઉભાઈ ખલકતમાં સઘળે, માનવંત, માનીતું, અને વાહાલું બનાવ્યું છે; તેની ખરી વફાદારીની એક નજીવા તરીકે, આપના તખ્ત સામે, અતી નમનતાઈ સાથ સાચ્ચાં જીગરથી ધરૂંછું અને ર [illegible] કરૂંછું.

હું છું,

તમો શેહેનશાહી દરજ્જાનાં પ્રતાપી મહારાણીનો

તાબેદાર, નમનતાઈ ભર્યો, અને વફાદાર સેવક અને પ્રજા,

રૂસતમજી. હો. જાલભાઈ.

...પુર,

૧૮૯૬.

# Introduction.

"The Portrait Gallery of Western India" here presented to the Public may fairly claim to be the — very first of its kind in India. It is a select collection of the most eminent celebrities of the Presidency. The Portraits are prepared by well-known Artists in London, Messrs. Vincent Brooks, Day, and Son, with considerable taste and skill, and are Life-Like. The Historical, Political, Biographical, and other accounts which accompany the Portraits, in ENGLISH and GUJARATI are confidently submitted as faithful and accurate. They are short, but it is to be hoped not too *brief* to be *dry*, nor too *long* to be *tedious*.

This work was begun in 1876, but through unforeseen obstacles, considerable delay has been caused in bringing it out. The Author's *protracted* tour through Gujarat, Kathiawar, and Kutch-Bhooj, enabled him to get reliable accounts of the States of Baroda, Cutch, Joonagad, Jamnagar, Bhownagar, Dhrangadra, Morvee, Gondal, Wadhwan, Lakhter, Rajkot, and Jusdhun. The greater portion of the materials for the Letter-Press has been collected from *personal* inquiries.

Party feeling has been consistently avoided in the selection of the Portraits, which have been of men of high degree of distinction, exalted birth, shining talents, and noble philanthropy. *No* attempt has been made to enter the region of political strife. A collection of authentic Biographies of Illustrious men cannot fail to be a source of lively entertainment and instruction to the present generation, and may be preserved as an interesting history for the study of Posterity.

Her Imperial Majesty the Queen-Empress of India has been graciously pleased to accept the *Dedication* of this "Portrait Gallery," and for this singular mark of condescension, earnest and unflinching efforts have been made to make the work worthy of Her Imperial Majesty's *approval*.

The Author's warmest acknowledgments are due to some of the subscribers and friends whose encouragement has enabled him to overcome numerous difficulties, and the interest they have evinced in the success of this work.

R. H. JALBHOY.

Malabar Hill,
*Bombay, March, 1886.*

# પ્રસ્તાવના.

"**પશ્ચિમ હીંદુસ્થાનની પોર્ટ્રેટ-ગ્યાલરી**" નું આ પુસ્તક, હીંદુસ્થાનમાંજ નહીં પણ આખ્ખા એશીયા ખંડમાં—પેહેલવેહેલો જન્મ લેવાનો વાજવી દાવો કરેછે. એમાં મુંબઈ ઈલાકાના ચુંટી કાહાડેલા ચુનંદા પુરૂષોને બીરાજમાન કીધાછે. તશ્બીરો લંડનના જાણીતા ચીતારા મેશરસ **વીનસંટ બ્રુકસે** બનાવી, તેઓ ઉમદા હુન્નર અને ચીત્ર-કલાના નાદર નમુના તરીકે જાહેરમાં શાબેત થઈ ચુકીછે. તેઓને ખાતરી પુરવક બનાવી મંગાવવા કર્તાએ બનતી મેહેનત લેવા સાથ વખત અને ખરચનો મોટો ભાગ આપ્યોછે. ચીત્રોને લગતા **ઈંગ્રેજી, ગુજરાતી**, જન્મ-**ચરીત્રો, તવારીખ, રાજનીતી**, વીગેરેના હએવાલો, તરેહવાર સાબેત અને ભરૂશેદાર મુળોમાંથી મેળવી, સઘલું લખાણ—ગાળી ગાળી ને ટુકમાં પણ સ્વાદીષ્ટ, કંટાળા ભર્યા પીંજણથી મોકલું, ખુશામતનાં વારનીસના ખોટા ઝલકાટવાળું પોકલ નહીં, પણ લીટીએ **લીટી**, હાલસુધીની જાણવાજોગ નક્કી અને નક્કર બાબદોથી ખીચોખીચ ભરી, થોડામાં સઘળું અગત્યનું સમાવ્યું છે, જેથી પણ ઘણો લાંબો વખત ગયોછે.

કર્ત્તાએ આ ગ્રંથ ઈ. સ. ૧૮૭૬ માં શરૂ કીધો હતો. તેને, ઉપલા સબબોથી અને વળી તરેહવાર અડચણોના ઝપાટા, હરકતોના સપાટા, છુપી અદેખીના ખાડા, અને હસદના કાંઈ ચાલા ઓલંગી પસાર થતાં, બહાર પડવા ન ધારેલો વીલંબ લીધો છે. કર્તા તરફથી ઢીલ કે કસુર થઈજ નથી, કે જેણે ૧૦ વરશોની લાંબી મુદત સુધી મોજ મજા તજી, ફુરસુદનું નામ નહીં, આરામ કે આશાએશનું કામ નહીં, રાત્ર દીવશ જોડાયલો, ગુંથાયલો, રોકાયલો, સીકડાયલો રહી, આ ગ્રંથ પુરો કીધોછે. દરેક હકીકતનો મુખ્ય કરી સઘળો ભાગ કર્ત્તાએ ખુદ જાતી મેહેનત અને પોતે તપાસ અને પુછપરછ કરી ભેગો કીધોછે, તેમજ રાજ્યોને લગતી **અર્વાચીન પ્રાચીન** તવારીખો, અસલી બંધણો અને હાલના સુધારા અને ફેરફારો, રાજનીતી, જન્મ-ચરીત્રો, વીગેરે બાબદો વીશેની—જાતે ખબર મેળવવા, તેણે, ગુજરાત, **કાઠીઆવાડ**, અને **કચ્છ-ભુજ**ની લાંબી મુદત મુશાફરી કરી, **બરોદા, લખતર, વઢવાણ, ધ્રાંગદ્રા, ધરોલ, વાંકાનેર, મોરબી, કચ્છ, માલ્યા, રાજકોટ, ગોંડલ, જસધણ, જેતપોર, બાંટવા, જુનાગઢ, જામનગર, ભાવનગર, પાલીટાંના, વલા, ચુડા**, વીગેરે રાજ્યોમાં ફરી અગત્યનો સત્તાવાર સંગ્રહ સંગીન મુળ અને સાબેત સત્તાઓ ઉપરથી મેળવી, સઘલું લખાણ ભરૂસાદાર કીધું છે. પુરતાં અને વાજબી કારણો હોવા છતાં, કર્ત્તાએ-રાજ્યદ્વારી તકરારોનાં મેદાનમાં ઝોકાવવા કલમ કસીજ નથી, કે જે બાબદ આ પુસ્તકની મકશદથી વેગલી છે.

છબીઓ પસંદ કરવામાં કર્ત્તાએ પક્ષપાતપણાંને દુર ફેકી નાખી, લાગવગનો છાંયો વતીક પોતા ઉપર થવા દીધો નથી, જેથી ઘણાક જરદારો તેની ઉપર નાખુશ થયા, અને તેણે નાણાં સંબંધી ઘસારો ગયો એટલુંજ નહી, પણ વળી તેણે મદદ કરવા કબુલ થયલાઓ એથી ખશી જવે, થોડીકવાર તે ભારી અડચણ અને જબરા ગુચવાડામાં પડયો હતો. પસંદ કીધેલાં ચીત્રો, મોટા દરજ્જાના, પ્રકાશીત બુધ્ધીના,

# LIST OF THE PORTRAITS,

## WITH ACCOMPANYING BIOGRAPHIES.


HER IMPERIAL MAJESTY QUEEN VICTORIA, EMPRESS OF INDIA.

THE AUTHOR.

H. H. The NIZAM MIR MAHABUB ALI KHAN BAHADUR, OF HYDERABAD, G. C. S. I.

H. H. The GAIKWAR MAHARAJA SEYAJI RAO, OF BARODA, S. K. S. B.

H. H. The MAHARAJA MAHA RAO PRAGMULJI, OF CUTCH, G. C. S. I., (the late).

H. H. The MAHARAJA MAHA RAO KHENGARJI SAVAI BAHADUR, OF CUTCH.

H. H. NAWAB SAHIB MAHABUT KHANJI BABI BAHADUR, OF JUNAGAD, K.C.S.I., (the late).

H. H. NAWAB SAHIB BAHADUR KHANJI, OF JUNAGAD.

H. H. MAHARAJA JAM SHRI VIBHAJI, OF NAVANAGAR, K. C. S. I.

H. H. MAHARAJA RAJ SAHIB MANSINGJI, OF DRANGDRA, K. C. S. I.

H. H. MAHARAJA RAVEL SHRI TAKHTSINGJI, OF BHOWNAGAR, G. C. S. I. *

H. H. THAKORE SAHIB WAGJI, OF MORVEE.

H. H. THAKORE SAHIB SUGRAMJI, OF GONDAL, (the late).

H. H. THAKORE SAHIB DAJIRAJ, OF WADHWAN, (the late).

H. H. MAHARANA SHRI KURRENSINGJI, OF LAKHTAR.

H. H. THAKORE SAHIB BAVOJIRAJ, OF RAJKOT.

H. H. KHANCHER SHRI ALLA CHELA, THE CHIEF OF JUSDHAN.

H. H. NAWAB MIR KAMALOODIN KHAN BAHADUR, OF BARODA, (the late).

H. E. NAWAB SIR SALAR JUNG, G. C. S. I., (the late).

H. E. RAJA SIR T. MAHADEVA RAO, K. C. S. I.

SIR JAMSETJI JEEJIBHOY, THE 1st PARSEE BART., (the late).

SIR JAMSETJI JEEJIBHOY, THE 2nd PARSEE BART., C. S. I., (the late).

SIR COWASJI JEHANGEER READYMONEY, KT., C. S. I., (the late).

HON'BLE† MR. RUSTOMJI JAMSETJI JEEJIBHOY, C. A. T. E., J. P., (the late).

SETT MANEKJI NOSERWANJI PETIT, J. P., (the late).

HON'BLE† MR. FRAMJI NOSERWANJI PATEL, J. P.


* This title was further conferred on the Empress-day, the 1st of January 1886.

† Ex-Member, "Legislative Council," Bombay.

# LIST OF PORTRAITS WITH BIOGRAPHIES.


Hon'ble† Mr. Byramji Jeejibhoy, C. S. I., J. P.

Sett Ardashir Hormusji Wadia, J. P., (the late).

Sett Goculdass Tezpal, J. P., (the late).

Hon'ble† Sir Mangaldass Nathoobhoy, Kt., C. S. I., J. P.

Hon'ble Mr. Dadabhoy Nowroji, J. P.

Nawroji Furdoonji, Esq., C. S. I., J. P., (the late).

Khan Bahadur‡ Ardashir Kotwal, of Surat, (the late).

Dinshawji Manekji Petit, Esq., J. P.

Noserwanji Manekji Petit, Esq., J. P.

Hon'ble† Khan Bahadur, Sirdar, Padumji Pestonji, of Poona.

Hon'ble Mr. Jagonath Shankersett, J. P., (the late).

Hon'ble† Mr. Dossabhoy Framji Kurraka, C. S. I., J. P.

Gunnesh Wasoodew Joshi, Esq., of Poona, (the late).

Hon'ble† Rao Bahadur, Sirdar, Gopal Rao Hurry Deshmukh, J. P.

Hon'ble Mr. Justice Nanabhoy Hurridass, LL.B.

Divan Guvrisanker Oodeisanker, C. S. I.

Rao Bahadur Goculji Zala, Divan of Junagad, (the late).

Divan Samuldass Permanunddass, of Bhownagar, (the late).

Divan Bahadur, Manibhoy Jushbhoy, Ex-Divan of Cutch.

Lukmidass Khimji, Esq., J. P.

Rao Bahadur‡ Nana Moroji, J. P., Divan to H. H. the Holkar.

Rao Bahadur‡ Jugjivandass Koosaldass, of Surat.

Vazir Saik Bawdinbhoy, Prime-Minister of Joonagad.

Khan Bahadur Sale Hindi, C. I. E., of Joonagad.

Rao Bahadur‡ Sambhoopersad Laxmilal, (the late).

Rao Bahadur, Sirdar, Bholanath Sarabhoy, of Ahmadabad.

Camroodin Tyabji, Esq., J. P., of Bombay.

Nursingpursad Hurrypersad, Esq., of Joonagad.

Narunji Dulbji, Esq.,‡ Ex-Divan of Wadhwan.


† Ex-Member, "Legislative Council," Bombay.

‡ Biography only.

# છબીઓ સાથનાં જન્મ-ચરીત્રોનું સાંકળિયું.

**શેહેનશાહી દબદબાનાં મહારાણી વીકટોરીઆ કયેસરે-હીંદ.**

**ગ્રંથકર્તા.**

નામદાર નીઝામ મીર મહામુબ અલીખાન બહાદુર, હૈદ્રાબાદના, જી. સી. એસ. આઈ.

નામદાર ગાયકવાડ સયાજીરાવ મહારાજ, બરોડાના, એસ. કે. એસ. બી.

મહારાજાધીરાજ મહા રાવ સર પ્રાગમલજી બહાદુર, (સ્વર્ગવાસી) કચ્છ-ભુજના, જી. સી. એસ. આઈ.

મહારાજાધીરાજ મીરજાં મહા રાવ ખેંગારજી સવાઈ બહાદુર, કચ્છ-ભુજના.

વાલાશાન નવાબ સાહેબ મોહોબતખાંનજી બાબી બહાદુર, (મરહુમ) જુનાગઢના, કે. સી. એસ. આઈ.

વાલાશાન નવાબ સાહેબ બહાદુરખાંનજી બાબી, જુનાગઢના.

મહારાજાધીરાજ જામ સાહેબ સર વીભાજી, નવાનગરના, કે. સી. એસ. આઈ.

મહારાજાધીરાજ રાજ સાહેબ સર મહાનસીંગજી, ધ્રાંગદ્રાના, કે. સી. એસ. આઈ.

મહારાજાધીરાજ રાવળ શ્રી તખ્તસીંહજી, ભાવનગરના, જી. સી. એસ. આઈ. *

નામદાર ઠાકોર સાહેબ વાઘજી, મોરબીના.

નામદાર ઠાકોર સાહેબ સગ્રામજી, (સ્વર્ગવાસી) ગોંડલના.

નામદાર ઠાકોર સાહેબ દાજીરાજ, (સ્વર્ગવાસી) વઢવાણના.

નામદાર મહારાણા કરણસીંગજી, લખતરના.

નામદાર ઠાકોર સાહેબ બાવાજી રાજ, રાજકોટના.

નામદાર ખાંચર શ્રી આલા ચેલા, જસધણના.

જનાબેઅલી શ્રીમંત નવાબ સાહેબ મીર કમાલુદીન ખાન બહાદુર, (મરહુમ) બરોડાના.

જનાબેઅલી નવાબ સર સાલાર જંગ, (મરહુમ) જી. સી. એસ. આઈ.

જનાબેઅલી રાજા સર ટી. માધવરાવ, કે. સી. એસ. આઈ.

સર જમસેદજી જીજીભાઈ (મરહુમ), ૧ લા બેરોનેટ.

સર જમસેદજી જીજીભાઈ (મરહુમ), ૨ જા બેરોનેટ, સી. એસ. આઈ.

સર કાવસજી જહાંગીર રેડીમની, (મરહુમ) નાઈટ, સી. એસ. આઈ.

ઓનરેબલ † શેઠ રૂસતમજી જમસેદજી જીજીભાઈ (મરહુમ), સી. એ. ટી. ઈ.

શેઠ માણેકજી નસરવાનજી પીટીટ (મરહુમ), જે. પી.

ઓનરેબલ † શેઠ ફરામજી નસરવાનજી પટેલ, જે. પી.

---

* એ ઠાકોર સાહેબને, એ વધુ ખિતાબ, ૧૮૮૬ ની ૧ લી જાનેવારીએ મળ્યો.

† મુંબઈની, "લેજીસ્લેટીવ-કાઉન્સીલ" ના માજી સભાસદ.

## છબીઓ સાથનાં જન્મ-ચરીત્રોનું સાંકળિયું.

ઓનરેબલ* શેઠ બેરામજી જીજીભાઈ, સી. એસ. આઈ., જે. પી.

શેઠ અરદેસર હોરમસજી વાહડીઆજી (મરહુમ), જે. પી.

શેઠ ગોકલદાસ તેજપાલ (સ્વર્ગવાસી), જે. પી.

ઓનરેબલ* સર મંગલદાસ નથુભાઈ, નાઈટ, સી. એસ. આઈ.

ઓનરેબલ શેઠ દાદાભાઈ નવરોજી. જે. પી.

શેઠ નવરોજી ફરદુનજી (મરહુમ), સી. આઈ. ઈ., જે. પી.

ખાન બહાદુર† અરદેસીર કોતવાલ બહાદુર (મરહુમ), સુરતના.

શેઠ દીનશાજી માણેકજી પીટીટ, જે. પી.

શેઠ નસરવાનજી માણેકજી પીટીટ, જે. પી.

ઓનરેબલ* ખાનબહાદુર, સરદાર પદમજી પેસતનજી, પુણાના.

ઓનરેબલ શેઠ જગન્નાથ શંકરશેઠ (સ્વર્ગવાસી), જે. પી.

ઓનરેબલ* શેઠ ડોસાભાઈ ફરામજી કરાકા, સી. એસ. આઇ., જે. પી.

શેઠ ગણેશ વાસુદેવ જોશી (સ્વર્ગવાસી), પુણાના.

ઓનરેબલ* રાવ બહાદુર, સરદાર ગોપાળરાવ હરી દેશમુખ, જે. પી.

ઓનરેબલ જસ્ટીસ શેઠ નાનાભાઇ હરીદાસ, એલ. એલ. બી.

દીવાન ગવરીશંકર ઉદેશંકર, સી. એસ. આઈ.

રાવ બહાદુર ગોકલજી ઝાલા (સ્વર્ગવાસી), દીવાન જુનાગઢના.

દીવાન સામળદાસ પરમાનંદદાસ (સ્વર્ગવાસી), ભાવનગરના.

દીવાન બહાદુર મણીભાઈ જશભાઈ, માજી દીવાન કચ્છના.

શેઠ લક્ષ્મીદાસ ખીમજી, જે. પી.

રાવ બહાદુર † નાના મોરોજી, દીવાન ઇંદોરના, જે. પી.

રાવ બહાદુર † જગજીવનદાસ ખુશાલદાસ, સુરતના.

વજીર શેઠ બાવદીનભાઈ, મુખ્ય-પ્રધાન જુનાગઢના.

ખાન બહાદુર સાલે હીંદી, જુનાગઢના, સી. આઈ. ઈ.

રાવ બહાદુર † શંભુપ્રસાદ લક્ષ્મીલાલ (સ્વર્ગવાસી).

રાવ બહાદુર સરદાર ભોલાનાથ સારાભાઈ, અમદાબાદના.

શેઠ કમરૂદીન તૈય્યબજી, મુંબઈના, જે. પી.

રાજશ્રી નરસીંગપ્રસાદ હરીપ્રસાદ, જુનાગઢના,

રાજશ્રી † નારણજી દુલભજી, માજી દીવાન વઢવાણના.

* મુંબઇની "લેજીસ્લેટીવ-કાઉન્સીલ"ના માજી સભાસદ

† ફક્ત જન્મ-ચરીત્ર.



નામદાર મીર માહાબુબ અલીખાંન બાહાદુર. હૈદરાબાદનાં નીઝાંમ સાહેબ.

H. H. MIR MAHBUB ALI KHAN BAHADUR, THE NIZAM OF DECCAN.

# His Highness Mir Mahabub Ali Khan Bahadoor, G. C. S. I.,

## NIZAM OF DECCAN.

THE sovereign of Hyderabad in the Deccan traces descent from Khalif Aboo Bukker, from whom descended Nawab Abid Kooli Khan, who in about A.D. 1655 emigrated to India, in the reign of the Emperor Shah Jehan. After a distinguished career of military adventures, he died in the siege of Golkanda in 1687, under the sovereignty of Aurungzebe. His son Shabudin signalised himself by defeating the Maratha prince Sambhaji, and capturing Ahmadabad and Bijapur. He married the daughter of Asoodula Khan, the prime-minister of Shah Jehan. The fruit of this alliance was a son, who became the illustrious **First Nizam** and the recognised head of the present reigning dynasty at Hyderabad. The young Khan, as he was *first* called, received great favours from Aurungzebe and his successor Azim Shah, who gave him the command of 6,000 horse and made him governor of Buránpur. The next Emperor Bahadoorsha was not friendly to the Khan, but his successor Furrucksiyár restored him his command and gave him authority over the Deccan and Carnatic, under the title of "*Nizam-ul-Mulk*." This excited the jealousy of the two Sáyads, then in high favour with the Emperor, and they succeeded in depriving him of his authority, and shortly afterwards murdered the Emperor and usurped his power at Delhi. The Nizam then marched on to capture the fort of Asir and the city of Baranpur, and after defeating the forces sent from Delhi, firmly established himself in the Deccan. On Mahmadsha becoming Emperor, the Nizam accepted him as his suzerain, who, on the demise of his prime-minister, invited the Nizam to the high office, and as he came over to Delhi, with his son, he appointed a Deputy to rule over the Deccan. Owing to machinations of his enemies, his son was dismissed from Delhi, and his Deputy was instigated to usurp his throne in the Deccan. The victory near Thakor Khera, in Berar, decided the fate of the usurper, and the Nizam arranged with the powerful Marathas, about their Mulakgiri expeditions.

The Emperor seeing the Nizam thus firmly established in his kingdom, confirmed him in his sovereignty with the title of "*Asif-za.*" The Nizam made Hyderabad his capital, and became an independent prince, though on fixed occasions, like other tributaries to the Empire, he sent presents to the Imperial Court. In 1728 a political dispute between the 1st Bajirao and the Nizam led to a war, in which the former was defeated and a treaty was agreed upon which resulted chiefly in the interest of the Nizam. In A.D. 1736 the Emperor Nadirsha appointed the Nizam to the governorship of Agra and Malwa. "In 1747, when Madras was captured by the French, and—British interests on the coast were threatened with total extinction, Nizam Asofjah's military assistance restored Madras to the English."* He died in 1748, when Ahmed Shah was Emperor of Delhi, leaving six sons, of whom Nasir Jung succeeded his father. He suppressed the rebellion which was instigated by the French, but this cost the Nizam his life. His brother Salabut Jung, a favourite of the Delhi Court, assumed the power. Aided by the French, he marched on twice to Poona, and led an army into Berar. The Nizam was defeated by Bajirao and had to give up a large area of his territory,

* Briggs.

yielding an annual income of Rs. 60,00,000. Part of this ceded territory was regained by him, when he successfully renewed the war against the Marathas and advanced as far as Poona. In consequence of his running always into hazardous extremes, he became obnoxious to his own nobles, who rose against him and made him a prisoner in the fort of Bidar, and raised to the throne his younger brother as Asifza II. In the midst of these revolutions, the Marathas, under Rhagoonath Rao, made a bold attempt upon Hyderabad. The Nizam marched with a large army to the head-quarters of the enemy, sacked the town of Poona and extended his ravages in the Koncan. At this time—Hyder Ali, father of Tippoo Sultan, meditated hostilities with the English and with a view to root out their power, he solicited the aid of the Nizam and several Mahomedan States in India. The Nizam sided with Hyder, fighting against the English in a battle in 1765. A treaty of peace followed and the English agreed to aid the Nizam in time of war. Hyder was succeeded by his son Tippoo Sultan to the throne of Seringápátám. He forfeited the friendship of both, the Nizam and the Peshwa, and in 1786 he began war with the English, who, headed by Lord Cornwallis and assisted by the Nizam and the Marathas, marched triumphantly into Seringápátám. The conditions of the peace with the allies involved a surrender of two of Tippoo's sons as hostages, of half of his territory and the payment of a large sum of money. From this time the English possessed great influence at the Court of the Nizam, and received valuable military assistance in the second war with Tippoo, which ended in the death of the latter and the extinction of his kingdom in A.D. 1799. When the ties of friendship between the "East India Company" and the Nizam became closer, an agreement was entered into, at the desire of the Nizam, by virtue of which Lord Cornwallis bound himself, in consideration of certain districts being ceded, and of the yearly payment of Rs. 24,17,000, to keep and maintain a permanent subsidiary force in the Nizam's service. In 1802 another treaty was signed, the subsidiary force was increased,—and the British agreed to protect the State from unprovoked aggression. A treaty of commerce was also entered into which admitted, on the payment of 5 per cent. duty, the produce of the lands of the one government into the territories of the other. In 1853 an *important* agreement was come to between the British and the Nizam Government, by which the latter gave the former the province of Berar and the districts of Shorapur and Raichur, yielding annual income of Rs. 50,00,000, for the support and maintenance of the Hyderabad Contingent consisting of 5,000 foot and 2,000 horse, and a field battery. The surplus revenue was to be paid back to the Nizam. This treaty was confirmed again in A.D. 1860, in which year the Nizam's prime-minister Siraj-ul-Mulk died, whose place was taken by his illustrious nephew, the late Sir Salar Jung, a Statesman of considerable political reputation in this country and in England. Nizam Nasir Jung died in 1857, and was succeeded by his son Afzala, at that critical time, when the great Sepoy-mutiny raged throughout India. Although the capital of the Nizam was full of armed Arabs and other fanatical Mahomedans, there was no commotion in that city, and the Nizam sent out the Hyderabad Contingent, for the service of the English, for 13 months. The fidelity and friendship of the Nizam were publicly acknowledged, and the Governor-General expressed thanks to the Dewan Sir Salar Jung for the conspicuous example of loyalty and friendship which had been shown, and the admirable courage and steadiness with which he had discharged his duty to the Nizam and to England. When the mutiny was over the English bestowed on the Nizam the title of "Knight Grand-Commander of the Star of India" in 1861 and restored to him the districts of Shorapur and Raichur, retaining the province of Berar, which yielded a revenue sufficient for the maintenance of the Hyderabad Contingent. The Nizam in his turn made over to the English a strip of land, on the left bank of the Godavery, and abolished all duty on English merchandise that passed over that river. Nizam Afzala died in 1867, and was succeeded by his son the present ruler, H. H. Mir Mahabub Ali Khan, during whose minority, the kingdom was ably administered by the late talented Dewan Sir Salar and Nawab Samsooul Oomra Ameer-a-Kabir as co-regents. Sir Salar Jung was always held in high estimation by Her Imperial Majesty and by the successive Viceroys of India.

H. H. Mir Mahabat Ali Khan Bahadoor, Nizam-ul-Mulk, was born at Hyderabad in A.D. 1866. He belongs to the *Sunni* sect of the Mahomedans and has acquired a fair knowledge of the English and Hindoostani languages. His brother is the Nawab Moonir-ool-Mulk. He receives a salute of 21 guns with a Guard of Honour. He coins his own money, enacts his own laws, and nominates his own judges in his courts of judicature. By a covenant with the British he is not empowered to negotiate any treaty, or carry on communication with foreign powers without the consent of the English, nor can a Nizam ascend the throne of Hyderabad without the confirmation of his right by the Governor-General. On attaining his majority His Highness was entrusted with the absolute control of the State, on 5th of February 1884, and the installation ceremony was performed by H. E. Lord Ripon, the popular Ex-Viceroy of India. On the same occasion Nawab Liakut Ali Bahadoor, the eldest son of the late Sir Salar, was appointed prime-minister in place of his father. His Highness has been conferred with the title of the "Knight-Grand-Commander of the Order of the Star of India" by H. I. M. the Queen-Empress on the 1st of January 1885. His Privy Council assists him in the affairs of the State. The annual revenue of the State, including Berar under the British administration, is about Rs. 4,00,00,000. The "Nizam's State Railway" was opened on the 9th of October 1874, 121 miles in length, and it yielded in 1884 a net profit of 24,000 Rupees to the State. To preserve order and to maintain the dignity of his great State, a force of about 37,000 foot and 8,000 horse is entertained. The heir-apparent to the Nizam was born on the 26th of January 1884. His Highness is a promising young prince of 19.

*ANCIENT HYDERABAD*—was a place of large extent, under the Hindoo kings of Bijapur. It was conquered in A.D. 1512, by a Turkish Chief, who established a Government there and called it 'Golkanda.' It was once famous for a hill-fort, which now for the most part is in ruins, but the place has an extraordinary defence work, which is still looked after, and to which no admission is allowed to strangers. It is said that the climate of Golkanda, not agreeing with Sultan Mahmad Kootab Shah, he founded in 1566 the modern city of Hyderabad, where his descendants ruled till 1687. In that year both Hyderabad and the celebrated fortress of Golkanda were conquered and annexed, by the Emperor Aurungzebe, to the Empire and continued under charge of a Viceroy till 1719, when, all authority was vested in the First Nizam.

*HYDERABAD STATE*—is by far the largest native State in India, comprising hilly lands, and intersected by many rivers, the principal of which are the Godavery, the Wardá and the Kistná with their tributaries. The area of the territory, including the assigned districts of the Berars, exceeds 10,000 square miles. Large portions are held in fief by *Zemindars*; the population is 1,10,00,000, consisting of Hindoos and Mahomedans. The soil is very rich and fertile, the greater portion of which produces two *grain* crops annually, besides *cotton* and *wheat*. The annual income of the State is Rs. 2,00,00,000. The river Godavery flows through the middle of the dominion, which is divided into four districts or revenue sub-divisions, viz., Hyderabad, Aurungabad, Berar and Elichpur or Beder. **Berar** said to have been fortified by an ancient Hindoo prince contains a palace of remarkable celebrity and mausoleums of precious and rare workmanship. Its most fertile portion is under the direct administration of the British Government. The staple produce is *cotton*, *joovar*, and *rice* grain; and valuable *timber* is found in great abundance. Its annual income in 1884 was Rs. 90,98,539. **Aurungabad** founded by Aurungzebe, in A.D. 1657, was the first of the Mogul towns in the Deccan. There is a large tank, which overflows into a smaller tank below, and that in the lowest, presenting a curious and most charming appearance. Its rocks and caves and its Buddhist temples are

famed far and wide for their sublimity and silent grandeur. Its area is 10 miles. **Elichpur** is a fortified town 320 miles north of Hyderabad. It was the capital of Berar from A.D. 1489 to 1574, but was subsequently incorporated in the Amednugger district.

*THE CAPITAL OF HYDERABAD*—founded in A.D. 1566, by Mahomad Kooli of the Kootab Shahi dynasty, is a well built town on the southern banks of Musi river. It is about 5½ miles in extent, with a population of 230,000 souls, in which there is a large sprinkling of Rohillás and Arabs, who form—the disturbing element in the whole population. The cultivators are mostly Hindoos of the Kanery, Telangi and Maratha castes. The silver coin of the State is called *Halee Sicca,* the value of which is a little more than ¾ of an English Rupee. The town maintains a library, an hospital, a dispensary, a mint, a high-school and a college for the special instruction of the sons of the nobility. The construction of an artificial lake extending for many miles in circumference, has cost the State Rs. 8,00,000. Two contingents are maintained by the British for the defence of Hyderabad, supported by the Nizam—one as the 'Hyderabad Subsidiary' and the other as the 'Hyderabad Contingent' force.

*THE BRITISH CAMP*—is situate a mile from the city, on the northern bank of the Musi, at Chaderghát, communicating with the town by a bridge. It is a beautiful locality containing large barracks for the British soldiers and a magnificent Oriental Palace for the English Residency.

# નામદાર મીર મહાબુબ અલીખાન બહાદુર, જી. સી. એસ. આઈ.,

## હૈદ્રાબાદના નીઝામ સાહેબ.

દખ્ખણ હૈદ્રાબાદ ઉપર રાજ્યકર્તા વંશનો મુલ-સ્થાપનાર ૧ લા નીઝામનો અસલ વડીલ અરબસ્થાનની ઉંચી "કુરેશ" જાત અને બાપ તરફથી કાલીફ અબુબકર, તો મા તરફથી ખુદ મહમદની પ્રખ્યાત ઓલાદનો હતો. તેનાં વંશનો શેક શાહાબુદીન અમર સોરવારદી ઇ. સ. ની ૧૩ મી સદીમાં વખણાઈ ગયો. તેની ઓલાદનો નવાબ આબીદ કુલીખાંન ઇ. સ. ૧૬૫૫ને આશરે હીંદુસ્થાનમાં આવી દીલ્લીના શાહાનશા સાહજ્યાંનની ખીદમતમાં રહી, પેહેલે અજમીરનો હકેમ, પછે મુલતાંનનો ગવરનર બની "કાલીઝખાંન"ના એતાબ સાથ ઉમરાવ બનાવ્યો હતો. તે, ઔરંગઝેબના વખતમાં ગોલકંડા ઉપર ઘેરો નાખતાં ૧૬૫૭ માં માર્યો ગયો. તે વખતે, એનો બેટો શાહાબુદીન ઉર્ફે ગાઝીઉદીન જે, જેનરલ હતો, તેણે ભારી મરદાંનગી બતાવી શાબાશી મેલવી હતી. એ બહાદુર લડવૈયાએ રાજપુતાનામાં, શાહાનશાતની સરસ સેવા બજાવ્યા પછે, દખ્ખણમાં મરાઠા સરદાર સંભાજીને નીઝામપુર તરફ સખ્ત હાર આપી "ફીરૂઝજંગ" (ફત્તેહમંદ) નો વધુ એતાબ મેલવ્યો હતો. તેણે, અમદાવાદ દબાવી લેઈ, બીજાપુરનો કીલ્લો જીતી, બીજી ફત્તેહો મેલવ્યા બાદ બીરાર, પછે ઇલિચપુર અને ગુજરાતની હાકમીઓ ઉપર આવી, સાહજ્યાંનના માજી મુખ્ય-વજીર આશાદુલ્લા ખાંનની બેટી સાથ પરણ્યો, તેણીએ એક પુરા બેટા તે—૧ લા નીઝામને ઇ. સ. ૧૬૬૮માં જન્મ આપ્યો, તેનું ખરૂં નામ મીર કમરૂદીન હતું. તેની ઉપર ઔરંગઝેબની ઘણી મેહરબાની હતી. જેણે, એને ૧૬૮૮ માં "ચેન કાલીજખાંન બહાદુર" નો એતાબ આપી એક હાથી બક્ષ્યો હતો. એ જુવાન ખાંને ૧૬૯૫ માં ઘણીક લુટારૂ ટોળીઓને જેર કરી, પડવી અને સત્તામાં વધ્યા પછે, તેને 'બીજાપુર' ની હાકમી મલી હતી. ઔરંગઝેબ પાછલ ૧૭૦૪ હાઝીમશાહ તખ્તે આવ્યો, તેણે એને "ખાનદુરાંન" નો એતાબ બક્ષી ૬૦૦૦ સ્વારોની સરદારી આપી 'બહરાનપુર'નો હાકમ બનાવ્યો, કે પછે, એ શાહને મારી, બહાદુરશાહ તખ્તે આવ્યો. તેને પણ એ ખાંન ઉપર ખુશ થઇ, તેણે મળેલા એતાબો અને સરદારી ચાલુ રાખી, 'આઉદ' ની હાકમી આપી હતી. એ વખતનો ખટપટી રાજ્યમામલો ના પસંદ કરી, હોદ્દો છોડી, એ ખાંન દીલ્લીમાં એકાંત રહ્યો, ત્યારે પણ શાહ એની ઉપર મેહેરબાનજ હતો. તેની પાછળ ૧૭૧૨ માં તેનો બેટો જેહાનદારશાહ તખ્તે આવ્યો, તેણે એ ખાંન દુરાનને ૭૦૦૦ સ્વારોની સરદારી આપી. એ શાહે ૧૦ મહીના રાજ્ય કીધું કે, તેને કતલ કરાવી, ફરૂકશીર તખ્તે આવ્યો. તેણે, એ કામમાં મદદ કરનારા બે 'શહીએદો', અબદુલ્લા અને હુસેનઅલ્લી માહેલા ૧ લાને "કુતુબ ઉલ મુલક જાફરજંગ," તો ૨ જાને "અમીર ઉલ ઉમરા બહાદુર" ના એતાબો આપી, દરેકને ૭૦૦૦ સ્વારોની સરદારી બક્ષી હતી, અને ખાંનદુરાંનને "નીઝામ-ઉલ-મુલક-ફાથજંગ" નો સૌથી ચઢતો એતાબ બક્ષી, દખ્ખણની હાકમી અને કરનાટકની ફોઝદારી આપી. એથી ઉપલા બેઉ સહીએદોએ નીઝામ ઉપર અદેખી-થી બળવા માંડયું, કે જેઓના હાથમાં ભોલો શાહાનશા એક પુતલું બની રહ્યો હતો. તેને, શહીએદ હુસેન અલ્લીએ સમજાવી, દખ્ખણની હાકમી નીઝામના હાથમાંથી પોતે લીધી હતી. એજ સહીએદોએ, ફીરૂકશીરનો જાન લેવડાવી, તેની પાછલ તખ્તે આવનારા ૩ હકદારોના હક દુબાડી, પોતે રાજ્યકારોબાર ચલાવવા લાગી, તેઓએ નીઝામને 'માલવા' પ્રાંતનો ફોજદાર નેમ્યો હતો. એમ રાજ્યમાં દગલબાજી અને ઉથલપાથલ થવે નીઝામે ચોંકી, પોતાની મજબુતી સંભાળવા ૧૭૧૮ માં માલવે લશ્કર જમાં કરવા માંડયું. સહીએદ હુસેન અલીએ તે જાણવે ઘભરાઈ, નીઝામ ઉપર તુરત ચઢી જવા એક ફોજ તૈયાર કીધી. એ જાણવે નીઝાંમે, મહારાત ખાંન નામના બળવંત સરદારને મેળવી લઈ, માલવેથી દખ્ખણ તરફ વધી આવી 'આશીર'નો કીલ્લો અને 'બરહાનપુર' જીતી લીધું, કે તેનીસાથ બીરારનો હકેમ આઇવાજખાંન અને એક બીજો સરદાર મલી ગયા. પછે નીઝામે પોતાની સાંમે આવતાં ૧૭,૦૦૦ લશ્કરને નરબદા નદી તરફ ૧૭૧૮ માં ભારે ખુનરેજી સાથ મારી હઠાવી, પોતે બરહાનપુર તરફ છાવણી કરી પડયો, કે તેની ઉપર એક બીજી ૩૦,૦૦૦ માણસોની જબરી ફોજ ચઢી આવી, જેમાં મરાઠાઓ પણ હતા. તેની સાંમે ૧૫,૦૦૦ સ્વારો ૧૮ હાથી અને તોપો સાથ થઇ—નીઝામ જીવ ઉપર આવી જબરી બહાદુરીથી લડયો, તે વખતે તેનાં સારાં નશીબે ઘણાક જાણીતા સરદારો એ તક શર આવી મલી મદદ કરવે, તેને પાછી ભારે ફત્તેહ મેલવી, મરાઠા સરદાર સંકરાજીને કેદ પકડી, દુશ્મનની છાવણી લુટી, હાથી અને તોપો મેલવી હતી. પછે હૈદ્રા-બાદનો સુબો (ગવરનર) અને નીઝામનો બનેવી, મોહોટી ફોજસાથ આવી મલવે નીઝામની ખુબ મજબુતી થઇ હતી. પછે ટુંક વખતમાં

બેઉ સહીએદો મરણ પામ્યા, અને મહમુદશાહ તખ્તે આવ્યો. તેને પોતાના શાહ તરીકે નીઝામ માન આપતો હતો. તેનો વડો વજીર મરણ પામવે તે હોદ્દો, શાહે, નીઝામને બક્ષવે, તેણે ૧૭૨૦ માં પોતાની દખ્ખણ માંહેલી સત્તા એક વીશ્વાસુ અમલદારને સોંપી, દીલ્લી જઈ, વડા-વજીરનો હોદ્દો સરપાવ સાથ લઈ, તે બાહોશીથી બજાવતાં, એણે કાંઈ થોડી હરકતો નડી નહીં હતી. અમદાવાદના વાઈસરોય હૈદર કુલીખાંનની નાફરમાંન ચાલથી, તેણે ત્યાં ૧૭૨૧ માં નીઝામ સજા કરી આવ્યો, તે વખતનો લાભ લઈ એના દુશ્મનોએ શાહાનશાનું મન, નીઝામના હાથમાંથી હૈદ્રાબાદની આપઅખ્ત્યાર સત્તા છીનવી લેવા ફેરવ્યું હતું. તે જાણવે નીઝામે ચોંકી, ૧૭૨૨ માં તબીએત નાદુરસ્ત થવાનું બાહાણું કહાડી, તે સુધારવા શીકારે જવાની રજા મેલવી દીલ્લીમાંથી બાહેર પડી, ઘણી કુણે અને હોશીઆરી વાપડી પોતાનાં કુટુંબ અને માલમીરાશને પણ ત્યાંથી બાહેર કહાડયું હતું. હવે નીઝામે જાણ્યું કે, મુબારીજખાંન જેણે હસ્તક તે હૈદ્રાબાદ સોંપી આવ્યો હતો, તે, શાહની ઉશકેરણી અને કુમકથી તેની સાંમે બંડ ઉઠાવી, પોતાને દીલ્લી તરફથી હક મલવાનો દાવો કરી અખ્ખાં દખ્ખણનો માલિક થવા માગેછે. વલી એજ વખતે તેના વડા બેટાને દીલ્લીના નાયબ-વજીરના હોદ્દા ઉપરથી પણ દુર કીધો હતો.—એમ ચક્કર અજબ રીતે, ઓચીતું ઉંધું ફેરવાઈ ગયેલું જોઇ, નાહીમત ન થતાં, નીઝામે એકદમ 'ધાર'નો કીલ્લો લેઇ, નરબદા વટાવી બરહાનપુરમાં પેસી, ત્યાંથી ઔરંગાબાદ પોહોંચી, બેઈમાન મુબારીજ ઉપર ઘણુંક પત્રો લખ્યાં, પણ ફોકટ. જેથી ૧૭૨૩ માં બીરારના "થાકરખેરા" શેહેર નજદીક તેને હરાવી, ઠાર કરી, નીઝામે આખ્ખું દખ્ખણ પાછું હાથ કરી, હૈદ્રાબાદ પણ ૧૭૨૪ માં પાછું લીધું હતું. એ વખતે બળવંત થઇ પડેલા મરાઠાઓએ ત્યાંના વેપારી માલ અને મુશાફરોના જાનની સંભાલ રાખવા ખાતર "સરદેશમુખી*"ની જકાત નાખી તે ઘાતકીપણે વસુલ કરતા હતા. તેમ ન થવા દેવા, તે રકમ નીઝામે પોતાની તીજોરીમાંથી આપતી કીધી હતી. હવે નીઝામ પાછો આખ્ખાં દખ્ખણનો માલિક બન્યો. તેને મજબુત થયલો જોઈ, શાહે એની સાથ દુશ્મની ન કરતાં મીત્રાઈ રાખવામાં ફાયદો વીચારી—નીઝામને દખ્ખણનું રાજ્ય શપુરદ કરવા શાહનશાહી "ફરમાન" લખી મોકલી, વલી "આસીફજાહ"નો એતાબ પણ આપ્યો હતો. એમ ૧૭૨૪ની ૨૦ મી જુલાઈથી નીઝામ મોગલ શાહાનશાતની જુસરીથી છુટો થઈ, દખ્ખણનો આપ અખ્ત્યાર માલિક બની, તેણે હૈદ્રાબાદ શેહેરને પોતાની રાજધાની કીધી હતી. તોપણ શાહાનશાઈ સત્તાને માન આપવા ઠેઠવેલા ચોકસ વખતે તે દીલ્લી તરફ ભેટ શોગાતનું નજરાણું મોકલતો રેહેતો હતો. હવે ૧૭૨૫ માં ઉપલી "સરદેશમુખી" ની વસુલાત વીશે વાંધો ઉઠવે, બીજાં વર્ષે, ૧લા બાજીરાવ અને નીઝાંમ વચ્ચે લઢાઈ ઉઠી, તેઓ એક બીજાના મુલકો ઉપર ચઢી ગયા, અને કંટાળા ભરી ઘણીક લડાઇઓ થયા પછે, તેઓ વચ્ચે સલાહ થઈ હતી. નીઝામે ૧૭૨૭ માં બરહાનપુરને ફરી કીલ્લેબંધ કરી, ઉજડ બનેલું નીઝામાબાદ પાછું વસાવ્યું હતું. શાહાનશા મહમદશાહે, ૧૭૩૫ માં નીઝામને માલવા અને આગરાનો ગવરનર નેમવે, તે, પોતાનાં બેટા નવાબ નીઝામ-ઉદ-દઉલા-નાશીરજંગને દખ્ખણની સત્તા સોંપી, ત્યાં ગયો, કે નાશીરે સત્તા મલવાથી ફુલી, ખરાબ સલ્લાથી બગડી ૧૭૩૯ માં પોતાના બાપનીજ સાંમે બંડ ઉઠાવ્યું હતું. નીઝામ તેથી દખ્ખણ તરફ કુચ કરી આવ્યો, નાશીરને ઉશકેરનારા ખશી ગયા, અને તે ફકીરી લેબાશમાં ફટકો મારવાની તક જોતો, એક મશીદમાં ભરાઇ બેઠો. તેણે ૧૭૪૦ માં 'મુલહર'નો કીલ્લો યુકતીથી લઈ, ૭,૦૦૦ સ્વારો સાથ બાપની સાંમે થવા ઔરંગાબાદ ઉપર ચઢી આવ્યો. ત્યાં લડાઇ થઈ, તે ઘેરાઇ ગયો, અને માફી માગી બાપને તાબે થયો હતો. નીઝામે હવે કરનાટકના રાઘુ મરાઠાને જેર કરી, ત્રીચનાપલીનો કીલ્લો મરાઠાઓ પાસેથી લેઈ, આરકાટનું શેહર જીતી, બાલકંદાનો કીલ્લો ફતેહ કીધો હતો.—નીઝામે ૧૭૪૭ માં ઇંગ્રેજોની ઘણી કીમત સેવા બજાવી હતી, જ્યારે મદ્રાસ ફ્રેંચોને તાબે હતું, તેઓની ભારે ફતેહોથી, કોરાટા ઉપરના ઇંગ્રેજી લાભોનો તદ્દન નાશ થવાની ધાસ્તી હતી, તેવા વખતે, ઇંગ્રેજોએ, નીઝામની લશ્કરી મદદ માગવે, તે તત્કાળ મલવાથી, ફ્રેંચોની આગળ વધતી ફતેહો અટકવે, ઇંગ્રેજી લાભોનું રક્ષણ થઇ ઇંગ્રેજોએ ખોયલું એક બંદરવાલું શેહેર પણ પાછું મેલવ્યું હતું†" મુઆમદશાહ પાછલ ૧૭૪૭ માં હામદશાહ તખ્તે આવ્યો, ત્યારે નીઝામ કાહેલી હોવા છતાં, બરહાનપુરનું બંડ બેસાડી નાખવા ત્યાં જતાં ૭૦ વર્ષની જઈફ ઉમ્મરે ઝેનાબાદ તરફ, એ, તૈમુરલંગની નશલથી ઉતરેલો—૧ લો નીઝામ મરણ પામ્યો. તે ૩૦ વર્ષો હાકમી કરી ૬ પુત્રો મેલી ગયો. તે બંદગીઓરો ઉપર વીશ્વાસ રાખતો હતો‡. એનો બેટો નાશીરજંગ§ હૈદ્રાબાદના તખ્તે બેઠો, તેની સામે મુઝાફીરઝંગ અને ચંદાસાહેબે, ફ્રેંચોની કુમક લેઈ, મોહોટું બંડ ઉઠાવ્યું હતું, તે નીઝામ નાશીરે પુરતાં બળથી દબાવી નાખ્યું હતું. એને ફ્રેંચો સામે લડતાં એના દગાથી બનેલા મીત્ર અફઘાણ સરદાર અને કારનુલના હકિમ હાંમીતખાને ગોલીથી ઠાર કીધો હતો. એની પાછળ ગાદીએ એનો ભાઇ સાલાબતજંગ આવ્યો, તેને શાહનશાહ હામદશાહે "આસીફ-ઉદ-દોલા-ઝાફરજંગ" નો, તો તેની પછેના રજા આલમગીરે, "અમીર-ઉલ-મામાલીક" નો એતાબ આપ્યો, તેણે ફ્રેંચ લશ્કર પોતાની કુમકે રાખ્યું હતું, અને પોતાના ભાઇને દગાથી મારનાર કારનુલના અફઘાણ લોકો ઉપર કીનો લીધો હતો. એણે 'મહામુદ' નગર ફત્તેહ કરી, ૧૭૫૧ માં ફ્રેંચ ફોજ સાથ બાલાજી

* શેંકડે ૧૦ ટકાનો કર.

† 'ખ્રીગ્સ' નાઈઝાંમ. પુ. ૨જું, સફે. ૧.

‡ એક વખતે મોહોટી લડાઈએ જતાં, નીઝામે, એક ફકીરની દુવા ચાહવે, તેને "નાન" નો એક તુકડો આપ્યો, પછે પોતાની ફતેહ થઈ, તે પેલા તુકડાની બરખતથી થયેલી સમજી, નીઝામે ત્યારથી પોતાના ઝુનડા ઉપર "નાન" નો આકાર પડાવ્યો, તે હજુણ ચાલુ છે જેને ભુલથી, લોકો પુનેમનો 'ચાંદ' અથવા 'રકાબી' સમજેછે.

§ નીઝામ નો વડો બેટો ગાઝીઉદ્દીન હોવા છતાં, ઉગમણ ના રાજાઓની રીત પ્રમાણે, તેણે પોતાના બીજા બેટા નાશીરજંગને ગાદી આપી હતી.

પેશવા ઉપર પુણે ધસારો કીધો, ત્યાં બેઉ તરફ ઘણીક લડાઈઓ થવા પછે સલાહના કરારો થયા હતા.—એ સાલની આખેરીએ, દીલ્લી શાહાનશાતના ગુસાથી, સલાબાતની રાજ્યસત્તા જોખમમાં આવી પડી; કે તેવામાં બનેલા એક ઓચીંતા બનાવે, તેને જબરો ટેકો આપી ઘણોજ મજબુત કીધો હતો. એણે, બીરારના રાઘુ ભોંસલે પાસેથી રૂ. ૫,૦૦,૦૦૦ ની ખંડણી લીધી હતી. ૧૭૫૭ માં બાલાજી પેશવાએ લાંબી લડાઈ જાગાડી ૨,૦૦,૦૦૦ ઘોડસ્વારો મેદાનમાં લાવી, નીઝામ ઉપર ફાવી, સલ્લાના કરારો કીધા, તેમાં નીઝામે મરાઠાઓને રૂ. ૬૦,૦૦,૦૦૦ ની વાર્ષીક આયપતનો જે મુલક આપ્યો તેમાં ઔરંગાબાદ શેહેર સોવાય તેનો આખો પ્રાંત, હવેલી, હારસોલ અને સાતારા પ્રગણાં, બીદાર અને બીજાપુર પ્રાંતના ભાગ, દોલતાબાદનો કીલ્લો અને બરહાનપુર શેહેર હતું. ત્યારે નીઝામને હસ્તક ફકત હૈદ્રાબાદનો પ્રાંત અને બીરાર, બીજાપોર અને બીદારનો થોડાક ભાગ રહ્યો હતો.—એમ નીઝામે મરાઠાઓના હાથ ઉપર જબરો ફટકો ખાધો, તેનો બદલો લેવા ૧૭૬૧ માં તેણે તેઓ સાથ ભારી લડાઈ ઉઠાવી, રઘુનાથરાવ અને માધવરાવના લશ્કરોને શીકસ્ત આપતો, તે છેક તેઓના પાયતખ્ત પુણાથી ૧૪ માઈલને તફાવતે જઈ પુગ્યો કે, પેશવાએ, તેની સાથ સલ્લા કરી, ઔરંગાબાદના પ્રાંતમાંથી રૂ. ૨૭,૦૦,૦૦૦ ની વાર્ષીક આયપતનો મુલક પાછો આપ્યો હતો. સાલાબાતજંગ, થોડાક મતલબી મસલતીઓની ઉશ્કેરણીથી ચાલુ લડાઈઓ કરી, રાજ્યને જોખમમાં નાખતો રેહેવે, તેના મુખ્ય ઉમરાવોએ કંટાળી, તેના નાધલા ભાઈ નવાબ ૨ જા આશીફજાનું મત લઈ, તેને બીદારના કીલ્લામાં કેદ રાખ્યો, જ્યાં ૧૫ મહીના રહી ૧૭૬૩ માં તે મરણ પામ્યો. તેની પાછળ ઉપલા નાશીરનો ભાઈ તે ૧ લા નીઝામનો ૪ થો બેટો તખ્તે આવ્યો કે, મરાઠાઓ રઘુનાથરાવની સરદારી હેઠળ, હૈદ્રાબાદ ઉપર ચઢી આવ્યા, ત્યારે નીઝામે, તેઓના પાયતખ્ત પુણા ઉપર ધસી જઈ, તેમાં દાખલ થઈ, લાખો રૂપીઆની નાદર ઇમારતો બાળી, ભાંજી, ભુકો કરી નાખ્યા ઉપરાંત, ત્યાં અને કોંકણની હદમાં પાયમાલી કરવામાં કશું બાકી ન રાખ્યું હતું. હવે પેલીતરફ રઘુનાથરાવે, હૈદ્રાબાદ ઉપર ઘણાક હુમલા કીધા, પણ ફોકટ. તે, ત્યાનાં ગવરનરે પાછા હઠાવી કહાડચા હતા.—એ વખતે, સત્તા અને જોરમાં વધી પડેલા ટીપુના બાપ હૈદરઅલીખાંને, ઇંગ્રેજોને ઉખેડી નાખવા, બીજાઓ જોડે નીઝામની પણ મદદ લીધી હતી. એ લડાઈ ૧૭૬૫ માં થયા પછે ૧૭૬૮ની ફેબ્રુવારીએ, ઇંગ્રેજોએ નીઝામ અને હૈદર સાથ કરારો કીધા. ત્યારે તેઓએ, “નીઝામને, ગરજ પડવે બે પલટણો અને ૬ તોપોની મદદ કરવી” એમ કબુલ્યું હતું. એ વખતે રઘુનાથરાવને કેદ કરી, માધવરાવ પુણાનાં તખ્તે ચઢી બેસી પેશવા બન્યો. તેણે, નીઝામને, ઇંગ્રેજો સાથ થયલી લડાઈથી નબલો બનેલો વીચારી, તેની પાસ ‘બીદાર’નો કીલ્લો અને હૈદ્રાબાદની ‘ચોથ’ માગી. તેને થંડો પાડી, એજ સાલમાં નીઝામે સલ્લાના કરારો કીધા. પછે રઘુનાથે કેદથી છુટી પાછો તખ્તે બેસી નીઝામ સાથ સલ્લા કીધી કે, તેની વીરૂદ્ધ પક્ષના માધવરાવની ટોળીવાલાઓએ નીઝામને મેલવી લઈ, રઘુનાથરાવ પેશવાને ખુબ નરમ કરવા ઉશ્કેરી, તેને રૂ. ૨૫,૦૦,૦૦૦ ની વાર્ષીક આવકનો મુલક, તેમાં જાલના, દોલતાબાદનો કીલ્લો, વીગરે આપ્યું હતું. એ બેરફુ તરફ માહાદાજી સીંધા પણ હતો, જેણી સાથ ટીપુનો બાપ હૈદર મળેલો હતો. એથી રઘુનાથરાવે ઇંગ્રેજોનો આશરો લીધો હતો. બેઉ બેરફુવાલાઓ વચ્ચે ૮ મહીના જારી જબરી લડાઈ ચાલતાં કશું પરીણામ ન આવ્યું અને રઘુનાથરાવ મરણ પામ્યો. ત્યારે બાલાજી પંડીત જે “નાના ફડનવીસ” ના નામથી પ્રખ્યાત થઈ ગયો, તે, ત્યાં પુરઅખત્યારવાળો થઈ પડયો હતો. તેણે, રાજ્ય તરફથી ઇંગ્રેજો સાથ સલ્લાના કરારો કીધા હતા.—ટીપુ સુલતાને ૧૭૭૨ માં, તેના બાપ હૈદરના મરણ પછે, તેની બળવંત સત્તા ઉપર જબરી મગરૂરીની ધુંણ સાથ આવી, નીજામ અને પેશવા સાથની મજબુત મીત્રાચારીનો ગાંઠ તોડયો. તેઓએ તુકોજી હોલકરને મેલવી લીધો અને ૧૭૮૫ માં તેમનાં ભેગાં લશ્કરે, કૃષ્ણા વટાવી, ટીપુનો*, ‘બદામી’ કીલ્લો જીતી લીધો અને લડાઈ ચાલી. ટીપુએ, હોલકરને છુપા પાંચ લાખ રૂપીઆ આપી પોતાની તરફ કરી લીધો. તે જાણવે, પેશવાઈ સૈન્યાધીપતી હરીપંડીતે, તેને ખુલ્લી રીતે કહ્યું હતું કે “તારી છુપી તરફદારીથી લડાઈ આટલી લાંબી થઈછે.” તે નાપાડી, હોલકરે, ટીપૂને તાકીદ કરવે, ૧૭૮૭ માં સલ્લાના કોલકરારો થઈ લડાઈ બંધ પડી. ટકોબરીઓ ટીપુ, ઇંગ્રેજો સાથે ૧૭૯૨ માં લડવા ઊભો કે, છેલ્લાને નીજામ અને પેશવાએ મદદ કીધી. તેઓનાં જોડાયલાં લશ્કર સાથ, ત્યારના હીંદુસ્થાનના ગવરનર-જેનરલ લોર્ડ કોર્નવાલીસ અને જેનરલ મેદોસ, ટીપુના પાયતખ્ત શ્રીરંગપટણ ઊપર ચઢી ગયા. ટીપુએ સલા કરવા માંગી તેણે મરાઠા, નીજામ, અને ઇંગ્રેજોની ભેગી માંગણી કબુલી, પોતાનો અરધો મુલક અને રૂ. ૩,૦૦,૦૦૦, તેઓને આપવાની જામીનગીરીમાં, તેણે, પોતાના બે બેટા ઇંગ્રજોને હસ્તક કીધા; જેઓને, તેઓ, મદ્રાસ લઈ ગયા.—હવેથી નીજામની દરબારમાં ઇંગ્રેજી લાગવગ વધતો ચાલ્યો. ટીપુએ ૪ વખત, ૧૭૯૧-૯૨-૯૮ અને છેલ્લે ૧૭૯૯ માં છેડતી શોધવે, છેલ્લાં વર્ષની ૩ જી મેએ ઇંગ્રેજોએ, ટીપુનો આખો મુલક ફત્તેહ કરી લીધો, ત્યારે નીઝામે તેઓને સારી મદદ કીધી હતી.—એ વખતે ઘણીજ મરદાનગીથી લડતાં ટીપુ માર્યો ગયો. ૧૭૯૫ માં પેશવા સાથ બીગાડો થવે નીઝામ, પુણા ઉપર ચઢી ગયો, ત્યાં ઘણીક જબરી અને ઝનૂની

* ટીપુ નો અર્થ “વાઘ”, કરવામાં આવેછે.

લડાઇઓ થઇ, અને **નીઝામ**ને પાછો ફરી 'કાહારા'ના કીલ્લામાં આશરો લેવા પડયો. હવેથી **નીઝામ**, ઇંગ્રેજો સાથની મીત્રાચારી ખુબ મજબુત કરતો જઇ, ૧૭૯૮ ના સપ્ટેમ્બરમાં લોર્ડ કોર્નવાલીસ સાથ બંદોબસ્ત કરી, પોતાની કુમકે ઇંગ્રેજી પેદલ અને તોપખાનાની તુકડી રાખી, તેના વાર્ષીક ખરચના રૂ. ૨૪,૧૭,૧૦૦ આપવા ઠેડવ્યા, તેમાં ૧૮૦૨ ના અકટોબરે વધારો કરાવી ૫,૦૦૦ પેદલ, ૨,૦૦૦ ઘોડસ્વાર અને ૪ તોપખાનાની બેટરીઓ રાખી, તેના વધુ ખરચ આપવા કબુલી, પોતાને પારકાં રાજ્યોના હુમલાથી બચાવવા નીઝામે, ઇંગ્રેજો સાથ નવા કરારો કીધા હતા. એ લશ્કરમાંથી, એકાએક આવી પડેલી લડાઇ વખતે, બે પલટણો, **નીઝામ**ની સંભાલ ખાતર રાખી, બાકીનું, **નીઝામ**ની ૬,૦૦૦ પેદલ અને ૯,૦૦૦ ઘોડસ્વાર ફોજસાથ જોડાઇ ઇંગ્રજોની સરદારી હેઠળ બહાર પડતું હતું. તે "કોનટીનજંટ" લશ્કર તરીકે ઓલખાઇ, હજુણ રખાયલું છે. એ રોજ રાખવે,—ત્યાંના ઘણાક, ઇંગ્રજોના દુશ્મન બનેલા દરબારીઓએ નાખુશ થઇ, **નીઝામ**ને હેરાન કરવા, તેના વડા બેટા અલીજાહને ઊશકેરી બંડ કરાવ્યું હતું. ૧૮૦૨ માં **નીઝામ** અને ઇંગ્રજો વચ્ચે, એક બીજાનાં દેશાની વેપારી જીનસો ઉપર ૫ ટકા જગાતે લેવા ઠેરાવ થયો હતો. એ **નીઝામ** પાછળ ૧૮૦૩ ના ઓગષ્ટમાં તેનો બેટો **શીકંદર જાહ** ગાદીએ આવ્યો, તેણે, રાજ્યના માહાલોની દેખરેખનું અને મેહેસુલની વસુલાતનું કામ ઇંગ્રજોને સોંપ્યું હતું. તેના બેટા **નાશીર-ઉદ-દૌલા**એ ૧૮૨૯ ની મેમાં તખ્તે આવી, ઇંગ્રેજોને રાજ્યવહીવટથી દુર કરવે, ઇંગ્રેજી સત્તાવાળાઓનું દીલ દુખાવ્યું હતું. ૧૮૫૩ ની ૨૧ મી મેએ, **નીઝામ** અને ઇંગ્રેજો વચ્ચે કોલકરારો થયા, તેમાં હૈદ્રાબાદમાં રાખેલાં ઇંગ્રેજી "કોનટીનજંટ" લશ્કરના ખરચ શારૂ, તેમજ **આપા દેશાઇ**, **મહીપતરામ**, વીગરે બીજાં થોડાંક **મરાઠા** કુટુંબોનું લેહેણું આપવા, **નીઝામે**, ઇંગ્રેજોને રૂ૦ ૫૦,૦૦,૦૦૦ ની વાર્ષીક આવકનાં, 'બીરાર,' 'પેનઘાટ' વીગેરે **સોલાપુર** અને **રાયચોર દોઆબ** તરફના પ્રગણાંઓનો ફક્ત વહીવટજ સોંપી,—તેઓની ઊપજમાંથી એ ખરચ અને કરજ બાદ કરી, બાકીનું **નીઝામ**ને પાછું આપવા ઠેરવ્યું હતું. એજ સાલમાં **નીઝામ**નો જાણીતો મુખ્ય પ્રધાન **શીહાજુ-ઉલ-મુલક** મરણ પામવે,—તેની જગ્યા તેના ભત્રીજા **સર સાલારજંગ**ને મળી હતી. એ **નીઝામ**નો વડો પુત્ર, **અફજાલુ-ઉદ-દૌલા** ૧૮૫૭ ની મેમાં તખ્તે બેઠો. તે બાપ જેવો પેહેલવાની કદનો, બળવાન, અને ઘા ફીટ ઊંચો હતો. એના વખતમાં, હીંદુસ્થાનનો યાદગાર "લશ્કરી બલવો" ફાટી, નીકળ્યો, જ્યારે હથીઆરબંધ **આરબો** અને બીજા ઝનુની મુસલમાંનોથી હૈદ્રાબાદ ખીચોખીચ ભરાઇ ગયું હતું. તેઓને, જો, **નીઝામ**થી જરા પણ કોઠું મળ્યું હતે તો, બનાવ કેવો ભયંકર બનતે, તે વીચારવું સેહેલ છે. એવા કટાકટીના વખતે **નીઝામે** ખરાં દીલ અને જીગરથી ઇંગ્રેજો તરફ મજબુત મીત્રાચારી રાખી હતી; તો, તેના ચંચલ દીવાન **સર સાલારજંગે** ડાહાપણ અને પક્કા ઠેરાવથી કામ લેઇ, ઇંગ્રેજો સામે બલવો થવાની દરેક ઊશકેરણીઓને વખતસર દાબી નાખતો રહી, ફીતુરીઓને પકડી કેદ કરતો હતો. એટલી સાવચેતી છતાં, ઇંગ્રેજી રેસીડંનસી ઉપર થયલો નજીવો હુમલો તુરત મારી હઠાવ્યો હતો. ત્યાં, એવો ધભરાટ હોવા છતાં, તેણે, ત્યાંનું "કોનટીનજંટ" લશ્કર ઇંગ્રેજોની મદદે મોકલ્યું, તે, ૧૩ મહીના અગત્યની સેવા બજાવી પાછું ફર્યું હતું. એમ, ઇંગ્રેજોની તરફદારી કરવાથી, ઝનુની મુસલમાનોએ, તેને પક્કા ઠેરાવથી મારી નાખવા ૧૮૫૯ ના ફેબ્રુવારીમાં અને વળી એક બીજી વાર ઝનુની હુમલા કીધા, તેમાંથી **સર સાલાર** સહેજમાં બચી ગયો હતો. મીત્રાચારીનો હક એમ મજબુતપણે બજાવવા ખાતર, ૧૮૬૧ ના **અકટોબર**માં, ઇંગ્રેજ સરકારે, **નીઝામ**ને રૂ. ૧,૦૦,૦૦૦ અને **સર સાલાર**, તેમજ **નીઝામ**ના કાકા **શમશુ-ઉલ-અમરા**, એઓ દરેકને રૂ. ૩૦,૦૦૦ આપ્યા અને ત્યારના હીંદના **વાઇસરોએ**, એવા વખતે **સર સાલારે** વાપરેલાં ડાહાપણ, હીમત અને મજબુત ઠેરાવ વીશે, પોતાની કાંઉનસીલમાં ભારી તારીફ કીધી હતી, તો ઇંગ્રેજી **રાજ્યે** તેનો દીલોજાન ભર્યો ઊપકાર માન્યો હતો. ૧૮૬૧ ની ૩૧ મી ઓગષ્ટે, એ **નીઝામ**ને, "**ધી ગ્રાંડ કરોસ ઓવ ધી સ્ટાર ઓવ ઇંડિયા**" નો એતાબ **મહારાણીએ** બક્ષ્યો; તેજ એતાબ, ૧૮૭૧ માં **સર સાલાર**ને પણ આપ્યો હતો. વળી ઇંગ્રેજ સરકારે **નીઝામ**ને વધુ ફાયદો, ૧૮૬૦ ની ૨૧ મી દીસેમ્બરે નવા કરારોથી એમ કીધો હતો કે, ઊપર પ્રમાણે નીઝામે લશ્કરી ખરચ અને કરજ આપવા બદલે, ઇંગ્રેજો હસ્તક, મેહેસુલ વસુલ કરવા, જે પ્રગણાં આપ્યાં હતાં, તેઓમાંથી, રૂ. ૨૧,૦૦,૦૦૦ ની વાર્ષીક આયપતવાલાં 'સોલાપુર' અને 'રાયચોર દોઆબ' **નીઝામ**ને પાછાં આપી, મોહોટી આવક વાળું "**બીરાર**" પ્રગણું, તેઓએ હસ્તક રાખ્યું, કે જે, હાલપણ છે. એ મેહરબાંનીના બદલામાં, **નીઝામે**, ઇંગ્રેજોને, ગોદાવરીના કાંઠાં ઊપરની એક સરસ જમીન આપી, એ નદીમાંથી જતા ઇંગ્રેજી માલઉપરની ૫ ટકાની જકાત કહાડી નાખી. **અફજાલુ-ઉદ-દૌલા** પાછલ ૧૮૬૭ માં, તેમનો બેટો **મહાબુબ અલી ખાંન**, તે હાલના જુવાન નીઝામ નાધલી ઉમરે તખ્તે આવ્યા, તેઓ, ઊમરે પુગ્યા ત્યાં સુધી, મરહુમ **સર સાલારજંગે**, ઘણી બાહોશી અને ચંચલાઇથી રાજ્ય-પ્રતીનીધી તરીકે અમલ ચલાવી, રાજ્યની નાણાં સંબંધી અને બીજી માઠી હાલત, તદ્દન સુધારી, ખીલવી, મજબુત કરી, હૈદ્રાબાદને એક નમુનદાર પેહેલા વર્ગનું સુધારેલું રાજ્ય બનાવ્યું. વળી તેણે, ઇંગ્રેજ સરકારનું સઘલું લેહેણું અદા કરી,

'બીરાર'નું પ્રગણું પોતાના માલેકને પાછું શપુરદ કરવા, હીંદુસ્થાનની વડી સરકાર સાથ ચલાવેલી વાજબી લડત ફોકટ જવે, એ વીશે તે ૧૮૭૫ માં છેક ઇંગ્લાંડ ગયો હતો, તે પણ ફોકટ. જુવાબ એમ મળ્યો હતો કે, **નીઝામ** ઉમરે પુગ્યા પછે, **બીરારનો** સવાલ ચુકશે.—એ તકરાર ઊઠાવવા ખાતર, હીંદના કેટલાક બેડખાં ઇંગ્રેજ હોદ્ધેદારોએ, **સર સાલારના** દુશ્મન બની, બન્યું તેટલું આરકતરી રીતે, તેને સતાવવા, હરકત કરવા, અને છેલ્લે અપમાન પણ આપવાને કંઈ બાકી રાખ્યું નહતું, તે, સઘલું, પક્કા, થંડા, અને અનુભવી સાલારે વગર ગભરાવે ધીરજથી ખમી, તે પીડામાંથી નીકલી અંતે મોકલો થયો હતો. એ નામાંકીત દીવાન ૧૮૮૩ ની ૯ મી ફેબ્રુવારીએ ગુજરવાબાદ, હાલના **નામદાર નીઝામ** ૧૮૮૪ ની ૫ મી ફેબ્રુવારીએ પોતાનાં ઓહોલાં અને બળવંત રાજ્યના પુરઅખત્યાર માલેક બની રાજ્યસત્તા પોતાને હસ્તક લીધી છે.

**નામદાર નીઝામ મીર મહાબુબ અલીખાન બહાદુર, નીઝામ-ઉલ-મુલક**, ઈ॰ સ॰ ૧૮૬૬ માં બેગમ વાદીદ-ઊ-નીસાને પેટે જનમ્યા, તેઓ ઇસલામી કોમનાં "સુની" પંથના છે, અને ઇંગ્રેજી જાણે છે. તેમનો એક ભાઇ નવાબ મુનીર-ઉલ-મુલક છે. **નીઝામ**,—હીંદુસ્થાનના રાજાઓમાં સવુથી પેહેલા છે. તેઓ પોતે, રાજ્યમાં ચાલતા "હાલી સીક્કા"* પાડે છે, ધારા બાંધે છે, ન્યાયાધીશો નેમે છે, પુરઅખત્યાર સત્તા ચલાવે છે; પણ ઇંગ્રેજો સાથ થયેલા કરારોની રૂએ, **નીઝામથી**, તેમની મંજુરીઆત વગર, બીજાં રાજ્યો સાથ પત્રવેહેવાર ચલવાય કે કશોબી બંદોબસ્ત થાય નહીં, તેમજ હૈદ્રાબાદના ઇંગ્રેજી રેસીડંન્ટનું સારૂ મત અને—હીંદની વડી સરકારની પસંદગી ભરી 'હા' બોલાય નહીં ત્યાં સુધી નવા **નીઝામનું** ગાદીએ આપવું હકદાર અને ધારાસરનું ગણાય નહીં. **નીઝામની** મુલકી વાર્ષીક આવક રૂ. ૨,૫૦,૦૦,૦૦૦ થી વધુ છે. તો, **બીરારની** ઉપજ સામટી લેતાં તે ૪ કરોડની થવા જાય છે. કુમકે રાખેલાં ઇંગ્રેજી "કોનટીનજંટ" લશ્કર વતરેગે, **નીઝામનું** આરબ, સીદી, મોગલ, અને શીખ ઘોડસ્વાર અને પેદલ લશ્કર મોહોટું છે. "**નીઝામ રાજ્યની રેલવે**" ૧૮૭૪ ની ૯ મી અકટોબરે બંધાઈ ઊઘડી. તેને ૧૮૮૧ માં ખરચ કાહાડતાં રૂ. ૨૪,૦૦૦ નો નક્કી નફો કીધો હતો. **નીઝામની** દરબારમાં, કોઈબી દરજ્જાના દેશીએ મોહોટી પાઘડી પેહેરી જવું, એ ત્યાંની રીત રવૈયા મુજબ અપમાન ભર્યું ગણાય છે. **નીઝામને**, ઇંગ્રેજી લશ્કરી તુકડી સાથ **૨૧** તોપોનું માન મળે છે. **નામદાર નીઝામે** ઊમરે પુગી પોતાના રાજ્યનો કુલ અખત્યાર ૧૮૮૪ ની ૫ મી ફેબ્રુવારીએ લીધો, તેની ક્રીયા હીંદના થઈ ગયલા પ્રજા-પ્રીય વાઇસરાય લોર્ડ રીપને કીધી, તેજ ટાંકણે, એ રાજ્યના સ્વર્ગવાસી થયેલા મુખ્ય-દીવાન **સર સાલારનાં** પ્રધાનપદ ઊપર, તેના વડા બેટા **નવાબ મીર લીયાકત અલી બહાદુરને** પણ નેમવાની ક્રીયા કરી, એ વાઇસરોયે, એ બેઉ જુવાન રાજા અને વજીરને મુબારકબાદી આપી હતી. **નીઝામે** પોતાની નવી "પ્રીવી કાંઉનસીલ" સ્થાપી છે. એ નામદારને, ૧૮૮૪ ની ૨૬ મી જાનેવારીએ—એક બેટો થયો છે. એમને ૧૮૮૫ ની ૧ લી જાનેવારીએ **મહારાણી વીકટોરીઆએ "નાઈટ-ગ્રાંડ-કમાંડર ઓવ ધી સ્ટાર ઓવ ઇન્ડીયા"** નો એતાબ આપ્યો. એ ખીલતી વયના જુવાંન ઉલતમંદ **નીઝામે** રૈયતના લાભ, દેશના ફાયદા, વેપારની ખીલવણી વીગેરેના, હાલ જે ઊપાયો લીધા છે, તે, એમને ભવીષ્યમાં એક અગત્યના રાજ્યકર્તા બનવાની સાબેત આશા આપે છે.

* નીજામ સીક્કો ઇંગ્રેજી ૧૩॥ આનાની કીમતનો ઊતરે છે.

**પુરાતન હૈદ્રાબાદ**—અસલ, બીજાપુર અને તેલીધાનની બાહોળી સત્તામાં જોડાઈ, હીંદુ **રાજાઓને** તાબે રહ્યા પછે, તુરકી સરદાર **મહમદ કુલીએ** તેને જીતી લેઈ, હેલાયદું રાજ્ય બનાવી, ઈ. સ. ૧૫૧૨ માં "ગોલકંડા" નામ આપ્યું. તે, એક વાર, બેકીમત હીરાની ખાણો, ભારી ઝાવઝલાલી, અને અ-જીત પહાડી કિલ્લા ખાતર જાણીતું થયેલું શેહેર; હાલનાં હૈદ્રાબાદમાં સમાઈ, સઘલો દમાંમ બોઈ, પાયમાલીનો ઢગળો બની ઊભું છેઃ પણ તેનો અજબ બાંધણીનો અ-જીત કીલ્લો ચાલુ મરામત થવે સલામત ઊભો છે, તેમાં દાખલ થવાની સખ્ત મનાઇ છે, ત્યાંની, ઘણા ઉંચા મીનારાવાળી ઘોરોમાં એક ૧૮૦ ફીટ ઉંચી છે. એ શેહેરની હવા, સુલતાંન **મોહમુદ કુતુબશાહને** માફક ન આવવે, તેણે, શેહરથી ૬ માઇલ દુર—હાલનું હૈદ્રાબાદ શેહેર ૧૫૮૬ માં નવું વસાવ્યું કે, ત્યારથી ગોલકંડાની પડતી શરૂ થઈ. એ **સુલતાનનાં** વંશના **હાથમાંથી**, દીલ્લીના **શાહ ઓરંગઝેબે**, ૭ મહીના ઘેરો નાખ્યા પછે ૧૬૮૭ માં દગલબાજીથી ગોલકંડા ભેગું હૈદ્રાબાદ પણ જીતીલે પોતાની બાહોળી શાહાનશાતમાં જોડી નાખી, તેની દક્ષિણ હદનો ૬ ઠો પ્રાંત બનાવી, ત્યાં ગવરનર-જેનરલ જેટલો અખત્યાર ધરાવનારા હોદ્ધેદારોને "દક્ષિણના સુબેદાર" ના નામથી સત્તા ચલાવવા મોકલવા માંડયા હતા. તેમ, ૧૭૧૯ સુધી ચાલ્યું. જ્યારે એ હોદ્ધા ઉપર ૧ લો **નીઝામ**, "નીઝામ-ઊલ-મુલક" તે 'રાજ્યના ઊપરી' ના એલકાબથી સત્તા ઉપર આવ્યો, તે વખતે, તેને, ઉપર જણાવ્યા પ્રમાણે, નબલા શાહનશાહ ઉપર પુરઅખત્યાર કાબુ ચલાવનારા બે 'સહીએદ' વજીરો સાથ અનબનાવ થવે, ૧૭૨૦ ની જુલાઈમાં દખણનું આખ્ખું રાજ્ય, લશ્કરી જોરે દબાવી લેઈ, તેનો પોતે આપઅખત્યાર માલેક બન્યો,—ત્યારથી આજ સુધી ચાલુ રીતે તેના વંશીઓ એ મુલક ઉપર રાજ્ય હકુમત ભોગવતા આવે છે.

**હૈદ્રાબાદ રાજ્ય**—હીંદુસ્થાન તરફ દખ્ખણમાં બાહેલો, બળવંત, અને સઉમાં પેહેલ્લા વર્ગનું છે. તેમાં પુરાતન 'તેલીધાન' નો મોહોટો ભાગ સમાયલો છે. હૈદ્રાબાદ પાહાડી નહીં પણ ટેકડીવાળો મુલક છે, ત્યાંની ઘણીક નદીઓમાં મુખ્ય 'ગોદાવરી', 'વરદા' અને 'કૃષ્ણા' છે, તેઓની શાખાઓ પુષ્કળ છે. રાજ્યનો વીસ્તાર ૯૮,૦૦૦ ચોરસ-માઇલનો છે, તેનો મોહોટો ભાગ મુખ્ય કરી પુરસત્તાવાળા જમીનદારોને ઇજારે અપાય છે. ત્યાંની વસ્તી ૧,૧૦,૦૦,૦૦૦ની ગણાય છે, તેનો મોહોટો ભાગ હીંદુ અને મુસલમાનો છે. ત્યાંની રસાલ જગ્યાનો મોહોટો ભાગ દરસાલ ચોખાના બે પાક ઉતારે છે. રાજ્યનાં ભીતરમાંથી ગોદાવરી નદી વહે છે, અને તે, હૈદ્રાબાદ, **ઔરંગાબાદ**, **બીદર**, અને **બીરાર** અથવા ઇલીચપુર માહાલોમાં વેહેચાયલું છે; તેના બધા મલી ૩૬ કસબા છે. *'બીદર' રા માઇલ ઘેરાવાનો, ખાઈ સાથનો કોલ્લેબંધ અને ઘણીક તોપાવાળો માહાલ છે.* ત્યાં આસલી હીંદુ રાજા **પ્રતાબરૂદ્ર**નો સુશોભીત મેહેલ અને નાદર બાંધણી સાથ વખાણ લાયક પથ્થરનાં જાલી કામની ઘોરો છે, તેઓમાં એક ૧૨૦ ફીટ ઉંચી છે. **'ઔરંગાબાદ'** ને શાહાનશા ઔરંગઝેબે ૧૬૫૭ માં સ્થાપ્યું. ત્યાંના બે કોટોનો સામટો ઘેરાવો ૧૦ માઇલને આશરે છે.—દખ્ખણ માંહેલી મોગલ સત્તાનો પેહેલો પાયો એ શેહેરમાં નખાયો હતો. ત્યાંનું, એકની હેઠળ એક એમ ત્રણ તબક્કે ઊભાતાં પાણીનું મોહોટું તલાવ ઘણું ખુશનુમાં દેખાય છે. ઘણાક પાહાડ કોતરી બનાવેલા ગોફા, અને બુદ્ધ ધર્મના કોરી કહાડેલાં દેહેરાં નાંદર છે. **'બીરાર'** ની ૧૮,૦૦૦ ચોરશ-માઇલના સરસ ભાગની સત્તા ઇંગ્રેજી વહીવટ હેઠળ શોફાવે ત્યાં, રેસીડંન્ટનો પુરઅખત્યાર ચાલે છે, જેની વચ્ચે **નીઝામ**થી અવાય નહી. બાકીના ૮૦,૦૦૦ માઇલના ભાગ ઉપર **નીઝામ**ની સત્તા છે. ત્યાંના મોહાટા જંગલો ફાડી ખાનારાં હેવાંનો વીગેરે સાપ, નાગ, અને મોહોટા અજદાઓથી ભરપુર છે. ત્યાં તોફાંન વખ્તે તમલર જેવા કરાંના મોહોટા ભારી કટકા પડે છે. સરકારી જંગલોમાં બાંધ-કામનાં લાકડાંનાં કીમતી ઝાડોનો મોહોટો જથ્થો ઉગાડવામાં આવે છે. મુખ્ય પાક 'જુવાર', અને 'રૂ' નો ઉતરે છે.—રૂ, હીંગણ-ઘાટની બજારમાં ઘણો વખણાય છે. ત્યાંનો મુખ્ય વેપાર મુંબઇ, તેમજ મધ્ય અને વાયવ્ય-પ્રાંતો સાથ ચાલે છે. ૧૮૮૪ માં ત્યાંની વાર્ષીક ઉપજ રૂ. ૯૦,૯૮,૫૩૯ ની થૈ હતી. ઇ. સ. ૧૪૮૯-૧૫૭૪ સુધી **બીરાર**નું પાયતખ્ત ઇલીચપુર હતું, તે, પાછળથી અમદનગરની સત્તામાં જોડાઇ ગયું. હૈદ્રાબાદ રાજ્યનું પેદલ ૩૬,૮૯૦ અને ઘોડસ્વાર ૮,૨૦૦ લશ્કર વગેરે તોપખાનાનાં ૫૫૧ માણસો અને ૭૨૫ નાની મોહોટી તોપો છે.

**પાયતખ્ત હૈદ્રાબાદ**—શેહેરનું અસલ નામ "બાગનગર" હતું. તે, મુશી નદીના દક્ષિણ કાંઠાઉપર ૧ લા **નીઝામ**ના વખતથી ખાઈ વગરનું કીલ્લેબંધ થઇ ઉભું છે. તેને "કુતુબશાહી" વંશના સુલતાન મેહેમુદે ઇ. સ. ૧૫૮૯ માં નવું વસાવ્યું હતું. ત્યાંની ૩,૦૦,૦૦૦ ની ગણાતી વસ્તીમાં, કંઇ હજારો—ઘણાજ ફેસાદખોર અને મેહેનત આપનારા રોહીલાં અને આરબો વસે છે. બેહુતો મુખ્ય કરી હીંદુજાતના **મરાઠા** તેલંગી અને કેનેરી લોકો છે. "ઉમરાવતીનો" **રૂ** ત્યાં મોહોટા જથ્થામાં ઉગે છે. ઘરો, નીચી ઉભરણીનાં, રસ્તા સાંકડા, અને ઝાડો પુષ્કળ ઉગેલાં છે. **નીઝામ**નો સુશોભીત મેહેલ ઘણો ગંજાવર છે. તેમાં નોકરો, ખીદમતગારો વીગેરે ૨૦૦૦ માણસો વસે છે. ત્યાં દરબારી લાયબ્રેરી, હાઈ-સ્કુલ, ઉમરાવોના છોકરાઓ વાસ્તે કોલેજ, ઓરતો અને મરદોની ઇસ્પીતાલો, અને ધર્મનું દવાખાનું છે. કોટ બાહેરનો, "ચીયાંનુંમાં" મેહેલ જોવાલાયક છે, ત્યાં નવાઇની ચીજોનો સંગ્રહ કીધો છે. ત્યાંનાં મોહોટાં તલાવોમાં "મીર આલમનું" ઘેરાવામાં ૭ માઇલ છે, તેમાં મોહોટાં 'મગરો' છે, અને સેહેલ કરવાની બાફની હોડીઓ વીગેરે તરે છે—તેઓનાં હલેશાં સ્ત્રીઓ સરસ રીતે મારે છે. 'ઉસેઇન સાગર' ના જબરાં તલાવમાંથી પાણી લાવી શેહેરને પુરૂં પાડયું છે. ત્યાંનાં 'તરબુજ' અને 'અનીનાશ' વખણાય છે; તો મોહોટી 'જાંબુરી દ્રાક્ષો' નો ખપ દુરની બજારોમાં સારો થાયછે. ત્યાંથી ઘંઉ, **રૂ**, **તીખું** લોહડું, સાગના કીમતી લાકડા, વીગરે નીકાશ કરવામાં આવેછે.

ઇંગ્રેજી કૅંપ—અથવા 'રેસિડંનસી' શેહેરના કોટ બાહેર ઊત્તરે ૧ માઇલ દુર ચંદ્રઘાત તરફ, મુશી નદીના કાંઠાઉપર આવી છે. તેનો વીસ્તાર ઘણાક એકરનો છે. તેની અને શેહેરની વચ્ચે આવેલી મુશી નદીઊપર શોભાયમાન પુલ બાંધ્યો છે. ત્યાંનું બજાર મોહોટું અને વસ્તી ૧૨,૦૦૦ માણસોની છે. જુની રેસીડંનસીની ઇમારત રદ કરી, ૧૮૦૮ ને આશરે **નીઝામ**ને જબરા મોહોટા ખરચમાં નાંખી, નવી રેસીડંનસીની અતી સુશોભીત મેહેલ જેવી નાદર ઇમારત બાંધી, તેને કીમતી ફરનીચરથી શીણગારી ભપકાદાર બનાવી છે. તે, બાહેરના દેખાવમાં મુંબઇની ટાઊનહાલને મળતી છે. તેની આસપાસ ખીલેલાં ફુલોનાં ભરપુર ચમંનો, ભાત ભાતની તરકારીના બાહાર આપતા ક્યારાઓ, અને ઊમદા ફળોથી લુમાંતાં ઝાડોના બાગ, બાહાર આપી, રહ્યા છે.—એ સઘલાં લખલુટપણાંનો બોજો નામદાર નીઝામની તીજોરી ઊપર પડયો છે. ઇંગ્રેજી લશ્કરની છાવણી "ત્રીમલગીરી" માં છે, ત્યાં, તેને સારૂ, ઘણીક નાદર 'બરાકો' વીગેરે સુશોભીત 'ઇસપીતાલો' બાંધી છે. એ સઘળો ફોકટ દમાંમી થાટ કરવા રૂ.૧૨,૦૦,૦૦૦ ની ગંજાવર રકમ, **નીજામ**ની તીજોરીમાંથી નીચવાઇ છે.



મહારાજા સયાજી રાવ, બરોડાના ગાયકવાડ.

H. H. MAHARÁJÁ SAYÁJI RÁV, OF BARODA.

Vincent Brooks, Day & Son Lith. London W.C.

# His Highness Maharaja Sayaji Rao, S. K. S. B.*

## GAIKWAD OF BARODA.

THE founder of the present ruling dynasty at Baroda was Pilaji, and the name "GAIKWAD", by which its kings have always been known, is a family name like "Scindia" and "Holkar", the distinguishing surnames of those who rule over the States of GWALIOR and INDORE.

The Gaikwads in former times lived in a small village in the district of Poona. In the 17th century, they left their native place to seek fortune in the service of Khande Rao Dabhade, a chieftain of some note, who finally rose to be a general under King Sháu of Sattara. In 1720, a battle fought at Bilapoor in Birar, between the first Nizam and the newly risen Maratha leader,—when Damaji Gaikwad serving as a common soldier showed great talents and prowess, for which he was rewarded with the rank of vice-general and the title of *Shumshair Bahadoor.* He died in 1721 and his post was offered to his adopted son and nephew Pilaji, the Founder of the present ruling house. He was second-in-command and had under him the whole *Paga* or the regular cavalry of the Marathas. He had received the title of "*Séna Khas Khel.*" The aid of the Marathas at this excited period in Western India was sought by the Imperial Viceroy of Gujarat, with a view to make himself independent of the Emperor of Delhi, whose authority was fast declining. The Marathas *thus* got a footing in Gujarat, which they did not fail to improve, and began with levying military tributes from the ruling authorities. Pilaji succeeded in firmly establishing his right over the principalities of Baroda, Nadod, Champanir, Broach and Surat. But the 1st Baji Rao soon appeared with his vast forces to dispute his right and defeated him on several occasions. Trimback Rao, Pilaji's superior in command, entered into an alliance with the Bhil Chieftains, then masters of Baroda, and a pitched battle was fought between the rival powers, which ended however in the defeat of the former. The General and the eldest son of Pilaji were among the slain, and Pilaji being mortally wounded escaped with his other two sons into Songhud, a hill-fort for his private residence. After this success, Baji Rao adopted a conciliatory policy, by appointing the young son of the slain general to the chief command, and reinstating Pilaji as his *Mutalick* or second, with the hereditary title of "*Séna-Khas Khel Sumshair Bahadoor.*" During the turmoils that followed, sprang several independent States founded by soldiers of fortune, in most cases of very humble origin : among others were the principalities of Baroda, Gwalior and Indore. Pilaji was now an absolute ruler of Songhud, Baroda and Dabhai ; his nominal hereditary superior was young and weak, and he had on his side the Bhils, Kolis and other warlike tribes. At the instigation of the Delhi Viceroy Maharaja Abhey Sing of Gujarat, his death was treacherously planned and Baroda captured. The city was retaken by the brother of Pilaji in 1734,—since which time Baroda has remained in undisputed possession of the Gaikwad family. Damaji Gaikwad, the eldest son of Pilaji, in order to preserve his authority, had to wage war with Holkar, Powar and Banda on one side, and against the representative of the Mogul power on the other. After 1735 Damaji had certain revenues of Gujarat and Cambay allotted to him, and he claimed annual tri-

* "Séna Khas Khel Sumshair Bahadoor."

butes from Kathiawar Princes also. Damaji Gaikwad and the Peshwa fell out, and in the war that followed, the Gaikwad was treacherously imprisoned at Poona by the Peshwa. On the payment of a large ransom, as well as of an annual tribute, and on covenanting to cede half of his territories in Gujarat, the King of Baroda was released.—From this time the Gaikwad remained subordinate and tributary to the Peshwa, and on the succession to the throne of each prince obtained *Sanad* or confirmation from Poona the Peshwa's court, and offered large sums of money as *Nuzzeranas*. Not long after his release Damaji in alliance with the Peshwá entirely subverted the Mogul power in Gujarat and captured Ahmadabad in 1755, and the province was partitioned between them. In the memorable BATTLE of PANIPUT in 1760, Damaji with the other Maratha Chiefs took a prominent part and fought with credit. His name became now a terror to his enemies and he conquered Khandesh and Paten, and made the latter place his capital. A disagreement having arisen between the young Peshwa and his regent, Damaji sided with the latter and sent a large force to his assistance, but the result was the success of the young king and the defeat for the third time of the Gaikwad at the hands of the Peshwa. The Gaikwad's tribute wás increased to the sum of Rs. 7,79,000, but, before it was agreed to, Damaji died in 1768, leaving four sons to contest his throne. Futteh Sing, the third son, was proclaimed king by the Peshwa, but when the British invaded the territory of the Peshwa, Futteh Sing in violation of good faith sided with them. He formed an alliance with the English and proclaiming himself independent, shared with them the possession of Gujarat. Ahmadabad was captured by the British and made over to the Gaikwad. This alliance in every way proved so favourable to the interest of Futteh Sing that when he died in 1789 he left his kingdom absolutely *free* from the control of the Peshwa. On his death the succession to the throne being disputed, the Peshwa interceded again.—Govind Rao was the last of the Gaikwads who paid any *Nuzzeranas* to the Peshwa. Anand Rao, his son, succeeded in 1800. He was at war with the *Jagirdars* of his realm and Major Alexander Walker marched against them, and Ganpat Rao, the chief leader, who had several times successfully defied the authority of his master, was subdued. For the service done to the Gaikwad State, the English were rewarded with a grant of the district of Chikli. They immediately after rendered another service of an important character, viz., the disbanding of the Arab *Sebandi* or mercenaries of Baroda, who were most troublesome to the State. The British thereupon took to themselves the responsibilities of *Bhaidhuri* or security that belonged to the Arab leaders in regard to the State loans, &c. The revenue of the districts of Baroda, Petlad, Ahmadabad was assigned to the British. An English subsidiary force composed of 2,000 foot and a battery of artillery was, at the State's desire, also stationed at Baroda, the expenses being defrayed from the revenues of a district, whose administration was transferred to the English. The first English Resident was Major Alexander Walker, and as the State was much involved, the Maharaja left him to administer the kingdom by a Council of Regency, Major Walker presiding over its deliberations. Thus in lieu of the Peshwa,—the English became the paramount power at the court of the Gaikwad. In 1805 a mutual treaty was signed, in accordance with which the revenues to the amount of Rs. 11,70,000 were made over to the late Hon'ble East India Company. The strength of the English force was increased and the Company undertook to protect the whole of the territory of the Maharaja. The military assistance, which Baroda gave to the English, was exceedingly useful to them in 1817, when the Peshwa was defeated, and when the British had to oppose the united forces of the Raja of Nagpore and Malhar Rao Holkar. In 1819 Sevaji Rao ascended the throne, the Council of Regency was abolished, and he became his own minister. A slight disagreement existed between Sevaji Rao and the English, but the wise policy of Sir James Carnac, then Governor of Bombay, brought about a timely reconciliation. Sevaji Rao's reign is memorable for abolishing *Suttee* and prohibiting the sale of children. In 1847 he was succeeded by his third son Ganpat Rao, who allowed "the Bombay, Baroda and Central India Railway Company" to lay down their lines in his territory free of charge, claiming compensation only for the loss of transit dues

which his State would suffer from the construction of the Railway. A sum of money continued to be paid to the Gaikwad on this account until lately, when Dewan Sir T. Madava Rao gave up the claim to that compensation! Maharaja Ganpat Rao died in 1856 and was succeeded by his brother Khanderao. He remodelled the police and the army which consisted of 15,500 men, introduced revenue reforms and established magisterial courts and a High-School. Khanderao remained friendly with the English in the trying and calamitous times of the Indian Mutiny in 1856-58, and for this he was exempted from the annual payment of Rs. 3,00,000, due by the State for the maintenance of the Gujarat Irregular Horse, and moreover received the title of the "Knight-Grand-Commander of the Star of India." He reigned for 14 years and died suddenly on the 28th of February 1870 and was succeeded by his brother Malhar Rao, who was till then a State prisoner for intriguing against the late *Raja*. The career of Malhar Rao was unsatisfactory and in 1872 the Bombay Government cautioned him against continuing his maladministration of the Baroda State. Colonel Phayre was appointed Resident in March 1873. He forwarded to the Government a report entirely condemnatory of the policy of the Gaikwad. The Viceroy, Lord Northbrook, appointed a Commission of Inquiry, which came to unfavourable conclusions. The Viceroy gave, in 1874, the Maharaja a period of 15 months to reform his administration. In this predicament, he called for the services of the well known and enterprising Parsee gentleman, Mr. Dadabhoy Naoroji, as Dewan, who lent all his energies in effecting reform and succeeded in eradicating many abuses. The Resident and the Dewan appeared not to have agreed and each made his own representations to the Governor-General, who finally ordered the Bombay Government to remove the Resident from Baroda, which was about three months after the granting of the period above alluded to for reforms. The Viceroy then appointed a Special Commissioner and Agent to the Governor-General in direct communication with the Supreme Government. The retiring Resident's charge against the Gaikwad of endeavouring to poison him is well known. The inquiry before the 'Baroda Commission,' composed of Native princes and European gentlemen of high rank, resulted in a difference of opinion. The case was referred to the Home Government and a proclamation in 1875 was issued, *exculpating* the Gaikwad from the charge, but declaring his incapacity to rule. He was consequently dethroned on the 22nd of April 1875 and removed to Madras as a State prisoner; a sufficient sum being allowed to him annually for his maintenance. He died there on 26th July 1882. On the dethronement of Malhar Rao, Jumna Bai, the widow of Khanderao, was allowed the right of adopting an heir to the throne. She adopted Sayaji Rao as her son. He was consequently raised to the throne of Baroda, his claims being considered by the Paramount Power to have been superior to those of any other individual of the Gaikwad family. To assist in the work of Government and to manage the affairs during the prince's minority, Sir T. Madava Rao was appointed Dewan, who acted under instructions from the Agent to the Governor-General till the end of 1883, when the Prince, attaining his majority, became the sole master of his State.

His Highness Maharaja Sayaji Rao is by caste a Maratha Hindoo, son of Casirao, the 5th in lineal descent from Purtab Rao, the second son of Pilaji, the founder of the dynasty. He was born on the 7th March 1863 at a village in Khandesh, where he lived in humble life until called upon by strange circumstances on the 27th of March 1875 to assume regal power at the age of 13. He has a good knowledge of English and has studied besides three of the vernacular languages of India. His only brother is Sumput Ram Gaikwad. The ceremony of his elevation to the *gadi* was performed on the 28th of December 1881; but full powers to administer the State were given to him on the 1st of January 1884. The Queen-Empress bestowed upon him the title of '*Farzand-i-Khas-i-Daulat-i-Engleshi*' or 'the favoured son of the

British Empire,' in commemoration of her assuming the title of Empress of India in January 1877. The Gaikwad has a son named Futha Sing, born on the 29th of July 1884. Sayaji Rao's grand palace will cost the State Rs. 20,00,000. The proposed 'Azva Water-works' to supply the city with fresh water will also be a memorable though costly work. The Prince owns a mint where he coins his own money. The annual income of his State in 1882 amounted to Rs. 1,53,84,705. He possesses a large army and receives a salute of 21 guns with a guard of honour. The amount of *Peshkush* or tribute he receives from several Rajas and princes through the British is Rs. 6,43,962. The Prince has introduced many reforms in his State and has opened a High-School and College. He organised a Local Council composed of the Judges of the *Varist* Court, as well as a Privy Council. In August of 1883 he opened a State Spinning and Weaving Mill, and on the 1st of February 1884 a State Bank, especially for the pecuniary convenience of the Ryéts. The net balance in the State Treasury, in the year ending 1883, was Rs. 94,58,029 besides Rs. 1,30,22,000 invested in Government loans. The Prince received a public address of warm congratulations from the public of Poona on his visit there in October 1885. He promises to be a worthy Ruler and Prince of Baroda.

*THE BARODA STATE*—was formerly divided into 37 districts, but under the present Government divided into four revenue sub-divisions or *Mahals*. Each is in charge of a *Subah*, who has under him ten assistants, and in each district there is a court, a municipality, a jail, and a State charitable dispensary. The principal *Sirdars* are Nawab Kamaloodin Khan, Raja Pandra and three others, receiving large annuities. The chief produce is *cotton, rice, bajri*, other varieties of food-grains, and *opium*, the area of the territory being 4,399 square miles containing 3,707 villages and a population as per Census of 1881 of 21,85,000. The educational strength of the whole of this State consists of a High-School or College, 12 Anglo-Vernacular Schools, 144 Vernacular and 5 Girls' Schools.

*THE CAPITAL OF BARODA*—is a fortified town, situate a mile and a quarter from the site of the supposed *old* town which is now in ruins. It is 4 miles in circumference and the river Vishwámitre flows through it, adding to the beauty and freshness of many a small beautiful garden planted on its slopes. A splendid palace of Indo-Saracen architecture, and other beautiful palaces, gardens, public buildings, bridges, a new large jail with convenient wards for persons of both sexes, and other works of public utility, generally give to the city a fair appearance. Baroda is one of the *first* class States in India and the principal one under the Bombay Presidency.

*THE BRITISH CAMP*—is at a short distance from the City. It is great in extent and largely populated. There is a large *bazar*, a race-course, a band-stand, a magistrate's court and the Municipal Office.

'બીરાર'નું પ્રગણું પોતાના માલિકને પાછું શપુરદ કરવા, હીંદુસ્થાનની વડી સરકાર સાથ ચલાવેલી વાજબી લડત ફોકટ જવે, એ વીશે તે ૧૮૭૫ માં છેક ઇંગ્લાંડ ગયા હતા, તે પણ ફોકટ. જુવાબ એમ મળ્યો હતો કે, નીઝામ ઉમરે પુગ્યા પછે, બીરારનો સવાલ ચુકશે.—એ તકરાર ઊઠાવવા ખાતર, હીંદના કેટલાક બડેખાં ઇંગ્રેજ હોદ્દેદારોએ, સર સાલારના દુશ્મન બની, બન્યું તેટલું આરકતરી રીતે, તેને સતાવવા, હરકત કરવા, અને છેલ્લે અપમાન પણ આપવાને કંઈ બાકી રાખ્યું નહતું, તે, સઘલું, પક્કા, થંડા, અને અનુભવી સાલારે વગર ગભરાવે ધીરજથી ખમી, તે પીડામાંથી નીકલી અંતે મોકલો થયા હતા. એ નામાંકીત દીવાન ૧૮૮૩ ની ૯ મી ફેબ્રુવારીએ ગુજરવાબાદ, હાલના નામદાર નીઝામ ૧૮૮૪ ની ૫ મી ફેબ્રુવારીએ પોતાનાં ઓહોલાં અને બળવંત રાજ્યના પુરઅખત્યાર માલિક બની રાજ્યસત્તા પોતાને હસ્તક લીધી છે.

નામદાર નીઝામ મીર મહાબુબ અલીખાન બહાદુર, નીઝામ-ઉલ-મુલક, ઈ૦ સ૦ ૧૮૬૬ માં બેગમ વાદીદ-ઊ-નીસાને પેટે જનમ્યા, તેઓ ઇસલામી કોમનાં "સુની" પંથના છે, અને ઇંગ્રેજી જાણે છે. તેમનો એક ભાઇ નવાબ મુનીર-ઉલ-મુલક છે. નીઝામ,—હીંદુસ્થાનના રાજાઓમાં સવુથી પેહેલા છે. તેઓ પોતે, રાજ્યમાં ચાલતા "હાલી સીક્કા"* પાડે છે, ધારા બાંધે છે, ન્યાયાધીશો નેમે છે, પુરઅખત્યાર સત્તા ચલાવે છે; પણ ઇંગ્રેજો સાથ થયેલા કરારોની રૂએ, નીઝામથી, તેમની મંજુરીઆત વગર, બીજાં રાજ્યો સાથ પત્રવેહેવાર ચલવાય કે કશોબી બંદોબસ્ત થાય નહીં, તેમજ હૈદ્રાબાદના ઇંગ્રેજી રેસીડંન્ટનું સારૂ મત અને—હીંદની વડી સરકારની પસંદગી ભરી 'હા' બોલાય નહીં ત્યાં સુધી નવા નીઝામનું ગાદીએ આપવું હકદાર અને ધારાસરનું ગણાય નહીં. નીઝામની મુલકી વાર્ષીક આવક રૂ. ૨,૫૦,૦૦,૦૦૦ થી વધુ છે. તો, બીરારની ઉપજ સામટી લેતાં તે ૪ કરોડની થવા જાય છે. કુમકે રાખેલાં ઇંગ્રેજી "કોનટીનજંટ" લશ્કર વતરીકે, નીઝામનું આરબ, સીદ્દી, મોગલ, અને શીખ ઘોડસ્વાર અને પેદલ લશ્કર મોહોટું છે. "નીઝામ રાજ્યની રેલવે" ૧૮૭૪ ની ૯ મી અકટોબરે બંધાઈ ઊઘડી. તેને ૧૮૮૧ માં ખરચ કાહાડતાં રૂ. ૨૪,૦૦૦ નો નક્કી નફો કીધો હતો. નીઝામની દરબારમાં, કોઈબી દરજ્જાના દેશીએ મોહોટી પાઘડી પેહેરી જવું, એ ત્યાંની રીત રવૈયા મુજબ અપમાન ભર્યું ગણાય છે. નીઝામને, ઇંગ્રેજી લશ્કરી તુકડી સાથ ૨૧ તોપોનું માન મળે છે. નામદાર નીઝામે ઊમરે પુગી પોતાના રાજ્યનો કુલ અખત્યાર ૧૮૮૪ ની ૫ મી ફેબ્રુવારીએ લીધો, તેની ક્રીયા હીંદના થઈ ગયલા પ્રજા-પ્રીય વાઇસરોય લોર્ડ રીપને કીધી, તેજ ટાકણે, એ રાજ્યના સ્વર્ગવાસી થયેલા મુખ્ય-દીવાન સર સાલારનાં પ્રધાનપદ ઊપર, તેના વડા બેટા નવાબ મીર લીયાકત અલી બહાદુરને પણ નેમવાની ક્રીયા કરી, એ વાઇસિરોયે, એ બેઉ જુવાન રાજા અને વજીરને મુબારકબાદી આપી હતી. નીઝામે પોતાની નવી "પ્રીવી કાંઉનસીલ" સ્થાપી છે. એ નામદારને, ૧૮૮૪ ની ૨૬ મી જાનેવારીએ—એક બેટો થયો છે. એમને ૧૮૮૫ ની ૧ લી જાનેવારીએ મહારાણી વીકટોરીઆએ "નાઈટ-ગ્રાંડ-કમાંડર ઑવ ધી સ્ટાર ઑવ ઈન્ડીયા" નો એતાબ આપ્યો. એ ખીલતી વયના જુવાંન ઉલતમંદ નીઝામે રૈયતના લાભ, દેશના ફાયદા, વેપારની ખીલવણી વીગેરેના, હાલ જે ઊપાયો લીધા છે, તે, એમને ભવીષ્યમાં એક અગત્યના રાજ્યકર્તા બનવાની સાબેત આશા આપે છે.

પુરાતન હૈદ્રાબાદ—અસલ, બીજાપુર અને તેલીધાનની ઓહોળી સત્તામાં જોડાઈ, હીંદુ રાજાઓને તાબે રહ્યા પછે, તુરકી સરદાર મહમદ કુલીએ તેને જીતી લેઈ, હેલાયદું રાજ્ય બનાવી, ઈ. સ. ૧૫૧૨ માં "ગોલકંડા" નામ આપ્યું. તે, એક વાર, બેકીમત હીરાની ખાણો, ભારી ઝાવઝલાલી, અને અ-જીત પહાડી કિલ્લા ખાતર જાણીતું થયેલું શેહેર; હાલનાં હૈદ્રાબાદમાં સમાઈ, સઘલો દમાંમ ખોઈ, પાયમાલીનો ઢગળો બની ઊભું છેઃ પણ તેનો અજબ બાંધણીનો અ-જીત કીલ્લો ચાલુ મરામત થવે સલામત ઊભો છે, તેમાં દાખલ થવાની સખ્ત મનાઇ છે, ત્યાંની, ઘણા ઉંચા મીનારાવાળી ઘોરોમાં એક ૧૮૦ ફીટ ઉંચી છે. એ શેહેરની હવા, સુલતાંન મેહમુદ કુતુબશાહને માફક ન આવવે, તેણે, શેહરથી ૬ માઈલ દુર—હાલનું હૈદ્રાબાદ શેહેર ૧૫૮૬ માં નવું વસાવ્યું કે, ત્યારથી ગોલકંડાની પડતી શરૂ થઈ. એ સુલતાનનાં વંશના હાથમાંથી, દીલ્લીના શાહ ઔરંગઝેબે, ૭ મહીના ઘેરો નાખ્યા પછે ૧૬૮૭ માં દગલબાજીથી ગોલકંડા ભેગું હૈદ્રાબાદ પણ જીતીલે પોતાની ઓહોળી શાહાનશાતમાં જોડી નાખી, તેની દક્ષિણ હદનો ૬ ઠો પ્રાંત બનાવી, ત્યાં ગવરનર-જેનરલ જેટલો અખત્યાર ધરાવનારા હોદ્દેદારોને "દક્ષિણના સુબેદાર"ના નામથી સત્તા ચલાવવા મોકલવા માંડયા હતા. તેમ, ૧૭૧૯ સુધી ચાલ્યું. જ્યારે એ હોદ્દા ઉપર ૧ લો નીઝામ, "નીઝામ-ઊલ-મુલક" તે 'રાજ્યના ઊપરી'ના એલકાબથી સત્તા ઉપર આવ્યો, તે વખતે, તેને, ઉપર જણાવ્યા પ્રમાણે, નબલા શાહનશાહ ઉપર પુરઅખત્યાર કાબુ ચલાવનારા બે 'સહીએદ' વજીરો સાથ અનબનાવ થવે, ૧૭૨૦ ની જુલાઈમાં દખ્ખણનું આખ્ખું રાજ્ય, લશ્કરી જોરે દબાવી લેઈ, તેનો પોતે આપઅખત્યાર માલિક બન્યો,—ત્યારથી આજ સુધી ચાલુ રીતે તેના વંશીઓ એ મુલક ઉપર રાજ્ય હકુમત ભોગવતા આવે છે.

* નીજામ સીક્કો ઇંગ્રેજી ૧૩। આનાની કીમતનો ઊતરે છે.

**હૈદ્રાબાદ રાજ્ય**—હીંદુસ્થાન તરફ દખ્ખણમાં બોહોળો, બળવંત, અને સઉમાં પેહેલ્લા વર્ગનું છે. તેમાં પુરાતન 'તેલીધાન' નો મોહોટો ભાગ સમાયલો છે. હૈદ્રાબાદ પાહાડી નહીં પણ ટેકડીવાળો મુલક છે, ત્યાંની ઘણીક નદીઓમાં મુખ્ય 'ગોદાવરી', 'વરદા' અને 'કૃષ્ણા' છે, તેઓની શાખાઓ પુષ્કળ છે. રાજ્યનો વીસ્તાર ૯૮,૦૦૦ ચોરસ-માઇલિનો છે, તેનો મોહોટો ભાગ મુખ્ય કરી પુરસત્તાવાળા જમીનદારોને ઇજારે અપાય છે. ત્યાંની વસ્તી ૧,૧૦,૦૦,૦૦૦ ની ગણાય છે, તેનો મોહોટો ભાગ હીંદુ અને મુસલમાનો છે. ત્યાંની રસાલ જગ્યાનો મોહોટો ભાગ દરસાલ ચોખાના બે પાક ઉતારે છે. રાજ્યનાં ભીતરમાંથી ગોદાવરી નદી વહે છે, અને તે, હૈદ્રાબાદ, ઔરંગાબાદ, બીદર, અને બીરાર અથવા ઇલીચપુર માહાલોમાં વેહેચાયલું છે; તેના બધા મલી ૩૬ કસબા છે. 'બીદર' રા માઇલિ ઘેરાવાનો, ખાઈ સાથનો કીલ્લેબંધ અને ઘણીક તોપાવાળો માહાલ છે. ત્યાં આસલી હીંદુ રાજા પ્રતાબરૂદ્રનો સુશોભીત મેહેલ અને નાદર બાંધણી સાથ વખાણ લાયક પથ્થરનાં જાલી કામની ઘોરો છે, તેઓમાં એક ૧૨૦ ફીટ ઉંચી છે. 'ઔરંગાબાદ' ને શાહાનશા ઔરંગઝેબે ૧૬૫૭ માં સ્થાપ્યું. ત્યાંના બે કોટોનો સામટો ઘેરાવો ૧૦ માઇલિને આશરે છે.—દખ્ખણ માંહેલી મોગલ સત્તાનો પેહેલો પાયો એ શેહેરમાં નખાયો હતો. ત્યાંનું, એકની હેઠળ એક એમ ત્રણ તબક્કે ઉભાતાં પાણીનું મોહોટું તલાવ ઘણું ખુશનુમાં દેખાય છે. ઘણાક પાહાડ કોતરી બનાવેલા ગોફા, અને બુદ્ધ ધર્મના કોરી કહાડેલાં દેહેરાં નાંદર છે. 'બીરાર' ની ૧૮,૦૦૦ ચોરશ-માઇલિના સરસ ભાગની સત્તા ઇંગ્રેજી વહીવટ હેઠળ શોફાવે ત્યાં, રેસીડંન્ટનો પુરઅખત્યાર ચાલે છે, જેની વચ્ચે નીઝામથી અવાય નહી. બાકીના ૮૦,૦૦૦ માઇલના ભાગ ઉપર નીઝામની સત્તા છે. ત્યાંના મોહાટા જંગલો ફાડી ખાનારાં હેવાંનો વીગેરે સાપ, નાગ, અને મોહોટા અજદાઓથી ભરપુર છે. ત્યાં તોફાંન વખતે તમલર જેવા કરાંના મોહોટા ભારી કટકા પડે છે. સરકારી જંગલોમાં બાંધ-કામનાં લાકડાંનાં કીમતી ઝાડોનો મોહોટો જથ્થો ઉગાડવામાં આવે છે. મુખ્ય પાક 'જુવાર', અને 'રૂ' નો ઉતરે છે.—રૂ, હીંગણ-ઘાટની બજારમાં ઘણો વખણાય છે. ત્યાંનો મુખ્ય વેપાર મુંબઇ, તેમજ મધ્ય અને વાયવ્ય-પ્રાંતો સાથ ચાલે છે. ૧૮૮૪ માં ત્યાંની વાર્ષીક ઉપજ રૂ. ૯૦,૯૮,૫૩૯ ની થૈ હતી. ઇ. સ. ૧૪૮૯-૧૫૭૪ સુધી બીરારનું પાયતખ્ત ઇલીચપુર હતું, તે, પાછળથી અમદનગરની સત્તામાં જોડાઇ ગયું. હૈદ્રાબાદ રાજ્યનું પેદલ ૩૬,૮૯૦ અને ઘોડસ્વાર ૮,૨૦૦ લશ્કર વગેરે તોપખાનાનાં ૫૫૧ માણસો અને ૭૨૫ નાની મોહોટી તોપો છે.

**પાયતખ્ત હૈદ્રાબાદ**—શેહેરનું અસલ નામ "બાગનગર" હતું. તે, મુશી નદીના દક્ષિણ કાંઠાઉપર ૧ લા નીઝામના વખતથી ખાઈ વગરનું કીલ્લેબંધ થઇ ઉભું છે. તેને "કુતુબશાહી" વંશના સુલતાન મેહેમુદે ઇ. સ. ૧૫૮૬ માં નવું વસાવ્યું હતું. ત્યાંની ૩,૦૦,૦૦૦ ની ગણાતી વસ્તીમાં, કંઇ હજારો—ઘણાજ ફેસાદખોર અને મેહેનત આપનારા રોહીલાં અને આરબો વસે છે. એકુતો મુખ્ય કરી હીંદુજાતના મરાઠા તેલંગી અને કેનેરી લોકો છે. "ઉમરાવતીનો" રૂ ત્યાં મોહોટા જથ્થામાં ઉગે છે. ઘરો, નીચી ઉભરણીનાં, રસ્તા સાંકડા, અને ઝાડો પુષ્કળ ઉગેલાં છે. નીઝામનો સુશોભીત મેહેલ ઘણો ગંજાવર છે. તેમાં નોકરો, ખીદમતગારો વીગેરે ૨૦૦૦ માણસો વસે છે. ત્યાં દરબારી લાયબ્રેરી, હાઇ-સ્કુલ, ઉમરાવોના છોકરાઓ વાસ્તે કોલેજ, ઓરતો અને મરદોની ઇસ્પીતાલો, અને ધર્મનું દવાખાનું છે. કોટ બાહેરનો, "ઝીયાંનુંમાં" મેહેલ જોવાલાયક છે, ત્યાં નવાઇની ચીજોનો સંગ્રહ કીધો છે. ત્યાંનાં મોહોટાં તલાવોમાં "મીર આલમનું" ઘેરાવામાં ૭ માઇલિ છે, તેમાં મોહોટાં 'મગરો' છે, અને સેહેલ કરવાની બાફની હોડીઓ વીગેરે તરે છે—તેઓનાં હલેશાં સ્ત્રીઓ સરસ રીતે મારે છે. 'ઉસેઇન સાગર' ના જબરાં તલાવમાંથી પાણી લાવી શેહેરને પુરૂં પાડયું છે. ત્યાંનાં 'તરબુજ' અને 'અનીનાશ' વખણાય છે; તો મોહોટી 'જાંબુરી દ્રાક્ષો' નો ખપ દુરની બજારોમાં સારો થાયછે. ત્યાંથી ઘંઉ, રૂ, તીખું લોહડું, સાગના કીમતી લાકડા, વીગરે નીકાશ કરવામાં આવેછે.

ઇંગ્રેજી કેંપ—અથવા 'રેસિડંનસી' શેહેરના કોટ બાહેર ઉત્તરે ૧ માઇલિ દુર ચંદ્રઘાત તરફ, મુશી નદીના કાંઠાઉપર આવી છે. તેનો વીસ્તાર ઘણાક એકરનો છે. તેની અને શેહરની વચ્ચે આવેલી મુશી નદીઉપર શોભાયમાન પુલ બાંધ્યો છે. ત્યાંનું બજાર મોહોટું અને વસ્તી ૧૨,૦૦૦ માણસોની છે. જુની રેસીડંનસીની ઇમારત રદ કરી, ૧૮૦૮ ને આશરે નીઝામને જબરા મોહોટા ખરચમાં નાંખી, નવી રેસીડંનસીની અતી સુશોભીત મેહેલ જેવી નાદર ઇમારત બાંધી, તેને કીમતી ફરનીચરથી શીણગારી ભપકાદાર બનાવી છે. તે, બાહેરના દેખાવમાં મુંબઇની ટાઉનહાલને મળતી છે. તેની આસપાસ ખીલેલાં ફુલોનાં ભરપુર ચમંનો, ભાત ભાતની તરકારીના બાહાર આપતા ક્યારાઓ, અને ઉમદા ફળોથી લુમાંતાં ઝાડોનો બાગ, બાહાર આપી, રહ્યો છે.—એ સઘલાં લખલુટપણાંનો બોજો નામદાર નીઝામની તીજોરી ઉપર પડયો છે. ઇંગ્રેજી લશ્કરની છાવણી "ત્રીમલગીરી" માંછે, ત્યાં, તેને સારૂ, ઘણીક નાદર 'બરાકો' વીગેરે સુશોભીત 'ઇસપીતાલો' બાંધી છે. એ સઘળો ફોકટ દમાંમી થાટ કરવા રૂ.૧૨,૦૦,૦૦૦ ની ગંજાવર રકમ, નીજામની તીજોરીમાંથી નીચવાઇ છે.



મહારાજા સૈયાજી રાવ, બરોડાના ગાયકવાડ.

H. H. MAHARÁJÁ SAYÁJI RÁV, OF BARODA.

Vincent Brooks, Day & Son, Lith

# His Highness Maharaja Sayaji Rao, S. K. S. B.*

## GAIKWAD OF BARODA.

THE founder of the present ruling dynasty at Baroda was Pilaji, and the name "GAIKWAD", by which its kings have always been known, is a family name like "Scindia" and "Holkar", the distinguishing surnames of those who rule over the States of GWALIOR and INDORE.

The Gaikwads in former times lived in a small village in the district of Poona. In the 17th century, they left their native place to seek fortune in the service of Khande Rao Dabhade, a chieftain of some note, who finally rose to be a general under King Sháu of Sattara. In 1720, a battle fought at Bilapoor in Birar, between the first Nizam and the newly risen Maratha leader,—when Damaji Gaikwad serving as a common soldier showed great talents and prowess, for which he was rewarded with the rank of vice-general and the title of *Shumshair Bahadoor*. He died in 1721 and his post was offered to his adopted son and nephew Pilaji, the **Founder** of the present ruling house. He was second-in-command and had under him the whole *Paga* or the regular cavalry of the Marathas. He had received the title of "*Séna Khas Khel*." The aid of the Marathas at this excited period in Western India was sought by the Imperial Viceroy of Gujarat, with a view to make himself independent of the Emperor of Delhi, whose authority was fast declining. The Marathas *thus* got a footing in Gujarat, which they did not fail to improve, and began with levying military tributes from the ruling authorities. Pilaji succeeded in firmly establishing his right over the principalities of Baroda, Nadod, Champanir, Broach and Surat. But the 1st Baji Rao soon appeared with his vast forces to dispute his right and defeated him on several occasions. Trimback Rao, Pilaji's superior in command, entered into an alliance with the Bhil Chieftains, then masters of Baroda, and a pitched battle was fought between the rival powers, which ended however in the defeat of the former. The General and the eldest son of Pilaji were among the slain, and Pilaji being mortally wounded escaped with his other two sons into Songhud, a hill-fort for his private residence. After this success, Baji Rao adopted a conciliatory policy, by appointing the young son of the slain general to the chief command, and reinstating Pilaji as his *Mutalick* or second, with the hereditary title of "*Séna Khas Khel Sumshair Bahadoor*." During the turmoils that followed, sprang several independent States founded by soldiers of fortune, in most cases of very humble origin : among others were the principalities of Baroda, Gwalior and Indore. Pilaji was now an absolute ruler of Songhud, Baroda and Dabhai ; his nominal hereditary superior was young and weak, and he had on his side the Bhils, Kolis and other warlike tribes. At the instigation of the Delhi Viceroy Maharaja Abhey Sing of Gujarat, his death was treacherously planned and Baroda captured. The city was retaken by the brother of Pilaji in 1734,—since which time Baroda has remained in undisputed possession of the Gaikwad family. Damaji Gaikwad, the eldest son of Pilaji, in order to preserve his authority, had to wage war with Holkar, Powar and Banda on one side, and against the representative of the Mogul power on the other. After 1735 Damaji had certain revenues of Gujarat and Cambay allotted to him, and he claimed annual tri-

* "Séna Khas Khel Sumshair Bahadoor."

butes from Kathiawar Princes also. Damaji Gaikwad and the Peshwa fell out, and in the war that followed, the Gaikwad was treacherously imprisoned at Poona by the Peshwa. On the payment of a large ransom, as well as of an annual tribute, and on covenanting to cede half of his territories in Gujarat, the King of Baroda was released.—From this time the Gaikwad remained subordinate and tributary to the Peshwa, and on the succession to the throne of each prince obtained *Sanad* or confirmation from Poona the Peshwa's court, and offered large sums of money as *Nuzzeranas*. Not long after his release Damaji in alliance with the Peshwa entirely subverted the Mogul power in Gujarat and captured Ahmadabad in 1755, and the province was partitioned between them. In the memorable BATTLE of PANIPUT in 1760, Damaji with the other Maratha Chiefs took a prominent part and fought with credit. His name became now a terror to his enemies and he conquered Khandesh and Paten, and made the latter place his capital. A disagreement having arisen between the young Peshwa and his regent, Damaji sided with the latter and sent a large force to his assistance, but the result was the success of the young king and the defeat for the third time of the Gaikwad at the hands of the Peshwa. The Gaikwad's tribute was increased to the sum of Rs. 7,79,000, but, before it was agreed to, Damaji died in 1768, leaving four sons to contest his throne. Futteh Sing, the third son, was proclaimed king by the Peshwa, but when the British invaded the territory of the Peshwa, Futteh Sing in violation of good faith sided with them. He formed an alliance with the English and proclaiming himself independent, shared with them the possession of Gujarat. Ahmadabad was captured by the British and made over to the Gaikwad. This alliance in every way proved so favourable to the interest of Futteh Sing that when he died in 1789 he left his kingdom absolutely *free* from the control of the Peshwa. On his death the succession to the throne being disputed, the Peshwa interceded again.—Govind Rao was the last of the Gaikwads who paid any *Nuzzeranas* to the Peshwa. Anand Rao, his son, succeeded in 1800. He was at war with the *Jagirdars* of his realm and Major Alexander Walker marched against them, and Ganpat Rao, the chief leader, who had several times successfully defied the authority of his master, was subdued. For the service done to the Gaikwad State, the English were rewarded with a grant of the district of Chikli. They immediately after rendered another service of an important character, viz., the disbanding of the Arab *Sebandi* or mercenaries of Baroda, who were most troublesome to the State. The British thereupon took to themselves the responsibilities of *Bhaidhuri* or security that belonged to the Arab leaders in regard to the State loans, &c. The revenue of the districts of Baroda, Petlad, Ahmadabad was assigned to the British. An English subsidiary force composed of 2,000 foot and a battery of artillery was, at the State's desire, also stationed at Baroda, the expenses being defrayed from the revenues of a district, whose administration was transferred to the English. The first English Resident was Major Alexander Walker, and as the State was much involved, the Maharaja left him to administer the kingdom by a Council of Regency, Major Walker presiding over its deliberations. Thus in lieu of the Peshwa,—the English became the paramount power at the court of the Gaikwad. In 1805 a mutual treaty was signed, in accordance with which the revenues to the amount of Rs. 11,70,000 were made over to the late Hon'ble East India Company. The strength of the English force was increased and the Company undertook to protect the whole of the territory of the Maharaja. The military assistance, which Baroda gave to the English, was exceedingly useful to them in 1817, when the Peshwa was defeated, and when the British had to oppose the united forces of the Raja of Nagpore and Malhar Rao Holkar. In 1819 Sevaji Rao ascended the throne, the Council of Regency was abolished, and he became his own minister. A slight disagreement existed between Sevaji Rao and the English, but the wise policy of Sir James Carnac, then Governor of Bombay, brought about a timely reconciliation. Sevaji Rao's reign is memorable for abolishing *Suttee* and prohibiting the sale of children. In 1847 he was succeeded by his third son Ganpat Rao, who allowed "the Bombay, Baroda and Central India Railway Company" to lay down their lines in his territory free of charge, claiming compensation only for the loss of transit dues

which his State would suffer from the construction of the Railway. A sum of money continued to be paid to the Gaikwad on this account until lately, when Dewan Sir T. Madava Rao gave up the claim to that compensation! Maharaja Ganpat Rao died in 1856 and was succeeded by his brother Khanderao. He remodelled the police and the army which consisted of 15,500 men, introduced revenue reforms and established magisterial courts and a High-School. Khanderao remained friendly with the English in the trying and calamitous times of the Indian Mutiny in 1856-58, and for this he was exempted from the annual payment of Rs. 3,00,000, due by the State for the maintenance of the Gujarat Irregular Horse, and moreover received the title of the "Knight-Grand-Commander of the Star of India." He reigned for 14 years and died suddenly on the 28th of February 1870 and was succeeded by his brother Malhar Rao, who was till then a State prisoner for intriguing against the late *Raja*. The career of Malhar Rao was unsatisfactory and in 1872 the Bombay Government cautioned him against continuing his maladministration of the Baroda State. Colonel Phayre was appointed Resident in March 1873. He forwarded to the Government a report entirely condemnatory of the policy of the Gaikwad. The Viceroy, Lord Northbrook, appointed a Commission of Inquiry, which came to unfavourable conclusions. The Viceroy gave, in 1874, the Maharaja a period of 15 months to reform his administration. In this predicament, he called for the services of the well known and enterprising Parsee gentleman, Mr. Dadabhoy Naoroji, as Dewan, who lent all his energies in effecting reform and succeeded in eradicating many abuses. The Resident and the Dewan appeared not to have agreed and each made his own representations to the Governor-General, who finally ordered the Bombay Government to remove the Resident from Baroda, which was about three months after the granting of the period above alluded to for reforms. The Viceroy then appointed a Special Commissioner and Agent to the Governor-General in direct communication with the Supreme Government. The retiring Resident's charge against the Gaikwad of endeavouring to poison him is well known. The inquiry before the 'Baroda Commission,' composed of Native princes and European gentlemen of high rank, resulted in a difference of opinion. The case was referred to the Home Government and a proclamation in 1875 was issued, *exculpating* the Gaikwad from the charge, but declaring his incapacity to rule. He was consequently dethroned on the 22nd of April 1875 and removed to Madras as a State prisoner; a sufficient sum being allowed to him annually for his maintenance. He died there on 26th July 1882. On the dethronement of Malhar Rao, Jumna Bai, the widow of Khanderao, was allowed the right of adopting an heir to the throne. She adopted Sayaji Rao as her son. He was consequently raised to the throne of Baroda, his claims being considered by the Paramount Power to have been superior to those of any other individual of the Gaikwad family. To assist in the work of Government and to manage the affairs during the prince's minority, Sir T. Madava Rao was appointed Dewan, who acted under instructions from the Agent to the Governor-General till the end of 1883, when the Prince, attaining his majority, became the sole master of his State.

His Highness Maharaja Sayaji Rao is by caste a Maratha Hindoo, son of Casirao, the 5th in lineal descent from Purtab Rao, the second son of Pilaji, the founder of the dynasty. He was born on the 7th March 1863 at a village in Khandesh, where he lived in humble life until called upon by strange circumstances on the 27th of March 1875 to assume regal power at the age of 13. He has a good knowledge of English and has studied besides three of the vernacular languages of India. His only brother is Sumput Ram Gaikwad. The ceremony of his elevation to the *gadi* was performed on the 28th of December 1881; but full powers to administer the State were given to him on the 1st of January 1884. The Queen-Empress bestowed upon him the title of '*Farzand-i-Khas-i-Daulat-i-Engleshi*' or 'the favoured son of the

British Empire,' in commemoration of her assuming the title of Empress of India in January 1877. The Gaikwad has a son named Futha Sing, born on the 29th of July 1884. Sayaji Rao's grand palace will cost the State Rs. 20,00,000. The proposed 'Azva Water-works' to supply the city with fresh water will also be a memorable though costly work. The Prince owns a mint where he coins his own money. The annual income of his State in 1882 amounted to Rs. 1,53,84,705. He possesses a large army and receives a salute of 21 guns with a guard of honour. The amount of *Peshkush* or tribute he receives from several Rajas and princes through the British is Rs. 6,43,962. The Prince has introduced many reforms in his State and has opened a High-School and College. He organised a Local Council composed of the Judges of the *Varist* Court, as well as a Privy Council. In August of 1883 he opened a State Spinning and Weaving Mill, and on the 1st of February 1884 a State Bank, especially for the pecuniary convenience of the Ryéts. The net balance in the State Treasury, in the year ending 1883, was Rs. 94,58,029 besides Rs. 1,30,22,000 invested in Government loans. The Prince received a public address of warm congratulations from the public of Poona on his visit there in October 1885. He promises to be a worthy Ruler and Prince of Baroda.

*THE BARODA STATE*—was formerly divided into 37 districts, but under the present Government divided into four revenue sub-divisions or *Mahals*. Each is in charge of a *Subah*, who has under him ten assistants, and in each district there is a court, a municipality, a jail, and a State charitable dispensary. The principal *Sirdars* are Nawab Kamaloodin Khan, Raja Pandra and three others, receiving large annuities. The chief produce is *cotton*, *rice*, *bajri*, other varieties of food-grains, and *opium*, the area of the territory being 4,399 square miles containing 3,707 villages and a population as per Census of 1881 of 21,85,000. The educational strength of the whole of this State consists of a High-School or College, 12 Anglo-Vernacular Schools, 144 Vernacular and 5 Girls' Schools.

*THE CAPITAL OF BARODA*—is a fortified town, situate a mile and a quarter from the site of the supposed *old* town which is now in ruins. It is 4 miles in circumference and the river Vishwámitre flows through it, adding to the beauty and freshness of many a small beautiful garden planted on its slopes. A splendid palace of Indo-Saracen architecture, and other beautiful palaces, gardens, public buildings, bridges, a new large jail with convenient wards for persons of both sexes, and other works of public utility, generally give to the city a fair appearance. Baroda is one of the *first* class States in India and the principal one under the Bombay Presidency.

*THE BRITISH CAMP*—is at a short distance from the City. It is great in extent and largely populated. There is a large *bazar*, a race-course, a band-stand, a magistrate's court and the Municipal Office.

'બીરાર'નું પ્રગણું પોતાના માલિકને પાછું શપુરદ કરવા, હીંદુસ્થાનની વડી સરકાર સાથ ચલાવેલી વાજબી લડત ફોકટ જવે, એ વીશે તે ૧૮૭૫ માં છેક ઇંગ્લાંડ ગયો હતો, તે પણ ફોકટ. જુવાબ એમ મળ્યો હતો કે, **નીઝામ** ઉમરે પુગ્યા પછે, **બીરાર**નો સવાલ ચુકરી.—એ તકરાર ઊઠાવવા ખાતર, હીંદના કેટલાક બડેખાં ઇંગ્રેજ હોદ્દેદારોએ, **સર સાલાર**ના દુશ્મન બની, બન્યું તેટલું આરકતરી રીતે, તેને સતાવવા, હરકત કરવા, અને છેલ્લે અપમાન પણ આપવાને કંઈ બાકી રાખ્યું નહતું, તે, સઘલું, પક્કા, થંડા, અને અનુભવી **સાલારે** વગર ગભરાવે ધીરજથી ખમી, તે પીડામાંથી નીકલી અંતે મોકલો થયો હતો. એ નામાંકીત દીવાન ૧૮૮૩ ની ૯ મી ફેબ્રુવારીએ ગુજરવાબાદ, હાલના **નામદાર નીઝામ** ૧૮૮૪ ની ૫ મી ફેબ્રુવારીએ પોતાનાં બોહોલાં અને બળવંત રાજ્યના પુરઅખત્યાર માલેક બની રાજ્યસત્તા પોતાને હસ્તક લીધી છે.

નામદાર **નીઝામ મીર મહાબુબ અલીખાન બહાદુર, નીઝામ-ઉલ-મુલક**, ઈ૦ સ૦ ૧૮૬૬ માં બેગમ વાહીદ-ઊ-**નીસા**ને પેટે જનમ્યા, તેઓ ઇસલામી કોમનાં "સુની" પંથના છે, અને ઇંગ્રેજી જાણે છે. તેમનો એક ભાઇ નવાબ મુનીર-ઉલ-મુલક છે. **નીઝામ**,—હીંદુસ્થાનના રાજાઓમાં સવુથી પેહેલા છે. તેઓ પોતે, રાજ્યમાં ચાલતા "હાલી સીક્કા"* પાડે છે, ધારા બાંધે છે, ન્યાયાધીશો નેમે છે, પુરઅખત્યાર સત્તા ચલાવે છે; પણ ઇંગ્રેજો સાથ થયેલા કરારોની રૂએ, **નીઝામ**થી, તેમની મંજુરીઆત વગર, બીજાં રાજ્યો સાથ પત્રવેહેવાર ચલવાય કે કશોબી બંદોબસ્ત થાય નહીં, તેમજ હૈદ્રાબાદના ઇંગ્રેજી રેસીડંન્ટનું સારૂ મત અને—હીંદની વડી સરકારની પસંદગી ભરી 'હા' બોલાય નહીં ત્યાં સુધી નવા **નીઝામ**નું ગાદીએ આપવું હકદાર અને ધારાસરનું ગણાય નહીં. **નીઝામ**ની મુલકી વાર્ષીક આવક રૂ. ૨,૫૦,૦૦,૦૦૦ થી વધુ છે. તો, બીરારની ઉપજ સામટી લેતાં તે ૪ કરોડની થવા જાય છે. કુમકે રાખેલાં ઇંગ્રેજી "કોનટીનજંટ" લશ્કર વતરેગે, **નીઝામ**નું **આરબ, સીદ્દી, મોગલ,** અને **શીખ** ઘોડસ્વાર અને પેદલ લશ્કર મોહોટું છે. "**નીઝામ રાજ્યની રેલવે**" ૧૮૭૪ ની ૯ મી અકટોબરે બંધાઈ ઊઘડી. તેને ૧૮૮૧ માં ખરચ કાહાડતાં રૂ. ૨૪,૦૦૦ નો નક્કી નફો કીધો હતો. **નીઝામ**ની દરબારમાં, કોઈબી દરજ્જાના દેશીએ મોહોટી પાઘડી પેહેરી જવું, એ ત્યાંની રીત રવૈયા મુજબ અપમાન ભર્યું ગણાય છે. **નીઝામ**ને, ઇંગ્રેજી લશ્કરી તુકડી સાથ **૨૧** તોપોનું માન મળે છે. **નામદાર નીઝામે** ઊમરે પુગી પોતાના રાજ્યનો કુલ અખત્યાર ૧૮૮૪ ની ૫ મી ફેબ્રુવારીએ લીધો, તેની ક્રીયા હીંદના થઈ ગયલા પ્રજા-પ્રીય વાઇસરોય લોર્ડ રીપને કીધી, તેજ ટાકણે, એ રાજ્યના સ્વર્ગવાસી થયેલા મુખ્ય-દીવાન **સર સાલાર**નાં પ્રધાનપદ ઊપર, તેના વડા બેટા **નવાબ મીર લીયાકત અલી બહાદુર**ને પણ નેમવાની ક્રીયા કરી, એ વાઇસરોયે, એ બેઉ જુવાન રાજા અને વજીરને મુબારકબાદી આપી હતી. **નીઝામે** પોતાની નવી "પ્રીવી કાંઉનસીલ" સ્થાપી છે. એ નામદારને, ૧૮૮૪ ની ૨૬ મી જાનેવારીએ—એક બેટો થયો છે. એમને ૧૮૮૫ ની ૧ લી જાનેવારીએ **મહારાણી** વીકટોરીઆએ "**નાઈટ-ગ્રાંડ-કમાંડર ઓવ ધી સ્ટાર ઓવ ઈન્ડીયા**" નો ખેતાબ આપ્યો. એ ખીલતી વયના જુવાંન ઉલતમંદ **નીઝામે** રૈયતના લાભ, દેશના ફાયદા, વેપારની ખીલવણી વીગેરેના, હાલ જે ઊપાયો લીધા છે, તે, એમને ભવીષ્યમાં એક અગત્યના રાજ્યકર્તા બનવાની સાબેત આશા આપે છે.

* નીજામ સીક્કો ઇંગ્રેજી ૧૩ા આનાની કીમતનો ઊતરે છે.

**પુરાતન હૈદ્રાબાદ**—અસલ, બીજાપુર અને તેલીધાનની બોહોળી સત્તામાં જોડાઈ, હીંદુ રાજાઓને તાબે રહ્યા પછે, તુરકી સરદાર **મહમદ** કુલીએ તેને જીતી લેઈ, હેલાયદું રાજ્ય બનાવી, ઈ. સ. ૧૫૧૨ માં "ગોલકંડા" નામ આપ્યું. તે, એક વાર, બેકીમત હીરાની ખાણો, ભારી ઝાવઝલાલી, અને અ-જીત પહાડી કિલ્લા ખાતર જાણીતું થયેલું શેહેર; હાલનાં હૈદ્રાબાદમાં સમાઈ, સઘલો દમાંમ ખોઈ, પાયમાલીનો ઢગળો બની ઊભું છે: પણ તેનો અજબ બાંધણીનો અ-જીત કીલ્લો ચાલુ મરામત થવે સલામત ઊભો છે, તેમાં દાખલ થવાની સખ્ત મનાઇ છે, ત્યાંની, ઘણા ઉંચા મીનારાવાળી ઘોરોમાં એક ૧૮૦ ફીટ ઉંચી છે. એ શેહેરની હવા, **સુલતાંન મેહમુદ** કુતુબશાહને માફક ન આવવે, તેણે, શેહરથી ૬ માઇલ દુર—હાલનું હૈદ્રાબાદ શેહેર ૧૫૮૯ માં નવું વસાવ્યું કે, ત્યારથી ગોલકંડાની પડતી શરૂ થઈ. એ **સુલતાન**નાં વંશના હાથમાંથી, **દીલ્લીના શાહ ઔરંગઝેબે**, ૭ મહીના ઘેરો નાખ્યા પછે ૧૬૮૭ માં દગલબાજીથી ગોલકંડા ભેગું હૈદ્રાબાદ પણ જીતીલે પોતાની બોહોળી શાહાનશાતમાં જોડી નાખી, તેની દક્ષિણ હદનો ૬ ઠો પ્રાંત બનાવી, ત્યાં ગવરનર-જેનરલ જેટલો અખત્યાર ધરાવનારા હોદ્દેદારોને "દક્ષિણના સુબેદાર" ના નામથી સત્તા ચલાવવા મોકલવા માંડયા હતા. તેમ, ૧૭૧૯ સુધી ચાલ્યું. જ્યારે એ હોદ્દા ઉપર ૧ લો **નીઝામ**, "નીઝામ-ઊલ-મુલક" તે 'રાજ્યના ઊપરી' ના એલકાબથી સત્તા ઉપર આવ્યો, તે વખતે, તેને, ઉપર જણાવ્યા પ્રમાણે, નબલા શાહનશાહ ઉપર પુરઅખત્યાર કાબુ ચલાવનારા બે 'સહીએદ' વજીરો સાથ અનબનાવ થવે, ૧૭૨૦ ની જુલાઈમાં દખણનું આખ્ખું રાજ્ય, લશ્કરી જોરે દબાવી લેઈ, તેનો પોતે આપઅખત્યાર માલેક બન્યો,—ત્યારથી આજ સુધી ચાલુ રીતે તેના વંશીઓ એ મુલક ઉપર રાજ્ય હકુમત ભોગવતા આવે છે.

**હૈદ્રાબાદ રાજ્ય**—હીંદુસ્થાન તરફ દખ્ખણમાં બોહોળો, બળવંત, અને સઉમાં પેહેલ્લા વર્ગનું છે. તેમાં પુરાતન 'તેલીધાન' નો મોહોટો ભાગ સમાયલો છે. હૈદ્રાબાદ પાહાડી નહીં પણ ટેકડીવાળો મુલક છે, ત્યાંની ઘણીક નદીઓમાં મુખ્ય 'ગોદાવરી', 'વરદા' અને 'કૃષ્ણા' છે, તેઓની શાખાઓ પુષ્કળ છે. રાજ્યનો વીસ્તાર ૯૮,૦૦૦ ચોરસ-માઇલનો છે, તેનો મોહોટો ભાગ મુખ્ય કરી પુરસત્તાવાળા જમીનદારોને ઇજારે અપાય છે. ત્યાંની વસ્તી ૧,૧૦,૦૦,૦૦૦ ની ગણાય છે, તેનો મોહોટો ભાગ હીંદુ અને મુસલમાનો છે. ત્યાંની રસાલ જગ્યાનો મોહોટો ભાગ દરસાલ ચોખાના બે પાક ઉતારે છે. રાજ્યનાં ભીતરમાંથી ગોદાવરી નદી વહે છે, અને તે, હૈદ્રાબાદ, ઔરંગાબાદ, બીદર, અને બીરાર અથવા ઇલીચપુર માહાલોમાં વેહેચાયલું છે; તેના બધા મલી ૩૬ કસબા છે. 'બીદર' ૨૫ માઇલ ઘેરાવાનો, ખાઈ સાથનો કીલ્લેબંધ અને ઘણીક તોપાવાળો માહાલ છે. ત્યાં આસલી હીંદુ રાજા પ્રતાબરૂદ્રનો સુશોભીત મેહેલ અને નાદર બાંધણી સાથ વખાણ લાયક પથ્થરનાં જાલી કામની ઘોરો છે, તેઓમાં એક ૧૨૦ ફીટ ઉંચી છે. 'ઔરંગાબાદ' ને શાહાનશા ઔરંગઝેબે ૧૬૫૭ માં સ્થાપ્યું. ત્યાંના બે કોટોનો સામટો ઘેરાવો ૧૦ માઇલને આશરે છે.—દખ્ખણ માંહેલી મોગલ સત્તાનો પેહેલો પાયો એ શેહેરમાં નખાયો હતો. ત્યાંનું, એકની હેઠળ એક એમ ત્રણ તબક્કે ઊભાતાં પાણીનું મોહોટું તલાવ ઘણું ખુશનુમાં દેખાય છે. ઘણાક પાહાડ કોતરી બનાવેલા ગોફા, અને બુધ્ધ ધર્મના કોરી કહાડેલાં દેહેરાં નાંદર છે. 'બીરાર' ની ૧૮,૦૦૦ ચોરશ-માઇલના સરસ ભાગની સત્તા ઇંગ્રેજી વહીવટ હેઠળ સોંફાવે ત્યાં, રેસીડંન્ટનો પુરઅખત્યાર ચાલે છે, જેની વચ્ચે નીઝામથી અવાય નહી. બાકીના ૮૦,૦૦૦ માઇલના ભાગ ઉપર નીઝામની સત્તા છે. ત્યાંના મોહાટા જંગલો ફાડી ખાનારાં હેવાંનો વીગેરે સાપ, નાગ, અને મોહોટા અજદાઓથી ભરપુર છે. ત્યાં તોફાંન વખતે તમલર જેવા કરાંના મોહોટા ભારી કટકા પડે છે. સરકારી જંગલોમાં બાંધકામનાં લાકડાંનાં કીમતી ઝાડોનો મોહોટો જથ્થો ઉગાડવામાં આવે છે. મુખ્ય પાક 'જુવાર', અને 'રૂ' નો ઉતરે છે.—રૂ, હીંગણઘાટની બજારમાં ઘણો વખણાય છે. ત્યાંનો મુખ્ય વેપાર મુંબઇ, તેમજ મધ્ય અને વાયવ્ય-પ્રાંતો સાથ ચાલે છે. ૧૮૮૪ માં ત્યાંની વાર્ષીક ઉપજ રૂ. ૯૦,૯૮,૫૩૯ ની થૈ હતી. ઇ. સ. ૧૪૮૯-૧૫૭૪ સુધી બીરારનું પાયતખ્ત ઇલીચપુર હતું, તે, પાછળથી અમદનગરની સત્તામાં જોડાઇ ગયું. હૈદ્રાબાદ રાજ્યનું પેદલ ૩૬,૮૯૦ અને ઘોડસ્વાર ૮,૨૦૦ લશ્કર વગેરે તોપખાનાનાં ૫૫૧ માણસો અને ૭૨૫ નાની મોહોટી તોપો છે.

**પાયતખ્ત હૈદ્રાબાદ**—શેહેરનું અસલ નામ "બાગનગર" હતું. તે, મુશી નદીના દક્ષિણ કાંઠાઉપર ૧ લા નીઝામના વખતથી ખાઈ વગરનું કીલ્લેબંધ થઇ ઉભું છે. તેને "કુતુબશાહી" વંશના સુલતાન મેહેમુદે ઇ. સ. ૧૫૮૬ માં નવું વસાવ્યું હતું. ત્યાંની ૩,૦૦,૦૦૦ ની ગણાતી વસ્તીમાં, કંઇ હજારો—ઘણાજ ફેસાદખોર અને મેહેનત આપનારા રોહીલાં અને આરબો વસે છે. બેકુતો મુખ્ય કરી હીંદુજાતના મરાઠા તેલંગી અને કેનેરી લોકો છે. "ઉમરાવતીનો" રૂ ત્યાં મોહોટા જથ્થામાં ઉગે છે. ઘરો, નીચી ઉભરણીનાં, રસ્તા સાંકડા, અને ઝાડો પુષ્કળ ઉગેલાં છે. નીઝામનો સુશોભીત મેહેલ ઘણો ગંજાવર છે. તેમાં નોકરો, ખીદમતગારો વીગેરે ૨૦૦૦ માણસો વસે છે. ત્યાં દરબારી લાયબ્રેરી, હાઇ-સ્કુલ, ઉમરાવોના છોકરાઓ વાસ્તે કોલેજ, ઓરતો અને મરદોની ઇસ્પીતાલો, અને ધર્મનું દવાખાનું છે. કોટ બાહેરનો, "ઝીયાંનુમાં" મેહેલ જોવાલાયક છે, ત્યાં નવાઇની ચીજોનો સંગ્રહ કીધો છે. ત્યાંનાં મોહોટાં તલાવોમાં "મીર આલમનું" ઘેરાવામાં ૭ માઇલ છે, તેમાં મોહોટાં 'મગરો' છે, અને સેહેલ કરવાની બાફની હોડીઓ વીગેરે તરે છે—તેઓનાં હલેશાં સ્ત્રીઓ સરસ રીતે મારે છે. 'ઉસેઈન સાગર' ના જબરાં તલાવમાંથી પાણી લાવી શેહેરને પુરૂં પાડયું છે. ત્યાંનાં 'તરબુજ' અને 'અનીનાશ' વખણાય છે; તો મોહોટી 'જાંબુરી દ્રાક્ષો' નો ખપ દુરની બજારોમાં સારો થાયછે. ત્યાંથી ઘંઉ, રૂ, તીખું લોહડું, સાગના કીમતી લાકડા, વીગરે નીકાશ કરવામાં આવેછે.

**ઇંગ્રેજી કેંપ**—અથવા 'રેસિડંનસી' શેહેરના કોટ બાહેર ઉત્તરે ૧ માઇલ દુર ચંદ્રઘાત તરફ, મુશી નદીના કાંઠાઉપર આવી છે. તેનો વીસ્તાર ઘણાક એકરનો છે. તેની અને શેહરની વચ્ચે આવેલી મુશી નદીઉપર શોભાયમાન પુલ બાંધ્યો છે. ત્યાંનું બજાર મોહોટું અને વસ્તી ૧૨,૦૦૦ માણસોની છે. જુની રેસીડંનસીની ઇમારત રદ કરી, ૧૮૦૮ ને આશરે નીઝામને જબરા મોહોટા ખરચમાં નાંખી, નવી રેસીડંનસીની અતી સુશોભીત મેહેલ જેવી નાદર ઇમારત બાંધી, તેને કીમતી ફરનીચરથી શીણગારી ભપકાદાર બનાવી છે. તે, બાહેરના દેખાવમાં મુંબઇની ટાઉનહાલને મળતી છે. તેની આસપાસ ખીલેલાં ફુલોનાં ભરપુર ચમંનો, ભાત ભાતની તરકારીના બાહાર આપતા ક્યારાઓ, અને ઉમદા ફળોથી લુમાંતાં ઝાડોનો બાગ, બાહાર આપી, રહ્યો છે.—એ સઘલાં લખલુટપણાંનો બોજો નામદાર નીઝામની તીજોરી ઉપર પડયો છે. ઇંગ્રેજી લશ્કરની છાવણી "ત્રીમલગીરી" માં છે, ત્યાં, તેને સારૂ, ઘણીક નાદર 'બરાકો' વીગેરે સુશોભીત 'ઇસપીતાલો' બાંધી છે. એ સઘળો ફોકટ દમાંમી થાટ કરવા રૂ.૧૨,૦૦,૦૦૦ ની ગંજાવર રકમ, નીજામની તીજોરીમાંથી નીચવાઇ છે.

# નામદાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ,

## સેના ખાસખેલ સમશેર બહાદુર બરોડાના.

પીલાજી ગાયકવાડ, જેણે એકવાર દીલીના ઔરંગઝેબ જેવા બળવંત શેહેનશાહને હફાવી, પોતાના નામનો ત્રાસ બેસાડયો હતો, તે, બરોડાનાં રાજ્ય કર્ત્તા 'ગાયકવાડ' વંશનો સ્થાપનાર અને મુળ-પુરૂષ થઈ ગયો. "ગાયકવાડ" શબ્દ એ વંશની જુની અટક છે, કે જેમ, 'ગોવાલીયર' અને 'ઇંદોર'નાં રાજ્ય કુટુંબો "શીંદે" અને "હોળકર"ની અટકથી ઓળખાતાં આવ્યાંછે.

ગાયકવાડ ટોળો અસલ, પુણાની નજદીક 'શવાદી' ગામમાં વસતો હતો, તેનો મુળ-વડીલ નંદાજી થઇ ગયો. ઇ. સ. ની ૧૮ મી સદીના આરંભે, મરાઠા સરદાર ખંડેરાવ દાભાડે ઘણો બળવંત થઈપડી, કાઠીઆવાદ અને ગુજરાતના ઉત્તર ભાગમાંથી જબરીથી કર વસુલ કરતો અને વણજારો પાસેથી ચોથો-હીસ્સો લેતો હતો. તેની સાથ જોડાઈ નશીબ અજમાવવા,—ગાયકવાડ લોકોએ પોતાનું વતન છોડી દીધું હતું. પછે બહાદુર ખંડેરાવને, તે વખતની સતારાની મરાઠા શેહેનશાતના બળવંત શાહુ* મહારાજાએ ૧૭૧૬ માં પોતાનો મુખ્ય-સૈન્યાધીપતી બનાવ્યો. તે, ૧૭૨૦† માં ૧લા નીઝામ આસેફજાહ સામે, બીરાર માંહેલાં બાલાપુર તરફ લડયો ત્યારે જે સીપાહ બચ્ચો પોતાના બહાદુરી ખાતર વખણાયો, તે, ગાયકવાડ ટોળાનો દામાજી હતો, જેણે શાહુએ "સમશેર બહાદુર" નો ખેતાબ આપી, નાયબ-સૈન્યાધીપતીની પદવીએ ચઢાવ્યો. હવેથી ગાયકવાડ લોકોનું નશીબ ફરયું.

દામાજી ૧૭૨૧ માં મરણ પામવે, તેના દત્તક અને ભત્રીજા પીલાજી ગાયકવાડને તેનો હોદ્દો મલવે, તેની સરદારી હેઠલ "પાગા" અથવા કવાયતવાલી આખ્ખી ઘોડસ્વાર ફોજ આવી હતી. મુખ્ય-સૈન્યાધીપતી ખંડેરાવ મરણ પામવે, તેની જગ્યા તેના પુત્ર ત્રીંબકરાવને પાછી મલી હતી. પીલાજી, ઉંચી ટેકડીવાલો ાાા ગાઉ ઘેરાવવાનો "સોનગઢ‡" કીલ્લો બાંધી રહ્યો હતો. જે ૧૭૧૯ થી ૬૬ સુધી તેનાં વંશનું મૂળ રેહેઠાણ અને હકુમતનું પાયતખ્ત ગણાયું હતું. પીલાજીના વખતમાં ગુજરાત ઉપરની મોગલ-સત્તા નબલી થવે, ત્યાંના શાહાનશાહી વાઇસરોય મારવાડના અજીતસીંહજીએ, તેનો લાભ લેઇ, મરાઠાઓને પોતાની પક્ષમાં રાખી, તેઓની મદદથી ગુજરાતને પોતે દબાવી લેવા માગ્યું હતું.—એ વખતે ઘણીક ઉથલપાથલો થઈ જુદી જુદી નવી સત્તા અને રાજ્યો સ્થપાયાં. વેપારી તરીકે આવેલા ઇંગ્રેજો હવે ફત્તેહમંદો તરીકે ઝડપથી સત્તા સ્થાપતા વધી ચાલ્યા, અને ખીસાદ વગરનાં ઘણાક મરાઠા§ સરદારો બળ અને સત્તામાં અજાયબરીતે વધીપડી રાજ્યકર્તા બન્યા, તેઓમાં મુખ્ય મલ્હારજી હોલકર, રાણોજી સીંદયા, પીલાજી ગાયકવાડ, વીગેરે બીજા ૪ હતા.

હવે ૧લા બાજીરાવ પેશવા¶ના સરદારો ઉદાજી પોવાર અને કંઠાજી કદમ બાંડે, જેઓએ પેહેલેરાજા બનવા ખ્યાલ વતીક નહી કીધો હતો. તેઓની મુળ મતલબ ફકત દીલ્લી શાહાનશાતના વાઇસિરોય પાસેથી ગુજરાતની મેહેસુલમાંથી "ચોથ" નો હક મેલવવાનીજ હતી. શાહુ તરફની એ ચોથ-રૂપી ખંડણી પીલાજી વસુલ કરતો હતો, તેનું ધ્યાન હવે સુરતની "અઠાવીશી" તે સેંકડે ૨૮ ટકાની ખંડણી ઊપર લાગવે. ઇ. સ. ૧૭૨૩ માં ત્યાંના મોગલ શાહાનશાતના ગવરનર મોમીન ખાનને હાર આપી, તે, પોતે, જમા કરવા લાગ્યો હતો. જે પછી એ શાહાનશાતને, ૧લા નીઝામ સાથ અનબનાવ થવે, તેને આપેલી ગુજરાત અને માલવાના વાઇસિરોયની સત્તા લેઈ, તે સારબુલંદ ખાંનને આપી, જેણે પોતાના નાયબ તરીકે ગુજરાતમાં સત્તા ચલાવવા સુજાત ખાંનને નેમ્યો, તેણે, નીઝામના અમલદાર હામદખાંને સત્તા સોંપવા ના પાડી, મરાઠા સરદાર કંઠાજીને 'ચોથ' આપવા કબુલી, તેની મદદથી ૧૭૨૪ માં, સુજાત ખાંનને અમદાવાદ તરફ ઠાર કીધો. તેના ભાઈ અને સુરતના લશ્કરી-ગવરનર રૂશતમ અલીએ, પીલાજીને પોતાના ભાઈના ખુંનનું વેર લેવા સમજાવી, મોહોટી કબુલાતો આપી. પક્કા પીલાજીએ તે કબુલ રાખી સામી બાજુસાથ પણ મલતો રહ્યો હતો. હવે લડાઇ થઈ, પીલાજી અલગ રહ્યો, રૂશતમ અલીએ જીત મેલવી, તે દુશ્મનો પાછલ લાગ્યો. તે વખતે તેણે પોતાનું ભારી તોપખાનું પીલાજીને મીત્ર સમજી તેને સોંપ્યું, કે તેણે તેનુંજ તોપખાનું તેની સામે ચલાવી, તેનું નખોદ વાલ્યું. તેના બદલામાં હામદખાને પેહેલાં કંઠાજીને આપવા કબુલેલી આખ્ખી 'ચોથ' માંથી અરધો ભાગ એને આપ્યો હતો. એથી કંઠાજીને ચીડ ચઢી, પરીણામ એ નીપજયું કે, 'ચોથ' જમા કરતાં બેઉ જણ ખંભાત તરફ આવ્યા કે, તેઓ વચ્ચે લડાઈ થઈ, અને પીલાજી હાર ખાઈ નીકલીગયો. એ બેઉની મદદ વગર, શાહાનશાહી વાઇસિરોય સાંમે પોતાથી નહીં ટકી શકાવાનું; વીચારી હામદ ખાને તેઓમાં લખતથી સમજુતી કરાવી, કંઠાજીને માહી નદીની ઉત્તરે, તો પીલાજીને દક્ષિણે આવેલાં 'બરોડા', 'ચાંપાનેર', 'નાદોદ,' 'ભરૂચ' અને 'સુરત' નાં પ્રગણાં વેંહેંચી આપ્યાં. પણ વાઇસરોય સારબુલંદ ખાને, જુનાગઢ અને જોધપુરની મદદથી હામદખાને, પીલાજી અને કંઠાજીને હરાવી ગુજરાતમાંથી હાકી કહાડયા. પણ તેઓની ચાલુ લુટ અને લડાઈથી, તેણે, અંતે કંટાળી ઇ. સ. ૧૭૨૬ માં પીલાજીને માહી નદીના દક્ષિણ પ્રગણાંઓની 'ચોથ' જમા કરવા દેઇ, મેલવી લીધો, ત્યારે તેના નવા હરીફ તરીકે પેશવા ૧લા બાજીરાવે નીકલી આવી તેને ગુજરાતમાંથી હાંકી કહાડવા, મોહોટી ફોજસાથે પોતાના ભાઈ ચીમણાજીને મોકલ્યો. તે પીલાજી ઉપર ફાવ્યો કે, ઉપલા વાઇસિરોયે ૧૭૨૭ માં બાજીરાવ સાથ, પરસપર મદદ આપવા બંદોબસ્ત કરી, તેને "સરદેશમુખી" તે મેહેસુલમાંથી સેંકડે

* શાહાનશાહ આલમગીરે, બળવંત સંભાજીને હરાવી, તેને મુઓ 'શાહુ' કહેવા ઉપરથી તેની ગાદીએ આવનારા 'શાહુ' રાજા તરીકે ઓળખાવા લાગ્યા. તેના વડા પુત્રે, રાજ્યધાની સતારામાં સ્થાપી હતી.

† એ સને "ધી રૂલર્સ ઓવ બરોડા" માં છે, તો, વોટસનની "રાશમાલા" માં ૧૭૩૦ છે.

‡ એ, તાપી નદીની દક્ષિણે ૭ માઈલ, તો, સુરતની ઉગમણે ૪૦ માઈલને છેટે છે.

§ "મરાઠ" શબ્દ "મહારાષ્ટ્ર" મુળે ઉત્પન્ન થઈ, "મરાઠા" બોલાયો.—રેવરંડ દા. મરે મીચલ.

¶ શાહુ મહારાજા શીવાજીના વખતે ઈ. સ. ૧૭૧૪ થી, મુખ્ય પ્રધાન પેશવા" કેહેવાયા એ પેહેલો ખેતાબ મેલવનાર ૧લા બાજીરાવનો બાપ બાલાજી વીશ્વનાથ હતો.

૧૦ ટકા આપવા કબુલ્યું હતું. એ એકસંપની નેમ પીલાજી સાંમે ટકાઈ હતી. જેણે હવે મેલવી લીધેલા ભીલ અને કાઠીલોકોની મદદથી બરોડા અને દભોઈ જીતી લીધાં. બાજીરાવ અને સારબુલંદ ખાનને એમ એકસંપ થયલા જોઈ, ૧૭૨૯ માં ત્રીંબકરાવ દાભાડે તે પીલાજીનો વડો અને શાહુના મુખ્ય સૈન્યાધીપતીએ, નીઝામ વીગેરે ઘણાંક મરાઠા સરદારોને મેલવી લીધા પછે ૧૭૩૧ માં ગુજરાત ઉપર ૩૫,૦૦૦ ફોજ સાથ ધસીજવા તૈઆર થયો. તે જાણતાંજ, બાજીરાવે ઝડપથી નર્મદા વટાવી, ગુજરાતમાં પેશી, પીલાજી તાબેનાં દભોઈ અને બરોડા વચ્ચેની જગ્યા તુલીક ધશી આવ્યો, જ્યાં ભારે લડાઈ થઈ, મરાઠાઓ હાર્યા, સૈન્યાધીપતી ત્રીંબકરાવ અને પીલાજીનો વડો પુત્ર સયાજીરાવ ડોર થયા, અને બહાદુર પીલાજી જબરો જખમી થઈ મુશ્કેલીથી પોતાના બે બેટા દાંમાજી અને ખંડેરાવ સાથ બચી, સોનગઢ તરફ નીકલીગયો. બાજીરાવે પોતાના મુખ્ય હરીફ તે સૈન્યાધીપતી ત્રીંબકરાવને માર્યો ગયલો જોઈ, તેનાં કુટુંબ તરફ દયા બતાવી તેના બાલક બેટા યેશવંતરાવને સૈન્યાધીપતીનો હોદ્ધો, ગુજરાતની 'ચોથ' જમા કરવાના હક સાથ આપી, તેના નાયબ અથવા મુતાલીક તરીકે પીલાજીને પાછો નેમી, તેનાં "સંમશેહર બહાદુર" ના વંશ પરંપરા ખેતાબમાં "સેના ખાસખેલ" નો વધારો કીધો. તે અતી માનવંત ખેતાબ "સેના ખાસખેલ સમશેહર બહાદુર," તેના વંશીઓ આજપણ ભોગવેછે. હવે દીલ્લી તરફથી ગુજરાતનો વાઇસરોય મારવાડનો રાજા અભેસીંગ રહોડ નેમાયો. એ વખતે, પીલાજીએ, પોતાંનાં નાધલી વયના અને નબલા વડા-સૈન્યાધીપતી ઉપર પુરતો કાબુ મેલવી, 'સોનગઢ', 'દભોઈ' અને 'બરોડા' નો માલિક બની, લડાયક ભીલ અને કોલીઓને હોકમમાં રાખી, જમીનદારોનો ચાહ મેલવી મજબુત બનવે; અભેસીંગ તેની ઉપર ફાવવી ન શકવે, તેણે, તેને દગાથી મારવા ૨ મારવાડીઓને ડાકોર મોકલ્યા, "જેઓએ પીલાજીને તેના તંબુમાં દગાથી અણચીતું ખંજર ભોકી દીધું હતું." બીજી તરફ જણાવ્યું છે કે, એ મારવાડીઓ ઢોંગથી પીલાજીને પસાર થવાના રસ્તા ઉપર ઝનુનથી મરાવા લાગ્યા, તેઓને છોડવવા જતાંજ બેઉ જણાએ પીલાજીને ખંજરો ભોંકી દીધાંહતાં. ગમે તેમ બનો—પણ બહાદુર લડવૈયા પીલાજીનો પ્રાણ દગાભરી હીચકારી યુકતીથી ઈ. સ. ૧૭૩૨ માં લેવામાં આવ્યો હતો. જે પછે બરોડાનું કીલ્લેબંધ શેહેર, અભેસીંગજીએ તાબે કીધું હતું. પીલાજીના ભાઈ માધવજી ગાયકવાડે ૧૭૩૪ માં—બરોડા પાછું જીતી લીધું. જ્યારથી આજ સુધી ચાલુજ રીતે બરોડા ગાયકવાડ રાજ્ય વંશના હાથમાં જલવાઈ રહ્યુંછે. પીલાજીના વડા પુત્ર દામાજી ગાયકવાડે ગુજરાતમાં પોતાની પાછી મજબુતી કરી, ત્યાંથી, પોતાના બાપના હરીફ કંઠાજી કદમ બાંડેને હાંકી કહાડી, ત્યાં મજબુતી જાલવવા, મોગલ શાહાનશાત, તેમજ હોલકર, પોવાર, અને બાંડેની સામે તેને થવું પડયું હતું. ગુજરાતના વાઇસિરોયના હોદ્ધો હવે નજીર-ઉદ-દવલા મોમીન ખાંનને મળ્યો, તેને, દામાજીને, મદદ કરવા ખાતર ખંભાત બંદરની અરધી આવક આપી દીધાથી હવે ગુજરાતમાં-મોગલ અને મરાઠાઓની રાજ્યસત્તા અને મેહેસુલ સમતોલ થઇ પડયાં હતાં. દામાજી હવે ગુજરાત અને કાઠીઆવાડમાંથી મોહોટી ખંડણી મેલવવા લાગી, એક મોહોટાં મુલકનો માલિક બન્યો, તો મુખ્ય-સૈન્યાધીપતી યેશવંતરાવ દાભાડે ફકત નામનોજ વડો ગણાતો હતો. પેશવાનો જબરો હરીફ રાઘોજી ભોસલા, દામાજીની પક્ષમાં હતો. હવે ૧૭૪૦ની એપ્રેલે ૧ લો બાજીરાવ પેશવા પોતાની દંમપર દમ થતી જતી ફતેહોના વખતે મરણ પામવે, તેનો પુત્ર બાલાજી પેશવા ગાદીએ આવ્યો. તેણે ૧૭૪૪ માં ગુજરાત ઉપર હલ્લો કરી—ગાયકવાડ કુટુંબનું મૂળ-મથક 'સોનગઢ' ખાલી નાખ્યું હતું. ૧૭૪૯ માં સતારાનો શાહુ રાજા નીરવંશ મરણ પામવે, ગુજરાતની સત્તા મેલવવા પેશવા અને દામાજી એક બીજા વીરૂધ્ધ કાવત્રાં કરવા લાગ્યા, અને પેશવાની રાન્નુ શકવાબાઈ તે શાહુની રાણીએ સતારાની ગાદીનો વારેશ કોલાપુરના રાજાને ઠેઠવ્યો; તેણીને ટેકો આપી, દામાજી રાણીની પક્ષમાં ગયો હતો. ૧૭૫૦ની આખેરીએ—ઇંગ્રેજોએ પેહેલવેહેલો ગુજરાતમાં પગપેશારો કરી, મરાઠાઓ સાથ અગત્યના સંબંધમાં આવ્યા. સતારાની ગાદીએ આવેલા જુવાન રાજાને, તેની મમાઈ તારાબાઈએ, બાલાજી પેશવાની સત્તા ઉપર તરાપ મારવા ઘણીવાર સમજાવ્યો, પણ ફોકટ. જેથી તેણીએ, તેને ત્યાંના કીલ્લામાં કેદ કરી, પોતાની મદદે દામાજીને બોલાવ્યો, કે પેશવા પણ ત્યાં આવી પુગ્યો. તેને ઘણો મજબુત જોઈ, દામાજીએ તેની સાથ બંદોબસ્ત કરવા માગવે, પેશવાએ તેને મલવા બોલાવી, દગાથી પકડી, તેની ઉપર ગુજરાતના સંબંધમાં ચઢી ગયલું લેહેણું માગી, બંધવો કરી પુણે મોકલાવ્યો. ત્યાંથી તે ૧૭૫૩ માં, એ લેહેણાં બદલે રૂ. ૧૫,૦૦,૦૦૦ ની જામીનગીરી, ગુજરાતમાંહેલી પોતાની સત્તાનો અરધો મુલક, જે ફત્તેહ મેલવે તેમાંથી અરધો ભાગ, ૧૦,૦૦૦ કરતાં વધુ સ્વારો નહી રાખવા, અગત પડવે પેશવાને મદદ કરવા, ગુજરાતના નાયબ-સૈન્યાધીપતી તરીકે દરસાલ રૂ. ૫,૨૦,૦૦૦, ભરવા અને દાભાડ કુટુંબના પાળણ ખાતર રકમ આપવાની કબુલાતો આપી છુટો થયો હતો, એબદલે, પેશવાએ દામાજીને અમદાવાદ લે લેવા અને ગુજરાતમાંથી મોગલાઈ સત્તા ઉખેડી નાખવા વીશે મદદ આપવા કબુલી હતી. —એમ હવેથી ગાયકવાડે પેશવાની તાબેદારી કબુલી તેને ખંડણી આપતી કીધી, અને દામાજી પાછળ ગાદીએ

બેસનાર દરેક ગાયકવાડે "નજરાણું" આપી પેશવા પાસેથી તે વીશેના હકની 'સનદ' લેવી પડતી હતી. દામાજીએ છુટ્ટો થતાંજ બીજા મરાઠા સરદારો સાથ ગુજરાતમાં પેશી, ત્યાંનાં દીલ્લી શાહનશાહી સત્તાનાં મુળ-મથક અમદાવાદને ૧૭૫૫ ના એપ્રલમાં જીતી લીધું હતું. ૧૭૬૦ ની 'પાણીપત'ની યાદગાર પણ ભારે મુશીબત ભરી લડાઈમાં બહાદુર મરાઠા સરદારોએ મોહોટો ભાગ લઈ જબરા જખમી થયા હતા: ત્યારે દામાજી ખુબ મરદાનગીથી લડયો હતો. જે પછે તેનું જોર ગુજરાતમાં ખુબ વધ્યું, તેને ખેડા, પછે અણહીલવાડ રાજાઓનું જુનું મથક 'પાટણ' જીતી લેઈ ૧૭૬૩ માં તેને સોનગઢ બદલે રાજધાની કીધી હતી. બાલાજી પેશવા મરણ પામવે, તેનો નાધલો પુત્ર ઉમ્મરે પુગી ગાદીએ આવે ત્યાંસુધી, તેના કાકા રઘુનાથરાવને પુણાનો રાજ્યકારભાર સોંપ્યો હતો, તે, દબાવી લેતાં નીષ્ફળ થવે, રઘુનાથને દામાજીએ ૧૭૬૮ માં મદદ આપી, તેઓ ઉપર નાધલા પેશવાએ જીત મેલવી, તેઓને કેદ પકડી પુણે મોકલી દીધા હતા.—એ વખતે એ ગાયકવાડે, પેશવાના હાથ ઉપર ત્રીજી અને છેલ્લીવાર ફટકો ખાઈ, નાફરમાંની કરવાના દંડ બદલે રૂ. ૧૫,૭૫,૦૦૦ આપ્યા ઉપરાંત તેની વાર્ષીક ખંડણીમાં વધારો થઈ રૂ. ૭,૭૯,૦૦૦ થઈ હતી. એ થયલા બંદોબસ્ત સહી થવા અગાઉ પ્રખ્યાત અને મહાપરાક્રમી દામાજી ગાયકવાડ ૧૭૬૮ માં, ૪ પુત્રો મેલી મરણ પામ્યો. એની પાછલ ગાદીએ આવવા તેના બે પુત્રો શાહજી અને ગોવીંદરાવ વચ્ચે હરીફાઈ ચાલવે, તેનો ફડચો પેશવા માધવરાવ પાસે પુણે થવા ગયો હતો, એ સુનેરી ટક મલવે, પેશવાએ પોતાને લાભ થનારા મજબુત બંદોબસ્ત કરી, નજરાણાના રૂ. ૨૦,૦૦,૦૦૦ વીગેરે બીજી મોહોટી રકમ લેઈ, પેહેલાં ગોવીંદરાવના લાભમાં ચુકવ્યા છતાં પાછલથી વગ પુગવે, સયાજીરાવને ૧૭૭૧ માં "સેના ખાસખેલ" ના એતાબથી ગાદીએ બેસાડી, તેના ન્હાના ભાઈ ફત્તેહસીંગને તેનો "મુતાલીક" અથવા નાયબ ઠેરવ્યો. એથી દાવાદાર હરીફ ભાઈઓ વચ્ચે દુસ્મની ચાલી અને રાજ્ય કુટુંબીઓ બેઉ બારેદુ વેહેંચાઈ ગયા. ફત્તેહસીંગને, પોતાના હોદ્દા ઉપર ટકીરહેવા કાવતરાંબાજ પેશવાઈ દરબાર ઉપર વીશ્વાસ ન હોવે, તેણે, ઈંગ્રેજોને પોતાની તરફ રાખવા તેઓ અને બરોડા વચ્ચે ૧૭૭૨ માં ચોક્કસ બંદોબસ્ત કરાવ્યા હતા. ૧૭૭૨-૭૩ સુધી ગાદી સંબંધી ઉપલા હરીફ ભાઈઓ લડયા, ત્યારે પેશવા માધવરાવ મરણ પામ્યો, તેની ગાદીએ બેસવા, દખણની રાજ્યધાની પુણામાં, પણ ભાંજગડ ઉઠી અને ગાયકવાડો માફક હવે પેશવા માહોમાહે લડવા લાગ્યા, મરણ પામેલા પેશવાના પુણેથી નાશી આવેલા કાકા રાઘોબાએ ૧૭૭૫ માં ઈંગ્રેજોને મલી જે, ગાયકવાડી ખટપટમાં પડી, ત્યાંની ગાદીથી દુર કીધેલા ગોવીંદરાવની તરફ કરી, ફતેહસીંગને રાજ્ય વહીવટ ઉપરથી દૂર કરાવવા જતો હતો, જેથી ફત્તેહસીંગે ઈંગ્રેજોને ૧૭૭૫ ની ૮ મી જુલાઈએ ભરૂચ, ચીકલી, વરીઆવ અને કોરાલ એ ૪ પ્રગણાઓ આપી અને રાઘોબાને રૂ. ૨૬,૦૦,૦૦૦ આપવા કબુલી વાત ફેરવી નાખવે, ગાયકવાડ ભાઈઓ પાછા લડવા લાગ્યા. હવે ફતેહસીંગે પુણાની દરબારમાં વગ લગાડી રાજ્યકર્ત્તા સયાજીરાવને ગાદીએથી દુર કરાવી, પોતે ૧૭૭૮ ના ફેબ્રુવારીમાં "સેના ખાસખેલ"ના એતાબથી તખતે બેઠો હતો. તેણે, મુંબઈ સરકારની સાંમે થવા, પેશવા અથવા બરોબર બોલીએ તો તેના માનીતા બાલાજી પંડીત ઉર્ફે નાના ફડનવીસને* મદદ આપવા કબુલ્યું હતું. પણ ૧૭૮૦ માં જ્યારે ઈંગ્રેજો તાપીનદી વટાવી, પેશવાઈ સત્તા ઉપર ધસીઆ કે, ફત્તેહસીંગે ફરીજઈ, ઈંગ્રેજો સાથ મલી જે, પરસપર મદદ કરવા ૧૭૮૦ ની ૨૬ મી જાનેવારીએ લખત કીધું—હવેથી ફતેહસીંગે, પેશવાથી સ્વતંત્ર બની ગુજરાત માજી "ઈસ્ટ ઈનડીઆ કુંપની સરકાર" સાથ વેહેંચી લીધું હતું. પેશવા અને ઈંગ્રેજો વચ્ચે ગુજરાત વીશે ઉઠેલી લડાઈ ૧૭ મી મે ૧૭૮૨ એ બંધ પડી, અને ફતેહસીંગ સ્વતંત્ર સત્તા ભોગવી ૧૭૮૯ ની ૨૧ મી દીસેમ્બરે નાધલો પુત્ર મેલી મરણ પામ્યો. એ ગાદી ઉપર આવવા તેના ભાઈઓ માનાજી અને ગોવીંદરાવ વચ્ચે ટંટો ઉઠવે, પુણાની દરબારે વચ્ચે આવી, માનાજીને, નાધલા સયાજીરાવનીવત્તી રાજ્ય ચલ્લાવવા નેમ્યો. તેણે, પેશવાને ૪ વર્ષમાં ૩૩ લાખ તો બીજા તરફથી ૬૬ લાખ રૂપીઆ આપેલા જણાવ્યાછે. માનાજી ૧૭૯૩ માં મરણ પામ્યો. તેની પાસેથી પેશવાએ તાપીની દક્ષિણનો ગાયકવાડી મુલક, અને સુરતની જગાતમાંનો સઘલો હીસ્સો જુલમથી લે એ રાજ્યના એમ ટુકડા કરી, તેને નબલું કરવાની, પેશવાના માનીતા બાલાજી પંડીત ઉર્ફે નાના ફડનવીસની મતલબ હતી, તે પાંમી જે, તે, 'સાલબીના' થયેલા કરારોથી ઉલટું થયલું ઈંગ્રેજોએ જણાવવે, ફડનવીસે, તે કબુલ રાખી, ગોવીંદરાવને ૧૭૯૩ ની ૧૯ મી દીસેમ્બરે "સેના ખાસખેલ" ના એતાબથી રાજ્ય-પ્રતીનીધી નેમ્યો, તેની સાંમે પેશવાઈ દરબારનાં છુપાં કાવતરાંથી ફત્તેહસીંગ અને માનાજીએ કંઈ વર્ષો સુધી નાશકારક હરીફાઈ અને ઝગડો ચલાવ્યો હતો. ગોવીંદરાવે હાલની અમદાબાદની સેશન કોરટની ઈમારત, ત્યાંના સુલતાનના મેહેલના જુના પાયા ઉપર નવી બંધાવી હતી. એ ગાયકવાડના વખતમાં બેદાદીની ફરીયાદ થૈ હતી. તે ૧૮૦૦ ની ૧૯મી સપટેમ્બરે મરણ પામ્યો.—ગોવીંદરાવ પાસેથી પેશવાએ પોતાનાં નજરાણાંનો હક છેલ્લોજ લીધો હતો. એ ગાયકવાડે પેશવાની ઉશકેરણીથી, આબા શલ્લુકર સાથ લડયા પછે, ઈ. સ. ૧૮૦૦ થી ૧૫ વર્ષ સુધી, પેશવાઈ સત્તાવાલાં

* ફારશી, "ફેર્દ" જમા ખરચ અને "નાવીશ" લખનાર. "ફડનવીશ" નો હોદ્દો, રાજ્યની આવક જાવકનો હીસાબ રાખવાનો હતો, તે, મુખ્ય વજીરજ ચલાવતો હતો. જે અપભ્રંશ થઈ ટુકમાં "ફદે" બોલાયો હતો.

ગુજરાતનું મુખ્ય-મથક **અમદાવાદનું** પ્રગણું ઇજારે રાખી, તેની "મુલકગીરી" તે ખંડણીની વસુલાત ગાયકવાડ કરવા લાગ્યો. ગોવીંદરાવનો પુત્ર **અનંદરાવ** ગાયકવાડ, ઇંગ્રેજોની મજબુત કુમક સાથ **બરોડાની** ગાદીએ બેઠો. તેને, રાજ્યના જાગીરદારો સાથ ૧૮૦૨ માં વાંધો ઉઠી લડાઈ થવે, ઇંગ્રેજ સરકારે, ત્યાં, **મેજર એલેકઝાંડર વોકરને** મોકલી તપાસ કરાવી જાગીરદારોનો વાંક જોવે. વોકરે, એક જાગીરદાર **મલ્હારરાવનું** 'કડી' શેહેર જીતી, ગાયકવાડીમાં જોડી નાખી, એક બીજા મજબુત જાગીરદાર **ગણુપતરાવને** સખ્ત હાર આપી; એથી તુરત સારી અસર થૈ—હવેથી બરોડામાં ઇંગ્રેજી લાગવગે જબરી ઝડ પકડી અને **અનંદરાવે** માજી "કુંપની સરકાર" ને **ચીકલી** પ્રગણું બક્ષેસમાં આપ્યું. એ મહારાજા, પોતાનાં **આરબ** શીબંધી લશ્કરથી અતીશય કંટાળવે, તેને, ૧૮૦૨ ની ૨૬ મી દીસેમ્બરે ઇંગ્રેજોએ કહાડી નાખી તે બદલે ૨૦૦૦ ઇંગ્રેજી ફોજ અને એક તોફખાનાની બેટરી રાખી, તેના ખરચ (જેદાદ) ખાતર 'ધોલકા,' 'નડીઆદ' વીગરે મોહોટી આવકના પ્રગણાં સ્વાધીન લીધાં. એ બંદોબસ્ત ૧૮૦૩ ના ફેબ્રુવારીમાં થયો. કહાડી મેલેલા **આરબ** સરદારો, રાજ્યે કહડાવેલાં નાણાં શાહુકારોને પાછાં ભરવાં, અને ગાયકવાડના કુટુંબીઓના જાન, માલ, અને આબરૂનું રક્ષણ કરવા જામીન રહેલા હતા, તે સઘલી જામીનગીરી (બાંહેધરી) ઉપરાંત **આરબ** લશ્કરનો ચહડી ગયેલો પગાર પણ ચુકવી આપવા ઇંગ્રેજોએ માથે લે, એ નાણું ૧૮૦૫ માં ચુકવવા ગાયકવાડને કબુલાવી, તેની જામીનગીરીમાં, 'બરોડા,' 'પેટલાદ,' 'અમદાવાદ' વીગેરે બીજા બે પ્રગણાની મેહેસુલ પોતાના કબજામાં રાખી હતી.—૧૮૦૨ ની જુલાઈમાં **મેજર વોકર** બરોડામાં પેહેલો ઇંગ્રેજી રેસીડન્ટ નેમાયો. આરબ "શીબંધી" એ ૧૮૦૨ ની ૨૬ મી દીસેમ્બરે બરોડા છોડી જતાં ઘણી મેહેનત આપી હતી. મહારાજા **અનંદરાવે** પોતાનો ગુંચવાઇ ગયેલો રાજ્યમાંમલો સુધારવા, તે, ઇંગ્રેજોની પુરઅખત્યાર દેખરેખ હેઠલ ૧૮૦૨ ની ૨૪ મી જુલાઈએ લખતથી શોફી દેઈ, તેને રેસીડન્ટના પ્રમુખપણા હેઠલ નેમેલાં એક કમીશન અથવા 'પંચ'થી ચાલતો કીધો હતો.—હવેથી બરોડામાં પેશવાઈ બદલે ઇંગ્રેજી કાબુ બેઠો તે ૧૮૦૫ ની ૨૧ મી એપ્રેલે બીજાં થયલાં લખતથી પુરો મજબુત થયો હતો. ત્યારે ગાયકવાડે પોતાની કુમકે રાખેલું ઇંગ્રેજી લશ્કર વધારી ૩૦૦૦ નું કરી એક તોપખાંનાની ટુકરી રાખી તેનાં ખરચ બદલે રૂ. ૧૧,૭૦,૦૦૦ ની આવકના ત્રણ પ્રગણા અને **સુરતની** ગાયકવાડી "ચોથ" નો ભાગ "ઇસ્ટ ઇનિડીઆ કુંપની" સરકારને આપ્યા ઉપરાંત ઇંગ્રેજોનું કીધેલું કરજ ફીટાડવા, બીજો ૮ પ્રગણાની મેહેસુલ આપી હતી. ઇંગ્રેજી દેખરેખ હેઠલ એ રાજ્યકારભાર આવવા અગાઉ ત્યાં દરસાલ ૮૩ લાખનો, તેમાં લશ્કરી રૂ. ૬૦,૦૦,૦૦૦ નો જબરો ખરચ થતો હતો, જ્યારે આવક ૫૫ લાખની હતી. રેસીડન્ટે ૧૮૦૮ માં લશ્કરી ખરચ કાપી રૂ. ૨૪,૦૦,૦૦૦ નો કરી આવક સુધારી ૫૮ લાખ કરી હતી. કરનલ **વોકર** ૧૮૧૦ માં હીંદુસ્થાન છોડી ગયો, કે, કેપટન કરનેક **બરોડાનો** રેસીડન્ટ બન્યો હતો. એ બેઉનો, બરોડા રાજ્યે, અંતઃકરણથી ૧૮૧૨ માં ઉપકાર માન્યો હતો કે, જેઓએ રાજ્યની મેહેસૂલ વધારી, ખરચ ઘટાડી, "કુંપની સરકાર" નું કરજ ફીટાડી, નાણાં સંબંધી હાલત સુધારી હતી. હવે પોતાનું લેહેણું અદા થવે, ઇંગ્રેજોએ એ રાજ્યકારભારમાંથી હાથ કહાડી લેઇ દુરથી સંબંધ રાખ્યો, કે, ગાયકવાડના ન્હાનાભાઈ કાનોજીએ, બરોડા જપત કરી લેવા કાવતરૂં રચ્યું. તેણે ઇંગ્રેજોએ કેદ પકડી, છેલ્લે **મદ્રાસ** મોકલ્યો જ્યાંથી તે પાછો ફર્યોજ નહી.—પુણાના પેશવાએ, ઇંગ્રેજોસાથ 'વસઈના કરારો' કરવા પછે, તેણે મુખ્ય **મરાઠા** રાજ્યકર્ત્તા તરીકેની સત્તા અને ટેકાવ ખોયો હતો. તે પાછું મેલવવાનો ઠરાવ કરી ૨ જો બાજીરાવ પેશવા, ઇંગ્રેજો વિરૂદ્ધ કાવાદાવા રમવા લાગ્યો. બાજીરાવને **મરાઠા** સરદારો સાથ પુણાના પોલીટીકલ એજન્ટ મારફતેજ વેહેવાર ચલાવવા ઇંગ્રેજોએ ફરજ પડવે, તેણે, ભોળા ગાયકવાડ અનંદરાવની મદદની કબુલાત, ત્યાંના દૂર કીધેલા દીવાન **સીતારામ** અને રાણી તખ્તા બાઇને હાથમાં લેઈ, મેલવી હતી. પછે **બાજીરાવે** છેડતી શોધી તકરાર લીધી હતી કે, બરોડાનો દીવાન નેમવાનો હક તેનો છે કે જે જગ્યા, તે, **સીતારામને** આપવા માગે છે. સીતારામની ટોળીવાળા પુણા તેમજ મુંબઈમાં ફરી વળી ત્યાંની સેક્રેટરીએટ ઓફીસમાંથી બરોડા રાજ્યને લગતા અગત્યના ખાનગી દસ્તાવેજોના ભેદ મેલવવા લાગા, તો ઇંગ્રેજોના વીશ્વાસુ મીત્ર ગંગાધર શાસ્ત્રીને **પંઢરપુર** તરફ **બાજીરાવે** ૧૮૧૫ માં દગાથી મરાવ્યો. તેનો બદ્લો, રસીડન્ટે, **બાજીરાવ** બદલે-તેના ફીતુરી કારભારી ત્રીંબકજી દેંગળીઆ ઉપર મેલી, તેને તુરત પોતાને હસ્તક કરવા, ઇંગ્રેજોએ **બાજીરાવને** ફરજ પાડી, થાણાની જેલમાં તેને કેદ મોકલ્યો. જ્યાંથી તે ૧૮૧૬ ની સપટેમ્બરે બાજીરાવની છુપી મદદથી નહાઠો હતો. ૨ જો બાજીરાવ હવે, ઇંગ્રેજી સત્તાને મુળથી ઉખેડી નાખવા, હોલકર, સીંધ્યા, **નાગપુરના** રાજા વીગેરે બીજાઓ સાથ સંપ કરતો હતો, તે પાકટ થવા અગાઉ ફટકો મારવા, ઇંગ્રેજોએ, ત્રીંબકજીને પાછો એકદમ પોતાને હસ્તક કરવા અને ૩ ડુંગરી-કીલ્લા આપવા માગણી કીધી, ત્યારે કશો ઉપાય ન જોવે પેશવાએ તે કબુલ રાખી, ૧૮૧૭ ની ૧૩ મી મેએ તેણે, "કંપની સરકાર" સાથ લખત કરી, પોતાની કાઠીઆવાદની "મુલકગીરી" (ખંડણી) લેવાનો હક અને ગુજરાતમાં અમદાવાદ, ઓરપાડ-

અને ગાયકવાડી ઈજારાની વસુલાત શીવાએ બીજું સઘલું ઇંગ્રેજોને આપ્યું હતું. ગાયકવાડને, અમદાવાદ જાથુકનું પટે આપી, થયલાં લખ્યતની ૪ થી કલમથી તેને સ્વતંત્ર ઠેરવી,—ગાયકવાડ તરફથી પેશવાને અપાતું 'નજરાણું' અને 'ખંડણી' હંમેશાનું રદ કીધું હતું. પોતાને હવેથી ઇંગ્રેજી લશ્કર વધું રાખવાની જરૂર પડવે, તેના ખરચ ખાતર ફત્તેહસીંગ મહારાજાએ ૧૭ લાખની વાર્ષિક આવકનું અમદાવાદ પ્રગણું ઇંગ્રેજોને સ્વાધીન કીધું. જેનું પેશવાઈ ઈજારાનું વાર્ષિક દેણું રૂ. ૪।। લાખ હતું, તે, પેશવાએ ન લેતાં પોતાની કુમકે રાખેલું ઇંગ્રેજી લશ્કર વધારી લીધું હતું. ઊશકેરાઈ રહેલા બાજીરાવે હવે ૧૮૧૭ ની ૬ ઠી નવેંબરે પુણાના ઇંગ્રેજી રેસિડેંટની છાવણી ઉપર અણચીતો હલ્લો કીધો, પણ ફોકટ. તે પછે, એક અઠવાડીઆમાં—ઇંગ્રેજોએ પુણું લીધું, અને રજો બાજીરાવ નહાઠો. એજ સાલમાં નાગપુરના રાજા અને મલ્હારરાવ હોલકરને, ઇંગ્રેજોએ નરમ કરી નાખ્યા, જ્યારે ફત્તેહસીંગ ગાયકવાડે "કુંપની સરકાર" ને લશ્કરી તેમજ પૈસાની મદદ આપી હતી. તેને બરોડામાં સ્થાપેલી "ન્યાયાધીશની કોરટ" આજતુલીક ચાલુ છે. ફતેહસીંગનું ૧૮૧૮ માં દગલબાજીથી તો બીજી તરફ જણાવ્યું છે કે બારીએથી પડવે મરણ નીપજ્યું, ત્યારે બરોડાનો મામલો કંઈ ઓર અને અજબ રીતે બદલાઈ ગયો હતો. હકદાર,̊ પણ સત્તાથી દુર કીધેલા મહારાજા અનંદરાવની રાખેલીના છોકરાને ગાદીએ નહી બેસવા દેવા ખાતર ફતેહ-સીંગના, ન્હાનાભાઈ, સયાજીરાવને પુરઅખ્યત્યાર રાજ્ય-પ્રતીનીધી નેમ્યો હતો, ૧૮૧૯ ના અકટોબરમાં અનંદરાવ મરણ પામ્યો. ૧૯ વર્ષની ન્હાની વય અને કાચ્ચા અનુભવવાલા સયાજીના વખતે, રાજ્ય આબાદ, કરજ થોડું અને તેને ફીટાડવાના માર્ગો ખુલ્લા હતા. એમ,—ઇંગ્રેજોની કુમકથી એ રાજ્ય, પેશવાઈ પીડાથી છુટી સ્વતંત્ર અને આબાદ બન્યું, ત્યારે હવે એ ના-દાન રાજાએ બુરી સલાહ લેવાથી, ઇંગ્રેજોએજ દબાણ કરી, કાઠીઆવાદ, મહી અને રેવા કાંઠાનાં ખંડીઆં વીગરે પારકાં રાજ્યો સાથ, તેને વેહેવાર ચલાવવા સાફ મના કરી હતી. સયાજીએ થોડાક રાજ્યદ્વારી વાંધા બાબે ઇંગ્રેજો સાથ ગેરવર્તણુક ચલાવવા છતાં, ત્યારના મુંબઈનાં ગવરનર મી. એલફીનસ્ટને ૧૮૨૭ ના નવેમ્બર સુધી, તેને સંભાળી લૈ, અખાડા કીધા હતા, તેની પછેના ગવરનર સર જોન માલકમ, સયાજીની ગરૂરી તોડનારા કઠણ ઉપાયો લેવા જતા હતા કે, તેની જગ્યા ઉપર આવેલા લોર્ડ ક્લેર અને તે પછેના ગવરનરોએ લીધેલા કંઈ નરમ ગરમ ઉપાયોથી ધારેલી અશર ન થવે, તેઓ પછેના ગવરનર સર જેમ્સ કરનાકે, ગાયકવાડને 'પેટલાદ' તાલુકો આપી ૧૮૩૯ માં એ ગેરસમજુતીનો અંત લાવવે, બેઉ રાજ્યો વચ્ચે પાછી મજબુત મીત્રાચારી થૈ હતી. ૧૮૪૦ માં ઇંગ્રેજોની સલાહથી ત્યાં "સતી" થવાનો અને ૧૮૪૬ માં હીંદુઓએ મુસલમાનોને "છોકરાં વેચવાનો" રીવાજ બંધ કીધો હતો.—પણ છોકરાંને ગુલામતરીકે જન્મસુધી ઘર ચાકરી કરવા સારૂ વેચવાનો રીવાજ ચાલુ રાખ્યો હતો !! એ મહારાજાએ ન્યાયાધીશી કોરટના ચુકાદ વીરૂદ્ધ અપીલ સાંભલવા "દેવાગર-કચેરી" ઉઘાડી હતી, તે, ૧૮૪૭ ના દીસેમ્બરે, સત્તા વધારી, રાજ્ય સુધારી, રૈયતનો ચાહ મેલવી, ૮ પુત્રોમાં ૫ હકદાર બેટાઓ મેલી, મરણ પામ્યો. તેનો ૩૦ વર્ષનો ત્રીજો પુત્ર ગણપતરાવ ગાદીએ આવ્યો. એના રાજ્યમાંથી, ૧૮૫૬ માં "મુંબઈ, બરોડા અને મધ્ય હીંદુસ્થાન રેલવે" બંધાતી પસાર થઈ, તે ખાતર, એણે મુફત જગ્યા આપી, પણ તે ચાલુ થવે બરોડાની આયાત નીકાશમાં જતી ખોટ ભરી લેવાનો બંદોબસ્ત કીધો હતો*. એ રેલવે ૧૮૬૦ નાં પેહેલીએ ચાલુ થઈ. બરોડાના રેસીડન્ટ કરનલ આઉટરામે ગણપતરાવ વિરૂદ્ધ ૧૮૫૧ માં મુંબઈની લોર્ડ ફોકલંડની સરકારને, ત્યાં, લાંચ, રૂશવત, અને અંધેરપણું ચાલવાનો રીપોર્ટ કરી તેણે પોતાના હાથ નીચેના, નેટીવ-એજંટનો હોદ્દો ૧૮૫૪ માં કહાડી નાખ્યો હતો. એ મહારાજા-એ પોતાના ખટપટીઆ દીવાન ભાઉતાંબેકરને મુંબઈ સરકારનાં દબાણથી રજા આપી હતી. ગણપતરાવ ૧૮૫૬ માં હકદાર વારેશ વગર મરણ પામવે, તેનો ભાઈ ખંડેરાવ ગાદીએ બેઠો. તેણે નવે પાયે લશ્કરી બંધન મજબુત કીધું, ન્યાય અને મેહેસુલ ખાતાં સુધાર્યાં, મોહોટાં જાહેર બાંધકામો ઉઠાવ્યાં, મકરપુરાનો મેહેલ, હાઈસ્કુલ વીગેરે નીશાળો બંધાવી અને નવી ફોજદારી કોરટ સ્થાપી હતી. એણે ૧૮૫૭ ના ભયંકર લશ્કરી બલવાની વખતે ઇંગ્રેજોને કીમતી મદદ કીધી તેનો બદલો, એ સરકારે, ખંડેરાવના બાપ ઉપર ૧૮૩૯ થી ગુજરાતમાં ઘોડસ્વાર ફોજ રાખવા નાખેલા વાર્ષિક દંડના રૂ. ૩,૦૦,૦૦૦ હવેથી લેવાના માફ કરી, તેને ચઢતા વર્ગનો "ધી નાઈટ-ગ્રાન્ડ-કમાનદર ઓવ ધી સ્ટાર ઓવ ઈનડીઆ" નો ખેતાબ બક્ષી, તેણી ખાયશથી તેને મોરછંદ અથવા મોરપિછના મોહોટા પંખાની એક જોડ ભેટ કરી, પોતાની પસંદગીનો 'વારેશ' નેમવાના હકની સનદ ૧૮૬૨ ના માર્ચમાં આપી વાળ્યો હતો. ખંડેરાવ એક સીપાહબચ્ચો અને લઠ્ઠ તાલીમબાજ હતો. તેનીપાસે, સરસ કવાયત અને હથીઆરવાળું ૧૫,૫૨૨ ચુનંદુ લશ્કર તૈયાર રેહેતું હતું. એણે, પોતાના બુરા ભાઈ મલ્હારરાવને બરોડેથી શેહેજ દુર "પાંદરે" ગામમાં કેદ નાખ્યો હતો, કે જેણે ત્રણ વાર ૧૮૫૭-૬૩-૬૭ માં એ ગાદી લેવા જબરાં કાવતરાં કીધાં હતાં. ખંડેરાવ પોતાની રાણીઓની સમજાવતથી મુસલમાનો ઉપર મેહેરબાન દીસતો હતો,

* એની પછે ખંડેરાવ મહારાજાએ, એ ખોટનો બદલો દરેસાલ ઇંગ્રેજ સરકાર પાસેથી લેવાનો બંદોબસ્ત ૧૮૫૯ માં કીધો હતો. પણ તેના મરણ બાદ બનેલા દીવાન સર. ટી. માધવરાવે, એ હક છોડી દેઈ, રાજ્યને નુકશાન કરી, ઇંગ્રેજ સરકાર ઉપર મેહેરબાની કરીગયો !!

તે ભરજુવાનીમાં એકાએક વગર વારેશ નેમવે ૧૮૭૦ ની ૨૦ મી નવેમ્બરે મરણ પામ્યો. તેના ૧૪ વરસનાં દમામી રાજ્યમાં રૈયત સુખી, અને સંતોષી હતી. "તેની રાજ્યનીતી ખરા સુધારાના વધારાની હતી. તે રોપવાલો, આપમરજી-
* કરનલ બાર. નો, પુરો પક્કો, સાબેત ધ્યાનનો, અને માયાળુ હતો.* તેનાં મરણથી, મલ્હારરાવનું નશીબ ખીલ્યું, જેને કેદખાનાની ગમીમાંથી ખેંચી કાહાડી, ખુશાલીની ધામધુમ વચ્ચે, ૪૩ વર્ષની ઉમરે, ઇંગ્રેજ સરકારે, બરોડાની ગાદીએ બેસાડયો. નશીબનું ચક્કર શું અજબ ચમતકાર કરેછે! મલ્હારરાવે અપીલ અથવા "વરીષ્ઠ કોરટ" સ્થાપી અને ખંડેરાવના માંનીતાઓને ઉખેડતો ચાલ્યો. તેના ખુશામત્યા અતેઇ કરાવા લાગ્યા અને તે રાજ્યની આયપત આડી રીતે ઉડાવા લાગ્યો. મેહેસુલ જમા કરતાં જુલમ થવે, ઇંગ્રેજ સરકારે, ૧૮૭૨ માં તેને ચેતાવ્યું હતું કે, "મેહેસુલ વસુલ કરતાં ઘાતકી નહીં પણ મધ્યમ પણે વર્તવું કે રૈયતમાં અસંતોષ ફેલાય નહીં." પણ ફોકટ. વાત બગડતીજ ચાલી, રાજ્યની આયપત રૂ. ૧,૩૭,૦૦,૦૦૦ થી ઘટી રૂ. ૬૪ લાખ ઉપર આવી તો ખરચ વધી ૧ કોરડ ૭૧ લાખ ઉપર ગયો, અને ત્યાં જુલમાત અને બેદાદીનો પોકાર ઉઠયો. હવે તેનો અંત લાવવા, મુંબઇ સરકારે વચ્ચે હાથ નાખી, કરનલ ફ્રેઅરને ૧૮૭૩ ની ૧૮ મી મારચે ત્યાંનો રેસીડિન્ટ નેમી મોકલ્યો. તેણે થતી ફરીયાદો ખરી જણાવવે, હીંદુની વડી સરકારે, તે વીશે, એક 'કમીશન' મારફતે એ સાલના નવેમ્બર, દીસેમ્બરમાં તપાસ કરાવવે તે ખરૂં જણાવે, એ સરકારે, મલ્હારરાવને ૧૭ મહીના તે ૧૮૭૫ ની ૩૧ મી દીસેમ્બર સુધીમાં ત્યાં સુધારો કરવા ચેતવી જવાબદાર ધર્યો. તેને પેહેલ્લે પોકલ ઉપાયો લેવા પછે મુદતના ફકત ૫ મહીના બાકી રહ્યા ત્યારે ૧૮૭૪ ની ૪ થી ઓગષ્ટે પંકાયલા પારશી પ્રોફેસર મી. દાદાભાઈ નવરોજીને અરજ કરી પુરઅખત્યાર દીવાન બનાવ્યા.—બીગાડાની જબરી જડમાં ગુંતાયેલું રાજ્ય, બેહેકીગયેલા લાલચુ રાજ્યાધીકારીઓની અદેખી, અને જરામાં ફેરવાઈ જનારા મહારાજા, સાથે કામ લેઈ, ટુક મુદતમાં મોહાટાં રાજ્યને સુધરવાનું કામ કાંઇ થોડું મુશ્કેલ ન હતું. તે છતાં, એ હીમતી દીવાને છાતી ભીડી તે હાથમાં લે રાત દીવસ ભારે મેહેનત કરી સુધારો કરવા માંડયો કે, ગાયકવાડ સાથ ગેરસમજુતી થયેલા રેસીડંન્ટ ફ્રેઅરે એ દીવાન સાથ આડકતરાં છીતાં શોધી, મુંબઇની સર ફીલીપ વોડહાઉસની ભોળી સરકાર ઉપર સહરાઘાત ભર્યાં રીપોર્ટો મોકલ્યા કે, એ દીવાને તેનું ખુલ્લું પોકલપણું અને તે માની, મુંબઈ સરકારે એ રાજ્યને કીધેલી ગેરઇનસાફી, ખાતરી પુર્વક રીતે હીંદુની વડી-સરકારને બતાવી આપવે, તે સરકારે, એ રેસીન્ડંટને ઠપકો આપી ત્યાંથી દુર કરી, મુંબઇ સરકારને તે બાબદમાં હાથ ન નાખવા જણાવી, પોતાની તરફથી સ્પેશીયલ કમીશનર અને એજંન્ટ તરીકે સર લુઇસ પેલીને ૧૮૭૪ ના નવેમ્બરમાં નેમ્યો હતો. એમ, ત્યાંનો રેસીડંટ બરતરફ થયો કે, લાલચુ ખટપટીઆઓનું જોર પાછું વધ્યું, તેઓ રાજાને હાથમાં લે દીવનના સુધારાની આડે આવ્યા-જેમ અગાઉ પણ બે વાર બનવે, દીવાને આપેલાં રાજીનામાં, મહારાજાની કાકલુદીથી પાછાં ખેંચી લીધાં હતાં, તેઓએ હવે, ત્રીજી વાર પક્કા ઠરાવથી ૧૮૭૪ ના દીસેમ્બરમાં મહારાજાનું વધું ન સાંભળી રાજીનામું આપી છુટ્ટા થયા કે, જે પછે ટુક વખતમાંજ, હોદ્ધાથી દુર કીધેલા ફ્રેયરના સરબતમાં ઝેર નાખવા અને મહારાજાનો તેમાં હાથ હોવાનો સવાલ ઉઠવે, તેની તપાસ થતાં સુધી મ-લ્હારરાવની સત્તા છીનાવી લે, તે, સર લુઇસને આપી, તે વીશે ૧૮૭૫ ની ૧૩ મી જાનેવારીએ ઢંઢેરો બહાર પાડયો હતો. એ તપાસ ૩ ઇંગ્રેજો અને ૩ દેશી તેઓ મહારાજા સીંધ્યા, જેપુરના મહારાજા અને સર દીનકરરાવ એઓથી બનેલાં કમીશને ૧૮૭૫ ની ૨૩ મી ફેબ્રુવારીથી ૩૧ મી માર્ચ સુધી કરી, ઇંગ્રેજ સભાસદોએ મહારાજાની તેમાં ઉસકેરણી જણાવી, તો દેશીઓએ તેને નીરદોષ ઠેરવ્યો, તેનો શેવટનો ચુકાદો હીંદુના વજીરે ૧૮૭૫ ની ૧૫ મી એપ્રેલે મહારાજના લાભમાં આપ્યા છતાં,—તેની આગલી માઠી ચાલ ખાતર તેને ૧૯ મી એપરેલે ગાદીએથી ખસેડી, રાજ્યવહીવટ સર ટી. માધવરાવને દીવાન નેમી સોંપી, ઉપલા ખંડેરાવને આપેલા હક મુજબ, તેની વીધવા રાણી જમનાબાઈને ગાયકવાડ વંશમાંથી 'દત્તક' લે ગાદીએ બેસાડવાની રજા આપી. મલ્હારરાવને રાજ્ય બંધવા તરીકે મદ્રાસ મોકલ્યો જ્યાં તે અને તેનો થયેલો એક પુત્ર મરણ પામ્યા. હવે એ ગાદીએ આવવા, આગળા ગાયકવાડ ફતેહસીંગના દત્તક ગોવીંદરાવના બે પુત્રોએ દાવો કરી નીષ્ફળ થવે, ઓશરરાવે અપઘાત કીધો, તો સદાશીવરાવે બંડ ઉઠાવવે, કેદ કરી બનારસમાં રાખ્યો છે. મહારાણી જમનાબાઇને ૧૮૭૮ માં "ઇમ્પીરીયલ ઓરડર ઓવ ધી ક્રાઉન ઓવ ઇનડીઆ" નો ખેતાબ મલ્યો, તેણીએ ૨૭ મી મે ૧૮૭૫ માં હાલના પુરઅખત્યાર મહારાજા સયાજીરાવને દત્તક કરી લીધા. તેઓએ ૧૮૮૪ ની ૧ લી જાનેવારીએ ઉમ્મરમાં આવી કુલ અખત્યાર લીધો, ત્યાં સુધી ત્યાંનો રાજ્યકારભાર સર ટી. માધવરાવે, ગવરનર-જેનરલના એજંટની સલાહ પ્રમાણે ચાલ્યો હતો.

મહારાજા **સયાજીરાવ** ગાયકવાડ, એ નામથી ગાદીએ આવ્યાં, તેમનું ખરૂં નામ **ગોપાળરાવ** છે. તેઓ ગાયકવાડી રાજ્યના મુળ સ્થાપનાર પરાક્રમી **પીલાજી**ના બીજા પુત્ર **પ્રતાપરાવ** તે તખ્તે ચડેલા **દામાજી**ના ભાઈની ૫ મી પેઢીએ ઉતરેલા **કાશીરાવ**ના પુત્ર થાયછે. એઓ ૧૮૬૩ ની ૭ મી માર્ચે જનમ્યા અને ઈંગ્રેજી, ગુજરાતી

મરાઠી ભાષા જાણે છે. પોતાના ૩ ભાઈઓમાં એઓ વડા છે. ઉપર પ્રમાણે મહારાણી જમનાબાઈએ એમને 'દત્તક' કરી લૈ બરોડાની ગાદીના વારેશ ઠેરવ્યા, ત્યારે એમને છેક દુર **ખાનદેશના** એક ગામમાંથી ઘણીજ ગરીબ હાલતમાં ૧૩ વર્ષની ઉમ્મરે લાવી, મોહોટી સત્તા અને દોલતમંદ રાજ્યના એકાએક માલેક બનાવ્યા! એ બનાવ નશીબના મોજેજા ભરયા ફેરફારનો અતીશય અચંબો ઉપજાવનારો અને અશરકારક દાખલો છે. એમને ગાદી-વારેશ ઠેરવવાની ક્રીયા ૧૮૮૧ ની ૨૮ મી દીસેમ્બરે થઈ. એમના હૈયાત ભાઈ સંપતરામ છે. એમને મહારાણી વીકટોરીઆ-એ ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ "ફરઝંદ-ઈ-ખાશ-ઈ-દોલત-ઈ-ઈંગ્લીશી," એટલે "ઈંગ્રેજી શાહાનશાતનો પોતાનો પ્યારો બેટો" એ ખેતાબ આપ્યો. એમની નાધલી વયે, બરોડાના બનેલા પુરઅખત્યાર દીવાંન સર ટી. માધવરાવે ૧૮૭૭ માં અમદાવાદ અને પાલણપૂર વચ્ચે ઈંગ્રેજ સરકારે બાંધેલી રેલવે, બરોડામાંથી પસાર થઈ, ત્યારે તે સારૂ રાજ્યની સઘલી જમીન મુક્ત આપવા ઉપરાંત, રાજ્યને લાભ થનારા સઘલા હકો છોડી દેઈ, વલી સાંમબા રૂ. ૬૦,૦૦,૦૦૦ મદદ તરીકે રોકડા આપી, રાજ્યને મોહોટો ગેરફાયદો કીધો હતો!! સયાજીરાવે ૧૮૮૪ ની ૧ લી જાનેવારીએ ઉમ્મરે પુગી પોતાના બોહોળાં રાજ્યનો પુરઅખત્યાર લીધો ત્યારે ટ્રેઝરીમાં રૂ. ૯૪,૫૮,૦૨૯ ની પુરાંત ઉપરાંત રૂ. ૧,૩૦,૨૨,૦૦૦ ના સરકારી કાગજીયાં હતાં. એઓએ, પોતાની 'કાયદા બાંધનારી કાંઉનસીલ,' અને 'પ્રીવી-કાઉનસીલ' સ્થાપી, રાજ્યને લગતું 'કાપડ વણવાનું કારખાનું' ૧૮૮૩ ની ઓગષ્ટમાં ખોલ્યું, ૧૮૮૪ ના ફેબ્રુવારીમાં ધંધાદારીઓને ૦॥ ટકે નાણું ધીરી મદદ કરવા 'બેંક' ઉઘાડી, ૧૮૮૫ ની જાનેવારીમાં 'આજવા' તરફ ૪ ચોરસ-માઈલના વિસ્તારનું મોહોટું તલાવ બાંધી ત્યાંથી નલ મારફતે શેહેરને પાણી પુરૂં પડવા કામ આરંભ્યું, અને એક જાહેર લાયબ્રેરી ઉઘાડી છે. એ ગાયકવાડે રૂ. ૨૦,૦૦,૦૦૦ ના ખરચે ઈનડો-સેરેશીન ઢપનો નાદર 'લક્ષ્મીવીલાસ' મેહેલ બંધાવ્યો છે. એઓ કેલવણીને ઉત્તેજન, અને રૈયતના લાભ ઉપર ધ્યાન આપી, રાજ્ય સુધારો વધારતા જાય છે. ત્યાંની હાઈ-સ્કુલ અને કોલેજ મજબુત પાયા ઉપર આવી, નીશાળો વધી, અને સ્ત્રીકેલવણી ખીલી છે. ત્યાંનું નવું બોહોળું શેહેરસુધરાઈખાતું ફતેહમંદ નીવડી, ગાલી કાહાડેલું પોલીસ ખાતું સંપુર્ણ બન્યું છે. ત્યાં ૩૧૦૦ ઘોડસ્વાર અને ૧૧,૦૦૦ પાયદલ વીગરે ૪૩ તોપો અને તોપખા-નાની બેટરી છે, જે પાછલ દરસાલ રૂ. ૧૭॥ લાખનો ખરચ છે, તેમાં હવે ઘટાડો થવાનું સંભલાય છે, તો રાજ્યના પુશ્કળ ખેશીઓ અને સરદારોના લવાજમ, તેમજ ગાયકવાડ કુટુંબની છોકરીઓસાથ પરણેલા દરેકને રૂ. ૮૦૦૦ ની મલતી વાર્ષીક 'સીલ્લેદારી'ની રકમ રૂ. ૧૩॥ લાખની થવા જાયછે, તેપણ લશ્કરી ખરચમાંજ ગણાવે, એ સામટી રકમ રૂ. ૩૧,૦૦,૦૦૦ થી કાંઈ વધું થાયછે. ૧૮૮૨ માં રાજ્યની વાર્ષીક આવક રૂ. ૧,૫૩,૮૪,૭૦૫ ની થઈ હતી. એ રાજ્યના શીક્કા "બાબાશાહી" કહેવાયછે. તે સુધારી, ઈંગ્રેજી ઢબે, મહારાજાની છબીસાથે, ૧૮૮૬ થી બનાવવા ઠેરવ્યું છે. એ ગાયકવાડ, ઘણાંક રાજ્યો પાસેથી ઈંગ્રેજો મારફતે પોતાની "પેશકશ" અથવા વાર્ષીક ખંડણીની વસુલાત રૂ. ૬,૪૩,૯૬૨ ની કરેછે. એઓ, તેનજોરની કેળવાયલી રાજ્યકુવરી **ચીમણાબાઈ** સાથ પરણ્યા હતા તેણીએ ૧૮૮૪ ની ૨૯ મી જુલાઇએ— ગાદી-વારેશ **ફત્તેહસીંગ**ને જન્મ આપી ૧૮૮૫ ની મેમાં મરણ પામી. એ **મહારાજા** "નાશનલ ઈનડીઆ એસોશીએશન" ના લાઈફ મેમ્બર છે. તેમને ગાર્ડ ઓવ ઓનર્સ સાથ ૨૧ તોપોનું માન મળેછે. તેઓ પક્કા ઠેરા-વના, મેહેનતું, ટેકાવવાલા, અને ભવિષ્યમાં એક સરસ રાજ્ય કર્તા તરીકે ખીલી નીકલવાની મજબુત શાબેતી આપેછે.

**પુરાતંન બરોડા શેહર**—અસલ, હાલનાં શેહરથી ૧॥ માઇલ તફાવતે આવેલી ઉંચી "ધણ ટેકરી" ઉપર વસેલું હોવું જોઇએ, જે જગ્યા ત્યાંનાં રેલવે સ્ટેશનની ઉગમણે આવીછે. ત્યાંથી રેલવેલાઇન બાંધતાં એ રાજ્યના અસલી ચલણીના ઘણાક પુરતંન સીક્કા મલી આવ્યા હતા. હાલ તે જગ્યા, જ્યાં જ્યાં વરસાદના પાણીના ઘસારાથી ધોવાઈ જઇને અને ખોદ-કાંમથી ખુલ્લી થઇછે, ત્યાં ત્યાં, પુરાતન બાંધકામોની ઇંટો, નકશીદાર પત્થરના જુના પાયા, વીગેરે બીજી નીશાણો જણાય છે.

**બરોડા રાજ્ય.**—હીંદુસ્થાન માંહલાં ૧ લા વર્ગમાનું એક અને મુંબઈ ઈલાકામાં સૌથી વડું, વીસ્તારમાં ૪૩૯૯ ચોરસ માઇલનું, જેમાં બધાંમલી ૩૭૦૭ ગામો આવેલાં છે. તે, પેહેલ્લે ૩૭ તાલુકાઓમાં, તો હાલ ૪ મુખ્ય પ્રાંતો, બરોડા, કડી, નવસારી, અને અમરેળી (જેમાં 'ઓખામંડળ' છે) માં વેંહેંચાઈ, દરેક "સુબાના" હસ્તકમાં છે. ત્યાં એક્કી અદાલત, મ્યુનીસીપાલીટી, જેલ અને સરકારી ધર્મનું દવાખાનું છે; દરેક સુબાના હાથ હેઠળ ૧૦ નાયબ-સુબા છે, તેઓને વીભાગ સોંપેલા છે. રાજ્યના નાધેલા

મોહોટા ૩૧ તાલુકા અથવા માહાલો છે; જે દરેકની દેખરેખ "તેહેશીલદાર" રાખે છે. ૧૦ મોહોટા માહાલોના વીભાગ પાડી તેઓને નાયબ-તેહેશીલદારોના હસ્તક સોંપ્યા છે. રાજ્યમાં મુખ્ય ઉત્પત્તી રૂ, ચોખા, બાજરી, અને અફીમની થાય છે. અફીમ, ઘણુંકરી મુંબઈ ઈલાકામાં આયાત થાય છે. ત્યાંનાં 'દીવ', 'દ્વારકાં', અને 'બેટ' ના બંદરોમાં દીવાદાંડીઓ બાંધી છે. ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે આખ્ખા મુલકની ૨૧,૮૫,૦૦૦, ની વસ્તી છે. તેમાં મોહોટો ભાગ હીંદુઓનો છે. રાજ્યનું મોહોટું શાલીઆનું ખાનાર ૫ મુખ્ય સરદારો—નવાબ કમાલુદીન ખાન, રાજે પાંડરે, ઘોડપડે, મીર ઈબ્રાહીમ અલીખાન, અને દોશુમીઆં જમાદાર છે. એઓ વગેરે બીજા નાધલા સરદારો પુશ્કળ છે. "ગાયકવાડ રાજ્યની રેલવે" ની ૩ જુદી જુદી લાઇનો, "મીયાંગામથી ચાંદોદ" સુધી ૩૦ માઈલ લાંબી "ચાંદોદથી બરોડા" સુધી ૩૧ માઇલ લાંબી અને "દભોઇ માહાલથી ભાદરપુર" સુધી ાાા માઈલની છે.—એ લાઇનો, રાજ્યને ઠીક નફો આપે છે. તેઓનો કારભાર "બી. બી. અને સી. આઈ. રેલવે કુંપની" ચલાવે છે, જે, પોતાનો ખરચ બાદ કરી, બાકીનું નાણું ગાયકવાડ સરકારને ભરે છે. દભોઇથી બરોડા સુધીની ૧૮ાા માઈલની એક ૪ થી લાઈન ખોલવાવીશે તપાસ થઈ ચુકી છે. આખ્ખા રાજ્યમાં ૧ વરનેક્યુલર કોલેજ, ૧ ઇંગ્રેજી હાઈ-સ્કુલ, ૧૨ એંનગ્લો-વરનેક્યુલર સ્કુલ, ૧૪૪ નીશાળો, અને ૫ કન્યાશાળા છે.

**પાયતખ્ત બરોડા શેહેર**—કીલ્લેબંધ થઇ ઉભું છે, તેનો ઘેરાવો ૪ માઇલને આશરે છે. કીલ્લો ૨૦૦ વર્ષો ઉપર બાબીઓએ બાંધેલો કહેવાય છે, તેના ૧૧ દરવાજા છે. કોટની બાહેર પશ્ચિમે મુખ્યકરી બોહોળી વસ્તી ફેલાઇ છે. તેમાં થોડુંક થયું ઘણો વધારો થયો, તે હજુણ વધતોજ જાયછે. શેહેરના મધ્ય-ભાગમાંથી વેહેતી "વીશ્વામીત્રી" નદીને બંધ બાંધવે, તેમાંથી, અને ત્યાંના ઘણાક મોહોટાં તલાવોમાંથી રૈયતને પુરતું પાણી મલેછે. ત્યાં, ભભુકવાલો દરબારી મેહેલ, દમામી દેખાવનો 'નજરબાગ' અને 'મકરપુરા'નો મેહેલ વીગરે જોવાલાયક બંગલા સાથના બાગો છે. શેહેરોના સાથે મલતા ૪ ધોરી રસ્તાઓના ચોધાંન વચ્ચે આરકાંઓ ઉપર ઉભેલો ઉંચો ઘડીઆળવાલો બુરૂજ ખુબ શોભી રહ્યો છે. ત્યાંની નવી હાઇ-સ્કુલ અને 'જમનાબાઈ દીસ્પેનસરી,' ઈનડો-શેરેશીન ઢપની સુંદર બાંધણીના નમુના છે. ત્યાંનાં મ્યુનીસીપાલ અને જાહેર બાંધકામના ખાતાંઓએ આજ ૭-૮ વર્ષોમાં, પેહેલાંએ જબરી સફાઈ તો બીજાંએ સુશોભીત ઈમારતો અને પુલો વીગેરે બાંધી શેહેરની સફાઇ અને દમામી દેખાવમાં તારીફ લાયક વધારો કીધો અને કર્યા જાયછે. ત્યાંનાં ન્યાય, મેહેસુલ, મ્યુનીસીપાલ, પોલીસ, પબ્લીક વર્ક્સ, ઓડીત, પેલેસ, બાગેંડરી, મીલીટરી, કષ્ટમ, સેટલમેન્ટ વીગરે મોહોટાં જાહેર ખાતાં છે. નવી જેલ ઘણી મોહોટી, સફા અને હવાવાળી છે. ત્યાં દરબારી ખરચે ચાલતી ૧ લાયબ્રેરી, ૧ હાઈ-સ્કુલ અથવા કોલેજ, ૬ નીશાળો, ૨ કન્યાશાળા, ૧ ઉરદુ અને ૯ સંસ્કૃત પાઠશાળા છે. ૧ દરબારી 'બેંક' અને ૧ કાપડ વણવાનું કારખાનું છે. ઇસ્પીતાલો અને 'જમનાબાઈ ધરમનું દવાખાનું' છે. રાજ્યનું હાથીખાનું ઘણું મોહોટું છે. ૪ સુના રૂપાની ચાલુ મોહોટી તોપો છે.—ત્યાંનું તોપખાનું મલ્હારરાવને પદભ્રષ્ટ કરતી વખતે ઇંગ્રેજોએ ૧૮૭૫ માં તારાજ કીધું. જુદી જુદી 'પાગા' અથવા ઘોડસ્વાર ફોજમાં જાણીતીઓ 'ગુજરાત,' 'ખાશ' અને 'ન્હાની હજુર પાગા' છે.

ઇંગ્રેજી કેમ્પ—અથવા બરોડા 'રેસીડંનસી' શેહેરથી થોડે તફાવતે આવેલી, મોહોટી વસ્તી અને બોહોલા વીસ્તારવાલી છે. ત્યાં પારશીઓની વસ્તી શેહેર કરતાં વધું છે. જ્યાં મોહોટી બજાર, સરતનું ચોગાન, બેન્ડસ્ટેન્ડ, મેજીસ્ટ્રેટની કોરટ અને શેહેર સુધરાઈ ખાતું છે. ત્યાં વેપારી તેમજ શાહુકારો મોહોટી સંખ્યામાં રેહેછે.

ગાયકવાડી 'મુલકગીરી'*ની ખંડણી,—અસલ **સતારા**ની બલવંત શાહાનશાતના શાહુ રાજાનો સૈન્યાધીપતી, ગુજરાતનાં રાજ્યો પાસેથી ચોકસ મુદતે, જબરીથી, ચઢાઈ કરી મેલવવા લાગ્યા પછે, કાઠીઆવાદના રાજ્યો ઉપર પણ તેમ કરવાતે ફાવ્યો. પીલાજીનો પુત્ર દામાજી, એ ખંડણી દર વર્ષે વસુલ કરવા, ઈ. સ. ૧૭૩૮ થી કાઠીયાવાદમાં ચાલુ ચઢાઈ લે જતો હતો. એ ખંડણી ઘણુંકરી 'રજપુત' સરદારો પાધરી રીતે આપતા ન હતા, તેથી તેઓના તૈયાર થયલા પાક અને બચાવ વગરનાં ગામોના ઝુંફડાંઓનો ધાંણ કાહાડી, લુટ મચાવી, નુકસાંની કરી, એવો તો ગભરાટ કરી મેલતા હતા કે, ખંડણી આપનાર કાંઈ છુટ મેલાવી તુરત મરાઠાઓનું મન પતાવતો હતો.—એથી બરોદા રાજ્યની આવક ખુબ ખીલી હતી. એ ખંડણીમાં પાછલથી "બારાજાત" અથવા "બેરીયત," અને "નાલબંધી" તેમજ "ઘારા દાંના" ના વેરા ઉમેરાયા હતા, બે ભાગોમાં વેંહેંચી નાખેલાં રાજ્યોમાંથી મલતી એ ખંડણીના ૧ લા ભાગની ગાયકવાડી હીસ્સાની વસુલાત રૂ. ૪,૦૯,૫૨૧ ની તો પેશવાઈ હકની રૂ. ૫,૩૮,૦૧૯ ની થતી હતી. ઇ. સ. ૧૮૦૦ માં ગાયકવાડે, ગુજરાત માંહેલું પેશવાઈ સત્તાનું મુખ્ય-મથક "અમદાબાદ" ઇજારે રાખ્યા પછે, ૧૮૧૭ માં—ઇંગ્રેજોએ એ ઈજારો વંશપરંપરા કરાવી આપવે, એ સઘલી ખંડણી ગાયકવાડો લેવા લાગ્યા. ૧૮૦૮ ની ૧૫ મી મેથી એ ખંડણીની રકમો ઇંગ્રેજો મારફતે નક્કી કરાવી, ત્યારથી ગાયકવાડો, તે, તેઓનીજ મારફતે વસુલ કરેછે.—'માહીકાંઠા' અને 'રેવાકાંઠા'ની ખંડણીઓ વલી જુદીજ છે. પોતાનું દબાંણ રાખી એ ખંડણીની બરોબર વસુલાત કરવા—કાઠીઆવાદની "ઇંગ્રેજી પોલીટીકલ એજનસી" ઈ. સ. ૧૮૨૦ માં, ત્યાં, રાજકોટ તરફ સ્થપાઈ છે.

* મરાઠાઓ, "મુલકગીરી" ની ફેરીની ચઢાઈ કરવા, મોગલ રાજ્યકર્તાઓથી સીક્યા હતા. તેમજ વળી જાહેર હોધ્ધા સંબંધી શબ્દો, ખેતાબો, અને મેહેસુલને લગતા ચોકસ બોલોની પણ એમજ નકલ કરી, તેઓ, ગુજરાતમાં, વાપરવા લાગ્યા હતા.



સ્વર્ગવાસી માહારાજા મીરજાં માહારાઓ સર પ્રાગમલજી બાહાદુર. કે. સી. એસ. આઇ.

કચ્છના રાવ.

H. H. THE LATE MAHARÁJÁ MIRZA MAHA RAO SIR PRÁGMULJEE BAHADOOR, K.C.S.I., OF CUTCH.

Day & Son Lith London



H.H. MÁHARÁJÁ MAHA RAO KHENGARJI SAWÁI BAHADOOR, OF CUTCH.

મહારાજા-ધીરાજ મીરજાં મહા રાવ ખેંગારજી સવાઈ બહાદુર,

કચ્છનારાવ.

# H. H. The late Maharaja Pragmulji Bahadoor, G. C. S. I.,

## RAO OF CUTCH.

CUTCH, in ancient times called Anoopdesh, was ruled by Vagum Chavda. The ancient capital was Patghud. Mod and Mannai, sons of the King of Nugger Suma, a city on the banks of the Indus, having killed their elder brother to take possession of the throne and having failed in their plot, were obliged to take refuge in the Court of Cutch. The ungrateful Mod murdered his protector, and established his authority at Patghud. He was succeeded as the ruler of Patghud, by his son Sar, who built the fort of Kunkot. The forts of Boladi and Angore were erected by Full, successor of Sar. The seat of government was removed from Angore to Kaira in the time of Lakha Fullani, the memory of whose exploits is still fresh among Hindu Rájputs. Pooraji, who built the fort of Patghud, was the *last* in lineal descent from Mod. He left no male issue to succeed him on the throne. In A.D. 1240 his widow was obliged to call Lakha to the throne of Cutch. He made Lakhiar the capital of his dominions, which, in its turn, was abandoned by his fourth descendant Vhanji, and the seat of the government was transferred to Hubbah. Vhanji's successor, Hummirji, was killed by his relative, Jam Ravel, in 1506, who usurped his throne, in consequence of which the four sons of the deceased fled to Ahmadabad for protection. One of them, by name Khengárji, distinguished himself for his prowess and bravery and was the means of saving the life of Mahmad Shah Bagda, the Governor of Ahmadabad, in a bold encounter with a lion. For this valuable service, Khengar was honoured by Mahmad Shah with the title of Rao, was granted the principality of Morvee, and was provided with 12,000 Cavalry, in order to expel the usurper Jam Ravel who had robbed him of his hereditary right. He took possession of Morvee, and having settled in this newly obtained territory, adjacent to the province of Cutch, he constantly harassed, for 14 years, Jam Ravel, and the latter was at last forced to relinquish the State and to settle in what is now known as the territory of Jamnuggur. Khengárji, coming to the throne of Cutch,—proclaimed himself RAO instead of JÁM, and since his time, all his successors have borne the same title of honour. In A.D. 1548 he *founded* "Bhujung Nugger," the modern Bhuj, and made it the capital of his dominions. He was the *first* to bring into prominence in 1581 what is now known as the famous port of 'Mandvi.' The sixth in descent from him was Rao Pragmulji, who obtained his father's throne by stratagem, for, when his brother went to the suburbs to perform the last religious ceremonies in honour of his deceased father, he shut the city gates upon them, and supported by his favourites, ascended the throne, proclaiming himself KING of Cutch, and assuming the high title of "*Máhá Ráo.*" The fort of Balabha was made over to Pragmulji, by the Nowanuggur State. The next in descent

was Daisulji,—who fortified the town of Bhuj, and constructed the fort of Mount Bhujia. His son and successor Lakhputji, received from Ahmadsha of Delhi the title of "*Mirza*" and a standard or *Jundah* which is still preserved, and brought forth at important processions. Mahmed Shá of Cabul also gave him the title of "*Máhárájá*," in consideration of his important military services. Being himself a good scholar, Lakhput gave great encouragement to the cultivation of science and art. His successor, Raidhunji, was weak in intellect and in his time anarchy prevailed throughout the whole territory. Mansingji succeeded his father, Raidhunji, at the age of 15, the State being governed in his minority by the Regent and Minister Hoossain Mia. Affairs were now so ill-managed, that the plundering tribe of the Whager were emboldened to commit a raid on the British camp, and to carry off camels and horses. This insult the British Government determined to avenge, and called upon the authorities of the State to adopt immediate and stringent measures to punish the marauders. The demand, not being complied with, the British force in alliance with Gaicowari troop sbegan to cannonade the fort of Anjar, on the 25th of December 1815. On the 3rd of January 1816 the victorious progress of the invading army was arrested, by the State agreeing to all the conditions of the treaty, which the English desired to impose. The Whagers were subdued and tranquillity restored. In A.D. 1818 the BHAYADS of the State complained against the Rao of great oppression, and as the Rao was also guilty of violating the stipulations of the treaty with the English, troops of the latter marched a second time upon the fort of Bhoojia, and took it by storm. The Rao was taken prisoner and dethroned. His infant son Daisulji was called to the throne, and a Committee or *Punch*, consisting of six members, was appointed to conduct the affairs of the State of Cutch. Daisulji, on coming of age, became his own prime minister, and wisely accepted and carried out the proposals of the British Government for the suppression of infanticide among his Bhayad subjects, for the abolition of the slave trade, and for the discontinuance of the practice of *Suttee*, which prevailed in the province. Daisulij was succeeded to the throne by the late Máhá Ráo Sir Pragmulji Bahadoor, G. C. S. I.

His Highness the late Rao Sir Pragmulji, born in Bhuj in January 1839, is said to have been descended from the Lunar Dynasty, and was the head of the Jadeja Rájput caste. During his reign many administrative improvements were pushed on with rapidity. Among these may be mentioned the erection of court-houses and other public buildings, and the re-organization of the Police, the Municipality, and other State departments. The Prince gave much encouragement to literature. He began the erection of a grand Palace of Gothic architecture which has cost the State aboute Rs. 20,00,000, but he did not live to see it completed. He founded two scholarships bearing his name, in connection with the Bombay University and granted a sum of Rs. 1,50,000 for the Alfred High-School at Mandvi. He set apart a sum of Rs. 2,00,000 for a wharf, which is now being constructed at the important port of Mandvi in Cutch. He was honoured with the title of the "Knight-Grand-Commander of the Star of India" as a mark of esteem, in which he was held by the English Government, and for his devotion and loyalty to the Paramount Power. Shortly after the demise of the Rao, the management of the 'Jádeja-court' was transferred to the State. He died in January of 1876, leaving as his son and successor, H. H. Khengárji Bahadoor, a minor. During the minority of the Prince, the administration of Cutch had been vested in a 'Council of Regency,' which was subsequently converted into a 'Council of Administration of Cutch,' and it is a satisfaction to note, that the chief-minister of the State is the able and conscientious Divan Báhádoor Manibhoy Jesbhoy.

The promising young Rao H. H. Khengarji Báhádoor is a *Jadeja* Rajput by caste, born in August 1867. This enlightened Prince at the age of 18 has been entrusted with the sole management of his State from the 14th of November 1884. He finished his English study in the 'Rajcoomar College' in Kathiawar. On the 1st of January 1877 a banner was presented to him in honour of the Queen assuming the Imperial title. He introduced several improvements, opened in his territory new schools for boys and girls to encourage elementary education, instituted (2) monthly scholarships of Rs. 200 and 20 each under his name first for enabling Cutchy students desirous to go to England for higher acquirements and the other for the country students obtaining highest marks in Arts and Sciences at the Bombay University. He also founded a charitable fund of Rs. 50,000 under his name for extending support to his indigent subjects, set apart the sum of Rs. 35,000 in March 1885 to encourage the culture of Arts and Science and gave Rs. 32,000 to found in Bhuj "the Ferguson Museum and Library." He opened after his Queen-mother's name the 'Nanibá Sanscrit Seminary' at the cost of Rs. 25,000. The British presented him with the title of "Savai Bahadoor" in January 1885. The annual revenue of the State is Rs. 21,00,000. There are in all upwards of 200 *Bháyáds* of the State, enjoying an aggregate yearly income of about Rs. 80,00,000.

*THE STATE OF CUTCH*—contains 878 villages with an area of about 6,500 square-miles; divided into 25 districts, but under the late Regency there were 8 administrative-divisions, each in charge of a Revenue Officer. The population according to the last Census was 5,12,090. In the whole territory there are 3 English, 110 Gujarati and 6 girls' schools and a School of Arts maintained by the authorities. There are in all 53 local postoffices and 848 jails. There are 5 seaports, the principal of which is Mandvi, where in 1873 a light-house was erected. Native vessels and ships of the most improved workmanship are built, and to them the State owes much of its commercial success and prosperity. The chief towns are Mandvi, Mundra and Unjár. There are three more light-houses built, viz.:—at Dwarka in A.D. 1866, at Tuna in 1878 and another on the Rojhi island. The RUNN of Cutch is a dreary waste. It is described as an amphibious desert; for during the monsoon it is submerged in water. There is no timber but decayed trunks of great size in the south and the soil is sandy. In this territory *coal* mines and many kinds of *metals* are to be found.

*THE CAPITAL OF BHUJ*—founded in A.D. 1548 is a fortified town, opposite to which is a hill-fort in possession of the English; near it is a British camp. It is a well populated town with an efficient municipality, courts of justice and offices connected with the political, the revenue and other public departments. The town is noted for its embroidery and silver work and contains a mint, a hospital, a high-school for English instruction, Gujarati schools and girls' schools, a jail, a palace of costly architecture, gardens and *chátri* or mausoleums which are remarkable for their splendid masonry and their rich sculpture.

*THE BRITISH CAMP*—is situated at a little distance from the town. Its extent is small and the population limited. It has a large bazaar and an efficient municipality.

The promising young Rao H. H. Khengarji Báhádoor is a *Jadeja* Rajput by caste, born in August 1867. This enlightened Prince at the age of 18 has been entrusted with the sole management of his State from the 14th of November 1884. He finished his English study in the 'Rajcoomar College' in Kathiawar. On the 1st of January 1877 a banner was presented to him in honour of the Queen assuming the Imperial title. He introduced several improvements, opened in his territory new schools for boys and girls to encourage elementary education, instituted (2) monthly scholarships of Rs. 200 and 20 each under his name first for enabling Cutchy students desirous to go to England for higher acquirements and the other for the country students obtaining highest marks in Arts and Sciences at the Bombay University. He also founded a charitable fund of Rs. 50,000 under his name for extending support to his indigent subjects, set apart the sum of Rs. 35,000 in March 1885 to encourage the culture of Arts and Science and gave Rs. 32,000 to found in Bhuj "the Ferguson Museum and Library." He opened after his Queen-mother's name the 'Nanibá Sanscrit Seminary' at the cost of Rs. 25,000. The British presented him with the title of "Savai Bahadoor" in January 1885. The annual revenue of the State is Rs. 21,00,000. There are in all upwards of 200 *Bháyáds* of the State, enjoying an aggregate yearly income of about Rs. 80,00,000.

*THE STATE OF CUTCH*—contains 878 villages with an area of about 6,500 square-miles; divided into 25 districts, but under the late Regency there were 8 administrative-divisions, each in charge of a Revenue Officer. The population according to the last Census was 5,12,090. In the whole territory there are 3 English, 110 Gujarati and 6 girls' schools and a School of Arts maintained by the authorities. There are in all 53 local post offices and 848 jails. There are 5 seaports, the principal of which is Mandvi, where in 1873 a light-house was erected. Native vessels and ships of the most improved workmanship are built, and to them the State owes much of its commercial success and prosperity. The chief towns are Mandvi, Mundra and Unjár. There are three more light-houses built, viz.:—at Dwarka in A.D. 1866, at Tuna in 1878 and another on the Rojhi island. The RUNN of Cutch is a dreary waste. It is described as an amphibious desert; for during the monsoon it is submerged in water. There is no timber but decayed trunks of great size in the south and the soil is sandy. In this territory *coal* mines and many kinds of *metals* are to be found.

*THE CAPITAL OF BHUJ*—founded in A.D. 1548 is a fortified town, opposite to which is a hill-fort in possession of the English; near it is a British camp. It is a well populated town with an efficient municipality, courts of justice and offices connected with the political, the revenue and other public departments. The town is noted for its embroidery and silver work and contains a mint, a hospital, a high-school for English instruction, Gujarati schools and girls' schools, a jail, a palace of costly architecture, gardens and *chátri* or mausoleums which are remarkable for their splendid masonry and their rich sculpture.

*THE BRITISH CAMP*—is situated at a little distance from the town. Its extent is small and the population limited. It has a large bazaar and an efficient municipality.

# સ્વર્ગવાસી

## મહારાજાધીરાજ મીરઝાં મહારાઓ સર પ્રાગમલજી બહાદુર,

## જી. સી. એસ. આઈ.,

### કચ્છના રાવ.

ઈ. સ. ની ૧૨ મી સદીને આશરે કચ્છનો પ્રાંત જુદી જુદી હકુમતો તળે હતો. તેની આથમણે સમુદ્રકાંઠા તરફ ચાવડા, મધ્ય અને દક્ષિણે કાઠી, અને ઉગમણે સોલંકી જાતો સત્તા ચલાવતી હતી. ત્યારે સીંધમાં, જાંમ નૃપત જે ગીજની જીતવે "જાંમ" બન્યો હતો, તેના પુત્ર સામની ઓલાદના "સમા" રજપુતો હાકમી ભોગવતા હતા, તેઓનું પાયતખ્ત સીંધુ નદી ઉપરનું 'નગર સમૈ' (નગર ઠઠ્ઠા*) હતું. સમાની ૧૨ મી પેહેડીના લાખા ધુરારાના ૮ પુત્રો માંહેલા, ૨ મોડ અને મનાઈએ, પોતાના તખ્તે ચઢેલા ભાઈ ઉંન્ડને કતલ કરવા છતાં, ગાદીએ ચઢવા નીષ્ફળ થવે, ત્યાંથી નાહશી, કચ્છમાં, ત્યાંના હાકેમ અને તેઓના મામા વાગમ ચાવડાને આશરે આવી રહ્યા, જેની રાજધાની 'પાટઘઢ' હતી. ક્રુર મોડે પછી તરતજ પોતાના મામાનો પણ પ્રાંણ લઈ, પોતે પાટઘઢનો હાકેમ થઈ બેઠો. એની પાછળ એ ગાદીએ એના પુત્ર સારે આવી "કંઠકોટ" નો કીલ્લો બાંધ્યો. તેના ગાદીએ આવેલા પુત્ર ફુલે 'બાલાડી' અને 'અણગોરના' કીલ્લા બાંધ્યા. તેના ગાદીએ આવેલા પુત્ર લાખા ફુલાનીએ પાટઘઢથી પાયતખ્ત 'કેરા'માં બદલ્યું હતું.—એને લડાયક કાઠીઓને જેર કરવા ઉપરાંત પુષ્કળ બહાદુરીના કાંમો કીધાં, જેની માનભરી યાદ હીંદુસ્થાનનાં રજપુતોમાં આજસુધી ચાલુ રહી છે. એના ભત્રીજા પુરાજીએ ગાદીએ આવી, પદ્ધઘઢનો કીલ્લો બંધાવ્યો હતો. મોડની પાધરી ઓલાદથી ઉતરેલાઓમાં—જાંમ પુરાજી છેલ્લો હતો. કે જેને પુત્ર વારેશ ન થવે, એ ગાદી ઉપર, મોડના ઉપલા મરાવી નખાવેલા ભાઈ ઉંન્ડની, છઠ્ઠી પેહેડીના લાખાને, નગર સમૈથી બોલાવી પુરાજીની વિધવા રાણીબાએ ઈ. સ. ૧૨૪૦ ને આસરે કચ્છની ગાદીએ બેસાડયો. તે સમા વંશના જાડાજીનો પુત્ર હોવે,† હવેથી "જાડેજા" તરીકે બોલાઈ, તેની ઓલાદ "જાડેજા"‡ કરી ઓળખાવા લાગી,—તે વંશનો એ સ્થાપનાર બન્યો, જાંમ લાખાએ 'લાખ્યારવીયરો' નવું વસાવી ત્યાં પોતાનું પાયતખ્ત કીધું હતું. તેના ગાદીએ આવેલા પુત્ર જાંમ રાયધણ, લડાઈમાં જતાં પાઘડી ઉડી નહી જવા ખાતર, તે ઉપર આડો રાતો રૂમાલ બાંધતો હોવાથી, તે "રતા" તરીકે ઓળખાઇ ગયો. એનો પુત્ર ઓઢાજી, તેનો પુત્ર ગાયોજી, અને તેનો પુત્ર વેહેણજી તખ્તે બેઠા. છેલ્લાએ લાખ્યાર વીયરાથી 'હબા'માં રાજધાની બદલી, એની ૩ પેઢીના મુળવોજી, આમરજી, અને ભીમજી ગાદીએ આવીયા પછે, હમીરજીએ તખ્તે આવી હબામાંથી પાયતખ્ત 'લાખ્યારવીયરે' ફેરવ્યું હતું. એ જાંમ તરફ વેર રાખનાર એના બેશી રાવળે,§ તેને જમવા તેડી, દગાથી મારી ઈ. સ. ૧૫૦૬ માં ગાદીનો માલેક થઈ બેઠો હતો. હમીરજીના ચાર પુત્રો અલ્યાજી, ખેંગારજી, સાહેબજી અને રાયબજી એઓએ બાપને કતલ થયેલો, અને રાજ્ય લુટાઈ ગયલું જોઈ, પોતાની બેહેન કમાબાઈ, જે અમદાવાદના પાદશાહ મહમદશાહ ઉર્ફે "બેગડા" સાથ પરણી હતી, ત્યાં જઈ રહ્યા.§ ત્યારે ત્યાં એક ભયંકર સીંહે દેખાવ દેઈ, ભારે નુકસાન કરવા માંડવે, પાદશાહ પોતે તેનો શીકાર કરવા જતાં પ્રશી પડવે, ખેંગારજીએ તે વખતે જબરી બહાદુરી બતાવી, તેને બચાવી, સીંહને ઠોર કીધો હતો. એ ભારી ઉપકારના બદલામાં, પાદશાહે, એ બહાદુર જવાનને, ચાહે તે માગી લેવા કેહેવે, ખેંગારજીએ બાપીકું રાજ્ય પાછું મેલવી, પોતાના બાપને કતલ કરનાર જાંમ રાવળ ઉપર કીનો લેવાની ઈચ્છા બતાવવે, પાદશાહે તે તરત કબુલ રાખી, તેને, **"રાવ"** નો ખેતાબ બક્ષી, ૧૨,૦૦૦ ઘોડેસ્વાર ફોજ વીગરે પુષ્કળ દ્રવ્ય આપી તે વખતનાં અમદાવાદ તાબેનાં મોરબી, જે કચ્છની નજદીકમાં છે, તેના હાકેમ નવાબખાન ગોરીને, મોરબી, ખેંગારજીને હસ્તક આપવા ફરમાંન લખી આપ્યું હતું. ગોરીએ તેમ ન કરવાથી, ખેંગારજીએ તેને મારી, મોરબી લીધું હતું: ત્યાંથી કચ્છ ઉપર

* "યદુ" થી ઉતરેલા 'યાદવ' અથવા 'જાદવ' વંશમાંથી ફુટી નીકળેલી પદ શાખા ઓલાદો માંહેલી એક "વર્ધનાક" ના શ્રીકૃષ્ણ ના પુત્ર સાંબે વસાવેલું "સામ" નગર, પાછળથી "નગર સમૈ" બોલાયા પછે "નગર ઠઠ્ઠા" બોલાયું.

† જુવો "નવાનગર."

‡ એનો બીજો ખુલાસો એમ છે, લાખા અને તેનો ભાઈ જોડીઆં જન્મવે, તેનો સીધી શબ્દ "જાદા" ઉપરથી 'લાખો' "જાડેજા" કેહેવાયો હતો.

§ રતા રાયધણ ના ૩ જા પુત્ર ગજણજી નાએ છેલ્લા વારેશે "જાંમ" નો ખેતાબ લીધો હતો.

ધશી જવા વચ્ચે આવેલાં રણની અડચણ ટાળવા, તેને, 'સાપર' પ્રગણું લેઈ, તેનું 'રાપર' નામ રાખી, તેને પોતાનું મુખ્ય-મથક બનાવ્યા પછે, ત્યાંથી જાંમ રાવળ ઉપર ૧૪ વર્ષો ચાલુ હુમલા કરી, ધીમે ધીમે તેની સત્તા દબાવીતો રહી, એ મુદતે, ખેંગારજીએ, તેને કચ્છમાંથી સદંતર બાહાર હાંકી કાહાડયો, કે જ્યાં તે પાછો આવ્યોજ નહીં.* હવે રાવ ખેંગારજી, કચ્છનો માલિક બન્યો,—તેના વખતથી એ ગાદીએ આવનાર, "જાંમ" ને બદલે "રાવ" કેહેવાયા, કે જેમ હજુણ ચાલુ રહ્યું છે. પોતાની સત્તા બોહોળી વધાર્યા પછી, તેના મધ્ય-ભાગમાં રાજધાની સ્થાપવા ખાતર, તેને, ૧૫૪૮ ની ૧૨ મી દીસેમ્બરે, ભુજ્યા પાહાડ નજદીક, નવું "ભુજંગનગર" વસાવ્યું, જે હાલ અપભ્રંશ થઈ ભુજ બોલાય છે. એ રાવે ૧૫૮૧ માં રાયપર, તે હાલનું જાણીતું 'માંડવી' બંદર ઉઘાડયું. એ રાવશ્રી દહાપણવાલા, દયાળુ, અને બહાદુર હતા. તેમની હયાતીમાંજ પાટવી કુવર ભોજરાજજી સ્વર્ગવાસી થવે, બીજો કુવર ભારમલજી ૧૫૮૬ માં તખ્તે બેઠો. તેનો બીજો કુવર ભોજરાજજી ૧૬૩૨ માં ગાદીએ આવ્યો. તેનો ભત્રીજો ૨ જો ખેંગારજી, તેના 'દત્તક' તરીકે ૧૬૪૫ માં તખ્તે બેઠો, તેની પાછળ તેનો ભાઈ તમાચીજી ૧૬૫૪ માં, તેના ૭ પુત્રો માંહેલો રાયધનજી ૧૬૫૫ માં. તેના ૧૧ કુવરો માંહેલા, પેહેલા બે નોઘનજી અને રવોજી સ્વર્ગવાસી થવે, ૩ જો પ્રાગમલજી ૧૬૯૭ માં ગાદીએ બેઠો. એ રાવે કળા વાપરી ગાદીએ આવ્યો હતો. તે એમ કે, તેના પીતા સ્વર્ગવાસી થવે, જ્યારે બધ્ધા કુવરો શેહેર બાહાર સ્મશાંને (મસાણે) ગયા, તે વખતનો લાભ લેઈ, અગાઉથી રચેલી ગોઠવણ મુજબ પ્રાગમલજીએ શેહેરના દરવાજા બંધ કરાવી, પોતે તખ્તે ચઢી બેશી નોબતો વગડાવી.—એ જાણવે કીલ્લા બાહાર રહેલા કુવરોએ જીવની ધાસ્તી ખાઈ ત્યાંથી નાશી જૈ; પ્રાગમલજીના મરણ પામેલ ભાઈ નોઘનજીના પુત્ર હાલોજીએ, 'મુનરા,' 'કાઠી' અને 'કોઠારો;' તો રવોજીના પુત્ર કયોજીએ, 'મોરબી' અને 'કંટારીઉં' દબાવી લેઈ, તેના માલિક બન્યા હતા. રાવ પ્રાગમલજીએ, નવાનગરના જામ તમાચીજીને, લુટાઉઓને જેર કરવા મદદ કરવે, તેણે, એને 'બાંલાબા'નો કીલ્લો આપી દીધો હતો. હવેથી એ રાવે પોતેજ 'મહારાવ'નો એતાબ ધારણ કીધો હતો. તેનો કુવર ગોદમલજી ગાદીએ આવ્યો, પછે તેનો પુત્ર મહારાવ શ્રી દેશલજી તખ્તે બેઠો.—તેણે ભુજ શેહેરને ફરતો કોટ અને તેની સામેના ભુજીઆ પાહાડ ઉપર ડુંગરી-કીલ્લો બાંધ્યો હતો. એની ઉપર, અમદાવાદના સુબા શેહેરબુલંડખાંને ૫૦,૦૦૦ ફોજ સહીત કીધેલી ચઢાઈ, મારી હઠાવી હતી. એનું રાજ્ય આબાદીમાં ખીલી, વધું આવકવાલું બન્યું હતું. એ ભલા રાવને તેના ઉડાઉ અને હલકી સોબતના વડા પુત્ર લખપતજીએ, તેની હલકી ઈચ્છાને આડે આવતો જોઈ, દગાથી પકડી કેદ કરી, ૧૭૪૧ માં, તે, ગાદીએ ચઢી બેઠો. દેશલજી ૧૦ વર્ષો તેવી હાલતમાં રહી ૧૭૫૧ માં સ્વર્ગવાસી થયા હતા. લખપતજીએ દીલ્લીના હમદશાહને લશ્કરી મદદ કરવે, તેણે, એને "મીરજાં" નો એતાબ આપી "માહીમરાતીબ" નો મોહોટાં માનની નીશાણ બતાવનારો 'ઝુનડો' બક્ષ્યો હતો, જે હાલ પણ મોહોટી સ્વારીમાં સાથે લેવાય છે. વળી, એણે, કાબુલના મહમદશાહને પણ એવીજ મદદ કરવે, તેણે, એને "મહારાજાધીરાજ" નો એતાબ આપ્યો હતો. લખપતજીના અમલમાં ઉત્તેજન મલવે, એ રાજ્યમાં એલમ હુન્નરના ફેલાવાની શરૂઆત થઈ. એનો કુવર મહારાજાધીરાજ મીરજાં મહારાવ શ્રી ગોડજી ૧૭૬૦ માં તખ્તે બેઠો. તેનો દીવાન બનવા નીષ્ફળ થયલા પુજા શેઠની ઉશ્કેરણીથી, સીંધના મીર ગુલામશાહે ૭૦,૦૦૦ ફોજ સાથે કચ્છ અંદર ધશી આવી ભારે ખરાબી કીધી હતી, અંતે, પુજાને દીવાનગીરીની આશા મલવે, તેણેજ, એ જબરી પીડાની કુચી મરડી, સીંધ તરફ પાછી ફેરવી હતી. એ રાવના વખતમાં કારભાર બીલકુલ સારો ન હતો. તેનો પુત્ર મહારાવ રાયધનજી, ૧૪ વર્ષની ઉમ્મરે ૧૭૭૯ માં તખ્તે બેઠો, તે વખતે પણ બેદાદીની ફરીયાદ જારી હતી. એ રાવનું મગજ બીગડવે, તેના ભાઈ પૃથીરાજજી ઉર્ફે ભાઈજી બાવાને, ૧૨ સભાસદોની એક "પંચ" ના પ્રમુખ ઠેરવી, રાજ્ય અખત્યાર સોંપ્યો,—તે "૧૨ ભાયાઓનું રાજ્ય" કેહવાયું હતું. તેમાં પાછલથી ફુટફાટ થવે, તેઓને રદ કર્યાં પછે, રાજ્ય વહીવટનું ગાડું ચલાવવા, ત્રણ વખત, જુદી જુદી ગોઠવણો રચાઈ, તેમાં મુખ્ય ભાગ ભાઈજીએ બજાવ્યો હતો. રાયધનજીને એક બંધ ઓરડામાં રાખ્યો હતો જ્યાં તે ૧૮૧૪ માં મરણ પામ્યો; તેનાં ૩૫ વર્ષનાં રાજ્યમાં મોહોટી ઉથલપાથલ થઈ, ઘણું અંધેર ચાલ્યું, વાગેડ લુટારાઓ ફાવ્યા, તેથી બીજાં રાજ્યોને તેમજ ઇંગ્રેજોને પણ નુકસાની થઈ; જેથી, એ અંધેરનો પુરતો બંદોબસ્ત કરવા, ઇંગ્રેજ સરકારે સક્ત લખાણો કરવે, એ બેઉ સરકારો વચ્ચે, ૧૮૦૯ ની ૨૬ મી અકટોબરે તે બંદોબસ્તવીશે લખત થયું હતું. રાયધનજીનો કુવર માનસંગજી, મહારાવ ભારમલજીના નાંમથી ૧૫ વર્ષની વયે ગાદીએ બેઠો. તે વખતે પણ પુષ્કળ અંધેર અને બેદાદી ચાલી, —જેનું જોર તેની સત્તા થઈ પડી, વાગેડ લુટારાઓનું જોર ખુબ વધ્યું, તેઓએ રાતનાં કેપટન મેક મરડોની ઇંગ્રેજી છાવણી લુટી ઘણાક ઉંટો અને ઘોડા લેઈ ગયા. કચ્છના હેવા અંધેર મામલાથી પોતાની લુટ થવે ઘણુંજ માઠું લાગવાથી,

* જાંમ રાવળે, કચ્છ છોડી, નાની ફોજ સાથે રણ ઉતરી, મોરબી વટાવી, દઈસરાની નજદીકમાં રહી, નાગનીનો મોહોટો ભાગ તાબે કરી, તેને પોતાના વડીલ ગજનના પુત્ર હાલો ઉપરથી "હાલાર" નામ આપી, પોતાની રાજધાની 'નવાનગર'ને ઈ. સ. ૧૫૪૨ માં નવે પાયે વસાવ્યું હતું.

ઇંગ્રેજ સરકારે, ભુજ ઉપર ચઢી જવા અગાઉ, તે રાજ્ય સાથ પક્કો બંદોબસ્ત કરવાની છેલ્લી માગણી કીધી. જેનો, દીવાન હુસેન મીયાંએ ઉડાવવાનો જવાબ વાળવે, કરનલ ઇસ્ટે, ૪૦૦૦ પેદલ વીગરે, ગાયકવાડી સ્વારો સાથે ૧૮૧૫ની ૨૫ મી દીસેમ્બરે સવારના ૧૦ વાગે અંજાર ઉપર તોપો છોડી, તે મારાથી, ૨ વાગતે કીલ્લેબંદીમાં ગબારૂં પાડતાંજ, દીવાન, વગર શરતે શરણ થયો. બીજે દીવસે તુનાં બંદર તાબે કરી, ઇંગ્રેજી ફોજે ભુજ ઉપર ધસી જૈ, તેની ૩ ગાઉ છેટે લાખુદ તરફ છાવણી કીધી કે, ભુજ તરફથી, ઇંગ્રેજોએ કરવા માગેલી ૧૪ શરતો કબુલ રાખવાનો પેગામ મળ્યો અને તે ઉપર ૧૮૧૬ની ૩ જી જાનેવારીએ સહી થવે, સલ્લા થઈ હતી. એ શરતોથી અંજારના કીલ્લા સાથના ૨૪ ગામો અને તુંના બંદર ઇંગ્રેજોએ હસ્તક લેવા પછે, તેઓએ લુટારૂઓને જેર કીધા. જેથી ભારમલજીને નીરાંત થઈ હતી. પછે ૧૮૨૨ માં ઇંગ્રેજોએ રૂ. ૮૮,૦૦૦ લેઇ અંજાર પ્રગણું રાવને પાછું આપ્યું હતું. ૧૮૧૮ ના સપટેમ્બરમાં, જાડેજા ભાયાતોએ*, રાવ તરફથી, પોતા ઉપર જુલમ થવાની ઇંગ્રેજોને ફરીઆદ કીધા પછે, રાવે પોતે ઇંગ્રેજો તરફ દુશ્મની દેખાડનારાં ખુલ્લાં કારણો આપવે, તેણે ૧૮૧૬ માં આપેલી કબુલાતો તોડી હતી, તેથી તેને ગાદીએથી ખસેડવા, સર વિલ્યમ કેર ઇંગ્રેજી ફોજ સાથ ૧૮૧૯ ની ૨૪ મી માર્ચે, ભુજના કીલ્લા સાંમે જઇ છાવણી કરી પડયો, કે ત્યાંના ભાયાતો તેની કુમકે આવ્યા. રાવને આવી તાબે થવા મોકલેલો સંદેશો ફોકટ જવે, ઇંગ્રેજી સેનાએ ભુજીઆ કીલ્લાને, ગોળાથી ધુજાવવા માંડયો, કે બીજે દીવસે રાવ આપોઆપ તાબે થયો, તેને કેદ કરી, ભાયાતોના અનુમતથી તેના ૩ વર્ષના બાળક પુત્ર દેસલજીને ૧૮૧૯ની ૯ મી એપ્રેલે ગાદી-વારેશ નેમી, તે ઉમ્મરે પુગે ત્યાં સુધી, રાજ્ય-અખત્યાર "રીજનસીની કાંઉનસીલ" મારફતે ચલવવા, ૫ દેશી સભાસદો સાથે તેમના પ્રમુખ તરીકે એક ઇંગ્રેજી રેસીડંન્ટને નેમ્યો હતો. કેદ કીધેલા રાવને, મુંબઇના ગવરનર સર જોન માલકમે, ભાયાતોની અરજથી ૧૮૩૦ માં તદ્દન છુટો કીધો હતો. તે, રાજ્ય કારભારથી અલગ રહી, એકાંતપણે વખત ગુજારી ૧૮૪૬ માં સ્વર્ગવાસી થયો. ઇંગ્રેજી કેલવણી લીધેલા અને વિદ્યાભ્યાસી મહારાવ દેસલજી-એ ૧૮૨૪ ની ૮ મી જુલાઈએ ઉમ્મરે પુગી સ્વતંત્ર અખત્યાર લેવે, "રીજંનસી"ની સત્તા બંધ પડી હતી. એ રાવના વખતમાં રૈયત સુખી અને દેશ આબાદ બન્યો હતો. રાજ્યના ભાયાતોમાં પોતાની બેટીઓને મારી નાખવાનો ચાલતો રીવાજ બંધ કરવા, ભાયાતો સાથે ઇંગ્રેજોએ ૧૮૧૯ માં કીધેલા બંદોબસ્ત વખતે, રાવે મોહોટી મદદ આપી હતી. વળી એ ઘાતકી રીવાજને તદ્દન ઉખેડી નાખવા, એ રાવ અને જાડેજા ભાયાતો વચ્ચે ૧૮૪૦ માં એક લખત થવા છતાં પણ, તે કમકમાટ ભર્યો રોવાજ છેક ૧૮૫૨ માં પુરેપુરો બંધ થયો.—ત્યારથી તેઓની પુત્રીઓની સંખ્યામાં મોહોટો વધારો થયોછે. એ રાવે ઇંગ્રેજોની સલ્લાથી પોતાના રાજ્યમાં ચાલતો "ગુલામી" ધંધો ૧૮૩૬ માં, તો "સતી" થવાની રસંમ ૧૮૫૨ માં તદ્દન બંધ કીધી હતી. એ ચંચળ રાવ એક જબરાં દરદના ભોગ થઈ ૧૮૬૦ માં સ્વર્ગવાસી થયા. તેમની પાછળ આ હકીકતને લગતા, સ્વર્ગવાસી મહારાવ સર પ્રાગમલજી બહાદુર, જી. સી. એસ. આઈ., તખતે આવ્યા હતા.

*'ભાયાત' નો અર્થ "ભાઈ જેવો" થાય છે. જુવો,-'ધ્રાંગધ્રા.'

સ્વર્ગવાસી મહારાજાધીરાજ સર પ્રાગમલજી, ચંદ્રવંશના અને જાડેજા રજપુત હતા. તેઓ ૧૮૩૮ ની ઓગષ્ટમાં ભુજમાં જનમ્યા, અને ગુજરાતી, ઇંગ્રેજી જાણતા હતા. એમના ભાઈ હમીરજીને, તેરા પ્રગણું ગરાશમાં મળ્યું, અને બેહેન શ્રીબાઈ સાહેબ ઈદરના મહારાજા જવાનસીંગજી સાથ પરણ્યાં છે. સર પ્રાગમલજી, ૧૮૬૦ ની ૧૭ મી ઓગષ્ટે, ૨૨ વર્ષની વયે કુચ્છની ગાદીએ આવ્યા હતા. બાળવયથીંજ એમની વલણ અને વીચાર સુધરેલા હોવે, રાજ્યનું સુકાણ હાથમાં આવતાં, રૈયતનાં સુખ અને રાજ્યની આબાદીના ઉપાયો લેવા મંડી, પ્રગણાંઓમાં નવી અદાલતો સ્થાપી, લાયક વહીવટદારો નેમ્યા, નવા કાયદા બંધાવ્યા, શેહેરની પોલીસ અને સુધરાઈ ખાતું ગાળી નવે પાયે રચ્યું, નવી જેલ બંધાવી, વિદ્યા ઈલમને ઉત્તજન આપ્યું, શેહેરની રચના વધારવા કોટની બાહાર ઘણાક બાગો બનાવ્યા, ભુજમાં સુશોભીત ગોથીક ઢબનો રૂ. ૧૮ લાખની કીમતે બુલંડ "પ્રાગમલ મેહેલ" બંધાવ્યો. અને ૧૮૭૦ માં રૂ. ૧,૫૦,૦૦૦ ખરચી "આલફ્રેડ હાઈ-સ્કુલ" ઉભી કીધી. મુંબઈની યુનીવરસીટીમાં પોતાના નામની બે "સર પ્રાગમલજી સ્કોલરશીપો' રૂ. ૨૦ અને રૂ. ૧૫ની સ્થપાવી, રાજ્યના જાણીતાં માંડવી બંદરનો ડક્કો બાંધવા રૂ. ૨,૦૦,૦૦૦ હેલાયદા કહાડયા, વીગરે શેહેરની રોનક રચના અને આબાદીમાં વધારો, અને રૈયતના લાભની જાલવણી કરી, સર પ્રાગમલજી ૧૩ વર્ષની ટુંક મુદત તુલીક ચંચલાઈથી રાજ્ય કરી, ભરજુવાનીમાં સ્વર્ગવાસી થયા. એમની જીંદગાની દોરી એમ ટુકમાંજ નહી તુટતે તો, બતાવેલી ઉલટ પરમાણે એઓ, આજ ભુજને, બેશક કંઈ ઓરજ દમાંમી

શેહેર બનાવી દેત. એ **મહારાવ**ને ઈંગ્રેજ સરકારે પોતાના ખરેખા મીત્ર ગણી, ઈ. સ. ૧૮૭૦ માં "ધી નાઈટ-ગ્રાંડ-કમાંનદર ઓવ ધી સ્ટાર ઓવ ઈનડીઆ" નો મોહોટો માન ભર્યો ખેતાબ આપ્યો હતો. એ સરકાર તરફથી એમને લશ્કરી તુકડી સાથ ૧૭ તોપોનું માન મલતું હતું. એ નીતીમાન, શખીવઝુડ અને ઈનશાફી **મહારાવ**, રાજ્યને સુધારી તેને નમુનદાર બનાવવાની ભર ઉમેદમાં, ૩૭ વર્ષની ખીલતી જુવાનીએ, 'ગુરદાના' દરદથી ૧૮૭૬ ની ૧ લી જાનેવારીએ સ્વર્ગવાસી થયા,—તેઓ **જાડેજા રજપુતો**ના વડા હતા. એમના મરણ પછે થોડે મહીને "જાડેજા-કોરટ" ની સત્તા, એ રાજ્યને હસ્તક આવી હતી. એઓ પોતાની પાછળ ૧ પુત્રી અને ૨ કુવરો મેલી ગયા, તેઓ માંહેલા વડા **બાપુભા**, હાલ **ખેંગારજી બહાદુર**ના નામથી તખ્તે બેઠા છે. તેમને ૧૮૭૫ ની ૨૯ મી દીસેમ્બરે ગાદી-વારેશ ઠેડવ્યા હતા. બીજા કુવર **કરણજી** ઉર્ફે **કાલુભા** છે. **ખેંગારજી બહાદુર**ની બાલ્ય વય તુલીક, ઈંગ્રેજ સરકારે, સ્વર્ગવાસી **મહારાવ સર પ્રાગમલજી**એ મરજી જણાવ્યા પ્રમાણે, ત્યાંનો રાજ્ય અધિકાર, "રીજનસીની કાઉનસીલ" જેનું નામ પાછળથી "કચ્છની કાઉનસીલ ઓવ એડમીનીસ્ટ્રેશન" કરી બદલાયું હતું, તે મારફતે ૧૮૮૪ ની ઓગષ્ટ સુધી ચલાવ્યો, કે જ્યારે **રાવ ખેંગારજી**એ ઉમ્મરમાં આવી તેનો પુરઅખત્યાર પોતાના હાથમાં લીધો. તે સઘલો વખત, દીવાન બહાદુર **મણીભાઈ**એ દીવાન તરીકે ચાલાકી અને પતીજ ભરી રીતે હોદ્ધો બજાવ્યો હતો, અને હાલ પણ બજાવે છે.

હાલના જુવાન **મહારાજાધીરાજ મીરજાં મહારાવ ખેંગારજી સવાઈ બહાદુર** ૧૮૬૭ ની ૧૬ મી ઓગષ્ટે જનમ્યા, તેઓ જાતે **જાડેજા રજપુત** છે. એમનો ગાદીઉપરનો હક કાયમ કરવાની ક્રીયા ૧૮૭૫ ની ૨૯ મી દીસેમ્બરે થયા પછે, ૧૮ વર્ષની ઉમ્મરે પુગી એઓએ રાજ્યનો પુરઅખત્યાર પોતાના હાથમાં ૧૪ ની નવેમ્બર ૧૮૮૪ ને દીને લીધો, તે વખતે ઈંગ્રેજ સરકાર તરફથી એમને એક 'તલવાર' અને 'વીંટી' ની ભેટ થઈ હતી. એમના એકજ ભાઈ **કાલુભા**, કેલવાયલા જુવાન છે. એ **મહારાવે** રાજકોટ "રાજકુવર કોલેજમાં" અચ્છો ઈંગ્રેજી અભ્યાસ કીધો છે. એમને **મહારાણી વીકટોરીઆ**એ કયસરેહીંદ બનવાની ખુશાલીમાં ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ એક સુશોભીત 'ઝુનડો' બક્ષ્યો, તેની ક્રીયા, મુંબઈના માજી ગવરનર **સર રીચર્ડ ટેમપલે** ભુંજ જઈ કીધી હતી. એમના રાજ્યની વાર્ષીક આવક રૂ. ૨૧,૦૦,૦૦૦ ની છે. એમની તીજોરીમાં ૧૮૮૪ માં રોકડ પુરાંત રૂ. ૧૪,૦૦,૭૦૦ ની હતી, તો ઈંગ્રેજી ગવરમેંટ લોનમાં રૂ. ૯,૦૨,૬૦૦ રોકેલા હતા. એઓએ, ખેતી ઈજારે આપવાની આગલી કઠણ રીત રદ કરવે, ૫૮,૮૦૮ એકર પડતલ જમીન વધુ ખેડાઈ, મેહેસુલમાં વધારો થયો, ૨ નવા ગામો વસ્યાં. એઓએ ખેડુતોની સગવડ ખાતર ૧૭૦ નવા કુવા બંધાયા, નવી નીશાળો, કન્યાશાળા અને શાખા-પોષ્ટઓફીસો ઉઘડી, પોતાની રૈયતમાંથી ઈંગ્લાંડ જઈ ઉંચી કેલવણી લેનાર ઉમેદવારને મદદ આપવા રૂ. ૨૦૦ ની માસીક "કચ્છ મહારાજા ખેંગારજી સ્કોલરશીપ" સ્થાપી, તો બીજી એક રૂ. ૨૦ ની એવીજ સ્કોલરશીપ વિદ્યાર્થીઓને એલમ હુન્નરનું ઉત્તેજન આપવા નેમી, પોતાની અશકત પ્રજાને આશરો આપવા રૂ. ૫૦,૦૦૦ નું "કચ્છ મહારાજા ખેંગારજી નિરાશ્રીત ફંડ" ઉભું કીધું. ભુજમાં, "ફરગ્યુસન મ્યુઝીયમ અને પુસ્તકખાનું" ખોલવા રૂ. ૩૨,૦૦૦ ભર્યા, પોતાની માતાજીના નામથી "નાનીબા સંસ્કૃત પાઠશાળા રૂ. ૨૫,૦૦૦ ને ખરચે ઉઘાડી, ૧૮૮૫ માં પોતે મુંબઈ આવી જવાની યાદમાં ત્યાંની સરકાર હસ્તક આપેલા રૂ. ૧૦,૦૦૦ ની ત્યાંઉઘડનારી "રીપન ટેકનીકલ કોલેજ" માં એક સ્કોલરશીપ સ્થપાશે. એજ સાલની માર્ચમાં એલમ હુન્નરને ઉત્તેજન આપવા રૂ. ૨૫,૦૦૦ ની રકમ હેલાયધી કાહાડી, સંસ્કૃત પાઠશાળા રૂ. ૨૫,૦૦૦ ને ખરચે ખોલી, અને પુષ્કળ જાતના વેપારી માલોની જગાત ઘટાડી, તો બે ત્રણ કહાડી નાખી, ત્યાંના વેપારને ખીલવ્યો છે.—એમના ભાયાદો બધા મળી ૨૦૦ થી વધું છે. ૧૮૮૪ ના જાનેવારીમાં એ રાવનાં થયલા લગ્ન વખતે ચાલુ રીવાજ પ્રમાણે "વધાવા" નામનો વેરો રૈયત પાસેથી લીધો હતો. એમનાં રાણી ગંગાબાએ ૧૮૮૫ ની ૪ થી સપતેમ્બરે એક પુત્રને જન્મ આપ્યો છે. એ **મહારાવ**, જામનગર, મોરબી, ગોંડલ અને રાજકોટના રાજ્યકર્ત્તાઓ સાથ એક લોહીના છે. એમને ૧૮૮૫ ની જાનેવારીમાં ઈંગ્રેજ સરકારે "સવાઈ બહાદુર" નો ખેતાબ આપ્યો. પોતાના હાલના કામોથી એ મહારાવ ભવીષ્યમાં એક સરસ રાજ્યકર્તા બનવાની પુરતી આશા આપે છે

**કચ્છ* રાજ્ય**—નો વિસ્તાર, રણબાદ કરતાં ૬૫૦૦ ચોરસ-માઈલ છે. ત્યાંની જમીનનો મોહોટો ભાગ પાહાડી અને રેતાળ છે, ફકત દક્ષિણે અથવા દરીઆકાંઠા તરફની જગ્યા સપાટ અને રસાળ છે. ત્યાંનો કાળો ડુંગર સૌથી ઉંચો ૧૪૩૭ ફીટ છે. 'રણ'નો ભાગ વાયવ્ય, ઉત્તર અને ઈશાન્યકોણ તરફ આવ્યો તે નીચી અને ખારી જમીનના પટથી બનેલો આશરે ૯,૦૦૦ ચોરસ-માઈલ છે. ત્યાં જંગલી ગધેડાં અને મોહોટી આંધીઓનો ભારે ઉપદ્રવ છે. એ પ્રાંત, પેહેલે ૨૫ માહાલોમાં વેંહેંચાયલો હતો, તેના હાલ ૮ ભાગો કીધા છે. જેમાં એકંદર ૩૨૫ ગામો છે, તેમાં ભાયાદોને આપેલાં, ધર્મસંબંધી એરાતમાં અપાયલાં, ઈનાંમી, રાજકુવરીઓને પલ્લામાં બક્ષેલાં, અને દરબારના ખાસ ખરચ સારૂ હેલાયધાં રાખેલાં, ઉમેરતાં ૮૭૮ ગામો થાય. ૮ માહાલો, રાપર, ભેંચાઉ, અનજાર, ભુજ, મુનદરા, લખપત, અબદાશા અને માંડવી છે, જે દરેક ઉપર મેહેસુલનો અધિકારી અમલ ચલાવે છે. ત્યાંની મુખ્ય ઉત્પત્તી, કપાસ, બાજરી, ઘંઉ, મગ, મઠ, જુવાર, ચણા અને તલની છે, અને છેલ્લી ગણત્રી પ્રમાણે કુલ વસ્તી ૫,૧૨,૦૯૦ ની છે. ત્યાં દરબારી ખરચે ૩ ઇંગ્રેજી સ્કુલો, ૧૧૦ નીશાળો, ૬ કન્યાશાળા, ૧ હુન્નરશાળા, ૧ ઉરદુ-ફારશી મદ્રેશા અને ૧ સંસ્કૃત પાઠશાળા ચાલે છે. એ રાજ્યને કેલવણીખાતાં પાછલ દરસાલ રૂ. ૯૦,૦૦૦, તો પોલીસ ફોજ પાછલ રૂ. ૯૩,૨૦૦ નો ખરચ થાય છે. મુખ્ય બંદરો મુનદ્રા, જખવું, અંજાર, લખપત અને માંડવી વગરે, બીજાં નાધલાં ૩ છે. કષ્ટમની વાર્षીક જગાત રૂ. ૨,૬૮,૦૦૦ થી કંઈ વધુ ઉપજે છે. ત્યાં બધી મલી ૫૩ પોષ્ટ-આફીસો તો ૮૪૮ તુરંગો છે. ત્યાંનાં તુનાં, બેટ અને દ્વારકાના બારાંઓમાં "દીવાદાંડી" બાંધી છે. ભુજથી ૨૦ ગાઉ દુર, અરધા માઈલના વીસ્તારવાલુ '**માંડવી**'નું મોહોટા વેપાર અને ધીકતાં બંદર ખાતર વખણાયલું શેહેર આવ્યું છે. ત્યાં મોહોટા બગલા, બતીલા વગેરે દેશી વાહાંણો બંધાય છે. એ પ્રાંતમાં બાંધકામના તરેહવાર રંગના પથ્થરો વગેરે 'ધાતુ' અને 'કોલસા'ની ખાંણો છે. ભચાઉમાં અને બીજે ઠેકાણે લોઢાંની ખાણ છે. થરવડુ, ત્રાંમબો, દુજાપોર, મુથલમાં અને છેકોરાની નદી કાંઠે, સરસ કોલસાની ખાણો છે. અબ્બાઉ ડુંગરમાં આરશપાહાણની, ગરડાના ડુંગરમાં ગંધકની, લખપતમાં ચીનીકામની અને માતાના મઢ તરફ સરસ ફટકીની ખાણો છે. કોલસો જાડાઈમાં પાતલો હોવે તેનો પ્રદેશમાં ખપ ન થતાં દેશમાંજ વપરાય છે.

* સંસ્કૃત "પાણીથી ઘેરાયલું" તેનું અસલ નાંમ, ભાગવતને આધારે "ભોજ-કટ" જણાવ્યું છે, પણ તે "અનુપ-દેશ" હતું, એવું હાલની શોધો ઉપરથી લગભગ નક્કી થાય છે.

**પાયતખ્ત ભુજ**—શેહેર, ડુંગરો વચ્ચે મજબુત કીલ્લેબંધીથી ઉભું છે, તેને રાવ ખેંગારજીએ ઈ. સ. ૧૫૪૮ માં વસાવ્યું. તેનાં અગ્નિકોણે, ૧ ગાઉને છેટેના ભુજ્યો ડુંગર ઉપરનો જુન્નો કીલ્લો—હાલ ઈંગ્રેજોના કબજામાં છે. એ ડુંગર ઉપર એક મોહોટો સર્પ (સંસ્કૃત "ભુજંગ") નું રેહેઠાણ હોવે, "ભુજ્યો" કહેવાયો, અને તે ઉપરથી શેહેરનું નામ "ભુજંગ નગર" પડયું, જે અપભ્રંશ થઈ હાલ ભુજ બોલાય છે. તો બીજી તરફથી†, ભુજનો અર્થ, રાવ ખેંગારજી-એ જાંમ રાવળને હાંકી કહાડી, બાપીકું રાજ્ય, બાજુ-બળથી (સંસ્કૃત "ભુજ") પાછું મેલવ્યું, તેથી, એ રાવે નવાં સ્થાપેલાં શેહેરને ભુજ નામ આપ્યું. ઈ. સ. ૧૮૭૨ ની ગણત્રી પ્રમાણે ત્યાં વસ્તી ૨૩,૮૧૮ ની છે. મોહોટા ખરચે બંધાયલો 'પ્રાગમલ મેહેલ' ઘણો સુશોભીત છે. ત્યાં દરબારી ટંકશાળ છે. રાજ્યને ખરચે આસ્પીટલ, ઈંગ્રેજી 'આલફ્રેડ હાઈસ્કુલ,' ૩ નીશાળો, ૨ કન્યાશાળા, ૧ દેશી-ઈંગ્રેજી સ્કુલ, કશરત શાળા, ઉરદુ અને અરબ્બી મદ્રેશા અને લાયબ્રેરી ચાલે છે. ત્યાંની બંધાયલી નવી જેલ અને દીવાંનાંઓ ખાતર ખુલેલું આશ્રમખાંનુ, શેહેરને વધુ સુધારા ઉપર જતું દેખાડે છે. ત્યાં નાદર બગીચા, સીલેખાનું, પથ્થર કાંમની નાદર નકશીવાળી મોહોટી પાદશાહી ઘોરો (છત્રી) જોવા લાયક છે અને ઘોડા, ઉંટ, અને હાથીખાનાં મોહોટાં છે. ત્યાં સઘલી જાતનો હુન્નર ફેલાયો છે. ત્યાનું સોના રૂપા ઉપરનું ઉમદા નકશી કામ ખુબ વખણાય છે, તો રેશમી ભરતનું અને મીનાકારીનું કાંમ, સુતરાઉ અને ઉનનું વણત, અને રૂપેરી કશબ કામ ઘણું સરસ ગણાયછે. ન્યાય, મેહેસુલ, રાજ્યદ્વારી, જાહેર બાંધકામ, કેલવણી, પોલીસ અને વૈદકને લગતાં દરબારી ખાતાઓ સરસ નીવડયાં છે. શેહેર સુધરાઈનું કામ ઘણા મોહોટા પાયા ઉપર ચાલે છે. રેગ્યુલર પોલીસ ૨૫૦ ઘોડેસ્વાર અને ૪૨૫ પેદલની બની છે. ત્યાં ન્યાયની ૩ મોહોટી અદાલતો છે.

† "પ્રોવીન્સ ઓવ કચ્છ".

**ઈંગ્રેજી કેંપ**,—ભુજ્યા ડુંગરી-કીલ્લાની જરા પેલી તરફ અને શેહેરથી સેહેજ દુર આવી છે. તે નાધલા વિસ્તાર અને આશરે ૪૫૦ માણસોની વસ્તીવાલી છે, જ્યાં મોહોટી બજાર અને શેહેરસુધરાઈ ખાતું છે.



સ્વર્ગવાસી

વાલાસાન નવાબ સાહેબ સર મોહોબતખાંનજી બાહાદુર બાબી. કે. સી. એસ. આઇ.

જુનાગઢના નવાબ સાહેબ.

THE LATE

H. H. SIR MOHOBUT KHANJEE BABEE BAHADOOR, K.C.S.I. — NAWAB OF JOONAGHUD.

Vincent Brooks, Day & Son, Lith. Lond



નવાબજાદા બાહાદુરખાંનજી. જુનાગઢની ગાદીના વારસ.

(હાલના જુનાગઢના નવાબ સાહેબ.)

H. H. PRINCE BAHADOOR KHANJEE — HEIR-APPARENT OF JOONAGHUD.

(THE PRESENT RULING NAWAB OF JOONAGHUD.)

# H. H. Sir Mahabat Khanji Babi Bahadur, K. C. S. I.,

## THE LATE NAWAB OF JUNAGAD.

THE Nawabs of Junagad trace their descent from a Pathan noble named Baba. Their ancestors stood in high favour at the Court of Delhi. The Emperor Sha Jahan rewarded the military services of Bahadur Khan Babi, the tenth in lineal descent from Baba, by a grant of territory, and conferred upon his son Shair Khan the title of "Shree Dewan." The Emperor Alamgir found a strong ally in another successor named Jafar Khan, who rescued Broach from the hands of a Rajput marauder and restored it to the Paramount Power. In the presents which he received from Delhi, and in the honours which were showered on him, Jafar Khan seems to have been the most fortunate of the whole dynasty. His title of "Safdar Khan" has made him generally known in history. His descendants inherited his capacity and founded the Babi houses of Radhanpor, Junagad and Balasindor, still exercising sway in Gujarat and Kathiawar. Salabat Khan, the son of Safdar, captured the fort of Porebunder, and the Delhi Durbar bestowed on him in A.D. 1729 the *Jagir* of Junagad.—It was this grant that put the Babi dynasty in possession of a territory which they have retained up to the present day. From the time of Salabat, the Babis of Junagad compelled the surrounding districts to pay subsidy under the name of "Jortulbee." On his demise, the territory came to be divided among his three sons. The whole of Junagad and the *Jagirs* of Balasindor and Virpor fell to the share of his eldest son Bahadur Khan, otherwise called Shair Khan, who came to the throne. He was a brave warrior. He defeated Pilaji Gaekwad, who had captured Baroda, then one of the most powerful and important cities in the Mogul Empire. The capture of Baroda led him to incorporate all his dominions with Ahmadabad, which became the chief seat of the Imperial power, in the province of Gujarat. In A.D. 1730 Shair Khan was invested with the title of **Nawab**, and in 1748 he established his power, on a more solid basis, by rigidly levying the *Jortulbee* on the districts of Hállár, Jalawar and Goilwar. Finally, by throwing off the yoke of the Delhi Empire, he not only succeeded in making Junagad the most powerful State in Kathiawar, but also left it a free and independent province to his successor Mahabat Khan. Nawab Hamid Khan succeeded his father Mahabat in 1774 and for the *first* time entered into a treaty with the "East India Company," to suppress piracy on the high seas and to abstain from the seizure of vessels that were wrecked on the Gujarat coasts. During the rule of these two Nawabs, Amarji the famous Dewan rose into power and played a conspicuous part in the Kathiawar politics. Hamid's successor Bahadur Khan was in danger of having his throne usurped by his minister, and it was not without British assistance that he regained his power in 1816. In return for this service, he was compelled to allow the British to recover the "Jortulbee" tribute from his feudatories, and to allow Nawabs to get $\frac{3}{4}$th of the sum realized. He proved a very warm friend and ally of the British, and ransomed a British military officer, by bestowing the principality of Virávader upon the Kathi *Grasia,* who had taken him prisoner at Kodinar. At the instance of the British, he took active measures in 1838 for the suppression of the odious custom of *Suttee* among

his Hindu subjects. He died in 1840 and was succeeded by the eldest of his two sons, Hamad Khan, who, however, dying at the tender age of 23, without issue, his younger brother, the late Nawab Sir Mahabat Khanji Babi Bahadur, ascended the throne in 1851 at the age of 14.

H. H. the late Sir Mahabat Khanji was a prince of the Babi House and belonged to the *Sooni* sect of Mahomedans. Among the princes and potentates of the province of Kathiawar, he held the rank of Chief Nawab. He was born on the 10th of May 1838. At the age of 14 he succeeded his brother as Nawab. During his minority the State was administered by his mother Najubi and a *Punch.* They struggled hard to retain their power and influence even after the Nawab had attained his majority, but were finally frustrated through the interposition of the Political Agent of Kathiawar and the Nawab was thus freed from tutelage. The Nawab attaining the age of 21 was entrusted with the full powers of his State. During his reign several improvements were effected in many parts of his dominions, particularly in the capital town of Junagad. Handsome and spacious buildings for the various departments of administration were erected, such as Courts of Justice, the Municipality and the Telegraph Offices, English Schools, Dharamsalas for the poor and Travellers' Bungalows. Throughout the whole territory there are 25 boys' schools, 5 girls' schools, 1 of Sanskrit and 1 Persian school maintained at the State expense, and also one English High-School built in the Rajkot Camp at a heavy outlay. The Capital also contains a large Hospital, a Dispensary and a Library. The State coins money in its own mint. The administration of the State, conducted by the Nawab with the assistance of three able Councillors, was characterised by several marked reforms. All the important judicial posts and other departments were entrusted to worthy and able officers, and the administrative affairs were organized on improved principles. A monthly paper was published containing official and other important notifications relating to the State. In addition to the British Post Office the Nawab organised the local post service which has been very successful, and opened a telegraph line between the Junagad and Dhoraji districts. The Nawab was distinguished for many princely qualities. His acts of generosity and his contributions towards all public objects likely to promote the welfare of the people are worthy of notice. His charities amounted to the aggregate sum of Rs. 4,00,000. He was a life-member of the "East India Association of London" and of the "Royal Asiatic Society." In commemoration of the beneficial rule of Lord Northbrook as Viceroy of India, His Highness gave Rs. 15,000 for founding 8 scholarships to be awarded to the most successful scholars in the Junagad High-School. He also founded scholarships to be held at the Grant Medical College in Bombay and the Civil Engineering College at Poona, by Kathiawar students, willing to prosecute their studies in those institutions. His character as a good ruler, and his friendship towards the English, received fit recognition when he was created a "Knight-Commander of the most exalted order of the Star of India" and was awarded a salute of 15 guns and a Guard of Honour, by Her Imperial Majesty, on the 1st January 1877, through the then Viceroy of India. At the Imperial Delhi Durbar His Highness was also presented with a standard or *Joondah* and a gold medal. He died in September 1882, leaving the eldest of his three sons, Prince Bahadur Khanji, otherwise called Bapumia Sahib, to succeed him to the *Gadi.*

The present Nawab H. H. Bahadur Khanji is a worthy successor of his father. He is an intelligent youth of 30, born on the 22nd of January 1856, and was installed shortly after his father's demise. In March 1885 he instituted two monthly "Travelling Fellowships" of Rs. 175 each, and another of Rs. 150, to enable his subjects to proceed to England to study Law, Medicine, and Civil Engineering. The Prince promises to be a worthy Ruler of Junagad.

*THE STATE OF JUNAGAD*—which is under the dominion of the present Nawab, was in ancient times very extensive while under the Mogul Empire, when the Province of Káthiawár or Saurástrá was called the "*Sarkar of Sorath.*" The portion then inhabited by the Kathis coming from Sindh was *alone* known as Kathiawar, but in the 18th century A.D. the name of the sub-division of the Province was generally applied to the whole of the peninsula of Saurástrá or Sorath. Modern Junagad is only the Southern part of ancient Kathiawar or Sorath, comprising an area of 3,263 square miles, with a population of 387,000 and having a fine fertile soil. It is one of the four first class States of the Province. The aspect of the territory is hilly, though there are extensive plains of exceedingly rich soil. The highest range of hills is that of the noble Mount Girnar, sacred to *Nimnath*, where valuable stone mines are to be found. The powerful Asoká of the Maurya Emperors, who flourished early in the 3rd century, B.C., has left lasting memorials of his famous edicts inscribed in the *Páli* language, on the rocks of Girnar, which even at that time was a place of note. Its highest peak called "Gorakhnath," is 3,666 feet high. The most extensive ridge is that of the Gir districts. The valuable and extensive forests of Gir and Girnar contain numerous villages. The principal products of the country are *wheat*, *bajri*, *jauwar*, *mug*, and *cotton*. The State salt-pans have yielded less revenue since 1879, when salt was regarded as a source of revenue by the Government of India and the Junagad State was forbidden to export it into British territory. Besides Mount Girnar, there are in Junagad, Somnáth Patten, Toolsisone, Mool Dwarka, all places held sacred by the Hindoos, especially Somnáth Patten is known by various names. The 4 sea-ports Varavul, Mánglore, Návibandar and Bhárai and 2 towns Junagad and Wanthli are well known. There are in all 36 Criminal, 25 Civil Courts, an Appeal Court and over all a final Court of Appeal presided by the Nawab and two of his ministers. There are 5 local post offices in the whole territory. The whole income of the State, consisting of 890 villages, is Rs. 30,00,000, Rs. 6,564 being the tribute due to the British, and Government, Rs. 8,600 being the amount of the *Jortulbee*, which the Nawab recovers, through the English, in accordance with treaty engagement of 1821.

*THE CAPITAL OF JUNAGAD*—is a fortified town, built at the foot of the Girnar hills and surrounded by a ditch cut entirely out of the solid rock. The fort was constructed in A.D. 1472 by Sultan Mahmood Bagda of Gujarat. The population according to the latest census is 24,679. The town is most picturesque. There is a local Post Office, a Telegraph Office, two Travellers' Bungalows and two *Dharamsalas*. The name Junagad, viz., "old-fort," is in all probability derived from Upper Kote, an ancient citadel (supposed to be the Junagad of old). Interesting Buddhist caves are found, both in the Kote and the surrounding rocks. The Kote, the Mount Girnar and its stronghold, are well known from the remotest antiquity.

# સ્વર્ગવાસી

## સર મોહોબતખાનજી બાબી બાહાદુર, કે. સી. એસ. આઈ.,

### જુનાગઢના નવાબ સાહેબ.

જુનાગઢના નવાબો "બાબી" વંશથી ઉતરેલા છે. તેનો મુળ સ્થાપનાર **બાબા**, પઠાણ જાતનો પુરૂષ હતો. તો બીજી તરફથી એને વીશે બોલાય છે કે, **અલીની** ૨૧ મી પેઢીએ ઉતરેલો, જે **સૈયદ બાબી** તે એજ હતો. એની ૯ મી પેઢીએ ઉતરેલો **ઉશમાનખાન**, પેહેલવેહેલો ઇસ્ફાહાનથી આવી દીલ્લીના હુમાયુન શાહની ખીદમતમાં રહ્યો હતો. તેનો બેટો બાહાદુરખાન બાબી, શાહેજ્યાનની ખીદમતમાં હતો, કે જે શાહને તેના ભાઈ પરવીજ સાથે લડતાં નામોશી ભરી હાર ખાતાં બંચાવી લે, બાહાદુરે જીવ ઉપર એડી, ભારે મરદાંનગી બતાવી, જીત મેલવીહતી, જેના બદલામાં શાહે, તેને "શીહેર" નો ખેતાબ વીગેરે ગુજરાત માંહેલા કડી અને શ્રાદ ગામોની જાગીરી બક્ષી હતી. એને લુટારા એવાસીઓને પુરતાં જેર કરી, લાહોરમાં, દીલ્લીની સત્તા સામે ઉઠેલું બંડ બેસાડી નાખી, ઘણાક શેહેરો ફત્તેહ કરી, શાહાનશાતને તાબે કીધાં હતાં, જેના બદલામાં દરબારતરફથી તેને પેહેલે "હજારી" અને પછી "બે હાજારી મનસબ*" અથવા રૂ. ૨,૦૦૦ નું વરસાંન બાંધી આપ્યું હતું. એના ૭ માંહેલા ૪ થા બેટા શેહરખાનને, શાહજ્યાએ, પોતાનો બેટો મુરાદબક્ષ, જે ત્યારે દીલ્લી તાબેના અમદાવાદનો વાઈસરોય હતો, તેના હાથ હેઠળ રાખ્યો હતો. તેણે, ગુજરાતના એક જાણીતા લુટારાને જેર કરી, નવાનગરના જામ શાયસીંહજીને દીલ્લીને તાબે રેહેવાની ફરજ પાડી હતી. એને, શાહાનાશત તરફથી "સાત હજારી મનસબ"નો ઇનામી લવાજમ બાંધી આપી, ૭૦૦ સ્વારોની સરદારી બક્ષી હતી. એ ઘણા બાહાદુર લડવૈયાએ, ઘણીક ફત્તેહો મેલવી, પુસ્કળ બંડો બેસાડી નાખી, તે વખતનાં દીલ્લી તાબેના બરોડાના ગવરનરનો હોદ્ધો મેળવી કીમતી સેવા બજાવવાના બદલામાં, શાહાનશાત તરફથી, "શ્રીદીવાન"ના ખેતાબ વીગરે પાટણની જાગીરીની બક્ષેસ મેલવી હતી. એના ૪ બેટાઓ માંહેલા જાફરખાંન ઉર્ફે શફદરખાંન, દીલ્લીના ઔરંગજેબ (આલમગીર)ની હુજુરમાં હ. સ.† ૧૦૬૮ ઈ. સ. ૧૬૫૪ માં રહ્યો હતો; તેણે પોતાના બાપનો ખેતાબ અને જાગીરી વતરીગે "સાત હજારી મનસબ"નો લવાજમ મલ્યો હતો. એને ભારી મરદાનગીથી ભરૂચને પાછું તાબે કરવે, દરબાર તરફથી "શફદરખાં" એટલે લશકરને તોડનારનો ખેતાબ મલ્યો હતો. એ શાહાનશાત તાબેના અમદાબાદ ઉપર, ધના જાદવની સરદારી હેઠલ ઈ. સ. ૧૭૦૫ માં ચઢી આવેલા **મરાઠાઓની નર્મદાને** પેલે કાંઠે સામે થઈ લડતાં પોતે ઘણોજ જખમી થયો, અને તેનો એક બાહાદુર બેટો માર્યો ગયા પછી, શફદર, તેઓને હાથ કેદ પકડાયો હતો, કે પછી તુરતજ તેઓ સાથે સમજુતી કરી છુટો થઈ, અમદાવાદ ગયો હતો. એણે બજાવેલી પુસ્કળ અગત્યની સેવા ખાતર, શાહાનશાત તરફથી જુદે જુદે વખતે વિજાપોર, ઈદર, ઘોઘાબંદર, મુજપોર, દાથા, મહવા, વાલાસીનોર, અને વીરપોરની જાગીરીઓ ઇનામમાં મલી હતી. એણે,—તે વખતનું અમદાવાદ, જે ગુજરાત માંહેલું એ શેહેનશાહીસત્તાનું મુખ્ય મથક ગણાતું હતું, ત્યાંના સુબાનો અખત્યાર ઈ. સ. ૧૭૨૧ ને આશારે ચલાવ્યો હતો. એ ભાગ્યશાલી બાબી, ઈ. સ ૧૭૨૩ માં સ્વર્ગવાસી થયો, તેની ઓલાદ, આજપણુ કાઠીઆવાદ તેમજ ગુજરાતમાં જુદી જુદી મોહોટી હાકમી ભોગવેછે તેઓ. તેની ૫ મી પેઢીથી ઉતરેલા "રાધનપુર"ના **નવાબ**, અને ૨ જી પેઢીથી ઉતરેલા "રાણુપોર"ના રાજ્યકર્ત્તા છે, તો "**બાંટવા**", "**માનાવદર**" અને "ગીદર" ના ખાન સાહેબો, શફદરના વડા બેટા **સલાબતખાંનની** ઓલાદથી, અને **બાલાસીનોરના બાબી**, તેના બેટા **બાહાદુરખાંનની નશળથી** ઉતરેલા છે. શફદરખાંનના ૯ બેટાઓ માંહેલા વડા **સલાબતખાંન બાબી**, બાપની હૈયાતીમાંજ ઈ. સ. ૧૭૦૬ માં બાહાદુરશાહની ખીદમતમાં રહેલો હતો. તેને ૨૫૦ સ્વારોની સરદારી અને "પાન **શદીજાત** મનશબ" નો લવાજમ મલ્યો, તેનો દરજ્જો દરબારમાં ઘણો ચઢતો હતો, અને ખરી ઈમાનદારીથી મોહોટા હોદ્ધા બજાવવાખાતર વીરમગામનું પ્રગણું તેને ઇનામમાં મલ્યું હતું, "બાબી વિલારા"માં જણાવ્યું છે કે, **સલાબતખાને** ભારી બાહાદુરીથી, પોરબંદરનો કીલ્લો જીતવા ખાતર—દીલ્લી દરબારે, એને, જુનાગઢને લગતાં સઘલાં ગામોની જાગીરી અને તેની વસુલાત લેવાનો હક હ. સ.

* "મનસબ," એટલે વરસાંન.

† હ. સ. તે હેજરી સને.

૧૧૪૧ (ઈ. સ. ૧૭૨૭) ને આસરે લખતથી બક્ષ્યો હતો. એમ, એ વખતથી જુનાગઢ પેહેલવેહેલ્લું બાબીઓને તાબે ગયેલું, તે હજુણસુધી તેઓનાજ હાથમાં રહ્યું છે. સલાબતખાંનના વખતથીજ, જુનાગઢના બાબીઓની લેવાતી જમાબંધી તે "જોરતલબી" શરૂ થયેલી વીચરાયછે. એ બાબી ઈ. સ. ૧૭૨૯ માં ૩ બેટાઓ મેલી સ્વર્ગવાસી થયો. તેઓ માંહેલા વડા બાહાદુરખાન ઉર્ફે શેહેરખાનને, સલાબતે, પોતાની હૈયાતીમાંજ, જુનાગઢનો પુરો અખત્યાર અમલ સોંપ્યો હતો. એ વખતે દીલ્લીના તખતઉપર મહમદ શાહ હતો.* તેને, શેહેરખાને, ગુસ્સે થવાનું મજબુત કારણ આપવે, તેને, જુનાગઢ વગેરે જપત કરાવ્યું હતું, જે, અમદાવાદના સુબા અભેસીંહજીએ વચ્ચે પડી પાછું આપ્યું હતું. વડોદરૂં, એ વખતે દીલ્લીને તાબે અને અમદાવાદની સત્તા હેઠળ હતું, તે ઉપર પીલાજી ગાયકવાડ ચઢી આવવે, તેને બાહાદુરીથી પાછો હઠાવવાના બદલામાં શેહેરખાંનને, શાહાનશાહ તરફથી **નવાબનો** એતાબ મલ્યો હતો. એમ, બાબી સરદારોમાં—પેહેલવેહેલો નવાબનો માન ભર્યો એતાબ મેલવનાર એ હતો. એણે કપડવંજનો કીલ્લો દુશ્મનોના હાથમાંથી છોડવ્યા ઉપરાંત, ઘણીક મોહોટી ફત્તેહો મેલવી, શાહાનશાત તરફથી "બહાદુર" અથવા "શેહર" નો એતાબ મેળવ્યો હતો. એ એતાબોમાં છેલ્લો શબ્દ "ખાં" ઉમેરી, એ બે નાંમોથી, એને, તવારીખમાં જણાવેલો છે. શેહેરખાંને હ. સ. ૧૧૬૧ ઈ. સ. ૧૭૪૭ માં, જુનાગઢમાં પોતાની સત્તા ખુબ મજબુત કરી, આસપાસના રાજ્યોમાં પોતાના નામનો ડર અને સત્તાની દેહેસ્ત બેસાડી, હાલાર, ગોહલવાડ, ઝાલાવાડ વતરેગે તાલુકાઓ ઉપર "જોરતલબી" ની ખંડણી નાંખી હતી.—હવેથી તેના ઉપર દીલ્લીની સત્તા ફકત નામનીજ રહી હતી, સબબ કે, શાહાનશાહી કુટુંબમાં ફુટફાટ ચાલી, વળી પ્રદેશી દુશમનોના ધુજારા થતા રેહેવે, તે નબલી બનતી ગઈ હતી. એ નવાબ, શાહ ૨ જા આલમગીરના વખતમાં ઇ. સ. ૧૭૫૮ માં સ્વર્ગવાસી થયો. તેની થોડાં વર્ષ અગાઉ—તદ્દન સ્વતંત્ર બન્યો હતો. શેહેરખાં, જુનાગઢના બાબીઓમાં છેલ્લો ચુનંડો થઈ ગએલો વીચરાયછે.† શેહેરખાંનના ૩ બેટાઓ માંહેલો વડો માહાબતખાંન, જુનાગઢની ગાદીએ બેઠો ત્યારે હમેશાના રાબેતા પ્રમાણે, દીલ્લી શાહનશાહનો હુકુમ મંગાવ્યો નહીં હતો. એ નવાબનો ઉમરજી દીવાન, રાજ્યની ઠીક સેવા બજાવી, સત્તા વધારી ગયો. તેણે ઈ. સ. ૧૭૭૦ માં માંગરોળના શેકમીઆને હાર આપી, ૪ કીલ્લા જીતી લેવા ઉપરાંત, કુટીઆનું પણ જીતી લે જુનાગઢ તાબે કીધાં હતાં, એ નવાબના વખતમાં જુનાગઢ ઉપર ગાયકવાડી "પેશકશી" અથવા ખંડણી લાગૂ પડી ચાલુ થઈ હતી. માહાબતખાનજીએ ઈ. સ. ૧૭૭૦ માં આ દુનીયા છોડી, તેનો વડો બેટો હામદખાનજી ૧૭૭૫ માં, ૧૩ વર્ષની વચ્ચે ગાદીએ બેઠો, તેટલાં સુધી રાજ્યની સંભાળ દીવાન ઉમરજીએ રાખી હતી. તેણે ૧૭૭૮ ને આસરે માંગરોળનું અડધું પ્રગણું તેની મેહેસુલસાથ, જુનાગઢના તાબે લીધું હતું. એ ચંચલ દીવાને હવે છકી જૈ, પોતાની મરજી પ્રમાણે સત્તા ચલાવવામાંડી, નવાબતરફ ખુલ્લી મગરૂરી બતાવી, અને બેદરકાર બન્યો, તેથી ૨૦ વર્ષની કાચી ઉમ્મર અને અનુભવના જુવાન નવાબનું દીલ દુખ્યું હતું, તેવામાં એ નાગર દીવાનના દુશ્મનોએ, તેને ઉશકેરવે, તેણે, તેને મારી નંખાવ્યો હતો. જે પછી એ રાજ્યમાં હોદ્ધા ભોગવી ગયલા ઘણાક નાગરો, તેઓમાં મુખ્ય કરી ઉમરજીના બે પુત્રો રૂઘનાથજી અને રણછોડજી દીવાનગીરી ભોગવી ગયા. તેઓમાંના કોઈએ એ નવાબની વિરૂદ્ધ લશ્કરને ઉશકેર્યું હતું, તો બીજાઓએ તેને નાંણાંસંબંધી અને બીજી મોહોટી આપદા અને અડચણોમાં નાંખવા, અને દીવાનગીરી ભોગવવા વીશે વહીવટદારોમાં રોજના ચાલતા જબરા કંટાળાભર્યાં કજીઆ વીશે **કરનલ વોકર** લંબાણથી જણાવી ગયોછે. ઉપલા દીવાન રઘુનાથજીએ ઈ. સ. ૧૭૮૭ માં કેસોદ અને તેને બીજે વર્ષે રાણા સુલતાનજી પાસેથી ચોરવાડ ફતેહ કરી જુનાગઢની સત્તામાંજ જોડી નાખ્યાં હતાં. એ નવાબ સાથે, ૧૮૦૮ ના જાનેવારીમાં "ઈસ્ટ ઈનડીઆ કુંપનાની" સરકારે, તેની સત્તામાં ચાંચીઆ ચોરોને આશ્રય નહીં આપવા, તેમજ ભાંગેલાં વાહાણો ઉપર પોતાનો હક લાગુ નહીં પાડવા કરાર કીધા હતા. નવાબ હામદ ખાનજી ૧૮૧૨ માં જીનતનશીન થયા, તેમની પાછળ તેનો એક પુત્ર બેટો બાહાદુરખાનજી ૧૮ વર્ષની વચ્ચે ગાદીએ બેઠો, પછી તુરતજ તેના અરબ દીવાન ઉમરમુખાશને, શીબંદી‡ લશ્કરને મેલવી લેઈ રાજ્યસત્તા અને ત્રીજોરી, તે દબાવી બેઠો: તેથી નવાબે ૧૮૧૫ માં ઈંગ્રેજ સરકાર સાથે બંદોબસ્ત કરી, તેની મદદ લેઈ, સત્તા દબાવી બેઠેલા ઉમર અને ફરી બેઠેલાં અરબ શીબંદી લસ્કરને જુનાગઢમાંથી હાંકી કહાડયાં હતાં. પછે, નવાબે ઇંગ્રેજ સરકારસાથે ચાલુ બંદોબસ્ત રાખવા ૧૮૧૬ ની ૨ જી મેએ લખત કીધું, તેની ૩ જી કલમ પ્રમાણે પોતાની "જોરતલબી" ની ખંડણી એ સરકાર મારફતે વસુલ કરવા અને તે મેહેનતના બદલામાં તેનો ૦। ભાગ આપવા અને પોતે પોણો ભાગ લેવા કબુલ્યું હતું. ૪ થી કલમ મુજબ ધંધુકા, રાણપોર અને ઘોઘા વીગેરે બીજા પ્રગણાં ઇંગ્રેજ સરકારને દોસ્તી બદલે આપી દીધા હતા. વળી ૧૮૧૭ ની ૧૩ મી એપ્રેલે થયેલાં બીજાં વધારાના લખતથી ધોલેરાનું બંદરવાળું ગાંમપણ એ સરકારના માગવાથી આપી દીધું હતું. નવાબે, એ સરકારની ભલામણથી ૧૮૩૮ ની ૩ જી જાનેવારીએ, જુનાગઢમાં, સતી થવાનો રીવાજ બંધ પાડયો હતો.—એમ જુનાગઢમાં ઇંગ્રેજોનો પેહેલવેહલો પગ પસારો થઈ, તે

*હીંઆ, "બાબીવીલાશ" અને "મીરાતેહેમદી," તવારીખો એક બીજાંથી ઉલટી જઈ, આડી ફાટી, ગુચવણમાં નાખેછે.

† બાબી નવાબો વીશેની તવારીખો "મીરાતેહેમદી" અને "બાબી વીલાશ," હીંઆંથી તદ્દન બંદ થાય છે.

‡ કાંમ પડે, લડવા, ભાડે રાખેલું આરબ લશકર.

સાથ મીત્રાચારીનો મજબુત ગાંઠ બંધાયો હતો. એ નવાબ ૧૮૪૦ ની ૨૭ મી મેએ ૨ બેટા મેલી સ્વર્ગવાસી થયા. તેઓ માંહેલા વડા, ૨ જા હામદખાનજીના નામથી, ૧૨ વર્ષની વયે ગાદીએ આવી ૧૧ વર્ષો અમલ કરી રાજ્ય સુધારી બીન વારેસો સ્વર્ગવાસી થયા. તેમની પાછલ તેમના નાધલાભાઈ, તે હાલ સ્વર્ગવાસી થયલા નવાબ સાહેબ સર મોહબતખાંનજી, ૧૪ વર્ષની નાધલી વયે ગાદીએ આવ્યા હતા, તેઓને ધટતી ઉમ્મરે આવતાં સુધી રાજ્યનો કારભાર ૩ ગૃહસ્થોની ઠેરવેલી 'પંચે' ચલાવ્યો તે વખતે નવાબસાહેબની મા **નાજુ બીબીએ**, રાજ્ય વહીવટમાં મજબુત હાથ રાખી પંચની સત્તા સામે મજબુત હરકતો કરતી રહેવે, ઇંગ્રેજી પોલીટીકલ એજંન્સીએ, ૧૮૫૯ માં વચ્ચે આવી, પંચનું બંધન ફેરવી, તેનું "કાંઉનસીલ ઑાવ રીજંન્સી" નામ આપી, તેનોજ હોકમ બજાવવા, ત્યાંનાં આરબ શીબંધી લશ્કરને સખ્ત હોકમ કીધો હતો. જેનો કારભાર ૭ વર્ષો ચાલ્યા પછે, આ હકીગતને લગતા સ્વર્ગવાસી નવાબ સાહેબ સર મોહોબતખાનજી કે. સી. એસ. આઈ. એ ૨૧ વર્ષની ઉમ્મરે પોંહોચી, જુનાગઢની પુર અખત્યાર સત્તા પોતાને હાથ લીધી હતી.

સ્વર્ગવાસી **સર મોહોબતખાંનજી**, **બાબીવંશના**, ઈશલામી કોમનાં 'સુની' પંથના અને કાઠીઆવાદ પ્રાંતના પેહેલ્લા વર્ગના રાજાઓમાં વડા રાજ્યકર્ત્તા નવાબને, ૧૮૩૮ ની ૧૦ મી મેએ ; હ. સ. ૧૨૫૩ ના સફરની ૧૫ મી તારીખે **તાજુબીબી** સાહેબે જન્મ આપ્યો હતો. એઓ ગુજરાતી અને ઉરદુ જાણતા હતા, અને ૨૧ વર્ષની પુખ્ત ઉમ્મરે પુગી, રાજ્ય સત્તા હસ્તક લીધી હતી. તે વખતે રાજ્યની વાર્ષીક આવક ૨૨,૩૪,૦૦૦* કોરી અથવા રૂ. ૬,૩૮,૨૮૫ ની હતી. તેમાં તેમના થઈ ગયેલાં ૪ મુખ્ય મેહેનતું અને ચંચળ રાજ્યકારભારીઓના સારા વહીવટથી ટુક વખતમાં રૈયત ઉપર કરનો કશો બોજો ન પાડતાં ૩૫,૦૦,૦૦૦, કોરી અથવા રૂ. ૧૦,૦૦,૦૦૦ ઉપજવા લાગી તેમાં પણ પાછલથી વધારો થઈ હાલ રૂ. ૩૦,૦૦,૦૦૦, ઉપજેછે. એ નવાબ સાહેબના વખતમાં મુળપાયે ઘણાક સુધારા થવે, જુનાગઢ સુધરેલાં શેહેરોની શંકમાં આવ્યું, ત્યાં મોહોટી સુશોભીત ઘણીક નવી ઈમારતો જેવી કે કોરટો, જેલ, મ્યુની-સીપાલ ઓફીસ, ઓસ્પીતલ, પોલીસની, રસાલાની, પેદલરીજમીટોની, ઘોડેસ્વારોની અને તોપખાનાની મોહોટી લાઈનો, ઘોડાખાનાં, હાથીખાનું, બંગલાસાથની સાઠમારી, મુંબઈનાં "એલફીનસ્ટન સરકલ" ની ઢપે બંધાયલા અર્ધ-ગોળાકાર સર્કલ, કચેરી, મુસાફરી બંગલા, મુસાફરખાનું, (જેના ચાલુ ખરચ સારૂ એક ગામની ઉપજ આપીછે), ટેલીગ્રાફ ઓફીસ, સંસ્કૃત પાઠશાળા, ગુજરાતી નીશાળ, કન્યાશાળા, આઈનામેહેલ, ઈંગ્રેજી હાઈસ્કુલ અને બીજા ઘણાંક જાહેર મકાંનો બન્યાં. રાજ્ય સુધારામાં, ન્યાય અને દફતર ખાતાંના લાયક ઉપરી અધીકારીઓને જવાબદાર ધરી તેમને હસ્તક સોંપ્યા, દીવાની અને ફોજદારી કાયદાઓને સુધરેલાં ધોરણે રચી ચાલુ કીધાં, પોલીસ ખાતું ગાળી કાહાડી મજબુત કીધું. નવું ઈજીનીએર ખાતું, જમીનની માપણીનું અને શેહેર સુધરાઈ ખાતાં સ્થપાયાં. "સૌરાષ્ટ્ર નીતિપ્રકાશ" છાપાખાનું ઉઘાડી, તેમાંથી "દસ્તુરલ અમલ સરકાર જુનાગઢ" નામનું દરબારી ગુજરાતી માસીક પત્ર બાહેર પાડયું. મોહાટા ખર્ચે ઓસ્પીટલ અને ધર્મનું દવાખાનું ખોલ્યું; કેલવણીનું નવું ખાતું સ્થપાયું, "સૌરાષ્ટ્ર ડાક" નામથી દરબારી પોસ્ટખાતું ઉઘડી સરસ રીતે ચાલતું કીધું. "બાહાદુર લાયબ્રેરી" નવી ઉઘાડી, જુનાગઢથી ધોરાજી સુધી ટેલીગ્રાફ લાઈન ઉઘાડી, ટંકશાળમાં સુધરેલા સાંચાકામથી સીકકા પાડવા માંડયા, નવી બોડી-ગાર્ડ, રસાલો, ૨ પેદલ રીજમીટો, ઘોડેસ્વાર લશ્કર અને તોપખાનાંનાં નવાં લશકરો ઉભાં કીધાં. આખ્ખાં સંસ્થાનમાં નવી સડકો બંધાવી અને ૬ માહાલો, વેરાવલ, ભંદુરી, માલ્યા, વંઠલી, ભેંસાણ અને મજવરીને નવે પાયે કીલ્લેબંધ કીધાં. એઓ, રાજ્યના કેલવણીખાતાં પાછલ દરસાલ રૂ. ૧૬,૮૨૫. ઓસ્પીતાલ, ધરમનાં દવાખાના અને દેશી વૈદોને ચાલુ પગાર આપવા રૂ. ૩,૦૦૦, અને શીતલા ખાતા પાછલ રૂ. ૧,૫૦૦ નો ખરચ કરતા હતા, તો રાજકોટ એજંનસીનાં કેલવણી ખાતાંને અને ત્યાંની ૩ ઓસ્પીતાલોને દર સાલ ચાલુ રૂ. ૪૧૦૫ ની અને ઈસ્ટ ઈનડીઆ એસોશીએશનને દરસાલ ચાલુ રૂ. ૮૦૦ ની મદદ કરતા હતા. એમની, રાજકોટ રાજકુવર કોલેજને, જુદાં જુદાં શેહેરોની લાયબ્રેરી અને કેલવણી ખાતાંઓને, રાજકોટમાં હાઈસ્કુલ બંધાવી આપ્યા ઉપરાંત ત્યાંની કશરત શાળા, હુન્નર શાળા, મુસાફરી બંગલો વીગેરે બાંધવાના ફંડોને નાના, મોહાટા પુલો અને રસ્તાઓ બાંધાવા ખાતર અને મુંબઈની ગ્રાંટમેડીકલ કોલેજ અને બીજી વૈદક શાળાઓને, જાહેર બાગોને, મેમોરીયલ તેમજ દુકાળ, તોફાંન, અને રેલોથી પીડાયલાઓને મદદનાં

* "દીવાનશાહી", ૩ા કોડીનો રૂ. ૧ થાયછે.

ફંડોને અને તવારીખ સંબંધી શોધ કરવાનાં, દેવળો બાંધવાનાં, વીગરે ફંડોમાં કીધેલી જાહેર બક્ષેસોની એકંદર રકમ રૂ. ૪,૦૦,૦૦૦ થી વધુ થવા જાએછે. તો એઓએ દરસાલ ચાલુ કીધેલી બક્ષેસ રૂ. ૫૦,૦૦૦ કરતાં વધું થાએછે. કે જે હાલના નવાબ સાહેબે પણ ચાલુ રાખીછે. મરહુમ નવાબે પોતાના રાજ્યમાં બોહોલો સુધારો કરવા ખાતર, મુંબઈ સરકારે, એમની ઉપર ૧૮૭૩ ની ૩૧મી આકટોબરે એક પત્ર લખી વખાણ કીધી હતી. એ નવાબ "ઈસ્ટ ઈનડીઆ એસોશીએશન"ના લાઈફ મેમ્બર અને "રોયલ એશીઆટીક સોસાયટી" ની મુંબઈવાલી શાખાના સભાસદ હતા. જુનાગઢ હાઈસ્કુલમાં લોર્ડ નોર્થબ્રુકના નામથી ૮ વાર્ષીક સ્કોલરસીપો સ્થાપવા એઓએ રૂ. ૧૫,૦૦૦ આપ્યાછે. તો, એઓએ બીજી અનામત મુકેલી રકમમાંથી કાઠીઆવાદના વિદ્યાર્થીઓને મુંબઈની એલફીનસ્ટન કોલેજ અને પુણાની ઈનજીન્યરીંગ-કોલેજમાં "લૅટયુશ-સ્કોલરશીપ" દરશાલ રૂ. ૨૪૦ નું ઈનામની અપાય છે. એ નવાબને ઈંગ્રેજ સરકારે પોતાના વીશ્વાસુ મીત્ર તરીકેની ઈધાંનીમાં "નાઈટ કમાંડર ઓવ ધી મોસ્ટ એકઝોલટેડ ઓરડર ઓવ ધી સ્ટાર ઓફ ઈનડીઆ" નો ખેતાબ આપ્યો, તેની ક્રિયા ૧૮૭૧ ની ૧૭મી દીસેમ્બરે રાજકોટમાં, કાઠીઆવાદી રાજાઓ અને સરદારોની ભરાયલી દબદબા ભરી દરબારમાં થૈ હતી. ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ મહારાણી વીકટોરીઆએ, કયશરેહીંદનો ખેતાબ લેવાની ખુશાલીમાં, એ નવાબને ત્યારસુધી મલતાં ૧૧ તોપોનાં માનમાં વધારો કરી ૧૫ તોપોનું કરવા ઉપરાંત એક ઝુનડો અને સોનાનો ચાંદ ભેટ આપ્યો હતો. ઈ. સ. ૧૮૭૯ માં કાઠીઆવાદમાં ચાલેલા ભારે દુકાલની વખતે, નવાબે પોતાની ગરીબ રૈયતને પાળવા રૂ. ૧,૦૦,૦૦૦ ની રકમનાં જાહેર બાંધકામો ખોલ્યાં હતાં. નવાબ, પોતાના વડીલોથી ઉતરેલા હક પ્રમાણે, કાઠીઆવાદના રાજ્યો— ધ્રાંગદ્રાં, નવાનગર, ભાવનગર, પોરબંદર, પાલીતાણા, વાંકાનેર; અને મોહોટાં તાલુકાઓ, લીમડી, વઢવાણ, થાન, મુળી, સાયેલા, ચુડા, જસધણ, ગોંદલ, વીરપોર, રાજકોટ, ધ્રોલ, માલ્યા, વલા, લાઠી, વગેરે બીજા નાધલા ૨૬ તાલુકાઓ અને મોહોટાં નાંનાં બધાં મલી ૮૭ ગાંમો પાસેથી પોતાની "જોરતલબી" ની ખંડણી, ૧૮૨૧ થી થયેલાં લખત પ્રમાણે ઈંગ્રેજ સરકાર મારફતે વસુલ કરતા હતા.* તેની થતી વાર્ષીક વસુલાત રૂ. ૮૬,૦૦૦ માંથી (ઉપર જણાવ્યા પ્રમાણે બાહાદુર ખાંનજીના વખતમાં થયેલા બંદોબસ્ત મુજબ) ઈંગ્રેજસરકાર ન ભાગ કાપી લેયછે. દાથા પ્રગણાના પોતાના અરધા ભાગમાંથી એ નવાબને "બાબીવેરો" ની વાર્ષીક વસુલાત રૂ. ૨૦૭ ની થતી હતી. નવાબ ઈંગ્રેજ સરકારને દરસાલ રૂ. ૬૫,૬૦૪ ની સાંમટી ખંડણી ભરતાહતા. માંગરોળના શેખો અસલથીજ જુનાગઢના તાબામાં રેહેતા આવવા છતાં હાલના મરણપામેલા શેખે, પોતાને આપ અખત્યાર જણાવવે, તેની વિરૂદ્ધ મુંબઈ સરકારે ૧૮૭૮ ની ૨૦ મી માર્ચે ચુકાદો આપી,—માંગરોળને પાછું જુનાગઢ તાબા હેઠલ મેલ્યુંછે. એ નવાબ સાહેબ પોતાની ૪૩ વર્ષની વયે ૧૮૮૨ ની ૩૦ મી સપટેંબરે સ્વર્ગવાસી થયા. તેમની ગાદીઉપર પાટવી કુવર બાહાદુર-ખાનજી આવ્યા. સ્વર્ગવાસી નવાબ સાહેબ નંમ્ર મીજાજના, તદંન ભોલા, મીલનસાર સ્વભાવના, રીતભાતે સાદા અને શખીતબેના હતા. તેમની ઉપર રૈયત તદંન ખુશ અને ખુરબાંન હતી. એમનાં સ્વર્ગવાસી થયેલાં ૩ બેગમો માંહેલાં લાએદીબુ સાહેબને પેટે હાલના રાજ્ય કરતા નવાબ બાહાદુર ખાનજી ઉર્ફે બાપુમીયાં સાહેબ જનમ્યા છે. એમના એક બેહેન અને બે ભાઈઓ એદલખાંનજી અને રસુલખાંનજી છે.

* 'મોરબાં' અને 'ભજાણાં', રાજયો. અસલ-માફક એ ખંડણી કાં નહીં આપે? તેની તકરાર ઉભીજ છે.

હાલના જુવાન નવાબ સાહેબ બાહાદુર ખાંનજી ૨૨ મી જાનેવારી ૧૮૫૬ ને દીને જનમ્યા, તેઓ ૨૯ વર્ષના છે. એઓએ ગુજરાતી વતરોંગે રાજકોટની 'રાજકુવર કોલેજ'માં ઈંગ્રેજી કેલવણી લીધીછે. એમને પોતાના પીતા સ્વર્ગવાસી થયા પછે તુરતજ રાજ્યસત્તા મળી. એઓએ લાહોર અને કલકત્તાની મુસાફરી કીધીછે અને પોતે ચંચળ અને મેહેનતુ છે. એમના સ્વર્ગવાસી પીતા ૧૮૭૭ ની જાનેવારીમાં દીલ્લીની શાહાનશાહી દરબારમાં જવાથી, રાજ્ય-વહીવટ એમને સોંફીજવે, એઓએ, તે ઘણીજ હુશીઆરીથી બજાવી શાબાસી મેળવી હતી. એઓએ જાતે મોહોટી ચોરીઓના પદા મેળવી, હરામખોરોને સજાએ પુગાડ્યાછે. એમના વખતમાં રૂ. ૩૦,૦૦૦ ને ખરચે બાંધવા ધારેલાં "ફરગ્યુશન પુલ" નો પાયો નંખાઈ ચુકયો છે. તો, પોતાંની રૈયતને ઈગ્લાંડ જૈ, બેરીસ્ટર, તબીબ, કે ઈજીનીઅરની

ઉનચી કેલવણી લેવાને ઉત્તેજન આપવા ખાતર રૂ. ૧૭૫ ની બે માસીક "ત્રાવેલીંગ સ્કોલરશીપો સ્થાપી છે. વળી બીજી એક રૂ. ૧૫૦ ની માસીક સ્કોલરશીપ પણ નેમી છે. એમની ૨ રાણીઓને હાલસુધી કસુ ફરજંદ થયું નથી.

**જુનાગઢ રાજ્ય**—ની અસલ હદ, મોગલ શાહાનશાતની વખતે જ્યારે કાઠીઆવાદ "સોરઠની સરકાર" કરી ઓાલખાતું હતું, ત્યારે ઘણીજ મોહોટી હતી, જે, હાલ પુષ્કલ ન્હાની બની ગઈ છે. ત્યારે, સોરઠના એક ભાગ ઉપર, કાઠી લોકો આવી વસ્યા હતા તેજ માત્ર, "કાઠીઆબાદ" કે "કાઠીઆવાદ" કરી બોલાયો હતો. તેઓ, પાછળથી ઈ. સ. ૧૮૦૦ માં, ત્યાં સઘલે બલવંત થઇ પડવે તેઓના નામ ઉપરથી, આખ્ખા બોહોલા સૌરાષ્ટ્રના પ્રાંતને, કાઠીઓ સાથ લડનારા—મરાઠાઓએ, 'કાઠીઆવાદ' નામ આપ્યું* જે હજુણ ચાલુ રહ્યું છે. હાલનું જુનાગઢનું ઘણું ન્હાનું બની ફક્ત અસલ કાઠીઆવાદના દક્ષિણ ભાગમાંજ સમાઈ રહેલું છે, તેનું ક્ષેત્રફળ ૩૮૦૦ ચોરસ-માઇલિને આસરે છે. ત્યાંની જમીન ઘણું કરીને ભરપુર પાણીવાળી, સપાટ, કાળી અને ફલદ્રૂપ છે. મોહોટી નદી ભાદર વીગેરે ૮ નાનીઓ છે. ગીરનારનો ૭ શીખ્ખરવાળો કાઠીઆવાદમાં સૌથી મોહોટા ડુંગરની સૌથી ઉંચી 'દતાત્રી' ટોંચ ૩૬૬૬ ફીટ ઉંચી છે, કે જે, કોરી કહાડેલાં ગુફાઓ અને હીંદુઓની પવીત્ર ગણાતી કુંડો, અને દેરાંઓના છુટા છુટા જુથ્થડાથી રોણકદાર બનીછે. સોરઠમાં, ગીરનાર વગેરે હીંદુઓની પવીત્ર ગણાતી ઘણીક જગ્યાઓ, સોમનાથ પાતંન, તુલસી સોમ, અને મુળ દ્વારકાં છે, સોમનાથ પાતંન ઘણુંજ પવીત્ર ગણાઈ જુદાં જુદાં નામો, જેવાં કે "પ્રભાસ પાતંન," (૫૬ ક્રોડ કેહવાતા જાદવોની ત્યાં થયલી કલપીત લડાઈ અને પાયમાલી ઉપરથી) અને "જાદવીસ્થળી પાતંન," અને (ત્યાંનાં ભીલાવળ અથવા વેરાવળ બંદર ઉપરથી) "ભીલાવળ પાતંન," કરી ઓાળખાય છે. ત્યાંના મોહોટાં ૫ બંદરોમાં વેરાવળ, માંગરોળ, અને ભેરાઈ મુખ્ય છે. ઘણાજ જાણીતા કસબા, જુનાગઢ, વેરાવળ, અને વંથલી છે. એ રાજ્યના બધાં મલી ૨૭ માહાલોમાં ૧૦ કીલ્લેબંધ અને ૧૧ મોહાટા માહાલો માહેલાં, ઉના, વેરાવળ, અને કુટીઆણામાં દરબારી ધર્મના દવાખાનાંઓ છે. બધ્ધાં મલી એકંદર ૮૯૦ ગામો છે. એ રાજ્યને મીઠાંના આગરોની ઈ. સ. ૧૮૭૯ સુધી સારી ઉપજ થૈ હતી, જે વર્ષે, ઇંગ્રેજ સરકારે, નવાબને માત્ર અભકરાઈ અને ધામેજ તરફ, "ધાંશીઆ" મીઠું ૧,૦૦,૦૩૭ મણથી વધું નહી પકાવવાની મનાઈ કરવાથી એ આવકમાં ખાડો પડયો છે. ૧૮૮૨ માં લેવાયલી છેલ્લી ગણત્રી પ્રમાણે એ રાજ્યમાં ઘરો ૯૯,૧૩૪ અને વસ્તીની સંખ્યા ૩,૮૦,૯૨૧ ની હતી. જેનો મુખ્ય ભાગ હીંદુઓથી બનેલોછે. રૈયતનો મુખ્ય ઉધ્યમ ખેતીનો છે, જેઓ ઘઉં, બાજરી, જુવાર અને રૂ ઉગાડે છે, તેમાંથી દરબારી હીસ્સો અથવા "રાજભાગ" ચોમાસામાં ૧/૨ થી તે ૧/૩ તો શુક્કી મોસમમાં ૧/૪ લેવામાં આવેછે. ત્યાનાં બંદરોમાં મુખ્ય, વેરાવળ, માંગરોળ, બાહરાઈ, અને નવીબંદર છે. આખ્ખા પ્રાંતમાં દરબારને ખરચે ચાલતી "બાહાદુરખાંનજી ઇંગ્રેજી હાઇસ્કુલ," ૬૨ ગુજરાતી નીશાળો, ૭ કન્યાશાળા, ૧ સંસ્કૃત પાઠશાળા અને એક મકતબ છે. ત્યાં શીતલા કાહાડવાનું ખાતું અને બધી મલી ૩૬ ફોજદારી અને ૨૫ દીવાની અદાલતો અને ૧ અપીલ કોર્ટ છે, જ્યાં નવાબ પોતે ખીરાજી છેવટનો ચુકાદો આપેછે. ત્યાની ૫ દરબારી પોષ્ટ આફીસો સારી રીતે ચાલે છે. હઈયાં લોઢાંની ખાણો વતરોગે સફેદ પથ્થરની બધી મલી ૧૪ ખાણો શીવાયે, ભેસાંણ અને કેસોદ માહાલોમાં બાંધકામના કાળા પથ્થરની કીમતી ખાણો છે, તો ઉનામાં સુરમાની કાંકરીવાળી અને કેસોદમાં રૂપાની કાંકરીવાળી ખાણો બોલાય છે. ત્યાંનાં, ચોરવડનાં, 'પાન' આખ્ખાં ગુજરાતમાં વખણાઈ મોહોટા જથ્થામાં ખપે છે.

*જુવો, "જસમણ".

**પાયતખ્ત જુનાગઢ**.—શેહેરને, ઈ. સ. ૧૪૭૨ માં સુલતાન મેહમુદ બેગડાએ મજબુત કીલ્લેબંધ કીધું, જેમ તે હાલ ગીરનાર ડુંગરની તલેટીની આથમણે ઉભેલું છે. કીલ્લાના ઘેરાવામાં "જુનોગઢ" અથવા "ઉપરકોટ" નામનો ટેકરીવાલો ઘણો જુનો, મજબુત, જાણીતો અને આશરે બે માઇલિ ઘેરાવાનો આવેલો કોટ, રાજા ઉગ્રસેને† બંધાવેલો કેહેવાય છે, તે ઉપરથી જુનાગઢ, નાંમ નીકળેલું અટકળાયછે. શેહેરના, ધારાગઢ દરવાજાની નજીદીક, અંદર તેમજ બાહાર "ખાપડાકોડીઆ" નામથી ઓાલખાતાં કોતરી કાહાડેલાં પુષ્કળ પુરાતંન ભોંયરાં છે. જેઓમાં ઉતરવાની પગથીઓ વતીક કાળના મારાથી ઘસાઈ ગઇયેછે, તો વળી, "મહાગડુચી" નામનું જમીન અંદર કોરી કહાડેલું ભોંયરૂં પણ છે. "વાઘેશ્રી" દરવાજા તરફ ૫ ખીજાં કોરેલા ગુફાઓમાં, બુદ્ધધર્મની "સ્તુપ" નામની ચોકશ નીશાણો હજુણ સલામત બચી રહીઓછે. શેહેરનો વીસ્તાર ૧૧૫૨ ચોરસ એકરને આશરે છે. ઈમારતો મજબુત અને સુશોભીત છે. વસ્તીના મધ્યભાગમાં લાંબી અને મોહોટી બજાર આવી છે, ત્યાં હમેશા મોહોટી ભીડ રહે છે. છેલ્લી લેવાયલી ગણત્રી પ્રમાણે ત્યાં વસ્તી ૨૪,૬૭૯ માણસોની તો ઘરોની સંખ્યા ૬૦૦૦ હતી. રૈયતનો મુખ્ય ઉધ્યમ વેપારનો છે. ત્યાંનું, શેહેર સુધરાઈ ખાતું મોહોટું છે. આખ્ખાં શેહેરની જમીન

† એ, મથુરા નગરીઅને "હરી" વંશના પ્રખ્યાત રાજા યદુના પૌત્ર ભોજક વિષ્ણુનો પુત્ર હતો.

મુખ્ય કરી સખ્ત ખડકવાળી છે. ત્યાંનો આઈના મેહેલ સુશોભીત છે. ૧૩ મોહોટા બગીચા ઘણા નાદર છે. ૧૮૭૭ માં સુધારી બાંધેલી ટંકશાળમાં "દીવાનશાહી કોડી" ના સીક્કા પડેછે. ત્યાંની મોહોટી ઓસપીતલ, ધર્મનું દવાખાનું, સફાઇદાર જેલ, દરબારી ટેલીગ્રાફ ઓફીસ, મોહાટાં પાયા ઉપર ચાલતું પોષ્ટ ખાતું, પુસ્તકખાના, પાઠશાળા, મોહોટી ઇંગ્રેજી સ્કુલ, કન્યાશાળા, નીશાળો, મકતબો, રૈયતને ગમત આપવા મોહોટાં ચોગાનવાળી સાઠમારી, હજારો એકરનું સેકારઘાનું જંગલ, હીંન્દી હુન્નરોનું સંગ્રહસ્થાન, માહોટું મુશાફરખાનું, મુશાફરી બંગલા, વીગેરે, એ શેહેરને, સુધરેલા શેહેરોની શંફમાં મેલેછે. રાજ્યના ઘોડાખાંનાં, હાથીખાનું, તોપખાનું અને શીલેખાનું મોહોટાં છે. ત્યાંની દીવાની, ફોજદારી, સેશંન અને અપીલ કોર્ટોમાં એ રાજ્યે ખાસ બાંધેલાં "સૌરાષ્ટ્ર દીવાની અને ફોજદાઠી કાયદા" ની ધોરણે ઇનસાફ થાયછે. ત્યાંનું ઘોડેસ્વાર લશ્કર ૧૨૭૦નું તો પેદલ અને પોલીસ ૩૭૫૦ માણસોનું બનેલું છે. ત્યાંની પાઘડી, મંદીલ અને દુપટા વખાણાયછે. એ રાજ્યની વાર્ષીક આવક રૂ. ૩૦,૦૦,૦૦૦ ની ગણાય છે.

**ગીરનાર***—પરવતવીશે, ભુરચના-શાસ્ત્રની તપાસને આધારે મનાયછે કે, ત્યાં અસલ મોહોટી ખાઈ હતી તે જગ્યાએ, પાછળથી એ ડુંગર નીકળી આવ્યો તે જુનાગઢ શેહેરને મથાળે આવેલી પાહાડોની કટારોથી બનેલો છે; તેમાંથી નીકળેલા, ૩ ડુંગરાઓ માહેલાં વચલા ઉપર માતા "ગીરનારી" નું મથક આવવે, અને ખુદ ગીરનાર ઉપર હીંદુઓનાં પુશ્કળ પવીત્ર ધર્મસ્થલો બંધાવવે, એ આખો રળીઆમણો ડુંગર પવીત્ર ગણાય છે. પ્રાચીન કાળથી વખણાયલા એ પાહાડ ઉપર, મોર્ય વંશના ઈ. સ. પુ. ૩ જી સદીમાં વખણાઈ ગયેલા ઘણા બળવંત શાહનશાહ **અશોક** જેણે બ્રાહ્મણી ધર્મ તજી બુદ્ધધર્મ પાળી, તેનો જબરો મોહોટો ફેલાવો કરવે "ધર્મી અશોક" નામથી વખણાઈ ગયો. તેણે પોતાની બોહોળી સત્તાના રાજ્ય-ફરમાંનો અને કીધેલી બક્ષીસો વીગેરેના કેટલાંક લેખો "પાલી" ભાષામાં કોરાવેલા છે. કે જેમ, તેણે, હીંદુસ્થાનના પુષ્કળ ભાગોમાં, તેમજ ગંગા નદી ઉપર આવેલાં શેહેરોમાં કોરાવેલા છે. ગીરનારનાં કોટ અંદરના "ભીમ કુંડ"ની જમણી બાજુ જે પેહેલ્લું બાંધકામ છે, તેને, કેટલાકો અશોકના પુત્ર સંપ્રતી શાહાનશાહનું બાનાવેલું કહેછે, તો બીજાઓ, તેને **રાવ ખેંગાર**નો મેહેલ કહેછે. વળી ત્યાં બુદ્ધ ધર્મની કોતરાયલી ઘણીક પુરાંતન નીશાણો પણ જલવાઇ રહીછે. કે જે ધરમ પાળનારાઓના ઘણાંક ગંજાવર અને હેરત ઉપજાવનારાં યાદગાર કોતરકામો અને ભાંગીપડેલાં દેરાઓની નીશાણો, આજપણ, હીંદુસ્થાનમાં ઘણે ઠેકાણે રહીછે. તેઓ દોલતાબાદની નજદીક "ઇલોરા" નું, પુણા અને મુંબઇના રસ્તાની વચ્ચેનું ભારે હેરતમાં નાખનારૂં "કારલા" નું, મુંબઇનાં વીઆરની નજદીક "કેનેરી" (અનેરી કનેરી) નું અને દરયા તરફ "ઘારાપુરી" નું, વતરોગે છે. **અશોક**નાં મોર્યવંશની આખેરી સાથ બુદ્ધધર્મની પડતી થવે, **જૈન ધર્મે** જોર પકડી, તે ઇ. સ. ૬૦૦ થી ૧૨૦૦ સુધી મજબુત ટકયો. તે વખતે, ગીરનાર, જૈન લોકોની શ્રીનેમનાથની તીર્થ કરવાની પવીત્ર જગ્યા હતી. ગીરનાર, હીંદુઓના પવિત્ર દેરાં અને કુંડોથી ઘણો ખરો ભરપુર છે, તેઓમાં "માતાગીરનારી," "હીમનાથ" અને "અમ્મીઝરા"નાં દેરાં પ્રસીદ્ધ છે. **અલ્લાઉદીન**, જેણે ઇ. સ. ૧૨૯૭ માં, **સૌરાષ્ટ્ર** જીતી લેઇ, અસંખ્ય હીંદુઓનું ખુન રેડી, તેઓનાં પુશ્કળ દેરાં અને મુર્તીઓને ભાંજી ભુકો કીધો તે વખતે, તેણે, ગીરનાર ઉપરના સુશોભીત દેરાંઓનો પણ નાશ કીધો હતો. તેઓમાંહેલાં થોડાંકનાં બચી સલામત રહેલા ભાગ,—પોતાનો નાશ કર્તાની યાદ તાજી રાખી ઉભા છે. ગીરનાર ડુંગર આખ્ખા કાઠીઆવાદમાં સોથી ઊંચો છે, જેની ૭ શીખરો માંહેલી સૌથી ઉંચી, 'દત્તાત્રી' ટોંચ સમુદ્ર સપાટીથી ૩૬૬૬ ફીટ ઊંચી છે. એ ડુંગર ઉપર જવાના માર્ગ ઘણા વીકટ અને સાંકડી જગ્યાએ ઘણા ભયંકર છે. ગીરનાર ઉપર, જુનાગઢના વાઘેસરી દરવાજાથી, ડોળી મારફતે જવાયછે, પણ જો ડોળીવાલાનાં જરફ ભરયાં શાખીત કદમ જરાક છટકે તો, તેઓ, આપણને સાથે લઈ નીચેની જબરી ઉન્ડી ખાઇમાં જઈ પડે, તો, એક હાડકું પણ હાથ લાગે નહી. ડુંગરના મથાળાંની નજદીકમાં આવેલો **રાવ ખેંગાર**નો જાણીતો નાનો કીલ્લો પોતાનાં અતી સુંદર કોતરકામથી અસલી જમાનાની કારીગરીનો અચ્છો નમુનો બતાવેછે. ડુંગર ઉપરનું હવા પાણી ઘણીજ તનદુરુસ્તી ભરયું તો ત્યાંનો દેખાવ અતીશે મનોરંજક છે. કાળા રંગના સુશોભીતા અને તરેહવાર જાતજાતના સંગેમરમરના પથ્થરો વીગેરે એ ડુંગર ઉપરથી મલેછે તો, તેની અગ્નિકોણે, બીલાર જેવા ચલકતા પાતલા અને હીરાકણી માફક કાચને સેહેલથી કાપનારા કીમતી પત્થરની, અને કળીચુનાની ૩ ખાણો છે. ત્યાં વલી તરેહવાર ઔષધ અને કરીઆણાને લગતાં અસંખ્ય કીમતી રોપા પણ ઉગેછે.

* એ શબ્દ "ગીરી" એટલે પાહાડ ઉપરથી નીકળ્યો છે.

**ગીરનું પહાડી પ્રગણું**—બાશગીરનારની ટેકડીઓના જુખંડા વચ્ચે ઝાડોથી ભરેલું અને પુશ્કળ ગામોથી વસેલું છે. ત્યાંના કોરી કહાડેલા ઘણાંક ગુફા, પેહેલ્લે લુટારૂ અને બહારવટીઆઓને છુપાઇ બેસવાની જગ્યા હતી. ત્યાંના જંગલમાં

સાગના કીમતી ઝાડો મોહોટાં જથ્થામાં ઉગી ઉભરાઈ જાયછે, કે જેવાં, કાઠીઆવાદમાં કેથે ઉગતાં નથી. ત્યાં વસનારા રબારી અને ચારણ લોકો પરોણાગત કરવા ખાતર વખણાયલાછે.

**પ્રાચીન સૌરાષ્ટ્ર**—ની તવારીખ, પુરાણોમાં પણ મલી આવેછે. તેની રાજ્યધાની **વલભીપુર**, તે હાલનું "વળા" હતી. તેની સત્તા જબરી મોહોટી કહેવાઇછે. ત્યાં **મૌરી** અને ગુપ્ત વીગેરે ઘણાંક રાજ્યવંશ હાકમી ભોગવી ગયાં. **મૌરી** વંશનો, બુદ્ધધર્મ પાલી, તેનો જબરો ફેલાવો કરી જનાર, મહાપરાક્રમી શાહનશાહ **અશોક**, તે "પાળી પુત્ર" નગરના **ચંદ્રગુપ્ત** રાજાના પુત્ર બીંદુસારનો બેટો, ઈ. સ. પુ. ૩ જી સદીની શરૂઆતમાં થઈ ગયો, જેની બોહોલી સત્તા, **હીમાલય** પર્વતોથી તે છેક દક્ષિણ તરફ કોરોમાનડલ કોશટો અને "પાંડયા" રાજધાની સુધી, તો, ઉગમણુ તરફ મઘાડાથી તે આથમણુ છેક દુર **સૌરાષ્ટ્રના** દ્વીપકલ્પ તુલીક લંબાઈ હતી. અને, **એલફીનસ્ટન** જણાવેછે તેમ, "**અશોકની** સત્તા છેક યુનાન સુધી ત્યાંના રાજાઓ ટોલમી ફિલાડેલફસ અને તેના ભાઈ મેગનશના વખતમાં લંબાઈ હતી." તે, અને તેના વંશીઓના વખતમાં **ગીરનાર** જુનાગઢનું પાયતખ્ત ગણાતું હતું. 'અશોક' પાછલ હાકમી ભોગવી ગયેલા તેના એસી 'શાહ' વંશના બળવંત **રૂદ્રદાંમજી** મહારાજા, જેનું પાયતખ્ત ઉજ્જન હતું, તેના નામથી, શકે શાલીવાહન ૭૨ (ઈ. સ. ૧૦૫) માં **શ્રીનગર** તે ગીરનાર ઉપર 'અશોક ભાષામાં' કોરાયલા લેખો, તેના થૈ ગયલા,—એક **પારશી ગવરનર** (અમાત્ય) 'સુવીશાખ પહલવ' તે **શ્યાવક્ષ પેહેલવાન** ને, કચ્છ (અનારત) અને કાઠીયાવાદ (સૌરાષ્ટ્ર) ઉપર **હાકમી** ભોગવી ગયલો જણાવ્યોછે.* અયોધ્યાના ભર્ત રાજાના સૈન્યાધીપતી શકિતસીંહે, પણ ગીરનાર તાબે કીધું હતું. જે પછી ત્યાં ઈ.સ. ની ૯મી સદીમાં, **ચુડાસમા** રજપુત રાજાઓનું એક બળવંત રાજ્ય સ્થપાયું, તેના મુળ-સ્થાપનારનું નામ અંધારાંમાં રહીગયુંછે. તેઓને, ગીરનારના શીલા લેખોમાં "યાદવ" (જાદવ) વંશથી ઉતરેલા જણાવ્યાંછે, તેઓની શાબેત તવારીખ, **રાવ નોઘન**, જે ઈ. સ. ૯૯૨ માં તખ્તે બેઠો હતો ત્યારથી મલેછે. **નોઘને**, આખ્ખાં **સૌરાષ્ટ્ર** બદલે તેના મોહોટા ભાગ ઉપર સત્તા ચલાવી, પોતાનું પાયતખ્ત ગીરનારથી બદલી **વનથલી** (વામનસ્થળી) માં કીધું હતું. એની પાછલ **રાવ ૧ લો મંડલીક**, ગાદીએ આવ્યો, તે આખ્ખાં **સૌરાષ્ટ્રમાં** ઘણોજ બળવંત ગણાઈ "મહા-મંડલીક" ના નામથી ઓલખાઈયો. તેની ૭ મી પેઢીના **મહીપાલ (રાવ કવાત)** ની મદદથી ગોહેલ **રજપુતોના** મુળ-પુરૂષ સેજકે, પંચાલ **પ્રગણું** મૂળ-પાયે વસાવી આબાદ કરી ત્યાં પોતાની રાજ્યસત્તા સ્થાપી હતી. એની પાછલ **રાવ ૧ લો ખેંગાર** (**રાવ ગારીઓ**) જુનાગઢને તખ્તે બેઠો, તેને ગુજરાતના બાહાદુર સાહેર ઈ. સ. ૧૪૧૫માં, પોતાંને, ખંડણી આપવાની ફરજ પાડી હતી. ખેંગારની ૫મી પેઢીનો ૩ જો **રાવ મંડલીક** ૧૪૩૩ માં જુનાગઢની ગાદીએ બેઠો કે, ગુજરાતના **સુલતાન મહમુદ બેગડાએ** તેની પાસેથી ૧૪૭૩ માં બીજીવાર હુમલો કરી, જુનાગઢ જીતી લીધું હતું.—ત્યારથી હીંદુરાજાઓની સત્તાનો જુનાગઢમાં અંત આવી **મુસલમીન** હકુમત શરૂ થઈ, જે, હજુણ ટકી રહી છે.—હવેથી, મુસલીમોનો **સૌરાષ્ટ્રને** અપભ્રંશ રીતે **સોરઠ** કરી બોલવા લાગ્યા. બેગડાએ, જુનાગઢ જીતીઆ પછે તેનું નામ બદલી "**મુસતાફાબાદ**" રાખી, ત્યાંની હાકમી ૧૪૮૭ માં **શાહાજાદા ખલીલને** સોંપી હતી. પછે, ત્યાં રાજ્યના પગારદાર થાણદારો નીમાયા, તેઓ માંહેલા છેલ્લા **અમીરખાન બીન તતારખાનના** વખતમાં, જ્યારે ગુજરાત ઉપર ૩ જો **મુજફર**-હાકમી કરતો હતો, તેની ઉપર **દીલ્લીના શાહ અકબરે** ફતેહ મેલવ્યાથી, ગુજરાત ભેગું તેને તાબેનું જુનાગઢ પણ **દીલ્લીની** સત્તામાં ૧૫૯૭ ના **સપટેંબરમાં** જોડાઈ ગયું† હવેથી જુનાગઢ, **અકબરના** સરદાર **મીરજાં અજીજ** કોકા, કે જેને, આખ્ખાં **સોરઠ** અથવા **સૌરાષ્ટ્રની** પેદાશ ખાવા આપી હતી, તેના બીજા બેટા **અબદલ્લાની** દેખરેખ હેઠલ ગયું. **અકબરની** ૩ જી પેઢીના **શાહ ઔરંગઝેબ**, જે "આલમગીર" ના એતાબથી તખ્તે ચઢયો હતો, તેના વખતસુધી, જુનાગઢ, દીલ્લી તાબેના અમદાવાદની સત્તા હેઠલ રહ્યા પછે, **ઔરંગઝેબે**, જાફરખાન ઉર્ફે **સફદરખાંન બાબીને**—ફક્ત જુનાગઢ ગામ ઈનામમાં આપ્યું હતું.‡ **ઔરંગઝેબના** વંશનો ૧ લો **બાહાધર શાહ**, ૧૭૦૭ માં તખ્તે બેઠો, તેને ઉપલા **બાબીના** બેટા **સલાબત ખાંનને** જુનાગઢને લગતાં સઘલાં ગામો સાથની જાગીરી બક્ષી હતી. **બાહાધર શાહની** ૩ જી પેઢીનો **મહમદ શાહ** ૧૭૧૯ માં તખ્તે બેઠો તે વખ્તે, **બાબી બાહાદુર ખાન** ઉર્ફે **શેહેર ખાન**,—જુનાગઢનો સ્વતંત્ર નહીં પણ પુર અખ્ત્યાર માલક બન્યો હતો. ત્યારસુધી, જુનાગઢની ગાદીએ ચઢનારા **બાબીઓને**, દીલ્હીના શાહાનશાહની પરવાનગી લેવી પડી હતી. **મહમદ** શાહના વખતથી, શેહેનશાહી કુટુંબમાં ફુટફાટ અને શાહાનશાત ઉપર પ્રદેશી દુશ્મનોના ઘસારા થવે, તેની સત્તા અને કૌવત કમ થઈપડી હતી. એ શાહની બીજી પેઢીએ ઉતરેલા ૨ જા **આલમગીરના** વખતમાં,—જુનાગઢના **બાબીઓ** તદનંજ સ્વતંત્ર બની, આજ તુલીક તેમ રહેલાછે. ૨ જો **આલમગીર મોગલ** **શાહાનશાતનો** છેલ્લોજ શાહ થઈગયો; એ શાહનશાત ઈ. સ. ૧૭૬૦ હ. સ. ૧૧૭૪ માં ભાગી પડી અને તેનો અંત આવ્યો હતો.

*બરજેશની—"આરચીઓલોજીકલ સર્વે ઑવ વેસ્ટર્ન ઈંડિયા."

† "એલફીનસ્ટન."

‡ "બાબી વીલાશ."



માહારાજા જામશ્રી સર વીભાજી. કે. સી. એસ. આઈ. નવાનગરના જામ સાહેબ.

H. H. Sir Shree Vibhajee, K.C.S.I. — Jám of Nawanagar.



મહારાજા રાવલ શ્રી તખ્તસીંગજી ભાવનગરના રાજ સાહેબ

H. H. Rawal Shree Tukhtsingjee — Ráj Sahib of Bhownagar.

Vincent Brooks Day & Son, Lith. London W.C.

# H. H. Maharaja Ravel Shree Takhtsingji, K. C. S. I.,

## THAKORE OF BHAVNAGAR.

THE descent of the rulers of Bhavnagar is traced to a very remote, as well as a very renowned origin. They claim for their ancestor the celebrated Shaliwahan III., who is said to have been related to the Pandavs and to have belonged to the Lunar dynasty. He was chiefly memorable for his great victories over the equally renowned king Vikramaditya. The twentieth in descent from him was Gohil Saijakji, who, driven from Marwar by the vicissitudes of fortune, sought shelter in Saurasht or Junaghad. Here he became proprietor of a village and gradually extended his authority until he found himself ruler over fifty-three villages. His last acquisition of territory was made on the occasion of giving his daughter in marriage to the son of the Rai or King of Junaghad. *Thus* was established the State which is now known as Bhavnagar. Saijakji died in A.D. 1091. Ranji, the eldest of his three sons, succeeded his father, while his two brothers *founded* the States of Lathi and Palitana. Gohil Ranji built the city of Ranpur and made it his capital. During the invasion of his territory by the Subah of Unhilwad, he bravely fought and died on the battle-field. Samorshiji, the younger of his two sons, acquired the State of Rajpipla, which until now has been ruled by his descendants. The elder Mokhdaji succeeded his father and gained possession of the districts of Bhoondad and Oomrala, also of the Khokrá Hills and surrounding villages in the districts of Gogo. Subsequently in A.D. 1146 he seized the Fort of Motiana and the fortified seaport town of Gogo, which under his rule became a prosperous seat of commerce. The island of Peerum in the vicinity of Gogo also fell into his hands. He is described in the " Rasmala " as the most celebrated of his line and as the first who bore the title of "The King of Peerum." He was killed while resisting an invasion of the imperial forces of Delhi and was succeeded in the sovereignty of Gogo by his son. The third in succession to him was Sarungji, who, being deprived of his sovereignty by his uncle Ranji, was enabled to regain it, as tradition runs, through the instrumentality of a brave potter named Puttai Ravel, and to commemorate his kindness, Sarungji added the title of Ravel to the family name. A descendant of his, named Ravel Ramdasji, ruler of Gogo, married a daughter of the Maharaja of Oodeypore, and he was slain while aiding his father-in-law against the troops of Mahomed Shah of Delhi. His son Surtanji ascended the throne at Oomrala or Gogo. Visoji Gohil succeeding him captured Seehore and made it his capital. Ninth in lineal descent to him was Bhavsingji,—who founded the town of Bhavnagar in A.D. 1723, according to the traditionary ballads of the Bards of the Gohil clan : [Colonel Walker however fixes the date at 1742-43]. The naturally advantageous position of this town soon led to make it the seat of Government and a wealthy emporium of trade. Bhavsingji was succeeded in 1764-65 by his eldest son Akheragji, who ceded the town of Gogo to the Peshwa, reserving a fourth part of its revenue called *Chouth*. The Peshwa in return gave up his right to collect *Vertag* and *Jammabandi* in the Bhavnagar State. To the British Akheragji offered in 1771 material aid in the suppression of piracy in the Gulf of Cambay. His son Ravel Wakhutsingji *alias* Atabhai, who came to the *gadi* in 1772, also defeated the Kolee pirates and took possession from them of the districts of Mhowa, Rajoola and Whaghur in 1783. The British congratulated him on his successes. Further additions to his territory were made by the acquisition of Koondla, Khárapát, Cheetel and Rájoola. In 1812 certain refugees from Maiwar having greviously offended against the laws of the Hindoo religion as observed in Bhavnagar, and having been punished according to those laws, the British

Government marked its sense of displeasure in 1816 at their treatment, by sequestrating the civil and criminal jurisdiction over 116 villages of the Bhavnagar State and placed them under British jurisdiction. Six months after this decision was pronounced the Thakore died. There is no doubt that the State of Bhavnagar lost in him one of its best rulers. Colonel Walker testifies to the fact that "Wakhatsingji's measures were executed with vigour and generally with judgment, and under him Bhavnagar became the centre of important export and import trade of Gujarat, Sorath and Maiwar." He died in 1816 and was succeeded by his son Vajesingji, during whose reign the Kathis continued their raid. He was succeeded by his eldest grand-son Akheragji in 1852, who died after a short reign in 1854 without issue and was succeeded by his brother Jaswátsingji. This Chief was especially fortunate in having an able and talented Dewan Gavrishunker. Through his exertions seconded by the late Mr. Merwanji Bhownaggree, a Bombay Parsee Merchant and an enterprising Agent to the State, the British Government were induced to restore to the Bhavnagar State the civil and criminal jurisdiction over the sequestered 116 villages in 1866. The Prince on his part agreed to surrender the right of coining money in the State mint. He gave effective aid to the British in extirpating the Whagher marauders from Kathiawar. During the Indian Mutiny in 1856-57, H. H. rendered valuable assistance in the transport of English troops from Gogo to Ahmedabad on their way to Marwar. In 1867 the title of the "Knight-Commander of the Star of India" was bestowed on the Thakore for his fidelity towards the British. He improved his dominions, and erected public buildings, new roads, bunders, and wharves; a Municipality was formed, a charitable dispensary and hospital were established, and English and Gujarati Schools were opened. To give a stimulus to commerce, tolls were abolished and customs-duties reduced. In his reign was started a *Durbary* or State Gazette, which was the first of its kind in the province of Kathiawar. When Sir Juswuntsingji died in 1871 at the age of 43 the Bombay Government publicly expressed their grief. The eldest of his two sons, Takhatsingji, succeeded him to the *gadi*.

H. H. Sir Takhatsingji is, like all his predecessors, a Ravel Rajput and was born in January 1858 at Bhavnagar. His brother Javansingji is now dead. He was educated in the Rajcoomar College at Rajkote, and received several prizes. He possesses a fair knowledge of English and Gujarathi. At the age of 13 he was nominated heir to the *gadi*. The management of the State during his minority was entrusted to the joint-administration of a British Deputy and Dewan Gavrishunker. The successful administration of the Government since then is mainly due to the talented Dewan. On the 5th of April 1878 having attained his majority, the Thakore became the absolute Ruler of his State. In the memorable Delhi Durbar held on the 1st January 1877 he was presented with a splendid banner and a gold medal by the Viceroy in the name of the Empress, and since that date he receives the honour of a salute of 15 guns instead of 11, with a guard of honour. In 1879 the venerable Dewan Gavrishunker resigned the reins of office and was succeeded by his relative the able and experienced Dewan Samaldas. On the latter's untimely death, his eldest son Mr. Vithuldass was called to the post, and to commemorate the late Dewan's memory, the Thakore built and opened at Bhavnagar "The Samaldas Arts College" on 7th January 1885. Thakore Takhatsingji is a patron of learning. During his time "The Bhavnagar-Gondal State Railway," extending over about 200 miles, was opened on the 18th of December 1880. It was constructed at the joint-expense of the Bhavnagar and Gondal States at a cost of Rs. 86,00,000. The main line from Bhavnagar and Wadhwan is of about 106 miles, where there are 16 stations, the expenses and earnings of which are alone claimed by Bhavnagar, while the cost of the general

management and the net profit on the branch line between Dhoraji and Dhola are shared by both the said States in proportion to the length of the line constructed by each. A small steamer named "The Bhavnagar" has been constructed by the State, which plies between the ports of Bombay, Surat and Bhavnagar. The town duties which were found to hamper the trade have been abolished. The Prince has erected a public hall in connection with the Rajcoomar College at Rajkote at a cost of Rs. 1,25,000, and a bridge across the river Aji at the expense of Rs. 1,00,000, both of which were opened in August 1879. A Foundling Hospital is in course of erection in the capital town. The sum annually spent on education throughout the State is Rs. 80,000. Donations have been made for scholarships to the successful students in the Elphinstone College and the School of Arts in Bombay and in the Engineering College at Poona, and Rs. 5,000 were given for building a Spectroscopic Laboratory in Bombay. Several public institutions in the Rajkote British Agency receive yearly donations from him. When a severe famine raged in Kathiawar in 1877-79, the Thakore displayed his usual generosity towards his poor subjects. On the occasion of the English Military Expedition to Cabul in 1879 he presented 200 ponies to the Government. H. I. M. the Queen-Empress bestowed on him the title of "Knight-Commander of the Star of India" in 1880. His charities amounted to the magnificent sum of Rs. 10,00,000. The State yields a revenue of Rs. 30,00,000, out of which a tribute of Rs. 1,54,317 is paid annually to the English. The Thakore is described as simple in manners, agreeable in conversation and considerate to the poor. He is related by blood to the rulers of Latthy, Palitana and Wulla.

*THE CAPITAL OF BHAVNAGAR*—is a sea-port town founded in A.D. 1723 on the banks of Gadháchi, and covers an area of 8 miles. It is 38 feet higher than the level of the sea. The population according to the last Census of 1881 is 47,800. The old houses present a fair appearance, but those which have been newly built are in point of architecture more beautiful and in a sanitary point of view considerably better. For the storage of water from the river Bhikra a *bund* or dam has been built five miles off the town; the water supply being drawn also from a tank fed from the river Gadháchi. The harbour is extensive, provided with *bunders* and wharves and a beacon-light. Among the public buildings which adorn the town may be mentioned the High Court, the Post Office, the Telegraph Office, the Charitable Dispensary built in memory of the sad and lamented death of Prince Jawansingji, the Thakore's brother, in September 1884, besides 5 public markets, an hospital and the High School built in 1877. A new hospital now under construction will be shortly opened under the name of "Sir Takhatsingji Hospital." There is a bandstand, a clock-tower, a State pottery work and sculpture establishment. The town is famous for its silk manufactures.

*THE STATE OF BHAVNAGAR*—covers an area of 2,860 square miles. In the territory, the principal ranges of hills are those of Sihor. There are 5 sea-ports of which Mahuva is well-known. Sihor is noted for its copper work. There are 4 libraries, a muktab, 88 vernacular schools, 9 girls' schools and 2 anglo-vernacular schools, which cost the State annually Rs. 41,000. Cotton, cocoanuts, sugarcane, *juwar, bajri*, wheat, gram, oilseed and tobacco are the chief products of the country. The reduction of land tax has greatly increased the cultivation of waste lands in the Talooka. The State salt-pans have yielded less revenue since 1877, when, salt being regarded as a source of income by the Government of India, Bhavnagar was forbidden to export it to the British territory. Valuable stone quarries have been lately opened, affording a good revenue. The number of villages is 659 and the popuation as per the latest Census is 4,28,500, chiefly composed of Hindoos.

# મહારાજા રાવળ સર તખ્તસીંહજી, કે. સી. એસ. આઈ.,

## ભાવનગરના રાજા સાહેબ.

ચંદ્રવંશ અને પાંડવ કુલના પ્રખ્યાત **શાલીવાહન**, જેણે, ઈ. સ. ૭૮ માં ચક્રવર્ત્તિ રાજા વિક્રમનો પરાજય કરી તેનું રાજ્ય જીતી લેઈ "શક" નો શક ચાલુ કીધો હતો, તેની ૧૦ મી પેઢીના રાજ્યકર્ત્તા ગોહેલ હંસરાજજીની સત્તા **મોગલ** શાહાનશાહે જીતી લેવે, તેણે, **મારવાડ** ઉપર હુમલો કરી, તે, **ખેરવો ભીલ** સરદાર પાસેથી જીતી લેઈ, ત્યાંનાં ખેડગઢ ગામમાં રાજ્યધાની સ્થાપી હતી. પછે ઈ. સ. ૧૦૭૫ માં, **શાલીવાહનની** ૨૮ મી પેઢીએ ઉતરેલા ગોહેલ **સેજકજીને**, 'રાઠોડ' ટોળા અને **રજપુત** જાતના ઘણાજ બળવંત સરદાર **મુળદેવ** સાથ જબરી દુશ્મની થવે, સેજકજીએ કુટુંબ સહીત ત્યાંથી નીકળી, **સૌરાષ્ટ્ર** અથવા જુનાગઢમાં આવી,—ત્યાં, હાલનાં **ભાવનગર** રાજ્ય અને રાજ્યવંશનો પાયો નાખી ગયા.

સેજકજીએ જુનાગઢના રાવ કવાટ પાસેથી નવું ગામ વસાવવાની પરવાનગી લેઈ, "**સેજકપુર**" વસાવ્યું હતું, તે હાલ પાલ્યાડ તાલુકામાં છે. તેણે બીજાં ૧૨ ગામો, ઉપલા રાવે, અગત્યની સેવા બજાવવા ખાતર ઈનામમાં આપ્યાં હતાં. સેજકે પોતાની પુત્રી રાવના કુમાર **ખેંગાર** સાથ પરણાવી આપ્યા પછે, રાવની રજાથી, સેજકપુરની આસપાસની ઉજડ જમીન ઉપર ૪૦ ગામો વસાવી, પોતાની સત્તા અને મજબુતી વધારી હતી. તેમના ૩ પુત્રો માંહેલા વડા **રાણાજી** ઈ. સ. ૧૦૯૧ માં ગાદીએ આવ્યો.—તેના બીજા પુત્ર **શાહાજીના** વંશીઓ આજ **પાલીઠાણે**, તો ત્રીજા **સારંગજીના** વંશીઓ **લાઠીમાં** રાજ્યસત્તા ભોગવેછે. **રાણાજીએ**, ગોમા અને **ભાદર** નદીઓના સંગમ ઉપર ૧૦૯૮ માં **રણપુરનું** કીલ્લેબંધ શેહેર વસાવી તેને પાયતખ્ત કીધું હતું. તે, **અણહીલવાડ પાટણના** સુબા સામે પોતાના બચાવમાં લડતાં માર્યો ગયો અને તેનું રાજ્ય સુબાને તાબે ગયું. રાણાજીના બે પુત્રો માંહેલા નાધલા સેમરસીંહજીનું વંશ હાલ **નાદોદ** અથવા **રાજપીપલે** રાજ્ય કરેછે. તો વડા **મોખડાજીએ** બાપીકી સત્તા ખોવે, કાઠીઓ પાસેથી **ભીમડ** પ્રગણું અને કોળીઓ પાસેથી **ઉમરાળા** કસ્બો જીતી લેઈ ત્યાં ૧૧૦૫ માં નવી રાજ્યગાદી સ્થાપ્યા પછે, મુસલમાનો પાસેથી ૧૧૪૯ માં ગોઘા માંહેલી ખોખરાની ટેકડીઓ તેની આસપાસના ગામો સહીત જીતી લેઈ, કુડળા પ્રગણાં માંહેલો **મોતીઆલાનો** કીલ્લો અને ૧૧૫૧ માં ખુદ ગોઘાને **નુરમીયા** પાસેથી જીતી, તે બંદરને આબાદ કરી ચઢતી કલા ઉપર મેલ્યું, અને **ગોઘા** પાસેનાં પેરંમ ટાપુ ઉપરથી જબરા **ચીકાળીઆ** કોળી ચાંચીઆઓને હાંકી મેલી ત્યાં પોતાની મજબુત સત્તા સ્થાપી પોતાની આસપાસના મુલકોમાં **મોખડાજીએ** જબરો ધાક બેસાડયો હતો. તેની ઉપર ચઢી આવેલાં **દીલ્લીના** લસ્કર સામે લડતાં, ૧૧૭૫ માં તે માર્યો ગયો. તેનો એકલો પુત્ર **ડુંગરજી** ગોઘાની ગાદીએ આવ્યો, પાછળ તેની પેઢીના **વીજોજી**, **કાનજી**, અને **સારંગજી** ગાદીએ આવ્યા. છેલ્લા સાથ ૧૩૧૯ માં તેના કાકા રામજી ઉર્ફે ગોઘારીએ ઠગાઈ કરી, રાજ્યસત્તા દબાવી લીધી હતી. તે, એક હીમતી કુંભારની યુકતીથી, અને ડુંગરપુરના પટાઈ રાવળની લસ્કરી મદદથી, **સારંગજીએ** પાછી મેલવી, તેણે, પોતાના મદદગારને આપેલા કોલ મુજબ—એ વખતથી **'રાવળ'** ની ઓલખ ધારણ કીધી, કે જે અટક તેમના વંશ સાથ જોડાઈ આજતુલીક ચાલુ રહી છે. **સારંગજીએ**, પોતાના તાબે થયેલા કાકાને તેના ગુજારા ખાતર ૩ ગામો ગરાશમાં આપ્યાં હતાં, જેનાં ગરાશ ખાનારા વંશીઓ હજુપણ "ઘોઘારી" અટકથી ઓલખાયછે, **સારંગજી** પાછલ તેના હકદાર વારેશો **રાવળો શવદાસ** અને **જેતજી** એક પાછળ એક ઘોઘાની ગાદીએ બેઠાં પછે, છેલ્લાનો પુત્ર **રામદાસજી**, **ઉમરાલે** ગાદીએ બેઠો. એ રાવળ ૧૩૮૩ માં ઉદેપુરના કુંભો રાણાની પુત્રી સાથ પરણ્યો, તે વખતે, તે શેહેર ઉપર, દીલ્લીના **મહમદશાહની** ફોજે હલ્લો કરવે, તેની સામે લડતાં રામદાસ માર્યોગયો, એના ૪ કુવરો માંહેલો વડો **સરતાનજી**, ઉમરાલે તખ્તે બેઠો. તેના ૪ કુવરો માંહેલો વડો **વીશોજીએ** ગાદીએ આવી- **સીહોર** તાબે કરી તેને પાયતખ્ત બનાવ્યું હતું, જે હાલ પાયમાલ બન્યુંછે. **વીશોજીના** ૩ પુત્રો માંહેલો વડો **ધુનોજી**, **સીંહોરની** ગાદીએ બેઠો, તે, ગારીઆધારના ગોહેલ **નોંધણજીને**, **લોમા** ખુમાન કાઠીસરદારના હુમલાથી બચાવાજતાં હાલના વળા નજદીક ૧૬૧૮ માં માર્યો ગયો. તેનો બીજો કુવર **રતનજી** તખ્તે બેઠો, તેની પાછલ ૧૬૨૦ થી તેના વંશના હરભમજી અને અભેરાજજી ગાદીએ આવી ગયા. એ છેલ્લાની નાની વયનો લાભ લેઈ, તેના કાકા ગોવીંદજીએ રાજ્ય દબાવી લે, સત્તા

ભોગવી મરણ પામ્યા પછે, તેનો દીકરો સરતાનજી તખ્તે બેઠો, તે વખતે, ઉપલા હકદાર અખેરાજજીની પક્ષવાલાઓએ, તેને ઉઠાડીમેલી, અખેરાજજીને ગાદીએ ચઢાવ્યો. એના ઉપલા કાકાએ, અમદાવાદના સુબાને પોતાની પક્ષમાં રાખવા, ગોઘાનો કીલ્લો આપી દીધો હતો, તેની "ચોથ" પોતે વસુલ કરવાના હક વીશે અખેરાજે બંદોબસ્ત કરી લીધો હતો. એના ૪ માંહેલા વડો પુત્ર રાવળ રતંનજી અને તેની પાછલ તેનો પાટવી કુવર ભાવસીંહજી ગાદીએ બેઠા. છેલ્લાએ, પાયતખ્ત શેહર શીહોરને, દુશ્મનના હુમલા વખતે બચાવ વગરનું વીચારી, અને વલી વેપારને ખીલવવા સારૂ—બંદરવાળું ભાવનગર શેહેર નવું વસાવ્યું હતું. તે વખતે ગોઘાનું ખીલેલું બંદર, બાંટવાના બાબીઓને બક્ષીસ મલવે તેઓને હસ્તક હતું, તેની આવકને નુકસાન થવાના બદલામાં ભાવનગરની કષ્ટમ અથવા તરીની જગાતમાંથી તેઓને કાંઈ હીસ્સો આપતો કીધો હતો. હવે ભાવનગર બંદર ખુબ ખીલી નીકલ્યું. તે, મારવાડ, મેવાડ, સુરત, ભરૂચ, મસકત, જંગીબાર, મોઝામબીક, મલબાર વીગેરે આફ્રિકાના કોસ્ટાઓ તરફના માલની આવજાવનું મુખ્ય મથક અને ધીકતું બંદર થઈ પડયું. ત્યાંનાં વેપારને, ચાંચીઆ ચોરોથી નુકસાન ન થવા માટે, ઇ. સ. ૧૭૩૯ માં સુરતના સીધ્ધી કીલ્લેદારની સાથ, ભાવસીંહજીએ બંદોબસ્ત કીધો હતો. પછે થોડીક મુદતે, ગોઘાને, બાબીઓ પાસેથી, ખંભાતના નવાબે જીતી લીધું અને ત્યાં બેદાદી ચાલવે, કંટાળેલી રૈયતની અરજથી, ભાવસીંહજીએ તે સેહલાઈથી ફતેહ કરી લીધું હતું. એમના વખતમાં—મુંબઈની સરકારને એ રાજ્યસાથે પેહેલવેહેલી મીત્રાચારી થૈ હતી, એઓ ૧૭૬૩ માં સ્વર્ગવાસી થયા. એમના ૫ પુત્રો માંહેલો વડો અખેરાજજી ભાવનગરની ગાદીએ આવ્યો અને બાકીનાઓને વળા પ્રગણાનાં ગાંમોના ગરાશ મલ્યા હતા. અખેરાજજીને લડાઇ તેમજ લોભને ધીક્કારતો હતો. તેણે, પેશવાને ઘણો બળવંત જોઈ, ગોઘામાં પોતાની 'ચોથનો' હક રાખી, તે કિલ્લો તેને ભેટ કર્યો હતો, જે, તેના હાથમાંથી ગાયકવાડી સત્તામાં જોડાયા પછી, ઈંગ્રેજોના હાથમાં આવી, ગોઘા આજ સુધી તેઓનાજ તાબામાં રેહેલુંછે. ગોઘા મલવાના બદલામાં, પેશવાએ, અખેરાજ પાસેથી 'વરતેજ' વીગેરેની લેવાતી જમાબંધી માફ કીધી હતી. ગોઘા, પેશવાને આપવાથી ખંભાતના નવાબને ગુસ્સો લાગવે, તેને, ભાવનગરના બંદરને નુકસાન કરવા ધાર્યું, કે, અખેરાજજીએ તેની ઉપર ચઢી જવા તૈયારી કીધી, જેથી, ખંભાતના ઇંગ્રેજી રેસીડંટે ૧૭૭૧ માં વચ્ચે પડી, નવાબને કરાર લખાવી આપ્યો હતો કે, "ભાવનગર બંદર અને મુલકમાં કાંઈ પણ બાંહણે નુકશાન કરવું નહીં અને ગોઘા બંદર વીશે દાવો ઉઠાવવો નહી." ખંભાતના અખાત તરફના તલાજા અને મોવામાં વસનારા બૌરયા કોળી ચાંચીઆઓને ઉખેડી નાખી તે. બંદરો જીતી લેવા, અખેરાજજીએ, ઇંગ્રેજોને મોહોટી મદદ કીધી હતી. તેની પાછલ ૧૭૭૧ માં તેનો એક પુત્ર રાવળ વખતસીંહજી ઉર્ફે આતાભાઈ ગાદીએ બેઠો, તે સહાસીક અને ફત્તેહ મેળવવાને આતુર હતો. તેણે ખંભાતના નવાબ પાસેથી ૧૭૭૨ માં તલાજાનો કીલ્લો રૂ. ૭૫,૦૦૦ ની કીમતે લીધો, [તો બીજી તરફ જણાવ્યુંછે કે, એ કિલ્લો એણે ૧૭૭૯ માં ખંભાતને જીતનાર નુરમહમદ પાસેથી દબાવી લીધો હતો] અને બોટાડ, ગઢડા, દાતરેટીઆ, સાઠીડા, સંણોસરા અને ઝરીઆ વીગેરે ગામો કોળી તથા જત લુટારાઓના હાથમાંથી, તેમજ ૧૭૮૦ માં વાલા રજપુતો પાસેથી "વાલાક" પ્રગણું, અને ઝાંઝમેરના કીલ્લા સાથ બીજાં ગામો અને ૧૭૮૩ માં ચાંચીઆ સરદાર મરાશ ખશીઆના હાથમાંથી મહુવા જીતી લીધું હતું. ચાંચીઆ ચોરો ઉપર એ ફત્તેહ મેલવવા વીશે, મુંબઈ સરકારે ખુશાલી બતાવી મુબારકબાદી આપનારૂ એક પત્ર વખતસીંહજી ઉપર ૧૭૮૫ ની ૧૪ મી દીસેમ્બરે લખ્યું હતું. કાંકે, એથી, માજી 'ઇસ્ટ ઇનડીઆ કુંપની' સરકારની રૈયતનો માલ દરીઆમાં લુટાવાની ધાસ્તી તદંન નીકલી ગઈ હતી. એથી, વલી ભાવનગર બંદરનો વ્યાપાર પણ ખુબ ખીલી નીકલીયો અને ત્યાં ગુજરાત, સોરઠ, અને મારવાડના પુશ્કલ વેપારીઓ આવી વસ્યા હતા. વખતસીંહજીએ ૧૭૮૯ માં કાઠી લોકોપાસેથી કુડલા પ્રગણું, ખારાપાટ (લીલીયા)નું આખ્ખું પ્રગણું અને કુપાવાલાના હાથમાંથી ચીતલ જીતી લીધાં હતાં. ગાયકવાડની "જમાબંધી" અને જુનાગઢની "જોરતલબી" ની ખંડણીઓની નક્કી રકમો ઇંગ્રેજી પોલીટીકલ એજંન્ટ કરનલ વોકર સાથ ઠેરવી, તે ઇંગ્રેજ સરકાર મારફતે ભરવા, વખતસીંહજીએ ૧૮૦૭ ના એપ્રેલમાં કબુલ કીધું હતું. ૧૮૧૨ ના મારવાડના મોહોટા દુકાલ વખતે ત્યાંના મીયા લોકોએ ભાવનગરમાં આવી વસ્યા પછે, ગાયો ચોરીને કાપી ખાવે, ત્યાંની હીંદુ રૈયતને જબરી ઉશકેરાઈ ગયલી જોઈ, હીંદુ શાસ્ત્ર પ્રમાણે, ગાય ચોરી તેને કાપી ખાનારાઓને, વખતસીંહજીએ મોતની સજા કરી હતી. એથી, ખેડાનો કલેકટર જે વખતસીંહજી ઉપર કરડી નજર રાખતો હતો, તેણે, મુંબઈ સરકારને એવીશે સહરાવેલો રીપોર્ટ કરવે, બીજી બાજુનો ઘટતો ખુલાસો સાંભલવા વગર, એ સરકારે, એ ઠાકોરના, ગોઘા, ધંધુકા અને રાણપુર પ્રગણાઓના બધાં મલી ૧૧૬ ગામો ઉપરની ફોજદારી તેમજ દીવાની સત્તા ૧૮૧૬ માં છીનવી લેઈ, સામબી ઠાકોર ઉપર ઇંગ્રેજી દીવાંની સત્તા લાગુ પાડી હતી, કે પછે ૬ મહીને, તે એ વર્ષની ૨૩ મી માર્ચે, વખતસીંહજી સ્વર્ગવાસી થયા. એ બળવંત ઠાકોરે ઘણીક ફત્તેહો મેલવી, પોતાની સત્તાનો બોહોલો વધારો અને વેપારને પુરતું ઉત્તેજન આપી તેને ખીલવી, ફેલાવી, રાજ્યને સંપુર્ણ રીતે ચઢતી કળા ઉપર

લાવ્યા હતા.—એજ ઠાકોરે ભાવનગરનો કીલ્લો પણ બાંધીયો અને આરબ સીબંધ્ધી વીગરે રજપુતોનું મોહોટું કવાયત વાલું ઘોડશ્વાર અને પાયદળ લશ્કર રાખ્યું હતું. એમના ૩ પુત્રો માંહેલા વડા વીજયસીંહજીએ ગાદીએ આવી, ઘણાંક બાહારવટીઆઓને* જેર કીધા. તેમના વખતમાં, ઇંગ્રેજ સરકારે પોતાનાં ગોઘા અને ધોળેરા બંદરોથી આયાત, નીકાશ થતા માલની જગાતમાં ૧૮૩૦ માં કેટલીક છુટ મેલવે, ભાવનગર બંદરની પડતી હાલત થઈ હતી. ૧૮૪૬ માં એ ઠાકોરનો દીવાન ગુજરવે, તેની જગ્યા જાણીતા થઈ પડેલા દીવાન ગવરીશંકરને મલી હતી. એ ઠાકોર ૧૮૫૧ ની ૨૬ મી માર્ચે સ્વર્ગવાસી થવે, એમના ૪ કુવરો માંહેલો વડો ભાવસીંહજી બાપની હૈયાતીમાંજ મરણ પામવે, તેમનો વડો પુત્ર અખેરાજજી ગાદીએ બેઠો—એણે શેહેરના કીલ્લાની મરામત કરાવી મજબુત કીધો હતો, અને બે વર્ષથી કાંઈ વધું રાજ્ય કરી ૧૮૫૪ ની ૩૦ મી જુલાઈએ સ્વર્ગવાસી થવે, તેમના નાધલા ભાઈ જસવંતસીંહજી ગાદીએ આવ્યા.—એમના વખતમાં ઉપર જણાવેલાં એ રાજ્યના ૧૧૬ ગામોની છીનવી લીધેલી દીવાની અને ફોજદારી વીશે, દીવાન ગવરીશંકર, સંકેતરામ દેશાઈ અને એ રાજ્યના મુંબઈના જાણીતા એજંન્ટ મી. મેરવાનજી ભાવનગરીઆની ભારે મેહનતથી, ત્યારની મુંબઇની સર જ્યાર્જ રસલ કલાર્કની સરકારે તપાસ કરી, ભાવનગર દરબારના લાભમાં ૧૮૫૯ ની ૨૨ મી દીસેમ્બરે ચુકાદો આપ્યા છતાં તેમાં લગાર વાંધો રેહવે શેવટનો ચુકાદો સર બાર્ટલ ફ્રીઅરની સરકારે ૧૮૬૫ માં આપ્યો, અને ૧૮૬૬ ની એપ્રેલથી સઘલાં ગામો ઉપર ઠાકોરની ફોજદારી અને દીવાની પુરસત્તા પાછી ચાલુ થઈ હતી. એ ખાતર મેહેનત કરનારા મી. મેહરવાનજીને ઘણું સારૂં ઇનામ, દીવાન ગવરીશંકરને "તુરખા" ગામ અને સંકેત રામને "હુભણુ" ગામ વંશપરંમપરા ઈનામમાં મલ્યાં હતાં. એ ઠાકોરે કાઠીઆવાદ માંહેલા લડાયેક પણ લુટારા વાઘેરોને જેર કરવા ઇંગ્રેજોને મદદ આપી હતી. હીંદુસ્થાનના ૧૮૫૬-૫૭ માં ફાટી નીકલેલા જબરા લશ્કરી બલવાની વખતે, ત્યાં રેલવે નહી હોવાથી, મેવાડ તરફ ઉતાવળથી જતી ઇંગ્રેજી ફોજ, ગોઘાબંદરે ઉતરી હતી, ત્યારે તેને એ ઠાકોરે બનતી ઝડપથી સઘલી સગવડ કરી આપી અમદાવાદ પોંહચાડી હતી. એ કીમતી સેવા ખાતર, ઇંગ્રેજ સરકારે જસવંતસીંહજીને ૧૮૬૭ ના ફેબ્રુવારીમાં "નાઈટ કમાનડર ઓવ ધી મોસ્ટ એકઝોલટેડ ઓરડર ઓવ ધી સ્ટાર ઓવ ઇંડીઆ" નો ખેતાબ આપ્યો હતો. એ ઠાકોરે, રાજ્યનાં જાહેર બાંધકાંમનાં અને ઇનિસાફનાં ખાતાઓ સુધારીયાં, હથીઆરવાલી મજબુત પોલીસ ફોજ સ્થાપી, દેશી રેગ્યુલર હોર્સ અને રસાલો નવો ઉભો કરી, શેહેરની પોલીસને ગાલી નાખી હતી. શેહર સુધરાઈ ખાતું, ધરમનું દવાખાનું અને શીતલા કહાડવાનું ખાતું, નવાં સ્થાપી, ઇંગ્રેજી સ્કુલ અને ગુજરાતી નીશાળો ઉઘાડી હતી. વેપારના વધારા ખાતર, ભાવનગર, મહુવા વીગેરે બંદરોનાં ડક્કા તેમજ નવી સડકો બંધાવી, એક આગબોટને સુરત અને ભાવનગર વચ્ચે ફરતી કરી, કસ્ટમની જગાતમાં ઘટાડો કીધો હતો. કાઠીઆવાદના રાજ્યોમાં દીવાની ફોજદારી કાયદાઓ છપાવવા અને "દરબારી ગેઝેટ" ૧૮૬૬માં કહાડવાની—પેહેલ એ ઠાકોરે કહાડી હતી, તેઓ ૧૮૬૯ માં ૪૩ વર્ષની ઉમરે, બે નાધલા કુવરો તેઓ તખ્તસીંહજી અને જવાનસીંહજીને મેલી સ્વર્ગવાસી થયા. જે ખાતર, મુંબઈ સરકારે જાહેરમાં મોહોટી દીલગીરી જણાવી હતી. એમના વડા કુવર, સર તખ્તસીંહજી હાલ લાયક ઉમ્મરે પુગી ગાદીએ બેઠા છે.

* "બહારવટું"—તે પોતાનો હક ખોવા વીશે રાજ્ય તરફથી ઈનસાફ ન મળવે, રૈયતને લુંટી, સત્તાવાલાઓને કંટાળો આપી, નાહશતા ફરવું.

મહારાજા, સર તખતસીંહજી રાવળ રજપુત છે. એમને, ૧૮૫૮ની ૬ઠી જાનેવારીએ બાઈ શ્રીહરીબાએ ભાવનગરમાં જન્મ આપ્યો. એઓએ ગુજરાતીમાં સંપુર્ણ અને રાજકુવર કોલેજમાં ૩ વર્ષ સારી ઈંગ્રેજી કેલવણી લીધી છે. ઇંગ્લાંન્ડ જઈ આવેલાં એમના ભાઈ જવાંનસીંહજી મરણ પામ્યાછે. તેમની યાદગારીમાં, ઠાકોરે એક ધરમનું દવાખાનું ભાવનગરમાં ૧૮૮૫ ની જાનેવારીએ ખોલ્યું. ઠાકોર સાહેબ તખતસીંહજી ૧૮૭૦ની ૨૩ મી એપ્રેલે ૧૩ વર્ષની વયે ભાવનગરની ગાદીના માલિક ઠર્યા. એઓ લાયક ઉમરે પુગ્યા ત્યાં સુધી, એ રાજ્યનો વહીવટ ઈંગ્રેજ સરકારની દેખરેખ હેથલ જોડાયલા-રાજ્ય અધીકારીઓ મારફતે ચાલ્યો હતો. જે વખતે ત્યાંની તીજોરીમાં રૂ. ૨૨,૯૮,૩૪૭ ની રોકડ પુરાંત હતી. ૮ વર્ષો, એમ કારભાર ચાલ્યા પછે, એ ઠાકોરે ઉમ્મરમાં આવી, ૧૮૭૮ની ૫ મી એપ્રેલે રાજ્યનો સ્વતંત્ર અખત્યાર લીધો, તે અગાઉ એક વર્ષ, એઓએ જોડાયલા કારભારી તરીકે કામ કીધું હતું. ઠાકોર સાહેબને પુર સત્તા મલી તેવખતે, તીજોરીમાં રૂ. ૫૧,૮૬,૪૨૨ ની રોકડ પુરાંત હતી. એમને ૧૮૭૭ની ૧લી જાનેવારીએ દીલ્લીમાં ભરાયલી શાહાનશાહી દરબારમાં, મહારાણી તરફથી, વાઈસરોય લોર્ડ લીટને, એક 'ઝુનડો' અને એક 'ચાંદ'ની ભેટ આપી, તેવખત સુધી એમને ૧૧ તોપો સાથ દેશી લશકરી તુકડીનું માન મલતું, તે વધારી ૧૫ તોફોનું કીધું હતું. એમના પ્રખ્યાત દીવાન ગવરીશંકર, સી. એસ. આઈ. એ, જૈફીના સબબે, ૧૮૭૯ ની

જાનેવારીએ હોદ્દો છોડવે, તે જગ્યા, અનુભવી દીવાન આજંમ શામલદાસને મલી હતી, તે લાયક દીવાનનું અકાળ મરણ નીપજવે, તેમની યાદગારી કાયમ રાખવા ઠાકોર સાહેબે ભાવનગરમાં "શામલદાસ આર્ટસ કોલેજ" બંધાવી ૧૮૮૫ની ૭મી જાનેવારીએ ખોલી અને તેમની જગ્યા ઉપર તેમના ચંચલ અને અનુભવી પુત્ર મી. વીઠલદાસને ૧૮૮૪ના સેપટમ્બરમાં કાયમ કીધા છે. એ ઠાકોરના વખતમાં, નવી બોડી ગાર્ડ અને નવી દીસ્ટ્રીકટ પોલીસ ઉભી થઈ, જમીન અને મેહેસુલની મોજણીનાં બે મોહોટાં ખાતાં નવે પાયે રચાયાં. એમના ખરચે, કેઠીવાર રાજકુવર કોલેજમાં પડતી અડચણ ટાળવા રૂ. ૧,૨૫,૦૦૦નો એક હોલ વધારી બંધાયો અને રાજકોટની આજી નદી ઉપર રૂ. ૧,૧૨,૦૦૦નો ગંજાવર "કયસરે હીંન્દ" નામનો પથ્થરનો પુલ નખાયો, તેને ખોલવાની ક્રીયા ૧૯મી ઓગસ્ટ ૧૮૭૯ને દીને થૈ. એમના વખતમાં ૧૮૮૦ની ૨૮મી દીસેમ્બરે, એ રાજ્યની રેલવે ગોંદલ રાજ્ય સાથે ભાગમાં, ૨૦૧ માઈલ લંબાઈની ૧૪ મહીનાની ટુક મુદતમાં, રૂ. ૮૬,૦૦,૦૦૦ને ખરચે બંધાઈ "ભાવનગર-ગોંદલ રાજ્યની રેલવે" નામથી ઉઘડી, તેમાં ભાવનગરનો ૨/૩ તો ગોંદલનો ૧/૩ ભાગ છે. મુખ્ય-લાઈન, ભાવનગરથી વઢવાણ સુધી ૧૦૬ માઈલની અને ૧૬ સ્ટેશનોવાલી છે. તેની શાખા-લાઈન ધોરાજી અને ધોલા વચ્ચે લંબાઈ છે, તેની આવક જાવકનો ખરચ ઉપલાં બેઉ રાજ્યોએ પોતે બાંધેલી લંબાઈના પ્રમાણ પ્રમાણે વેંહેચી લેય છે તો મુખ્ય-લાઈનની આવક એખલુ ભાવનગર ખાય છે. એ રેલવેઓનો નફો દર સાલ વધતો જાય છે. તેઓએ ૧૮૮૪ માં સેંકડે ૫ ટકાનું બ્યાજ ઉપજાવ્યું હતું. એ ઠાકોરે, મુંબઈની ગોદીમાં રૂ. ૧,૬૦,૦૦૦ ને ખરચે "ભાવનગર" આગબોટ બંધાવી તેને ૧૮૭૯માં રાજ્યના વેપારના વધારાખાતર ભાવનગર અને સુરતવચ્ચે ફરતી કીધી, રૂ. ૭૦,૦૦૦ને ખરચે એક સુશોભીત ઈંગ્રેજી-ગુજરાતી નીશાળ બંધાવી, કાયદાના અભ્યાસીઓ ખાતર એક "લો કલાસ" ઉઘાડયો, મુંબઈની એલફીનસ્ટન કોલેજમાં જ્યોતીષ શાસ્ત્ર ઉપર, છેલ્લી શોધો પ્રમાણે, અગત્યનું અજવાળું નાખનાર "સ્પેકટ્રોસ કોપીક લેબોરેટરી" સ્થાપવા રૂ. ૫૦૦૦ આપ્યા અને ૧૮૮૫માં પોતાના પાયતખ્ત શેહેરમાં એક બાલરક્ષક ગુરૂહ બંધાવ્યું. એઓ, રાજ્યનાં કેલવણી ખાતાં પાછલ દરસાલ રૂ. ૪૦,૦૦૦ થી વધુ ખરચ કરેછે. કાઠીઆવાદમાં ૧૮૭૭-૭૯ માં ચાલેલા જબરા દુકાળોની વખતે, પોતાની ગરીબ રૈયતને મદદ કરવા ઠાકોરે ચાંપતા ઉપાયો લે, વલી પરદેશી દુકાળીઆંઓને પણ રૂ. ૧૫,૦૦૦ ની મદદ કીધી હતી. ખેડુતો પાસેથી અસલ પ્રમાણે લેવાતી "ભાગવટાઈ" ના રાજ્યહીસ્સાની રીત રદ કરી, તે બદલે, તેઓને ફાયદો કરનારી "ખાતાંબંદી" ની રીત ઠાકોરે દાખલ કીધી છે. ૧૮૭૯ માં ઇંગ્રેજ સરકારની કાબુલ ઉપરની ચઢાઈ વખતે, ભારબરદાર જનાવરોની તંગી પડવે, તે ટાળવા કાઠીઆવાદના થોડાક રાજ્યો માફક એ ઠાકોરે પણ ૨૦૦ ટટુઓ એ સરકારને ભેટ આપ્યાં હતાં. એમની તરફથી જુદાજુદા જાહેર ઉપયોગી ધરમનાં ખાતાંઓને એકંદર રૂ. ૨,૫૦,૦૦૦ ઉપરની મદદ થઈ ચુકી છે. તો, રાજકોટ ઇંગ્રેજી એજંન્સીમાનાં ઘણાક જાહેરખાતાંઓને દરસાલ ચાલું રૂ. ૧૭,૦૦૦ની મદદ થતી રહેછે. મુંબઈની 'એલફીનસ્ટન કોલેજ' માં, 'સ્કુલ ઓફ આર્ટસ' અને પુણાની 'એનજીનીયરીંગ કોલેજ' માં એમની તરફથી ફતેહમંદ વિદ્યાર્થીઓને "સ્કોલરશીપો" આપવામાં આવે છે. ભાવનગરની લાયબ્રેરીનું મકાન બંધાવી આપ્યાં ઉપરાંત એ ઠાકોર તેને દરસાલ રૂ. ૨૦૦ ની ચાલુ મદદ કરેછે. એમની બોહોલી જાહેર શખાવતો જે રૂ. ૧૦,૦૦,૦૦૦ થી વધુ બોલાયછે, તે ખાતર, મહારાણી વીકતોરીઆએ પોતાની વર્ષ ગાંઠની ખુશાલીમાં, એમને "નાઈટ-કુમાનડર ઓવ ધી ઓરડર ઓવ ધી સ્ટાર ઓવ ઇંનડીઆ" નો ખેતાબ બક્ષ્યો, તેની દબદબા ભરી ક્રીયા, ૧૮૮૧ ની ૧૭ મી જાનેવારીએ થઈ હતી. એમના રાજ્યની વાર્ષીક આવક રૂ. ૨૩,૦૦,૦૦૦ ની છે. રાજ્યની ટંકશાળમાં એમના વડીલ ઠાકોર વજેસીંહજીના વખતમાં, ૧૮૪૦ ની ૮ મી સપટેમ્બરે "વજેસાહી" સીક્કા પડયા, પછે તેમનીસાથ, મુંબઈ સરકારે બંદોબસ્ત કરી,—ત્યાં પડતા સીક્કા બંધ કરાવી, તેના બદલામાં દરસાલ રૂ. ૨,૩૦૦ આપવા કબુલી, ત્યાં ઇંગ્રેજી રૂપીઆનું ચલણ ચાલુ કરાવ્યું, ત્યારથી એ રાજ્યની ટંકશાળ બંધ પડી છે. એ બદલાની ચાલુ લેવાતી રકમ વીશેના હક વીશે હાલના ઠાકોર, સાહેબના પીતા સર જસવતસીંહજીએ, ઇંગ્રેજસરકાર પાસેથી ૧૮૬૬ ની ૨૫ મા એપ્રેલે ઉચકો લેઈ, તે છોડી દીધો હતો. એમની ૪ પરણેલી રાણીઓ માંહેલી ગોંદલની રાજકુવરી રાજબાએ, એ ઠાકોરના વડા કુવર ભાવસીંગજીને ૧૮૭૫ના એપ્રેલમાં જન્મ આપ્યો છે. ઠાકોર સાહેબ, ઇંગ્રેજસરકારને રૂ. ૧,૫૪,૯૧૭ ની સામટી ખંડણી ભરેછે, અને લાઠી, પાલીતાણા અને વલાના રાજ્યકર્ત્તાઓ સાથ એઓ એક લોહીના છે. એમના "ભાયાતો" બધા મલી ૪ છે.

**ભાવનગર રાજ્ય**—કાઠીઆવાડ દેશના ગોહેલવાડ પ્રાંતના પુર્વ ભાગમાં આવેલું, પેહેલાં વર્ગનું છે. તે ૬ તાલુકા અથવા માહાલો, તેઓ શેહેર ભાવનગર, મહુવા, કુડલા, શીહોર, બોતાદ, અને, તલાજામાં વેહેચાયલું હતું, તે હાલ ૧૦ માહાલોમાં વેહેચાયુંછે. જ્યાં એક એક જાહેર ઉતારો છે. ઘણા ખરા માહાલોમાં દરબારી ધર્મના દવાખાનાં છે. એ રાજ્યોમાં 'તમાકુ' મોહોટાં જથ્થામાં ઉગાડવાની કોશેશ પાર ઉતરીછે તો બોહોલા જથ્થામાં 'કપાસ' ઉગાડવામાં આવેછે. ત્યાંના 'મીઠાં' નાં આગરની વાર્ષીક આવક રૂ. ૮૦૦૦ ની થતી હતી તે ૧૮૭૭ થી ઇંગ્રેજ સરકારે એ મીઠું પોતાની હદમાં આવતું બંધ કરી પોતાની સત્તામાં લેવાતા ભાવે મીઠું વેચવા ઠાકોરને ફરજ પાડવે, એ આવક ત્યારથી ઓછી થઈ છે. એ રાજ્યનું ક્ષેત્રફળ ૨૭૮૪ ચોરશ માઇલ છે. તેમાનાં એકંદર ૬૫૯ ગામોમાં, ૨૦૦ કોટબંધી છે. ૧૮૭૨ ની ગણત્રી પ્રમાણે ત્યાં ૧,૨૦,૦૦૦ ઘરો અને ૪,૨૮,૫૦૦ માણસોની વસ્તી છે, તેમાં મુખ્ય ભાગ હીંદુઓનો છે. ત્યાંનાં ૬ બંદરો, ભાવનગર, મહુવા, ડુંગર, રાજુલા, તલાજા અને શનોદરા માંહેલાં, પેહેલ્લાં ૨ મુખ્ય અને ધીકતાં છે. મુખ્ય પાહાડી ટેકરીઓ સીહોર, ખોખરા, ચાંન્દ વીગેરે છે. એ રાજ્યમાંથી દરસાલ ૧,૦૦,૦૦૦ ઉપરાંત ઘણાક હજાર મણ રૂની ગાંસડીઓ નીકાશ થઈ તેનો મોહોટો ભાગ મુંબઈ જાયછે. જમીનના કરમાં ઘટાડો થવાથી ત્યાંની હજારો એકર પડતળ જમીન હાલ ખેડાઈ છે. રાજ્યની આવકનો મુખ્ય આધાર ખેતી ઉપર છે. જે મુખ્ય કરીને રૂ, જુવાર, બાજરી, ઘઉં અને ચણાની થાય છે. ત્યાંની "ભાલ"ની ખારી જમીનમાંથી પાણી વગર સરસ ઘઉંનો પાક ઉતરેછે.—આખ્ખા કાઠીઆવાદમાં, ભાવનગર શેહેર પુલો સાથના સરસ રસ્તા ખાતર વખણાઈ શકે. જે પાછલ, તેમજ, દવાખાના, નીશાળો, બંદરો, ડક્કા વીગેરે બાંધવા ખાતર એ રાજ્યને રૂ. ૪૫,૦૦,૦૦૦ ખરચ થઈ ચુક્યોછે. ત્યાં ગોપનાથ-પોઇંટ અને અવામાં એકકી દીવાદાંડીઓ બાંધી છે. ૧ હાઇસ્કુલ, ૨ ઇંગ્રેજી-ગુજરાતી સ્કુલો ૮૮ નીશાળો અને ૯ કન્યાશાળા પાછલ રાજ્યને દરસાલ રૂ. ૪૧,૦૦૦ ખરચ થાયછે. દેશી સીબંધી લશ્કર ૨,૫૦૦ અને પસાયત-
*જુવો, ધ્રાંગધ્રા. લગભગ ૪૮,૦૦૦ છે. ત્યાનાં ૪ ભાયાતો* હસ્તક બધાંમલી ૧૨ ગામો છે. ત્યાંની કીમતી પથ્થરની ખાણોમાં, મહુવામાં લીલા પથ્થરાની છે જેની તરેહવાર શોભીતી ચીજો બને છે. 'બેલા' પથ્થર ફરસબંદીના કામમાં આવેછે. કુડલામાં, આરરાપહાણ અને ચકમકની ખાંણો છે. સીંહોરમાં લીલો અને કાલીપાટનો પથ્થર છે. તલાજાનો પીલો પથ્થર ઘણો શોભાયમાન છે.

**પાયતખ્ત ભાવનગર**—બંદરવાલું અને કીલ્લેબંધ શેહેર, "ગવેચી" નદી કીનારાથી ૨ા ગાઉ છેટે અને દરીઆની સપાટીથી ૩૮ ફીટ ઉંચું આવેલું ઇ. સ. ૧૭૨૩ માં સ્થપાયું છે. ત્યાંની મુલ વસ્તીની શરૂઆત ૧૭૨૩ માં ખારીઆ બંદરના **વધવા** ગામમાંથી શરૂ થઇ, તે ગાંમ હાલની બોહોલી વસ્તી વચ્ચે ઘેરાઇ જઈ "વધવાનો ચોરો" નામથી ઓલખાય છે. શેહેરમાં પુરતી વસ્તી ફેલાયા પછે કીલ્લો બંધાયો, પછે કોટની બહાર વસ્તી ફેલાઈ તેમાં પાછલથી એટલો બધો વધારો થઇ ગયો કે, ત્યાં બંધાયલા મોહોલ્લાઓની હારોવચ્ચે કીલ્લાની દીવાલ ગરક થઈ ગયેલી દેખાયછે. ત્યાં ઘરો ૧૩,૦૦૦ અને ૧૮૮૧ ની ગણત્રી પ્રમાણે વસ્તી ૪૭,૭૯૨ ની છે. શેહેર ૩ ભાગોમાં, તેમાં પેહેલ્લો શેહેરનો એટલે કીલ્લાની અંદરનો, અને બહારકોટ બે ભાગમાં વેહેચાયું છે. ત્યાં સારી બાંધણીના અસલી ઘરો વીગેરે સુધરેલી બાંધણીના રોણકદાર પુસ્કળ ઘરો છે. રયતનો મોહોટો ભાગ વેપારી વાણીઆઓનો છે. ત્યાંની નાઘલી મોહોટી ૫ બજારોમાં એક ઘણી સુશોભીત છે. સઘલા રસ્તા સરસ અને સફાઈદાર છે. મોહોટા પાયા ઉપર ત્યાં પાણી પુરૂંપાડવા, શેહેરથી ૫ ગાઉ છેટે આવેલી ભાખરા નદીને જબરો બંધ બાંધી લેઈ પાણીનો જબરો મોહોટો જથ્થો સંભાલી રાખ્યો છે. તો, બીજો ગંજાવર બંધ ગવેચી નદીને રૂ. ૫,૫૮,૦૦૦ ને ખરચે બાંધ્યોછે. જે મુખ્ય કરીને આખ્ખું શેહેરની અને બંદરમાહેલાં વાહાણોની પાણીની ગરજ સારે છે. દરબારી ઘોડાઓની ઓલાદ વધારી ઉછેરવા ત્યાં બે મોહોટાં ખાતાં છે. ત્યાંના બારામાં એક દીવાદાંડી બાંધી છે, અને એ બંદરથી રૂ, ઉન, અનાજ, વીગેરે વેપારી માલની જબરી મોહોટી નીકાસ થાયછે. ત્યાંના મોહોટાં દરબારી છાપખાનામાંથી દરમાસ "ભાવનગર દરબારી ગેઝેટ" નીકલેછે. શેહેરના દક્ષિણ ભાગ તરફ ઘણીક નવી મોહોટી સુશોભીત જાહેર ઇમારતો, જેવી કે, સીવીલ એનજીનીયરીંગ ઓફીસ, હાઇકોર્ટ, પોષ્ટ ઓફીસ, ટેલેગ્રાફ ઓફીસ, રેવીન્યુ સરવે ઓફીસ, નાઘલી ઓસ્પીતાલ અને દીસ્પેનસરી, હાઇસ્કુલ, એંગ્લો-વરનાક્યુલર સ્કુલ, કન્યાશાળા, અને રૂની નાઘલી મારકેટ બંધાઇ, શેહેરની રોણકમાં વધું વધારો કીધોછે. ત્યાં હાલ બંધાતી કોરાદે ઓસ્પીતાલને "સર તખ્તસીંગજી ઓસ્પીતલ" નાંમ આપવામાં આવશે. ત્યાનું દરબારી ધરમનું દવાખાનું "સર જસવંત સીંહજી" નાં નામથી ચાલેછે. મોહોટી જેલ સાફ રહે છે, દરબારી કુંભારકામ અથવા "પોટરી" નું ખાતું ફત્તેહમંદ નીવડયું છે. ત્યાં ૧ ઇંગ્રેજી હાઇસ્કુલ, ૧ એંગ્લો-વરનાક્યુલર સ્કુલ, ઘણીક ગુજરાતી નીશાળો, કન્યાશાળા અને ૧ મકતબ છે. શેહેર સુધરાઈ ખાતું મોહોટા પાયા ઉપર ચાલેછે. ઈનસાફની ૫ અદાલતો છે. ત્યાં રેશમી કાપડ સારૂં વણાયછે.



માહારાજા ઠાકોર સાહેબ શ્રી વાઘજી. મોરબી ના ઠાકોર સાહેબ.

H. H. THAKORE SAHIB WHAGJÉE, OF MORVEE.

Vincent Brooks Day & Son. Lith. London W.

# His Highness Whagji,

## THAKORE OF MORVI.

THE city of Morvi, known until A.D. 750 by the name of "Bhemora," obtained importance through the exertions of Mandhuj of the 'Jethvá' dynasty, who ruled there at that period. From his successors of a later generation, it passed, in A.D. 1176, into the possession of Mahmad Sha of the Gory dynasty, and in 1543, by an Imperial *Firmán*,—it was made over as a gift, by the Governor of Ahmadabad, to Rao Khangár. The circumstances which led to the gift being made were as follows :—The great ancestor of the ruling race of the Morvi State was Jam Jadhaji of Cutch. His descendant Khangárji, having a right to the throne of Cutch, was deprived of it by an usurper, his cousin Jam Ravul; whereupon Khangár sought shelter at Ahmadabad, and being fortunate enough to save the life of the Governor of Ahmadabad, in a lion-hunt, he was *rewarded* with the title of "*Rao*" and with the principality of Morvi. When firmly established at Morvi, he began to harass and invade the Ruler of Cutch, and at last succeeded, by force of arms, in regaining his ancestral throne. He changed his seat of Government from Lakiarvira to Bhuj—which had then been newly founded, and Morvi was added as a district to the province of Cutch (see the history of CUTCH in this work). Rao Khangárji's fifth descendant had eleven sons, the seventh of whom, Ranji, was honoured by his father with the sovereignty of Morvi, in recognition of his bravery and great abilities. Ranji was treacherously killed by a younger brother named Pragji, who usurped the throne of Cutch, but was soon after taken prisoner by Ranji's son Káioji. Between these two princes, however, an amicable settlement was arrived at, by which Pragji became Rao of Cutch, and—Thakore Káioji the Founder of the present ruling house, became Chief of the Morvi and Whaghud districts. Aliaji, the grandson of Káioji, was a bold warrior and bore on his person many honourable scars of wounds received in battles. In the reign of his son and successor Ravoji—the city of Morvi was fortified. Jeeaji, the third in descent from him, is said to have gained a great victory over the warlike tribe of the Miánás of Malia. Being a true friend of the English, he was easily induced by them to adopt strict measures for the suppression of the odious practice of infanticide. His second successor Ravoji was also an active and intelligent ruler, who rescued the State from indebtedness and raised it to a condition of financial prosperity. In his time all the departments of the administration, the judicial, military, revenue and police were thoroughly reorganized, while the State enjoyed the blessings of an extended commerce, and a thriving population. His rule lasted 26 years, and on his death, the *gadi* fell to the lot of the youngest of his three sons, Thakore Sahib Whagji, the present enlightened Prince of Morvi.

His Highness Thakore Whagji, a 'Jadeja Rajput' by caste, was born on the 17th April 1858. He had been a student in the 'Rajcoomar College' at Rajkot for 6 years, and has a good knowledge of English. Being a minor at the death of his father, the State was under the care of two able Native administrators appointed by the British Government until the Thakore came of age, in the beginning of January 1879, when the government was made over entirely to him. The joint-administrators effected great improvements during the minority

of the Prince. New court-houses, jails, police-lines, tanks and wells were constructed, schools and dispensaries established, and the roads improved. The Thakore, as soon as he assumed power, distinguished himself by his generosity, in feeding at his own expense for three weeks, 3,000 famine-stricken persons at Poona, and by opening relief works, at the cost of Rs. 28,000, for the benefit of his own suffering subjects of Morvi. In his time new roads are constructed, a handsome bridge, at the cost of Rs. 4,00,000, is built, new markets are opened, streets lighted with electric light, a people's park opened, and a clock-tower erected. He was the *first* Kathiawar Chief, who, in 1883, had gone on a tour to England and the other European countries. The first Tram-line in Kathiawar called " the Morvi State Tramway-line," between the Wadhvan and Morvi States, to the length of about 700 miles, has been projected, and it will cost the State the sum of Rs. 5,00,000. The annual revenue of the State is Rs. 8,36,000, out of which Rs. 58,471 are paid as tribute to the British Government. The Thakore is entitled to and receives the honour of a personal salute of 11 guns, with a guard of honour.

*THE STATE OF MORVI*—is a second class one, comprising 125 villages, and covers an area of 821 square-miles, divided into 4 Mahals or Revenue sub-divisions, comprising a population of 90,000. In each of these there are dispensaries and courts of justice. The—chief product of the soil is *cotton,* the annual average yield of which is 1,00,000 *maunds.* The State salt-pans yielded revenue until 1879, when salt being regarded as a source of income by the Government of India, the State was forbidden to export it into the British territory. The educational wants of the subjects are supplied by 1 English and 25 Vernacular schools and 3 seminaries for girls.

*THE CAPITAL TOWN, MORVI*—is in the centre of the province of 'Machookantha' and on the banks of the river Machoo. It presents a picturesque appearance, with its handsome buildings and well-made roads. The population as per latest Census was 12,872. Its ex-police superintendent was an energetic Parsee gentleman named Byramji,—whose vigilance and vigorous measures had caused his name to be held in terror by the lawless and desperate Miánás, who infested many parts of the province of Kathiawar. During the Thakore's travels through India, he visited many well-known places, and this, as well as his visit to England and other European countries in 1883, has given an impetus to several marked improvements in the town and territory of Morvi.

મોહોટો વધારો કરવા ઉપરાંત; ન્યાય, મેહેસુલ, પોલીસ અને લશ્કરી ખાતાં ગાળી કાહાડી સુધાર્યાં હતાં. વેપારને ઉત્તેજન આપી વધારવે, અને રૈયતને લાભ અને સંતોષ થનારા ઉપાયો લેવે, ત્યાં ઘણાંક નવાં ગાંમો વસી, વસ્તીમાં વધારો અને ખેતીનો ફેલાવો થવે, રાજ્યની આવક અને આબાદી ચઢતી કલાએ પુગી હતી. એ ઠાકોરે ૧૮૫૧ માં 'ટંકારા' માહાલને કીલ્લેબંધ કીધો હતો અને—કાઠીઆવાડના રાજાઓમાં મુસાફરી કરવાની પેહેલ કાઢનાર એજ ઠાકોર હતા. એમને પ્રવાસ કરવાનો ઘણો શોખ હતો. તેઓએ, આશરે ૧૦ ગાંમો નવાં વસાવ્યાં હતાં. એ ચંચળ ઠાકોરના વખતમાં,—મોરબી રાજ્ય ચઢતી કળાએ પુગી, વખણાઈ, ખુબ ખીલ્યું હતું. એ ઠાકોર સાહેબને ૧૮૬૯ માં સ્વર્ગવાસી થયા, તેમના પેહેલા બે પુત્રો સ્વર્ગવાસી થવે, ત્રીજા પુત્ર, તે આ બાબદને લગતા હાલના ઠાકોર સાહેબ વાઘજી, મોરબીની ગાદીએ આવ્યા છે.

ઠાકોર સાહેબ વાઘજી, 'જાડેજા' રજપુત છે. એમને માજી રાજબા સાહેબે ૧૭ મી એપ્રેલ ૧૮૫૮ ને દીને જન્મ આપ્યો. એમની બે બેહેનો, વતરોગે એક ભાઈ હરભમજી છે, તેઓએ 'કેમબ્રીજ'ની પાઠશાળામાં અભ્યાસ કીધો, અને ૧૮૮૫ માં એલ. એલ. બી. ની ડીગરી મેલવી, ત્યાંથી પાછા આવ્યા છે. ઠાકોર વાઘજી ગુજરાતી જાણેછે અને રાજકોટની 'રાજકુવર કૉલેજ'માં ૬ વર્ષ ઇંગ્રેજી અભ્યાસ કીધોછે. એઓ ૧૭ મી ફેબ્રુવારી ૧૮૭૦ ને દીને, રાજ્યગાદી ઉપર ૧૩ વર્ષની નાધલી ઉમ્મરે મુકરર થયા, તે વખતથી રાજ્ય-વહીવટ ઇંગ્રેજ સરકારની દેખરેખ હેઠળ, જેડાયલા-રાજ્ય-કારભારીઓથી ચાલ્યો, ત્યારે ઠાકોરે હીંદુસ્તાનની મુસાફરી કરી, મોહોટાં શેહેરો જોયાં હતાં. એમને ૨૧ વર્ષની વયે પુગતાં, રાજ્યની પુરઅખત્યાર સત્તા એમને હસ્તક સોંપવાનો દીવસ ૧૮૭૯ ની ૫ મી મેનો હતો, તે છતાં, એમની અરજથી ઇંગ્રેજ સરકારે, એમને પુરતા લાયક અને ચાલાક જોઈ, એ મુદ્દતની ૪ મહીના આગમજ તે ૧ લી જાનેવારીએ રાજ્ય-સત્તા એમને સ્વાધીન કીધી હતી. તે અગાઉ ૧૫ મહીના, તે ૨૫ મી સપટેમ્બર ૧૮૭૭ થી એઓએ અનુભવ મેલવવા જેડાયલા-રાજ્યાધીકારી તરીકે રાજ્ય-કારભાર ચલાવ્યો હતો. જેડાયલા-રાજ્ય-અમલની વખતે, —રાજ્યની મેહેસુલ વધી, નવા રસ્તા, તલાવો, કુવા, જીલ્લાની દરબારી ઈમારતો, કોરટો, તુરંગો, પોલીસ લાઈન અને નીશાળો, વીગરે ઘણાંક પ્રજા ઉપયોગી કામો બન્યાં અને એક નવું "વાઘપરૂં" વસ્યું; નવાં દવાખાંના ઉઘડયાં, અને કેલવણીનો ફેલાવો થઈ, રાજ્યકારભાર ખુબ સુધાર્યો હતો. એ ઠાકોર સાહેબે ૧૮૭૭ ના દુકાળ વખતે, પુણામાં ૩,૦૦૦ નાચાર દુકાળીયાંઓને લાગત ૩ અઠવાડીયાં સુધી ખવડાવ્યું હતું; તો ૧૮૭૯ ના દુકાળમાં, પોતાની રૈયતના થઇ પડેલા નાચાર ભાગને મદદ આપવા રૂ. ૨૮,૦૦૦ નું જાહેર બાંધકાંમ ખોલી ૪,૦૦૦ માણસોને કામે લગડયાં હતાં. એઓએ, રૂ. ૪,૦૦,૦૦૦ ના કેહેવાતા ખરચે 'મચ્છુ' નદી ઉપર એક સુશોભીત મોહોટો પુલ બંધાવ્યો છે. શેહેરને શણગાર આપવા અને રૈયતના સુખ ખાતર એઓએ નવાં બજારો, ગમત આપનારો બાગ, ઘડીયાળનો મીનારો, વીગરે બંધાવ્યાં અને ત્યાં વીજલીક રોશણીની બત્તીઓ દાખલ કીધી છે.—કાઠીઆવાડના રાજાઓમાં પેહેલવેહલ્લા એઓએ ૧૮૮૩ માં ઇંગ્લાન્ડ અને યુરોપની મુસાફરી કરી અને સુધરેલી રાજ્યનીતીનું અચ્છું જ્ઞાન મેલવી આવ્યા છે. એ ઠાકોર, "મોરબી સ્ટેટ ટ્રામવે લાઈન" ને વઢવાણથી મોરબી સુધી, આશરે ૭૦૦ માઈલ લંબાઈની, રૂ. ૫,૦૦,૦૦૦ ને ખરચે બાંધી ઉઘાડવાની તૈયારી કરી ચુકયા હતા, તે હાલ ઢીલમાં નાખ્યું છે. એક નવો સુશોભીત મેહેલ એમના વખતમાં બંધાયો છે. એમના રાજ્યની વાર્ષીક આવક રૂ. ૮,૩૬,૦૦૦, ની ગણાયછે, તો ખરચ રૂ. ૭,૪૯,૪૯૩ નો કહેવાયછે. એઓ, ઈંગ્રેજ સરકારને વાર્ષીક "ખંડણી"ના રૂ. ૫૮,૪૭૧ સામટા ભરેછે. તો, રાજકોટ-એજંનસી માંહેલાં કેલવણી વીગરેનાં ઘણાંક જાહેરખાતાંઓને ઉત્તેજન આપવા દરસાલ ચાલુ મોહોટી રકમની મદદ કરતા રહેછે. એ ઠાકોરની ૩ રાણીઓ માંહેલી બાજી રાજબા, જે, "ગોએલ"વંશ ની છે, તેણીએ,—કુવર જીઆજીને ૧૮૭૭ ની ૩જી જાનેવારીએ જન્મ આપ્યોછે. એ કેળવાયલા ઠાકોર સાહેબ મજબુત ઠરાવ અને સુધરેલા વીચારના છે. તેમને ઈંગ્રેજ સરકાર તરફથી લશ્કરી તુકડીસાથ ૧૧ તોપોનું માન મળેછે.

**પુરાતન મોરબી**—ને પેહેલવેહેલ્લું, "જેઠવા" વંશના **માનધજ** રાજાએ ઇ. સ. ૭૫૧ ની ૨૮ મી સપટેમ્બરે વસાવ્યું, ત્યારે તે, '**ભીમોર**' નામથી ઓલખાયું હતું, તે, હાલનાં **મોરબી** શેહેરથી ઇશાન્યકોણે શેહેજ તફાવતે વસ્યું હતું. **માન**-

ધજની ઘણીક ઓલાદો ત્યાં હાકમી ભોગવી ગયા પછે, એ શેહેર તેમના હાથમાંથી "ગોરી" વંશના **મેહેમુદશાહે*** ઈ. સ. ૧૧૭૬ માં જીતી લેવા બાદ,—હાલનું **મોરબી** શેહેર, તેણે નવું વસાવ્યું હતું. પુરાતન **મોરબી**ની અસલ જગ્યા હાલ પણ **ભીમોર** નામથીજ ઓલખાયછે, કે જ્યાંથી અસલ વખતના દટાયલા ત્રાંબાના સીક્કા વીગેરે બીજી ચીજો કોઈ કોઈ વખતે મળતી રહેછે.

* બીજી તરફ 'નવાબખાન' નામ જણાયુંછે.

**મોરબી રાજ્ય**— ૨ જા વર્ગનું છે. તેની હદમાં કાઠીઆવાડની **મચ્છુ** નદીની આસપાસનો "મચ્છુકાંઠાનો" પ્રાંત ('માલ્યા' શીવાય), અને '**રણ**', તે સાથ તેની પેલી બારફુએ આવેલાં 'વાગડ' પ્રગણાનો ભાગ, એ સઘળું આવ્યું છે. તેનું ક્ષેત્રફળ આશરે ૮૨૧ ચોરસ-માઈલ છે. તેના ૪ માહાલો, પુર્વે 'જેતપોર', ઉત્તરે 'વવાંણીઆ', દક્ષિણે 'ટંકારા', અને '**આધોઈ**' જે કચ્છના રણની પેલી તરફ વાગડમાં આવેલું છે. એ—છેલ્લા માહાલની મુખત્યારી વીશે, કચ્છ અને **મોરબી** રાજ્યો વચ્ચે કંઈ મુદત થઈ તકરારો ચાલુજ છે. દરેક માહાલમાં એકકું દરબારી ધર્મનું-દવાખાનું અને દીવાની તેમજ ફોજદારી અદાલતો છે. રાજ્યના એકંદર ૧૨૫ ગામો છે. સઘલી મોહોટી ૬ ધર્મશાળાઓ છે. ત્યાં મુખ્ય પેદાસ **રૂ** ની થાય છે, જે દરસાલ ૬૦૦,૦૦૦ મણને આશરે પાકે છે, તો એક હજાર મણ 'ઉન' પણ ઉતરે છે, એ રાજ્યને, **મીઠાંના-અગરોની** આવક સારી થતી હતી, તે, ૧૮૭૯ થી **ઇંગ્રેજ સરકારે**, પોતાની હદમાં આવતું બંધ કરવાથી, ઘટી ગઈ છે. ત્યાં ઘરોની સંખ્યા ૩૪,૩૭૫ અને વસ્તી ૯૦,૬૧૬ ની છે. એક મોહોટી ઇંગ્રેજી સ્કુલ, વત્રાગે ૨૫ ગુજરાતી **નીશાળો**, અને ૩ કન્યાશાળા છે, જે પાછલ એ રાજ્યને રૂ. ૭,૦૦૦ થી કંઇ વધુ વાર્ષીક ખરચ થાય છે. ત્યાં વળી શીતલા કહાડવાનું ખાતું પણ છે. રૈયતનો મુખ્ય ઉદ્યમ રૂ ઉગાડવાનો છે, જે ઉપર રાજ્યની આવકનો મોહોટો આધાર છે.

**પાયતખ્ત મોરબી**—શેહેર, **મચ્છુકાંઠા** પ્રાંતનાં મધ્ય-ભાગમાં, **મચ્છુ** નદી કાંઠે ખાઈ સાથે કિલ્લેબંધ થઈ ઉભું છે. જે,—ત્યાંનાં બીજાં વર્ગના રાજ્યોમાં પેહેલ્લું શેહેર છે. ત્યાં, ઘરોની સંખ્યા ૪૬૧૪ અને વસ્તી ૧,૨૮૭૨ માણસોની છે. શેહેરમાં પગ મેલતાંજ, આસપાસ સઘલે, તે, સુધરાઈ અને સફાઈનો દેખાવ આપેછે. ત્યાંનાં રસ્તા પોહલા અને ઇમારતો ઠીક દેખાવની છે. શેહેર સુધરાઈખાતું મોહોટા પાયા ઉપર ઉભું થઈ ચાલેછે. રૈયતના રક્ષણ ખાતર, કવાયતવાલી ૧૫૦, તે બીનકવાયતવાલી ૧૦૦ પોલીસ અને ૫૦ રસાલાના કવાયતવાલા સ્વારો રાખેલા છે.


**મોરબીનાં** વીધવા **રાણી સાહેબ માજી રાજબા**,—સ્વર્ગવાસી ઠાકોર **રવાજી**નાં ૩ હૈયાત રાણીઓ માંહેલાં એક, જેઓ ચુડાના ઠાકોરના બેહેન થાયછે, તેમની હાલ ૫૦ વર્ષની ઉમ્મર છે. તેઓએ અચ્છી કેલવણી લીધી છે અને રાજ્યકારભાર ચલાવવાનો પક્કો અનુભવ ધરાવે છે. પોતાનો ખાવંદ સ્વર્ગવાસી થવે, એઓએ, **મોરબી**નો રાજ્ય-કારભાર ૧ વર્ષ તુલીક ચંચલાઈથી ચલાવ્યા પછી, ત્યાં જોડાયલા-રાજ્ય-અધીકારીઓ નેમાયા હતા. એ રાણી સાહેબ, પોતાની ચપળ બુધ્ધી, ચંચળ મનશક્તી, ઉદાર દીલ, અને નીતી ખાતર જાણીતાં છે. એ ભલા ગુણો ખાતર તેઓ પોતાના ભ્રતારનાં ઘણાં માનીતાં થયાં હતાં. સ્વર્ગવાસી ઠાકોરના વખતમાં, એઓએ, ઘણીક પીડાતી લાચાર સ્ત્રીઓને ઇનસાફ અપાવ્યો હતો. જોડાયલા-રાજ્યકારભારના વખતમાં પણ, રાજ્યને લગતી કેટલીક કઠણ અને ગુચવાડા-ભરી બાબદો વીશે,—એમનો, અભીપ્રાય લેવામાં આવતો હતો. એમની માલેકીનાં, "ખરેડા" અને "ઝીકયાલી" બે ગામો છે, તેની વાર્ષીક ઉપજ રૂ. ૨૦,૦૦૦ ની થાયછે, ત્યાંનાં લોકો એમના અમલ તલે સુખી છે. એઓ, **મોરબી**માં દરરોજ, અશક્ત, નાચાર, દરદી, વીગરે નીરાશ્રીત લોકોને ખવડાવેછે અને ચોક્કસ મુદતે તેઓમાં કપડાં વેંહેંચેછે. એ કેલવાયલાં **રાણી સાહેબે**, **મોરબી**માં "રવાજી પાઠશાળા" નામથી ધર્મની-નીશાળ ઉઘાડી છે. ત્યાં દુરથી શીખવા આવનારા વીદ્યાર્થીઓને, એઓ મુફ્ત ખાવાનું આપેછે. વળી, પોતાનાં ગામોમાં પણ એઓએ, ગુજરાતી નીશાળો ખોલી છે. **મોરબી**ની, ઇંગ્રેજી તેમજ ગુજરાતી નીશાળોના વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા, તેમજ **રાજકોટ**ની ઇંગ્રેજી હાઇ-સ્કુલ માં પણ, પોતાના નામની ૫ "સ્કોલરશીપો", ચાલુ કરાવી છે. વળી **મોરબી** રાજ્યનો કોઇબી વિદ્યાર્થી, કાઠીઆવાડ કે મુંબઈમાં કેળવણી લેવા આવવા ઇચ્છે, તેને, એ રાણી સાહેબ મદદ કરે છે, જેનો લાભ, હજુણ સુધી એકજ વિદ્યાર્થીએ, **રાજકોટ**ની "ઇનજીનીયરીંગ-કોલેજ" માં જઈ લીધોછે.

# His Highness the late Sugramji,

## THAKORE OF GONDUL.

THAKORE KOOMBHÁJI, the **Founder** of the Gondul State, was a 'Jadeja Rajput,' and belonged to the family of the Jam of Nowanaggur, being the second grand-son of Vibhaji of Rajkot. He had obtained 20 villages by inheritance, as his share of the territory of Rajkot; and for the military aid rendered to the Governor of Ahmadabad,—he was rewarded with the grant of the village of Gondul in A.D. 1648, which he enriched and made the capital of his small domain. His successors, Hállaji and Koombháji, added to their possessions four villages including 'Dhoraji', which they got from the Nawab of Junagud. Having strengthened that village, Hállaji incorporated with it eight others, making it the centre of a district, which to the present day has formed an important *Mahal* of the Gondul State. Some other villages were added to this State in this Prince's reign, but the largest accession of territory occurred during the chiefship of his illustrious son Koombháji II. The late Thakore Sugramji, the subject of this memoir, was the eleventh in succession to Koombháji.

His Highness the late Thakore Sugramji claimed descent in the direct line from the Kings of Jamnaggur, and was born on the 24th of February 1823. He had effected many improvements throughout his dominions by a lavish expenditure of money. During his time two towns, 'Oopletá' and '*Bháiaváder*' were fortified; English and Vernacular schools and a reading-room were opened, charitable dispensaries established, and bungalows and *dharamsalas* or inns for travellers erected at Gondul. He died in 1870, at the age of 47, leaving, the younger of his two sons, Bhugvutsingji a minor, to succeed him on the throne, as the eldest Pruthiraj having died during the lifetime of his father. He was greatly lamented by his subjects to whom he was very merciful. Since his demise the State was first managed until 1872 by an European Officer as Superintendent; subsequently it was managed by an Assistant Political Agent of the Rajkot Agency until September 1878, after which it was finally managed by a joint-administration until 25th of August 1884, when the minor Prince attained his majority and was entrusted with the sole management of his State. At that time, there was cash balance of Rs. 1,50,000 in the State treasury, besides Rs. 25,00,000 were invested in Government loans. During the joint-administration a State-Railway called the "BHAVNAGAR-GONDUL STATE RAILWAY LINE" between Dhoraji and Dhola was opened in January 1881 by the joint-expense of the two States. The expenses and earnings of the Railway line are—shared by both the States, in proportion to the length of the line constructed by each. The line constructed by the Gondul State at the cost of Rs. 30,00,000 is about 60 miles in length.



સ્વર્ગવાસી માહારાજા શ્રી સઘરામજી. ગોંડલના ઠાકોર સાહેબ.

H. H. THE LATE SUGRAMJEE—THE THAKORE OF GONDUL.

The Ranee Shaib Mogibai, widow of the late Thakore, is well known for her liberality. She distributes annually Rs. 3,500 among the poor, and thus in addition to her many liberal contributions for charitable objects, she manifests a lively interest in matters of social reform and educational improvements.

H. H. Bhugvutsingji the present Thakore is an educated and intelligent youth of 21, born on the 11th November 1865. He studied for 7 years in the 'Rajcoomar College' at Rajkot. In 1883 he went on a tour to England and other European countries. On his return he was appointed joint-administrator of his State, and was installed on the 26th of August 1884. His Highness instituted 4 scholarships called "Gondul State Scholarships," to be awarded to the most successful Gondul students, studying in the Rajkot High-School; he has handsomely patronised the Rajcoomar College with a princely donation of Rs. 25,000; and has also founded an annual scholarship of Rs. 100 in connection with that College by presenting another sum of Rs. 2,500. He married four wives according to custom. The Prince promises to be a worthy Thakore and ruler of Gondul. There are in all 15 *Mool-Bhayads* of the State.

*GONDUL STATE*—is a second class one. Its extent is 1,024 square-miles, including 179 villages, with a population of 135,605. It is divided into seven *Mahals* or administrative sub-divisions. Among its institutions are municipalities, hospitals, dispensaries, and criminal and civil courts. The soil is generally fruitful, producing—*bajri, jar, gram* and *cotton.* Cotton is chiefly produced in the Dhoraji district. The total yield of *cotton* amounts to an average of 6,150 *Khandis* or 12,300 pressed bales. For the educational wants of the people there are 2 English, 8 Gujrathi and 4 Sanskrit schools, and 1 Vernacular night-school, all being maintained at an annual state expenditure of Rs. 10,800. The yearly income of the State is Rs. 12,46,000, and the expenditure Rs. 7,67,000. Besides it pays an annual TRIBUTE to the Gaikwar of Rs. 61,017, to the British Rs. 50,207, and to the Nawab of Junagud Rs. 955.

*THE CAPITAL TOWN, GONDUL*—is in the centre of the province of Kathiawar, and is situated on the bank of the Gonduli river. Inside the walls of the fort there is a handsome palace of Gothic architecture, surmounted by a fine clock tower, which is worthy of notice. Among the suburbs there are many handsome structures, among which the visitor meets with a market, a large Anglo-vernacular school with a library, travellers' bungalows and *dharamsala,* a hospital with six wards, a post office, a telegraph office, a city jail and a station for the police. New roads are constructed, and a large, substantial and handsome Bridge has been laid across the river Gonduli. In this quarter there is also a People's park.

# સ્વર્ગવાસી ઠાકોર સાહેબ સગરામજી,

## ગોંડલ ના.

એ સ્વર્ગવાસી ઠાકોરના મુળ-વડીલ અને ગોંડલની રાજ્યગાદી સ્થાપનાર બહાદુર કુંભાજી, નવાનગરના જામ સાથે એક લોહીના અને રાજકોટની ગાદી સ્થાપનાર ઠાકોર વીભાજીનો ન્હાના પૌત્ર અને ઠાકોર મેરામનજીના ૨ જા કુવર હતા. તેઓને, પોતાંના ભાગનાં રાજકોટ તરફથી, ૨૦ ગાંમો 'ગરાશ' માં મળ્યાં પછે, તેઓએ અમદાવાદના સુબાને લશ્કરી મદદ કરી, ઈ. સ. ૧૬૪૮ ની શરૂઆતમાં—ગોંડલ ઈનામમાં મેળવી તેને પોતાની સત્તાની રાજ્યધાની બનાવી હતી. એમના ૨ પુત્રો માંહેલો ૧ લો સગરામજી, ૧૬૪૮ ની આખેરીએ ગોંડલની ગાદીએ બેઠો. તેણે, પોતાની સત્તામાં સેહેજ વધારો કીધો હતો.—(તેના ન્હાના ભાઈ સાંગાજીએ, "કોટડા" ની રાજ્ય-ગાદી સ્થાપી હતી.) સગરામજીના ૪ પુત્રો માંહેલો હાલોજી ૧૭૧૩ માં ગોંડલની ગાદીએ આવ્યો, તેણે, પોતાના બહાદુર પુત્ર અને ગાદી-વારેશ કુંભાજી સાથે,—રાજ્યની સત્તાસાં ઘણો વધારો કીધો હતો, અને જુનાગઢના નવાબ બહાદુરખાનજીને મોહોટી લશ્કરી મદદ કરી, તેની પાસેથી ૧૭૪૭ માં, 'ધોરાજી' સાથે બીજા ૪ ગામો મેલવી, ધોરાજીને વધારી એક મોહોટું શેહેર બનાવી મેલી તેને ફરતો કોટ બાંધી, એક માહાલ બનાવી, તેની હદમાં, બીજા ૮ નવા ગામો ઉમેર્યાં હતાં, કે જેમ હાલપણ છે. હાલોજીએ, બીજાં ૯ ગામો મેલવી, ગોંડલની સત્તામાં જોડી નાખ્યાં હતાં. તેનાં, ૪ કુવરો માંહેલો કુંભાજી ભા, ૧૭૫૨ માં ગાદીએ બેઠો. તે બહાદુર લડવૈયાએ પેહેલે ૪૫ નવાં ગામો મેલવી, ગોંડલની સત્તા વધારી,—અને ૧૭૬૧ માં ગોંડલનો "કીલ્લો" બંધાવ્યો, જે હાલ ઉભેલો છે. તેણે વળી બીજા ૫૦ ગામો જીતી ધોરાજી માહાલસાથ જોડી તેને મોહોટો બનાવ્યો, અને ૧૭૬૦ માં, નવાં ૨૦ ગામોનો ઉપલેતા માહાલ વસાવી, તેને કીલ્લેબંધ કીધો, તેમજ ૧૭૭૯ માં 'સરસાઈ' માહાલ પણ નવો વસાવ્યો હતો. એવી રીતે—એ બહાદુર ઠાકોરે, ગોંડલનો વીસ્તાર, વસ્તી અને સત્તામાં જબરો મોહોટો વધારો કરી તેને ચઢતી દશા ઉપર લાવ્યા, ત્યારથી આજ સુધી, તે, ખીલતીજ હાલતમાં રહ્યું છે. એ ઠાકોર લાંબું રાજ્ય કરી, ૧૭૮૯ માં સ્વર્ગવાસી થયા, ત્યાંતુલીક, તેઓ રાજ્યની મોહોટાઈ, આબાદી, અને વધારો કરવા પાછળજ મંડીયા હતા.—તેઓ પછે, એ રાજ્યમાં કશોબી વધારો થયોજ નહીં. નામાંકીત કુંભાજીની હૈયાતીમાંજ તેમનો પાટવી કુવર સ્વર્ગવાસી થવે, તે કુવરના ૪ પુત્રો માંહેલો મુલુજી ૧૭૮૯ માં ગાદીએ આવ્યો. તેનો વડો કુવર મરણ પામવે બીજો કુવર સાંગાજી ૧૭૯૨ માં એ ગાદીએ બેઠો. તે નીર-વંશ જવે, તેનો કાકો દેવાજી ૧૭૯૯ માં તખ્તે આવ્યો. તેના ૪ કુવરો નથુજી, કરણજી, ચંદ્રસીંહજી અને ભાનાભાઈ, ૧૮૧૧-૫૦ સુધીમાં ગાદીએ આવી ગયા. છેલ્લાના ૨ કુવરો માંહેલા, આ હકીકતને લગતા, સ્વર્ગવાસી ઠાકોર ૩ જા **સગરામજી**, ૧૮૫૦ માં ગાદીએ બીરાજ્યા, તેઓ, ૧૮૬૯ માં મુંબઈમાં કૈલાસવાસી થઈ, પોતાની પાછળ ન્હાના કુવર ભગવતસીંગજીને મેલી ગયા, જેઓ હાલ ઉમ્મરે પુગી, ગોંડલની ગાદીએ આવ્યાછે.

સ્વર્ગવાસી ઠાકોર સાહેબ **સગરામજી** "જાડેજા રજપુત" હતા. તેમને રાજબા મોહોટીબાએ, ૧૮૨૩ ની ૨૪ મી ફેબ્રુવારીએ ગોંડલમાં જન્મ આપ્યો. તેમના એકજ ભાઈ મુલુભા હતા. એ ઠાકોરે ૧૮૫૦ ની ૧૬ મી દીસેમ્બરે તખ્ત નશીન થઈ, ચંચલાઈથી રાજ્ય કારભાર ચલાવી, આગલું કરજ ફેડી, વાર્ષીક આવક વધારી રૂ. ૮,૦૦,૦૦૦ ની કરી, રૈયતના લાભ અને સુખ ઉપર ધ્યાંન આપી,—ઉપલેટા માહાલનો કોટ, ભાયાવદરને ફરતો શેહેર-ગઢ, અને ધોરાજી માહાલનાં "કેલકી" અને "મારદ" ગાંમને મજબુત દીવાલબંધી કીધી હતી. ગોંડલમાં, ઈંગ્રેજી સ્કુલ, રીડીંગ રૂમ, દવાખાનું, મુસાફરી બંગલો, અને ધર્મશાળા બંધાવ્યાં હતાં, તો આખ્ખા તાલુકામાં ગરીબોનાં છોકરાંઓને મુફત કેલવણી આપવા ઘણીક નીશાળો ઉઘાડી હતી. પોતાના મીલનસાર સ્વભાવથી એઓ રૈયતના ખુબ માનીતા થઈ પડયા હતા. એમના સારા રાજ્યકારભારથી બીજાં શેહેરના લોકો ગોંડલમાં આવી વસવે, ત્યાંની વસ્તી અને વેપાર, મેહેસુલ અને આબાદી ખુબ વધી, ખીલી નીકળી હતી. એ લાયક ઠાકોર ૪૮ વર્ષની વયે ૧૮૭૦ ની ફેબ્રુવારીમાં મરણ પામ્યા. તેઓની ૩ રાણીઓ માંહેલાં છેલ્લાં હૈયાત રાણી બાસાહેબ મોંઘીબાએ—હાલના ઠાકોર સાહેબ ભગવતસીંગજીને જન્મ આપ્યો. સ્વર્ગવાશી ઠાકોર સાહેબ, પોતાની પાછળ, એ કુવરસાથ તીજોરીમાં રૂ. ૧૪,૦૦,૦૦૦, રોકડ મેલી ગયા હતા. ન્હાના ઠાકોર ભગવતસીંગજી ઉમ્મરે પુગ્યા ત્યાં સુધી, ગોંડલનો

કરવાની આગેવાનીમાં એમનો હાથ હતો. ઓરતોને ચોક્કસ હદ સુધી છુટ્ટાપણું બક્ષવાની જાહેર તકરારોમાં એઓએ આગેવાન ભાગ લેઈ, તેના ટેકામાં, જુદા જુદા જમાનામાં જુદી જુદી કોમોની ઓરતોએ ભોગવેલા છુટ્ટાંપણાં વીશે સંગીન અને અશરકારક દલીલો બતાવી હતી. ૧ લા બેરોનેટ સર જમશેદજીનાં, ટાઉન-હોલમાં મેલાયલાં 'બાવલાં' વીશે પેહલી ચરચા ઉભી કરનાર એઓ હતા. દેશીઓના લાભ અને હક જાલવનારી "ધી બોમ્બે બ્રેન્ચ ઓવ ધી ઈસ્ટ ઈન્ડ્યા એસોસીએશન," ને સ્થાપી તેને ૧૮૮૩ માં પાછી મજબુત કરવા, અને ૧૮૮૫ ની ફેબરવારીમાં "બોમ્બે પ્રેસીડન્સી એસોસીએશન" ને જન્મ આપવામાં એમનો હાથ હતો. એમ એઓએ મુંબઈ શેહેર તરફ બજાવેલી પ્રજા ઉપયોગી જાહેર સેવાની નોંધ લેવા પછે,—વધુ અગત્યની બજાવેલી જાહેર સેવાનો સફો ફેરવાઈ, પાયતખ્ત લંડન શેહેર તરફ આપનું ધ્યાન ખેંચે છે, કે જ્યાં પોતાની જીંદગીનો લાંબો વખત, એ દેશ-હીતકારી પુરૂષે, દેશાભીમાની કામો કરવામાં ગુજાર્યો છે. મુંબઈના જાણીતાં 'કામા' ખાંનદાંને ૧૮૫૫ માં 'મેશરસ કામાં અને કું.' નામથી —પેહેલ્લી દેશી પેહેડી લંડનમાં ઉઘાડી, તે, મી. દાદાભાઈના લાંબ્બા વખતનાં ચાલુ ઉત્તેજન અને ઉલત આપવાનું ફળ હતું. તેમાં ભાગ્યા બની એજ સાલમાં એઓ—પેહેલ્લે ઈગ્લાંડ ગયા, અને ત્યાં જાહેર બાબદોમાં ભાગ લેવા માંડી, 'લીવરપુલ' માં ૧૮૬૧ માં "પારશી રેવાજ, રશમ, અને ધર્મ" સંબંધી જાહેરમાં બે નીબંધો વાચ્યા, ૧૮૬૫ માં "ધી લંડન ઈનડીઅન સોસાયટી" ઉભી કરવામાં આગેવાની લીધી, ૧૮૬૬ માં 'એથનાલાજીક સોસાયટી'ના પ્રમુખે 'એશીઆની જાતોના ગુણો' વીશે કીધેલા સખ્ત ટીકાને, દાખલા દલીલોથી તોડી નાખનારો મજબુત રદીયા રૂપી એક નીબંધ તેજ સભામાં વાચ્યો, એજ સાલમાં એઓએ અથાક મેહેનત લૈ હીંદુસ્થાનના હક અને લાભો જાલવનારી "ઈસ્ટ ઈંડયા એસોસીએશન" સ્થાપી, અને દેશ ઉપર પડતા અંદેશા અને દેશી રાજ્યોને થતા ગેર-ઈનસાફ, વગેરે બાબદો ઉપર અશરકારક નીબંધો વાચ્યા અને તકરારો કીધી તેઓ: 'ઈગ્લાંડની હીંદુસ્થાન તરફની ફરજો,' 'માઈસોરનું રાજ્ય,' એબીશીન્યાની લડાઈનો ખર્ચ,' 'કેલવણી પામેલા દેશીઓને સીવીલ સરવીસમાં દાખલ કરવાની જરૂર,' એબાબદ ઉપર પારલમેન્ટમાં સર સ્ટાફોર્ડ નોર્થકોટે કીધેલા 'ટીકાનો જુવાબ,' 'માઈસોરની તકરારના સંબંધમાં લોર્ડ વીલીયમને જુવાબ,' 'હીંદુસ્થાન માંહેલી એસોસીએશન ની ફરજો,' 'હીંદુસ્થાનનાં પાણીનાં જાહેર બાંધકામો,' 'ઈસ્ટ ઈંડયા એસોસીએશન,' 'મુંબઈનો રૂ નો ધારો,' 'હીંદુસ્થાનની હાજત અને પેદાશ,' હીંદુસ્થાનનો વેપાર,' 'હીંદુસ્થાનનો રાજ્યકારોબાર,' 'હીંદુસ્થાનની કંગાલીઅત વીશે નીબંધો,' અને 'એ નીબંધોના સંબંધમાં ઉઠેલી તકરારોનો રદીઓ,' એ વત્રોગે સીવલ સરવીસમાં દેશીઓને દાખલ કરવાવીશે અરજી,' 'ગવરનર જેનરલ ઓવ ઈંડ્યા બીલ' માં "સીવીલ સરવીસ" ને લગતા ફકરા વીશે, સર સ્ટાફોર્ડનોર્થકોટ ઉપર કીધેલું લખાણ, હીંદની ગરીબાઈ વીશે સેક્રેટરી ઓવ સ્ટેટ વગેરે બીજા ચઢતા વર્ગના ઈંગ્રેજો સાથ ચલાવેલી તકરાર, લશ્કરી વૈદકખાતાંની નોકરીની પરીક્ષા પસાર કરવા ગયલા પારશી ઉમેદવાર મી. મનચેરજી બેરામજી કોલાને થયલી મોહોટી નડ દુર કરવા હીમતથી ભીડેલી બાઠ, અને સીવીલ સરવીસ પસાર કરવા ગયલા દેશી વિદ્યાર્થીઓના માર્ગમાં નડ નાખવા સંસ્કૃત અને અરબ્બી ભાષાઓની માર્કો ઘટાડી નાખવા વગેરેની હરકતો દૂર કરાવવા લીધેલી મેહેનત, એ સઘળી મી. દાદાભાઈની—દેશહીતકારી સેવાનો છાપ દેશીઓના જીગર ઉપર શાબુત પડી રહોછે. વેપારી મંડળીની પણ મી. દાદાભાઈએ જાહેર સેવા બજાવી 'ડાક્યુમેંટ-બીલ' સંબંધી લંડનની બે ઈંડયા બેંકો સાથ અગત્યનો સવાલ ઉપર કર્યો હતો. લંડનમાં એક—પારશી વેપારી તરીકે મી. દાદાભાઈ મજબુત આંટ, આબરૂ, અને ઈમાનદારી ખાતર પ્રસિધ્ધ થયા હતા. તેઓએ, એક હમજાતી મીત્રને વગર સ્વાર્થે મદદ કરતાં ૧૮૬૪ માં મોહોટો આચકો ખાધા પછે, ૧૮૬૬ માં મુંબઈની કેટલીક વેપારી પેહેડીઓ ભાગવે બીજો આચકો લાગ્યો કે, ભારી નુકસાની થઈ અને પોતાની પેહેડી બંધ કરવી પડી, તે વખતે એમની ચોખ્ખી આંટ અને ઈમાનદારીનો બદલો એમ મળ્યો હતો કે એમના માગનારાઓએજ એમનો તુરત છુટકારો થવા સામી મદદ આપી, અને એમના ચોખ્ખા વેહેવાર અને ઈમાનદારી વીશે જાહેર પત્રોમાં વખાણ થઈ હતી. સાહાસીક વેપારીઓ તરીકે પણ મી. દાદાભાઈની પેહેડીએ દેશીઓની બનતી

સેવા બજાવી, હીંદુસ્થાનમાં ઉપયોગી અને ઉદ્યોગી કારખાંનાં ઊભાં થવાને ઊત્તેજન આપી, ૪ આગબોટો
૯૩ નાં, તો ૧ રેશમનાં કપડાં વણવાના સાંચા, તેમજ કાગજ અને સાબુ બનાવવાનું સરસ શાંચા
કામ, વગેરે કીફાયત ભાવથી બનાવી મોકલ્યું હતું. ૧૮૭૦ માં 'ઈસ્ટ ઈંડયા એસોસીએશન'ના ઓનરેરી
સેક્રેટરી બની એઓએ તેની નાંણા સંબંધી તંગ હાલતને સુધારવા ૧૮૭૧ માં હીંદુસ્થાનમાં આવી, કચ્છ
અને કાઠીઆવાડનાં રાજ્યોમાં મુશાફરી કરી, મદદ મેળવી હતી. એ એસોસીએશનની મદદથી મી.
દાદાભાઈએ, દેશીઓનો લાભ અર્થે લાંબી મુદત જેહેમત એચી, તેનાં મીઠાં ફળ, લાયક દેશીઓ હવે
રાજ્ય કારોબારમાં ભાગ લેતા જે, સીવીલ સરવીસમાં નેમાતા ચાલી, ઈત્યાદી રીતે ચાખેછે. એમ એ—હીં-
દના હીરાએ, ચાલુ કોશેશથી દેશના લાભ અને ફાયદાને શીકરી લેનારી સાંકળને અંતે તોડીછે. ૧૮૭૩ માં
'પારલેમેન્ટની ફીનાન્સ કમીટી' હુજુર એઓએ હીંદુસ્થાનની નાણા સંબંધી માઠી હાલત વીશે હીમતી અને
અશરકારક સાક્ષી આપી હતી. ૧૮૬૪ માં મુંબઈ યુનીવરસીટીના એઓ "ફેલો" નેમાયા, દેશ અને
દેશીઓની બીન સ્વાર્થે બજાવેલી સેવા ખાતર ૧૮૬૯ માં મુંબઈમાં ભેગી મળેલી જાહેર સભાએ એમને
એક "માનપત્ર" સાથ રૂ. ૨૫,૦૦૦ ની 'પર્સ' ભેટ આપી હતી. પ્રજા તરફથી મળેલું એ નાણું એઓએ
પ્રજા ઉપયોગી કામોમાંજ ખરચેલું બોલાયછે. બરોડાના કમ નશીબ મલ્હારરાવ ગાયકવાડે કમ અક્કલી
સલ્લાહકારોનું સાંભળી, પોતાનાં રાજ્યને ખરાબીના ખડક સાથ લગભગ અથડાવી ભાગી પાડવાની
હાલતમાં લાવી મેળવે, ૧૫ માસની ટુક મદતમાં તે સુધારી નાખવા, ઈંગ્રેજ સરકારની તાકીદના તકાદા થવાની
—કટાકટીના વખતે, એ બેંહેંકી અને બગડી ગયલાં રાજ્યનું શુકાન, ગાયકવાડે અરજ કરી ૧૮૭૪ ની શરૂઆતમાં
મી. દાદાભાઈને હાથ આપ્યું. તે, એઓએ હીમ્મતથી ધરી, તેને ડુબતું બચાવવા તુરત ચાંપટા ઉપાયો લીધા
અને ત્યાંનો ઈંગ્રેજી રેસીડંટ તે ગાયકવાડનો હરીફ કરનલ ફ્રેયરને, એ મહારાજાની તેમજ પોતાની વિરૂદ્ધ
જતો અને મુંબઈ સરકાર ઉપર જોડી કહાડેલા ખોટા 'ખરીતા' લખતો જોઈ, અને એ સરકારને તેની તરફ
ફીધેલી જાણી, તે વીશે એ ચંચળ દીવાને ત્યારની લોર્ડ નાર્થબ્રુકની હીંદુસ્થાનની વડી-સરકાર હજુર ફરીઆદ
ઉઠાવી તે શાબેત કરી આપવે, વડી-સરકારે,—મુંબઈ સરકારને, બરોડાની બાબદમાં હાથ નાખતાં તુરત
અને તદ્દંન અટકાવી, રેસીડન્ટને બરોડા છોડી બહાર જવા ફરમાવી, તે જગ્યા ઉપર, પોતાનાં ખાસ એજન્ટ
અને કમીશનરને નેમી મોકલી તેને સઘળો વેહેવાર પોતાની સાથ કરવા ફરમાવ્યું હતું. એમ એ કાબેલ પારશી
દીવાને, એવા બેહેંકીગયલા અને મજબુત વગવાલા ઈંગ્રેજ એજંટને હરકતો નાખતો સફાઈથી દુર કહડાવ્યો
તે કાંઈ સાધારણ કામ ન હતું. એ ખટપટ વખતે, પોતાની વિરૂદ્ધ જોડાયલાં શરમ ભર્યાં ખોટારાં ખુલ્લાં પાડવા
મી. દાદાભાઈએ, "૧૮૭૪ નો બરોડાનો રાજ્ય વહીવટ" નામથી ઈંગ્રેજી ચોપાંન્યું છપાવ્યું હતું. એમ માથે
લીધેલાં કામની ભારે હરકતો વઠાવી, રાત દીવસ મેહેનત અને જેમતમાં ગુતાઈ, ફત્તેહ પામવાની ટોંચ ઉપર
આવવા છતાં, બેસમજ અને દામાદોલ મહારાજાની કમબુદ્ધિથી, તે સઘળું ફોકટ ગયું હતું. તેના સલ્લાહકારો
—હરહરતા ખટપટ્યા અને લાલચુ હતા, તેમની અપ્રમાણીકપણાંની રૈયત ઉપર ચાલતી જુલમી કાતર, દીવાન
દાદાભાઈના વખતમાં બંધ પડવે, તેઓ, તેમના રાજ્ય સુધારાની આડે આવી નડ નાખતા રહેતા હતા, પણ
ફોકટ, દીવાન તો પોતાના કામમાં ફાવ્યાજ જતા હતા. રાજ્યસુધારો કરવાનાં દોડતાં કાંમની આડે આવ્યાથી
દીવાન દાદાભાઈએ ૨ વાર આપેલા રાજીનામાં મહારાજાની કાકલુદીથી પાછાં એંચી લીધાં હતાં. પણ હવે
તેઓએ જબરા રેસીડંટને દુર કરાવવે, દરબારી ખટપટીઆઓનું જોર પાછું ખુબ વધ્યું, તેઓએ મલ્હાર-
રાવને હાથમાં લે દીવાનના કાંમોમાં પાછી નડ નાખવા માંડી કે, તેઓએ—૩ જી વાર પક્કા ઠરાવથી ૧૮૭૪
ના દીસેમ્બરમાં રાજીનામું આપી, મહારાજાની વધુ કાલાવાલા ન સાંભળી છુટા થયા. પછે તરતજ એકાએક
એ ગાયકવાડ ઉપર, હોદ્દો છોડી જવા ફરમાવેલા રેસીડન્ટને 'વીખ' આપવાનું ભારે તોહોમત મેલાવ્યું,* અને
તેવીશેની તપાસ ચાલતાં સુધી હીંદના વાઈસરોયે, એ રાજ્યનો સઘળો અખત્યાર પોતાના બરોડાના ખાસ એ-

*જુવો—"અ-રોદા."



સ્વર્ગવાસી

મોહારાજા શ્રી દાજીરાજ. વઢવાણના ઠાકોર. સાહેબ.

THE LATE

H. H. DAJEERÁJ — THE THAKORE OF WADHWAN.

Vincent Brooks, Day & Son, Lith.

જન્ટને હસ્તક લેવા હોકમ કીધોહતો. મી. દાદાભાઈએ ૧ વર્ષ જંજાળ ભરી દીવાનગીરી ભોગવ્યા બાદ મુંબઈ આવ્યા પછે ત્યાંની "મ્યુનીસીપલ કોરપોરેશન" માં ૧૮૭૫–૭૬ અને ૧૮૮૩–૮૫ માં કર ભરનારી રૈયતે એમને પોતાના એક વકીલ તરીકે મોકલ્યા, તેની "ટાઉન કાઉનસીલ"ના પણ એઓ સભાસદ નેમાયા હતા તે વખતે ધારાપ્રમાણે મળતી 'ફી' એઓએ લીધી ન હતી. એ સભાઓના સંબંધમાં એઓએ ભારે મેહનત લીધી અને સરસ સૂચના કીધી, તે ખાતર, બેઉ, 'કોરપોરેશન' ની તેમજ 'ટાંઉન કાઉનસીલ' ની સભાઓએ, મી. દાદાભાઈનો ભારે ઉપકાર માન્યો,—જે બનાવ એ સભાઓના સંબંધમાં પેહલવેહલોજ હતો. મુંબઈના લાયક ગવરનર લોરડ રેએ, ૧૮૮૫ ની ૧૫ મી સપતેમ્બરે મી. દાદાભાઈને પોતાની "લેજીસ્લેટીવ –કાંઉનસીલ" ના સભાસદ નેમ્યાછે. ઓનરેબલ મી. દાદાભાઈની એ નેમણુક આખ્ખી હીંદની પ્રજા અને વર્તમાનપત્રોએ એકદીલ અને આવાજે હરખ અને ખુશાલીના જુસ્સા સાથ વખાણી હતી. એ તક મી. દાદાભાઈને પ્રજા હક અને લાભોની વધુ જાલવણી કરવાની કીરતીનું મેદાન ખુલ્લું મેળશે. એજ સાલમાં, મુંબઈની 'ધી પારશી ચીફ મેત્રીમોન્યલ કોર્ટ'ના એઓ "દેલીગેટ" નેમાયા, 'રાનોમા–ઈ–માજદીઅશના સભા' ના, "શરનશીન" બન્યા, અને મુંબઈના આખ્ખા અથોરનાન ટોલા તરફથી એક જાહેર "માનપત્ર" ૧૯ મી ડીસેમ્બર ૧૮૮૫ એ મેળવ્યું. આખ્ખાં હીંદુસ્થાનના સઘળા દેશી જાહેર લખનારાઓ એકમત અને અવાજે એમને—ખરા દેશહીતકારી પુરૂષ તરીકે કબુલ રાખી ચુક્યાછે, તો, ચોખ્ખું લોહી ધરાવનારા ઘણાંક જાહેર યુરોપીયન લખનારાઓએ એમને વીશે ઉંચા મત જણાવ્યાંછે. પોતાની જીંદગીનો મોહોટો ભાગ, એ હીંદુના ખરેખા ગૃહસ્થે દેશના હક, લાભ, અને હાજતો વીશેની ચાલુ માગણીઓની લાંબી લડત લડી, પ્રજાહીતકારી કામોમાં ઘશી નાખ્યો, તે ખાતર "હીંદુ પેટરીઅટ" એ વાજબી રીતે જણાવ્યું છે કે,—"ફકત મુંબઈએજ નહીં પણ આખ્ખાં હીંદુસ્થાને, મી. દાદાભઈ નવરોજી જેવા ગૃહસ્થ, વીશે મગરૂર રેહેવું જોઈએછે."

મી. દાદાભાઇ, બાઇ ગુલબાઇ સાથ પરણ્યા. તેવણે ૨ પુત્રી અને એક પુત્ર મી. અરદેસરને જન્મ આપ્યા, તે, ૨૫ વર્ષના જુવાને મુંબાઇની 'ગ્રાંટ મેડીકલ કોલેજમાં' એલ. એમ. અને એસ. ની પરીક્ષા પસાર કીધીછે. મી. દાદાભાઇ—અથાક મેહેનત લેનારો એક કુદરતી સાંચો છે, જે રાતદીવસ ચાલુ જાહેર કામોમાં રોકાયલો, અને મોજ મજા કે રમત ગમતથી ઘણું કરી દુર રેહેછે. એમનો સ્વભાવ નરમ અને મીલનસાર, રીતભાત લાયક અને માન ઉપજાવનારી, અને પોશાક અને દેખાવ સાદો છે. ચોખ્ખો વેહેવાર, સાચ્ચું બોલવું, અને આપઅખત્યારી ખાતર એઓ જાણીતા છે. કેલવાયલા વર્ગમાં એકા ચુનંનદા લખનાર અને છટાથી બોલનાર તરીકે પંકાયલા છે, તો, પ્રજા–મતથી પુરા લોકપ્રિય બની સંપુર્ણ માન પામ્યાંછે. હીંદના દેશી રાજ્યો અને ઇંગ્લાંડના રાજ્ય–અધિકારીઓ, ઉમરાવો, અને હોદ્દેદારોમાં, મી. દાદાભાઇનું નામ આપઅખત્યાર દેશ-હીતકારી અને ખરા પ્રમાણીક પુરૂષ તરીકે પુરતું જાણીતું થયલું છે. એમનાં વફાદાર કામોની કદર ખુજી હજુણ, મહારાણીએ એમને ઘટતું ખેતાબી માન કે ચાંદની બક્ષેસ કરી નવાજ્યા નથી!! તે છતાં પણ, એમના—ભારી ઉપકારના બોજાનો હીંદની ઊભાઇ જતી રૈયતના જીગર ઉપર પાડેલા શાબેત છાપે, ત્યાંની હાલની અને હવેપછેની ઓલાદોમાં મી. દાદાભાઇનું નામ અને—કીરતી અમર રાખવાને પુરતો છે.

THE LATE

# Naoroji Furdoonji, Esq., C. I. E.

MR. NAOROJI was justly styled the "Tribune of the People of Bombay" for his services to the popular cause. His father was *Vajifdár* or fiefholder in Broach, and Mr. Naoroji was born there in 1817. He resided in Bombay from his early years, and was educated in the 'Native Education Society's School.' He had obtained the 'West Scholarship' in 1832, and 'West Medal' in 1835. He left Bombay in 1836, to accompany the late Sir A. Barnes, the British Ambassador, to Cabul, and he had visited the Courts of Sindh and those of Ranjitsing of Punjab and Dost Mahomed of Cabul. His elaborate reports on the commercial affairs of those places had elicited the warm approval of Government, and on his return to Bombay in 1839, he obtained an Assistant-Professor's chair in the 'Elphinstone College.' In 1840 he had become known as the Editor of a Gujarati Magazine the '*Vidyá Ságar*' and of the Gujarati Daily the '*Jam-e-Jamshed*' newspaper. He was engaged in a theological discussion with the late Dr. Wilson and other missionaries and published the '*Rahnomee-e-Zarthosti.*' In 1851 he had established the "Rahnooma-e-Mazdiesna Society," with a view to introduce social and religious reforms among the Parsis,—an institution of which he had been the President for more than 30 years. From the Educational Department Mr. Naoroji was transferred to the late 'Supreme Court,' where he distinguished himself as an Interpreter and Translator for about 20 years till he retired from the public service, on pension in 1864. To—commemorate his services in the cause of education and social reform, a public meeting was held in Bombay on 7th of May 1864, and a public subscription of Rs. 20,000 was raised to present him with a *purse*, and to institute a 'scholarship' in his name. In the same year he was appointed a "Justice of the Peace." In 1852 he—took the lead in establishing the "Bombay Association," a Political Society started with the view of representing the wishes and grievances of the people of India, to their British rulers. As one of the Secretaries to that body, his tract on "The Civil Administration of the Bombay Presidency" was widely circulated in London, and in Bombay, at a time when the 'Government of India Bill' was introduced into Parliament. In 1868 Mr. Naoroji was elected a 'Fellow' of the Bombay University, and a Delegate of the 'Chief Parsi Matrimonial Court.' The 'Parsi Law Association' owed its success, in obtaining the 'Parsi Marriage and Divorce Act,' and the 'Parsi Succession Act,' to the strenuous exertion of the late Mr. Naoroji, as one of its Joint-Secretaries. His services to the cause of female-education are a matter of history. Bold and intrepid in all public discussions, a staunch advocate of social, religious, and political reforms, one who had always been known for his moral courage and unswerving probity and high principles, Mr. Naoroji had earned for himself, *not only* the gratitude of his own community, but also of the whole of Bombay. Whatever public question happened to agitate the

# નામદાર સ્વર્ગવાસી ઠાકોર સાહેબ દાજીરાજ,

## વઢવાણ ના.

આલા વંશના મુળ-વડીલ અને "ઝાલાવાર" સ્થાપનાર હરપાલની ૧૫ મી પેઢીના મહારાજા ચંદ્રસીંગજી, જેઓ ધ્રાંગદ્રા અથવા હલવદ ઉપર રાજ્ય કરી ગયા, તેમને પોતાના વડા પુત્ર પૃથીરાજ સાથ અનબનાવ થવે, તેણે બાપીકું રાજ્ય છોડી, વઢવાણ જે તે વખતે દીલ્લીના અહમદશાહને તાબે હતું, તેને ઈ. સ. ની ૧૭ મી સદીના પ્રારંભમાં દબાવી લેવા જતાં નીષ્ફળ થઈ, ત્યાંના થાણદારનો મીત્ર બની, ત્યાંજ રહી, ઘણાંક બહાદુરીનાં કાંમો કર્યાં. પછે, ત્યાંની તીજોરી ઉપર તરાપ મારવા જતાં પકડાઈ પડવે, તેને, તે શાહાનશાત તાબાના અમદાવાદમાં કેદ કીધો,—પછે તેનું શું બન્યું તે આજ સુધી જણાવ્યુંજ નહીં. તેના બે પુત્રો સલતાનજી અને રાજોજીએ બાપને કેદ પકડાવે, વઢવાણથી નાહાશી, 'આયર' લોકોના હાથમાંથી—"વાકાનેર" જીતી લેઈ, ત્યાં પોતાની નવી સત્તા સ્થાપી. પછે, તે હકુમત સલતાનજીને સોંપી, રાજોજી, અમદાવાદના સુબાને વઢવાણની ખંડણી આપવા કબુલી, ત્યાંના થાણદાર ભેગો ત્યાં અમલ ચલાવી ગયો. તેના ૪ પુત્રો માંહેલો ઘણો બહાદુર લડવૈઓ ૧ લો શબલસીંગજી ઈ. સ. ૧૬૪૨ માં એ સત્તા ઉપર આવ્યો. તેને, તેના ત્રીજા ભાઈ ઉદેસીંગજીએ મારી નખાવી, એ સત્તા હાથ કીધી હતી. તેનો કુવર ભગતસીંગજી ૧૬૮૧ માં એ અમલ ઉપર આવ્યો. તેના એશી અરજનસીંગજી, તે ઉપલા મરાવી નંખાવેલા ૧ લા શબલસીંગજીના બે પુત્રો માંહલા માધવસીંગજીના પુત્રે, એને કત્તલ કરાવી, ત્યાંના શેહેનશાહી ફોજદારને હાંકી મેલી ૧૭૦૬ માં ગાદીએ બેઠો.—એમ અરજનસીંગજી, મોગલ સત્તાની જુસરી ફેંકીનાખી, વઢવાણનો પેહેલવેહેલો પુર-અખત્યાર માલિક બન્યો, ત્યારે તેના તાબામાં ૧૨ ગાંમો હતાં. તે, ૧૭૩૯ માં મરણ પામ્યો. તેનો વડો પુત્ર ૨ જો સબલસીંગજી ગાદીએ આવ્યો, તેને, ૧૭૩૩ માં 'રાણપોર' જીત્યું, તેને છોડાવવા કુમકે આવેલાં ગાયકવાડી લશ્કર સાથ, એણે ઘણીક લડાઈઓ કીધા પછે, બંધવા તરીકે વડોદરે પકડાઈ જઈ, ત્રણ વર્ષ "સોણગઢ" કીલ્લામાં કેદ રહી, ત્યાંથી છુટી, પાછો વઢવાણ આવ્યો હતો. તેના ત્રણ પુત્રો માંહેલો વડો ચંદ્રસીંગજી ઉર્ફે ચાંદોભાઈ ૧૭૬૪ માં તખ્તે બેઠો. તે બહાદુર લડવૈયાએ, શેત્રકુના ચુડાસમાં ગરાશીઆ મેઘજી ઉપર, લુટ કરવા ખાતર ચઢાઈ કરી, જેને, લીંમડીના રાજા હરભંમજી અને ગાયકવાડી સુબાની મદદ હતી, તેઓનાં જોડાયલાં લશ્કર ઉપર, ચંદ્રસીંગજીએ ભાદર નદીકાંઠે કીર્તી ભરી ફત્તેહ મેલવી હતી. એ ઠાકોર,—પોતાની સત્તામાં બોહોલો વધારો કરી, ૧૭૭૭ માં સ્વર્ગવાસી થયો. તેનો એક પુરો પુત્ર પૃથીરાજજી ઉર્ફે પથોભાઈ ૧૯ મે વર્ષે ગાદીએ બેઠો. તે, પોતાના બાપ માફકજ જબરો હીમતી લડવૈયો હતો. પોતાનાં ચુનંદાં લસ્કરથી—તેણે, લડાએક કાઠીઓ વગેરે બીજાઓના પુશ્કળ ગાંમો જીતી વઢવાણની સત્તા અને વીસ્તારમાં બોહોલો ફેલાવો કરી, છેક અમદાવાદ તુલીક પોતાના નામનો ધાક બેસાડી, આસપાસના રાજ્યોને, પોતાને 'પાલ'ની ખંડણી આપવા ફરજ પાડી હતી. એની ઉપર, પોતાના બાપનો કીનો લેવા, લીમડીના ઠાકોર હરીસીંગજીએ, ધ્રાંગદ્રા અને સાહેલાની મોહોટી ફોજોની કુમક સાથ ૧૮૦૬ માં કીધેલી ચઢાઈ વખતે એ કસાયલા લડવૈયાએ તેઓને, 'કેરાલા' તરફ, ખુબ હંફાવ્યા પછી, સલાહ કીધી હતી. ૧૮૦૪ માં ધ્રાંગદ્રાની સરહદના ચોકીદારોએ વઢવાણના ભરવાડનું એક બકરૂં જુલમથી ઉચકી જવે નજીવી તકરાર ઉઠતાં, ધ્રાંગદ્રાની કુમકનાં ગાયકવાડ, લીમડી, શાહેલા અને ચુડાનાં લશ્કરો, વઢવાણ ઉપર ચઢી આવ્યાં. ત્યારે ઘણીક લડાઈઓ થઈ, છાપા મરાયા અને કત્તલો ચાલી, જ્યારે પૃથીરાજ સમય-સૂચકતા, હીમત, અને બહાદુરી વાપરી, મજબુત બચાવ કરતો રહ્યો. અંતે તેઓ વચ્ચે સલાહ થઇ, કે બીજે વર્ષે એ ઠાકોર સ્વર્ગવાસી થયા.—વઢવાણની ગાદીએ આવી ગયલાઓમાં ચંદ્રસીંગજી અને પૃથીરાજ ઘણા અગત્યના અને પરાક્રમી લડવૈયા થઈ જઈ, વઢવાણને ચઢતી કળા, બોહોળી સત્તા, મોહોટા વીસ્તારનું આબાદ અને પ્રસિદ્ધ શેહેર બનાવ્યું. પૃથીરાજના મરણ સાથ વઢવાણની ચઢતી કળા અને ચલકતી દશા અટકી હતી. એ ઠાકોરનો એક પુરો બાળક કુવર જાલમસીંગજી ૧ા વર્ષની વયે ગાદીએ બેઠો, તેની મા બાઈરાજે, તેના વાળી તરીકે, ઘણી ચંચલાઇથી રાજ્ય ચલાવી, આવકમાં વધારો કરી, પારકાં રાજ્યો સાથ સુલે રાખી,—શેહેરનો કોટ સમાર્યો હતો. જાલમસીંગજી ૧૮૨૬ માં, ૨૨ વર્ષની ભરજુવાનીમાં સ્વર્ગવાસી થવે, તેનો ૨ વર્ષનો બાળક પુત્ર રાજસીંગજી ગાદીએ બેઠો. ત્યારે પણ ઉપલીજ બાઈરાજે રાજ્ય-વહીવટ ચલાવ્યો, જ્યારે એ બાઇને, પોતાની વહુ, તે નાધલા કુવરની મા બાજીરાજ સાથ ૧૮૩૨ માં પંચાત થઈ, વાત વધી

પડવે, બાઈરાજે ફાવી, પોતાનાં મરણ-કાળ ૧૮૫૧ સુધી પુરઅખત્યાર સત્તા ભોગવી, માયાળુ સ્વભાવ અને ડાહાપણ ભર્યાં
રાજ્યકારભાર ખાતર, માન મેળવી ગયાં હતાં. રાજસીંગજીએ ઉમ્મરમાં આવી અખત્યાર લીધો, ત્યારે વઢવાણમાં સુધારો
થઈ, કેલવણી ખીલી, નવા રસ્તા, પુલો અને જેલ બંધાઇ, મોહોટી નવી સ્કુલ, દવાખાનું અને ઓસ્પીટલ ઉઘડી, પોલીસ સુધરી
અને શેહેર સુધરાઈ વીગરે નવાં ખાતાઓ ખુલ્યાં હતાં. એ ઠાકોર ૫૦ વર્ષની ઉમ્મર સુધી લાંબું રાજ્ય કરી ૧૮૭૪ માં સ્વર્ગવાસી
થયા, તે અગાઉ, તેમનો ગાદી-વારેશ પુત્ર ચંદ્રસીંગજી ૧૮૫૫ માં મરણ પામવે, તેમના પુત્ર, તે હાલ સ્વર્ગવાસી થયલા ઠાકોર
દાજીરાજ ૧૪ વર્ષની વયે ગાદીએ નેમાઈ લાયક ઉમરે પુગ્યા ત્યાંસુધી, ત્યાંના પુરઅખત્યાર-કારભારી તરીકે મી. નારદભાઈ
પેહેલા નેમાયા; તેમને રાજ્ય કુટુંબ સાથ મીનાકિસો થવે ૧૮૭૬ થી ઇંગ્રેજ સરકારે, ત્યાંનો રાજ્યકારભાર પોતાની દેખરેખ હેઠળ
લેઇ, તે મી. હરીદાસ મારફતે, ૧૩ મી જુલાઈ ૧૮૮૧ સુધી ચલાવી, ઠાકોરને ઉમ્મરે પુગવે, તે, તેમને હસ્તક સોંપ્યો હતો.

**સ્વર્ગવાસી ઠાકોર સાહેબ દાજીરાજ**, જાતે "ઝાલા રજપુત," તેમને બાઈ **બાજીરાજે** ૧૮૬૧ ની ૪ થી જાને-
વારીએ વઢવાણમાં જન્મ આપ્યો હતો. તેમનાથી ન્હાના, કેલવાયલા અને યુરોપનો પ્રવાસ કરી આવેલા એકજ
ભાઈ—**કાલુભા**, હાલ ગાદીએ બીરાજે છે. સ્વર્ગવાસી ઠાકોરે રાજકોટ "રાજકુવર કાલેજ"માં સારી ઈંગ્રેજી
કેલવણી લેઈ, પકકું ગુજરાતી જાણવા ઉપરાંત થોડુંક સંસ્કૃત પણ જાણતા હતા. તેઓએ હીંદુસ્તાનની મુસાફરી
કરી, જાણીતાં શેહેરો જોયાં પછે, એક વર્ષ વઢવાણના જોડાયલા-રાજ્યકારભારીનો હોદ્દો, અનુભવ મેલવવા ચલાવ્યો
હતો. ઈંગ્રેજ સરકારે, તેમને રાજ્યનો પુરઅખત્યાર ૧૮૮૧ ની ૧૩ મી જુલાઈએ સ્વાધીન કીધો, ત્યારે તીજોરીમાં
રૂ. ૫,૨૫,૦૦૦ ની રોકડ પુરાંત હતી, તે, એ રાજ્ય-વહીવટ કરી ગયલા મી. હરીદાસના સારા કારભારનું ફળ હતું.
એ સ્વર્ગવાસી ઠાકોરે ૧૮૮૩ માં ઈગ્લાંન્ડ અને યુરોપની મુસાફરી કીધી, રાજ્યનું ઈનસાફખાતું સુધારીયું, કેલવણીને
ઉત્તેજન આપી ખીલવી, જાહેર બાંધકામખાતું સ્થાપ્યું, શેહેર સુધરાઈખાતાંને ગાળી મજબુત કીધું, એક મોહોટું
તલાવ બંધાવ્યું, ઘણાક નાખલા કરો ઘટાડીયા, અને કેલવણીનો પ્રસારો કરવા દરસાલ રૂ. ૪,૫૦૦ ખરચતા હતા
તેઓએ નાખલી ૩ 'સ્કોલરશીપો' સ્થપાવી, ધર્મની ઓસ્પીટલ અને દવાખાનું ખોલી, રાજકોટની ઈંગ્રેજી એજનસીનાં
ઘણાંક જાહેર ખાતાંઓને દરસાલ રૂ. ૫,૫૨૫ ની ચાલુ બક્ષેસ કરતા હતા. મહારાણી વીકટોરીઆએ
૧૮૭૭ની ૧ લી જાનેવારીએ 'કયસરે-હીંદ'નો એતાબ લેવાની યાદગારીમાં, એ ઠાકોરને ૯ તોપોની સલામતીનું
માન આપ્યું હતું. તેઓ, ૧૮૮૫ ની ૫ મી મેએ ૨૬ વર્ષની ભરજુવાનીમાં, બીન-વારેશ સ્વર્ગવાસી થવે, એમના
નાંધલા ભાઈ **બાલસીંગજી** ઉર્ફે **કાલુભા** ગાદીએ આવ્યા પછે, તે વીશેની ધારાસરની ક્રીયા ૨૦ મી નવેમ્બર
૧૮૮૫ ને દીને થઈ હતી. એ ઠાકોર સાહેબ કેલવાયલા, મીલનસાર અને ચંચલ છે. એ રાજ્યની વાર્ષીક આવક
રૂ. ૫,૪૧,૦૦૦ ની છે. તો તે દરસાલ રૂ. ૨૮,૬૯૧ ની સામટી 'ખંડણી,' ઈંગ્રેજ સરકારને ભરેછે.

**પ્રાચીન વઢવાણના પેહેલ્લા રાજ્યકર્ત્તાં.**—"વાલા" વંશનો ખાબલ ત્યાં પેહેલ ઈ. સ. ૨૯૫ માં અમલ ભોગવી
ગયો; પછે "ચાંપા" વંશના રાજાઓએ ૭૧૭ સુધી સત્તા ચલાવ્યા પછે, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જબરા બળવંત થઈ ગયલા
"સોલંકી" રાજાઓ ઈ. સ. ની ૧૩ મી સદી સુધી લાંબું રાજ્ય કરી ગયા પછે, "વાઘેલા" વંશે એ શેહેરને લગભગ ૨ વર્ષો
સુધી તાબામાં રાખી ગયું પછે, ત્યાં મોગલ શાહાનશાતનો અમલ ચાલ્યો જેના શાહાનશાહી થાણદારના હાથમાંથી, "ઝાલા"
વંશના અરજનસીંહજીએ ૧૭૦૭ માં તે જીતી લીધું, ત્યારથી તેનું વંશ ત્યાં આજ તુલીક રાજ્ય કરતું આવે છે.

**પુરાતન વઢવાણ,**—પ્રાચીન કાળમાં, દંતકથાપ્રમાણે, "મણીપુર" નામથી ઓલખાયા પછે, "અસ્થીગ્રામ"* અથવા
અથૈગ્રામ કેહેવાયું, જેમ, જૈન ધર્મપુસ્તકોમાં તેને જણાવ્યું છે. તે પછે, એક જૈન ધર્મગુરૂ મહાવીર સ્વામી ઉર્ફે વર્ધમાન
સ્વામીએ, એ કસબા ઉપર આવી પડેલી મોહોટી આફત ટાળવાની યાદમાં, તેનાં નામ ઉપરથી એ શેહેરનું "વર્ધમાનપુર"
નામ રાખ્યું, જે, હજીુણ સુધી ધર્મપુસ્તકોમાં લખાયલું કાયમ રહ્યું છે,—તે કંઈ મુદત થઈ અપભ્રંશ થઇ 'વઢવાણ' કરી બોલાય છે.
વઢવાણ, વલભીપુર માફક, પુરાતન કાળનું એક આબાદ અને બાહોળું શેહેર હોવું જોઇએ, કાંકે, તેની પશ્ચિમે આવેલાં
"ઘઢેપીંડી" ના પુરાતન તલાવની આસપાસ, જમીનમાંથી ઘણુંજ પુરાતન "ઘઢૈયા" (ગધેડાની મુર્ત્તીવાલા) રૂપાના સીક્કા
હજીુણ મલતા રહેછે; જેને દંતકથા, રાજા વિક્રમના બાપ ઘરઘવસેનના વખતના જણાવે છે. વળી ત્યાં બચી રહેલા ઘણાક
પુરાતન કુવા, તલાવો, માંહેલા એક 'ગંગાવાવ' નો લેખ, સ. સ. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮) નું, તો 'નેમનાથ' નાં પડીભાગેલાં દેરાંના

* "હાડકાનું ગામ." ત્યાં સુલપાની જાતના આદમ ખોરો, એક ગુફામાં રહેતા હતા, તેઉપરથી, એ નામ પડયું.

ઢગમાંથી મળેલી તકતી સં સ. ૧૧૩૯ (ઈ. સ. ૧૦૮૨) નું સાલ બતાવે છે. ત્યાં, મોગલ શાહનશાહ અહમદશાહના કોરાવેલા ૩ ફારશી લેખોની, શુરશાને જણાવેલી જુની તારીખનું ૮૪૦ મું વર્ષ, (ઈ. સ. ૧૪૩૯) નું સાલ છે. હાલ, ત્યાંથી એક પુરાતંન ગુજરાતી મળેલો લેખ ગુજરાતના ૨ જા સુલતાન અહમદના રાજ્યનું વિક્રમાતીત સાલ ૧૬૧૩ (ઇ. સ. ૧૫૫૬) બતાવે છે. પુરાતન વઢવાણની—પેહેલ્લી વસ્તી, હાલના શેહેરની પશ્ચિમે મુખ્ય કરી ફેલાવવી જોઈએ, કે જ્યાંથી પણ 'ધદૈયા' સીક્કા મલેછે, અને તે ઘણી બોહોળી હોય, કકિ, હાલનાં શેહેર અને તેની આસપાસ ખણતાં, પુરાતન ખંડીએરોની પાયમાલ નીશાનો મળી આવેછે. ત્યાંનો —પેહેલ્લો અને પુરાતન કીલ્લો "સોલંકી" વંશના સીદ્ધરાજે ઈ. સ. ૯૬૦ ને આસરે બંધાવ્યો હતો, તે પડી ભાંગવે, પાછો તેને નવે પાયે, ઈ. સ. ૧૮૧૦ માં જાલમસીંગજી, તે હાલના ઠાકોરના ત્રીજા વડીલે બંધાવ્યો, જેમ તે હાલ ઉભેલોછે.

**વઢવાણ રાજ્ય,**—કાઠીઆવાદમાં ૨ જા વર્ગનું અને ૨૩૬ ચોરસ-માઇલિના વિસ્તારવાળું છે, તે ૪ મહાલો 'વઢવાણ, નાગનેશ', 'ખોડું' અને 'શમપોર,'માં વેહેંચાઇ, એકંદર ૪૦ ગામોનું બનેલું છે. તેઓ માંહેલાં ૮, તે ૪ ધંધુકામાં, તો ૨ વીરમગામમાં અને ૨ સાનંદ તાલુકાઓમાં આવેલાં ગામોનો—ઇનસાફ કરવાનો હક ઇંગ્રેજ સરકારે રાખ્યો છે, તો તેઓની આવકની વસુલાત એ રાજ્ય કરે છે. કુલ વસ્તી ૪૫,૦૦૦ માણસોની છે. વઢવાણ શેહેર વત્રોગે ૩ કોટબંધી ગામો, નાગનેસ, ખોડું અને રામપરા છે. બધી મલી ૬ ધર્મશાળાઓ, ૯ નીશાળો, ૨ કન્યાશાળા અને ૧ ઇંગ્રેજી સ્કુલ છે. રૈયતનો મુખ્ય ઉદ્યમ અનાજ અને રૂ ની ખેતીનો છે, તે ઉપર રાજ્યની આવકનો મુખ્ય આધાર છે. ત્યાં બંદોબસ્ત રાખવા કવાયતવાલી સ્વાર અને પેદલ પોલીસ ૧૨૫ વગેરે ૧૯૩ પસાયતા છે.* ૮ ઇનિસાફની અદાલતો છે અને બાંધકામના સફેદ પથ્થરાની આવકવાલી ખાંણો છે.

* જુવો, "ગોંડલ".

**પાયતખ્ત વઢવાણ**—શેહેર, "ભોગાવા" નદીના કાંઠા ઉપર મજબુત કિલ્લેબંધ થઇ ઉભું છે. ત્યાંનો કીલ્લો, હાલના ઠાકોરના ત્રીજા વડીલ જાલમસીંગજીએ ઇ. સ. ૧૮૧૦ માં—નવે પાયે બીજીવાર બંધાવ્યો. નદી ઉપરથી શેહેરમાં દાખલ થવા મજબુત અને શોભાયમાન પુલ છે. શેહેરનો વીસ્તાર ૧૫ માઇલને આસરે છે. ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે ત્યાંની વસ્તી ૧૬,૯૭૦ ની છે, જેનો મુખ્ય ભાગ હીંદુઓથી બનેલો છે. દરબારી ખરચથી એક ધર્મનું-દવાખાનું અને હોસ્પીટલ ચાલે છે. એક મોહોટી ઇંગ્રેજી સ્કુલ બંધાઇ, શેહેરસુધરાઈખાતું નવું બન્યું, અને જાહેર સડકો થઈ છે. ૧ ઇંગ્રેજી, ૨ ગુજરાતી, ૧ પાઠશાળા, ૧ ઉરદુ નીશાળ અને ૧ પુસ્તકખાનું ઉઘડી, દરમાસે "વઢવાણ દરબારી ગેઝેટ" નીકળેછે. ત્યાં બનતો 'સાબુ આખા કાઠીઆવાદ અને ગુજરાતમાં વખણાઇ ખપેછે. બધી મળી ૬ ઇનિસાફની કોર્ટો અને ૨ ધર્મશાળાઓ છે. એ શેહેર, કાઠીઆવાદ અને ગુજરાતની વચ્ચે મધ્ય-ભાગમાં આવવે જેમ, રૂના વેપારનું મોહોટું મુખ્ય મથક થયું છે, તેમજ કાઠીઆવાદનો પેહેલ્લો તાલુકો હોવે, તે પ્રાંતમાં પેશવાના પેહેલો દરવાજો પણ ગણાયછે.—ત્યાંની ઇંગ્રેજી કેંપ ૧૮૬૪ માં સ્થપાઈ, તે, શેહેરથી ૩ માઇલ છેટે અને રેલવે-સ્ટેશનની નજદીકમાં છે; જ્યાં કાઠીઆવાદના રાજાઓના ઘણાક મોહોટા ઉતારા બનવે, વસ્તીના વીસ્તારમાં બોહોળા વધારા સાથ, દેખાવ અને રચનામાં સુધારો થયોછે. હીયાં, એસીસ્તંન્ટ પોલીટીકલ-એજંટનું મથક, દેશીઓના ઊતારવા સારૂ શોભાયમાન ધર્મશાળા, એક ઘડીઆલનો મીનારો, મોહોટી બજાર અને સરસ શેહેરસુધરાઇખાતું છે. કેંપની જગ્યાનો મોહોટો ભાગ એ રાજ્યનો છે, તો થોડાક એક ગરાશીઆનો છે, જેનું વાર્ષીક ભાડું ઠાકોરને રૂ. ૨૨૫૦, તો ગરાશીઆને રૂ. ૨૫૦ મળે છે. ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે ત્યાં વસ્તી ૩૦૯૧ ની છે. ત્યાંનું, "બોંમ્બે બરોડા અને સેંટ્રલ ઇન્ડીઆ રેલવે" નું સ્ટેશન, ૧૮૭૨ ના મે માં, તો "ભાવનગર-ગોંડલ રેલવે" નું સ્ટેશન ૧૮૮૦ ના દીસેમ્બરમાં ઉઘડયું છે.

**વઢવાણનાં વિધવા રાણી સાહેબ માજીરાજબા,**—હાલના ઠાકોરના મા અને સ્વર્ગવાસી ઠાકોર **ચંદ્રસીંગજીના** ધણીઆણી, ૧૮૩૫ ની ૨૬ મી અક્ટોબરે જનમ્યાં, તેઓએ ૧૬ વર્ષની વયે પરણી, બે પુત્રો દાજીરાજ અને કાલુભાને વઢવાણમાં જન્મ આપ્યો, અને આજ ૩૦ વર્ષો થયાં વીધવા બન્યાંછે. એઓ કેળવાયલાં, ચંચળ, સુધરેલી વલણનાં, અને ૫૦ વર્ષોની વયનાં છે. સ્ત્રીકેલવણીની અગત્ય વીશે એઓએ એક અશરકારક નીબંધ લખ્યો, તે વઢવાણની દરબારમાં એક સભા હજુર ૧૮૬૭ માં વંચાયા પછે, મુંબઈનાં "સ્ત્રીબોધ" ચોપાંન્યામાં છપાયો હતો. એમને હસ્તકનું મોહોટી આવકવાલું "માલોડ" ગામ, ઇંગ્રેજ સરકારે, એ રાજ્યનો કારભાર ચલાવ્યો ત્યારે રાજ્યમાં જોડી નાખી, તે બદલે, એમને દરસાલ રૂ. ૬,૦૦૦ આપતા કીધા છે. એ રાણી સાહેબે ઘણાક નાના ધર્મો કીધા, વઢવાણના '**ચમારજ**' ગામમાં રૂ. ૨૫૦૦ ને ખરચે ધર્મશાળા, તો "**ગોમતા**" માં રૂ. ૧૦૦૦ નો કુવો બંધાવ્યોછે. એઓ પરડે રહી, લાયક ગ્રહસ્થોની મુલાકાત લેઈ, ઘણી બાહોશી અને લાયકતથી વાતચીત કરેછે. રાજ્ય-કારભારનું અચ્છું જ્ઞાન ધરાવનારાં એ લાયક રાણી સાહેબ તદન સુધરેલી રીત અને વલણનાં છે.

# His Highness Maharana Karansingji,

## THAKORE OF LAKHTAR.

LITTLE is known of the founder of the Lakhtar State, but in ancient times this State was included in the possessions of the celebrated Herpal Devji, the ruler of Dhrangadra. (See the History of 'Dhrangadra' in this work). The 26th in descent from Herpal in the eldest male line was Abherajji, the Founder of the present ruling dynasty—under whom in A.D. 1603 Lakhtar was made independent of the foreign yoke and advanced to a very flourishing condition. He was a military leader of remarkable abilities, who conquered and about B. C. 1610-15 annexed "Than" to the Lakhtar territory, which attained considerable prosperity under his administration, and became a district containing no less than 24 villages. The fifth in descent from him was Abhesingji II., in whose time Than-Ghad was attacked by the military force of Junagad. The invaders carried away the rare and costly stones that adorned the magnificent arches of the city gates. Repeated invasions were made by the Thakore upon the territory of the Nawab of Junagad in order to avenge this great insult, but without success, until, at last, by a desperate venture, he forced his way in disguise into the very bedroom of the Nawab. The Nawab, to save his life, was obliged to make a faithful promise of due reparation for the mischief committed at Than-Ghad. The promise was fulfilled, and all the spoils which had been borne away were returned with great solemnity, the Nawab himself forming part of the procession to the great joy and satisfaction of the people of Lakhtar. The news of this circumstance helped to spread the Thakore's fame over the whole of the province of Kathiawar, and bards sung his praise in ballads which are remembered and recited to the present day. The second descendant from that Thakore was Prith Raj, an infant, whose newly appointed minister conspired to deprive him of his royal authority. This became known to the Prince and he fled to Baroda for refuge. Thereupon a *Subah* of the Gaekwar was sent to oppose the treacherous minister, who was stripped of his authority, and expelled from Lakhtar, whilst the State was placed under the care of the Gaekwar. When Prith Raj attained the age of twenty, the *Subah* was ordered by the authorities at Baroda to restore to the Prince his lawful sovereignty. The *Subah* had appropriated to himself 8 of the villages belonging to the Prince. In reference to these villages the British had soon after to consider the claim of the Native Prince' but the investigation into the matter did not proceed to completion, when Prith Raj died in A.D. 1835. It was—during his time that Colonel Walker's Settlement of Kathiawar *Mooluhgiri* or tribute took place. Prith Raj was succeeded by his son Vijarajji II., who again was succeeded by his infant son Karansingji, the present ruler then 5 months old, on the 15th of June 1846. The State was administered with much skill and ability during his minority, by his mother, the Rani Sahib. The Thakore attained his majority in 1870 and was entrusted with the absolute power of the State.



મહારાણા શ્રી કરણસીંઘજી લખતરના ઠાકોર સાહેબ.

H. H. THAKORE SAHIB KURRUNSIGJEE OF LAKHTUR.

Vincent Brooks Day & Son Lith London W.C.

His Highness the Thakore Sahib Karansingji is a 'Zhálla Rájput' by caste, born on the 10th of January 1846. He is acquainted with the Goojrathi, Marathi, Brij and Oordoo languages. He has been successful in proving his right to the 8 villages referred to above. Three of these have been restored to him by the Rajkot British-Agency, in accordance with instructions received from the Bombay Government, while as to the remaining villages, the Thakore has appealed to the Home Government. Among the improvements which have been effected during his reign, may be mentioned the re-organization of the Municipality on an improved and efficient plan, the establishment of charitable dispensaries, the construction of inns and roads, and the spread of elementary education. A new Market has been opened and a new Fort is in course of erection. To the several funds of the Rajkot Agency, the Thakore contributes every year Rs. 1,650, and towards schools and charitable dispensaries, a further sum of Rs. 1,800. During the famine, which prevailed in Kathiawar in 1877, the poor people of Lakhtar were supplied with grain at the State expense. The yearly income of the State is Rs. 1,00,000, out of which the British Government receives a tribute of Rs. 7,351. His Highness has travelled over many parts of India, and possesses much experience of public affairs. He is thus enabled, with great advantage to the State, personally to take an active part in its administration. The Thakore Sahib is well known for his temperate habits and for his generous and genial disposition.

*THE STATE OF LAKHTAR*—ranks as 3rd class, and is divided into 2 districts, viz., 'Lakhtar' and 'Than,' and hence it is usually called Than-Lakhtar, containing 41 villages, and a population of 24,000 as per Census of 1881, occupying an area of 247 square-miles. The chief product is *cotton*. There is a slate-mine in this territory.—'THAN,' is a fortified district in the ancient Mandav hills. It has a local Post Office, and is noted for its Hindoo place of worship called *Treenatra*, where annually a great fair is held. The population of Than as per Census of 1881 was 1,641. A large water-course is about to be constructed between the villages of Jalumpore and Vasva.

*THE CAPITAL TOWN, LAKHTAR*—is a small city, wherein are the civil, criminal, and appeal courts, as well as a *dharamsala* for travellers, a local post-office, a charitable dispensary and a school. The town is 13 miles off Wadhwan, and is a station on the Ahmadabad-Wadhwan branch of the B. B. & C. I. Railway line.

# નામદાર મહારાણા કરણસીંગજી,

## લખતર ના ઠાકોર સાહેબ.

લખતર રાજ્યને મુળ-સ્થાપનારનો કશો પત્તો મલતો નથી. ત્યાંનાં રાજ્યવંશના મુળ-વડીલ, હલવદ અથવા ધ્રાંગદ્રાની ગાદીએ બેશી તેને ચઢતી કળાએ લાવનાર કીર્ત્તીમાન હરપાલ દેવજી હતા. તેમને, કરણ વાઘેલાએ, પોતા ઉપરની આફત ટાળવાને બદલે,—લખ્તર ભેગાં ૧૮૦૦ ગામો ઈનામમાં આપ્યાં હતા.* હરપાલના વડા પુત્ર શોધાજીની ૨૬ મી પેઢીએ ઉતરેલા મહારાણા ચંદ્રસીંગજીના ૩† માંહેલા છેલ્લા પુત્ર અભેરાજજીને, ઈ. સ. ૧૬૦૩ માં લખ્તર વારશામાં મલવે,—તે, ત્યારથી ધ્રાંગદ્રાની સત્તામાંથી તદ્દન છુટું પડી, એ ઠાકોરની સત્તા હેઠળ તદ્દન સ્વતંત્ર બન્યું કે, જે ઠાકોર લખ્તર રાજ્ય-વંશનો **મુળ-સ્થાપનાર** થઈ ગયો. તેને, સીંધના બળવંત સરાઈ લોકોને ધ્રાંગદ્રા ઉપર ચઢી આવેલા મારી હઠાવી, પોતાના ભાઈ ચંદ્રસીંગજીને મદદ કરવાના બદલામાં, તેની તરફથી, ઉજ્જડ પડેલું '**થાંન**' અથવા થાંનગઢ, જે વીશે દંત-કથા ઘણી લાંબી છે તે મેલવી, તેને, એ ઠાકોરે નવે પાયે ૧૬૧૭ માં વસાવ્યું, જે હાલ ૨૪ ગાંમોવાલો એક માહાલ બનેલોછે. અભેરાજજીના એક પુરા પુત્ર વજેરાજજીએ, લખ્તરની ગાદીએ આવી, ત્યાં "રણછોડજી" નાં સ્થાનકની સ્થાપના કરી, જેનો ત્યાં હજુણ દરસાલ મોહોટો મેલો ભરાયછે. એ ઠાકોરે, ૧૬૫૮ ના કાઠીઆવાદમાં ચાલેલા જબરા દુકાળની વખ્તે, પોતાની રૈયતને, તેમજ ત્યાં આવી વસેલાં હજારો લોકોને પુરતું અન્ન આપ્યું હતું. તેમના ૧૧ પુત્રો માંહેલા શેરામાલજી ગાદીએ આવ્યા. તેમનાં બીન લડાઈનાં નીરાંત રાજ્ય અને સારા રાજ્યકારભારથી, રૈયત સુખી અને આબાદ હતી. તેમના ૫ પુત્રો માંહેલા તખ્તે આવેલા ગોપાલસીંગજી પછે, તેના ૫ માહેલાં વડા પુત્ર કરણસીંગજી એ ગાદીએ બેસી, ધ્રાંગદ્રાની સત્તાના 'વાંશાવા', 'વાસણ' અને 'કરકથલ', ગાંમો દબાવી લેઈ,—લખ્તરની સત્તા વધારી હતી, અને પોતાની ઉપર પારકાં રાજ્યોના થયેલા હુમલા મારી હઠાવીકહાડ્યા હતા. તેમના ૧૧ પુત્રો માંહેલો અભેરાજજી તખ્તે આવ્યો, તે વખ્તે જુનાગઢની "જોરતલબી" વસુલ કરનાર લશ્કરે આવી, નુકસાની કરી, થાંનગઢના દરવાજાનાં શોભાયમાન આરકાંના પથ્થરો ભાગી તે જુનાગઢ લેઈ ગયા. એ થયલાં ભારે અપમાનથી, એ બહાદુર ઠાકોરને પુષ્કળ લાગવે, તે પથ્થરા પાછા મેલવવા, તેને, તે બળવંત રાજ્ય સામે, કંઈક વખ્ત લશ્કર સાથે તો કેટલીક વાર છડી સ્વારીએ બહારવટે‡ નીકલીઆ ઉપરાંત બીજા સખ્ત ઉપાઓ લીધા, તે સઘલા ફોકટ ગયલા જોઈ, અપમાન ખમવા કરતાં જીવ ઉપર ખેડવા દુરૂસ્ત વીચારી, બીજો વેષ ધારણ કરી, જુનાગઢ શેહેરમાં જઈ રહી, યુકતીથી નવાબના મેહેલમાં રાતના પેશવા ફાવી, તેના સુવાના ઓરડામાં દાખલ થઈ, તેને હીમ્મતથી જગાડી, ખેંચેલા ખંજરની નોકથી તેનો પ્રાણ લેવા જણાવ્યું. પક્કા ઠેરાવથી, હથીઆર ભીડિલા હરીફને એમ બહાદુરીથી, ઓચીંતો છાતીઉપર આવી ઉભેલો જોઈ, અજાયબ થઈ, નવાબ સાહેબે તેની હીમત વખાણી, આરકાંના પથ્થરા પુરતાં માનસાથે પાછા લખ્તર પોહોંચતા કરવાનો કોલ આપ્યો; કે, અભેરાજજી, નવાબને અચરતીમાંજ પડેલો મેલી, ત્યાંથી તુરત બહાર નીકલી, તઈયાર રાખેલા ઘોડે બેસી, જીવ બચાવી, સલામત લખ્તર નીકળી આવ્યા હતા. પછે થોડા દીવસમાં, આપેલી કબુલાત મુજબ, તે પથ્થરા મોહોટી દમામી, સ્વારી સાથે નવાબ સાહેબે પોતે લાવી, પુરતાં માનથી અભેરાજજીને પાછા આપ્યા. ત્યારે એ ઠાકોરે, નવાબની સરસ પરોણાગત કરવે, તેણે ઘણી ખુશીમાં આવી, અભેરાજજીને ચાહે તે માગી લેવા કેહવે, તેણે, એ પથરાઓનું આરકું જે હવે પાછું બંધાઈ તૈયાર થયું હતું, તેને "નવાબે પોતાને હાથે ચુનો લગાડવો" એવું માગવે, આપેલી કબુલાત મુજબ, નવાબે તેમ કીધું હતું. જેથી—અભેરાજજીને ભારે માન મળ્યું, એ વાત આખ્ખાં કાઠીઆવાદમાં ફેલાઈ અને ભાટ લોકો તેવીશે 'દુહા' જોડી ગયા, જે હજુણ સુધી બોલાતા ચાલુ રહેવે તેવીશેની યાદ આજ પણ તાજી રહેલી છે. એ પ્રખ્યાત ઠાકોરના ૫ પુત્રો માંહેલો રાયધરજી ગાદીએ બેઠો, તેણે કોળીલોકોએ ઉઠાવેલો બળવો બેસાડી દીધો હતો. તેના ૪ પુત્રો માંહેલો ચંદ્રસીંગજી ગાદીએ આવ્યો.

* જુવો, "ધ્રાંગદ્રા."

† એ ૩ માંહેલા પેહેલા પૃથીરાજે, બાપ સાથે તંટો કરવે, ગાદીનો હક ખોઈ, 'વાંકાનેર' અને 'વઢવાણ' નાં રાજ્યો સ્થાપ્યાં. બીજો અમરસીંગ બાપીકી, 'હલવદ' ની ગાદીએ આવ્યો. તો ત્રીજા અભેરાજજી એ 'લખ્તર'માં રાજ્ય સ્થાપ્યું.-વોટસનની "રાશ માલા."

‡ એક રાજ્ય તરફથી ગેર ઇનસાફ પામેલો ધણી, કીનો લેવા ત્યાંની રૈયતમાં લુટફાટ કરી, નુકસાન કરવા બાહેર પડે, તે "બહારવટુ."

તે સ્વર્ગવાસી થયો ત્યારે, તેનો ગાદીએ આવનાર પુત્ર બાળક હોવે, તેની 'ચુડાશમાં' ઠકરાણીએ નાધલા પૃથીરાજજીની ૧૦ વર્ષની વયસુધી, ડાહાપણ અને મજબુતાઈથી રાજ્ય-કારભાર ચલાવી સ્વર્ગવાસી થયાં. પૃથીરાજજીને ન્હાની વયે ગાદીએ આવેલો જોઈ, આસપાસના રાજ્યોએ, લખ્તર જીતી લેવા હુમલા કરવા માંડવે, એ ઠાકોરે, એક જબરા વગવાલા અને જરદાર હીરજી ખવાશને,* રાજ્ય-કારભાર ચલાવવા નેમ્યો હતો. તેણે, એ હોદ્દો ૧ વર્ષસુધી ચલાવ્યા પછે,—એકીન ફેરવી દગાથી ઠાકોરને કેદ પકડી પોતે રાજ્ય દબાવી લેવાની ધારણા કીધી, તે જાણવે, ઠાકોરે બરોડે નાહાસી જઈ પોતાના બનેવી ગાયકવાડની મદદ માગવે, તેણે, પોતાની ખંડણીની વસુલાતકરનાર સુબા બાબાજીને હોકમ લખી, લખ્તર ઉપર એ ખવાશનું જે કાંઈખી લેણું હોય તે ચુકવી આપી, તેને દુર કરી, એ રાજ્યને ગાયકવાડી સત્તા હેઠળ રાખવા ફરમાવ્યું હતું. પૃથીરાજજીની ૨૦ વર્ષની વય તુલીક એમ રહ્યા પછે, એ ઠાકોરને હસ્તક તેનું રાજ્ય આપવા ગાયકવાડે, સુબાને હુકમ કરવા છતાં, તે, પૃથીરાજજીનાં ૮ ગાંમોનો કબજો રાખી બેઠો હતો. એ ઠાકોરે, તે વીશે, ગાયકવાડ સરકારને ફરીયાદ કીધી પણ તે ઉપર બરાબર ધ્યાન અપાયું નહીં. એટલામાં,—ગાયકવાડી ખંડણીની વસુલાત ઇંગ્રેજ સરકારને હસ્તક આપવે, એ ઠાકોરે, એ ફરીઆદ એ સરકારના પોલીટીકલ એજંન્ટને કરવે, તેની એટલી તો ધીમી તપાસ ચાલી કે, ગાંમો દબાવી બેઠેલો બાબાજી અને તેનો પુત્ર વીઠલરાવ એક પાછળ એક મરણ પામ્યા. છેલ્લો, નીર-વંશ મરણ પામી ભાસ્કરરાવને દત્તક ઠેરવી ગયો. તેની વિરૂધ્ધ પણ પૃથીરાજજીએ રાજકોટની ઇંગ્રેજી એજંનસીમાં એ ફરીઆદ ચાલુજ રાખી, જેની કંઈપણ તપાસ થવા અગાઉ, એ ઠાકોર પણ ૧૮૩૫ માં સ્વર્ગ-વાસી થયા. એમના વખ્તમાં,—કરનલ વોકરે કાઠીઆવાદનાં રાજ્યોની ખંડણી સંબંધી બંદોબસ્ત કીધો હતો. એમના ૩ પુત્રો માંહેલો વડો સ્વર્ગવાસી થવે, બીજા પુત્ર વીજયરાજજીએ ગાદીએ આવી ૧૧ વર્ષો સત્તા ભોગવી ૧૮૪૬ ની ૧૫ મી જુને સ્વર્ગવાસી થયા, તે વખ્તસુધી પણ એ દાબીરાખેલાં ગાંમોની તકરાર ઝુલતીજ પડી રહી!! ઠાકોર વીજયરાજજી પોતાની પાછળ એક પુરા તે હાલના ઠાકોર સાહેબ કરણસીંગજીને ૬ મહીનાનાં બાલક મેલી ગયા હતા. તેમની બે રાણીઓ વચ્ચે ગાદી-વારેશ નેમવા ભાંજગડ ચાલી, તેટલી મુદત લખ્તરનો રાજ્યકારભાર ત્યાંના હોદ્દેદારોએ ચલાવ્યો હતો. ૧૮૪૬ માં ઠાકોર કરણ-સીંગજીનો હક રાજ્યગાદી ઉપર કાયમ થયો, અને તેઓએ ૧૮૭૦ માં પુખ્ત ઉમ્મરે પુગી, રાજ્યનો પુરઅખ્ત્યાર સ્વાધીન લીધો, ત્યાં સુધી, એમનાં ચંચલ અને ભણેલાં મા રૂપાળીબાઈ સાહેબે, ઇંગ્રેજ સરકારની દેખરેખ હેઠળ પુરતી હુશીઆરીથી, રાજ્ય-વહીવટ ચલાવ્યો હતો.

**ઠાકોર** સાહેબ **કરણસીંગજી** "ઝાલા રજપુત" છે. તેમને ૧૮૪૬ ની ૧૦ મી જાનેવારીએ, લખતર માહેલાં થાનમાં બાઈસાહેબ રૂપાળીબાઈએ જન્મ આપ્યો. એમના એકજ બેહેન સ્વર્ગવાસી થયાંછે. એઓ ગુજરાતી, બાળબોધ, ઈંગ્રેજી અને ઉરદુ ભાષા જાણેછે. એમને ગાદીએ નેમવાની ક્રિયા ૧૮૪૭ માં થઈ, તે પછે પુખ્ત ઉમ્મરે પુગી એઓએ ૧૮૭૦ માં રાજ્યનો પુરઅખત્યાર લીધો. એમનાં વખતમાં સુધારાએ આગળ વધી રાજ્યની આબાદીને ખીલવી છે. ત્યાં કેલવણી ખાતું સ્થપાયું, શેહેર-સુધરાઈખાતું મજબુત બન્યું, ધર્મનું દવાખાનું ખુલ્યું, ૩ નવી ધર્મશાળાઓ અને એક સ્કુલ નવું બંધાઈ ઉઘડી, ૯ નવી નીસાળો ખુલી, નવું તલાવ બન્યું, "કરણગઢ" ગામ નવું વસ્યું, જાલમપુરા અને વાસવા ગાંમો વચ્ચે નવો બંધ બંધાયો, થાનમાં નવી જેલ ઉઘડી, જીનીંગ-ફેકટરી બંધાઈ, અને અગત્યની નવી સડકો બની. ખેતીને ઉત્તેજન આપવા ૧૧ નવા કુવા, એક નવો ગઢ, ગ્રહસ્થો ખાતર હવેલી નામનો નવો ઉતારો બંધાઈ, અને એક નવી બજાર ઉઘડી છે. ઉપલાં દબાવેલાં ૮ ગાંમો વીશે લાંબી મુદતસુધી જોસભરી તકરાર ચાલેઆ પછે, તે માંહેલાં ૩ ગામો, 'લીલાપર' ૧૮૪૯ માં, 'કીસોલ' અને 'રૂપાવતી' ૧૮૫૯ માં, એ ઠાકોર સાહેબને મુંબઈ સરકારે પાછાં આપ્યાં છે.—તો બીજાં ૫ ગાંમો વીશેની કંટાળાભરી લંબાણ તકરાર થવાછતાં, તે હજુણ બીનચુકાદે ઉભી છે, અને હજુણ ચાલુજ છે. વળી ઘણું અજાએબ જેવું એ છે કે, એક વખત,—એ ગાંમો ઉપરનો એ ઠાકોરનો હક મુંબઈ સરકારે કાયમ કરી, તેઓને તે, સ્વાધીન કરી દેવા, રાજકોટની ઇંગ્રેજી-એજનસીને હુકમ થવા છતાં, તેને તેમ નહીં કરી, વાંધો ઉઠાવી, તે વીશે ફરી તપાસ ચલાવવા ઠેરાવ કરાવી, વાત હજુ સુધી પાછી ઢીલમાં નાખી છે!! એ વીશે ઠાકોરે હીંદના વજીરને કીધેલી અરજનો જુવાબ હજુણ મળ્યો નથી. એ ઠાકોર સાહેબ રાજકોટ એજનસીની સ્કુલો, ડીસ્પેનસરી, લાયબ્રેરી, કોલેજ, વગેરે જાહેર ખાતાંઓને દરસાલ ચાલુ રૂ. ૧,૬૫૦ ની મદદે

* "ખવાશ" કાઠીઆવાદના રાજાઓના, 'ખાશ હજુરીયા' ને કહે છે. તેઓ, રાજાઓની આસપાસ રાતદીવસ ખીદમતમાં, ચાભમતા રહે છે, ઘણુંકરી તેઓનો સઘળો ભેદ જાણે છે, અને કોઈ કોઈ તેઓના ઘણાંજ વીશ્વાસુ અને માનીતા બને છે.

કરેછે. ૧૮૭૭-૭૯ ના ગુજરાત અને કાઠીઆવાડના ભારે સખ્ત દુકાળની વખતે, એઓએ અનાજની દુકાનો ખોલી ગરીબોને મુફત તો ખરીદી શકનારાઓને મુદ્દલ ભાવે અનાજ આપવા ઉપરાંત, ભુખેમરતાંઓને રોજીએ લગાડવા નવાં બાંધકાંમો ખોલ્યાં હતાં. એઓ, ઈંગ્રેજ સરકારને દરસાલ રૂ. ૭૩૫૧ ની સામટી ખંડણી ભરેછે. એમનાં રાજ્યની વાર્ષીક આવક રૂ. ૧,૦૦,૦૦૦, થી કાંઈ વધું છે. એ પઢેલા અને મેહેનતુ ઠાકોર, પોતાની મજબુત દેખરેખ હેઠળ ઘણીજ સરસ ચંચલાઈથી રાજ્ય-કારભાર ચલાવેછે. તેવીશે રાજકોટની ઈંગ્રેજી એજંનસી તરફથી મુંબઈ સરકારને દરસાલ થતા રીપોર્ટોમાં, એમને વીશે ચાલુ રીતે સરસ મતો જણાવ્યાં છે. એ ઠાકોરની ૭ રાણીઓ માંહેલી ૪ હાલ હૈયાત છે. તેઓ માંહેલી એક **રામબાએ**, ગાદી-વારેશ **ગગુભાને** ૧૮૮૩ માં જન્મ આપ્યો. એમની ૨ રાજકુવરીઓ માંહેલી એકજ હૈયાત છે. એ મીલનસાર સ્વભાવના, હસમુખા મીજાજના, સાદા પેહેરવેશના, અને બીન-દમામી રીતભાતના ઠાકોર સાહેબ ૪૦ વર્ષની વયના છે. તેઓ "ફોટોગ્રાફી" નો હુન્નર જાણવા વગેરે હથીઆરબાજીમાં પુરા કસાયલા અને મુસાફરીના શોખીન છે. તેમના, બધા મળી ૧૩ ભાયાતો* છે.

*જુવો 'ધ્રાંગધ્રા.'

**લખતર રાજ્ય.**—"થાંન-લખતર" ને નામે પણ ઓલખાય છે. તે ૩ જા વર્ગનું અને ૨૪૭ ચોરસ-માઈલના વીસ્તાર-વાળું છે. તે, '**લખતર**' અને '**થાન**' એવા બે માહાલોમાં વેહેચાયલું છે. તેમાં બધાં મળી એકંદર ૪૮ ગામો આવ્યાં, તેઓ માંહેલાં ૫-૬ તકરારમાં છે. વસ્તી ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે ૨૦૪૩૬ ની, તો ઘરોની સંખ્યા ૩૫૭૧ ની છે. —રાજ્યની આવકનો મુળ આધાર કપાશની ઉત્પત્તી ઉપર છે, જે મુખ્ય કરી ત્યાં વધુ ઉગાડવામાં આવેછે. તે વતરોગે 'ઘઉં', 'બાજરી' અને 'જારનો' પણ પાક થાય છે. જમીનનો મોહોટો ભાગ 'કાળી' માટીવાળો છે. '**માડવ**' ની ટેકડી તરફ આવેલાં '**થાન**' માં, કાચી સ્લેટની અને કોલશાની ખાંણો છે. ત્યાંનાં 'લાલ' અને 'પીલી' માટીના વાસણો કાઠીઆ-વાદમાં મોહોટા જથ્થામાં ખપેછે. અને 'વાશુકી', જે હાલ અપભ્રંશ થઈ વાસંગજી બોલાયછે તે તરફ દરસાલ, તેમજ વળી "ત્રીનેત્ર"ની વખણાયલી તીર્થની જગ્યાએ, વર્ષોવર્ષ, ભાદરવા સુદ ૫-૬ થી મોહોટા મેલા ભરાયછે, જ્યાં ઘણે દુરથી તીર્થંકરો મોહોટી સંખ્યામાં આવેછે. ત્યાં ૩ ધર્મશાળાઓ વીગેરે સઘલાં ગાંમોમાં મુસાફરો ખાતર ઉતારા છે.

**પાયતખ્ત લખતર**—શેહેરનું ક્ષેત્રફળ ૧,૨૪,૦૦૦ એકરને આશરે છે. વસ્તી ૫,૦૦૦ માણસોની અને ઘરોની સંખ્યા ૧,૪૦૦ ની છે. રૈયતની જાલવણી ખાતર પોલીસના હથીયારબંધ સ્વારો અને પેદલ મળી એકંદર ૧૦૦ છે, તો જીવાઈદાર* ૨૫૦ અને પસાયતા* ૩૦૦ છે. એ, વઢવાણથી ૧૩ માઈલને તફાવતે આવેલું લખતર શેહેર, "બોંમ્બે બરોડા અને સેંનટ્રલ ઇંડીઆ રેલવે" ઉપરનું જાણીતું સ્ટેશન છે. ત્યાંથી શેહેર ૧ માઈલ દુર છે.

*જુઓ "ગોંડલ."



ઠાકોર શ્રી બાવાજીરાજ રાજકોટના ઠાકોર સાહેબ.

H. H. BAWAJI RAJ — THE THAKORE OF RAJKOTE.

Vincent Brooks, Day & Son Lith. Lo

# His Highness Bavaji Raj,

## THAKORE OF RAJKOT.

THAKORE WHIBAJI, the Founder of the Rajkot State, was the second son of Jám Huzzaji of Navanagar, and had inherited a small district comprising 12 villages. Having rendered some signal service to the Emperor of Delhi, he was offered by the Paramount Power, as a reward for his loyalty and zeal, a small force with which he defeated the Vhagela Rájputs, and got possession of their territory, called 'Surdhar,' and immediately after, by another decisive victory over the enemy,—he became master of Rajkot. The descendants of Whibaji have ever since been the rulers of the State of Rajkot. The great Thakore was distinguished for his military talents. He exercised an undisputed sway over a district containing 720 villages, and his seat of government, which was for some time at Surdhar, being transferred to Rajkot, the new capital of his dominions rose in his time to high eminence. When Thakore Bhábháji, otherwise called Runmulji, the ninth in descent, was on the throne,—the British established a camp at Rajkot, in A. D. 1820, paying the Prince Rs. 2,800 per annum as ground-rent. This sum was increased to Rs. 4,300 in 1863 in consequence of additional ground required by the British Government for the "civil lines." His grand-son, Maramanji, who succeeded him, died in 1862, leaving the eldest of his two sons, Báváji Raj, a minor, the subject of this memoir.

The State since A. D. 1863 was administered on behalf of the infant heir to the *gadi* by his grand-mother, Nani Sahib till 1867, from which time up to 1874 it was under the care and administration of the British Political-Agency of the Province of Kathiawar. The minor Thakore attained his majority on 17th January 1876, and was entrusted with the sovereignty of his whole territory by the British Government.

H. H. Báváji Raj, a 'Jádeja Rájput' by caste, was born in Rajkot on the 30th of August 1856. He has one brother and a sister. His contributions towards education, and for the promotion of the public weal throughout his territory are proofs of a liberal mind, and of a liberal education, which, under able instructors he has received at the 'Rajcoomar College,' Rajkot. He has had the advantage of travelling through Northern India. He also visited Calcutta, and thence went up to the Panjaub. Among the improvements that have been effected during his administration may be mentioned the erection of a new jail and a corn-market, the establishment of a public library, a charitable-dispensary, schools for girls, vernacular schools, and several public Inns. Under him—Rajkot can boast of an efficient municipality, a court of small causes, a criminal court, and a court of appeal. The sum of Rs. 1,84,000 is the annual revenue of the State, out of which the ruler is bound, in accordance with treaty obligations, to pay to the British Government Rs. 21,321 as tribute.

*RAJKOT*—is a 2nd class State, comprising 61 villages, whose whole area is 283 square-miles, divided into 3 *Mahals* or Revenue sub-divisions, viz., 'Rajkot,' 'Surdhar' and 'Kuádva.' The population is 40,500. The climate of the place is healthy and the soil very fertile, producing varieties of food grain, such as *bajree, joowar and wheat.*

*THE CAPITAL TOWN, RAJKOT*—is populous and well fortified, with an efficient municipality. It is 138 acres in extent, having a population of 15,106, according to the latest Census of 1881. It is—noted for its dyes throughout the peninsula as well as in Gujarat. A straight way leads from the city gate to the camp.

*THE BRITISH CAMP*—at Rajkot is the head-quarters of the Kathiawar Political-Agency. It was formed in 1820, and is divided into 2 parts, viz.—the 'military quarters' and the 'civil lines.' This largest British camp in Kathiawar is situated in the very centre and heart of the Province. There are lines here for artillery, for cavalry and for infantry. Here are the postal and telegraph departments, a commissariat office and a customs office. To almost all charitable and public funds the Native Princes of this Province have contributed very liberally. The High-School has been built in the camp at the expense of H. H. the late Nawab Máhábat Khanji, K. C. S. I., of Junagad. For the erection of a large and splendid *Dharamsala* or Inn, H. H. the Ráj Sahib of Dhrangdra, K. C. S. I., has offered a sum of Rs. 15,000. The school for girls and the splendid corn-market have been built at the expense of H. H. the Jám, K. C. S. I. The great public library in the camp owes its existence to the liberality of Native Princes, who also have contributed towards the expenses of a garden in the camp for the use of the public. The camp in Rajkot has a pleasant appearance, and the stately building of the Rajcoomar College is the chief object of attraction.

# નામદાર ઠાકોર સાહેબ બાવાજી રાજ,

## રાજકોટના.

રાજકોટની મુળ-ગાદી સ્થાપનાર ઠાકોર વીભાજી, નવાનગરના જામ હલોજીના બીજા પુત્ર હતા. તેમને, એ રાજ્ય તરફથી ગરાશામાં ૧૨ ગામો વાળો "કાલાવર માહાલ" મળ્યો હતો. તેવણે, તે વખતનાં દીલ્લી તાબેનાં અમદાવાદના વાઈસરોય અથવા સુબા શાહાજાદા શાહાજહાનની કીમતી સેવા બજાવી, તેની લશ્કરી મદદ મેળવી, સરધારને, બળવંત વાઘેલા રજપુતોના હાથમાંથી ઈ. સ. ૧૫૪૩ ને આશરે જીતી લીધું. એ ફત્તેહ ટકાવી રાખવા સારૂ, એમના વડા ભાઈ જામે મદદ કીધી, તેના બદલામાં, એ ઠાકોરે પોતાને ગરાશમાં મળેલા ૧૨ ગાંમો, તેને આપી દઈ; "સરધાર" ને પોતાની રાજ્યધાની બનાવી હતી. બહાદુર વીભાજીએ રફ્તે રફ્તે લગભગ ૭૨૦ ગાંમો તાબે કરી, સરધારની સત્તા વધારી, તેને ખુબ ચઢતી કળા ઉપર લાવી ઈ. સ. ૧૬૩૫ માં મરણ પામ્યા. જેઓ સાથ—એ રાજ્યનો ચઢતો સેતારો અને ખીલતો વધારો પણ અસ્ત પામ્યો. તેઓની પાછળ તેમનો વડો કુવર ૧ લો મેરામનજી સરધારની ગાદીએ બેઠો. તેમના બે કુવરો માંહેલા વડા સાહેબજી તખ્તે બેઠા, તો—બીજા કુવર કુંભાજીએ "ગોંડલ"ની નવી સત્તા સ્થાપી હતી. સાહેબજી ૧૬૭૫ ને આસરે સ્વર્ગવાસી થયા. તેમનો એક પુરો પુત્ર બામન્યાજી ગાદીએ આવ્યો. તે, માલ્યાના મીઆનાઓ સામે લડતાં ૧૬૯૪ માં માર્યો ગયો. તેનો એક પુરો કુવર, બહાદુર લડવૈયો ૨ જો મેરામનજી ગાદીએ ચઢ્યો. તેના વખતમાં દીલ્લીનો શાહ ઔરંગઝેબ ૧૭૦૭ માં મરણ પામવા પછે, કાઠીઆવાદ પ્રાંતમાં એ શાહાનશાતની નબલાઈ થયલી જોઈ તેને, 'રાજકોટ' ફત્તેહ કરી લીધું હતું, તે, જુનાગઢના ફોજદાર મહાસુમખાને પાછું લીધું, ત્યારે તેની સામે લડતાં મેરામનજી ૧૭૨૦ માં પડ્યો. અને એ ફોજદારે—રાજકોટને તાબે લેઈ ૧૭૨૨ માં કીલ્લેબંધ કરી પોતાના નામ ઉપરથી, તેને "મહાસુમાબાદ" નામ આપ્યું હતું. મેરામનજીના ૭ કુવરો માંહેલો વડો રણમલજી, સરધારની ગાદીએ બેઠો. તેણે, ૧૭૩૨ માં —રાજકોટને ફત્તેહ કરી લેઈ, પોતાની સત્તાનું પાયતખ્ત બનાવ્યું હતું. તેના વખતમાં, ઘણીએક નાધલી મોહોટી લડાઈઓ થયા પછે, એ ઠાકોર ૧૭૪૬ માં મરણ પામ્યો. તેના ૪ કુવરો માંહેલો વડો લાખોજી ઉર્ફે બાવોજી ગાદીએ બેઠો. તેના ૪ કુવરો માંહેલો વડો ૩ જો મેરામનજી ગાદીએ આવ્યો, તેને કવીતાનો પુષ્કળ શોખ હતો. તે, ૧૭૯૪ માં મરણ પામ્યો. તેના ૨ કુંવરો માંહેલો વડો ભાભાજી ઉર્ફે ૨ જો રણમલજી ગાદીએ બેઠા, તે વખતે ૧૮૦૭—૮ માં કરનલ વોકરે એ રાજ્યની ખંડણી સંબંધી પક્કો બંદોબસ્ત કીધો હતો. એ ઠાકોરને, ૧૮૨૦ માં, ઈંગ્રેજ સરકારે દરસાલ રૂ. ૪૩૦૦ નું ભોય-ભાડું આપતું કરી—રાજકોટમાં ઇંગ્રેજી કેંપની મુળ સ્થાપના કરી, તે હાલ બોહોળા વીસ્તારમાં ફેલાઈ છે. પેહેલ્લે એ ભોંયભાડું રૂ. ૨૮૦૦ નું હતું, જે પાછળથી ૧૮૬૩ માં 'સીવીલ લાઈન' ખાતર વધુ જગ્યા લેવાથી વધ્યું હતું. એ ઠાકોરના ૨ કુંવરો માંહેલો વડો શુરોજી ૧૮૨૫ માં ગાદીએ આવી, ૧૮૪૪ માં મરણ પામ્યો, તેમના એક પુરા કુવર ૪ થા મેરામનજી તખ્તે બેઠા, તેઓ ૧૭ મી અકટોબર ૧૮૬૨ માં સ્વર્ગવાસી થઈ, પોતા પાછળ, ૨ કુંવરો મેલી ગયા. તેઓ માંહેલા વડા તે હાલના ઠાકોર બાવાજી રાજ ઉમ્મરે પુગ્યા ત્યાં તુલીક, પેહેલ્લે એમના બપાઈ અથવા દાદી નાનીબા ઉર્ફે બામાસાહેબે ૧૮૬૨ થી ૬૭ સુધી રાજ્ય-અખ્તયાર ચલાવ્યા પછે, ઇંગ્રેજ સરકારે ૧૮૬૭ ના જુલાઇથી તે પોતાની દેખરેખ હેઠળ લેઈ, ૨૭ નવેમ્બર સુધી ચલાવી, અને ત્યારથી એ ઠાકોરને રાજ્યનો થોડોક અખ્તયાર પેહેલ્લે સોંપાયા પછી, ૧૮૭૬ ની ૧૭ મી જાનેવારીએ, તેઓએ પુખ્ત ઉમરે પુગી પુરઅખ્તયાર પોતાને હસ્તક લીધો હતો.

**ઠાકોર સાહેબ બાવાજી રાજ**, જાતે જાડેજા રજપુત, રાજકોટમાં ૧૮૫૬ ની ૩૦ મી ઓગષ્ટે, હાલ સ્વર્ગવાસી થયલાં રાણી સાહેબ હરીબાને પેટે જનમ્યા. એમનાં ભાઈબેહેન ૨ છે. ભાઈ લધુભા રાજકોટની 'રાજકુવર કોલેજ'માં કેલવાયલા એક જુવાન છે. ઠાકોર સાહેબે ગુજરાતીમાં સંપુર્ણ અને ઉપલી કોલેજમાં સરસ ઈંગ્રેજી કેલવણી લીધીછે. એમની બાળવયે એમને ગાદીએ નેમવાની ક્રિયા ૧૮૬૨ ની ૨૫ મી અકટોબરે થઈ, અને એઓએ પુખ્ત ઉમ્મરે પુગી, ૧૮૭૬ ની ૧૭ મી જાનેવારીએ, ઈંગ્રેજ સરકારની દેખરેખ હેઠલથી, રાજ્યનો પુરઅખત્યાર પોતાંને હસ્તક લીધો. એ ઠાકોરે, ખેડુતોને નુકસાન કરનારો "ભાગવતાઈ"* લેવાના હીસાનો ચાલતો આવેલો રેવાજ રદ કરી તેબદલે "વીગોટી" એટલે દરએક એકરે ચોકકસ રકમનો લવાજમ લેવા ઠેરવ્યું છે. ઠાકોર પોતેજ 'સ્મોલ કોઝ કોર્ટ' તેમજ 'અપીલ કોર્ટ'માં બસેછે. અને પગારદાર ન્યાયાધીશ ફકત ન્યાયાધીશ-કોર્ટમાં રાખ્યો છે. એઓ, રાજકોટની ઈંગ્રેજી-એજંનસી માંહેલાં કેલવણીનાં અને બીજાં જાહેર ઉપયોગી ખાતાંઓને દરસાલ આશરે રૂ. ૧૪૦૦ ની ચાલુ મદદ કરેછે. એમના વખતમાં ત્યાં—ઘણીજ સરસ મ્યુનીસીપાલીટી બની, ન્હાની જેલ, લાયબ્રેરી, આનાજની બજાર, કન્યાશાળા, ધર્મનું-દવાખાનું, ગુજરાતી નીશાળો અને ધર્મશાળા નવાં ઉભાં થયાં, અને અપીલ, સ્મોલકોઝ અને ન્યાયાધીશની કોર્ટો સ્થપાઈ તેમજ પથ્થરના નવા પુલો બન્યા. આખ્ખા તાલુકામાં ધર્મશાળા, કુવા અને ઉતારાઓ બાંધવા રૂ. ૨૦,૦૦૦ થી વધુ ખરચ થઈ ચુકયો છે, તો, દરસાલ બીજાં અગત્યના જાહેર કાંમો પાછલ ખરચ થાય છે અને થતો જશે. એમની દરસાલની આવક રૂ. ૧,૮૪,૦૦૦ ની છે, ઇંગ્રેજ સરકારને એઓ સામટી વાર્ષીક 'ખંડણી' રૂ. ૨૧,૩૨૧ ની ભરેછે. ત્યાંની ઈંગ્રેજી-કેંપના ભોંયભાડાં તરીકે ઈંગ્રેજ સરકાર એ ઠાકોરને દરસાલ રૂ. ૪,૩૦૦ આપે છે. એ જુવાન ઠાકોરે, હીંદુસ્તાનનાં જોવા લાયક શેહેરો જોયાં છે. તેઓ રીતભાત અને દેખાવે એક રાજ્યકર્ત્તા તરીકે —દમામી નહીં પણ સાદા, સ્વભાવે મીલનસાર, મીજાજે થંડા અને વાતચીતમાં ચપલ અને મીઠાસવાલા છે. એમની ૨ રાણીઓને હજુણ કશુ ફરજંદ થયું નથી. એમના, ૪ મુળ-ભાયાતો હસ્તક બધાં મળી ૧૦ ગાંમો છે, તે સઘલાંની જમાબંદી ઠાકોર સાહેબ વસુલ કરેછે, તો તેનું 'ગરાશ' તેઓ ખાયછે.

* અનાજની ઉત્પત્તીનો ⅓ રાજ્ય ભાગ.

**રાજકોટ રાજ્ય**—૨ જા વર્ગનું અને 'હાલાર' પ્રાંતના પુર્વ અને કાઠીઆવાડના મધ્ય-ભાગમાં આવેલું, ૨૮૩ ચોરસ માઈલના વીસ્તારવાલું અને ૩ માહાલો, 'રાજકોટ', 'સરધાર' અને 'કુવાડવામાં' વેંહેંચાયલું છે. ત્યાંની—આબોહવા સરસ છે, નદીઓ હાજી, ખેઠી, ફરમાર વીગેરે બીજી ન્હાનીઓ છે. રૈયતનો મુખ્ય ઉદ્યમ ખેતીનો છે, જે ઉપર રાજ્યની આવકનો મુળ આધાર છે. ખેતી બાજરી, જુવાર વગેરેની થાયછે, તો દરસાલ કેટલાક હજાર મણ 'ઉન' પણ ઉતરેછે, જમીન કાળો, પોચી અને રસાળ છે. વસ્તી ૩૬,૦૦૦ માણસોની, તો ઘરોની સંખ્યા ૯,૫૦૦ ને આશરે છે. ત્યાં દરબારી ખરચે ચાલતું ધર્મનું-દવાખાનું, શીતલા કાહાડવાનું ખાતું, ૧૦ ગુજરાતી નીશાળો અને એક કન્યાશાળા છે.—સરધારમાં, ૧ લાયબ્રેરી, ૧ મુસાફરી બંગલો, ૧ ધર્મશાળા, ૧ તુરંગ અને ૧ થાણદારની કોરટ છે. ત્યાંનું જબરૂં મોહોટું તલાવ સર્વે લોકોને પાણી પુરૂંપાડે છે. કુવાડવામાં,—ઘીનો વેપાર બોહોળો ચાલેછે. ત્યાં ૧ ધર્મશાળા અને ૫ નીશાળો છે. રૈયતના રક્ષણ ખાતરરાખેલી એ રાજ્યની કવાયત અને હથીઆરવાલી ૧૨૫ પોલીસ, બે ભાગમાં, તે ટાઉન પોલીસ અને જેલ પોલીસમાં વેંહેંચાયલી છે. વતરેગે ૨૫ કવાયતવાલા સ્વારોનો એક રસાલો અને ૨૦૦ બીન હથીઆરવાલી સીબંધી† પોલીસ છે. રાજ્યના ભાયાતો‡ને બક્ષેલા ૧૦ મળી એકંદર ૬૧ ગાંમો છે.

† આગલા વખતમાં કામ પડે, લડવા ભાડે રખાતું 'અરબ લશ્કર'.

‡ જુવો ધ્રાંગદ્રા.

**પાયતખ્ત રાજકોટ**—શેહેર, હમેશ દુજતી 'હાજી' નદીના કાંઠા ઉપર મજબુત કીલ્લેબંધ થઈ ઉભું છે. તે સુધરેલી બાંધણીની ઈમારતો વાળું, આબાદ, અને વીસ્તારમાં ૧૩૮ એકરનું છે. શેહેર અને "પરાં"ની સામટી વસ્તી ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે ૧૫,૧૦૬ ની છે, તો, ઘરો ૩,૫૦૦ છે. દરબારી ખરચે ત્યાં ૨ ગુજરાતી નીશાળો, ૩ કન્યાશાળા અને ૧ લાયબ્રેરી ચાલે છે, તો નવી ન્હાની જેલ, પરાંનાં નાળાં ઉપરનો નવો બંદ, અને અનાજની બજાર નવાં બંધાયાં અને નવી ૪ અગત્યની સડકો બની છે. શેહેરની દેવાલની લગોલગ બાહેર, એક મોહોટું અને આબાદ "પરૂં" વસ્યું છે, ત્યાં વેપારી અને ધંધાદારીઓ રહેછે. ત્યાંના ધોરી રસ્તા ઉપર હમેશાં રાહદારીઓની ભીડ જણાય છે. "પરૂં," એક નાકેથી શેહેરના દરવાજાથી લંબાતું બીજે નાકે ઇંગ્રેજી કેંપની હદમાં જઈ—એવું તો બરાબર મળી ગયુંછે કે, એક અજાણ્યો

મુસાફર, પેહેલે, શેહેરની અને કેંપની હદ જાણવા ખુબ ગુંચવાય છે. શેહેરમાં દરબારી ઈંગ્રેજી નીશાળ કે ઓસ્પીતલ નથી, સબબ કે, તેનીપાસે આવેલી-ઈંગ્રેજી કેંપમાં એ સઘલી ખુટ, કાઠીઆવાડના દેશી રાજાઓના ખરચે પુરીપડવામાં આવીછે.

રાજકોટની ઈંગ્રેજી કેંપ—"કેઠીવાડ પોલીટીકલ એજેંનસી" નું મુખ્ય મથક છે; તેની સ્થાપણ, શેહેરથી શેહેજ છેટે, ઉપર જણાવ્યા પ્રમાણે, ઈ. સ. ૧૮૨૦ માં થઈ. તે જગ્યાના વાર્ષીક ભાડાના રૂ. ૪૩૦૦ ઈંગ્રેજ સરકાર ત્યાંના ઠાકોરને ભરે છે. એ આબાદ, મોહોટી વસ્તી અને બોહોળા વીસ્તારવાળી, કાઠિઆવાડના મધ્ય-ભાગમાં આવેલી કેંપ,—૨ ભાગ અથવા 'સ્ટેશનો,' તે કેનટોનમેંન્ટ અથવા 'મીલીટરી સ્ટેશન' અને 'સિવીલ સ્ટેશન' માં વેંહેંચાઇ છે. પેહેલો ભાગ મોહોટા વીસ્તાર અને ૧૩૪૮ ઘરોની ગીચ સંખ્યાથી બનેલો છે; તો બીજાની હદ ૭૩૫ એકરની, વસ્તી છુટી છુટી, અને ઘરો ૭૦૭ છે. એ સૌથી મોહોટી ઈંગ્રેજી કેંપને, કોટ વગરનું એક મોહોટું, આબાદ અને સુધરેલું શેહેર કહીએ તો ચાલે. ત્યાં બધી જાતના ધંદાદારીઓની મોહોટી નાહની દુકાનો, શેહેર સુધરાઈખાતું, અને પોલીસખાતું છે. ઘોડસ્વાર, તોપખાનાંની અને પેદલ લશ્કરોની લાઈનો, વીગરે, મોહોટું કોમેસરીઅટ, કસ્ટમ અને પોસ્ટખાતું છે; ટેલેગ્રાફઓફીસ અને મીશન સ્કુલ છે. વળી ત્યાં—કાઠીઆવાડના રાજાઓનાં ખીસામાંથી દરસાલ ચાલુ ભરાતાં ઘણાંક ફંન્ડો જેવાં કેઃ—રોડ, બાળરક્ષકગૃહ, ડીસ્ટ્રીક ડીસ્પેનસરી, એજ્યુકેશન, વતરોગે ઉભાં થયાં છે. એ પૈસાથી, કેંપનાં સુખ અને શીણગારમાં ઘણો વધારો થયો અને થાય છે. "ડીસ્પેનસરી ફંડ"માંથી, એક દવાખાનું બંધાવ્યા ઉપરાંત ત્યાંની ઈસ્પીટાલનો સઘળો ખરચ ચાલે છે. "એજ્યુકેશન ફંડ"માંથી, મોહોટી ઈંગ્રેજી સ્કુલ, સ્કુલ ઑવ ઈન્ડસ્ટ્રી, કોલેજ અને તે સાથ જોડાયલાં કશરતખાનાંનો, તેમજ એજ્યુકેશનલ ઈનસ્પેકટરનાં આખ્ખાં ખાતાંનો ખરચ ચાલેછે. ત્યાંની "હાઈ-સ્કુલ," જુનાગઢના સ્વર્ગવાસી નવાબ સાહેબ મોહોબતખાનજી કે. સી. એસ. આઇ., નાં ખરચથી બંધાઈ; મોહોટી સુશોભીત "ધર્મશાળા" બાંધવા ધ્રાંગદ્રાનાં રાજસાહેબ મહાનસીંગજી કે. સી. એસ. આઇ. એ રૂ. ૧૫,૦૦૦ ની મદદ આપી; "અનાજની નવી બજાર" અને "ગુજરાતી નીશાળ" જામસાહેબ વીભાજી કે. સી. એસ. આઇ. એ બંધાવી છે. તો, ત્યાંની મોહોટી "લાયબ્રરી" અને "જાહેર બાગ" એ રાજાઓનાજ ખરચે ઉભાં થઈ મોહોટા ખરચે ચાલે છે.—અજબ જેવું એજ છે કે, તે બાગને, દીલખુશ ફુલોના ચમનો અને નવી નવાઈનાં ઝાડોથી શીણુગારવા બદલે, ત્યાં, થોડાક ઈંગ્રેજોને મનભાવતી તરેહવાર તરકારી ઉગાડી, તેના ટોપલા ભરી, નીત્ય સવારના ઘેર બેઠાં, તેમને પોંહોંચતી કરવામાં આવેછે!! ત્યાંની "રાજ-કુવર કોલેજ," તેમજ 'સ્કુલ ઑફ ઈન્ડસ્ટ્રી' અને 'કન્યાશાળા' એ રાજાઓનેજ પૈસે બંધાઈ અને તેમનાજ ખરચથી ચાલેછે. પરવારતા ઈંગ્રેજ જીવડાઓની ગમતખાતર, ત્યાં ન્હાના બંગલા સાથનું ઘોડાની શરતનું મોહોટું ચક્કર છે. રસ્તા ઘણા સારા, સફા, અને ઝાડોની છાયાવાળા છે. ટુકમાં,—કેંપની આબો હવા, તંનદુરસ્ત, રચના દીલખુશ, અને દેખાવ રલીઆંમણો છે. જ્યાંના મોહોટા ખરચોનો બોજો, ત્યાંના દેશી રાજાઓને માથે હમેશનો ચોંટયો છે.

# His Highness Khanchar Shree Alla Chela,

## THE CHIEF OF JASDAN.

THE Kathis are supposed to be of PARTHIAN descent. They at first settled in Sindh, but having quarrelled with its King, they left Sindh, and in the middle of the 16th century poured in great crowds in succession, to settle down in Saurashtra,—afterwards called Kathiawar, where they led a predatory life. Saurashtra, then called the "*Surkar of Sorath*," was under the dominion of the Moguls, whose fast declining power and the anarchy which prevailed in consequence, gave the "Kathis" an opportunity of making themselves masters of the province, under their brave Chief Vala Chámerdi —which was called "Kathiawar" after their name.

Kurran claims descent from the Solar dynasty as the primitive head of the Walla Rajputs. From him was descended Walo or Welávulji, who in consequence of his having married a maid of the Kathi caste, (being a caste inferior to that of the Rajputs,) was excommunicated by them, and was called Walla Kathi, instead of the usual appellation of Walla Rajputs. Of this marriage three sons were born, the eldest of whom was Khooman, whose great-grandson—Khánchar, was the **Founder** of the family of the present Chief of Jasdan. A very notable Chief of this dynasty, was Wadsoor Khánchar *Lakhani*, a celebrated warrior, who successfully repelled an invasion of Jasdan by the Jám of Navanagar, compelling the invader to sue for peace. His name—was a terror to highwaymen and robbers and his "Pass," which was obtained by the payment [illegible] known as *Pál*, otherwise called *Vulává* or black-mail, was essential for the security of travellers [illegible] or the safe transmission of merchandise, in the surrounding countries, and as far as Dhandhuka and [illegible]bay districts. By a special treaty the British sanctioned the exaction of the *Vulává* on articles passing from their ports of Rutlam to Dholera. Wadsoor annexed 42 villages to his territory and raised Jasdan to a state of prosperity and influence which it had never obtained before. He died in A.D. 1809 and was succeeded by his son Chelá, who captured the hill-fortress called Lokud and the district of Bhimor, adding 14 villages to his dominions. The English *agreed* to pay him Rs. 2,475 per annum, for the surrender of his rights, to levy the *Vulává* or black-mail on the merchandise passing from the port of Dholera and the British districts. He was a firm ruler, and died in A.D. 1851, when his son Allá Khánchar, the present Chief of Jasdan, and the subject of this memoir, succeeded to the *gadi*.

His Highness Allá Khánchar, the head of the *Khánchar* Kathi community, was born on the 30th of August 1831. He is known to take a lively interest in all measures calculated to advance the prosperity of the State, and of the people committed to his rule. At the foot of the hill-fort called *Hingool-Ghud*, seven miles from Jasdan, a large lake has been lately constructed and a State palace at 'Vinchi' district has been lately built. The latter is a fine specimen of architecture. Irrigation works intended to be opened by the State to supply water to cultivators, have been proposed and the same are likely to commence shortly. The annual income



માહારાજા ખાંચર શ્રી આલા ચેલા જસધણના દરબાર સાહેબ.

H. H. KHANCHER ALLÁ CHELÁ—THE CHIEF OF JUSDHUN.

Vincent Brooks Day & Son Lith. London, W.

being Rs. 1,25,000, the Prince spends every year Rs. 1,325 for the educational wants of the people, and Rs. 1,160 in aid of the several charitable funds in the Rajkot British-Agency. The sum of Rs. 2,475, which the British Government agreed to pay in accordance with the treaty engagement above referred to, was entered into with the father of the present Prince in consideration of his giving up the right to impose duties or *Pál* on certain articles of merchandise. A proposal is made to reduce it to Rs. 600, but the present Prince has declined to accept it, and His Highness has represented his case to the Supreme-Government, but without success. The Chief of Jasdan is well known for his magnanimity, liberality, and simplicity of manners. He is acknowledged as the most intelligent, able and prominent of the Kathi Chiefs of the present time. For the attention and intelligence with which he has been transacting the business of the State, he was praised by the English Political-Agents of Kathiawar. His Highness is an intrepid and a bold Chief and—received the thanks and approbation of the British Government for the promptitude with which he adopted measures for suppressing highway robbery throughout his territory. The Prince married according to custom four wives, of whom 2 are alive, and he has 4 sons and 5 daughters, the heir to the throne being Odho Khánchar, born on the 6th of August 1852 ; the others are Jivo a sprightly youth, Mansur and Nanobhai.

*ANCIENT JASDAN*—was formerly known as "*Gori-Ghud*." It was founded and fortified in A.D. 1042 by Baba-Khan, a Prince of the Ghoris of Junagad, when it came subsequently into the hands of the Jam of Navanagar, who appointed Jása Khumán, in A.D. 1665, governor of the city—from whom it derived its present name. Jasdan, then passed into the possession of a Rajput King, who was obliged to surrender it to the Thakore of Rajkot. In A.D. 1700 the Thakore of Rajkot gave the city to Vika Khánchar a Kathi Chief of note and the Founder of the *Lakhani* branch of the *Khánchar* Kathis, with the view of maintaining an alliance with them, and it has been ruled by their descendants ever since.

*THE STATE OF JASDAN*—ranks as a third class one, pays to the English a yearly tribute of Rs. 10,660. The chief products are *juwar*, *bajri*, and *cotton*. It is divided into 2 *Mahals* or revenue sub-divisions, viz., 'Jasdan proper' and 'Vinchy' noted for its trade, both including 62 villages in all, comprising an area of 283 square miles, and a population of 29,000.

*THE CAPITAL TOWN, JASDAN*—is situated on the north of the province 'and on the banks of Bhadar, the largest river in Kathiawar, where there is a dispensary, inns for travellers, a local post office, a municipal office, a magistrate's court, a civil court, and an appeal court, and over the latter the Chief himself presides. The population of the town as per latest Census of 1881 was 3,873.

# નામદાર ખાંચર સાહેબ આલા ચેલા,

## જસધણના.

સુર્યવંશ અને વાલા રજપુતથી ઉતરેલો વેલાવલજી ઉર્ફે વાલો, પોતાથી ઉતરતી "કાઠી" કુળની કુવરી સાથ પરણવે "વાલા રજપુત" તરીકે ઓળખાતો બંધ પડી "વાલા કાઠી" તરીકે બોલાયો. તેના ૩ પુત્રો માંહેલા ખુમાનની ૩ જી પેઢીએ ઉતરેલો ખાંચર,—જે "ખાંચર કાઠી" વંશ સ્થાપી ગયો, તેની ૧૪ મી ઓલાદે ઉતરેલો, લખો ખાંચર ઉર્ફે લખાણી —હાલના રાજ્યકર્તા ખાંચર આલા ચેલાના મુળ-વડીલ, ઇ. સ. ૫૪૦ માં પોતાની નવી રાજ્યગાદી ચોટીલે સ્થાપી ગયો. તેના ૯ કુવરો માંહેલો વાલેરો ગાદીએ આવ્યો. તેના ૩ પુત્રો માંહેલા માણસીઆએ ગાદીએ ચઢી, "રાજાવર" તાબે કીધું હતું. તેના એક પુરા પુત્ર વીકોએ ગાદીએ આવી, 'રોજીદ' ફતેહ કરી, તેને રાજ્યધાંની બનાવી. તેના ૭ કુવરો માંહેલા રજા માણસીઆએ 'ભદ્રાવડી' ફતેહ કીધું. તેના ૭ પુત્રો માંહેલા રજા વીકો ખાંચરે ૧૬૬૫ ની ૬ ઠી અકટોબરે જસાખુમાણ પાસેથી —જસધણ જીતી લેઇ, પોતાની સત્તાનું પાયતખ્ત બનાવ્યું. તે, ૧૬૮૩ માં સ્વર્ગવાસી થયો. તેના ૭ કુવરો માંહેલો ચેલો ખાંચર, તેપછે તેનો એક પુરો પુત્ર "ઓઢો," અને પછે તેના ૩ પુત્રો માંહેલો વાડસુર ઉર્ફે વાડસુર ખાંચર લખાણી, ગાદીએ આવીગયા. વાડસુર જબરો બહાદુર લડવૈયો હતો, તેણે હીમતી ચઢાઇઓ કરી અને છાપા મારી, ઘણાંક ગામો જીતી,—કાઠીઆવાડમાં પોતાનાં નાંમનો જબરો ધાક બેસાડયો હતો. તેના વખતમાં રાજકોટની "ઇંગ્રેજી એજંનસી" ૧૮૨૦ માં સ્થપાઈ હતી.

"એ સરદાર, તે વખતના બીજા કાઠીઓ માફક લુટફાટ ન કરતા, એક શુરો, સમજુ અને સુધરેલા વીચારનો લડવૈયો હતો."* બળવંત વાડસુર, આસપાસના ઘણાક રાજાઓ, અને રજપુત ગરાસીઆઓ પાસેથી તેમજ છેક ધંધુકા અને ખંભાતના પ્રગણાઓ સુધી પોતાની "પાલ" ની ખંડણી નાખી, મોહોટી રકમ વસુલ કરતો હતો, અને તે બદલે તેઓ ઉપર પોતે ચઢાઇ ન કરવા અને જો કોઈ બીજો તેમ કરે તો તેને મારી હઠાવવા બંધાયો હતો. એ ખંડણી, લીમડીના ઠાકોર હરભમજીએ, તેમજ પેશવાઈ તાબાના 'અરામત,' 'ધંધુકા' અને 'રાણપોર' ન આપવે, વાડસુરે ચઢાઈ કરી, તે લીધી હતી. લીમડીના ઠાકોરે પોતાની સત્તા જાલવવા અને વાડસુર સાથ મીત્રાચારી ટકાવી રાખવા, તેને 'રોજીદ' ગાંમ ભેટ આપ્યું હતું. ૧૭૯૧ સુધી, નવાનગરના મેરૂ ખવાશના કાવાદાવાથી એ રાજ્ય અને જસધણ વચ્ચે મીના કેશો ચાલવા પછે, મેરૂ મરણ પામવે, બેઉ રાજ્યો વચ્ચે મીત્રાચારી થવે, વાડસુરે, જસધણને ફરતો કોટ બાંધવા જામ સાથ બંદોબસ્ત કરવા માગી,† તેને "માનકી" જાતની એક ઘણી કીમતી ઘોડી નજર કીધી; પણ એ ધારેલો બંદોબસ્ત ન થવે, તેને તે ઘોડી પાછી લેઈ, એક ભીક્ષુક ચારણને બક્ષી અને જામની સત્તાના "હાલાર" પ્રાંત ઉપર ધસારા કરવા માંડયા. કે જામે એક મોહોટી ફોજ સાથ—જસધણ જીતી લીધું. અને વાડસુર, ભાવનગર તરફ નીકળી ગયો, જ્યાં તેને સારો આવકાર મળ્યો હતો. જામે જસધણમાં, તો, વાડસુરે હાલારમાં ભારી ખરાબી કીધા પછે તેઓમાં સમજુતી થઈ હતી.‡ હવેથી વાડસુરની સત્તા વધતી ચાલી, તેણે, પોતાનો "વળાવા"§ નો વેરો આખા મુલક ઉપર મજબુતીથી કાયમ કીધો, તેનાં નામનો ડર ત્યાંના લુટારૂઓમાં એટલો તો પેઠો હતો કે, મુસાફરો સાથ હથીઆરબંદ સીપાઇઓ આપવા બદલે, તે, ફક્ત પોતાના નામની ચીઠ્ઠી લખી આપતો, તેજ પુરતી સલામતી ભરી હતી. ભાવનગરના ઠાકોરે, ત્યાંના "વરતેજ" દરવાજા બહાર "આમલીનું નાકું" નામની જગ્યાએથી, વેપારી માલ ઉપર ને તેમજ અમદાવાદનું ત્યારે જાણીતું રતલામ બંદર ઇંગ્રેજોના હાથમાં આવ્યા પછીથી ત્યાંનો વેપારી માલ સલામત પસાર થવા ખાતર એ મોહોટી આવકવાળો "વેરો," વાડસુરને છુટથી લેવા દીધો હતો. ૧૮૦૫ ની ૧૦ મી મેએ ઇંગ્રેજ સરકારે, લખતથી વાડસુરનો "વળાવા" નો હક કાયમ ઠેરવી આપી, પોતાનાં ધોલેરા વીગેરે બીજાં ૧૦ ગાંમો તેની સંભાળ હેઠળ સોંપી, તે બદલે દરસાલ રૂ. ૧૯૫ આપતા કરી, બીજી એવી બોલી કીધી હતી કે, કામ પડવે દરમાસે રૂ. ૯૦૦૦ લેઈ, વાડસુરે એ સરકારને ૪૦૦ ચુનુંદા સ્વારો પુરા પાડવા. એ શુરો લડવૈયો—કાઠી સરદારોનો વડો, ઘણોજ બહાદુર, અને સમજુ હતો. તેણે ૪૨ ગામો મેળવી, જસધણની હદ અને સત્તાઓમાં મોહોટો વધારો કરી, તેને ચઢતી

* "કર્નલ એ. વોકરનો કાઠીવારનો રીપોર્ટસ" ભા. ૧ લો.

† અસલ એમ રીવાજ હતો કે, ઉતરતી સત્તાવાળો સરદાર, પોતાના શેહેરની મજબુતી કરે તે અગાઉ, તેણે, પોતાથી ચઢતી સત્તાવાળા પડોશી સાથે, તે વીશે, પુર્વે બંદોબસ્ત કરવોજ જોઈએ.

‡ એ વીશે, એક તરફ-"વાડસુરે, જામને રૂ. ૧૧,૦૦૦ નજરાણામાં આપેલા" તો, બીજી તરફ-જસધણ નજદીકનું, ૧૨ ગામો વાળું 'મોઢુકા,' પ્રગણું, આપેલું જણાવ્યું છે.

§ "વલાવવું" તે મુસાફરોને, લુટાવાથી બચવા 'વેરો' લેઈ, ચોકીદારો સાથે આપવા, કે જેઓ, તેઓને ધારેલી જગ્યાએ, સલામત 'વલાવી' એટલે મેલી આવતા હતા.

ફોજાએ લાવી જાણીતું કીધું, અને ૧૮૦૭ માં કર્નલ વોકર તેમજ ગાયકવાડ સરકાર સાથ પોતાનાં રાજ્ય સંબંધી બંદોબસ્ત કીધા પછે, તે, ૧૮૦૯ માં સ્વર્ગવાસી થયો. તેના એકપુરા કુવર ચેલા ખાંચરે ગાદીએ આવી, ભડલી તાલુકાના ભાંન ખાંચર પાસેથી ૧૮૧૧ માં "લોકડ" ડુંગરી-કીલ્લો લીધો, તે વતરેગે ભીમોર તાલુકો હાથ કરી બીજી ફતેહો મેળવી હતી. એ શાખી તબેનાં ખાંચરે, ૧૮૧૨ ના જબરા દુકાળ વખતે પોતાની લાચાર રૈયતને મુફત અન્ન આપ્યું હતું. એમની સાથ ભાવનગરની દરબારે સમજુતી કરી, ત્યાંનાં 'વરતેજ' દરવાજા ઉપરનો "વળાવા" નો લેવાતો કર બંધ કરાવ્યો હતો. એ ખાંચરે, કંઈ જીતીને તો કંઈ ખરીદીને ૧૪ ગાંમો વધાર્યાં હતાં, અને ૧૮૨૮ માં, જસધણનો રાજ-ગઢ બંધાવ્યો, જે હાલ મજબુત ઉભો છે. એઓએ, ઈંગ્રેજોની મરજી રાખવા ધોલેરાનાં 'રતલામ' બંદર ઉપરનો પોતાનો "વળાવા" નો હક છોડી દેઈ, તે બદલે ૧૮૭૧ ની ૧૦ મી જુને થયલાં લખતથી, તેઓ પાસેથી, દરસાલ રૂ. ૨૪૭૫ નો ઉચકો લેવા ઠેરવ્યું હતું. લીમડીનાં 'રોજીદ' ગામની "ચોથના," વાર્ષીક રૂ. ૧૦૨૫ એઓ લેતા હતા, તેઓ ૧૮૫૧ ની ૨૭ મી અકટોબરે સ્વર્ગવાસી થઈ, પોતા પાછળ, એકપુરા કુવર, તે આ બાબદને લગતા ખાંચર સાહેબ આલાને મેલીગયા; તેઓ હાલ જસધણની ગાદીએ બીરાજેછે.

**નામદાર શ્રી આલા ચેલા** "ખાંચર કાઠી રજપુત" જાતના છે, તેમને **બા સાહેબ રાઈબાઈએ**, ૧૮૩૧ ની ૩૦ મી એપ્રેલે જસધણમાં જન્મ આપ્યો. એમની સત્તા ૩ કાઠી જાતો માંહેલી 'ખાંચર કાઠી' સરદારોમાં સૌથી મોહોટી છે. એમના એક સાવકા ભાઈ **વાડસુર ખાંચર** સ્વર્ગવાસી થયાછે. એઓ પક્કું ગુજરાતી જાણેછે. ૧૮૫૧ ની ૨૫ મી નવેમ્બરે એઓ ગાદીનશીન થયા. રાજ્ય-અખત્યાર હાથમાં લીધા પછે રૈયતને સુખ, ખેડુતોને ફાયદો, અને વેપારીઓને લાભ થનારા ઉપાયો લેવાથી, બીજી તરફના લોકો એમની સત્તામાં આવી વસવે,—વસ્તી અને આબાદીમાં વધારો થયોછે. એમને સુધરેલી ઢબનાં સુશોભીત બાંધકામો કરવાનો જબરો શોખ છે. શેહરમાં, નદીકાંઠે ૧ મોહોટી ધર્મશાળા, ૪ નવી સડકો અને ૧ શોભીતો ઘડીઆળ સાથનો મીનારો બંધાઈ ઉભો થયોછે, તો ત્યાંથી ૭ માઈલ તફાવતે આવેલા "હીંગુળગઢ" ડુંગરી-કીલ્લાને મથાળે એક શોભાયમાન રાજ્ય-મકાન બની રહ્યું છે, તે ઉપરથી, આસપાસનાં કંઈ માઈલોના વીસ્તારવાળાં મોહોટાં મેદાંનો ઉપર નજર ફેંકી શકાય છે. મુંબઈનાં 'વ્યાહાડ' ના સરોવરની ધોરણે, નાહાના પાયા ઉપર ત્યાં એક તલાવ મોહોટા ખરચે બન્યુંછે, અને ખેડુતોને પાણી પુરૂં પાડવા એક મોહોટી નેહેર બંધાવવાની ગોઠવણ નકકી થઈ ચુકીછે. **"વીછીઆ"** માહાલને નવો કોટ બાંધી, ત્યાં નીશાળો ઉઘાડી, વેપારીઓને ઉત્તેજન આપી, તેને ખીલતો અને આબાદ બનાવ્યોછે. **રાજકોટ**માં, એમનો ઉતારો ઘણો સુશોભીત બંધાયો છે. એઓ દરસાલ કેલવણીખાતાં પાછળ સારો ખરચ કરેછે, અને **રાજકોટ** ઈંગ્રેજી-**એજંનસી** તરફના ઘણાંક લોક ઉપયોગી જાહેરખાતાંઓને દરસાલ ચાલુ રૂ. ૧,૪૩૦ ની મદદ કરતા રહેછે. એમને, **લીમડી** તાબાનાં 'રોજીદ' ગામની 'ચોથના' દરસાલ રૂ. ૧,૦૨૫ મળેછે. એમના પીતા **ચેલા ખાંચરને**, **ધોલેરા** બંદરના "વળાવા" ના વેરાના હકના ઉચકાના, ઈંગ્રેજ **સરકારે** લખતથી દરસાલ ચાલુ આપવા કબુલેલા રૂ. ૨,૪૭૫, ન આપતાં, હવે રૂ. ૬૦૦ આપવા માગેછે !! એ દેખીતા ગેર-ઈનસાફ વીશે એ **ખાંચર** સાહેબ તકરાર ચલાવેછે. એઓ પોતાના વડીલોથી ઉતરેલો "આકાશી-વળાવા"* નો વેરો પોતાની હદમાં લેછે, જેની વાર્ષીક ઉપજ રૂ. ૧૫૦૦ થી કંઈ વધુ ઓછી થાયછે. તો, એમનાં રાજ્યની સાલીક આવક રૂ. ૧,૦૦,૦૦૦ ની ગણાયછે. એઓ, ઈંગ્રેજ **સરકારને** દરસાલ રૂ. ૧૦,૬૬૦ ની સામટી 'ખંડણી' ભરેછે. રાજ્ય-વહીવટની દેખરેખ અને ઈનસાફનું કામ એઓ પોતેજ કરેછે.—એમના સરસ રાજ્ય સુધારા અને વાજબી ઈનસાફ વીશે, મુંબઈ **સરકારે** ઘણી વાર ઉચ્ચાં મતો આપ્યાંછે, તેઓ માંહેલું ૧૪ મી નવેમ્બર ૧૮૭૦ નું એકજ ટુંકમાં જણાવ્યો:—"નાહાના તાલુકાઓમાં, જસધણ સુધારામાં **આગેવાન** છે. પોતાના રાજ્યનું કામ રાજા પોતે કરેછે, અને રૈયતના લાભ ઉપર ધ્યાન આપેછે, તેથી તાલુકાને ઘણો **ફાયદો** થાયછે એવું એ રાજ્ય ખુલ્લે ખુલ્લું બતાવી આપેછે. તે જોઈ સરકારને ઘણીજ **ખુશી** ઉપજેછે." એમની હદ તરફ, લુટારૂઓનું જોર હોવા છતાં, એમના ધાક અને મજબુત બંદોબસ્તથી, કોઈપણ મુસાફર કે વેપારી આજ સુધી લુટાયોજ નથી. તે વીશે, ઉત્તર પ્રાંતના **એકટીંગ ફર્સ્ટ પોલીટીકલ-એસીસ્ટંન્ટે**, ૧૮૭૨ ની ૧૩ મી ફેબ્રુવારીના રીપોર્ટમાં જણાવ્યુંછે કે:—"**રજપુત** દરબારોના તાલુકાઓમાં હરામખોરો લુટફાટ કરેછે અને કરતા રહેછે, તેમ

* આકાશી, તે આશમાની નહીં, પણ અલંકાર રૂપે "મોહોટા" અથવા સત્તાવાળો થાય છે.

જસધણ તાલુકામાં મજબુત બંદોબસ્ત હોવે, ત્યાં તેવું મુદલ થતું નથી, એથી મને ઘણોજ સંતોષ ઉપજેછે." એમનાં ૪ રાણીઓ માંહેલી બે હૈયાત છે, અને ૫ પુત્રીઓ અને ૪ કુવરો છે. વડા કુવર ઓઢા ખાંચરને, બાસાહેબ રાજબાઈએ ૧૮૫૨ ની ૬ ઠી ઓગષ્ટે જન્મ આપ્યો, તો બીજા કુવર જીવાખાંચર ૧૮૫૩ ની ૧૭ મી જુને બાસાહેબ મોહોટાં જીવુબાઈને પેટે જનમ્યા, તેઓ ઘણા મીલનસાર અને સુધરેલી વલણના છે. ૩ જા મહાનસુર છોકરવંન ઉમ્મરના તો ૪ થા કુંવર નહાની વયના છે. એમના ૪ ભાયાતો* ને હસ્તક ૫ ગામો છે. તેઓ 'વેરા' બદલે એકંદર રૂ. ૧૭૧૮ ની વાર્ષીક ઉધર 'જમે' ભરેછે. બાયાતી ગામો ઉપર નાહાના કરો નાખવા અને ત્યાં ન્યાય કરવાનો હક એ દરબારે રાખ્યો છે. એ ખાંચર સાહેબ મીજાજે થંડા, સ્વભાવે મીલનસાર, દેખાવ અને પેહેરવેશે સાદા, હીમતે શુરા, હથીઆરબાજીમાં પુરા, વાતચીતમાં સાર ખેંચનારા, હસમુખા, ચંચળ, મેહેનતુ, પુરા સુધરેલા અને પક્કા અનુભવી છે. તેઓ ઉંચી બેઠકે નહીં પણ અસલી રીવાજપ્રમાણે, ભોંય ઉપર શોભાયમાન જરીન ગાદી તકીએ બેસે છે. પોતાની ચંચળાઈ ખાતર એઓ આખ્ખાં કાઠીઆવાદના સરદારોમાં સૌથી સરસ ગણાયાછે.—તેઓ "ખાંચર કાઠી"ઓના વડા છે.

* જુવો, "ભાં-ગદા."

**પુરાતન** જસધણુ—શેહરને, મુળ-પાયે ઈ. સ. ૧૦૪૨ માં ગોરી વંશના **બાકરખાંને** વસાવી, 'ગોરી-ગઢ' નામ આપ્યું હતું. ('ગઢ' બોલ તે વખ્તે ત્યાં થયલી કીલ્લેબંધીનો એશારો જણાવેછે, કે જેવું હાલ ત્યાં કસુંએ નથી. કે જે લાંબા વખ્તના મારાથી ભાગી પડયો હોય, યા તો, જામ રાયસંગજીએ જસધણુ બાળી ફના કીધું, તે વખ્તે, તેના કોટનો પણ નાશ કીધો હોય.) ૧૫૪૩ માં **બાકરખાનના** વંશના હાથમાંથી, જામ **રાયસંગજીએ**, એ ગઢ જીતી લેઈ, ત્યાંની હાકમી, **જશા કુંભાર** પટેલને સોંપી હતી—ત્યારથી, તે તેના નામ ઉપરથી '**જસધણુ**' બોલાતું આવી, તેનું અસલી નામ બંધ પડયું. એ કુંભારે ના-ફરમાની કરવે, રાયસંગજીએ તેને હરાવી એ શેહેરને બાળી તારાજ કીધેલું કહેવાય છે. એ શેહેર પાછું વસ્યા પછે, 'કુદની' ના રજપુત રાજા ઝાલા ખેતસીને તાબે ગયું. તેના હાથમાંથી, **રાજકોટના ઠાકોરે** તે જીતી લીધું. તેણે, બળવંત થૈ પડેલા **લડાયક** કાઠીઓ સાથ મજબુત મીત્રાચારી રાખવા ૧૬૪૩ ને આસરે—**જસધણુ**, કાઠીઓને આપ્યું. ત્યારથી 'ખુમાન' કાઠીઓ ત્યાં સત્તા ભોગવવા લાગ્યા. તે વંશના **જસા** ખુમાણના હાથમાંથી વીકા ખાંચરે ૧૬૬૫ ની ૬ ઠી અક્ટોબરે **જસધણ** જીતી લેવે, તે, 'ખાંચર' કાઠીઓના હાથમાં આવ્યું, ત્યારથી તેનું વંશ ત્યાં રાજ્ય કરતું આવી, હાલ તેની ૮ મી પેઢીના **આલા ખાંચર** ગાદીએ બીરાજે છે.

**જસધણુ રાજ્ય**—૩ જા વર્ગનું અને કાઠીઆવાદ પ્રાંતમાં પુર્વ તરફ આવેલું છે. ત્યાંની ૨ મોહોટી નદીઓ, ચાલુ વેહેતી "ભાદર" અને સુકાઈ જતી "સુકભાદર" શેહેરથી ૬ ગાઉ છેટે આવેલા **મદાવા** ડુંગરને મથાળેથી, જુદે જુદે માર્ગે વહેછે. રાજ્યનું ક્ષેત્રફળ ૨૮૩ ચોરસ-માઈલ છે. તે, બે માહાલો 'જસધણુ' અને 'વીછીઆ'માં વેહેચાયું, તેમાં આવેલાં ૫૬ ગાંમોમાં ભાયાતી ૫ ઉમેરતાં સઘળાં ૬૧ ગાંમો થાય છે. ત્યાં વસ્તી, છેલ્લી ગણત્રી પ્રમાણે ૩૨,૭૯૬ ની છે, જેમાં મુખ્યકરી 'કોળી' અને 'કણબી' લોકો છે. તો, ઘરો ૮૦૦૦ છે. મીનનો જમોહોટો ભાગ કાળી, તો થોડો સફેત માટીવાળો પણ રસાળ છે. રૈયતનો મુખ્ય ઉદ્યમ જાર, બાજરો અને રૂ ની ખેતીનો છે, તે ઉપર રાજ્યની આવકનો મુખ્ય આધાર છે. બે મોહોટા જંગલો, 'ઉમટ' અને 'કનેસરા' છે. દરેક મોહોટા ગાંમમાં દરબારી ઉતારા છે.—ગોમા નદી ઉપરનો વીછીઆ માહાલ જસધણુ કરતાં કંઈ સરસ બન્યો છે. ત્યાં વેપારીઓની સારી સંખ્યા વસે છે, તેઓની સલામતી ખાતર મોહોટા ખરચે ત્યાં મજબુત કોટબંધી કીધી છે, નવી બજાર અને એક ગુજરાતી નીશાળ ખોલી છે, અને રૂ. ૧,૦૦,૦૦૦ ને ખરચે નવો સુશોભીત રાજ્ય-મેહેલ બનાવ્યો છે. હીંગુલગઢનો ઉચ્ચો ડુંગરી-કીલ્લો "ભોયરાંનો ગઢ" કરી ઓલખાયછે. તેને મથાળે નાધલી પણ નાદર ઇમારત બની, આસપાસનાં કંઈ માઈલોના વીસ્તારવાલાં ખુલ્લાં મૈદાંનોની વચ્ચે ખુબ શોભી રહી છે. ગઢમાં લાંબી મુદતના કેદીઓને રાખવા હવાવાળું કેદખાનું છે, તેની હેઠાંનમાં ન્હાનું 'પરૂં' વસ્યું છે, અને મુંબઇનાં "વ્યાહાડના તલાવ"ની ધોરણે ૧૫,૦૦૦ ચોરસ-વાર વીસ્તારનું અને ૩૦ ફીટ ઉંડું એક સરોવર બંધાવ્યું છે. દરબારી ખરચે ત્યાં ધર્મનું-દવાખાનું, શીતલાખાતું, ૪ મોહોટી નીસાળો, અને પોષ્ટ ઓફીસ ચાલે છે, અને ધર્મશાળાઓ ઉઘડી છે. ત્યાં બાંધકામના સફેત પથ્થરની ઘણીક ખાણો છે. બંદોબસ્ત રાખવા ૫૦ ઘોડસ્વારો, વત્રોગે પેદલ પોલીસ અને ૫૦૦ પસાયતા† છે.

† જુવો, "ઞૉ-ડસ."

**પાયતખ્ત જસધણ**—શેહેર, ઘણુંજ પુરાતન છે. તે ઉપર અમલ કરી ગયલાં 'ગોરી' વંશે તેને કિલ્લેબંધ કીધું, ત્યારે તે "ગોરી-ગઢ' નામથી ઓલખાયું હતું. તે, ત્યાંની હંમેશા દુજતી ભાદર નદીથી ઘણું કરી ઘેરાઈ, તેના ઉંચા કાંઠા ઉપર વસેલું છે. તેની આસપાસ નજદીકમાં 'પાંચ ટોબરા' અને 'ચીતલ્યા' ડુંગરીઓ છે. શેહેરને ફરતો કોટ નથી, પણ રાજ્ય-કુટુંબનાં રેહેઠાણની આસપાસ મજબુત દરબાર-ગઢ અથવા કોટ છે, શેહેરનો ઘેરાવો ૧॥ માઈલને આસરે છે, ત્યાં કશું જોવા કે જાણવા લાયક નથી. ૧૮૮૧ ની ગણત્રીપ્રમાણે વસ્તીની સંખ્યા ૩,૮૭૦ ની, તો ઘરો ૧,૦૦૦ થી કંઈ વધું છે. ત્યાં ટુંક મુદતના કેદીઓ રાખવા બંદીખાનું, નદીકાંઠે બાંધેલી નવી ધર્મશાળા, ન્હાનું ધર્મનું દવાખાનું, મોહોટી નીશાળ, અને એક મોહોટાં ઘડીઆળવાળો બુરજ છે. તો, ૧ મોહોટી ઓસ્પીટાલ, પેહેલા વર્ગના મુસાફરખાનાં વગેરે ઘણાંક જાહેર ઉપયોગી બાંધકામો અને દરબારી ઇમારતો ઉઠાવવાનો ઠરાવ થઈ ચુકયો છે. ત્યાં શેહેર સુધરાઈખાતું અને ન્યાયની ૩ અદાલતો વગેરે એક અપીલ અથવા હજુર કોર્ટ છે, જ્યાં દરબાર પોતે બીરાજે છે.

**"કાઠી" ઓની મુળ તવારીખ.**—કાઠી લોકોની મૂળ ઉત્પત્તી તવારીખને આધારે, 'પારથીઅન' ઓલાદથી ઉતરેલી લીચરાય છે. તો તેવીશે દંતકથા એમ છે કેઃ—દ્વાપાર યુગમાં થઈ ગયેલા **પાંડવો** એટલે પાંચ ભાઈઓ અને તેમની વિરૂદ્ધ પક્ષના **કૌરવ**, જેઓ સો ભાઈઓ હતા, તેઓ માંહેલા એક રાજા દુર્યોધનના મુખ્ય-પ્રધાન કરણે, રાજ્યની મોહોટી સેવા બજાવવા, મોજેજાથી પોતાની 'કાઠ' (કાષ્ટ) એટલે લાકડીમાંથી એક બળવંત પુરૂષ ઉત્પન્ન કીધો હતો,—તે 'કાઠ' કેહેવાયે, તેના વંશીઓ "કાઠી" બોલાયા. કાઠે સોંપેલું કાંમ પાર પાડવે, દુર્યોધને, તેને સીંધ અને કચ્છ વચ્ચેનો "પોવાર" તાલુકો બક્ષ્યો. ત્યાં, કાઠીલોકો, સુમરી રાજાના વખતસુધી રહ્યા પછે, તે હાકમ સાથ કાઠી ઉમરાવોને દુશ્મની થવે, તેઓએ ત્યાંથી ઈ. સ. ની ૧૫ મી સદીની અધવચમાં નાહાશી આવી, ત્યારે દીલ્લી તાબેનું સૌરાષ્ટ્ર* (જે પાછલથી "કાઠીઆવાદ" બોલાયું) તે "સોરઠની સરકાર" ના નામથી ઓલખાતું હતું. તેની ઉત્તરે આવેલા પંચાલ† માં, ભટકતી હાલતે આવી વસી, ૧૬ મી સદીની અધવચ સુધી લુટફાટથી પોતાનો ગુજારો કરતા રહ્યા,—ત્યારે તેટલોજ ભાગ તેઓના નામ ઉપરથી "કાઠીઆવાદ" "તરીકે ઓલખાયો હતો. જે પછે, મોગલ શાહાનશાતની પડતી દશા થવે, સોરઠ ઉપર મરાઠાઓએ વારંવાર ચઢાઈઓ કરી, આખા પ્રાંતમાં લુટફાટ અને ખુનરેજી મચાવવે, ત્યાં, "જેનું જોર તેની સત્તા" થઈ પડી કે, એ તકનો કાઠીઓએ લાભ લીધો અને તેમના સરદાર **વાલા ચાંમરડીએ**, 'તલાજા', 'ભાતરોડ' વગેરે મુલકનો મોહોટો ભાગ જીતી લઈ,—કાઠીઓએ પોતાની પેહેલી સત્તા સ્થાપી. હવેથી તેઓ જબરા બળવંત થઈ પડયા, અને જબરદસ્ત મરાઠાઓને પણ ઘણીકવાર હરાવી, ત્યાંથી મારી હાંકી કહાડયા હતા. એમ બળવંત થઈ પડેલા 'કાઠીઓ' ઉપરથી ઈ. સ. ની ૧૭ મી સદીમાં, મરાઠાઓ,—તે આખા દેશને કાઠીઆવાદ" નામથી ઓલખવા લાગ્યા, ત્યારથી એ નામ આજસુધી ચાલુ વપરાતું આવ્યું, અને મુળ–નામ "સૌરાષ્ટ્ર" હાલ ફકત ધર્મક્રિયામાંજ વપરાયછે. કાઠીઓની હાલ ૩ મુખ્ય જાતો "ખાંચર," "ખુમાણ" અને "વાળા" ની છે. 'ખાંચર-કાઠી' ઓ આજ વધારે ખીજેલી હાલતના, અને તેઓનું રાજ્ય આબાદ છે.

* "સારી અથવા સુર્યની ભુમી."

† ૪૫, અથવા "પંચાલીસ" ગામો આવવાથી 'પંચાલ' નામ પડયું.

**"કાઠી" જાતો.**—સુર્યવંશનો કરણ જે "વાલા રજપુત" જાતનો મુળ-સ્થાપનાર થૈ ગયો તેની ૩૪ મી પેઢીએ ઉતરેલો વેલાવલજી ઉર્ફે **વાલો**, પોતાથી ઉતરતી કાઠી જાતની અને 'પટધર' કુળના ઉમરાવની કુવરી સાથ પરણવે, તે, "વાલો રજપુત" તરીકે ઓલખાતો બંધ પડી, કાઠી જાતમાં વટલેલો ગણાઈ, તેઓનો વડો સરદાર બની "વાલા કાઠી" અથવા "વાલા ઠાકોર" તરીકે ઓલખાયો,—એમ ઉંચાં કુળનો રજપુત બાપ અને ઉતરતી જાતની કાઠી માથી ઉત્પન્ન થયેલી, 'ખુમાણ,' 'ખાંચર,' અને હોરશર વાલા,' ની નવી શાખા-ઓલાદો નીકલી, તેને, કાઠીલોકો "શાખાઅત" ના નવાં નાંમથી ઓલખી, પોતામાં સૌથી, ચઢતી ગણવા લાગ્યા. અને અસલ અથવા મુળ-કાઠીઓની જે ૮ જાતો હતી, તેઓ "અવૅતીઆ" નાંમથી જાણીતા થયા. તેઓમાં મુખ્ય કરી **આયર** અને **બાબરીઆ** લોકો છે. "શાખાએત" ના ૩ વંશો પાછલથી છુટાં પડી, ચોટીલા, મીથીઆતું, અને જેદપોરમાં જઈ જુદાં જુદાં વસ્યાં. તેઓમાંથી બનેલી જુદી જુદી ૪૦ જાતોએ પોતપોતાંની ઓલખનાં જુદાં જુદાં ઉપનામો રાખ્યાં. તો, "અવૅતીઆ" માંથી, જુદી જુદી બનેલી ૪૬ નાતો, તેટલાંજ ઉપનાંમોથી ઓલખાઈ. વાલાના ૩ પુત્રો માંહેલા **ખુમાણના** નાંમ ઉપરથી "ખુમાણ કાઠી" ઓલખ ચાલી, તે, બે પેઢી સુધી રહી કે, ત્રીજી પેઢીના **ખાંચરના** નામ ઉપરથી "ખાંચર કાઠી" ની ઓલખ ચાલુ થૈ આજ સુધી કાયમ રહી.—તે, **ખાંચર** વંશનો સ્થાપનાર થઈ ગયો. તેની ૧૩ મી પેઢીનો ઠેલા ખાંચરના બે માંહેલો નહાનો પુત્ર લખો ખાંચર, ઈ. સ. ૫૪૦ ને આશરે "લખાણી" તરીકે જાણીતો થઇ ગયો, તેના વંશીઓ "ખાંચર" ઓલાદ અને "લખાણી" જાતના ગણાયછે.

# His Highness Maharaja Shree Vibhaji,

# K. C. S. I.,

## JAM OF NAVANUGAR.

NAVANUGAR, otherwise called 'Jamnugar,' was founded by Jam Ravel, a descendant of Jadoji, the ancient head of the clan of Jádejá Rajputs. Jam Ravel made a successful invasion of Cutch, where, having put to death its chief Hamirji, he reigned for a period of sixteen years. Expelled thence by the son of the late chief, he left with an army of 4,000 men, making several conquests in the course of his march, and gradually extended the bounds of his territory. His *new* possessions he called, after the name of one of his ancestors, "Hallar," which is up to this day a great district of the province of Kathiawar. Navanugar was made the capital in A.D. 1542. On the death of Jam Ravel, the territory passed into the hands of his second son Vibháji, who was succeeded by Suntoji. Between the latter and the *Subah* of Junágud, then a part of the Mogul Empire, a quarrel arose which led eventually to a war, in which Suntoji's son was slain and he himself taken prisoner, and conveyed to Delhi,—while the Navanugar State was incorporated with the Empire. After a time, and through the favour of the Imperial Government, the territory of Navanugar was restored to Hujjáji, the successor of Jam Suntoji. The fourth in descent from him was Hujjáji II., a minor, in whose time the State became a prey to anarchy, owing to the intrigues and mal-administration of his kinsmen the *Bhyads.* Navanugar was also then threatened with an invasion by the *Subah* of Ahmadabad, and the Jam was obliged to seek shelter in the court of the Rao of Cutch, with whose aid he was able afterwards to restore tranquillity throughout his dominions, and to re-establish his authority on firm basis. The sixth in descent from Hujjáji was Runmulji, a wise and active ruler, who caused a canal to be made in his territory to provide a sufficient supply of water to the cultivators. Two castles were erected under his supervision, called 'Kothá' and 'Lákota.' He was succeeded by his son Jam Sir Vibháji, the subject of this memoir.

H. H. Jam Sir Vibháji is a Jádejá Rajput by caste, and a first-class Prince in the province of Zalawar in Kathiawar. The Jam born on the 8th of May 1827, took the reins of government into his own hands on the 22nd of February 1852. Since his accession to the *gadi* improvements have been made in every direction, and in every branch of administration. Hospitals and jails have been constructed, an English school and a liberary opened, a wharf for affording facilities to commerce has been built, a great irrigation work commenced and is in progress, roads have been improved, the Courts of Judicature have been newly organized, and the Municipal and public requirements of the district have been carefully attended to. These improvements have been continued in spite of the *not* very flourishing condition of the exchequer. Some imposts, which pressed heavily upon the people, have been abolished. The annual

State contributions to the cause of education amount to Rs. 11,138, the annual revenue being Rs. 22,33,000 or about Rs. 21,13,000 after deducting the tribute due to the British Government. The Jam is a very popular Prince and a warm friend to the English. On the 1st of January 1877 he was honoured with the title of "**Knight-Commander** of the **most** exalted **order** of the **Star** of **India**," and is now allowed the right to a personal salute of 15 guns instead of 11 as before and a guard of honour. He was also presented at Delhi with a banner *or Joondá* and a gold 'medal' by Her Imperial Majesty through the then Viceroy of India. The Jam had first nominated Prince Kaloobhá as the legitimate heir to the *gadi*, but for certain reasons, which are not known, that Prince was dis-inherited in A. D. 1877 and another Prince, 5 years old, was adopted as the heir-apparent in October 1884 by the consent of the Paramount Power.

*THE TERRITORY OF THE JAM*—covers an area of 3,791 square-miles and is divided into 7 *Mahals* or revenue sub-divisions, in 2 of which *marbles* of different descriptions are found. It contains 633 villages and the population is 300,000, as per the latest Census, chiefly composed of Hindus, and forms a great portion of Hallar, one of the 4 first-class States in Kathiawar. The principal hill ranges are those of the 'Barda,' the 'Alech' and the 'Dulasa.' There are, in all, 6 principal rivers. The products are *cotton, bajri, juwar, wheat* and other varieties of food *grains*. The State salt-pans yielded revenue until 1879, when, salt being regarded as a source of income by the Government of India, the State was forbidden to export it to the British territory. Its sea-ports, which are 23 in all, of which 'Jodia,' 'Bedi' and 'Sáláya' are the principal, contributed largely to the importance of its commerce, especially carried on with Bombay and Karachi and to the revenue of the State. On its western boundary pearl-oysters are to be found in the Gulf of Cutch and on the isles of Chákla, of the value of about Rs. 5,000 annually. Throughout the territory are 30 Gujrati schools, 27 for boys and 3 for girls. For the comfort of travellers there are 18 *dharamsallas* or Inns. 'Iron,' 'coal,' and 'copper' mines have been discovered in this territory. There are 23 criminal and 9 civil courts.

*THE CAPITAL TOWN NAVANUGAR*—is the fortified sea-port town, founded by Jam Ravel in A.D. 1540. It is about 3 square-miles in extent. Here are two buildings called 'Kothá' and 'Lákotá' formed like castles, which are worthy of notice for their beauty and grandeur, and from their advantageous situation they command a panoramic view of the whole town. In the town are a mint, a hospital, a State printing-press, educational establishments and several sacred edifices, which, being held in high veneration among the Hindus, are visited annually by large numbers of pilgrims and devotees from other parts of the Indian Empire. A great reservoir of the area of 600 acres, is in course of construction for irrigation purposes and a canal has also been dug from the river Rangmáty, three miles off from the town. The population as per Census of 1881 was 39,688. There is a wonderful well, known as *Panju-vav*, which supplies water to half the extensive town.

# મહારાજાધીરાજ સર વીભાજી, કે. સી. એસ. આઈ.,

## નવાનગરના જામ સાહેબ.

વેરાવળ નજીકનાં 'પાટણ' અથવા પ્રાચી પાટણમાં, ૫૦૦૦ કરતાં વધુ વર્ષો ઉપર જાદવ* લોકો જબરી આફત ખમી ઉખડી ગયા. તેઓમાંથી બચેલા ૪ જાદવોએ, સીંધમાં આવી આશ્રય લીધા પછે ત્યાંના રાજ્યકર્ત્તાઓ બન્યા. તેઓ માંહેલા "સમા" વંશના એક જાડોજી (જેની ઓલાદથી કચ્છના રાજ્યકર્તા "જાડેજા-રજપુતો" પણ ઉતરેલા છે.) તેની, પાંચમી પેઢીનો જામ† ગજંનજી, સિંધુ અથવા અટક નદી ઉપર આવેલાં નગર સમૈમાં રાજ્ય કરી ગયા પછે, તે ગાદી ઉપર જામ હાલો આવ્યો. પછે એક પાછલ એક આવી ગયલા જામો, રાયધણ, કુબેર, હરપોલ, હરપાલ, ઉનડ, તમાચી, હરભમ અને ૨ જો હરધોલ, હતા. એઓ પછે તખતે આવેલો જામ લાખો, જે જાડેજાનો પુત્ર હતો,—તેને ઈ. સ. ૧૪૭૪ ને આશરે સીંધથી બોલાવી કચ્છની ગાદી ઉપર બેસાડયો હતો.‡ તે પછે કચ્છની ગાદીએ તેનો પુત્ર રાયધણ (રતો) આવ્યો, તેના ૪ પુત્રો માંહેલો વડો ઓઠોજી ગાદીએ બેઠો, તો ૩ જા ગજંનજીને "બારા" ગામનો ગરાશ મળ્યો હતો, ઓઠોજીની ૧૨ મી પેઢીએ ઉતરેલો જામ રાવળ, નવાનગર શેહેર અને ત્યાંનાં રાજ્ય-વંશનો **મુળ-સ્થાપનાર** થઈ ગયો.

* એ વંશનો મુળ સ્થાપનાર "યદુ"ના વંશીઓ "યાદવ" ઉપરથી અપભ્રંશ થઈ 'જાદવ' બોલાય છે.

‡ જુવો—"કચ્છ."

જામ ઓઠોજી પાછલ, કચ્છની ગાદીએ તેના વંશના ૬ જામો આવી ગયા પછે, જામ હમીરજી આવ્યો, તેને ઉપલા જામ રાવળે દગાથી મારી નાખી, પોતે તેની ગાદીએ ચઢી બેશી, ૧૬ વર્ષો સત્તા ભોગવી કે, પછે જામ હમીરજીના પુત્ર રાવ ખેંગારજીએ તેની સાથ લડી, બાપીકું રાજ્ય પાછું જીતી લઈ, તેણે, એ જામને ઘણાક ગાંમો ગરાશમાં આપ્યાં હતાં.§—હવેથી કચ્છ છોડી, જામ રાવળ ૪૦૦૦ લશ્કર સાથ કુચ કરતો, કંતારીઆ વટાવી, આમરણની નજીક આવેલાં દઈશરૂમાં છાવણી કરી પડયા પછે, પેહેલે, જેઠવા લોકોના હાથમાંથી નાગનેશ બંદર દબાવી લેઈ, રફતે રફતે, પોતાની ફત્તેહો આગળ વધારતો જઈ, સત્તા અને અખત્યારમાં બોહોળો વધારો કરી મેલી, ઈ. સ. ૧૫૪૧ માં તે પ્રાંતને, પોતાનાં વડીલ ગંજનના પુત્ર હાલો ઉપરથી "હાલાર" નામ આપી, પોતાની—એ નવી સત્તાનું પાયતખ્ત **નવાનગર** શેહેરને, **નાગનેસ** બંદર વાળાં ગાંમની નજદીક, ૧૫૪૨ માં નવે પાયે વસાવ્યું, તે હાલ ચઢતી કળાનું આબાદ શેહેર બની રહ્યું છે. એ જામની હૈયાતીમાંજ તેનો વડો કુવર જીઆજી, એક કુવર મેલી સ્વર્ગવાસી થયો, એ કુવરની બાળવયે જામરાવળ પણ સ્વર્ગવાસી થવે, તેના બીજા પુત્ર જામ વીભોજીએ, એ ગાદી દબાવી લીધી હતી. તેનો કુવર જામ સંતાજી એ ગાદીએ આવ્યો તેણે, એક મોહોટી રકમ મળવાની કબુલાતથી, જુનાગઢના સુબા તતારખાં ગોરીને લશ્કરી મદદ કીધી હતી, જેનું કામ થવે કબુલેલી રકમ આપવા બદલે તેને જામના લશ્કરને ઠાર કરવા રચેલી યુકતી માલમ પડવે, તે લશ્કરે, જુનાગઢની છાવણી ઉપર છાપો મારી, પુષ્કળ લુટ સાથે ૫૨ હાથીઓ મેલવી, નવાનગર મોકલી દીધા હતા. ત્યાં, જે જગ્યા ઉપર તેઓને બાંધ્યા હતા, તે ત્યારથી હજુણ, "હાથીઆકોર" નામથી ઓલખાય છે. એ પછે તતારખાંએ આપેલી કબુલાત બદલે એ જામને ઘણાંક ગાંમો આપેલાં બોલાય છે. તે વખતે જુનાગઢ, દીલ્લીની સત્તાને તાબે હોવે, એ કીધેલી લુટનો કીનો લેવા ત્યાંથી, એક મોહોટી ફોજ નવાનગર ઉપર ચઢી આવવે, તેની સાંમે લડતાં, જામ સંતાજીનો બહાદુર કુવર અજોજી માર્યો જઈ, તેનો ગંમખાર પીતા કેદ પકડાઈ,—નવાનગર, દુશ્મનોને હાથ ગયું, ત્યારે દીલ્લીના તખ્તઉપર મેહેમુદશાહ હતો. તેની ઘણાંક વર્ષો ખીજમત બજાવી, સંતાજીના બીજા કુવર જસોજીએ, તેનીપાસેથી, બાપીકી ગાદી તેમજ ખેતાબ પાછો મેલવ્યો હતો. તેનો પુત્ર લાખોજી પછે તેનો કુવર જામ રણમલજી એ ગાદીએ બેઠો. છેલ્લો નીર-વંશ જવે, તેનો ભાઈ જામ રાયસીંગજી ગાદીએ આવ્યો. તેની ઉપર અમદાવાદના સુબાએ લશ્કર એચવે, તેની-સાંમે લડતાં એ બહાદુર જામ અને તેના ઘણાક ચુનંદા લાડાયેક બેશીઓ માર્યા ગયા હતા. તેની પાછલ, તેના બાળક કુવર તમાચીજીને ગાદી નશીન કરી, ભાયાતોએ, સઘલો રાજ્ય-કાર્ય પોતાને હાથ રાખી, શેહેરમાં, અંધેર ચલાવવા માંડયું કે, જ્યારે શેહેર બહાર છાવણી કરી પડેલું અમદાવાદના સુબાનું

§ જુવો—"કચ્છ."

† "જામ" ના મુળવીશે જુદા જુદા ખુલાસા એમ છે. (૧) "સમા" વંશના મુળ-વડીલ સામાના પુત્ર નૃપતે "ગીજની" ફતેહ કરવે, ત્યાં પ્રયોજ માનવંત ગણાતો "જામ" નો ખેતાબ તેને અપાયો હતો. (૨) નૃપતે, ગીજની જીતવા ફોજોની "જમાવત" કીધી, તેથી તે "જામ" કેહેવાયો, એમ કચ્છ, જામનગર, મોરબી વીગેરે રાજ્યોને લગતાં દફતરો જણાવેછે. (૩) સીંધનો શાહ સુમખાન, પારશી શાહાનશાહ જમશીદની ઓલાદનો વીચરાઈ, જમસેદ ઉપરથી તેણે "જામ" નો ખેતાબ લીધો હતો. (૪) બીજાઓ પાસેથી ખંડણી "જમા" લેવા ઉપરથી "જામ" મુળ નીકળ્યું છે.—"જામ" ખેતાબનો હક ગાદીએ બેસનારાઓજ ભોગવતા હતા, તો તેમના નાના (ફતાયા) ભાઈઓ "જાદવ" તરીકે કેહવાતા હતા.

લશ્કર ખરાબી કરી રહ્યું હતું. એ પીડાથી રૈયત ખુબ કંટાળી ગઈ હતી, વળી નાશેલા તમાચીજીનો જીવ વતીક જોખમમાં આવી પડવે, તેને કચ્છ દરબારને આશરે જઈ રહી, ત્યાંથી મદદ લેઇ, તમાચીજીએ દુશ્મનોને પાછા ફેરવી, નવાનગરમાં સઘળું સમાધાંન કરી પોતાની સત્તા મજબુત કીધી હતી. એ જામને, પ્રધરીના સરદાર કાકા ભાઈના છોકરાએ મારી નાખ્યો હતો. તેની પાછળ તેનો પુત્ર જામ લાખાજી ગાદીએ બેઠો. તે પછે તેનો પુત્ર જામ રાયસીંગજી, પછે તેનો બીજો પુત્ર તમાચી, તે, પાછળ ર જો જામ લાખાજી ગાદીએ આવ્યો, ત્યારે મેરૂ ખવાશ, તેનો ઘણો માનીતો થઈ પડી, રાજ્યકારોબારમાં મુખ્ય ભાગ લેઇ, જામ ઉપર તે વળી દબાણ રાખતો હતો. એ જામને કશું ફરજન નહી થવે, તેણે કરી લીધેલા બે દત્તકો પણ, એ ખવાશેજ પ્રસંન્ન કીધા હતા. તેઓમાંહેલો પેહેલો જામ જસોજી ગાદીએ આવ્યો. તેનો, દીવાન પણ મેરૂ ખવાશજ બન્યો હતો. તેને જામ ઉપર ભારી દબાણ રાખવે, જામે અતીશય કંટાળી, મ્હોટી મેહનતથી સત્તા પોતાના હાથમાં પાછી મેલવી લેઈ, તે ખવાશને "જોડીઆ બંદર", "બાલાભું" અને "આમરણ" બક્ષી, પીડા દુર કીધી હતી. જે સઘલું પાછલથી, જામ સાહેબની સત્તામાં પાછા જોડાઇ ગયાં અને ફક્ત આમરણની "જીવાઇ" જ, હાલ એ ખવાશના કુટુંબીઓને ખાવા મળી છે. જામ જસોજીને વારેશ ન થવે, તેણે, ૧ લા જામ તમાચીના વંશના સરદારોના જાગીરદારના કુવર જીઆજીને 'દત્તક' કરી લીધો હતો, તે જામ રણમલજીના નામથી ગાદીએ આવ્યો. તે ઘણો બાહોશ અને ચંચળ હતો. તેનાં વખતમાં, ધ્રુવાવ ગાંમ પાસે નદીને "બંદ" બંધાયો, અને નવાનગર શેહેરમાં "કોઠા" અને "લાખોટા" નામની બે નાદર, સુશોભીત, કીલ્લા જેવી મજબુત, ઉંચી ઇમારતો બની, હાલ પુર દમાંમથી ઉભીઓ છે. એ જામ પાછળ એમના કુવર તેઓ હાલના મહારાજાધીરાજ જામ શ્રી સર વીભાજી, કે. સી. એસ. આઈ. નવાનગરની ગાદીએ બીરાજે છે.

મહારાજાધીરાજ જામ સર વીભાજી, જાતે "જાડેજા રજપુત" અને ઝાલાવાડમાં પેહેલ્લા વર્ગના રાજા છે. એમને બાઈ શ્રી સોનીબાએ, નવાનગરમાં, ૧૮૨૭ ની ૮ મી મેએ જન્મ આપ્યો. એમના એકજ બેહેન બા સાહેબ બા છે, તેઓ જોધપુરના તખતસીંગ મહારાજા સાથે પરણ્યા હતાં અને હાલ વીધવા છે. એ જામ સાહેબ પક્કું ગુજરાતી અને થોડું ઇંગ્રેજી જાણેછે. એઓ ૨૨ મી ફેબ્રુવારી ૧૮૫૨ ને દીને ગાદીએ આવ્યા. એમના વખતમાં રાજ્યમાં વધુ સુધારા થયા, નવી ઓસ્પીતાલ, લાયબ્રેરી, કેદખાનું, ડક્કો, વોટર-વર્કસ, સડકો, શેહેરસુધરાઈખાતું, અનાજની બજાર, 'ખંભાલ્યા' માં ઈંગ્રેજી સ્કુલ, વીગરે નવાં બન્યાં. પોલીસ અને લશ્કરખાતું નવાં બંધણે રચાયું. નવી "બોડી-ગાર્ડ" ઉભી થઈ અને આખ્ખા સંસ્થાનમાં ઈનસાફની અદાલતો સ્થપાઈ. વોટર-વર્કસ ખાતર એક ગંજાવર ઈનજીન કામે લગાડી, અખુટપાણી વાળી "નોંધનવાવ" માંથી શેહેરમાં પાણી પુગાડવામાં આવેછે. 'બેડી' બંદર ઉપર મ્હોટા ખરચે પથ્થરનો એક ડક્કો બાંધ્યો છે. એ જામ સાહેબે રૈયતના ફાયદા અર્થે ઘણાક કરો કહાડી નાખ્યા છે, તો, ઘણાકોમાં ઘટાડો કીધો છે. જાહેર કેલવણીને ઉત્તેજન આપવા એઓ દરસાલ રૂ. ૧૧,૧૩૮ ની મદદ કરે છે. લાયક જામ સર વીભાજી પુષ્કળ ભોલા દીલના હોવાથી, એમના રાજ્યમાં ઉપરા સાપરી દીવાનો બદલાવે અને તરેહવાર ખટપટો થવે, તીજોરીની હાલત માઠી બની છે. એ, રૈયતને પોતાની પાસે આવી ફરીયાદ કરવાની છુટ આપનાર અને તેઓની ઉપર પુષ્કળ ચાહ રાખનાર જામ ઉપર, ત્યાંની રૈયત ખરાં જીગરથી ખુશી અને ફીદા છે. એ જામને, પોતાના ખરા મીત્ર ગણી, મહારાણી વીકટોરીઆએ "કયસરેહીંદ"નો એતાબ લેવાની ખુશાલીમાં, ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ, "નાઈટ-ગ્રાંડ કમાંડરના ૧ લા વર્ગના સ્ટાર ઓવ ઈંડીઆ" નો એતાબ આપી, એમને ત્યાર લગી લશ્કરી તુકડી સાથ ૧૧ તોપોનાં મલતાં માનમાં વધારો કરી ૧૫ તોપોનું કીધું હતું. અને એ ટાંકણે, દીલ્લીમાં ભરાયલી શાહાનશાહી ઈંગ્રેજી દરબારમાં એ જામ સાહેબને એક સુશોભીત, "ઝુનંડો" અને સોનાંનો "ચાંદ" ભેટ આપ્યો હતો. એમના રાજ્યની દરસાલની સરાસરી આવક રૂ. ૨૨,૩૩,૦૦૦ ની ગણાય છે. એઓ, ઈંગ્રેજ સરકારને બધી મલી રૂ. ૧,૨૦,૦૯૯ ની સામટી 'ખંડણી' ભરેછે. એ જામ સાહેબની ૮ રજપુત રાણીઓ વીગરે ૫ મુસલમાન રાણીઓ છે, તેઓમાંહેલી એક ધનબાઈના પુત્ર ભીમસીંગજી ઉર્ફે કાલુભાને પેહેલ્લે ગાદીવારેશ ઠેડવ્યો હતો, તેને પાછળથી રાજ્ય દ્વારી સબબે ઈ. સ. ૧૮૭૭ માં, રદ કીધો—તેનું ખરૂં કારણ આજ તુલીક અંધારાંમાં રહ્યું છે. તેની પાછલ ઠેડવેલો એક ભાયાતના પુત્ર રતંનસીંગજીને પણ રદ કરી, હાલ મુસલમાન રાણી જાન બાઇને

પેટે જન્મેલા ૪ વર્ષના છોકરાને ઈંગ્રેજ સરકારની મંજુરીઅતથી ૧૮૮૪ ના અકટોબરમાં—નક્કી ગાદી-વારેશ ઠેડવ્યો છે. એ જામ સાહેબ, હાલ ૫૮ વર્ષની ઉમ્મરના, કદાવર બાંધાના અને તંનદુરસ્ત છે. એઓ ખરેજ ભોલા, શખી અને દયાળુ દીલના, મીલનસાર અને જલદી હલી જનારા સ્વભાવના, વગર ડોલદમાંમના અને પોતાની રૈયતથી અંતઃકરણથી ચહવાયલા જામ સાહેબ છે.

**નવાનગર રાજ્ય**—હાલાર પ્રાંતના મોહોટા ભાગથી બની, કાઠીઆવાદની ઉત્તર-પશ્ચિમે અને કચ્છના અખાતની દક્ષિણે ૨ ગાઉને તફાવતે આવેલું, પેહેલ્લા વર્ગનું છે. તેનો વીસ્તાર ૩,૭૯૧ ચોરસ માઈલિનો છે, જેનો મોહોટો ભાગ સપાટ છે. દરીઆ કીનારા તરફની જમીન ' કાળી ' માતીવાળી અને રસાળ છે, તો બીજા ભાગોમાં ' લાલ ' માટી છે અને પૂર્વ અને દક્ષિણ ભાગ 'પાહાડી' છે. મુખ્ય ઉત્પત્તી ઘઉં, ચણા, બાજરી, જુવાર અને રૂ ની થાય છે. ત્યાં ૬ મોહોટી વીગરે ઘણીક નાની નદીઓ અને પુષ્કળ ઝરા છે. બધાં મલી નાધલાં મોહોટાં ૨૩ બંદરો માંહેલાં 'જોડીઆ', 'સલાયા', અને 'બેડી', એઓ કચ્છના અખાત ઉપર આવવે, મોહોટી આયપતવાલાં ગણાયાં, તેઓમાં—'જોડીઆ' પેહેલ્લું છે. ત્યાંનો મુખ્ય વેપાર મુંબઈ અને કરાંચી સાથ ચાલે છે. દરસાલ કચ્છના અખાત અને ચાકલાના ટાપુઓ તરફથી રૂ. ૫,૦૦૦ ની કીમતની "મોતીની સીપો" કહાડવામાં આવે છે. એ રાજ્ય પેહેલ્લે ૨૪ માહાલોમાં વેંહેંચાયું હતું, તેને હાલની ગોઠવણ પ્રમાણે ૭ માહાલોમાં વેંહેંચ્યું છે, તેમાં એકંદર ૬૩૩ ગામો છે, તો ભાયાતોને હસ્તક બીજાં ૨૪ ગાંમો છે. ત્યાંની, મુખ્ય 'ટેકરીઓ'ની હાર બરડા, અલેચ અને દાલાશા છે. ઈ. સ. ૧૮૭૨ ની ગણત્રી પ્રમાણે ત્યાં ઘરો ૧૦૦,૧૦૦, અને ૨,૯૦,૮૪૭ માણસોની વસ્તી છે, જેનો મુખ્ય ભાગ હીંદુઓથી બનેલો છે. ત્યાંનાં હોરા અને વાણીઆઓ મુખ્યકરી રોજગાર અરથે ઘણા ખરા પ્રદેશમાં વસે છે. ત્યાં દરબારી, ૨૭ ગુજરાતી નીશાળો, ૩ કન્યાશાળા, અને શીતલા ખાતું છે. પેહેલ્લા વર્ગના ૬ મુશાફરખાંનાં વીગેરે ૨૫ ધર્મશાળાઓ છે. ૨૩ ફોજદારી અને ૯ દીવાની અદાલતો છે. શપરા અને સુમરી ટેકરીઓમાંથી કીમતી સફેત પથ્થરાની ખાણો નીકલી છે, તો બીજા મહાલોમાં કીમતી સંગેમરમરની ખાણો છે અને બરડાની ટેકરીઓમાંથી લોઢાં, કોલસા અને ત્રાંબાની ખાણો મલવાની આશા રખાય છે.

**પાયતખ્ત નવાનગર**—એ બંદરવાલાં અને કીલ્લેબંધ શેહેરને ઈ. સ. ૧૫૪૦ માં જામ રાવળે સ્થાપ્યું. એ શેહેર, ટુક વખત દીલ્લી શાહાનશાતને તાબે રહી "**ઈસલામાબાદ**" નામથી ઓલખાયું હતું. શેહેરનો વીસ્તાર ઘેરાવામાં ફરતો ૩ માઈલિનો છે. ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે, ત્યાં ઘરોની સંખ્યા ૯,૮૧૬ ની તો વસ્તી ૩૯,૬૮૮ માણસોની છે. રૈયત ઘણું કરી નમ્ર અને થંડા સ્વભાવની છે, તેનો મુખ્ય ઉદ્યમ વેપારનો છે. રાજ્યની આવકનો મુખ્ય આધાર વેપાર અને ખેતીની આવક ઉપર છે. શેહેરથી ૩ ગાઉ છેટે આવેલી રંગમતી નદીને "બંદ " બાંધી, કનાલ મારફતે શેહેરમાં પાણી લાવવા ઉપરાંત, ખેતીની જગ્યાઓને પણ તેનું પાણી મલવે પાક પુષ્કળ ઉતરે છે. ત્યાંની જોવા લાયક, "લાખોટા" અને "કોઠા" નામની જાણીતી બે મેહેલો જેવી, તો કામ પડવે 'કીલ્લા' તરીકે કામ આવનારી, મોહોટી તોપો ચઢાવેલી ઈમારતોને મથાળેથી, આખ્ખાં શેહેરનો દેખાવ અછી રીતે નજરે પડે છે. ત્યાં, ઘણાંક સુંદર દેરાંઓ છે. તેઓમાં શ્રાવકોનું મુખ્ય દેરૂં હોવે, દરસાલ ત્યાં દુરદેશના વાણીઆ મોહોટી સંખ્યામાં યાત્રે આવે છે, તેમજ "ખીજરા મંદીર ' નું દેરૂં હોવે, ખીજરી પંથના આખા હીંદુસ્થાનમાં વસતા લોકો પણ આવે છે. ત્યાં વાંહાંણોની સલામતી ખાતર "રોજી માતા" નાં બારાંમાં દીવાદાંડી બાંધી છે.—સલાયાના કાંઠા ઉપરથી દરસાલ "મોતી"ની સીપો કાહાડવામાં આવે છે. દરબારી છાપખાનામાંથી દર પખવાડીએ "દરબારી ગેઝેટ" નીકલે છે, તો ટંકશાળમાંથી 'જામશાહી-સીક્કા' પડેછે. મોહોટા ખરચે 'બેડી' બંદર ઉપર પથ્થરનો મજબુત ડક્કો બંધાયો છે. ત્યાં એક જેલ અને ૮ ધર્મના-દવાખાંનાંઓ છે. દરબારી ખરચે, એક દવાખાનું, એક ઓસ્પીટલ, ૩ ગુજરાતી નીશાળો ૧ ઈંગ્રેજી સ્કુલ, ૧ કન્યાશાળા, ૧ ફારશી મકતબ અને ૧ સંસ્કૃત પાઠશાળા ચાલે છે. રાજા અને રૈયતને નળ મારફતે પાણી પુરૂં પાડવા વરાળયંત્રથી ચાલતું એક ગંજાવર 'વોટર-વર્કસ' છે. જેને "પુજાવાવ" નામથી ઓલખાતો અજબ અને અખુટ આવકવાળો કુવો, બારેમાસ જબરૂં પાણી પુરૂં પાડે છે. ખેડુતોને પાણી પુરૂં પાડવા હાલ ત્યાં ૬૦૦ એકરના વીસ્તારની ગંજાવર 'ટાંકી' બંધાય છે. ત્યાં બધી મલી ન્યાયની ૬ અદાલતો છે. ૨૫૦ કવાયતવાલું પેદલ લશ્કર, ૩૦૦ પોલીસ અને ૧૦૦ સ્વારો, વીગરે, જામ સાહેબના ૫૦ ખાસ બોડી-ગાર્ડો છે, હથીઆરખાનું મોહોટું છે. ત્યાંનું રેશમી કાપડ, જરતું ભરત કામ, સુનેરી રૂપેરી કસબ અને કસબી કપડા, સુગંધી તેલો અને કુંકુ, મુખ્ય કરી ઘણું વખણાય છે. તો ઝવેરાતનું જડત અથવા પંચીનું, તેમજ બાંધણીનું કામ, પણ ઘણુંજ સરસ બને છે.


# His Highness Maharaja Sir Mansingji, K. C. S. I.,

## RAJ SAHIB OF DHRANGADRA.

THE earliest ancestors of Sir Mansingji held sovereign right over the *whole* of the province of 'Zhalawar,' but continued dissensions among collateral branches of the family led to territorial changes, until at length the province became—divided into many small independent States, among which were LIMREE, WADHWAN, VAKANAR, WITHALGHUD, SAILÁ, MOOLY, CHUDA, BUJANA, LAKTAR, KASARIA, VANOD, PATREE, JIJOOVARA, DUSSÁDA, VIRAMGAUM, &c. The independent Chiefs of these States, even to this day, accord a large measure of respect to the Raj Sahib of Dhrangadra, whom they continue to regard as the representative of the great Rajput family with which they are all connected.

Hurpal Devji, a renowned warrior, was the **Founder** of the family of Sir Mansingji. Tradition relates that in return for the eminent services rendered by him to the State of Pátan, the ruler of that State endowed him with the sovereignty over 1,800 villages, (which afterwards became the great chiefship of Zhalawar), the principal town of which originally was 'Patdi.' From Patdi the seat of government was transferred to 'Coova,' by Jetsingji, the twenty-first in descent from Hurpal. Subsequently, in A.D. 1502, the head-quarters were removed to 'Hulvad.' In a later reign the—principality of Zhalawar was invaded and conquered by the *Subah* of Ahmadabad; but after a period of ten years, it was retaken by its rightful sovereign Mansingji, who in person attacked the *Subah* at night, in his camp, but spared the life of his enemy on the promise that the whole of the territory should be restored to him. Mansingji likewise obtained from the *Subah* the title of "*Maharaja*" for his prowess and skill in war. The next occupant of the *gadi* was Rajsingji, equally distinguished as an administrator and a military leader. The sixth successor after him was Rajoji, in whose time was constructed the present "fort" of Dhrangadra. Gujsihji, the next ruler,—was the last Prince whose government was extended over the whole of Zhalawar, for it was after his death that the province became *divided*, as already mentioned. The town of 'Hulvad' was then made the CAPITAL of the Raj. The fourth in descent from Gujsihji was Sir Runmulsingji, the father of the present Chief; he was a scholar, well versed in several Indian dialects, and the author of some valuable works. A wise and beneficent ruler, loyally attached to the Paramount Power,—he was honoured with the title of "the Order of the Knight-Commander of the Star of India" by the British Government in December 1866. The present administration of justice in the State is founded upon the code of laws enacted during his rule. He had four sons, of whom the eldest, Raj Sahib Mansingji, the subject of this memoir, now occupies the *gadi*.

H. H. Sir Mansingji, a Rájput Prince of the 'Zhalla' dynasty, was born on the 11th of January 1837. Two of his three brothers hold high offices in the State; Hurrisingji, the elder, being the Dewan, or the head of the civil government, while Pertábsingji is the Sénapati, or the head of the army. Sir Mansingji is the *foremost* of the Chiefs of Zhálawar. Though his knowledge of



મહારાજા સર શ્રી માનસંઘજી. કે. સી. એસ. આઇ. ધ્રાંગધરાના રાજ સાહેબ.

H. H. SIR MÁHANSINGJEE, K.C.S.I. — RAJ SAHIB OF DRANGDRÁ.

Vincent Brooks Day & Son Lith London W.C.

English is slight, he has a fair knowledge of Sanskrit, Oordoo, Persian and Gujarati. Succeeding to the *gadi* in A. D. 1869 at the ripe age of 33, he has paid great attention to the requirements of the time, and has provided his State with dispensaries for the poor, English and Vernacular schools for boys and girls, and a public library and *dharamsala* in the capital town. A splendid Clock-tower has been erected, and the magnificent Hospital, in course of erection, will bear the name of the Prince of Wales, in commemoration of his Royal Highness's travels through the Indian Empire. He has contributed a sum of Rs. 15,000 for the erection of a large and splendid *dharamsala* or Inn in the Rajkot camp for travellers. As a reward for his fidelity to the British Government, the title of " the Knight-Commander of the most exalted Order of the Star of India " was conferred upon the Raj Sahib, at the Imperial Delhi Assemblage, on the 1st of January 1877, when Her Majesty the Queen assumed the title of Empress of India; and while his Highness was previously entitled to a salute of 11 guns and a guard of honour, he now enjoys the right to a personal salute of 15 guns. His Highness has endeared himself to his subjects by a kind and merciful rule. Inheriting from his father a taste for learning, he has given evidence of it in the works which he has compiled in the Hindoostani and Oordoo languages. His son Jusuntsingji, a well educated youth of amiable disposition, died at the youthful age of 25, in 1879, having a son of about 10 years, who is the heir-apparent to the *gadi*.

*THE STATE OF DHRANGADRA*—is one of the 4 chief States in Kathiawar and is the *principal* district of Zhalawar. The aspect of the country is for the most part flat. There are a civil, a criminal and an appeal courts. For the purposes of administration the State is divided into 4 *Mahals* or sub-divisions, and contains 129 villages, covering an area of 1,156 square-miles and a population of 99,700 men as per Census of 1881. There are several local Post lines in the State. The principal towns of the State are 'Dhrangadra,' 'Hulvad' and 'Sitha.' Hulvad is noted for stone hand-mill factories and also for sandstone quarries. The chief staple productions of the soil are *bajri*, *juwar*, *muth*, wheat, and cotton, of which the annual yield is 72,500 maunds. In the 'Cooda' village, there are State salt-pans, yielding the annual average of 500,000 maunds which, until 1877, yielded an enormous revenue, when, salt being regarded as a source of income by the Government of India, the State was forbidden to export it into British territory. The annual income of the State is Rs. 5,00,000, out of which Rs. 44,679 are paid as a tribute to the British Government. The State is noted for the quarries of sandstone used throughout the province and Gujarat for building purposes.

*THE CAPITAL TOWN*—is strongly fortified and stands on the banks of the river 'Foolkoo.' The population as per Census of 1881 was of 12,304 persons. There is a handsome clock-tower, built of masonry work; a magnificent hospital and a large lake are now under construction. The town is noted for its stone quarries of variegated colours.

# મહારાજા સર મહાનસીંગજી, કે. સી. એસ. આઈ.,

## ધ્રાંગદ્રાના રાજ સાહેબ.

એ રાજ સાહેબના મુળ-વડીલ હરપાળ દેવજી નામાંકીત લડવૈયા અને જાતે મકવાન* રજપુત હતા—તેમના પીતા તે કીરતીના રાજા કેશર મકવાનો ઊપર, હીંદુસ્તાનના પાદશાહ અમીર સુમરાયે સ્વારી કરવે, તેની સામે બહાદુરીથી લડતાં, કેશર પોતાનાં ૯ પુત્રો માંહેલા ૮ સાથ માર્યો જવે,—બચેલા હરપાળે, બાપીકું રાજ્ય દુશ્મનોને હાથ ગયલું જોઈ, પોતાના મામા સોલંકી રાજા, કરણ વાઘેલાનાં 'પાટણ' અથવા અણહીલવાડ પાટણ રાજ્યમાં, ઈ. સ. ની ૯ મી સદીની અધવચમાં આવી આશરો લીધો હતો. બહાદુર હરપાળને, એ રાજ્યની મોહોટી સેવા બજાવવાના બદલામાં ૧૮૦૦ ગાંમો ઇનામમાં મળેલાં† દંત-કથા જણાવેછે. હરપાળની એ સત્તાનું—પાછળથી "ઝાલાવાડ"‡ નામ પડયું. પોતાની રાજધાનીનું નામ તેણે 'પાટડી' આપ્યું હતું. હરપાળના ૩ પુત્રો માંહેલા સોધાજી, પાટડીની ગાદીએ આવ્યો. તેની પાછલ એક પછે એક તેનાં પાધરાં વંશથી ઊતરેલા, દુરજંન સાલજી, જાલકદેવજી, અરજંનસીંગજી. દેવરાજજી, વીજેપાળજી, સાંધાજી, સુરજમલજી, વીજેપાલજી, મુનધપાલજી, પદંમસીંગજી, ઊદેસીંગજી, વેગડજી, ગાદીએ આવીગયા. છેલ્લાએ, હલવડની નજીક "વેગડવાવ" નામનું મોહોટું ગાંમ વસાવ્યું. તેના ૫ કુંવરો માંહેલા રામસીંગજી એ તખ્તે આવી, ધ્રાંગદ્રાની નજીક "રામપુરા" ગાંમ વસાવ્યું હતું. તેના ૬ પુત્રો માંહેલો વીરસીંગજી તખ્તે આવીગયા પછે, તેના ૬ પુત્રો માંહેલો રણમલજી ગાદીએ આવ્યો. એણે ઈ. સ. ૧૩૧૫ માં "બારમલ કોટડા" ઊપર ચઢાઈ કીધી, ત્યાં લડતાં માર્યો ગયો. એના ૩ કુંવરો માંહેલા ગાદીએ આવેલા સત્રસાલજીએ "સલતાંનપુર" ગામ વસાવ્યું હતું. એના ૧૩ કુંવરો માંહેલા ગાદીએ ચઢેલા જેતસીંગજીએ ઈ. સ. ૧૩૬૯ માં પાટડીથી રાજ્યધાની બદલી, ધ્રાંગદ્રેથી ૮ માઇલને છેટે આવેલાં 'કુવા' ગાંમમાં કીધી હતી. એના ૬ કુંવરો માંહેલો વંનવીરજી, તેના ૬ પુત્રો માંહેલો ભીમસીંગજી, તેનો એક પુરો કુંવર વાગજી, એઓ એક પાછલ એક ગાદીએ આવીયા. વાઘજીએ અમદાવાદના સુબાના બે હુમલા મારી હઠાવ્યા પછે, ૧૪૪૨ માં ૩ જા હુમલા વખતે—મરદાંનગીથી લડી જબરો જખમી થઇ, પડયો હતો. એના ૧૨ પુત્રો માંહેલો રાજો ધરજી તખ્તે બેઠો, તેણે ૧૪૪૫ માં કુવેથી રાજ્યધાની બદલી 'હલવદ' માં કીધી હતી. તેના ત્રણ કુવરો માંહેલો રાણાજી, હળવદની ગાદીએ બેઠો, તેના ત્રણ પુત્રો માંહેલો મહાનસીંગજી તખ્તે આવ્યો, તેની ઉપર અમદાવાદના સુબા મહમદશાહે ચઢાઈ કરી—ઝાલાવાડ જીતી લેવે, તેણે ૧૦ વર્ષોસુધી, ભુજ રાજ્યને આશરે રહી, હુમલા કરવાના ચાલુ રાખી, તક મલતાં એક રાતે, દુશ્મનની છાવણીમાં ઘુસી, તેના સુવાના તંબુમાં દાખલ થઈ, ખેંચેલી કટાર સાથ કીનો લેવા મહમદશાહના માથાં આગળ જઈ ઉભો. ત્યારે સુબાએ કશો ઇલાજ ન જોવે, મહાનસીંગને માન પુરવક રીતે—ઝાલાવાડ પાછો આપવાની પતીજ ભરી કબુલાત આપી, પોતાનો જીવ બચાવ્યો. એ કબુલાત ઇમાંનદારીથી બજાવ્યા ઉપરાંત, તેણે, મહાનસીંગજીને "મહારાજા" નો વંશપરંપરા એતાબ બક્ષ્યો હતો. એના ત્રણ કુવરો માંહેલો રાયસીંગજી તખ્તે બેઠો, તે ઘણોજ બળવંત, દેશાભીમાની, દયાળુ અને પરોપકારી મહારાજા હતો. તેની ભારી મરદાનગીની પુષ્કળ વાતો બોલાયછે. તેણે, ઝાલાવાડમાં "રાયસંગપોર" ગામ વસાવ્યું હતું. તેના ત્રણ કુવરો માંહેલો ચંદ્રસીંગજી ગાદીએ બેઠો. તેના ત્રણ કુવરો માંહેલો બીજો કુવર અમરસીંગજી, ગાદીએ આવ્યો,—(સબબ કે, વડો કુવર પૃથીરાજજી, બાપની હયાતીમાં તેની સાથ ટંટો કરી, છુટ્ટો પડી, નવી રાજ્યસત્તા સ્થાપી,—વઢવાણને પોતાની રાજ્યધાની બનાવી હતી. તો ત્રીજા કુવર—અભેરાજજીને વારશામાં લખતર મલવે, તેણે ત્યાં પીતાની આપઅખ્તયાર સત્તા મજબુત કીધી હતી). અમરસીંગજી પાછળ તેનો બેટો મેઘરાજજી તખ્તે બેઠો, તેનો એક પુરો પુત્ર ગજંનજી શાશને ચઢયો, એના ત્રણ પુત્રો માંહેલો જશવંતસીંગજી ગાદીએ આવ્યો, તેની ઉપર અમદાવાદના સુબાએ સ્વારી કરી—વળી ઝાલાવાડ લેઈ લેવે, તેણે ગુજરાતના 'વારાઇ' પ્રગણામાં જઈ, ૯ વર્ષો સુધી રહી, મોહોટી ફોજ જમાવી, લડી, દુશ્મનના હાથમાંથી—ઝાલાવાડ પાછું જીતી

* એ શબ્દ, સંસ્કૃત 'મખ' એટલે "યજ્ઞ" ઊપરથી નીકલવા વીશે, દંત-કથા એમ છે કે-મુચકુન્દ, જે, લોકોને ભારી પીડા કરતો હતો, તેનો નાશ કરાવવા, મારકન્ડ ઋષીએ યજ્ઞમાંથી, કુંડમાહાલને ઊત્પન્ન કીધો હતો. તેના વંશીઓ "મખ" અપભ્રંશ થઈ 'મક' કહેવાયા. તેઓ, પાછળથી "મકવાન" બોલાય છે.

† બીજી તરફ, એ વખત ઈ. સ. ૭૮૧-૮૨ નો જણાવ્યો છે.

‡ "ઝાલા" શબ્દનું મુળ, દંત-કથાને આધારે, રાજા હરપાળજીનાં, ૪ ફરજંદોને, એક મસ્ત હાથીના પગતલે કચડાઈ જતાં બચાવી, ઊચકી, "ઝાલી" લીધાં હતાં, તેઓ, પાછલથી રાજા બનવે, "ઝાલા" બોલાઈ, તેઓનું વંશ, એ નામથી ઓલખાતું આવી, તેઓનો પ્રાંત "ઝાલાવાડ" કહેવાયો.

લીધું હતું. એના ૪ કુવરો માંહેલા પ્રતાપસીંહજીની પાછળ, તેના ત્રણ કુવરો માંહેલા રાયસીંહજી તખ્તે ચઢ્યો, તેણે ધ્રાંગદ્રાનો "કીલ્લો" બંધાવ્યો જે હાલ ઉભેલો છે. એના વખતથી,—ભાયાતોના ગુજારા ખાતર વધું ગાંમો ન આપતાં ફક્ત ૧ કજ ગામ આપવાનો ઠેરાવ થયો, જેમ આજ તુલીક ચાલુ છે. એના ૬ કુવરો માંહેલો ગજસીંહજી ગાદીએ બેઠો,—તેના વખત સુધી આખ્ખું ઝાલાવાડ એકજ સત્તા તળે રહ્યું હતું જે પછે, તેના તુકડા થઈ, જુદી જુદી આપ અખ્તયાર સત્તામાં વેંહેંચાઈ ગયું, કે જેમ હાલ છે. ગજસીંગજીના ૭ પુત્રો માંહેલો, જસવંતસીંહજી તખ્તે બેઠો, તેણે રાજ્યનું આગલું કરજ ફેડી, સામો તીજોરીમાં વધારો કરી, હળવદથી રાજ્યધાનીનું મથક બદલી "ધ્રાંગદ્રે" ફેરવ્યું હતું. તે, ઈ. સ. ૧૮૦૦ માં સ્વર્ગવાસી થયો. તેના ૫ પુત્રો માંહેલો રાયસીંગજી ગાદીએ બેઠો તે ૧૮૦૪ માં સ્વર્ગવાસી થયો. તેના ત્રણ પુત્રો માંહેલો અમરસીંગજી તખ્તે ચઢયો તે ૧૮૪૨ માં સ્વર્ગવાસી થયો. તેના બે કુવરો માંહેલા તખ્તે આવેલા રણમલસીંગજી એક અચ્છા વીદ્વાન અને સંકૃત, ફારસી, અને વૃજ ભાષા જાણતા હતા. છેલ્લી ભાષામાં તેઓ-એ થોડાંક કવીતાના પુસ્તકો પણ રચ્યાં હતાં. એમના ભલા ગુણો અને પોતાની સાથની મજબુત દોસ્તી ખાતર, ઈંગ્રેજ સરકારે, એમને પેહેલા વર્ગનો "નાઈટ-કમાંનડર ઓવ ધી સ્ટાર ઓવ ઈંડીઆ" નો ખેતાબ ૧૮૬૬ ની ૧૭ મી દીસેમ્બરે આપ્યો, તે વીરોની દબદબા ભરી ક્રીયા વઢવાણમાં થઇ હતી. એઓએ ૪ નવાં ગામો, રણમલપુર, ગાંઠીલું, રાજપુર અને ગઢડું વસાવ્યાં હતાં. ધ્રાંગદ્રા રાજ્યમાં—પેહલવેહેલી દીવાની તેમજ ફોજદારી અદાલતો અને દીવાની, ફોજદારી કાયદા, એમનાજ વખતમાં બન્યાં હતાં. એમના ૪ પુત્રો માંહેલા આ હકીકતને લગતા મહારાજા સર મહાનસીંગજી હાલ ધ્રાંગદ્રાની ગાદીએ બીરાજે છે.

મહારાજા સર મહાનસીંગજી "ઝાલા" રજપુત છે. એમને, બા સાહેબ શ્રી રાજબાએ, ધ્રાંગદ્રામાં ૧૮૩૭ની ૨૯ મી જાનેવારીએ જન્મ આપ્યો, એમના ૩ ભાઈઓ, હરીસીંગજી, પ્રતાપસીંગજી અને રઘુનાથસીંગજી, માંહેલા પેહેલા 'દીવાન" નો, તો બીજા "સૈન્યાધીપતી" નો હોદ્ધો ભોગવે છે. સર મહાનસીંગજી ૧ લા વર્ગના મહારાજા છે, અને-આખ્ખા ઝાલાવાડના તાલુકદારો તેમને, પોતાના વડીલ તરીકે ગણી મોહોટું માન આપે છે. એઓ એક અચ્છા વીદ્વાન છે અને ગુજરાતી, ફારસી, ઉરદુ, સંસ્કૃત ભાષાઓનું સંપૂર્ણ જ્ઞાન ધરાવવા ઉપરાંત થોડુંક ઈંગ્રેજી પણ જાણેછે. એઓ, ૩૩ વર્ષની વયે, ૧૮૬૯ માં રજ્ય-ગાદીએ આવ્યા, તેટલો વખત વિદ્યાઅભ્યાસમાં રોકયો હતો. રાજ્યની લગાંમ હાથ લેતાં, પેહેલે, ખેતીનો વધારો અને ખેડુતોની હાલત સુધારવાના ઉપાયો લેઈ, તેમને ગેરફાયદો કરનારો, રાજ્યની ખેતીની જમીનનો લેવાતો દર, જે અનાજની ઉત્પત્તીમાંથી "ભાગવતાઈ" નામે લેવાતો હતો, તે રદ કરી, "વીગોતી" અથવા ખાતાબંદીથી, એટલે દરસાલ દર વીંઘે ચોકસ રકમથી લેવાનું ઠેડવ્યું. એ કેલવાયલા રાજ સાહેબ તદ્દન સુધરેલી વલણ અને વીચારના છે. એઓએ, રાજકોટની કેંપમાં બંધાયલી મોહોટી ધર્મશાળાને, રૂ. ૧૫,૦૦૦ ની મદદ કીધી છે. પોતાનાં પાયતખ્ત ધ્રાંગદ્રા શેહેરમાં દરબારી ખરચે, એક પુસ્તકખાનું, દવાખાનું, ગુજરાતી નીશાળો, ઈંગ્રેજી સ્કુલ અને કન્યાશાળા ખોલ્યાં છે, મુસાફરો ખાતર ધર્મશાળાઓ અને મુસાફરી બંગલા બનાવ્યા છે, રૂ. ૭૫,૦૦૦ને ખરચે 'ફાલકુ' નદી ઉપર પથ્થરનો મોહોટો 'ફરગ્યુસન' પુલ બંધાવ્યો છે, તો એક મોહોટી ઓસ્પીટલ આપના હીંદુસ્તાનમાં આવી ગયલા ગાદી-વારેશ શાહજાદાની યાદગારીમાં બાંધવાનું કામ શરૂ થઈ ચુકયું છે, તેને "પ્રીન્સ ઓફ વેલ્સ ઓસ્પીટલ" નાંમ આપવામાં આવશે. દેશના કલ્યાણ અર્થે અને વેપારના વધારા ખાતર એઓએ નવી સડકો બંધાવી છે, શેહેર સુધરાઈખાતું મજબુત બનાવ્યું છે, દીવાની, ફોજદારી, અને ભાયાતી કોરટો સ્થાપી તેઓ ઉપર અપીલ અથવા હજુર કોરટ ઠેરવી છે, અને આખ્ખા સંસ્થાનમાં શીતળા કાહાડવાનું ખાતું ઉઘાડયું છે. એમની તરફથી ખાનગી નીશાળોને દરસાલ રૂ. ૧૭૦૦ ની મદદ થાય છે. એ રાજ સાહેબ, ઈંગ્રેજ સરકારના મજબુત મીત્ર હોવે, એમને, મહારાણી વીકટોરીઆએ, "કયસરે હીંદ" નો ખેતાબ લેવાની ખુશાલીમાં, ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ દીલ્લીમાં ભરાયલી મોહોટી દરબારમાં, હીંદના વાઈસરોય મારફતે "નાઈટ-કમાનડર ઓવ ધી સ્ટાર ઓવ ઈંડીઆ" નો માનવંત ખેતાબ આપ્યો. અને એ વખત અગાઉ, એમને દેશી લશ્કરી તુકડી સાથ ૧૧ તોપોનું માન મળતું હતું તે વધારી ૧૫ તોપોનું કીધું હતું. એ રાજસાહેબ, ઈંગ્રેજ સરકારને, "દુભાગ પેશકશ" ના રૂ. ૪૦,૬૭૧ અને જુનાગઢની "જોરતલબી" ના રૂ. ૪૦૦૬

મળી સાંમટી રૂ. ૪૪,૬૭૭ ની દરસાલ ખંડણી ભરેછે. એમનાં રાજ્યની વાર્ષીક આવક રૂ. ૫,૦૦,૦૦૦ થી કંઈ વધું છે. એઓએ, ૪ ગામો 'હરીપુર,' 'મેરૂપુર,' 'માનપુર,' અને 'મંગળપુર' વસાવ્યાં છે.—એમના ભલા રાજ્યકારભારથી રૈયત ખુશી અને સુખી છે. એ વિદ્વાન રાજ સાહેબે, હીંદુસ્થાની ભાષામાં "રસકવિતાસંગ્રહ" "જ્ઞાનસાર" અને ઉરદુમાં "દીવાન શમશુખુબા," વીગરે પુસ્તકો રચ્યાંછે. એઓ ૪૯ વર્ષની વયના, સ્વભાવે મીલનસાર, મીજાજે નરમ, વાતચીતે ચાલાક અને દેખાવે દબદબાવાળા છે. એમની ૫ રાણીઓ માંહેલી ૪ હૈયાત છે. જેઓ માંહેલી મોહોટી વાઘેલી વહુએ ગાદી-વારેશ જસવંતસીંહજીનો જન્મ આપ્યો હતો, તેઓ ૨૫ વર્ષની ખીલતી વયે એક નાધલો કુવર મેલી, ઈ. સ. ૧૮૭૯ માં સ્વર્ગવાસી થયા, એ નાધલો કુવર ગાદી-વારેશ નેમાયો છે. એ રાજ સાહેબના ૨૫ 'ભાયાતો'* છે જેમને હસ્તક કોઈને વધું તો કોઇને ઓછાં મળી, એકંદર ૩૯ ગામો છે.

*'ભાયાદ' અથવા ભાયાત નો અર્થ "ભાઈપણુ" થાય છે, તેઓ રાજાના અલગ એશીઓ છે. જેમને ગુજરાન સારૂ વધુ ઓછા ગામો વંશપરંપરા બક્ષેસમાં મળેછે. પણ નીરવંશ ભાયાદનાં ગામો પાછાં રાજ્યને હસ્તક થાય છે.

**અસલી ઝાલાવાડ**—આખું હાલના સર મહાનસીંગજીના વડીલોના-એકલા અમલતલે રહી, છેક ગજસીંગજીના વખત સુધી તેમ ચાલ્યા પછે, કુસંપથી એ પ્રાંતની ઉતરતી દશા થઇ, રજપુત કુટુંબોમાં માહોમાહે ભારી દુશ્મની ચાલી, મોહોટી ઉથલપાથલો થઇ, લડાઇઓ મચી, અને—પરીણામ એ આવ્યું કે ઝાલાવાડ પ્રાંત એક હાથ અને સત્તાતલે ન રેહેતાં, તેના ભાગ પડી જઇ, ઘણાંક આપઅખત્યાર થઈ પડેલા સરદારોના તાબામાં તે વેંહેંચાઈ ગયો. તેઓ, લીમડી, વઢવાણ, વાંકાનેર, વીઠલગઢ, સાહેલા, મુલી, ચુડા, બજાણું, લખતર, કેશરીઆ, વનોદ, પાત્રી, ઝીંઝુવાડા, દશાડા, વીરંગામ અને માડલ, વીગરે છે. એ સઘલાંઓમાં—ધ્રાંગધ્રાનું રાજ્ય વડું ગણાય છે અને ત્યાંના મહારાજાને, તેઓ આજ પણ પોતાના વડીલ તરીકે ગણી, મોહોટું માન આપે છે.

**ધ્રાંગધ્રા રાજ્ય**—કાઠીઆવાદ પ્રાતનાં ૪ પેહેલા વર્ગનાં રાજ્યો માહેલું એક અને 'ઝાલાવાડમાં' મુખ્ય છે. તેનો વીસ્તાર, "રણનો" ભાગ બાદ કરતાં ૧૧૫૬ ચોરસ-માઈલનો, જેમાં એકંદર ૧૨૯ ગામો આવેલાંછે. જમીનનો મોહોટા ભાગ સપાટ છે. વસ્તી ૧૮૮૧ ની છેલ્લી ગણત્રી પ્રમાણે ૯૯,૭૦૦ માણસોની તો ઘરોની સંખ્યા આસરે ૧૬,૦૦૦ ની છે. રાજ્યના ૪ માહાલો, 'હલવડ,' 'શીથા,' 'મેઠાણુ' અને 'ઉમરડા' છે. દરેક માહાલમાં, એકેકી દીવાની અને ફોજદારી અદાલત છે. ત્યાનાં "કુડા" ગાંમનાં મીઠાંનાં-અગરો દરસાલ ૫,૦૦,૦૦૦ મણને આશરે મીઠું પકવેછે, તેની આવક ઈ. સ. ૧૮૭૭ સુધી સારી ઉપજી, જે પછે, ઇંગ્રેજ સરકારે મીઠાંને પોતાની હદમાં આવતું બંધ કરવાથી, અને વળી ઇંગ્રેજી રાજ્યના મોઘા ભાવ પ્રમાણે, ત્યાં ભાવ રાખવાની ફરજ પાડવાથી, તેની આવકમાં ત્યારથી ઘણો ઘટાડો થયો છે. એ રાજ્યના મુખ્ય શેહેરો 'ધ્રાંગધ્રા,' 'શીથા' અને 'હલવદ' છે. છેલ્લું હાથે દલવાની પથ્થરની ઘંટીઓ બનાવવા, તેમજ બાંધકાંમની કરેલની ખાંણો ખાતર વખણાયલું છે, જ્યાં એક સુશોભીત દરબારી મેહેલ છે. હીંયાની તરેહવાર રંગની 'કરોનો' આખ્ખાં કાઠીઆવાદ તેમજ ગુજરાતમાં સારો ખપ થાય છે. મુખ્ય ઉત્પત્તી બાજરી, જુવાર, ઘંઉ, મગ, મઠ, ચણા અને રૂની થાય છે. રૂ દરસાલ ૭૨,૫૦૦ મણને આશરે પાકેછે. ત્યાંનાં 'બળદો' ઘણા સરસ ગણાય છે, તો વળી ઝાલાવાડના 'ઘોડા' પુષ્કળ ખડતળ અને વળી સોંઘા છે. રાજ્યના ખરચે ચાલતી ૧૪ નીશાળો અને કન્યાશાળા છે. તો ત્યાં બંદોબસ્ત રાખવા ૬૫૦ હથીઆરવાળી પોલીસ, ૯૦ સ્વારોનો એક રસાલો, વગેરે પુષ્કળ ખીન કવાયતવાળા સ્વારો છે.

**પાયતખ્ત ધ્રાંગધ્રા**—શેહેર, ઝાલાવાડની ઉત્તરે "કુલકુ" નદીના કરાડા ઉપર મજબુત કીલ્લેબંધ થઈ વસેલું છે. ત્યાંની વસ્તી ૧૮૮૧ ની ગણત્રીપ્રમાણે ૧૨,૩૦૪ ની, તો ઘરોની સંખ્યા ૩,૦૦૦ ને આસરે છે. ત્યાનાં જાણીતાં 'રણમલસર' અને 'જોગસર' મોહોટા તલાવોની આસપાસ નાદર બગીચા ખીલી રહ્યા છે. તો હાલ ત્યાં એક મોહોટું નવું તલાવ બંધાવાનું કામ સુરૂ થયું છે, અને "પ્રીન્સ ઓવ વેલ્સ ઓસ્પીટલ" નો પાયો નખાઈ ચુકયો છે. ત્યાંની "કુલકુ" નદી ઉપર રૂ. ૭૫,૦૦૦ ને ખરચે પથ્થરનો 'ફરગ્યુસન' પુલ બંધાઇ ૧૮૮૫ ની અકટોબરમાં ઉઘડયો છે. ત્યાં કંઈ દીલખુશ બાગો બની રહ્યા છે. ત્યાંની સરસ પથ્થરાની મોહોટી ખાંણો, આખ્ખાં ગુજરાતમાં વખણાઇ છે, જેમાંથી તરેહવાર આકારના વાસણો બને છે, તો તે પથ્થર વળી અતી નાજુક કોતરકામને લાયકનો અને બંન બેશતો છે.



સ્વર્ગવાસી

શ્રીમંત નવાબ સાહેબ મીર કમાલુદીન હુશેનખાંન બાહાદુર વડોદરાના નવાબ સાહેબ.

THE LATE

H. H. MIR KAMALOODIN HOOSAINKHAN BAHADOOR, — NAWAB OF BARODA

H. H. the late Nawab Kamaludin Khan was born on 12th November 1852 in Baroda. He belonged to the 'Suni' sect among Mahomedans. During his minority his uncle had usurped the rights of his father's command as well as property. Kamaludin regained them, through British agency, when he arrived at the age of majority. In January 1876 he was appointed by the British *Sur-Subá* or Commander of the Baroda Contingent of 3,000 troops, over whom he also owned civil and criminal jurisdiction. He got from Baroda Rs. 36,000 per annum, including his salary and allowances for palanquin, elephant, &c., and another sum of Rs. 1,00,000 as allowance as Nawab. He owned 30 villages, besides extensive landed property in the several cities of Gujárát. He had been made—independent of the jurisdiction of the Baroda Court in pursuance of the oral promise originally made to his ancestor Nurudin. A document bearing date in October 1830 makes this promise distinct to one of his predecessors Mir Aminudin, who appears to have been illegally constrained by the Gáekvad of his time:—"The verbal promise, the British have passed for the protection of the "Nawab's family, will be strictly observed. The present conduct of the Gáekvad towards "the Nawab compels the Government to take him under their protection." Kamaludin was even exempted from personal appearance in the British Court, and for his faithful services to the British in the critical time when Malhar Rao Gáekvad was dethroned, he had been rewarded with a 'medal.' He built and opened a public *Dharamsala* or Inn in Baroda where food is supplied to the indigent poor.

The Nawáb died at Baroda on 12th March 1885. His brother Nurudin, succeeded to the post of *Sur-Subá*. The late Nawab was of an affable and generous disposition, kind and liberal-hearted, and of unassuming and engaging manners. He had been married to a lady of distinction, by whom had *no* male issue but 2 daughters.

# મરહુમ

## શ્રીમંત નવાબ સાહેબ મીર કમાલુદીન હુસેનખાન બહાદુર,

### બરોડાના.

એમના વડીલો, અલીના પુત્ર હુસેનની ઓલાદથી ઉતરવે, "હુસેની-સૈયદ" તરીકે ઓલખાતા આવ્યાછે, તો વલી એજ સબબથી એ વંશના પુરૂષોના નામ પાછળ "હુસેનખાન" શબ્દ જોડાઈ વપરાતો આવેછે. એમના વડીલો ઈ. સ. ૧,૫૦૦ ને આસરે અરબસ્થાનમાં વસ્યા. જ્યાંથી હેરાતમાં આવી ત્યાં ૩ જી પેઢી સુધી રહી, ઈ. સ. ૧૬૦૦ ની અધવચ્ચે કે આખેરીએ તેઓમાંથી—પેહલવેહેલ્લો હીંદુસ્થાન તરફ દીલ્લીમાં આવી વસનાર પુરૂષ સૈયદ અબદુલ્લા હતો. તેની ૩ જી પેઢીના **મીર મહમદ અમીરે**, દીલ્લીમાં મોહોટી લશ્કરી સરદારી ભોગવી, કીમતી સેવા બજાવી, તે શાહાનશાત તરફથી ૧૭૫૧ માં 'રથક' પ્રગણા માહેલું 'કુરનાવતી' ગામ ઈનામમાં મેળવ્યું—તેની પુરાણી સનદ હાલ સ્વર્ગવાસી થયલા **નવાબ** સાહેબ પાસ હતી. **મીર મહમદના** બેટા **મહમદ** હલીમખાનનો પુત્ર મીર નુરૂદીન હુસેનખાન—મરહુમ નવાબનાં કુટુંબનો મુળ-પુરૂષ થઈગયો, તેને દીલ્લી દરબારથી "નવાબ બહાદુર" નો એતાબ મળ્યો હતો, તે, ૧૭૮૦ ને આશરે મક્કે જતાં સુરત તરફ આવ્યો કે, ત્યાંનો ઇંગ્રેજી એજન્ટ જે, એની રાજ્યદ્વારી ચાલાકી અને અનુભવ વીષે જાણીતો હતો, તેણે, એને ઇંગ્રેજ સરકારની નોકરીમાં રેહેવા સમજાવી, સરકારને તેને વીશે ભલામણ કરી તેને રાખવાથી ઘણો ફાયદો થવા લખાણ કીધું કે, વડી-સરકારે તે તુરત ઉચકી લેઈ, બાહાલ રાખી, નુરૂદીનને મુંબઈ ઇલાકાના દેશી રાજ્યો સાથ ઉઠેલી ભાંજગડોનો સમજુતીથી નીવેડો લાવવા નેમાયલા ઇંગ્રેજ હોદ્દેદારના હાથ હેઠળ નેમ્યા હતા. સોંપેલાં કામો ખાતરીપુર્વક રીતે બજાવતા જે—નુરૂદીન, ઇંગ્રેજ સરકારનો વિશ્વાસ અને ચાહ દીન ઉપર દીન વધુ અને વધુ મેલવતા ગયા હતા. ૧૭૮૯ માં મુંબઈ સરકારે, તેમને ઇંગ્રેજી પોલીટીકલ-એજન્ટ સાથ એક 'દેશી એજન્ટ' તરીકે નેમી, ત્યારની જબરાં જોર અને સત્તાવાળી પુણાની પેશવાઇ દરબારમાં રાજ્યદ્વારી ઉઠેલા મોહોટા વાંધાનો નીવેડો લાવવા મોકલ્યા કે, તે કામ એવી તો હોશીઆરી અને ડાહાપણથી બજાવ્યું કે જેથી ઇંગ્રેજસરકારની ધારેલી નેમ પુરેપુરી જલવાઈ, સામ્બો મોહોટો લાભ થયો હતો. જેથી એ સરકારે અતીશય ખુશી થઈ—"નુરૂદીનના ખાંનદાનનું હમેશાં રક્ષણ કરવાની વિશ્વાસુ કબુલાત આપી હતી". કે જે તેને આજ તુલીક પાળી છે. ત્યારની પેશવાઈ સરકારનાં ભારી જોર અને સત્તાની સામે, ઇંગ્રેજી સત્તાનું સમતોલપણું મજબુત ટકાવી રાખવા, નુરૂદીને ભારી કળા અને બાહોશી વાપરી, હૈદ્રાબાદ, **નાગપોર**, સચીન, બરોડા, વગેરે રાજ્યોમાં પોતાની સરકારનો પગપેસારો કરાવી, મીત્રાચારીનો ગાંઠ મજબુત બંધાવ્યો હતો. અને **નીઝામ**, સીંધીઆ, હોલકર, વગેરે બળવંત રાજ્યો સાથ એ સરકારને ઉઠેલા મોહોટા વાંધા સફાઇથી પતાવી, તેઓની સાથ પણ લાભકારક બંદોબસ્ત કરાવ્યા હતા.—એ ભાગ્યશાલી નર, ઇંગ્રેજ સરકારનો તેમજ હીંદુસ્થાન માંહેલાં ઘણુંકરી સઘલાં પેહેલ્લા વર્ગના રાજ્યોમાં પણ ઘણોજ જાણીતો અને માનીતો બન્યો હતો. સચીન અને પેશવાઈ સરકારો વચ્ચેના વાંધાની પટાવત, સચીનના નવાબને ૧૭ ગામો અપાવી કરવે, તે **નવાબે**, નુરૂદીનને, સુરતની પાસે આવેલું 'પુના' ગામ કુળ હકુમત સાથ વંશ-પરંપરા ઈનામમાં બક્ષ્યું, તે હાલ સ્વર્ગવાસી થયલા નવાબના હસ્તકમાં હતું. ગોવીંદરાવ ગાયકવાડના બે ભાઇઓએ પેશવાની કુમકથી બલવો કરી, ગોવીંદરાવને ગાદી ઉપરથી હાંકી મેલ્યો, ત્યારે નુરૂદીને વચ્ચે પડી, ગાયકવાડ અને પેશવાવચ્ચે સલાહ કરાવી, છેલ્લાને પાછો ગાદીએ બેસાડયો હતો. તેણે, નુરૂદીનની એ મેહેનતના બદલામાં સુરત નજીકનાં મોહોટી ઉપજના 'હળદુર, અને 'પરબ' ગામો બક્ષ્યાં હતાં. ઇંગ્રેજ સરકારે, નુરૂદીનની અતી નીમકહલાલીથી બજાવેલી લાંબી મુદતની કીમતી સેવાની

યાદ જાળવી રાખવા, તેમની મોહોટાં કદની—એક 'ઓઈલ પેંટીંગ છબી' ચીત્રાવી બરોડા રેસીડંનસી-હોલમાં મેલી, કે જે હજુણ ત્યાં છે. નુરદીન ૭ પુત્રો મેલી સ્વર્ગવાસી થયા. તેઓ બધા, પોતાના બાપના પ્રતાપી કામોની મુરવત અને ઇંગ્રેજ સરકારની મેહેરબાની અને ભલાંમણથી જુદાં જુદાં મોહોટાં રાજ્યોમાં જોખમ ભર્યાં હોદ્ધા ભોગવી વખણાઈ ગયા, તેઓ માંહેલા ૪ થા તે આ હકીકતને લગતા નવાબ સાહેબ કમાલુદીન દાદા અથવા બપાવાને, નાગપોરમાં લશ્કરી મોહોટી સરદારી મળ્યા પછે, ઉપલા ગાયકવાડ ગોવીંદરાવના મોહોટા લશ્કરી સરદાર તે એમનાં ભાઈ નશીરદીન કે જેણે બહાદુરી ખાતર "સુલતાન નવાજ જંગ બહાદુર" નો એતાબ મેળવ્યો હતો, તે અમદાવાદની "શેલુકરની લડાઈ"માં માર્યો જવે, તેની ખાલી પડેલી મોહોટી સરદારીનો હોદ્ધો, ગાયકવાડે કમાલુદીનને નાગપોરથી બોલાવી, આપી, વલી તેને ઇનામમાં ૩ ગામો "વેશી," "શન્યા," અને 'કરોડરા' બક્ષ્યાં હતાં. ૧૮૦૨ માં એ ગાયકવાડની સીબંધી ફોજે* અને તેના વડા ભાઈઓએ બલવો ઉઠાવવાની નીશાન બતાવતાંજ,—કમાલુદીનખાને ચાંપતા ઉપાયો લે અને ત્યારની "કંપની સરકાર"ની લશ્કરી મદદથી, એ બંડખોર ભાઈઓએ દબાવી લીધેલું "કદી" પ્રગણું લડી પાછું મેળવ્યું હતું. એ લડાઈમાં "તેને દુશ્મનો ઉપર બે દેહેશત ધશી જઈ બતાવેલી ભારે મરદાનગી" ઇંગ્રેજોએ ૧૮૦૨ ની ૮ મી જુને ગાયકવાડ ઉપર કીધેલાં લખાણમાં તેમજ વળી તેને ૧૮૦૮ ની ૧૪ મી માર્ચે આપેલાં શાબાસીપત્રમાં વખાંણી હતી. ૧૮૧૨ માં ગાયકવાડે, એમને, નવાનગર ઉપર ધશી જવા પુર અખત્યાર સરદારી આપી મોકલ્યા હતા.—તેઓ ગાયકવાડના સૈન્યાધીપતી તેમજ મુખ્ય-સલ્લાહકાર પણ હતા. ઘણું કરીને ઇંગ્રેજ સરકાર સાથના સઘલાં કામોમાં કમાલુદીનખાનની ખાસ સલ્લાહ પુછાતી હતી. એઓ, માળવા તરફ ખંડણી વસુલ કરવા જતાં, રતલાંમમાં ૧૮૨૦ માં સ્વર્ગવાસી થયા. તેમને ગાયકવાડ સરકાર તરફથી કીમતી નોકરી બજાવવાના બદલામાં "કપડવંજ" અને "ભાલેજ" પ્રગણા ઇનાંમમાં મળ્યાં, તે, ઇંગ્રેજ સરકારે એમની પાસેથી માગી લેઈ, તેઓ બદલે "શાવલી" નું મોહોટું પ્રગણું આપ્યું, તે બરોડાથી ૧૨ કોશ તફાવતે છે. એઓએ, 'કંપની સરકાર' સાથ પોતાની સરકારની મીત્રાચારી મજબુત ટકાવી રાખવાના બદલામાં, એ સરકારે, એમને સુરતની નજદીકનું "આભુવા" ગામ વંશાપરંપરા બક્ષ્યું, જે મરહુમ નવાબને હસ્તક હતું. કમાલુદીનખાનના ૩ બેટા માંહેલા વડા, મીર અમીનુદીન હુસેનખાને, બાપના હોદ્ધો ઉપર આવી, તે ૧૮ વર્ષો ભોગવી સ્વર્ગવાસી થવે, તે મોહોટો હોદ્ધો તેના બીજા ભાઈ અને હાલ સ્વર્ગવાસી થયલા નવાબના બાપ હીસામુદીન હુસેનખાનને મળ્યો હતો. તેઓએ, ગાયકવાડ સરકારની ઘણી કીમતી સેવા નીમકહલાલીથી બજાવી, ઇંગ્રેજ સરકાર સાથ મીત્રાચારી રાખી, અને પોતાના વડીલોને મળેલી જાગીરીઓની માલેકી પક્કા બંદોબસ્તથી પોતાને સ્વાધીન લીધી હતી. તેઓ ૧૮૫૪ માં ૪ પુત્રો મેલી સ્વર્ગવાસી થયા. તેઓ માંહેલા વડા તે આ હકીકતને લગતા મરહુમ શ્રીમંત નવાબ સાહેબ કમાલુદીન હતા.

**મરહુમ નવાબ સાહેબ મીર કમાલુદીન** બહાદુર, મુસલમીન કોમનાં 'સુન્ની' પંથના હતા. તેમને બીબી **મેહેરજાં બેગમ ઉર્ફે મજલી બેગમે**, બરોડામાં ૧૨ મી નવેમ્બર ૧૮૫૨ ને દીને જન્મ આપ્યો. તેઓ ફારશી, ઉરદુ, સંપુર્ણ અને ઈંગ્રેજી, ગુજરાતીનું સેહેજ જ્ઞાન ધરાવતા હતા. તેમની દોહોંડ વર્ષની વયે તેમના પીતા સ્વર્ગવાસી થવે, તેની જાગીરી અને સરદારીનો હક તેમના કાકા **મીર હુશેનુદીનખાને** દબાવી લેવે, ઇંગ્રેજ સરકારે વચ્ચે પડી તે સઘળું એ નવાબને અપાવ્યું હતું. જેનો પુરઅખત્યાર વહીવટ એ નવાબે ૧૮ વર્ષની વયે પુગી હસ્તક લીધો હતો; ત્યાં તુલીક તેમનાં માજી એ તેમના વાળી તરીકે ઘણી હોશીઆરીથી તે ચલાવ્યો હતો. ઈંગ્રેજ સરકારે, ગાયકવાડના ખરચથી તેના ખંડીઆ મુલકોનો બંદોબસ્ત રાખવા ૩,૦૦૦ સ્વારોની "કોનટીનજંટ" ફોજ રાખીછે. તેના મુખ્ય અથવા 'કોનટીનજંટ સર-સુબ્બા' ની સરદારી એ નવાબને ૧૮૭૬ ના જાનેવારીમાં મળી હતી. એમના ૨ નાયબ-સુબ્બાઓ, માંહેલો ૧ 'શાદરા' માં ૧,૦૦૦ સ્વારો સાથ તો બીજો 'માણેકવાડા'માં ૯૦૦ સ્વારો સાથ રહેતા, તો નવાબનું મુખ્ય મથક 'ડીશા'માં હતું, ત્યાં એમની સરદારી હેઠળ બાકીના ૧,૧૦૦ સ્વારો હતા. તેઓમાંથી ૩૧૪ 'રેવાકાંઠા'માં અને ૧૦૦ બરોડા 'રેસીડંન્સી'માં રખાતા હતા, જેમ હાલ પણ છે. નવાબ ઘણુંકરી પોતે બરોડામાંજ રેહેતા હોવે, 'ડીશા'માં તેઓએ એક વહીવટદાર રાખ્યો હતો. એ લશ્કરની દીવાની તેમજ ફોજદારી ફરીઆદો તેઓ પોતેજ સાંભળી, ગાયકવાડી લશ્કરી

* કાંમ પડે મડવા, ભાડે રાખેલું આરબ લશકર.

કાયદા પ્રમાણે ફેસલો કરતા હતા. એ હોધ્ધાનાં, તેમજ હાથી, ઘોડા, પાલખી, વગેરે રાખવાનાં વરશાંન ખાતર તેમને, ગાયકવાડ સરકાર તરફથી સામટા રૂ. ૩૬,૦૦૦ મળતા હતા. તેમાંથી દીવાની, ફોજદારી હોધ્ધેદારોના પગારો એ નવાબ આપતા હતા. એમની માલેકીનાં ૩૦ ગામોમાં ૭ સુરતની નજદીક, ૨૦ શાવળી પ્રગણામાં અને ૩ 'દુમાલા' એટલે સત્તા ન વાપરતાં ફકત મેહેસુલજ વસુલ કરવાનો હક ધરાવનારાં, વગેરે 'ખેડા', 'અમદાવાદ', 'સુરત,' અને 'બરોડા' માં પુસ્કળ વજીફા હતા.—બરોડાના એઓ આપઅખત્યાર નવાબ હતા કે જ્યાંની સરકારની સત્તાથી ઈંગ્રેજ સરકારે એમને તદન મોકલા બનાવ્યા હતા. એ સ્વતંત્રતા પેહેલવેહેલી એમના વડીલ નવાબ મીર અમીનુદીન હુસેનખાને મેળવેલી લાગેછે, કે જેમને લગતો મુંબઈ સરકારનો ૨૬ મી અકટોબર ૧૮૩૦ નો એક સત્તાવાર દસ્તાવેજ જણાવેછે કેઃ—"નવાબનું સંપુર્ણ રક્ષણકરવા, ઈંગ્રેજ સરકારે જે "મોહોડેનો કોલ આપેલોછે, તે કદીપણ તોડવામાં આવશેજ નહી. અને ગાયકવાડ સરકારની એ નવાબ તરફની "હાલની વર્ત્તણુકથી, ઇંગ્રેજ સરકાર, એ નવાબને પોતાના ખાશ આશરા હેઠળ લેવાને અગત્યનું વીચારેછે". બરોડા શેહેરમાં મરહુમ નવાબની બોહોળી સ્થાવર મીલકત છે. ત્યાં એઓએ બંધાવેલાં મુસાફરખાનામાં આશરો લેનારને એઓ મુફત ખાંનું આપતા હતા. નવાબીના હક તરીકે એમને દરસાલ ગાયકવાડ સરકાર તરફથી રૂ. ૧,૦૦,૦૦૦ મલતા હતા, તો, 'કોનટીનન્જંટ સર-સુબ્બા'નું સાલીયાણું મળતું હતું તે જુદું. કમનશીબ મલ્હારરાવ ગાયકવાડને બરોડાની ગાદી ઉપરથી ખસેડતી વખતે, એ નવાબે,—ઈંગ્રેજ સરકારની સારી સેવા બજાવી તેમજ ત્યાંની તે વખતે ઉસ્કેરાયલી રૈયતને થંડી રાખવા સરસ સમજ વાપરી, બંદોબસ્ત ખાતર ડાહાપણભર્યાં ઉપાયો લીધા હતા. એમને પોતાનાં ગામો, વજીફા, વીગરેની વાર્ષિક આવક રૂ. ૧,૭૦,૦૦૦ ને આશરે થતી હતી. ગાયકવાડ સરકાર તરફથી—એમને લશ્કરી માન મલતું હતું, તો ઈંગ્રેજ સરકારે પોતાની દીવાની તેમજ ફોજદારી કોર્ટોમાં તેમને જાતે હાજર ન થવાનો 'હક' ૧૮૭૯ ની ૨૯ મી મે નાં "ગવરમેંટ ગેઝેટ"માં જાહેર કીધો હતો. એમની મક્કમ વફાદારી ખાતર, ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ દીલ્લીમાં ભરાયલી ઈંગ્રેજી દરબારમાં હીંદના વાઈસરોય લોર્ડ લીટને મહારાણી તરફથી એક રૂપાનો 'ચાંદ' ભેટ આપ્યો હતો. હાથી, ઘોડા, વગેરે એમના ખાનગી ૧૫૦ સ્વારો હતા. એ નવાબ સાહેબ ૧૮૮૫ ની ૧૨ મી મારચે બરોડામાં સ્વર્ગવાસી થયા તેમનો "સર-સુબ્બા"નો હોધ્ધો તેમના ભાઈ નુરૂદીનખાનને મળ્યો છે.

મરહુમ નવાબ બરોડા રાજ્યના આપઅખત્યાર નવાબ, પેહેલા વર્ગના સરદાર, અને મોહોટી સત્તા અને મીલકતના માલેક હતા. તેઓ કદે કદાવર, દેખાવે લડવૈયા, કુદરતી રૌબ ધરાવનારા, મીજાજે નરમ, દીલનાં શખી, રીતભાતે સુધરેલા અને લાયકતવાળા, પોશાકે સાદા, સ્વભાવે મીલનસાર અને હસમુખા હતા. એ મરહુમ નવાબ, ઉચ્ચાં કુલનાં બીબી અમતુનીસાં બેગંમ ઉર્ફે અહમદી બેગંમ સાથ પરણ્યા હતા, તેણીએ ૨ બેટીઓનેજ જન્મ આપ્યો છે.



સ્વર્ગવાસી
નવાબ સર સાલાર જંગ. જી. સી. એસ. આઈ. નીઝાંમ હૈદરાબાદના દીવાંન.

THE LATE

H. E. NAWAB SIR SÁLÁR JANG BAHADUR, G.C.S.I., REGENT OF THE NIZAM'S DOMINION.

# His Excellency the late Nawab Sir Salar Jung,

# G. C. S. I.,

## DEWAN AND REGENT OF HYDERABAD.

SIR SALAR JUNG, the Statesman *par excellence* of Hyderabad, belonged to an Arab family that came originally from Medina, and settled in Southern India, in the Concan. The first emigrant was Shaik Mahmad Alli, whose son was in the service of the first Nizam and was a great favourite of that potentate. The next descendant married the daughter of a nobleman named Durgá Kuli Khán Báhádoor Sálar Jung. A grand-son of theirs was married to the daughter of a Persian gentleman of rank, and—the fruit of this marriage was an only son Sir Sálar Jung, the subject of this memoir.

Sir Sálar Jung was born on 20th June 1829 and belonged to the *Shea* sect of the Mahomedans. His father left him an infant to be taken care of and educated by his uncle Siraj-ool-Mulk, the Prime-Minister of the Nizam, who initiated him in the forecast of that political wisdom and moderation which marked his career in India. The uncle died in 1853, and the Nizam without hesitation—appointed Sir Sálar to the Premier's post in which he made himself so conspicuous in modern Indian history. When he took charge of his office, the financial condition of the State was peculiarly dis-couraging. The exchequer was exhausted, the National Debt had largely increased, the mode of taxation was unjust and unremunerative and the city of Hyderabad was full of the elements of disorder and sedition. The Arab troops and other mercenaries proved refractory, and an Arab chief openly raised the standard of revolt. This rebellion was suppressed by the prompt action of the Minister, and the ringleaders were punished. He strengthened the police force, and stopped the fierce hordes of the Rohillas and Arabs who infested the town. The endowments of his own and other high offices were reduced and restrictions on commerce abolished. Without increasing the taxes, and simply by a wise re-adjustment of them, a surplus in the revenue was made out; and this able administrator adopted the strictest measures for the perfect security of the life and property of his subjects. In 1857, the Nizam died and was

succeeded by Afzaloo-óod-Dowla,—who allowed Sir Sálar Jung to continue in his ministry. This was the memorable time of the 'Indian Mutiny,' when the greatest excitement prevailed throughout the country,—but the Nizam and his Minister gave eminent proofs of loyalty and good faith. The rebels did not receive the slightest countenance, and the fanatics of Hyderabad who had preached rebellion in public places and in the mosques, were firmly and rigorously dealt with by the Government of the Nizam. A terrible calamity was thus averted from the Deccan, and the Hyderabad Contingent was sent out to pursue the rebels from place to place for full 13 months until danger disappeared and peace was restored. The action—of Sir Sálar in favour of the British at this momentous crisis, made him many bitter enemies, who on two occasions attempted to take his life. While in the first attempt he had a narrow escape, in the second his devoted and faithful follower sacrificed his own life to save that of his beloved master. After the suppression of the Mutiny, Sir Sálar Jung applied himself vigorously to the task of improving the internal administration. He brought up the revenue of the State from Rs. 74,00,000 to 2,50,00,000 by the reduction of military expenditure and other administrative reforms. The construction of improved roads was pushed on with vigour, a railway was introduced known as "The Nizam State Railway," canals built in several localities, and the offices of the revenue thoroughly re-modelled. It was not perhaps to be expected that, in the carrying out of his improved plans, the Minister should meet with no opposition. The fact is that,—considerable opposition had to be encountered, and his political foes tried to bring him into dis-repute and collision with the British Political Agent. For all his signal services and loyalty, Her Imperial Majesty in 1871 made him a "**Knight-Grand-Commander** of the most exalted order of the **Star** of **India**," and the Governor-General expressed his warm acknowledgment for his energy and devotion in the cause of the English Government and presented him a purse of Rs. 30,000. Before the appointment of Sir Sálar Jung as Minister, **Berar** had been handed over to the English, who administered all its affairs according to treaty arrangements, in order to maintain, out of its income, the "Hyderabad Contingent." This was when the Nizam's treasury was involved and poor, but when its financial position improved, the Prime-Minister opened an official correspondence for the transfer of this Province to the dominions of the Nizam, offering to pay the expenses from the exchequer of the kingdom. As the highest authorities in India did not regard this proposal with favour, Sir Sálar visited England with a view to confer personally with the Secretary of State. He was received by the Queen and the nobility of England with the honour due to his high position and unblemished character. The Secretary of State for India, however, decided that, the subject of transfer should not be opened for discussion, till the young Nizam attained his majority. Surprise had been felt by the public—at the coolness manifested by the Indian Government towards their faithful friend and ally like Sir Sálar during the last years of his life, and the sudden and unexpected appointment as co-regent of a nobleman known to be the hereditary enemy of Sir Sálar Jung. His success as the Prime-Minister has been most remarkable. In his private capacity he was distinguished for his elegant and polished manners. He

was awarded the honorary degree of D. C. L. by the Oxford Universities for his literary acquisition and culture. In opposition to the prejudices of all the nobles in the country, he established a school for the liberal education of the sons of rich Mahomedans. It is —due to him, that the people in the country enjoy the benefits of an improved Code of Law and of sure and speedy justice. Men of literature and science looked up to him as their patron, and Englishmen in India and England held in high esteem his diplomatic and administrative talents. Sir Sálar died suddenly of cholera on the 9th of February 1883 at the age of 54 to the great grief of his royal master the Nizam and his numerous subjects. H. I. M. the Queen-Empress, the Prince of Wales, and other members of the Royal Family, and several English noblemen expressed their condolence with the family of the deceased Statesman on the sad occurrence. The Indian Government expressed their profound sorrow by a public proclamation on the 10th of February 1883. A public meeting of influencial Native and European gentlemen was called at Hyderabad, with a view to commemorate his memory, and Rs. 3,00,000 were subscribed for the purpose.

The late Sir Sálar was a good horseman from his youth. He was well known for his simplicity of manners, courageous disposition, as well as for prudence, foresight, perseverance and patience under difficulties. He left 2 sons and 2 daughters, all of whom have received a liberal education in English. The eldest son Nawab Mir Liakut Alli Bahadoor, otherwise named Nawab Sir Sálar Jung Mooneer-ud-Dowlah II., has succeeded his father to the Premiership and has received the titles of '*Mukhtiar-ul-Mulk*' and '*Emad-us-Sultana*' on the 22nd of March 1884. The second is Nawab Mir Sádat Alli Khan, who has been ennobled with the title of "*Nur-Jung-Suja-ud-Dowlah*," and he holds the office of Minister of Revenue in the State.

# મરહુમ

## નવાબ સર સાલાર જંગ, જી. સી. એસ. આઈ,

### હૈદ્રાબાદના દીવાન.

ઉમરાવ આરબ વંશથી ઉતરેલા સર સાલારના વડીલો 'મદીના' ના વતની હતા. તેઓમાંથી પેહેલા, હીંદુસ્થાનમાં 'કોકણ' તરફ આવી વસનાર શેક મહંમદ અલી, 'બીજાપુર' દરબારના એક ઊમરાવની બેટી સાથ પરણ્યો. તેનો પૌત્ર શમસુદીન મોહોમેદ હૈધરે, ૧ લા નીઝામની નોકરીમાં રહી, તેની મેહેરબાની મેળવી, "હૈધર યાર ખાન બહાદુર, શેહેર જંગ, મુનીર ઉદ્દ દોલા મુનીર ઉલ મુલક" નો ખેતાબ લેઇ ઈ. સ. ૧૭૬૫ માં મરણ પામ્યો. તેનો બેટો મહમદ શફદરખાન બહાદુર "ખાન ખાંનાંન" ના ખેતાબથી ઓલખાઈ ગયો. તે ફુરધા કુલીખાન બહાદુર સાલારજંગની બેટી સાથ પરણ્યો હતો,—તે ઉપરથી "સાલાર જંગ" નાં વંશની એ ઓલખ ચાલુ થઇ છે. શબ્દરખાનના બે બેટાઓ માંહેલા વડાએ, નીઝામ શીકંદર જાહનો, તેમજ તેની પાછલા નીઝામનો વડો-પ્રધાન બની, બીજા ખેતાબો વીગરે "અમીર-ઉલ-મુલક" નો ખેતાબ પણ મેળવ્યો, તો, બીજો બેટો તે સર સાલાર જંગના બપાવાએ "મુનીર-ઉલ-મુલક, અમીર-ઉલ-ઉમરા" નો ખેતાબ મેળવ્યો હતો. એના ૪ બેટાઓ માંહેલો મીર આલમ અલીખાન બહાદુર શેહેરજંગ-શીરાજ-ઉલ-મુલક, તે, નીઝામનો વડો-વજીર અને સર સાલાર જંગનો કાકો હતો. તેના હાથ નીચે સર સાલારે કેલવાઇ તાલીમ લીધી હતી. તે, ૨૭ મી મે ૧૮૫૩ માં મરણ પામ્યો કે તેને ત્રીજે દીવસેજ તેનો—મુખ્ય-દીવાનનો ભારી માન અને જોખમ ભર્યો હોધ્ધો, સર સાલારને મળ્યો હતો. એનો બાપ મીર મુઆમદ અલીખાન બહાદુર સાલાર જંગ સુજા-ઉદ્-દોલા, ઉંચા ઈરાણી અમીર ખાનદાંનની બેટી સાથ પરણ્યો. તેણીએ મરહુમ સર સાલાર જંગ ને જન્મ આપ્યો હતો.

**સર સાલારનું** આખ્ખું ખેતાબી નામ, **નવાબ મીરતુરાબ આલીખાન બહાદુર, સાલાર જંગ સુજા ઉદ્ દૌલા, મુખત્યાર ઉલ મુલક** હતું. તે, ૧૮૨૯ ની ૨ જી જાનેવારીએ જનમ્યો, અને અરબ જાતનાં "શીયા" પંથનો હતો. બાલ્યવયે માબાપ વગરનો થવે, તેના કાકા **શીરાજુ ઉલ મુલ્કે**, **સર સાલારને** ઉછેરડી, કેલવી, હોશીઆર કીધો હતો. તે નાહાનપણથીજ અતીશય ચંચળ અને ઘોડાની સ્વારીનો જબરો શોખીન હતો. ફારશી, ઈંગ્રેજી, અરબ્બી, અને હીંદુસ્તાની ભાષા જાણતો હતો; અને પોતાનો કાકો તે, **નીઝામ નાસીરના** વડા-વજીરને તેનાં રાજ્યદ્વારી ઈંગ્રેજી લખાણો કરવામાં મદદ આપી, તેની જાગીરોની મેહેસુલની જમાબંધીનું કામ પણ કરતો હતો. **નીઝામે** તેની હોશીઆરી જોઈ હતી. એનો એ કાકો ૧૮૫૩ ની ૨૭ મી મેએ મરણ પામ્યો કે, તેને ત્રીજે દીવસેજ—તેનો વડા-દીવાનનો હોધ્ધો, **નીઝામે**, **સર સાલારને** બક્ષ્યો, ત્યારે તે ૧૯ વર્ષની નાની વયનો પણ "ઈંગ્રેજી રેસીડનસી"માં પરોતાઈ, ઉમરાવ કાકાથી હોશીઆર થઈ, પુરતો પાવરદો બન્યો હતો. ત્યારે એ રાજ્યની હાલત બીગડેલી, તીજોરીનું તળીયું આવેલું, કર નાખવા અને વસુલ કરવાની રીત નુકસાન કારક, શેહેર બંડખોર અને ઝનુની લોકોથી ભરેલું, અને ભાડે રાખેલું **આરબ** વીગરે બીજું લશ્કર બેહેકી ગયલું હતું. **સર સાલારને** હોધ્ધો લેતાંજ, એક અરબ જમાદારે બંડ ઊઠાવ્યું કે જે, તેણે પેહેલ્લે તડાકે મજબુત હાથથી બેસાડી નાખી, તેના આગેવાનોને પકડી દેશનીકાલ કીધા હતા. એણે તીજોરીની હાલત સુધારવા પોતાનો તેમજ મ્હોટા હોધ્ધેદારોના પુસારા કમી કીધા, પોલીસને ગાળી મજબુત બનાવી, ફીશાદ્યા અને કાવત્રાંખોર **અરબ**, રોહીલા અને બીજાઓને શેહર બાહાર કહાડ્યા, અને આસપાસની ઈંગ્રેજી પ્રજાને દુઃખ દેનારાઓ વીશે મજબુત બંદોબસ્ત કીધો. એમ ૪ વર્ષો ચાલુ સખ્ત મહેનત લેઈ એ બાહોશ દીવાન હૈદ્રાબાદને આબાદ અને ખીલતી હાલતમાં લાવ્યો; વેપારને ઉત્તેજન આપી, ખીલવી, ફેલાવ્યો; રાજ્યની આવક વધારી;

રયતના જાન માલની ફીકર મટાડી; અને રાજ્યને સુધરવાની નીશાન તરીકે, ૧૮૫૬ ના નમ્વેબરમાં શેહેરના કોટ બાહેર 'ચંદ્રધાત' તરફ, એ મુલકમાં બનતી, ઉત્પન્ન થતી, તેમજ કારખાનાંઓને બરની કાચ્ચી પદાર્થોનું એક સંગ્રહસ્થાન ખોલ્યું હતું. ૧૮૫૭ માં **નીઝામ નાશીર ઊદ્ દોલા** મરણ પામવે, તેનો બેટો **અફઝાલુ ઊદ્ દોલા** તખ્તે આવ્યો, ત્યારે **સર સાલાર** પોતાના હોધ્ધા ઊપર કાયમજ રહ્યો, એ વખતે—હીંદુસ્થાનમાં ભયંકર "લશ્કરી બલવો" ફાટી નીકળ્યો હતો; બળવાખોરો **દીલ્લી** અને **મીરત** જપ્ત કરી મજબુત થયા હતા, કે જ્યારે હૈદ્રાબાદ હથીઆરબંધ ઝનુની **અરબ** અને મુસલમાનોથી ઊભાઈ ગયું હતું. જેઓએ **નીઝામ**ની કુમકની ફોકટ આશા રાખી હતી. એ—જબરા કટાકટીના વખતે **નીઝામે** ઈંગ્રેજ સરકાર તરફની ખરી દોસ્તીનો હક મકકમ પણે બજાવી બતાવ્યો હતો, તો, **સર સાલારે** ડાહાપણ, પકકા ઠેરાવ, અને હીમ્મતી રાજ્યનીતીથી, એ બેઊ સરકારો વચ્ચેની મીત્રાચારીનો ગાંઠ ખુબ મજબુત ટકાવી રાખ્યો હતો. હૈદ્રાબાદમાં ભેગા થયલા ફીતુરીઓએ ત્યાંના ઇંગ્રેજોને કાપી નાખવા, ૧૩ મી જુન ૧૮૫૭ નો દીવસ ઠેરવી, તેવીશે મસીદોની દીવાલો ઊપર જાહેરનામાં ચોંટાડયાં કે, **સર સાલારે** તે ફાડી નખાવી, ફીતુરી વાયજ કરનારાઓને કેદ કરી, ઉસકેરાયલી ટોળીઓને વીખેરી નાખી, શેહેરમાં દાખલ થયલા બળવાખોરોને બંધવા કરી, વીશ્વાસુ **અરબ** લશ્કરની મદદથી ઈંગ્રેજોના દુશમનોને શેહેર બહાર જતા અટકાવ્યા હતા. **હૈદ્રાબાદ**માં એવો મામલો હોવા છતાં, એ દીવાને ત્યાંનાં "કોનટીનન્જંટ" લશ્કરને ભર ચોમાસે, ઈંગ્રેજોની કુમકે, બળવાખોરો સામે લડવા મોકલ્યું હતું. તે ૧૩ મહીના ચાલુ કામે લાગી પાછું ફર્યું હતું. એ વખતે મધ્ય-હીંદુસ્થાન અને દખણમાં—બળવાનું ભડકું ઉઠવાની શરૂઆત થવા હૈદ્રાબાદ તરફથી ચીનગારી ઉડવાનીજ ખોટી હતી. જો તેમ બને તો એક હાથ ઉપર **મુંબઈ**, અને બીજી તરફ **મદ્રાસ**માં અફશોશ ભરી મોહોટી ખરાબી થાય, એમ ચોંકી, ત્યારના મુંબઈના ગવરનરે, હૈદ્રાબાદના રેસીડન્ટને તાર કરી ધાસ્તી જણાવી હતી કે,—"જો નીઝામ ફર્યો તો જબરી ભારી ખરાબી થવાની". પણ નહીં, **નીઝામ** અને **સર સાલાર**, ઈંગ્રેજોના ખરા વફાદાર દોસ્તો નીવડ્યા હતા. ત્યાંના મુસલમાંનો જેઓમાં ઘણાક દરબારીઓ પણ હતા, તેઓએ 'ધર્મની રૂએ પોતાની જાત અને દીનની તરફ કરી ઈંગ્રેજોની કુમક છોડી દેવા', એ દીવાનને વારંમવાર ઝનુની અરજો કીધી, પણ ફોકટ. એથી વેર રાખી તેઓએ—**સર સાલાર**નો જીવ લેવા ૨ વાર સખ્ત તરાપ મારી, પેહેલ્લો હુમલો ૧૮૫૯ ના ફેબ્રુવારીમાં કરાવ્યો, તેમાંથી તે જરાકમાં બચી ગયો અને હુમલો કરનાર તેના એક ખીદમતગાર હાથથી કતલ થયો. તો, બીજો ૧૮૬૪માં થયો તે પકકા બંદોબસ્ત અને ઠેરાવથી, બંદુકની ગોળી, તલવાર અને ખનજરની નોકથી થયો, તેમાંથી પણ એ ભાગ્યશાલી દીવાન, જરાકમાં બચી ગયો, અને તેના એક ખરા નીમકહલાલ નોકરે પોતાનાં ધણી ઉપર આવતા ઝટકાને બદન ઉપર ઝીલી લેઈ, તેજ જગ્યાએ કપાઈ બે ટુકડા થઈ પડ્યો હતો. એ હીચકારાં કામમાં ખરેખર —કેટલાક દરબારીઓના હાથ હતા. હીંદુસ્થાનનો લશ્કરી-બળવો બેસી ગયા પછે, **સર સાલારે** રાજ્ય સુધારા પાછળ ખંતથી પાછો મંડી ઘણાંક લાભકારક પરીણાંમો નીપજાવ્યાં. રૂ. ૭૪ લાખની થતી વાર્ષીક આવકને વધારી રૂ. ૨,૬૦,૦૦,૦૦૦, ની ગંજાવર રકમ ઊપર લાવ્યો, વસ્તી વધી, વેપાર ખીલ્યો, નવા રસ્તા અને નેહેરો બંધાઈ, 'નીઝામ સરકારની રેલવે' ચાલુ થઈ, ખેતીનું કામ વધી સુધાર્યું, મેહેસુલ ખાતું સ્થપાયું, કેલવણી અપાવાની શરૂઆત થઈ ન્યાયની અદાલતો સ્થપાઈ, ધારા-સભા નેમાઈ, અપક્ષપાત અને તુરત ઈનસાફ મળવા ઉપાયો થયા, પોલીસ મજબુત બની, અને બીન-કવાયતી લશ્કરનો મોહોટો ભાગ કહાડી નાખી ખરચ ઘટાડયો. એમ, એ કરજમાં ડુબી, બેહેકી, બગડી ગયલાં રાજ્યને, પાર તેરવી લાવી, આબાદીથી ખીલતું કરતાં, **સર સાલાર**ને અદેખાઓથી કંઈ થોડી નડ અને હરકતો પડી નહીં હતી. "એ દીવાને ૧૮૫૭ ના બળવામાં ફીરંગીઓનો દોસ્ત બની, તેઓને મદદ કીધી" તેથી રાજ્યના કેટલાક મુસલમીન ઉમરાવોએ વેર રાખી, એને, એ હોધ્ધા ઉપરથી ઉખેડી નબળો કરવા, ઘણાંક કાવત્રાં રચ્યાં અને સંપો કીધા, તેઓ માંહેલો એક ૧૮૬૧ માં ફુટી જઈ પ્રખ્યાત થયો હતો. તેમાં **નીઝામ**ને, ઇંગ્રેજી રેસીડન્ટ વીશે—ખોટી રીતે એમ ખીધરાવ્યો હતો કે, તે, **સર સાલાર**ને દીવાન તરીકે જોવા


ખુશી નથી. પુછ પરછ થતાં તે વાત રેસીડન્ટે ધીક્કારથી ના પાડી હતી. પોતાની વિરૂધ્ધ થતાં સઘલાં કાવત્રાંથી જાણીતો રહી **સર સાલાર** સાવચેતજ રહેતો હતો. એવાં ખટપટચાં અને ડાવપેચ ભર્યાં રાજ્ય-મંડળ ઉપર ફાવી, ફત્તેહમંદીથી પોતાનું કામ કર્યા જવું એ કાંઈ થોડી બાહોશી અને મજબુત મનશક્તીનું કામ નહોતું. **નીઝામ અફઝાલુ-ઉદ્-દૌલા** ૧૮૬૯ માં મરણ પામવે, તેનો વારેશ તે હાલનો નાધલો **નીઝામ** લાયક ઉમ્મરે પુગી તખ્તે આવ્યો, ત્યાંસુધી તેનો "પ્રતિનીધી" નેમાઈ લાંબો વખત **સર સાલારે** એખલાએ પુરઅખત્યાર સત્તા ચલાવ્યા પછે, તેની ભેગો **અમીર-એ-કબીર** નેમ્યો હતો, તે ટુક વખતમાંજ મરણ પામ્યો. **સર સાલારે**, હીંદુસ્થાનના લશ્કરી બળવા વખતે ઈંગ્રેજો તરફ બતાવેલી ખરી મીત્રાચારીના બદલામાં, તેઓએ, એ દીવાનને રૂ. ૩૦,૦૦૦ ભેટ આપી, ૧૮૬૭ માં "**સી. એસ. આઈ.**" નો, તો, ૧૮૭૧ માં "**નાઈટ-ગ્રાંડ કમાંનડર ઓવ ધી સ્ટાર ઓવ ઈન્ડીયા**" નો ખેતાબ બક્ષ્યો હતો. વળી, ત્યારના હીંદના **વાઈસરોયે** પણ એની એ ઘણીજ કીમતી સેવા અંતઃકરણથી વખાણી, **સર સાલારે** ચંચલાઈ, હીમત, અને પક્કા ઠેરાવની મદદ ખાતર દીલો જાંન ભરયો ઉપકાર માન્યો હતો. **સર સાલાર** મુખ્ય-દીવાન બન્યો, તેની થોડાક મહીના અગાઉ રાજ્યની નાણાં સંબંધી હાલત તંગ હોવે, ત્યાં રાખેલાં ઈંગ્રેજી "કોનટીનન્જંટ" લશ્કરનો ખરચ ચલાવવા સારૂ, એ રાજ્યનું મોહોટી આવકવાલું **બીરાર** પ્રગણું ઈંગ્રેજ સરકારના વહીવટ હેઠળ સોંપી, તે ખરચ કરતાં જે બાકી વધે તે, **નીઝામને** પાછું આપવા ઠેડવ્યું હતું. પણ હવે રાજ્યની તીજોરીની હાલત આબાદ થવે એ દીવાને તે પાછું માંગી, એ લશ્કરી ખરચ વીગરે બીજું જે કાંઈબી નીકલે તે સઘળું આપવા ત્યારની હીંદુસ્તાનની વડી સરકારને જણાવ્યું, પણ ફોકટ. જેથી તેણે ૧૮૭૫ માં ઈંગ્લાન્ડ જૈ **બીરાર** પાછું મેલવવા અરજ કીધી. જ્યાં એને, રાજ્યમંડળ, મહારાણી, પ્રીન્સ ઓવ વેલ્સ ઉમરાવો, અને ગ્રહસ્થો તરફથી, એક ઉમરાવને છાજતું માન મળી, સારી માવજત થઈ હતી. અને ઓકસફર્ડની યુનીવરસીટીએ માન ખાતર, એને **દી. ઈ. એલ.** ની ડીગરી બક્ષી હતી. પણ **બીરાર** પાછું મળવાની અરજ ત્યાં પણ ફોકટ ગઈ, અને હીંદના વજીરે "તેનો ફડચો હીંદુસ્તાનમાં એક કમીશન મારફતે લાવીશું" કરી જણાવવે, **સર સાલાર** ત્યાંથી પાછો ફરયો કે, તેને જવાબ મળ્યો હતો કે "નામદાર **નીઝામ** ઉમ્મરે પુગી એ સવાલ ઉઠાવશે ત્યારે તેનો ચુકાદો કરીશું." એ વાજબી માગણી કરવાથી, ત્યારે નવા આવેલા માજી વાઈસરોયે **લોર્ડ લીટન**, અને તેના હાથ હેઠળના મોહોટા હોધ્ધોદારોએ—એ દીવાન સાથ તોછડાઈથી વર્તી, વાઈસરોયે ગુસ્સો બતાવવા, **સર સાલારના** એક વીશ્વાસુ ચંચલ ઈંગ્રેજ ખાનગી-સેક્રેટરીને, તેની મરજીવિરૂધ્ધ તત્કાળ દુર કરાવ્યો હતો. તેની તકશીર એજ હતી કે, **નીઝામને બીરાર** પાછું આપવા વિશે કદી ના નહીં પાડી શકાય તેવી દલીલો બતાવી તકરાર ચલાવી હતી!! અને **સર સાલારે** રાજ્યની નીમક હલાલ નોકરી બજાવવા એ વાજબી માગણી કીધી તેની સજા ખાતર, તેની સાથ આગલા મરણ પામેલા જોડાયલા-રીઝંટના ભાઈ નવાબ **વીકાર-ઉલ-ઉમરા અમીરે કબીર**, જે સાલારજંગનો વંશથી ઉતરેલો—કટ્ટો વેરી હતો, તેને ૧૮૭૭ માં રાજ્યવહીવટ ચલાવવા એ દીવાન સાથ ભેંગો નેમ્યો!! જે વીશેનો સર સાલારનો વાંધો વજન પામ્યો ન હતો. **લીટન**, હીંદુસ્થાન છોડી ગયા પછે, અમીરે કબીર ૧૮૮૦ માં મરણ પામતે "તેની જગ્યા ઉપર કોઈનેબી નેમવાની અગત્ય નથી, એમ **લીટન** પછેના વાઈસરોય લોર્ડ **રીપને** ઠેડવ્યું હતું. સર સાલારના કટ્ટા હરીફોએ, એકવાર તેને હેવી આશાથી જબરા ગુચવાડા અને કંટાળામાં નાખ્યો હતો કે, તે ઘભરાઈ જઈ પોતાનો ઓધ્ધો છોડશે, પણ એવી ઘણીક આફતો જે વટાવી ગયલો તેણે પોતાના હરીફોની એ ધારણા ઉંધી વાલી હતી.—એવાં સઘલાં કંગાળ કાવત્રાં, જીવ લેનારા જબરા ઉમલા, અને રાજ્યદ્વારી ડાવપેચો ઉપર ફાવી, તેની ફત્તેહનાં મીઠાં ફળ નીચંતથી ચાખવાના વખતે,—એની જીંદગીની દોરી અજબુચ તુટી અને એ નામદાર ૧૮૮૩ ની ૯ મી ફેબરવારીએ ૫૪ વર્ષની વયે 'કોલેરા' થી થોડાક કલાકમાં અનચીતો મરણ પામ્યો, તેથી, ઈંગ્રેજી પોલીટીકલ-એજન્સીમાં ભારે ગમી ફેલાઈ, આખ્ખાં દરબારી મંડળમાં માહેતમનો પોકાર ઉઠ્યો. દેશી તેમજ ઈંગ્રેજોની આંખો આંજુથી ભરાઈ, તો **નીઝામ** નાશીપાશ થઈ બેઅખત્યાર રડી પડ્યો હતો. એના ખુદ શત્રુઓએ વતીકે ખરાં જીગરથી દલગીરી બતાવી

તેની તારીફ કીધી હતી, અને આખ્ખાં હૈદ્રાબાદે એનો ગમ પાળ્યો હતો. એની પાયદસ્ત, રીજમીટોનાં માન અને હાથ્થીઓના ગંભીર સરઘશ સાથ, સઘલી વર્ણ અને વર્ગના અઢી લાખ લોકોની બનેલી, મોહોટા દબદબાથી નીકળી ત્યારે રસ્તે ચાલતાં પુણ્ય ખાતર રેવાજ પરમાણે રૂ. ૨૫,૦૦૦ ગરીબોને લુટાવ્યા હતા. એના મરણની ખબર તાર મારફતે ઇંગ્લાન્ડ પોહોંચવે ત્યાંનાં લોકો ગમગીન થયાં, અને મહારાણીએ, સર સાલારની બેગમો ઉપર પોતાની ભારે દલગીરીનો, તો પ્રીન્સ ઓવ વેલ્સ, અને બીજા પુશ્કલ ઉમરાવોએ તેનાં કુટુંબ ઉપર દીલાશાના તારો મોકલ્યા હતા. અને ત્યાંનાં સઘલાં આગેવાંન પત્રોએ જાહેર દલગીરી બતાવી, એની ભારે વખાણ ગાઈ હતી. હીંદુસ્તાનની વડી સરકારે ૧૦મી ફેબ્રુવારીએ જાહેરનામું બાહેર પાડી પોતાની ભારે દલગીરી જણાવી અને હીંદના-વજીરે જાહેર કીધું હતું કે:—"એ અફશોસકારક બનાવથી મહારાણીની સરકાર ખરેજ દલગીર થઈછે. એનાં કવખતનાં મોહોતથી નામદાર નીઝામ કરતાં ઈંગ્રેજ સરકાર પોતાને શેહેજ કમી તોટો ગયલો માનેછે." સર સાલારની યાદગારી કાયમ રાખવા, હૈદ્રાબાદમાં અમીરો, ઉમરાવો, દેશી અને યુરોપીઅનોની ભેગી મળેલી એક ગંજાવર જાહેર સભાએ ઉઘરાણાની ટીપ કરતી કરી રૂ. ૩,૦૦,૦૦૦ ભેગા કીધા, તેના ઉપયોગ વીશેનો નક્કી ઠેરાવ હજુણ પક્કો થયો નથી. સર સાલારને, ઈંગ્રેજ સરકાર તરફથી લશ્કરી ટુકડી સાથ ૧૭ તોપોનું માન મળતું હતું. દેશી પ્રધાનો અને રાજ્ય-અધીકારીઓમાં—પેહેલ્લી જગ્યા ધરાવનાર સર સાલરજંગની જુટ પુરાવી મુશ્કેલ છે. રાજ્યદ્વારી મંડળમાં તે "હીંદુસ્થાનનો બીસમાર્ક" ગણાતો હતો. ખરી રીતે આપઅખત્યારી જાલવતા, તે ગમે તેવા મોહોટા રાજ્ય-અધીકારીનો ડર કે પરવા કરતો ન હોતો. જબરી મનશક્તી અને બીજા સદ્‌ગુણો ખાતર જેમ તે પ્રખ્યાત હતો, તેમજ ઘણા સાદા પોશાક વીશે પણ હતો. તેના 'સરપેચ, અથવા કુમકી સફેદ પાઘડી કરતાં, તેની મુલાકત લેનાર ગમે તેવા દરજ્જા વાલા દેશીથી, દરબારી રવૈયા પ્રમાણે,—મોહોટી પાઘડી પેહેરાતી ન હોતી. તે શાંત અને વીચારવંત દેખાવનો, ઊમદા તાજીમ તવાજવાલો, વાજબી રીતે હીમતથી મોઢાં ઊપર કેહેનારો હતો. અભ્યાસ કરવા, લોકોની અરજીઓ સાંભળી ચુકાદા આપવા, રાજ્ય-વહીવટ તપાસવા, રેસીડન્સી તરફના જુવાબો વાળવા, ન્યાયાધીશો સાથ વાત કરવા, મુખ્ય મુનશીઓને મળવા, દરજ્જાવાલા ખાનગી ગ્રહસ્થોની મુલાકાત લેવા, ખાનું ખાવા, શેહેરી ઉમરાવોની દરબાર ભરવા, તેણે વખતની ચોકસ વેહેચણી કીધી હતી, અને પોતાના ખાનગી પત્ર-વેહેવાર ઉપર ધ્યાન આપી, તે રાતના ૧૦ વાગ્યા પછે બીછાને જતો હતો. એ પંકાઈ ગયલા દેશી દીવાનની ખરી ઝલકતી અને જાંણીતી કીર્ત્તી દેશીઓને—હરખ સાથ મગરૂર રેહેવાને વાજબી કારણ આપેછે.

એ મરહુમ દીવાનનાં સઘલાં ફરઝંદોએ, ઇંગ્રેજી કેલવણી લીધીછે. તેના ૨૨ વર્ષની ઊમ્મરના વડો બેટો નવાબ મીર લીયાકત અલી, હાલના જુવાન નીઝામનો દીવાન બની "૨ જો સર સાલર જંગ, મુનીર-ઉદ્-દોલા" એવા એલકાબથી હોદ્ધા ઊપર આવ્યો, તેને રાજ્ય તરફથી "મુખ્તયાર-ઉલ-મુલ્ક" અને "ઇમેદ-અસ-સુલતાના" નો એતાબો મલ્યાછે. તો નાઘલો બેટો ૨૧ વર્ષનો નવાબ મીર શાદત અલ્લી ખાનને "નીહુરજંગ-સુજા-ઉદ-દોલા" નો એતાબ મલ્યોછે, તે રાજ્યના મહેસુલ ખાતાનાં પ્રધાનને હોદ્ધો ધરાવેછે.

# His Excellency Raja Sir T. Mahdeva Rao, K. C. S. I.

SIR T. MÁHDEVA RÁO is the youngest son of Rang Ráo, a former Dewán of Travancore, born in 1828 at 'Combaconum' in Tánjore, and educated at the Government High-School, Madras. He distinguished himself as a scholar, and his perfect mastery of the English language and close study of Mathematics and Natural Philosophy obtained for him at an early age the Professorship of Mathematics and Natural Philosophy. His acquaintance with six different dialects, his energy and industry soon brought him to public notice. From an Assistant Collector he was transferred to the office of the Accountant-General of Madras, and within a short time was entrusted with the tuition of the two Princes of Travancore—one of whom is now on the throne. Within four years after the latter appointment, Sir T. Máhdeva Ráo became Assistant-Dewán of 'Travancore,' and his regime was looked upon as a strange contrast with that of the Dewán or Chief Minister. The administration of the latter was seriously impugned, and his death in 1857 alone ended the searching investigation to which it was being subjected. The Assistant-Dewán on the other hand, from 1853-57, pushed on great reforms in the Southern Districts, which had long suffered from previous mal-administration. Dacoits were pursued and routed, the revenue was carefully collected, and the finance of the kingdom became flourishing. The Máharajá was very much gratified at this improved state of things, and the Government of Madras wrote to the "Court of Directors" that, since the appointment of Máhdeva Ráo to the subordinate political post in Travancore, petitions from the people of that State had become less in number and more subdued in tone. At the age of 30, this rising administrator was—called to the post of Prime Minister, which became vacant in 1857. He found the Treasury empty, the State in debt, the salaries of its servants fallen into arrears, and the Máharajá unable to pay the usual subsidy to the Paramount Power. Under corrupt courts of law, under the depredations of dacoits and other marauders who found it easy to plunder the country, and under an inefficient and corrupt police, the misery of the people was complete. Such was the state which called for the exercise of the administrative abilities of Máhdeva Ráo, and he was found equal to the occasion. He abolished all existing monopolies in trade, removed about one hundred minor taxes which hampered commercial operations, afforded relief to agriculturists by removing oppressive restrictions, and gave a stimulus to every branch of industry in the small kingdom. These reforms induced European 'Coffee' Planters to settle in Travancore from 1857. Since then 50 Planters have settled there, cultivating lands to the extent of 15,000 acres. 'Tea' cultivat



રાજા સર શ્રી માધવરાવ. કે. સી. એસ. આઈ. વડોદરાના દીવાન

H. E. Rájá Sir T. Mahdhavrao, K.C.S.I. — Dewan of Baroda.

Vincent Brooks Day & Son lith London W.C.

has been attended to, and cocoanut trees greatly multiplied. The increasing revenues of the State attracted able and intelligent men to his service, and provided him with means for the diffusion of education among the people. He—signalised his career in the Province by constructing a lighthouse at Alipi, a canal for purposes of navigation, and opened a Public Works Department. He built roads, bridges, court-houses, hospitals, buildings for educational purposes, and opened a charitable dispensary. Although much money was spent in improvements of every kind, and in giving the people the advantages of civilized rule, Máhdeva Ráo was able to show in 1861 a balance of Rs. 4,00,000 in the State Treasury, and the prospect of an increasing surplus every year. In 1866 the Secretary of State for India expressed to this statesman his satisfaction at the arduous work he had successfully accomplished, and Her Imperial Majesty the Queen-Empress, to set a stamp of her approval, made him a "**Knight Commander** of the **Star** of **India.**" The Máharajá of Travancore also made a handsome acknowledgment of his services. During the same year, Lord Napier, Governor of Madras,—eulogised him, and dwelt upon the significance which should attach to the spectacle of a good Indian Minister serving a good Indian Prince. When after 14 years' service he resigned his Premiership, the Máharajá bestowed upon him a 'pension' of Rs. 1,000 a month. During the period of Lord Napier's short Viceroyalty, immediately following the sad assassination of Lord Mayo, Sir Máhdeva Ráo was offered a seat in the Supreme Legislative-Council, which however he declined for domestic reasons. His services were considerably in demand. Máharajá Holkar, of Indore, made him his Dewán, and Sir Máhdeva Ráo in this new situation did such good work as was appreciated by the Government of India, and the English Government desired him to take charge of Baroda in 1875, when Mulháráo Gáikwad was dethroned and a young prince of tender years was raised to the throne of Baroda. He left Indore greatly regretted by its people and its king. In April 1875 he assumed the charge of Baroda, with the honorary rank of '*Rájá*' conferred upon him by the Government of India, and on a monthly salary of Rs. 5,000. His new duties he discharged with all the accustomed force and energy of his intellect, displaying a wide and varied knowledge of political and administrative details and a wonderful faculty for organisation. He retired from the Dewánship on the 27th of September 1882, when he is reported to have been rewarded by the ruling young Gáikwad with the sum Rs. 2,00,000. Sir Máhdeva Ráo, being a 'Fellow' of the University of Bombay as well as of Madras, has been throughout his career a great friend of education. The late Sir Sálár Jung, Sir T. Máhdeva Ráo, and Sir Dinkar Ráo are three of the—most accomplished politicians and statesmen of India, who have shown by their work that India is not absolutely wanting in the possession of that administrative talent which has made Englishmen so conspicuous as administrators and rulers in the Eastern World.

Sir Máhdeva Ráo has 6 daughters and 3 sons. The eldest, Mr. T. Anandráo, is a B.A., employed in the Mysore State: the 2nd, Mr. T. Rangáráo, is LL.B.; the 3rd, Mr. Rámchanderráo, is a student.

# રાજા સર ટી. માધવરાવ, કે. સી. એસ. આઈ.

એમના વડીલ ગુંડોપંતના ૫ પુત્રો માંહેલા ૨ પ્રખ્યાત બન્યા, તેઓમાંહેલા પેહેલા વેંકટરાવ તે, 'ત્રાવણકોર' ના દીવાનને ઇંગ્રેજ સરકારે "રાય રાયા રાયે" નો ઉંચો એતાબ બક્ષ્યો હતો. તો, બીજા રંગરાવ પણ ત્રાવણકોરની દીવાનગીરી માનભરી રીતે ભોગવી ગયા. તેના ત્રણ પુત્રો માંહેલા છેલ્લા, તે આ હકીકતને લગતા સર ટી. માધવરાવ છે.

**સર માધવરાવનાં** વંશની મુળ-ઓલખ "રંગ બાનદે," અને તેમનું નામ મહાદેવ રંગનાથ, જેઓ જાતે 'મહારાષ્ટ્ર બ્રાહ્મણ' છે. તેમને રાધાબાઈએ, ત્રાવણકોરનાં 'કોમબેકોનમ' ગામમાં ઈ. સ. ૧૮૨૮ માં જન્મ આપ્યો. એઓ ઈંગ્રેજી, મરાઠી, હીંદુસ્તાની, તામીલ, મલાયા, ભાષા સારી પેઠે, તો, તેલંગી, અને કેનેરી, સેહેજ જાણેછે. —એમની દેશીભાષા મરાઠી છે. મદ્રાસ યુનીવરસીટીની હાઈસ્કુલમાં ૧૮૪૧–૪૬ સુધી કેલવણી લઈ, હોશીઆરી ખાતર એઓએ, પેહેલ્લા વર્ગનું ઈનામ અને ત્યાંના વડા તરફથી સરસ ચાલની સરટીફીકેટ મેલવી, થોડો વખત, એજ સ્કુલના વડા બદલે, ગણીત અને કુદરતી તવારીખના પ્રોફેસરનો હોદ્દો ભોગવ્યો હતો. એમના હાલ સ્વર્ગવાસી થયલા બે ભાઈઓ માંહેલો એક, તાનજોરના મેહેલનો દીવાન હતો. માધવરાવે સ્કૂલનો હોદ્દો છોડી, થોડા મહીના તાનજોરના કલેકટરની આફીસમાં કામ કીધા પછે, મદ્રાસના એકાઉનટંન્ટ જેનરલની ઓફીસમાં ૧૮૪૭–૪૯ સુધી ચઢતો હોદ્દો બજાવ્યા પછે, ત્રાવણકોરના ૧૮૪૬ માં મરણ પામેલા મહારાજા મારતંનદા વારમાહના ભાઈએ. તેનો રાજ્યકારભાર ચલાવ્યો, તેણે, પોતાના ૨ નાધલા ભત્રીજા, (જેઓ માંહેલો વડો હાલ "ત્રાવણકોર" ની ગાદીએ બીરાજે છે,) તેઓને ઈંગ્રેજી કેલવણી આપવા, ઈંગ્રેજ સરકારની ભલામણથી, માધવરાવને ૧૮૪૯ માં નેમ્યો. તે, ૪ વર્ષો ચલાવી ત્યાંનાં મહારાજા અને ઈંગ્રેજી રેસીડંન્ટનું સારૂં મત મેલવી ૧૮૫૩ ના જુલાઈમાં માધવરાવે એજ રાજ્યના—"દીવાન પેશકાર" તે નાયબ-દીવાનનો માનવંત હોદ્દો મેળવ્યો, જે ખાતર ત્યારની લોર્ડ એલફીનસ્ટનની મદ્રાસની સરકારે એની ચાલાકી વીશે સંતોષ જણાવ્યો હતો. ત્યારે ત્યાંનો મુખ્ય-દીવાન કૃષ્ણરાવ હતો, જેના કેહેવાતા અંધેર કારભાર વીશે, ત્યાંની રૈયતે મદ્રાસની સરકાર ઉપર, ફરીઆદની ચાલુ અરજીઓ કરવે, તેની તપાસ ખાતર એક કમીટી નેમી રીપોર્ટ માગવા, ત્યારની લોર્ડ ડેલહાઉઝીની હીંદની સરકારે ઈગ્લાંડની વડી સરકારને ભલામણ કરવે, તેણે, એ રાજ્ય સાથ ૧૮૦૫ ના થયલા કોલકરારોથી ઉલટું જણાવી, મહારાજાનેજ તેવીશે ચાંપતા ઉપાયો લેવા ચેતવણી આપી હતી. ડેલહાઉઝી પછે ૧૮૫૭ માં લોર્ડ કેનીંગ આવ્યો કે, હીંદુસ્થાનમાં જબરો "લશ્કરી-બળવો" ફાટી નીકલવે, એ સુધારાનો સવાલ ઝુલતો રહ્યો. માધવરાવે હોધ્ધો લે, રાજ્યના દખણ ભાગનો વહિવટ ચલાવવા માંડ્યો; કે જેની હદમાં ફરીઆદ કરનારો તાલુકો આવ્યો હતો. માધવરાવ ઉપર તેના વડાનો કાબુ હોવે તેણે, એને ત્યાં પુરતો સુધારો કરતાં ચોક્કસ હદમાં રાખવા છતાં, એને મેહેનત લેઈ ટુક મુદતમાં ત્યાંનું ઈનસાફખાતું સુધારી, લુટારૂઓનો ડર ટાલી, લોકામાં સંતોષ ફેલાવી, થતી ફરીઆદો બંધ પાડી, મેહેસુલમાં વધારો કરી, મહારાજા તરફથી ૧૮૫૫ અને ૫૭ માં ઘટતી શાબાસી મેળવી હતી. તો, તે વખતની મદ્રાસની સરકારે, માજી "કોર્ટ ઓવ ડાયરેકટર્સની સભા" ને લખ્યું હતું કેઃ—"ત્રાવણકોર રાજ્યમાં માધવરાવની નેમણુક થઈ ત્યારથી ફરીઆદો થવામાં ઘણો ઘટાડો થયો છે અને ભવીષ્યમાં પુરતો સુધારો થવાની મજબુત આશા રાખી શકાયછે." ૧૮૫૭ ના નવેમ્બરમાં મુખ્ય-દીવાન કૃષ્ણરાવ મરણ પામવે, તેના બે નાયબ-દીવાનોમાં માધવરાવ ઉતરતો હોવા છતાં, તેને પેહેલ્લે

કામચલાઉ અને પછે ૧૮૫૮ની આખેરીએ—મુખ્ય-દીવાન કાયમ કીધો, ત્યારે તે ૩૦ વર્ષની ઉમ્મરનો એક ખીલતો, ચંચળ અને ઉલટમંદ જુવાન હતો. એ વખ્તે રાજ્ય મામલો બેહેકેલો, મેહેસુલ બીગડેલી, તીજોરી ખાલી; સાહુકારોનું લેહેણું ચડેલું, નોકરોના દરમાયા ચડેલા, ધર્મખાતાં અથવા દેહેરાંઓની તીજોરીઓમાંથી ભારી વ્યાજે ૫ લાખ રૂપીઆ કહાડેલા, ઈંગ્રેજ સરકારનું દેણું ચઢી ગયલું, ન્યાયખાતું સડી ગયલું, શેહેરમાં લુટારૂઓનો દોર, અને પોલીસના જુલમથી લોકો ધ્રુજી રહ્યાં હતાં. એવા અંધેર રાજ્યમામલાનું સુકાણ હાથમાં લેઈ, માધવરાવે, તેને સઘળા જોખમમાંથી સહીસલામત તેરવીલાવ્યા ઉપરાંત પોતાના સરસ રાજ્યકારભારથી તેને ભારી પ્રખ્યાતીમાં લાવી—હીંદમાં એક "નમુંનદાર રાજ્ય" બનાવ્યું હતું. તેને મુખ્ય-દીવાન બનવાનાં બીજે વર્ષે ૧૮૫૮ માં, રાજ્યના દક્ષિણ ભાગમાં વસનારા "વટલેલ શાનાર" તે, તાડી છેજનારા હીંદુલોકો વટલી ક્રરંગી બનેલા, અને 'શુદ્ર હીંદુઓ' વચ્ચે ચાલતી દુશ્મનીએ ભયંકર રૂપ પડવે, લોકોની સલામતી ભારે જોખમમાં આવી પડી હતી. તે તોફાન, માધવરાવે સારી સમજ વાપરી સખ્ત ઉપાયો લીધા વગર બેસાડી નાખ્યું હતું. ત્યાંની સરકારે "મરી" અને "તંબાકુ" ના એકહાથ કરીરાખેલા વેપારને એ દીવાણે, રૈયતના લાભ શારૂ કાહાડી નાખ્યો, ૧૮૬૪ માં આયત તેમજ નીકાસની જકાતમાં ઘટાડો કરી વેપારને ઉત્તેજન આપી ખીલવ્યો, ખેડુતો ઉપરના દબાંણો દુર કરી રાજ્યની પડતળ જમીનનો મોહોટો ભાગ ૧૮૬૫ થી ખેડાતો કરી મેહેસુલ અને દરબારી જમીનની ઉપજ સુધારી અને વધારી, ત્યાં ઉગેલી કંઈ કરોડો નાળીએરીઓની સરસ આવક આવતી કીધી, ત્યાં 'કાફી'ની ખેતીનું જે નામ નહોતું તેને ઊત્તેજન આપી ૧૮૬૯ માં ૫૦ યુરોપીઅન કાફી ઉગાડનારાઓના વજીફા કરાવી ૧૫,૦૦૦ એકરને આસરે સરકારી જમીન ખેડાતી કીધી, અને ત્યાંનાં પહાડો ઉપર 'ચા' ઉગાડવાના કામને મદદ કીધી, જેથી રાજ્યની આવક અને આબાદીમાં વધારો થઈ, તલ્યે આવેલી તીજોરીમાં આવકનો ઝરો દુજતો થયો હતો. એ દીવાને સડી ગયલાં ન્યાયખાતાંને ગાળી લોકોને જલદી અને વાજબી ઈનસાફ મળતો કીધો, ફોજદારી અને દીવાની કાયદાઓને ઈંગ્રેજી ધોરણે સુધારચા, પોલીસને નવે પાયે મજબુત બનાવી, હરહરતા ગુનેહગારો અને રાહમારૂઓને પકડી સજા કરાવી, રૈયતની બીક અને દુઃખ ટાળ્યું, કેલવણીને ઉત્તેજન આપ્યું, સ્ત્રીકેલવણીની શરૂઆત કીધી, મોહોટા પાયા ઉપર જાહેર બાંધકામનું ખાતું ખોલ્યું, 'એલીપી' તરફ એક સુશોભીત દીવાદાંડી બાંધી, દક્ષિણ ત્રાવણકોરમાં વાહાણોની આવજા સારૂ નેહેર ખોદાવી, લોખંડના નાના મોહોટા પુલો, પાક્કી જાહેર સડકો, સુશોભીત જાહેર ઈમારતોમાં ઈનસાફની અદાલતો, કોલેજ, ધરમનું-દવાખાનું સ્કુલો, ઓસ્પીટલો, તો, પ્રગણાઓમાં કચેરીઓ, થાણાં, વગેરે બંધાવ્યાં. એમ "ત્રાવણકોરને" એક—નમુનદાર સુધરેલું શેહેર બનાવ્યું. એ દીવાને ઈંગ્રેજ સરકારને રાજી રાખવા તેનું ચહડી ગયલું મોહોટું દેણું પેહેલ્લે ભરચું હતું. એમ રાજ્યસુધારા પાછળ મોહોટી રકમ ખારચવા છતાં, એ દીવાન ૧૮૬૧ માં રૂ૦ ૪,૦૦,૦૦૦ ની જબરી પુરાંત તીજોરીમાં લાવી શકયો, અને જે પછે વર્ષોવર્ષ વધતીજ ગઈ. એ ખાતર હીંદના-વજીરે ૧૮૬૬ માં એ દીવાનના સરસ રાજ્યવહીવટ વીશે ઉંચ્ચાં મત સાથ સંતોષ જણાવ્યો હતો. એમ ૧૪ વર્ષો એ રાજ્યકારભાર ચલાવી, કીર્ત્તી મેળવી, હીંદુસ્થાનમાં પંકાઈ, માધવરાવે ત્યારના **મદ્રાસના** ગવરનર **સર ચાર્લસ ત્રેવીલીઅન**, અને પોતાના મહારાજા **રામા વરમા** તરફથી વારંવાર શાબાસી મેળવી હતી. પછે, તેણે ૧૮૭૨ માં રાજીનામું આપી એ હોદ્દો છોડયો, ત્યારે મહારાજાએ,—તેણે જીંદગીસુધી દરમાસ ચાલુ રૂ. ૧,૦૦૦ નું પેનશન બાંધી આપ્યું. **માધવરાવ** ૧૮૬૨ ની નવેમ્બરમાં **મદ્રાસની** યુનીવરસીટીના તો ૧૮૭૬ માં મુંબઈની યુનીવરસીટીના 'ફેલો' બન્યા. અને 'ધી નાશનલ ઈન્ડીયન એસોસીએશન' ના એક નાયબ–શરનશીન છે. ૧૮૬૬ ની એપ્રેલમાં, મહારાણીએ તેમને "**નાઈટ-કમાનડર ઓવ ધી ઓરડર ઓવ ધી સ્ટાર ઓવ ઈન્ડીઆ**" નો માનભર્યો એતાબ બક્ષ્યો, જ્યારે એઓ **ત્રાવણકોરના** મુખ્ય-દીવાન હતા. તે આપવાની ક્રિયા કરતાં **મદ્રાસના લોર્ડ** નેપીઅરે, માધવરાવની ઈંગ્રેજી રાજ્ય તરફની ખરી વફાદારી, અને **ત્રાવણકોરમાં** રાજ્ય-સુધારો કરવા વીશે બોલ્યા પછે, કહ્યું હતું કે:—"યાદ રાખજો કે, હીંદુસ્તાનનો એક સારો પ્રધાન,

એક દેશી રાજાની સરસ સેવા બજાવવે જેમ તે ઈંગ્લાન્ડની રાજ્યનીતી ઉપર મજબુત અશર કરેછે, તેમજ દેશી રાજ્યોના ભવિષ્ય વીશે પણ કરેછે." વાઈસરોય લૉર્ડ નેપીઅરના ટુક અમલ વખતે તેની ધારા-કાંઉનસીલના સભાસદ થવા, માધવરાવની મરજી પુછવે, તે તેવણે ખાનગી અડચણોના સબબે ઉપકાર સાથ ના પાડ્યું હતું. ત્રાવણકોર' પછે 'ઈંદોર'ના મહારાજા હોલકરે ૧૮૭૩ માં—માધવરાવને મુખ્ય-દીવાન બનાવ્યા, તે, હોદ્દો ૩ 'વર્ષની મુદત સુધીજ તેવણે કબુલ રાખી, ત્યાનાં ન્યાયખાતાંને સુધારી ૧૮૭૪ માં હીંદની વડી સરકાર તેમજ હોલકર તરફથી શાબાસી મેળવી હતી. હવે ૧૮૭૫ના એપ્રેલમાં ઈંગ્રેજ સરકારે "બરોડા"ની ગાદી ઉપરથી મલ્હારરાવને પદભ્રષ્ટ કરી, ત્યાંનો રાજ્યકારોબાર ચલાવવા માધવરાવને પસંદ કરવે, હોલકર પાસેથી રજા લેઈ, તેવણે, બરોડાના મુખ્ય-દીવાનનો હોદ્દો ૧૮૭૫ની ૧૬ મી મેએ લીધો અને તે ચલાવ્યો ત્યાંસુધી ઇંગ્રેજ સરકારે તેમને ૧૮૭૭ની ૧ લી જાનેવારીથી '**રાજા**'નો ખેતાબ બક્ષ્યો હતો. એ દીવાને બરોડામાં ઈનસાફનું ધોરણ લગભગ ઈંગ્રેજી મૂળે રાખી, પોલીસને નવે પાયે સુધારી, કેલવણીને ખીલવી મોહોટા પાયા ઉપર લાવી, મેહેસુલને સુધારી હતી. પણ ૧૮૭૭ માં ઈંગ્રેજ સરકારે "**અમદાવાદથી પાલણપોર સુધી બંધાવેલા રેલવે**"ને, ગાયકવાડી રજ્યમાંથી પસાર થતાં ત્યાંની દરબારી જમીન મુફત આપીઆ ઉપરાંત—ખોટું એ કીધું હતું કે, રાજ્યને લાભ કરનારા સઘલા હકો ઈંગ્રેજ સરકાર ઉપર મેહેરબાની કરવા છોડી દે, વળી સાંભી રૂ. ૬૦,૦૦,૦૦૦, ની મોહોટી રકમ રોકડ કાહાડી આપી હતી!! એ દીવાનગીરી ખાતર તેમને દરમાસ રૂ. ૫૦૦૦ મળતા હતા. તેવણે એ હોધ્ધો, હાલના સેયાજીરાવ મહારાજાએ ઉમ્મરમાં આવી ૧૮૮૩ ની એપ્રેલે રાજ્યનો પુરઅખત્યાર પોતાને હસ્તક લેવે છોડયો, ત્યારે એ દીવાનને એ મહારાજાએ રૂ. ૫૦,૦૦૦ ભેટ આપેલા કેહેવાય છે. સર માધવરાવની "તાનજોર" અને "ત્રાવણકોર" માં મીલકતો છે અને એ છેલ્લાં રાજ્ય તરફથી રૂ. ૧૦૦૦ નું માસીક પેનશન મળેછે. પોતે ૫૭ વર્ષની વયના હોવા છતાં એઓ બાંધે ટટાર છે. મરહુમ સર સાલારજંગ, સર માધવરાવ, અને સર દીનકરરાવ એઓએ હીંદુસ્થાનમાં નામ કહાડી મોહોટાં રાજ્ય-અધીકારીઓ તરીકે પંકાઈ બતાવી આપ્યું છે કે—દેશી રાજ્યોમાં પણ નામાંકીત પ્રધાનોની જગ્યા ખાલી નથી.

સર માધવરાવ ૧૮૪૯ ને આસરે, બાઈ યમુના સાથ પરણ્યા. તેણીએ ૬ બેટી અને ૩ પુત્રોને જન્મ આપ્યો. વડા બેટા ટી. આનંદરાવે બી. એ. ની ડીગરી મેલવી, "માહીશોર"ની દરબારમાં કામે લાગ્યોછે. તો, બીજો ટી. રંગરાવે એલ. એલ. બી. ની ડીગરી મેલવી છે. અને ત્રીજો ટી. માધવરાવ મદ્રાસની કોલેજમાં અભ્યાસ કરેછે.



પેહેલા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ.

THE LATE SIR JUMSETJI JEEJIBHOY, FIRST BART.

Vincent Brooks, Day & Son, Lith. London W.C.

THE LATE

# Sir Jamsetji Jejeebhoy, the First Parsi Bart.

THE primitive head of this world-renowned Parsi Baronet was Máyáji. The seventh in descent from him was Váchháji, who gave the surname of "Váchhá" to the family. His native place was 'Nausári' in Gujárát. Jejeebhoy, the grand-son of Váchháji, was —the first to settle in Bombay for a short time, and there was born his illustrious son Jamsetji Jejeebhoy. Jejeebhoy left 2 daughters and 3 sons, Manekji, Rustamji, and Jamsetji the First Parsi Baronet.

Sir Jamsetji was born on 15th July 1783. The greater portion of his youth was spent at 'Nausári.' In his thirteenth year he came to Bombay and joined his father-in-law, who was a dealer in empty bottles, and was consequently—known as "*bottlewálá*," a surname which attached itself to the son-in-law. At his sixteenth, Jamsetji lost both his parents, and began to feel the bitterness of an orphan's life. In 1799 he was engaged to go to China by a Pársi merchant. Having in a few years acquired sufficient experience in trade, he resigned his service and joined his father-in-law, rapidly extending his business, and making five voyages to China in connection therewith, the last of which was about the time of the war between England and France under Napolean Buonaparte. The French cruisers sailed round the Indian coasts to capture merchant ships of the "East India Company," and consequently voyages to and from China were made under escort of British men-of-war. The merchant ship in which Sir Jamsetji sailed was captured, the merchandise taken as prize, and the passengers made prisoners of war in 1807. Sir Jamsetji along with his fellow-prisoners, was carried to the 'Cape of Good Hope,' then in possession of the Dutch. On the conclusion of war he was released and shipped to Calcutta, whence he returned to Bombay. By this time he had amassed a large fortune, and his trade extended to China, Burmah, Siam, Italy and England. His partner died in 1817, so he formed partnership severally with three most prominent merchants of his time—Motishá, Nácodá Rogáy, and Furdunji Dáriwálá. The new connections turned most prosperous, and he became known as the—merchant prince of India. He built eight ships of his own to carry on his foreign trade, chiefly in 'cotton' and 'opium,' but the business was so extensive that beside his own, he had to charter several ships for his goods. His name was not hitherto known beyond his commercial circle. But in 1822, in celebration of the marriage of his eldest son, he released a number of debtors from the civil jail by paying off their debts and became a man of mark in the public. This was—

the beginning of that charity which ceaselessly increased with his life, and gave to him his world-wide fame. His charity was not confined either to his community or his country, but was cosmopolitan, and extended even to Europe. For this, Her Majesty the Queen-Empress was pleased to confer upon him the title of "**Knighthood**" from among her countless myriads of India, and the ceremony was performed with solemn pomp by Mr. Anderson then Governor of Bombay, on 25th May 1842. The public of Bombay congratulated Sir Jamsetji for his unique honor by waiting upon him with an influential deputation and address on 15th June 1842; and the people, chiefly the Parsis of 14 different cities, sent to him their addresses. The Parsis of Bombay raised a subscription of Rs. 15,000 to perpetuate the occasion, to which Sir Jamsetji added the princely sum of Rs. 3,00,000. The first sum was set apart as the "Sir Jamsetji Jejeebhoy Translation Fund" for encouraging translations from foreign languages into Gujaráti, and the subsequent sum of Rs. 3,00,000 was on 9th January 1849 given over to Government in perpetual trust at 6 per cent. per annum, and a committee of six Parsi gentlemen formed to manage from its interest the "Sir Jamsetji Jejeebhoy Parsi Benevolent Institution," and to extend support to indigent Pársis in Bombay and elsewhere. By prudent management for several years, the committee saved a large sum which, with contributions from the family, they spent in raising a handsome school-house for the Institution at an expense of Rs. 3,00,000 in February 1873. On 15th December 1843 Sir Jamsetji was—further honored with a gold 'medal' by Her Majesty, through the then Governor Sir George Arthur, Bart., for his unceasing charity, and on 14th April 1855 honored also with the "Freedom of the City of London" by the Common Council. In 1857 a most influential meeting, presided over by the then Governor Lord Elphinstone, in the Town Hall of Bombay, proposed to order out from London—a marble statue by public subscription. A sum of Rs. 1,00,000 was subscribed, and the statue was placed in the Town Hall on 23rd July 1859. In 1858 Sir Jamsetji was further exalted to a "**Baronetcy**," which his grandson, the Hon'ble the 3rd Sir Jamsetji, C.S.I., now holds. For preserving the dignity of his title Sir Jamsetji set apart Rs. 25,00,000 in perpetual trust with the Government of India, to pay 6 per cent. interest to every succeeding Baronet. A special Act was passed thereon in the Supreme Legislative Council of India in 1880. His princely public charities may be enumerated as follows:—

| | |
|---|---|
| Amount given in support of the *Pancháyet* Funds of Parsis, to spread education for both sexes of their children, and to maintain Parsi religious places .......... | Rs. 7,92,500 |
| For 'the Sir Jamsetji Jejeebhoy Hospital,' and charitable dispensaries in several places .......... | ,, 6,09,950 |
| In laying pipes and dams to supply fresh water, and erecting bridges, cause-ways, wells, public roads, &c. .......... | ,, 5,49,675 |
| In founding the 'Sir Jamsetji Jejeebhoy School of Arts,' contribution towards 'the Grant Medical College,' and to several public and private schools in Bombay .......... | ,, 2,33,000 |

| | | |
|---|---|---|
| Fund for supporting invalid Europeans, maintaining institutions for the indigent of all classes, as well as the lame and the blind men of Bombay... | Rs. | 2,87,000 |
| Support extended to several public funds .............................................. | „ | 76,000 |
| Contribution towards public memorials .............................................. | „ | 10,000 |
| To Schools of Industry, and in relief of civil debtors .............................. | „ | 6,540 |
| Total of charities extended in his lifetime .............................................. | Rs. | 25,64,665 |
| Charities after his death, as prescribed in his will.................................. | „ | 1,12,000 |
| Grand Total ... | Rs. | 26,76,665 |

His 'private' charities have been believed to be nearly as large as his public donations. He gave away princely sums at a stroke as well as by monthly or annual allowances to several respectable families who had the misfortune of being ruined. Eleven public schools for boys and girls are maintained by his liberality in the Bombay Presidency. He was the—acknowledged and revered head, not only of the Parsi, but of all native communities of Bombay. Sir Jamsetji's advanced age and infirmity had deprived him for several years before his death from taking part in public movements. He died of 'dropsy' on 24th April 1859, and his death was observed as a public mourning in Bombay. Every Bank, European and Native Office, Manufactory, Shops and Schools had been closed. Every class of people crowded the Street of Bombay, to pay respect to the departed Nobleman. The Government of Lord Elphinstone offered to pay military honors to the funeral; but in pursuance of the Parsi religious tenets the heirs had thankfully declined it. The late Sir Jamsetji left an immense fortune of Rs. 85,50,000,—the gain of his own industry and enterprise. His princely liberalities have made the Pársi community better known in all European countries, and the monument of his fame will last for ever.

Sir Jamsetji was married to Bai Avabái, the first Lady Jamsetji, who gave birth to 7 sons and 1 daughter. The first four died in infancy, and three last, Mr. Cursetji, Mr. Rustamji, and Mr. Sorabji survived their illustrious father, each attained honor and left monuments of his individual charity. The daughter, Bái Pirozbái, alone is now alive. [A sketch of the lives of the first two sons has been given in the following pages]. The third son, Mr. Sorabji, was an accomplished oriental scholar, who has published several interesting works in Gujaráti, and also delivered public lectures. He built a High-School in Surat, an Hospital in Broach, an Anglo-Vernacular School in Baroda, besides extending other charities. Within eight years after his father's demise—he contributed the large sum of Rs. 1,50,000 to public charity. The—first Dowager Lady Jamsetji gave Rs. 2,50,000 in charity out of her own means.

# મરહુમ

## સર જમસેદજી જીજીભાઈ, ૧ લા બેરોનેટ.

પૃથ્વી ઉપર પંકાઈ ગયલા એ શાખી નરના મૂળ-વડીલ માયાજીની ૭ મી પેઢીના વાછાજી ઉપરથી એ વંશની ઓળખ "વાછા" પડી, તે, તેમની ૩ જી પેઢીના જીજીભાઈ સુધી ચાલી. તેઓ પેહેલે ગુજરાત માંહેલાં નવસારીમાં 'મલેકશારહા' જે પાછળથી 'મલેશાર' બોલાયું, ત્યાં વસ્યા પછી, મુંબઈ આવ્યા કે— જ્યાં સર જમસેદજીનો જન્મ થયા પછે, તેઓએ પાછા નવસારીમાં જઈ રહી, ત્યાં ૨ બેટી અને ૩ હૈયાત પુત્રો, માણેકજી, રૂસ્તમજી અને જમસેદજીને મેલી, ગરીબી હાલતે સ્વર્ગવાસી થયા. તેઓમાંહેલા છેલ્લા, તે આ હકીકતને લગતા સર જમસેદજી હતા.

સર જમસેદજીને, બાઈ જીવીબાઈએ, મુંબઈમાં ૧૭૮૩ ની ૧૫ મી જુલાઈએ જન્મ આપ્યો, તેઓ ગુજરાતી, ઇંગ્રેજી જાણતા હતા. નવસારીમાં ઉછરી ૧૩ વર્ષની વયે પાછા મુંબઈ આવ્યા, તેને ત્રીજે વર્ષે, એમના મા બાપ એક પાછળ એક સ્વર્ગવાસી થવે તેઓ આધાર અને આશરા વગરના થઈ પડ્યા હતા. મુંબઈમાં, તેમના સસરા ખાલી બાટલીઓ વગેરે વેચનારા હોવે **"બાટલીવાલા"** કેહેવાવે, તેમના હાથ હેઠળ કામ કરવાથી જમસેદજી પણ તેજ ઓળખથી જાણીતા થયા હતા. એઓ, ૧૯ વર્ષની ઉમ્મરે 'તબાક' ખાનદાનના એક સાહસીક ચીનના પારશી વેપારીને ત્યાં મેહેતા રહી, ઈ. સ. ૧૭૯૯ માં—પેહેલે ચીન ગયા હતા. પોતાની ચંચળ મનશકતી, મજબુત બાંધો, અને ભારે મેહેનત કરવાની શકતી અને ઉલટથી એઓ ટુંક મુદતમાં વેપારી જ્ઞાન અને અનુભવ મેલવી, ચાકરી છોડી સ્વતંત્ર થયા. ત્યારથી—એમનું તાલે જે ખીલતું ચાલ્યું તે એમની જીંદગી સાથજ ખતંમ થયું હતું. હવેથી સર જમસેદજીએ પોતાના સસરા ફરામજી બાટલીવાલા સાથ પંત્યાલામાં ચીનનો વેપાર શુરૂ કીધો, તે ખાતર, એઓએ ૨૪ વર્ષની વયથી ત્યાં બધી મલી ૫ શફરો કીધી, ત્યારે ૧ લા નેપોલીઅન તે નેપોલીઅન બોનાપાર્ટ અને ઈંગ્રેજો વચ્ચે ૧૭૯૯ થી ૧૮૧૪ સુધી ભારે શત્રુભાવ ચાલવે, ફ્રેંચ લડાઈનાં બારકશો, ઇંગ્રેજી "ઈસ્ટ ઈંડીયા કું." નાં વેપારી વાંહાણોને પકડવા ફરતાં રેહેવે, તેઓની સંભાળ ખાતર સાથે ઇંગ્રેજી મનવારો રાખવામાં આવતી હતી. ત્યારે એકવાર બંગાળના ઉપસાગરમાં, સર જમસેદજીવાલાં વાહાણ ઉપર હુમલો થયા છતાં, તે સલામત બંચી મુંબઈ આવ્યું હતું. પણ ૧૮૦૭ માં એમની ૫ મી અને છેલ્લી સફરની વખતે, ફ્રેંચોએ, ઇંગ્રેજી વેપારી કાફલા ઉપર હુમલો કરી પકડી, ઉતારૂઓને પણ બંધવા કીધા હતા, અને તેઓને ત્યારનાં વલંદાઓને તાબેનાં "કેપ ઓવ ગુડહોપ" ને કીનારે લાવી છોડી મેલ્યા હતા. ત્યારે, સર જમસેદજીની માલ મીરાશ તદંન લુટાઈ જઈ, ફકત આંગ ઉપરના વસ્ત્રજ બચ્યાં હતાં. તે દુઃખમાંથી એમને એક દયાળુ ઈંગ્રેજ સ્ત્રીની ભલાંમણથી, ત્યાંના ઈંગ્રેજી કોનસલે છોડવી, વળી રસ્તા ખરચ સારૂ ૨૦ ડાલર આપી કુલકત્તે મોકલ્યા, ત્યાંથી એઓએ મુંબઈ આવ્યા પછે, વધુ સફર કરવાનું માંડીવાલ્યું હતું. એ વખતમાં એઓએ મોહોટી દોલત ભેગી કિધી હતી અને પોતાના સસરા સાથ ભાગમાં શીંગાપોર, ચીન, સેઆમ, મીલાન ઇંગ્લાંડ વીગરે શેહેરો સાથ ખોહોળો વેપાર ચલાવ્યો. ૧૮૧૭ માં એમના ભાગ્યાનાં મરણથી, સર જમશેદજીએ, તે વખતની મુંબઈની મોહોટી આંટ અને વગવાલી પેહેલા વર્ગની ત્રણ જાણીતી તે, શાહા મોહોતીસાની, નાખોદા મહમદ અલી રોગેની અને ફરદુનજી દાહાડીવાલાની પેહેડીઓ સાથ, પંત્યાલામાં જોડાઈ પોતાના વેપારને ખુબ મજબુતી આપી, જબરો ફેલાવી, ભારે દોલત મેળવા સાથ એક સાહસીક વેપારી સરદાર

તરીકે ખીલી નીકલી ભારી આબરૂ મેલવવા લાગ્યા. એમના ચીનના આડત્યા, જાણીતા 'મેશઅરસ જારડીન મેથીશનની કું.' હતા. એમનો વેપાર એટલો તો બોહોળો ફેલાયો હતો કે, પોતાનાં ૮ વહાણો બંધાવવા છતાં કોઈ વાર બીજાં નોલે માંડવા પડતાં હતાં. એમનો—વેપાર મુખ્ય કરી 'રૂ' અને 'અફીમ' નો હતો. એઓ ૧૮૨૨ સુધી જેવા વેપારી મંડળમાં પ્રખ્યાત થયા, તેવા સાધારણ લોકોમાં ન થયા હતા, એ સાલમાં પોતાના વડા બેટાનાં થયલાં લગંનની ખુશાલીમાં, મુંબઈની 'કાઉનટી જેલ'માં પડેલા નાધલા દેવાદારોનું કરજ આપી છુટા કીધા, તે સર જમસેદજીની —પેહેલી સખાવત હતી, જે પછે તે નીરંતર રીતે મોહોટા કદમાં વેહેતી અને વધતીજ ચાલી, એ પરદુઃખભંજન મહા શખી નરના અંત સાથેજ દુજતી બંધ પડી; તેની યાદગારીનો છાપ આખ્ખી સુધરેલી દુન્યાથી મન અને દીલ ઉપર એવો તો મજબુત બેઠો છે કે, જે કયામત સુધી ભુશરાઈ કે વીશરાઈ જવાનો નથી. એમની પરોપકારી સખાવતોના થતા જતા વધારા સાથ, મુંબઈ સરકાર, તેમના જાહેર માનમાં પણ વધારો કરતીજ ચાલી હતી. તેમને પેહેલે 'પેટી' અને પછે 'ગ્રાંડ-જુરી'માં બેઠક આપીઆ પછે 'સુલ્લેહના અમલદાર' ઠેડવ્યા. રોયલ એશીઆટીક સોસાયટી" ના ઈંગ્રેજ સભાસદોએ, આપ ખુશીથી એમને ૧૮૪૦ માં એક સભાસદ કીધા. એમની ખીલતી જતી પાદશાહી સખાવતોનો પમરાત હીંદમાંથી પસરતો છેક ઇંગ્લાંડ જઈ પોહોંચવે, મહારાણી વીકટોરીઆએ તેથી મઘંન થઈ, હીંદમાં પોતાની ઉભાઈ જતી કરોડો માણસની સલતનતમાં સર જમસેદજીને —પેહેલવેહેલા '**નાઈટ**'બનાવ્યા, તેની દબદબા ભરી કીયા ત્યારના કામચલાઉ ગવરનર મી૦ આંદરસને પરેલના સરકારી મેહેલમાં ૧૮૪૨ ની ૨૫ મી મેએ કરતાં, એમની પાદશાહી સખાવતો વીશે અશરકારક ભાષણ કીધું હતું. હવેથી એઓ "**સર જમસેદજી જીજીભાઈ નાઈટ**" ના દબદબા ભર્યાં નામથી ઓલખાયા, તે વીશેની ખુશાલી બતાવવા, એજ સાલની ૧૫ મી જુને, મુંબઈની પ્રજાએ ૧,૦૦૦ થી વધુ સહીનું જાહેર માનપત્ર એમને આપ્યું હતું. તો, પારશીઓએ ખુશાલી બતાવવા ઉઘરાણાંથી રૂ. ૧૫,૦૦૦ ભેગા કરી, તેનો ઉપયોગ પોતાની નજરમાં આવે તેમ કરવા, એમને એલતેમાસ કરવે, તેવણે તેમાં રૂ. ૩,૦૦,૦૦૦ ની ગંજાવર રકમ ઉમેરી, પેહેલા રૂ. ૧૫,૦૦૦ ને હેલાયધાજ રાખી, તેનાં વ્યાજમાંથી વિદ્યા, હુન્નર, અને જરતોસ્તી ધર્મને લગતાં પારકી ભાષાનાં લખાણોનાં ગુજરાતી તરજુમાનાં પુસ્તકો રચવા ઉત્તેજન આપી, તેઓનો પારસીઓમાં ફેલાવો કરાવવા ઠરાવી, તેને "સર જમસેદજી ટ્રાન્સ્લેશન ફંડ" નામ આપ્યું, તે હાલ ચાલુજ છે. બાકીના રૂ. ૩,૦૦,૦૦૦ ના વ્યાજમાંથી એક સ્કુલ, જે હાલ "સર જમસેદજીની ધરમની સ્કૂલ" નામે મોહોટા પાયા ઉપર ચાલે છે તે સ્થાપી. જેમાં જરતોસ્તી બાળકોનેજ, ગુજરાતી, ઇંગ્રેજી વીગરેની સંપુર્ણ કેલવણી અપાય છે, એ સ્કૂલનો ખરચ ચલાવવા ઉપરાંત, દેશાવરના ગરીબ પારશીઓને પણ તેમાંથી આશરો આપવાનો મજબુત બંદોબસ્ત કરી, ત્યારની મુંબઈની "ઇસ્ટ ઈંડીયા કંપની" સરકારને હંમેશના ત્રસ્ટીઓ ઠેડવી, એ રકમ, એક ત્રસ્ટ-ડીડ મારફતે, શેંકડે ૬ ટકાના ચાલુ વ્યાજે, તેમને હસ્તક ૧૮૪૯ ની ૯ મી જાનેવારીથી આપી; એ ફંડનો કારોબાર જરતોસ્તી ગૃહસ્થોની એક મંડલી ઠેડવી તેમને હસ્તક સોંપ્યો હતો, એ કારોબાર-મંડળીએ, વ્યાજના થયેલા વધારામાંથી "સર જમસેદજી જીજીભાઈ ગુજરાતી અને ઈંગ્રેજી ધર્મની સ્કુલ"ની એક ગંજાવર અને સુશોભીત ઈમારત, રૂ. ૩,૦૦,૦૦૦ થી વધુ ખરચે કોટમાં બાંધી, ૧૮૭૩ ની ૧ લી ફેબરવારીએ ખોલી છે. સર જમસેદજીને ખેતાબ મલવાની ખુશાલીમાં, પુણા, સતારા, જાલના, નગર, હૈદ્રાબાદ, ભરૂચ, સુરત, નવસારી, ઉદેપોર, વલસાદ, ગણદેવી, બીલીમોરા અને અંકલેસરના જરતોસ્તીઓએ પણ મુબારકબાદીનાં "માનપત્રો" મોકલ્યાં હતાં. ૧૮૪૩ ની ૧૫ મી દીસેમ્બરે, મહારાણીએ ભેટ મોકલેલો એક **સોનાનો ચાંદ**, એમને ભેટ આપતી વખતે, ત્યારના મુંબઈના ગવરનર સર જે. આરથર બેરોનેટે, પરેલના સરકારી મેહેલમાં ભેગી મળેલી ગંજાવર જાહેર સભા હજુર, એમની અજબકરનારી જાહેર અને ખાનગી સખાવતોની ભારે તારીફ કીધી હતી. 'ચાંદ' ની એક બાજુ મહારાણીની હીરા જડીતની છબી તો બીજી તરફ લેખ હતો કેઃ—"સર જમસેદજી જીજીભાઈને તેમની બોહોળી સખાવતો અને દેશ હીતકારીપણાંનાં

માનની યાદ દાખલ બ્રીટીશ સરકારે ભેટ આપ્યોછે." એઓએ જાત ન્યાતનો ફરક ન રાખતાં કીધેલી બેહદ બોહોળી સખાવતો ખાતર, ૧૮૫૫ ની ૧૪ મી એપ્રેલે લંડન શેહેરની 'કોમન કાઉનસીલ' તરફથી, એમને "ફ્રીડમ ઓવ ધી સીટી ઓવ લંડન" નો હક મળ્યો હતો. એમનાં વધતાં જતાં નામાંકીત કામોની કદર બુજવા ૧૮૫૭ માં મુંબઈના આગેવાન યુરોપીઅન અને દેશી ગૃહસ્થોની એક વગવાલી જાહેર-સભાએ ત્યાંની ટાઉન-હોલમાં મળી, સર જમસેદજીનું—એક સંગેમરમરનું આખ્ખું 'બાહાવલું' જાહેર ઉઘરાણાંથી બનાવી મંગાવવાનો ઠરાવ કીધો, ત્યારે તેના શરનશીન મુંબઈના ગવરનર લોર્ડ એલફીનસ્ટને, ભારી ખુશી અને ઉલટથી, એ શખ્શી નરવીશે કીધેલાં અતી અશરકારક અને રશીલાં લંબાણ ભાષણના થોડાક બોલો જણાવ્યેઃ—"આ ગંજાવર સભા, જે આજે ભેગી થઈ છે, તેજ, પોતાની મેળે જણાવે છે કે, લોકો સર જમસેદજી તરફ કેટલી બધી પ્રીતી અને માન ધરાવે છે. એ ઉમરાવે દરેક પરોપકારી કામોમાં આપખુશીથી સખાવત લંબાવી છે, અને ઓસ્પીટલ, કેલવણી ખાતાં, કુવા, તલાવો, પુલો વગેરે ઘણાંક ધર્મખાતાંઓ સાથ એમનું નામ મજબુતીથી જોડાયું છે. સકામઈથી મેલવેલા દ્રવ્યનો ઉપયોગ કેમ કરવો? તેનો ઝળકાટ ભર્યો ચીતાર આ ઉમરાવનું બાહાવલું' આવતા જમાનાનાં લોકોને શીખવશે." એવીશે ફરતી કીધેલી ટીપમાં, સઘલી જાત ન્યાતે રૂ, ૧,૦૦,૦૦૦ ની રકમ ભરી, તેનું વેલાતથી બનીઆવેલું બાહાવલું ૧૮૫૯ ની ૨૩ મી જુલાઈએ મુંબઈની ટાઉન-હોલમાં ખુલ્લું મેલ્યું હતું. 'નાઈટહુડનો' ખેતાબ જીંદગી સુધીજ ભોગવાનો હક હોવાથી, સર જમસેદજીના ભલાં કામોની યાદ વંશપરંપરા અમર રાખવા ખાતર, મહારાણીએ, તેમને 'બેરોનેટ'નો ખેતાબ ૧૮૫૮ માં બક્ષ્યો કે જે તેમનાં કુટુંબના વડા પુત્રનો વડો પુત્ર ચાલુ રીતે ભોગવતોજ રેહેશે, કે જે હાલ એમના નબીરા શેઠ માણેકજી. સી. એસ. આઈ. ભોગવે છે. એ ખેતાબનો મોહોભ્ભો જાલવવા ખાતર, સર જમસેદજીએ, મુંબઈ સરકાર હસ્તક રૂ. ૨૫ લાખ અનામત મેલ્યાછે, તેના વ્યાજના દરસાલ ઉપજતા રૂ. ૧,૦૦,૦૦૦ એ ખેતાબ ધરાવનારે મળેછે. એ ખાતર હીંદુસ્તાની-વડી-ધારાસભાએ ૧૮૬૦ માં એક ખાશ કાયદો બાંધી, એ ખેતાબ ધરાવનારે "મઝગાંમ કેસટલ" માંજ રેહેવા ફરજ પાડી છે. ૧ લા સર જમસેદજી જબરા બોહોળા વેપારમાં ગુંથેલા અને પરોપકારી કામોમાં ગુંથાયલા રેહેલા છતાં, તેઓએ, "ખોલાશે પંચાએત" નામનું પુસ્તક છાપી, તેમાં પારશી પંચાયતના આગલા હંધેર કારોબાર અને પારશી સંસારી જીકર વગેરે બાબદો સમાવી હતી. સર જમસેદજી રૂ. ૨૬,૦૦,૦૦૦ ની ગંજાવર બક્ષેસો કરી નામ અમર રાખી ગયા તે વીશે ટુંકમાં જણાવ્યેઃ—

| | |
|---|---|
| મુંબઈમાં સ્થાપેલાં "સર જમસેદજી જીજીભાઈનાં જરતોસ્તીઓ ખાતર જાહેર ધર્મખાતાંઓ" નાં, | રૂ. |
| અને ઉપલા રૂ. ૩,૦૦,૦૦૦ માજી 'ઈસ્ટ ઇંડીઆ કું.' ને કાયમ ટ્રસ્ટમાં આપેલા મળી એકંદર... | ૪,૪૦,૦૦૦ |
| નવસારીના અશક્ત જરતોસ્તીઓના ગુજારા ખાતર, તેમની ધર્મની અને જાહેર ખાનાંપીનાંની મોહોટી ઈમારતો બાંધવા, વગેરે નીશાળો, નવા રસ્તા અને દવાખાનાંઓ ખોલી તેઓનો ખરચ ચલાવવા... | ૩,૪૬,૫૦૦ |
| સુરત, ભરૂચ, બીલીમોરા, નવસારી, ઉદવાડા, ગણદેવી, વલસાડ અને પુણાના જરતોસ્તીઓના ધમબાર વગેરેનાં જાહેર ફન્ડો અને સ્થપાયલા ધર્મખાતાંઓમાં ........................ | ૩,૦૫,૦૦૦ |
| મુંબઇની પારશી પંચાયતના ધર્મ ખાતાઓમાં અને ગુજરાતના જરતોસ્તીઓના ફંન્ડોમાં ...... | ૨,૬૫,૦૦૦ |
| મુંબઇમાં "સર જમસેદજી જીજીભાઈ ઓસ્પીટલ" અને "ગ્રાંટ મેડીકલ કોલેજ" બાંધવા અને ત્યાંના વિદ્યાર્થીઓને સ્કોલરશીપો વગેરે ઇનામો આપવા ........................................ | ૨,૦૯,૯૫૦ |
| પુણાની રૈયતને 'મુલા' નદીમાંથી નલ મારફતે પાણી પુરૂં પાડવા .................................... | ૧,૮૦,૦૦૦ |
| પ્રજાત નાચારોને રેહેવા અને ખાવા, મુંબઇમાં ઉભી થયલી "ડીસ્ટ્રીક્ટ બેનીવોલન્ટ સોસાયટી" ને અને આંધલાં, પાંગલાંઓનાં ફંન્ડોમાં............................................................. | ૧,૮૦,૦૦૦ |
| માહીમ અને વાંદરા વચ્ચે "લેડી આવાબાઈ કોઝવે" (પુલ), અને માહીમના આગર આગલ "લેડી જમસેદજી રોડ" બાંધવા ......................................................................... | ૧,૭૭,૮૦૦ |

| | રૂ. |
|---|---|
| પુણા, સુરત વગેરે શેહેરોમાં આગીઆરીઓ, દુખમાં, વગેરે જાહેર જમણોની જગ્યા બંધાવી આપી, અને ફંન્ડોમાં ભર્યા ........ | ૧,૦૨,૮૫૦ |
| મુંબઇની "સર જમસેદજી જીજીભાઈ સ્કુલ ઓવ આર્ટ્સ" ને જાથુક ચલાવવા, સરકાર હસ્તક આપ્યા. | ૧,૦૦,૦૦૦ |
| ધર્મશાળાઓ, તલાવો, કુવા, પુલો અને રસ્તા બાંધ્યા ........ | ૮૧,૦૨૫ |
| મુંબઈની અને પાટનની, પાંજરાપોલોને મદદ ........ | ૭૬,૦૦૦ |
| મુંબઈમાં પારશીઓ ખાતર જાહેર "આલાઈ બાગ" બંધાવ્યો ........ | ૭૦,૦૦૦ |
| નાચારીમાં ફસી પડેલા દેશી કુટુંબોને જાહેર મદદ ........ | ૪૪,૦૦૦ |
| સ્વર્ગવાસી મોહોતીચંદ અમીચંદની યાદગારીમાં સુરત અને ખંભાતના મુફલેશ હીંદુઓની પરવશી થવા ધર્મખાતું સ્થાપ્યું ........ | ૩૦,૦૦૦ |
| ઇરાણી જરતોસ્તીઓનો "જજીઆ" નો કર ભરવાનાં ફંન્ડને ........ | ૨૫,૦૦૦ |
| નાચાર યુરોપીઅન કુટુંબોને, કલકત્તાની ધર્મની સ્કુલને, યુરોપનાં સ્કોચ અને આયરીશ દુકાલીયાંઓને, દીવાનીપોર્ટની નેવલ સ્કુલ ફંન્ડ, પેટ્રીઓટીક ફંન્ડ, અશકત યુરોપીઅનોને બેડા મુસારો આપવા, વગેરે બીજાં ફંડોને કીધેલી મદદ ........ | ૨૨,૦૦૦ |
| મુંબઇની એલફીનસ્ટન કોલેજની "પ્રોફેસરશીપ" નાં, અને યાદગારીના ફંન્ડોમાં ભર્યા ........ | ૨૧,૦૦૦ |
| નવસારીના જરતોસ્તીઓ ઉપરનો ગાયકવાડી "અંતોબાનો વેરો" કહાડી નાખવા ગણપતરાવ ગાયકવાડને 'ઉચકો' આપ્યો ........ | ૧૭,૦૦૦ |
| મુંબઇનાં સેલર હોમને, સીવરીની ઉદ્યોગશાળાને, અને નાધલી રકમોના દેવાદારોને છોડવવા મદદ કીધી ........ | ૬૫૪૦ |
| પોતાની હૈયાતીમાં રકમ હેલાયધી કહાડી, વીલમાં તે વીશે ફરમાવી જઇ જાહેર ધર્મ કરાવ્યો ........ | ૧,૧૨,૦૦૦ |
| | રૂ. ૨૬,૧૧,૬૬૫ |

ઉપલો સરવાળો સર જમસેદજીની જાહેર અને જાણીતી સખાવતોનું ગંજાવર દળ બતાવેછે, તો, એમની —ખાનગી સખાવતો કંઈ કમી વીચરાતી નથી, કે જે, તેઓએ છુટે હાથે પણ છુપી રીતે જાત પરજાતનો ફરક રાખ્યાવગર કીધી હતી. તેના જાહેરમાં આવેલા થોડાક દાખલાઓ માંહેલો એકજ જણાવ્યો કે, મુંબઈમાં એક વાર પ્રખ્યાત થયલા પોર્ટુગીઝ વેપારી અને શેહેરી સર રોજર ડે ફારીયાની હાલત તંગ થવે, સર જમસેદજીએ, તેને જીંદગી સુધી મદદ આપ્યા પછે, તેનાં જાણીંતાં કુટુંબને મજગામમાં એક બંગલો મફત રેહેવા આપી વળી તેઓના ગુજરાણ ખાતર એક રકમ હેલાયધી કહાડી ગયાછે. એમની સખાવતથી મુંબઈ અને દેશાવરોમાં છોકરા અને છોકરીઓની ૧૧ સ્કૂલો ચાલેછે. મુંબઈની "સર જમસેદજી ઓસ્પીટલ," ગ્રાંટ મેડીકલ કાલેજ", માહીમ અને વાંદરાં વચ્ચેનો ગંજાવર "લેડી આવાંબાઈ પુલ," "સર જમસેદજી જીજીભાઈ સ્કૂલ ઓવ આર્ટસ", "અલાઈ બાગ", વગૈરે એમની સખાવતોની મહાભારત ઈંધાંનીઓ હાલ હયાત ઉભીઓ છે. સર જમસેદજીએ, ૧૮૨૨ માં પારશી પંચાયતના એક અધિકારી બની પોતાની કોમની ઉલટ ભરી સેવા બજાવીઆ પછે, ૧૮૪૨ માં તે હોદ્દો છોડયો હતો. સુરતના પારશીઓને, મોગલાઈ રાજ્ય તરફથી ત્યાં દોખમું બાંધવા મુફત મળેલી જગ્યા ઉપરાંત, વધુ જગ્યા એઓએ રૂ. ૧૧૦ નાં વાર્ષીક ભરણાંથી લીધી હતી, તે દેણું ઈંગ્રેજ સરકારને હસ્તક આવવે, તેઓને અરજ કરી ૧૮૪૭ માં ભરાતું માફ કરાવી, એઓએ સુરતના જરતોસ્તીઓ ઉપર ઉપકાર કીધો હતો. વળી, નવસારીના પારશીઓ પાસેથી લેવાતા ગાયકવાડી "અંતોબાના વેરા" માંથી તેઓને છોડવવા, એ ધર્મી નરે ૧૮૪૯ માં ગણપતરાવ ગાયકવાડને સમજાવી, તે હમેશનો માફ કરાવી, ઉચકા બદલે પોતે રૂ. ૧૭,૦૦૦ આપ્યા હતા. રજલતાં કુતરાંઓને સરકારે ઢગલા બંધ મારી નખાવવે ૧૮૩૨ ની ૭ મી જુને—મુંબઈમાં 'કુતરાંનું મોહોટું ઉલ્લડ'

થવે, રાજ્ય અને પ્રજા વચ્ચે સારી લાગણી જાલવવા અને મુખ્ય કરી મુંગા જનાવરોની દયા ખાતર એ સરે, મુંબઈ અને બીજા દેશાવરોમાં "પાંજરાપોલો" બંધાવવા સારૂ ત્યારના જાણીંતા હીંદુ શેઠ મોતીસાહ મારફતે, તેમાં હીંદુ કોમની સામેલગીરી લેઈ તે કામ ૧૮૩૪ માં શુરૂ કરી, તેને ૧૬ વર્ષો સુધી તન, મન, અને ધનથી રૂ. ૭૨,૦૦૦ ની મદદ આપી ટકાવ્યા પછે, તેનું ચક્કર ઠીક ચાલતું જોઈ, તેનો કુલ વહીવટ હીંદુ મહાજન હસ્તક સોંપી, તે ઉપર પોતાની દેખરેખજ રાખી હતી, જે ખાતું આજ ઘણાજ મજબુત પાયા ઉપર ઉભું છે. હવેથી જો કે, સર જમસેદજી નાંતવાંનીથી—એકાંતવાસ થયા હતા, તો પણ તેમની દુજતી સખાવતનો ધોટ તો એમના અંતકાલ તુલીક વેંહેતોજ રહ્યો હતો. 'જલંદર'ના મરજથી થોડાક દીવસ સખ્ત માદગી ભોગવી એઓ ૧૮૫૯ ની ૨૪ મી એપ્રેલે સ્વર્ગવાસી થયા, ત્યારે મુંબઈ શેહેરે શોક પાલી, સઘલી બેંકો, દેશી અને યુરોપીઅન પેહેડીઓ, રૂના ઈસ્કરૂઓ, નીશાળો અને સ્કૂલો, અનાજના જથ્થાવાલા અને ગોદીના કામદારો, વગેરે બીજા ધંધાદારીઓએ પોતાનું કામ બંધ રાખી જાહેર દલગીરી બતાવી હતી, અને મોહોલ્લાઓમાંથી પસાર થતાં એમનાં રવાંનને—છેલ્લો શેજદો કરવા, ઘરોની બારીઓ અને અગાશીઓ ઉભાઈ ગઈ હતી, તો કોટથી ધોબીતલાવના લત્તા સુધી જાહેર રસ્તાની બેઉ બોરડુએ ભેગી મલેલી તરેહવાર જ્યાત ન્યાતની જબરી ઠઠે, એમને ઘણા માનથી નમંન કીધું હતું. એ મહાન પુરૂષના મરણની નોંધ જરતોસ્તી અનજુમનના દફતરમાં રાખવા, અને તેમનાં કુટુંબ ઉપર એક દીલાશાપત્ર મોકલવાના ઠરાવ, પારશીઓની મુંબઈમાં ભરાયલી એક મોહોટી સભાએ અનુમતથી પસાર કીધા હતા. એ શખી નરના ઉઠમણાની ક્રિયા વખતે, તેઓએ વીલમાં ફરમાવી જવા મુજબ, તેમનાં નામથી, ઘણાંક જાહેર ધર્મખાતાંઓમાં સામટો રૂ. ૧,૧૨,૦૦૦ નો ધર્મ થયો હતો. સર જમશેદજીએ અજબ કરનારી ગંજાવર સખાવતો કરવા ઉપરાંત, પોતા પાછલ રૂ. ૮૫,૫૦,૦૦૦ ની દોલત મેલી જઈ, પોતાનું વીલ, માજી 'સુપ્રમ કોર્ટ' માં નોધાવ્યું હતું. તેઓએ, પોતાના બેરોનેટ થનારા વડા પુત્ર સારૂ અનામત મેળેલા રૂ. ૨૫ લાખનું દરસાલ રૂ. ૧ લાખનું ચાલુ વ્યાજ મેળી જવા ઉપરાંત બીજા રૂ. ૩ લાખ આપ્યા વત્રોગે રૂ. ૧૮ લાખના વારશાનો હીસ્સો આપી જઈ, રૂ. ૩ાા લાખ પોતાના કુટું-બીઓ અને બીજાઓમાં વેંહેચવા ફરમાવીગયા હતા. અને પોતાના બીજા બે પુત્રો માંહેલા દરેકને વારશામાં રૂ. ૧૮ લાખ આપ્યા હતા. એમની લંડન માંહેલી રૂ. ૧,૮૦,૦૦૦ ની સ્થાવર મીલકત પણ એમના એ ત્રણ પુત્રોએજ વેંહેચી લીધી હતી.

સર જમસેદજી, લેડી આવાંબાઈ સાથ નાઘલી વયે પરણ્યા હતા, તેવણે, ૧ પુત્રી અને ૭ પુત્રોને જન્મ આપ્યા, તેઓમાંથી ૪ પુત્રો બાળ વયે ગુજરી જવે, એક પુત્રી પીરોજબાઈ અને ૩ પુત્રો ખરશેદજી, રૂશતમજી અને સોરાબજી હયાત હતા, તેઓ પુરતું માન મેળવી, મરતબો ભોગવી, પોતાના નામાંકીત બાપ પાછળ સ્વર્ગવાસી થયા. હવે હાલ એકલાં પીરોજબાઈજી હયાત છે. વડા બેટા શેઠ ખરસેદજી જેઓ "૨ જા બેરોનેટ" થઈ ગયા તેઓ, અને સખાવત ખાતર પંકાઈ ગયલા તેમના ભાઈ શેઠ રૂસ્તમજીની—આ પુસ્તકમાં, છબીઓ સાથની બાબેદો પાછલ આવીછે. તેમના ત્રીજા ભાઈ શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઈ, ઉગમણુની ભાષાઓના એક કાબેલ અભ્યાસી હતા. તેઓએ ઘણાંક ગ્રંથો રચ્યાં અને જાહેર ભાષણો આપ્યાં ઉપરાંત રૂ. ૧,૫૦,૦૦૦ ની જાહેર શખાવતો કરી જઈ, એક જાણીતા શેહેરી તરીકે માન પામી ગયા છે. સ્વર્ગવાસી લેડી આવાંબાઈ, પોતાની ગીરોથી જુદાંજુદાં જાહેર ધર્મખાતાંઓને રૂ. ૨,૫૦,૦૦૦ ની બક્ષેસો કરી ગયાંછે. —ચંચળ પારશી ટોળો, પૃથ્વી ઉપર સઘલે પ્રસિદ્ધતા પામી વીખ્યાત થઈ પંકાયોછે, તે ઘણું કરી સર જમસેદજીનાં નાંમ અને ઝલકતાં સખાવતી કામોને લીધે વીચરાય. ૧ લા સર જમશેદજી એક ખરાજ ભાગ્યશાલી નર થઈ ગયા, કે જેમણું તાલે એકવાર ખીલ્યા પછે અંતકાળ સુધી, દુઃખ, આપદા, કે વીપત્તી, ભોગવ્યા વગર, સુખી જીંદગી ગુજારી,—સખાવતના સાહ તરીકે પોતાનું નામ જાવેદાંન અમ્મર રાખી ગયા છે.



બીજા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ, સી. એસ. આઈ.

THE LATE SIR JUMSETJI JEEJIBHOY, C.S.I., SECOND BART.

THE LATE

# Sir Jamsetji Jejeebhoy, the Second Parsi Bart., C. S. I.

THE SECOND SIR JAMSETJI was the eldest of the three surviving sons of the first Sir Jamsetji, Bart. His personal name Cursetji was discontinued since he succeeded to his father's Baronetcy. The second Sir Jamsetji was born in Bombay on 9th October 1811, and was very well versed in English and Gujarati. He got Rs. 21,00,000 as legacy, and had an annual allowance of Rs. 1,00,000 from the 'Baronetcy funds.' He was appointed to a seat as a member in the Legislative-Council of the Governor Sir Seymour Fitzgerald of Bombay, and was re-elected a second time. The Hon'ble Sir Jamsetji took a spirited part in discussing some of the Bills, especially the 'Revised Municipal Acts Bill' and the 'Bill for the Burying and Burning of the Dead.' Her Imperial Majesty the Queen-Empress conferred upon him the "Companionship of the Star of India," the ceremony of investment having been performed by the Governor, Sir Seymour, in the Government House at Parel. The Baronet went to England with the view to pay his loyal respects to Her Imperial Majesty, and was received there with marked favour at Court, and in all political and influential circles. He visited Agra on the special invitation of Lord Northbrook then Viceroy of India, to join his Grand *Durbár*. He paid the large sum of Rs. 1,25,000 towards erecting the "Deckan College" in Poona, and a sum of Rs. 10,000 was funded to institute four 'scholarships' in his name at the "Sir Jamsetji Jejeebhoy Parsi Benevolent Institution." He was just on a fair way of extending his charities when he suffered suddenly very heavy losses in trade in 1865. From these difficulties he extricated himself by his great personal influence and tact, and was enabled to preserve to the last his dignity, position, and popularity, as the *leader* of the native community of Bombay. His public charities may be enumerated as follows :—

| | | |
|---|---|---|
| For the building of the 'Deckan College' in Poona | Rs. | 1,25,000 |
| For instituting scholarships in the 'Sir Jamsetji Jejeebhoy Parsi Benevolent Institution' | ,, | 10,000 |
| Contributions to the Patriotic, and other public funds in London | ,, | 4,500 |
| To the Statue, and Memorial funds | ,, | 1,850 |
| To the 'Carpenter's Pension fund of the Bombay Docks' | ,, | 1,100 |
| To the Relief funds, and the London Royal National Life-boat Institution | ,, | 5,000 |
| | Rs. | 1,47,450 |

He was the President of the trustees of the immense funds of the Parsi Punchayát, and was—much loved and highly admired by the public for his suave and dignified manners. He died of 'dropsy' on 11th July 1877. A public meeting of the Parsis was convened on 19th July, to express condolence with his family, and to acknowledge publicly as the head of the community his eldest son Mr. Manekji, C. S. I., who succeeded to the Baronetcy. With a view to perpetuate the memory of the second Parsi Baronet, a large and influential public meeting of the Natives and Europeans, presided over by the then Governor Sir Richard Temple, was called by the Sheriff of Bombay on 11th August 1877. The sum of Rs. 40,000 has been collected, but the Managing-Committee has not as yet decided upon the form of the memorial.

The second Sir Jamsetji had married Bai Ratanbai, now Dowager Lady Jamsetji, by whom he had thirteen children, of whom six daughters and three sons, Mr. Manekji, Mr. Cowasji, and Mr. Jamsetji, are alive. The eldest, aged 35, is the—third Parsi Baronet, and Her Majesty the Queen-Empress conferred upon him the title of the "Order of the Star of India" in 1884. Sir J. Fergusson, the late Governor of Bombay, thrice elected him a member of his Local-Council. He is a gentleman of affable disposition, and obliging and unassuming manners. The second son, Mr. Cowasji, aged 24, has been appointed Assistant Commissioner, Salt Department, Bombay, and the third Mr. Jamsetji of 24 has just left the Elphinstone College.

# મરહુમ

## ઓનરેબલ સર જમસેદજી જીજીભાઈ, ૨ જા બેરોનેટ,

## સી. એસ. આઈ.

૧ લા સર જમસેદજીના ૭ પુત્રો માંહેલા ૪ નાહલી વયે ગુજરી જવે ઘણા જાણમાં આવ્યા નહી. તેઓ પાછળના ત્રણ ભાઈઓ, પોતાના પ્રતાપી પીતાના વખતમાં ખુબ ખીલી નીકલી જાણીતા થયા, તેઓ માંહેલા આ બાબદને લગતા વડા શેઠ ખરસેદજીને, બાપનો બેરોનેટનો ખેતાબ મલવે, તેઓ સર જમસેદજી જીજીભાઈ ૨ જા બેરોનેટ તરીકે ઓલખાઈ ગયા.

એ ૨ જા **બેરોનેટ મુંબઈમાં લેડી આવાંબાઈથી**, ૧૮૧૧ ની ૯ મી અકટોબરે જન્મ્યા, તેઓ ઇંગ્રેજી, ગુજરાતી જાણતા હતા. એમના પ્રખ્યાતી પામેલા બે ભાઈઓ, **ઓનરેબલ શેઠ રૂસતમજી** અને **શેઠ સોરાબજી** પણ મરણ પાંમ્યાછે, અને હયાત એકજ બેહેન છે. બાપીકા વારશામાં એમને રૂ. ૧૮ લાખ મળવા ઉપરાંત વડા પુત્ર તરીકે વધુ રૂ. ૩ લાખ મળી એકંદર રૂ. ૨૧,૦૦,૦૦૦ મળ્યા, અને વલી ૧ લા **સર** જમસેદજીએ પોતાનો 'બેરોનેટ'નો ખેતાબ લેનારનો દરજ્જો જાલવવા, ઇંગ્રેજ સરકારને ત્રસ્ટમાં રૂ. ૨૫ લાખ આપ્યા, તેનું વાર્ષીક વ્યાજ રૂ. ૧,૦૦,૦૦૦ મળતું હતું. એમ, શરૂઆતથી એ બેરોનેટની નાંણાં સંબંધી હાલત ઘણીજ ચઢતી અને આબાદ હતી; જેને ૧૮૬૫ માં, મુંબઈની શેર સટ્ટાની ખરાબીએ એક જબરો ગોદો માર્યો હતો, તે પાછળ જણાશે. એઓ ૧૮૩૦ થી પ્રજા ઉપયોગી જાહેર કામોમાં ભાગ લેતા ચાલ્યા અને મુંબઈ સરકારે એમને **સુલેહના અમલદાર** ઠેડવ્યા. ૧૮૬૯ માં ત્યાંના ગવરનર સર સેમોર **ફીટઝરલે**, એમને પોતાની "લેજીસલેટીવ-કાંઉનસીલ" ના સભાસદ નેમ્યા હતા. **ધી ઓનરેબલ સર** જમસેદજીને, એ હોદ્ધાની મુદત પુરી થવા પછે ૧૮૭૧ માં પાછા નેમ્યા ત્યારે, એઓએ પ્રજા ઉપયોગી જોસભરી જાહેર તકરારોમાં ઝોંકાવી, "૧૮૭૨ નો શેહેરસુધરાઈને લગતો ફરીથી બંધાયલો ધારો," પ્રજાને ભારે પીડાકારક થઈ પડવે, તેની સામે મજબુત બાઠ ભીડી, કાબેલીઅત ભરી લડત કીધી હતી. વળી "દેશીઓની લાશને બાળવા અને ભૂમી-દાહ કરવા વીશેના ધારા" ને લગતી ખાંમીઓ ખોલ્લી કરી બતાવી, તેઉપર સખ્ત ટીકા કરી મજબુત તકરારો ચલાવી હતી. એમ બેવાર, એ **કાંઉનસીલ**માં બેઠક લઈ, રાજ્ય અને પ્રજા તરફ અગત્યની જાહેર સેવા બજાવવાનાં બદલામાં, મહારાણી વીકટોરીઆએ, એમને, "**કંપેનીઅન ઓવ ધી ઓર્ડર ઓવ ધી સ્ટાર ઓવ ઈન્ડીયા**" નો માન ભર્યો ખેતાબ આપ્યો; તેનો ચાંદ આપવાની ક્રિયા, ૧૮૭૧ માં પરેલના સરકારી મેહેલમાં ત્યારના વિદાય થતા ગવરનર સર સેમોરે, દબદબા ભરી દરબારમાં એ **પારશી** ઉમરાવ અને તેમનાં પ્રખ્યાત કુટુંબની ઘટતી સ્તુતી ગાઈ, કીધી હતી. એ પારશી **બેરોનેટ** ૧૮૫૬ માં મહારાણીની મુલાકાતે **ઈંગ્લાંડ** ગયા, ત્યારે ત્યાંનાં રાજ્યદ્વારી મંડળ, જાહેર ગૃહસ્થો, અને સભાઓ તરફથી એમને મોહોટાં માન ભર્યો આવકાર મળ્યો; મહા-રાણીએ ઘણા ચાહથી એમની મુલાકાત લીધી, અને **એડીન્બરો**માં ત્યાંના લશ્કરી અને સનદી અમલદારોએ મેલાવડા કરીને, તો, બીજા લોકોએ તરેહવાર રીતે માન આપ્યું હતું. ૧૮૭૩ માં **આગ્રા** તરફ, ત્યારના ગવરનર જેનરલ, બેરન નોર્થ બ્રુક, રાજ્યવંશીઓની દબદબા ભરી દરબાર ભરી હતી તેમાં સામેલ થવા, તેણે, એમને ખાસ તેડું મોકલી ભારે માનપુર્વક આવકાર દીધો હતો. **ફીરંગી** સરકાર તાબેનાં **દમણ** શેહેરની એઓએ ૧૮૭૨ માં લીધેલી મુલાકાત વખતે ત્યાંના ગવરનર, મોહોટી પદવીના અમલદારો, અને પ્રજા તરફથી એમને ઘણુ માન મળ્યું હતું. એઓએ, પુણામાં "દખણ કોલેજ" બાંધવા રૂ. ૧,૨૫,૦૦૦ ની પાદશાહી સખાવત કીધી, તે ૧૮૬૮ માં બંધાઈ ઉઘડી ચાલુ થઈછે. ૧ લા **સર** જમસેદજીએ, **પારશીઓ** ખાતર ઉઘાડેલી "ધર્મની

મોહોટી ઈંગ્રેજી સ્કૂલ" ના વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા એઓએ ૪ 'સ્કોલરશીપો' સ્થાપવા રૂ. ૧૦,૦૦૦ ની બક્ષેસ કિધી કે, પછે—એમનાં ખીલતાં નશીબનાં ચક્કરે અચીંતો ઉલટો આંટો ખાધો હતો. દોલત અને દરજ્જા ઉપર મજબુત ભરોસો રાખી આફતનો અચીંતો જબરો ફટકો ખાધા વગર સલામત બચી, પોતાનાં અંતકાળ સુધી સુખ ભોગનારા ભાગ્યશાલી જેવા, આ પારશી ઉમરાવ ન હોતા. એમનાં ઝલકતાં નશીબ અને ચલકતા સેતારાની આડે, મુંબઈમાં ખાનુંખરાબી કરનાર બુરા 'શેર સટ્ટા'નાં કાળાં વાદલે ફરી વળી, એમની —ગંજાવર દોલતના મોહોટા ભાગની ખુવારી કીધી હતી. એ જબરા આચકા છતાં પણ, એ હીમતી ઉમરાવ પોતાનો દરજ્જો અને ટેક જાલવી શક્યા હતા ખરા, પણ ત્યારથી પોતાની સઘલી ઉલટ છતાં તેમને જાહેર સખાવતો કરવાથી હાથ ખેંચવો પડ્યો હતો. જેથી એમની જાહેર બક્ષેસોનો આંકડો રૂ. ૧,૫૦,૦૦૦ થી કંઈ શેહેજ કમી થવા જાય છે, (તો બીજી તરફ રૂ. ૨,૭૭,૦૦૦ નો જણાવ્યો છે) તે વીશે ટુકમાં જણાવ્યેઃ—

| | રૂ. |
|---|---|
| પુણામાં "દખ્ખણ કોલેજ" બંધાવી ………… | ૧,૨૫,૦૦૦ |
| "સર જમસેદજી જીજીભાઈ પારશી બેનેવોલન્ટ ઇનસ્ટીટ્યુશન" માં ૪ સ્કોલરશીપો સ્થાપવા આપ્યા … | ૧૦,૦૦૦ |
| લંડનનાં 'પેટ્રીઓટીક ફંડ,' અને ત્યાંના બીજા નાથલાં ધર્મખાતાંઓને મદદ ………… | ૪,૫૦૦ |
| 'મુંબઈની ગોદીના લાચાર સુથારોને બેઠા ગુસારા આપવા'ના ફંડમાં ………… | ૧,૧૦૦ |
| સ્કુલોના છોકરાંઓને ઇનાફત આપવા, અને બાંવલાં, વીગરેનાં ફંડોમાં ………… | ૧,૮૫૦ |
| કલકત્તાનાં ૧૮૬૪ નાં જબરાં તોફાનનાં, અને લંડનની "રાયલ નેશનલ લાઈફબોટ ઇન્સ્ટીટ્યુશન" નાં ફંડોમાં ………… | ૫,૦૦૦ |

એ પારશી બેરોનેટ પોતાની કોમના પ્રમુખ અને મુંબઈની—શઘલી દેશી પ્રજાના આગેવાન તરીકે પુરતું માન પામ્યા હતા. ૧૮૬૪ માં કલકત્તાનાં ભયંકર તોફાંનથી નાચાર બનેલાંઓને મદદ કરવા, મુંબઈના ટાઉનહોલમાં વગવાલા દેશી અને યુરોપીઅનોની ભેગી મળેલી ગંજાવર સભાના પ્રમુખની ખુરશી એમને અનુમતથી આપવામાં આવી હતી, —તે માન દેશીઓમાં એમને પેહેલવેહેલું મળ્યું હતું. પારશી પંચાયત હસ્તકનાં ઘણાંક ધર્મખાતાંઓની બોહોળી પુંજીના એઓએ વડા ટ્રસ્ટી નેમાઈ, તેનો વહીવટ ચાલાકીથી કીધો હતો. એઓ ૧૮૭૭ ની ૧૧ મી જુલાઈએ સ્વર્ગ-વાસી થયા, તેવિશે મુંબઈની આખી પારશી કોમે ૨૯ મી જુલાઈએ એક જબરી જાહેર સભા ભરી, દીલગીરી જણાવી, એ બેરોનેટના કુટુંબીઓ ઉપર દીલાશાપત્રો મોકલી આપવા, અને તેમના વડા પુત્ર મી. માણેકજી તેઓ ૩ જા બેરોનેટને પોતાના વડા તરીકે નેમવા અનુમતથી ઠરાવ કરી ઉઠી હતી. એ ૨ જા બેરોનેટની—યાદગારી કાયમ રાખવા, ૧૮૭૭ ની ૧૧ મી ઓગષ્ટે, મુંબઈની ટાઉનહોલમાં દેશી અને યુરોપીઅનોની એક વગવાલી જાહેરસભાએ ત્યારના ગવરનર સર રીચર્ડ ટેમપલના શરનશીનપણા હેઠળ ભેગી મલી, ઠરાવ પસાર કરી, જાહેર ઉઘરાણું કરતું કીધું તેમાં એકંદર રૂ. ૪૦,૦૦૦ ભરાયાછે, જેના ઉપયોગ વીશેનો હજુ નક્કી નીવેડો થયો નથી.

એ બેરોનેટ, લેડી રતનબાઈ સાથ પરણ્યા, તેઓએ ૧૩ ફરજંદોને જન્મ આપ્યો હતો; તેઓમાં હાલ ૬ બેટીઓ અને ૩ પુત્રો માણેકજી, કાવસજી અને જમસેદજી, હેયાત છે. વડા મી. માણેકજી સારી કેળવણી પામેલા ૩૫ વરસના ખીલતા જવાન, હાલ—૩ જા સર જમસેદજી જીજીભાઈ બેરોનેટ બન્યા છે, તેમને મહારાણીએ ૧૮૮૪ માં "કમપેની-અન ઓવ ધી સ્ટાર ઓવ ઇન્ડીઆ" નો એતાબ બક્ષ્યો, અને મુંબઈ સરકારે તેમને ૧૮૮૩ ના ઓગષ્ટમાં ત્રીજી વાર પોતાની ધારા-સભાના સભાસદ નેમ્યા, તે માનવંત હોદ્દો એઓએ ૧૮૮૫ ની સેપ્તેમ્બરમાં છોડયોછે. ધી ઓનરેબલ સર જમસેદજી જીજીભાઈ ૩ જા બેરોનેટ, સી. એસ. આઈ., પારશી કોમના વડા અને મુંબઈની પ્રજાના આગેવાન તરીકે માન પામેછે. તેઓ દેખાવે રાંક, સ્વભાવે ઘણા નરમ અને મીલનસાર છે. બીજા પુત્ર મી. કાવસજી એક કેળવાયલા ૩૪ વર્ષના જવાન સરકારી નીમખખાતાંનો નાયબ-કમીશનરનો હોદ્દો ધરાવેછે. તો, ૩ જા મી. જમસેદજી ૨૪ વર્ષના એક વીદ્યાર્થીછે. સ્વર્ગવાસી ૨ જા બેરોનેટ, ચંચળ મન શક્તીવાલા, ઉંડા વીચારના, ગંભીર દેખાવના, અને ટેકાવ જાલવનારા હતા. તેમને રાજ્ય અને પ્રજા તરફથી એકસરખું મોહોટું માન મળતું હતું.



મરહુમ સર કાવસજી જાહાંગીર રેડીમની. નાઈટ, સી. એસ. આઈ.

THE LATE SIR CAWASJI JEHANGEER READIMONEY, KT. C.S.I.

THE LATE

# Sir Cowasji Jehangir Readymoney, Knight, C. S. I.

SIR COWASJI'S ancestor, Kukáji, resided at 'Nausári' in Gujarat. His three sons settled in Bombay in A.D. 1717 and transacted lucrative business on the cash system, and hence they were named "Readymoney." Hirji Readymoney, the youngest of them is said to be the—first Parsi gentleman who ever made a voyage to China for purposes of trade. He owned two ships of his own named 'Hornby' and 'Royal Charter,' and had extensive estates. It is said that on a pecuniary emergency he supplied the "Hon'ble East India Company" with large sums of money. He had no male issue but three daughters, and had adopted Mr. Jehangir, the eldest son of his eldest daughter, who was married with a member of the well-known 'Banáji' family. Mr. Jehangir was married to a lady of the 'Dady Sett's' family, and Sir Cowasji was the second issue of this high connection.

Sir Cowasji was born in Bombay on 24th May 1812. He knew English and Gujaráti. He had two sisters and a brother, Mr. Hirji, a known citizen of Bombay. Sir Cowasji was engaged in service from his fifteenth year and worked in three European firms successively, after which in 1837 he was appointed guarantee-broker to two English firms, and in course of time acquired considerable wealth and reputation. His princely —public charities, which made his name well-known to all, commenced in 1846 and continued to increase in bulk and extent as he advanced in age, and ended only with his life. The *crisis* which followed the sudden flow of wealth and the Share-Mania consequent on the International American War ruined many a merchant and family in Bombay. Sir Cowasji as one of the promoters of some of the finances, the Back Bay Reclamation scheme, &c., suffered a heavy loss. His—liberality, however, knew no stint, and he freely gave away the enormous sum of Rs. 14,00,000. He was made a "Justice of the Peace" for the city of Bombay, and was appointed an Assesor of the Income-Tax in 1860. He was also one of the members of the 'Board of Conservancy.' He began to suffer in 1862 from *gout,* which in a short time—completely disabled him from active life. His ailments confined him to his bed, but to the last his mental faculties remained in full strength. In 1871 he was honored with the title of the "**Star of India**," the investiture of the insignia being made by Earl Northbrooke, then Viceroy of India. The public of Bombay hailed the occasion, and a meeting, presided over by the Hon'ble the second Sir Jamsetji Jejeebhoy, Bart., C. S. I., was held at the Mazagon Castle—to vote him a marble statue. The sum of Rs. 20,000 was subscribed, and the statue has been placed in the 'Sir Cowasji Jehangir University Hall.' In 1872 Her Imperial Majesty the Queen-Empress further set the stamp of her approval of his benevolent career by honoring him with the title of the "**Knighthood**" of the United Kingdom.

Sir Cowasji received 'congratulatory addresses' from several of the cities in Western India on this occasion, one of which is *specially noticeable* as being signed by 2,000 citizens of Bombay, including even the Lord Bishop, Members of the Governor's Council, Judges of the High Court, Magistrates, European Merchants, &c. His charities were cosmopolitan, and there are several public-institutions in Bombay and other cities—founded by him, known after his name. He gave liberally Rs. 1,12,000 for building an 'Ophthalmic Hospital' in Bombay, Rs. 72,000 for a public general 'Hospital' in Surat, Rs. 50,000 for a 'Lunatic Asylum' in Scind Hydrabad, Rs. 50,000 for the 'European Stranger's Home' in Bombay, Rs. 2,00,000 for building the 'Elphinstone College' in Bombay, Rs. 50,000 for the 'Engineering College' in Poona, and Rs. 1,00,000 for the 'University Hall.' He even built a large, handsome 'drinking fountain' in Regent's Park, London. His charities extended to England, France, and Germany, and may be enumerated below:—

| | |
|---|---|
| For the University Hall, contribution to the Grant Medical College and for Scholarships in the University and Schools of Bombay | Rs. 3,72,200 |
| For several Drinking Fountains in Bombay and one in London, and in donations to public Libraries | „ 2,41,900 |
| For building Hospitals | „ 2,50,000 |
| Donation to the 'Financial Association of India and China' | „ 2,00,000 |
| Contributions to Schools and Dispensaries | „ 96,700 |
| Contribution to the 'Stranger's Home Society' | „ 50,000 |
| Subscribed to several Relief Funds | „ 31,900 |
| Donation to the Protestant and Roman Catholic Churches and to the 'Albert Orphanage Asylum' in London | „ 23,000 |
| To the Memorial and other public Funds | „ 13,000 |
| To the Parsi Panchayet's Fund for the Propagation of Oriental Literature | „ 5,000 |

Adding several other small charities, the amount of Sir Cowasji's public benefactions reached the princely sum of Rs. 14,00,000 and his—private charities are believed to amount to a further sum of Rs. 4,00,000. He died in July 1878. The public of Bombay was deeply grieved at his death, and in honour of him, most of the public offices, schools, colleges, banks, and the share-bazar were closed for the day. The Bombay Government notified their regret in the '*Government-Gazette*,' of 19th July 1878:—"By "his death the Government has lost a faithful subject, India has lost a generous "benefactor, and the city of Bombay a most independent and honest citizen." Sir Cowasji was a gentleman of retired habits but of affable and cheerful disposition. His conversation was searching, resolution firm and his good will was extended to all communities. His place is next only to that of the first Sir Jamsetji Jejeebhoy, Bart.,—in the history of princely charities and philanthropy in India.

The late Sir Cowasji was married to Bai Ruttonbai, who died without issue. He left a legacy of Rs. 24,00,000 to his 'adopted' son Mr. Jehangir, the grand-son of his brother Mr. Hirjibhoy.

# મરહુમ

## સર કાવસજી જાહાંગીર રેડીમની, નાઈટ,

## સી. એસ. આઈ.

સર કાવસજીના મુળ-વડીલ નવસારીમાં રેહેનારા જીવંનજી કુકાજીના ૩ પુત્રો, મંચેરજી, હીરજી, અને ટેમુલજી એઓએ ૧૭૨૭ માં મુંબઈ આવી, ત્યાં રોકડે નાંણે વેહેવાર કરવે "રોકડચા" અથવા "રેડીમની" તરીકે જાણીતા થઈ ગયા. તે અટક, તેમના વંશીઓ સાથ જોડાઈ હજુસુધી ચાલુજ રહીછે. એ કુટુંબે ખીલતા વેપાર, ઘણાક વાહાણોના માલીક, અને ધર્મનાં કામો ખાતર—પેહેલ્લી જગ્યા મેલવી, એક વાર ખુબ વખણાઇ ગયું. મંચેરજી રેડીમનીએ પોતાને ખાતર ૧૭૮૫ માં ચોપાટી તરફ દાદીશેઠની વાડીમાં એક હેલાયધું "દોખમું" બંધાવી, ત્યાં શેવટની આરાએશ પામ્યા, તે હજુ છે. તેમના પુત્ર સોરાબજી રેડીમની, મુંબઇના એક માનવંત શેહેરી અને સાહાસીક વેપારીએ ૧૭૯૦-૯૧ માં ત્યાંના ભયંકર દુકાલ વખતે દરરોજ ૨,૦૦૦ ભુખેમરતાંઓની ગંજાવર સંખ્યાને, ૧૦ મહીના સુધી પેટ ભરી, મહાપુણ્યનું કામ કીધું હતું. તો, સર કાવસજીના બીજા વડીલ શેઠ અરદેસર દાદીએ, ૩ અઠવાડયાં સુધી દરરોજ ૫,૦૦૦ માણસોનું, ૧૮૦૫ ના દુકાલ વખતે પોષણ કીધું હતું. ઉપલા ત્રણ ભાઈઓ માંહેલા વચલા હીરજી રેડીમની, તે સર કાવસજીના બપાવા, એક ચુનંદા વેપારી હતા અને—પેહેલા પારશી તરીકે ચીનની સફરે ગયા હતા. તેઓએ પોતાના બોહોળા વેપાર ખાતર બે વાહાણો 'હારંબી' અને 'રોયલ ચારલી' બંધાવ્યાં હતાં. તેમની સ્થાવર મીલકત મોહોટી અને છુપી સખાવત બોહોળી હતી. એકવાર માજી "ઇસ્ટ ઇંડિયા કુંપનીની સરકાર," ને નાંણાની તાણ પડે, તેઓએ, તેણે—ગાડાં ભરી રૂપીઆની થેલીઓથી તુરત વેળા મદદ આપી હતી. તેમને પુત્ર નહી પણ ૩ બેટીઓ હતી. પેહેલી, શુનાઈજી, બનાજી ખાંનદાંનમાં પરણી, મુંબઇમાં 'હીરજીનાં સુનાઇજી' નાં સાધારણ નામથી ઓલખાયાં હતાં, તેણીના વડા પુત્ર જાહાંગીરને, હીરજીએ દત્તક કરી લેઈ, પોતાની ત્રીજી બેટી ભીખાઈજી જે દાદીશેઠ ખાંનદાંનમાં પરણી હતી, તેણીની છોકરી બાઈ મેહેરબાઈની બેટી સાથ એ જાહાંગીરના લગ્ન કીધાં, તે જોડાનું ફળ સર કાવસજી નીપજ્યું, કે જેઓ, એ પ્રમાણે—૩ નામીચાં, 'બનાજી', 'રેડીમની,' અને 'દાદીશેઠ' નાં જોડાયલાં ખાંનદાંની લોહીમાંથી જન્મ લેઈ, એક પંકાયલા ધર્મી નર થઇ ગયા. જાહાંગીરજી રેડીમનીના ૨ પુત્રો માંહેલા, નાથલા સર કાવસજી હતા.

મરહુમ **સર કાવસજી** ૧૮૧૨ ની ૨૪ મી મેએ મુંબઈમાં જન્મ્યા. તેઓ ઈંગ્રેજી, ગુજરાતી જાણતા હતા. એમનાં બે બેહેનો વગેરે એક ભાઈ મી. **હીરજી** જાહાંગીર, મુંબઈના જાણીતા વેપારી અને શેહેરી છે. **સર કાવસજી** ૧૫ વર્ષની ઉમરે, મુંબઈમાં એક ઇંગ્રેજ વેપારીને ત્યાં પેહેલે ગોદાઉન-કીપર રહ્યા પછે, બીજી બે વેપારી આફીસોમાં કામ કરી, મેહેનત અને જાતી-ચંચલાઈથી સારૂં વેપારી જ્ઞાન મેલવી, ૧૮૩૭ માં બોહોળા વેપારવાળી જાણીતી બે ઈંગ્રેજી પેહેડીઓના દલાલ બની, ઠીક માન અને દોલત મેલવતા ચાલી, ૧૮૪૬ થી વધું જાહેરમાં આવ્યા—ત્યારથી એમની સખાવતનો ઝરો વેહેતો થઈ ચાલુ ૩૦ વર્ષોથી વધુ મુદત તુલીક દુજી, રફતે રફતે કદે ફુલતો અને વીસ્તારમાં ફેલાતો જઈ, એમની જીંદગીની દોરી તુટવા સાથ બંધ પડ્યો હતો. જેથી કીર્તીના મંદીરમાં, **સર કાવસજી**ની બેઠક, એશીઆખંડના ધર્મીઓમાં મરહુમ ૧ લા બેરોનેટ **સર** જમસેદજી-થીજ ફકત ઉતરતી પણ લગોલગ તેમની પાસેજ બની છે. એ શેઠે ઘણાંક વર્ષો સુધી, મુંબઈની મોહોટી બેંકોના દાયરેકટર બની મેહેનત લઈ તેના ભાગીદારોને સારો લાભ કીધો હતો. અમેરીકામાં ગોલામી ધંધા બાબે

માહોમાહે ફાટી નીકળેલી લડાઈ વખતે, મુંબઈમાં, રૂના વેપારે જબરો ઉછાલો કરવે, ત્યાં દોલતની રેલ તણાઈ આવવે ત્યાંના લોકોએ—અક્કલ ખોઈ, નવી બેંકો, અને ફીનાન્સો ખોલી, ખાડાઓ પુરવા વીગરેનાં, અવિચારી જાહેર કામોની મોહોટી ઘમાલો ચલાવી, ફશી પડ્યા હતા. તે માંહેલાં થોડાંક કાંમોમાં એમનો પણ હાથ હોવે, બીજાઓ ભેગો **સર કાવસજીને** પણ જબરો આચકો લાગવા છતાં પણ, તેમની પાસ સારી પુંજી બચી રહી હતી. તેમાંથી લગભગ રૂ. ૧૪,૦૦,૦૦૦ ની ગંજાવર રકમ જાહેર સખાવતોમાં ખરચી પોતાનું નામ —અમર રાખી ગયાછે. સરકારની દેખરેખ હેઠળ ચાલેલાં શેહેરસુધરાઈખાતાંની વખતે, 'શુલ્લેહના અમલદાર' તરીકે, **સર કાવસજીએ** તેમાં લાંબો વખત ભાગ લેઈ પ્રજાની સેવા બજાવી હતી. મુંબઈનું સુશોભીત "એલફીનસ્ટન-સરકલ" બાંધવાનું કામ પાર પાડવા, **સર કાવસજીએ** ત્યાંની જમીનો વેચાવી આપવા વગેરે સારી મદદ આપી હતી. મુંબઈ સરકારે, ત્યાંનો કોટ ભાગવા નેમેલી કમીટીના એમને એક સભાસદ ઠેડવ્યા હતા. તેમજ, "બોર્ડ ઑવ કનસરવેન્સી" નાં પણ સભાસદ નેમ્યા હતા. ૧૮૬૦ માં પેહેલવેહેલ્લો "ઈનકમ ટેક્સ" મુંબઈમાં દાખલ કીધો, ત્યારે વેપારીઓની આવક નક્કી ઠેડવવા, સરકારે નેમેલાં 'કમીશન' માં બીજા દેશીઓ ભેગા **સર કાવસજી** પણ એક 'એસેસર' નેમાયા હતા, તે વખતે એઓએ લીધેલી મેહેનત અને આપેલી સલ્લા અને મદદ, સરકારે વખાણી હતી, જેનું ફળ એઓ ભવિષ્યમાં, ત્યાંના ગવરનરની ધારા-સભાના સભાસદ બની ચાખતે, પણ તેવામાં એમની ઉપર 'નજલા'ના મરજે ઉમલો કરી, ચાલવાને વતીક અશક્ત બનાવી મેલવે, ૧૮૬૨ થી ધંધો રોજગાર તદન બંધ કરી જાહેર કામો બજાવવાથી એઓ હાથ ઉઠાવતા ચાલીયા કે, ૧૮૬૫ માં પુરા નબલા બની, સખ્ત બીમારીના ભોગ થઈ,—બીછાને પડી રેહેવાની ફરજ પડવા છતાં, એમની ચપલ મનશક્તી શેવટ સુધી જેમની તેમ ટકી રહી હતી. એઓએ ૨૦ કરતાં વધુ વર્ષો માદગીના બીછાંના ઉપર કહાડ્યાં, તે સઘલો વખત, એઓ સખાવતનો હાથ લંબાવતાજ રહ્યા હતા. જે ખાતર, મહારાણી વીકટોરીઆએ એમને ૧૮૭૧ ના મેમાં "**કમપેનીઅન ઑાવ ધી સ્ટાર ઑાવ ઈંડયા**" નો ઘણો માનવંત ખેતાબ બક્ષ્યો, તેની ક્રીયા ૧૮૭૨ ની ૧૬ મી નવેમ્બરે મુંબઈમાં એક દબદબાભરી દરબારમાં, માજી વાઈસરોય **લૉર્ડ** નોર્થબ્રુકે ઘણા હરખથી કીધી હતી. અને મુંબઈ શેહેરની પ્રજાએ ઉલટમાં આવી, એ સખીનરની યાદગારી એ શેહેરમાં જીવતી રાખવા ખાતર, મરહુમ સર જમસેદજી જીજીભાઈ ૨ જા બેરોનેટના પ્રમુખપણાં હેઠળ એક ગંજાવર સભા ભરી, ઠરાવ પસાર કરી, **સર કાવસજીનું** એક સંગેમરમરનું આખ્ખા કદનું "બાવલું" વેલાતથી બનાવી મંગાવી લાયક જગ્યાએ ગોઠવવા, જાહેર ઉઘરાણામાં રૂ. ૨૦,૦૦૦ ભરચા હતા. **સર કાવસજીનું** એ બાવલું, એઓએ બંધાવેલા "યુનીવરસીટી હૉલ" માં મેલ્યુંછે. એ બક્ષેલા ખેતાબમાં વધારો કરી, મહારાણીએ, એમને "**યુનાઇટેડ કીંગડમના નાઈટ**" નો વધુ માનવંત ખેતાબ ૧૮૭૨ ની ૨૪ મી મેએ તે એમના જન્મ-દીવસે બક્ષ્યો, ત્યારથી એઓ **સર કાવસજી** જાહાંગીરજી રેડીમની, **નાઈટ, સી. એસ. આઈ.** તરીકે વધુ પ્રખ્યાત થયા. ૧ લા **સર** જમસેદજીને **નાઈટનો** ખેતાબ મલવા પછે, ૩૦ વર્ષે, ઈંગ્રેજી રાજ્ય તરફથી **સર કાવસજી ૨ જા પારશી નાઈટ** બન્યા હતા. એ ખેતાબ મળવા વીશેની દીલોજાંન ભરી ખુશાલી બતાવનારાં સંખ્યાબંધ 'માન પત્રો' એમની ઉપર આવ્યાં, તેઓમાં વલસાડ, ગણદેવી, સુરત અને નવસારીનાં પણ હતાં, અને મુંબઈની પ્રજા તરફથી ત્યાંના લોર્ડ બીશપ, ગવરનરની કાંઉનસીલના સભાસદો, જડજો, ન્યાયાધીશો, અમલદારો અને વગવાલા યુરોપીઅનો અને દેશી વેપારીઓની ૨,૦૦૦ સહીઓનું એક મહાભારત માન-પત્ર, એક ડેપ્યુટેશન મારફતે એમને હાથોહાથ પુગાડવામાં આવ્યું હતું. **સર કાવસજી**—કેલવણીને જબરા પાયા ઉપર ફેલાવનારા મોહોટા આગેવાન અને જબરા મદદગાર, નાચાર અને દુઃખીઆરાંઓના વાલી, અને ન્યાત જાતનો ફરક રાખવા વગર ગરીબ આજતમંદોની ઉમેદ બર લાવનારા, એક સુનંદા શખી નર થઈ ગયા. ૧૮૫૦ ની મુંબઈમાં 'કામાઠીપુરા'ની મોહોટી આગથી સંખ્યાબંધ ઘરબારવીનાનાં થઈ પડેલાં ગરીબોને એઓએ નવાં ઝુંપડાં બંધાવી આપ્યાં. ૧૮૬૧ ના વાયવ્ય-ખુણાનાં પ્રાંતોનાં

દુકાળ્યાંઓનો છુટકો થવા મોહોટી મદદ કરવા ઉપરાંત, તેઓના જીવ બચાવવા સરકારની તુરત વેળા ગરજ સારવા રૂ. ૯૦,૦૦૦ ની મોહોટી રકમ વગર બ્યાજે ધીરી હતી. ઘણાંક સખાવતખાતાં અને જાહેર ઈમારતોને એમની મોહોટી મદદ મળવે, તેઓ સાથ—**સર કાવસજી**નું નામ જોડાયુંછે, અને જે ખાતર આખ્ખો મુંબઈ ઈલાકો એમનો આભારી થયોછે. એઓએ, મુંબઈમાં બંધાયલી "ઓફથેટીક ઓસ્પીટલ"ને રૂ. ૧, ૧૨,૦૦૦ ની, સુરતમાં બંધાયલી 'ઓસ્પીટલ'ને રૂ. ૭૨,૦૦૦, સીંધ હૈદ્રાબાદમાં બંધાયલી 'દીવાનાઓની ઓસ્પીટલ'ને રૂ. ૫૦,૦૦૦, મુંબઈની 'સ્ટ્રેનજર્સ હોમ સોસાયટી'ને રૂ. ૫૦,૦૦૦, મુંબઈની ૧૮૬૨ માં 'એલફીનસ્ટન કોલેજ' બંધાવવા રૂ. ૨,૦૦,૦૦૦, એજ વર્ષમાં 'પુણા ઈનજીનીયરીંગ કોલેજ' બંધાવવા રૂ. ૫૯,૦૦૦, મુંબઈની ૧૮૬૩ માં 'યુનીવરસીટી બીલડીંગ' બાંધવા રૂ. ૧,૦૦,૦૦૦ ની મદદ કીધી છે. એ છેલ્લી સુશોભીત ઈમારતને, તેના સખાવતકર્ત્તાના નામની યાદ કાયમ રાખવા થકી, યુનીવરસીટીની સેનેટે, "સર કાવસજી જાહાંગીર હોલ ઓવ ધી યુનીવરસીટી ઓવ બોમ્બે" નામ આપ્યું છે. ઈંગ્લાંડમાં, 'ઓલબર્ટ ઓરફનેજ એશાઈલમ'ને, અને 'રીજન્ટ-પાર્ક'માં એક સુશોભીત મોહોટો ફુંવારો બંધાવવા એમનો શખી હાથ લંબાયો હતો. તો ૧૮૭૦ માં જરમની અને ફ્રાન્સ વચ્ચેની લડાઈમાં ઘાયલ થયલાઓને, મુંબઈની 'સેંન્ટ ઝેવીયર કોલેજ'નો ઘડીઆલનો મીનારો બાંધવા, અને ત્યાંના ફત્તેહમંદ લેટીન વીદ્યાર્થીઓને સ્કોલરશીપો આપવા, તેમજ 'મુંબઈની યુનીવરસીટી'માં પણ આપવા, 'બોમ્બે બ્રેંચ ઓવ એશીઆટીક સોસાયટી', અને ખેતવાડીની 'સર કાવસજી જાહાંગીર રેડીમનીની કન્યાશાળા'ને મોહોટી મદદ આપીયા વીગરે, તરેહવાર મોહોટી બક્ષેસો કીધી, તે બોહોળી સખાવતોની ટુક હકીકત સાથના જબરા આંકડા નીચે જણાવ્યે:—

| | |
|---|---|
| મુંબઇની 'યુનીવરસીટી,' અને 'કોલેજ' ની ઇમારતો બંધાવવા અને ત્યાંની સ્કુલો અને યુનીવરસીટીમાં સ્કોલરશીપો સ્થાપવા .................... | રૂ. ૩,૬૭,૨૦૦ |
| મુંબઇમાં ઘણાક પીવાના પાણીના જાહેર ફુવારા બંધાવ્યા, અને પુષ્કલ જાહેર પુસ્તકખાંનાઓને મદદ | ૨,૨૮,૩૦૦ |
| મુંબઇમાં, "આંખની ઓસ્પીટલ" બંધાવી .................... | ૨,૫૦,૦૦૦ |
| "ફીનાનશીયલ એસોશીએશન ઓવ ઇંડયા એન્ડ ચાઇના" ને બક્ષેસ .................... | ૨,૦૦,૦૦૦ |
| પુષ્કળ સ્કુલો, મદ્રેસા, કન્યાશાળા, અને દવાખાંનાઓને મદદ .................... | ૧,૨૮,૨૦૦ |
| મુંબઇની, "સ્ટ્રેનજર્સ હોમ સોસાયટી" ને મદદ .................... | ૫૦,૦૦૦ |
| દુકાલ, આગ, અને તોફાંનથી પીડાયલાંઓને મદદ .................... | ૨૧,૯૦૦ |
| લંડનમાં, પાણીનો ફુવારો બંધાવ્યો અને ત્યાંનાં "આલબર્ટ ઓરફનેજ એસાઇલિમને" મદદ... | ૧૮,૬૦૦ |
| જખમી થયેલા ફ્રેન્ચ અને જરમન સીપાઇઓમાં વેહેચવા, અને અફગાનીસ્તાનની લડાઇમાં માર્યા ગયલા ઓફીસરોની યાદગારીનો સ્તંભ મુંબઇનાં કોલાબાનાં દેવલમાં બાંધવા .................... | ૧૭,૫૦૦ |
| "ઇંગ્રેજી ઘોડાઓની હીંદુસ્થાનમાં પેદાશ કરનારી સોસાયટી" ને મદદ .................... | ૫,૫૦૦ |
| મુંબઇમાં, પારશી પંચાયતના જાહેર ફંન્ડોને મદદ .................... | ૫,૦૦૦ |
| મુંબઇની 'યુનીવરસીટી'માં, અને 'સેન્ટ ઝેવીયર કોલેજ'માં પોતાના નામથી "લેટીન સ્કોલરશીપો" સ્થાપી. | ૫,૦૦૦ |

એ વગોંગે એમની ઘણીક નાધલી પરચુટણ સખાવતો સામટી લેતાં તેનો ગંજાવર આંકડો રૂ. ૧૪,૦૦,૦૦૦, ઉપર જાયછે, તો એમની—ખાનગી સખાવતોની રકમ રૂ. ૪,૦૦,૦૦૦ થી ઓછી બોલાતી નથી. સર કાવસજીની બોહોળી સખાવતો ખાતર આખ્ખો મુંબઈ ઇલાકોજ નહી પણ રાજ્યકરતી કોમનું પાયતખ્ત શેહેર લંડન પણ એમનું આભારી થયુંછે. પોતાનાં મરણની બેમહીના અગાઉ, મજગાંમની "ગજદરની આગ્યારી," જે એમના મરહુમ ધણીઆંણીનાં પુણ્યખાતર, તેણીના ભાઈએ બાંધી હતી, તેનો જાયુક ખરચ થવા કાયદાસર 'ત્રસ્ટી' કરી, રૂ. ૨૩,૦૦૦ એઓ હેલાધા કહાડીગયા, તેના બ્યાજમાંથી એ ખરચ થશે. એ શેઠ ચાલુ 'નજલા'ના દરદથી પીડાઈ, ૧૮૭૮ ના જુલાઈમાં સ્વર્ગવાસી થયા. જે ખાતર

મુંબઈની આલમે જાહેર દલગીરી જણાવી એમના માનમાં તે આખ્ખો દીવસ નીશાળો, સ્કુલો પારશી દુકાંનો ઓફીસો, શેરબજાર, એલફીન્સ્ટન કૉલેજ, મ્યુનીસીપલઓફીસ, બેંકો, અને બીજી જાહેર ઓફીસો બંધ રાખી હતી. અને મુંબઈ સરકારે ૧૯ મી જુલાઈ ૧૮૭૮ નાં 'ગવરમેંટ ગેઝેટ' માં દલગીરી જાહેર કરતાં જણાવ્યું હતું કે :—"એમનાં મરણથી સરકારે એક વફાદાર પ્રજા, હીંદુસ્થાને એક સખી ભલું કરનાર, અને મુંબઈ શેહેરે એક "સ્વતંત્ર અને આગેવાન શેહેરી ખોયોછે." મુંબઈની યુનીવરસીટીએ દલગીરી જણાવતાં કેહેચું હતું કેઃ— "એમનાં મોતથી કેલવણીનો એક મુરબ્બી ખોવાયો છે: અને મુંબઈ શેહેરની ખરેખરી મગરૂબી ગુમ થૈ છે." એમનાં મરણનાં તાર, આખ્ખાં હીંદુસ્થાન તેમજ ઇગ્લાંડમાં ફરી વળ્યા હતા, તો, પાયદસ્ત, જાણીતા પારશી શેઠીઆ અને યુરોપીઅનોની બની હતી. એમની મરજીપ્રમાણે એમનાં રૂવાંનને, 'વાલકેશ્વર'ની દાદી શેઠની વાડી માહેલાં દુખમામાં ચહડાવ્યું હતું. એમની ઉઠમણાની ક્રિયામાં રૂ. ૮,૦૦૦ ની પારશી ધર્મખાતાઓમાં સખાવત થઈ, તો એમનું—નામ બીજા પંકાયલા પારશી મહાપુરૂષો સાથ ધર્મ સંબંધી 'ધુપ અને રંગ'ની ક્રીયામાં લેવા દસ્તુરોએ ઠેરાવ્યા ઉપરાંત વળી પારશી પંચાયતના દફતરોમાં એમના નામની જાહેર નોંધ લેવાઈ, અને મુંબઈ વત્રોગે ઉદવારા, સુરત, નવસારી, પુણા, ગંણદેવી, ઈચ્છાપોર અને કલકત્તા તરફ એમનાં માનમાં એમની ઉઠમણાની ક્રિયાઓ થઈ હતી, 'મેહેમનો જાહેર બાગ,' 'મુંબઈનો યુનીવરસીટી હોલ,' અને 'એલફીનસ્ઠન' અને 'સેંન્ટ ઝેવીયર કોલેજો' ની લેટીન સ્કોલરશીપો સાથ, એમનું બખતાવર નામ જોડાઈ રહ્યું છે.

સર કાવશજી નાધલી ઉમ્મરે, 'ગજદર' ખાનદાંનનાં બાઈ રતનબાઈ સાથ પરણ્યા હતા, તેઓ પોતાનાં ખાવીંદ અગાઉ ૧૮ વર્ષ વાંજીયાં ગુજરીગયાં. એ શેઠે, ગુજરવા અગાઉ ૪ વર્ષ, પોતાંના ભાઈ હીરજી રેડીમનીના બે પુત્રો માંહેલા વડા મી. જીવનજીના વડા બેટા મી૦ જાહાંગીરને "દત્તક" કરી લેઈ તેમને રૂ. ૧૫,૦૦,૦૦૦ ની કેહેવાતી અશાકયામત ઉપરાંત રૂ. ૯,૦૦,૦૦૦ એ ખરીદેલું 'ભાઉ રસુલનું બંદર' આપી ગયા છે. તે બંદરની વાર્ષીક આવકના બદલામાં, મુંબઈ સરકાર, મી૦ જાહાંગીરને રૂ. ૫૦,૦૦૦, આપેછે. સર કાવસજી સ્વભાવે નરમ અને હશમુખા, વાતચીતે થંડા લાયકતવાલા અને સાર એચનારા, પોતાના સંબંધમાં આવનારના ગુણ વર્તનારા, પક્કા ઠેરાવના, સૌનું સારૂ ચાહાનારા, દયાળુ મહાપુરૂષ હતા. તેઓ મરણ પામવા છતાં, પોતાની લોકોપકારી પાદશાહી સખાવતોથી આખ્ખા હીંદુસ્થાનમાં ૧ લા સર જમસેદજી બેરોનેટથી બીજું—નાંમ અમર રાખી ગયા છે.



મરહુમ શેઠ રુસતમજી જમશેદજી જીજીભાઇ નાઇટ કમાંડર આવધી ટાવર એંડ સ્વાર્ડ.

(પોર્ટ્યુગીસ રાજ્યનો ખેતાબ.)

THE LATE HONBLE. RUSTOMJI JUMSETJI JEEJIBHOY, KNIGHT COMR. OF THE TOWER AND SWORD.

Vincent Brooks Day & Son Lith. London W.C.

# મરહુમ

## ઓનરેબલ શેઠ રૂસતમજી જમસેદજી જીજીભાઈ,

## સી. એ. ટી. ઈ.*

સર જમસેદજી ૧લા બેરોનેટના ૭ પુત્રોમાંથી, હૈયાત રહેલા ૩ માંહેલા બીજા શેઠ રૂસતમજી હતા. જેઓ એકવાર થોડાક વખત કરોડ-પતી બની, પોતાના પ્રતાપી પીતા માફક ચોમેર સખાવતની રેલો ચલાવી, હીંદુસ્તાન તેમજ ઇંગ્લાંડમાં એક પરદુઃખભંજન શખી પુરૂષ તરીકે પ્રકાશી નીકળ્યા હતા. પણ તેઓ જેમ ટુક વખતમાં ખીલી નીકળ્યા તેમજ થોડા વખતમાં પડી ભાગ્યા હતા. એ બનાવ બીન ભરૂશાની—ચઢતી ઉપર આધાર નહીં રાખવા માનવીને એક અચ્છો, અશરકારક, અને ચાંનક આપનારો ધડો સીખવેછે; તો દ્રવ્યનું ધુંદમાં મસ્ત થઈ મગરૂર રેહેનારાઓની વુંદાઈનું ખુલ્લું અને ખાતરીપુરવક—પોકલપણું સમજાવેછે.

શેઠ રૂસતમજીને, લેડી આવાંબાઈએ મુંબઈમાં ૧૮૨૪ ની ૯ મી જાનેવારીએ જન્મ આપ્યો, તેઓ ગુજરાતી, ઇંગ્રેજી જાણતા હતા. ૨૧ વર્ષની વય સુધી પોતાના પ્રખ્યાત પીતાના હાથહેઠળ વેપારની તાલીમ લેઈ, અનુભવ મેળવ્યા પછે, તેમના બોહોળા વેપારમાં ભાગ્યા તરીકે જોડાયા. ત્યારથી, એમની વેપારની કળ અને ચંચલાઈ ખીલતીજ ચાલી. ૧૮૫૯ માં એમના પીતા સ્વર્ગવાસી થવે, એમને વારશામાં રૂ. ૧૮,૦૦,૦૦૦ મળ્યા, ત્યારથી પોતે એકલે હાથે મોહોટો વેપાર ચલાવવા માંડ્યો કે, તેવામાં અમેરીકા તરફ માંહોમાંહેની લડાઈ જાગી ત્યાંના રૂના પાકની ખરાબી થવે, હીંદુસ્તાની રૂની ઇંગ્લાંડમાં ઘણા ચઢતા ભાવે અણચીતી મોહોટી માગણી નીકલવે, મુંબઈના વેપારીઓ તેમાં ખુબ કમાયા; તે વખતે, એ વેપારમાં શેઠ રૂસતમજીએ એકદમ ઝોંકાવી, ૩ વર્ષમાં મોહોટી દોલત મેળવી,—એક કરોડ-પતી બની, પોતાના બાપમાફક છુટ્ટે હાથે ટુક મુદતમાં રૂ. ૧૪,૦૦,૦૦૦, નો ગંજાવર જાહેર ધર્મ કરી, એક ખરા પરદુઃખભંજન પરોપકારી નર તરીકે પ્રસિદ્ધ થયા હતા, તે આગળ જણાશે. ૧૮૫૩ માં એઓ, પારશી પંચાયતના એક અધીકારી નેમાયા પછે ૫ મે વર્ષે, તેની મોહોટી પુંજીના એક 'ટ્રસ્ટી' બન્યા હતા. મુંબઈ સરકારે એમને ત્યાંની "સરકારી સેવીંગ્સ બેંકના" એક અધિકારી નેમ્યા, તે હોધ્ધો જીંદગી સુધી એઓએ ભોગવ્યો. મુંબઈના પારશીઓને ત્યાં થતાં મરણો વખતે નીરદય નશેસાલારો પોતાની મેહેનતનું બેહદ દાંમ જબરીથી લેવા લાગવે, ગરી-બડા પારશીઓને ગર્મીના વખતમાં ઘણું લાગતું હતું, તે પીડા ટાળવા, એ શેઠે આગેવાની કરી ૧૮૬૦ માં પારશી ઉઘરાણાંથી રૂ. ૨૦,૦૦૦ ભેગા કરી તેમાં પોતે રૂ. ૭,૦૦૦ ભર્યા ઉપરાંત, તે ખાતાંને ટકાવી મજબુત રાખવા ૩ વર્ષ સુધી તેના ખરચની ખોટ પોતે આપી હતી. જે ખાતું આજ ઘણું મજબુત બન્યું, અને તેની થાપણ વધીછે. હીંદુસ્થાન ઉપરથી "કંપની સરકાર" ના અમલનો અંત આવી, તે મ-હારાણીની સરકારને હસ્તક ગયા પછે, ૩ ઈલાકાઓમાં, ધારાબાંધનારી-કાંઉનસીલો સ્થપાઈ, ત્યારે, મુંબઈની સર જે. આર. ફલાર્કની સરકારની 'લોકલ-કાંઉનસીલ' માં પેહેલવેહેલા પારશી આગેવાન શેહેરી તરીકે શેઠ રૂસતમજી ૧૮૬૧ માં સભાસદ નેમાયા હતા. ધી ઓનરેબલ શેઠ રૂસતમજી જમસેદજી-એ, તે સભામાં પસાર થયલાં બીલોની જાહેર તકરારોમાં કાંઈ વધુ ઓછો ભાગ લઈ, હોધ્ધાની મુદત પુરી કીધા પછે, પાછા ૧૮૬૫ માં બીજીવાર નેમ્યા હતા કે, પછે ૩ મહીનાની ટુક મુદતમાંજ તંનદુરસ્તીના બીગાડાને સબબે રાજીનાસું આપી એઓએ તે હોધ્ધો છોડ્યો, તે ખાતર ત્યારના ગવરનરે અતીશય દલગીરી જણાવી હતી. ૧૮૬૩ માં એઓએ બાપીકાં વતન 'નવસારી' ની ભેટ લેઈ ત્યાંનાં ગરીબોમાં છુટ્ટે હાથે બક્ષેસ કરી હતી. એજ વર્ષમાં એમની પાદશાહી

* "કોમેનદેદાર-દે-આરદેમ-દા-તોરે-ઈ-એશપાડા" (પોર્ટુગીઝ ખેતાબ.)

સખાવતો ખાતર એમને "લંડન શેહેરના છુટાપણાં"નું માન બક્ષાયું હતું. ૧૮૬૫ માં, પોર્ટુગીઝોના પાયતખ્ત ગોઆ શેહેરની લીધેલી મુલાકત વખતે એમને ત્યાંના રાજ્ય અધિકારીઓ અને રૈયત તરફથી મોહોટું માન મલ્યું હતું, કે જ્યાંના ગરીબોમાં વેંહેંચવા એ શેઠે ત્યાંના વડાને હસ્તક રૂ. ૨૫,૦૦૦ ની પાદશાહી રકમ આપી હતી. એજ વર્ષમાં એ રાજ્યના દમણ શેહેરમાં એઓએ એક મોહોટી સ્કુલ બંધાવી, તેનું ત્યાંના રાજાનાં નામ ઉપરથી "દોં લુઈશ ઇંગ્લીશ સ્કૂલ" નામ રાખી, તેનો ચાલુ ખરચ પણ પોતાનેજ માથે રાખ્યો હતો. જે પાછળથી એમની પડતી સાથે પડી ભાગી, કે જેનો ખરચ તે રાજ્યે રૈયતના લાભ ખાતર ચલાવ્યો નહીં. એ કીધેલી મોહોટી બક્ષેસો ખાતર, માજી પોર્ટુગીઝ રાજાએ, એ શેઠને, ૧૮૬૪ માં એ રાજ્યના ઉમરાવોને બક્ષાતો ઘણો માનવંત ખેતાબ "કોમેનદેદાર-દે-આરદેમ-દા-તોરે-ઈ-એશપાડા" આપ્યો હતો તે ઇંગ્રેજી ખેતાબ "નાઈટ કમાંનડર ઓવ ધી ઓરડર ઓવ ધી ટાવર એંડ સોર્ડ" ને મલતોછે. જેનો સુશોભીત ચાંદ બક્ષવાની ક્રિયા, મુંબઈના પોર્ટુગીઝ કૌનસીલે ૧૮૬૪ ની ૨૪ મી સપટેમ્બરે એક મોહોટી દરબાર ભરી કીધી હતી. તો, એમને, પોર્ટુગીઝ વાઈસરોયે રાજ્યની મંજુરીઅતથી બે પીતલી 'તોપો' ભેટ આપી હતી. એ શેઠની કોશેશથી, મુંબઈ શેહેરના પારશીઓના ડુગર ઉપરનાં—દુખમાં તુલીક, ગાડીઓ જવાનો રસ્તો બન્યો, બરોડા રેલવેની ગુજરાત લાઈનનાં સ્ટેશનો નજદીક ઘણીક "ધર્મશાળાઓ" ઘટતા અસબાબ સાથે દરેક રૂ. ૨૫ થી ૩૦,૦૦૦ ને ખરચે બંધાઈ ઉઘડીયો, મુંબઈ શેહેરમાં બેલાશીસ રોડ તરફ રૂ. ૧,૦૦,૦૦૦ ને ખરચે જબરી મોહોટી સુશોભીત 'ધર્મશાળા' બંધાઈ, 'વીકટોરીઆ અને હાલબર્ટ સંગ્રહ-સ્થાન' ને મોહોટી મદદ થઈ, મોબેદોને પુરાતન ભાષાઓની કેલવણી આપવા "મેદ્રેસા" સ્થપાઈ, સર જમ-સેદજીની ધર્મની સ્કૂલમાં 'સ્કોલરશીપો' ઉઘડી, 'સ્કૂલ ઓવ આર્ટસ' ને મોહોટી મદદ મલી, દેશીઓને વેલાયત જઈ 'બેરીસ્તર'ની પરીક્ષા પસાર કરી આવવાને ઉત્તેજન આપવા સરકારને હસ્તક એક મોહોટી રકમ આપી, તો, વળી 'રગતપીતના દરદીઓ વાસ્તે ઓસ્પીટલ' બાંધવા પણ મોહોટી રકમ આપી, (જે બંધાઈજ નહીં.) ઈંગ્લાંડની ઘણીક ઓસ્પીટલોને મદદ કીધી, પુનાના સર જમસેદજી 'બંદ'માંથી' રૈયતને શેહેરમાં પાણી પુરૂં પાડવા મોહોટા ખરચે વેલાયતથી સાંચાકામ મંગાવી ઉભું કીધું, (જે હાલ કહાડી નાખ્યુંછે,) લેંકેશાયરના દુકાળ્યાં અને કલકત્તાના તોફાનથી લાચાર થયેલાંઓ ખાતર શખી હાથ લંબાયો, મુંબઈની મ્યુનીસીપાલીટીને એક બંમ્બો, ગ્યાસના થાંભલાઓ, ઉપરાંત શેહેરની શોભામાં વધારો કરનારૂં "૧૨ લાઈટનું" એક સુસોભીત જબરૂં મોહોટું ફાનશ વેલાયતથી મંગાવી ભેટ આપ્યું, જે હાલ ધોભીતલાવના ચોગાંન રસ્તા ઉપર શોભા આપતું ઉભેલું છે. એમની તરેહવાર જાહેર સખાવતો નીચે ટુકમાં જણાવ્યે:—

| | રૂ. |
|---|---|
| મુંબઈ, ગુજરાત, મદ્રાસ, સીલોન, સુરત વગેરે શેહેરોને, કેલવણી ફેલાવવા ખાતર મદદ .......... | ૩,૯૦,૦૦૦ |
| મદ્રાસ, કલકત્તા, દેખણ, બુંદેલખંડ, કચ્છ, માંડવી, વગેરે શેહેરોના દુકાળ્યાંઓને મદદ .......... | ૨,૧૬,૫૦૦ |
| પુણાના 'બંદ' માંથી શેહેરમાં પાણી પોહોંચાડવા સાંચાકામ મંગાવ્યું રૂ. ૭૧,૦૦૦, અને ઘણીક ધર્મશાળાઓ, તલાવો, કુવા, વગેરે બંધાવ્યા .......... | ૧,૬૨,૧૦૦ |
| મુંબઈ, મદ્રાસ, અને કલકત્તાના, એકકા દેશી વિદ્યાર્થીને લંડન મોકલી 'બેરીસ્ટર' બનાવવા સરકારને આપ્યા .......... | ૧,૫૦,૦૦૦ |
| મુંબઈમાં મોહોટી જાહેર ધર્મશાળા બંધાવી .......... | ૧,૨૩,૦૦૦ |
| ઇંગ્લાંડની જુદી જુદી બંધાયલી ઓસ્પીટલોના ફન્ડમાં .......... | ૧,૧૦,૦૦૦ |
| મુંબઈ, લંડન, મેનચેસ્ટર, સુરત, પોરબંદર, વગેરે શેહેરોનાં આંધળા, પાંગળા, અને નાચારોનાં ફન્ડોમાં | ૧,૦૫,૦૦૦ |
| વિદ્યા એલમને ઉત્તેજન આપવા, અને જાહેર પુસ્તકખાંનાઓને મદદ .......... | ૪૬,૦૦૦ |
| ઘણાક જાહેર જરતોસ્તી ધર્મખાતાંઓને, અને દુખમાંઓ બાંધવા આપેલી મદદ .......... | ૪૫,૫૩૦ |
| દમણ, ઉદવાડા, બીલીમોરા, નવસારી, વગેરે શેહેરોનાં જાહેર દવાખાંનાઓને મદદ .......... | ૨૦,૯૦૦ |
| મુંબઈની વિકટોરીયા ગારડન અને આલબર્ટ મ્યુઝીયમને મદદ .......... | ૧,૦૫૨ |

એ વત્રોગે, એ ધરમાતુ શેઠની પુષ્કલ નાધલી જાહેર સખાવતોનો સાંમટો આંકડો લેતાં તે એકંદર રૂ. ૧૪,૦૦,૦૦૦ ની થવા જાય છે. એમની અતી દયાળુ લાગણીનો—છપાઈ જાહેર પડેલો એક દાખલો જણાવ્યે કે, "પોતાંની સાથ અગાઉ એક શીખનારને રસ્તે જતાં જોવે તેને બોલાવી, તેની વાતથી તેની નાચારી જાણી, પોતાને ઘર બોલાવી, તેના હાથમાં રૂ. ૨,૦૦૦ બીડેલી નોટોનું એક પરભીડું મેલ્યું!! જે સ્વપ્ને ન ધારેલી અનચીતી મદદ મળવે, તે થોડો વાર ખુશી અને અજાયબીથી દંગ થઈ ગયો હતો." સુરતનાં ઘણાંક પડી ભાગેલાં નામીચાં કુટુંબો તરફ એમની લંબાયલી છુપી મદદ અંતે ફાટી નીકળી જણાઈ હતી. એમની મોહોટી રકમોની—ખાંનગી સખાવતોના સાબેતપણાં વીશે મુંબઈની આલમનાં મનઉપર મજબુત છાપ પડેલોછે. અપાર સુખ, ચાલુ ખુશાલી, અને ભારી મોજ મજાથી, એમના પેટમાં 'ચરબી'ના પડો વધીજવાની બીમારીથી એમનો જીવ જોખમમાં આવવે, ૧૮૬૪ માં એમની પીડુ ચીરી ૪ રતલને આશરે ચરબી કહાડી પાછા તનદુરસ્ત બનાવ્યા તેની ખુશાલીમાં એઓએ પુશ્કળ ગરીબોને નવાજીયા હતા.—હવેથી એ શખી નરના ઝળકતા દીવસો ખતંમ થયા, નશીબના ચક્કરે અનચીતો અને એકદમ ઉલટો આંટો ખાધો, અને એમનો ખીલતો વેપાર કરમાઈ પડયો, તેનો નીચ લાભ લેઈ, એમની આબાદીના વખતમાં જલનારા એમના હરીફોએ માગનારાઓને ઉસંકેરવે, એમનો ગભરાટ વધ્યો, અને એકવાર **ક્રોડપતી** બની પ્રસિદ્ધ થયેલા શેઠ રૂસતમજી તંગ હાલતથી નાદારીના ફાડામાં આવ્યા, તેવા ભારે દુઃખના વખતમાં, એમની ઉપર એક બીજી આફતની જબરો ફટકો એમનાં લાયક મોહો-રદારનાં મરણનો પડયો. જે નરે જરાપણ દુઃખ ન સોસેલું તેમની ઉપર કેવી જબરી આફતોના મારાએ અનચીત્યો હુમલો કરી, તેમની તન, મન, અને ચંચલ શકતી તદંન લઠરાવી નાખી હમેશના નાતવાન અને ઉદાસ બનાવ્યા; તેવીજ હાલતમાં એ શખી શેઠ 'જલંદર'ના દરદથી થોડો વખત પીડાઈ ૧૮૭૨ની ૧૩ મી એપ્રેલે સ્વર્ગવાસી થયા, તે ખાતર, મુંબઈની સારી આલમ દલગીર થઈ હતી. એમની 'યાદગારી' કાયમ રાખવા ૧૮૭૨ ની ૪ થી મેએ ત્યાં ભેગી મળેલી **પારશીઓની** એક ગંજાવર સભામાં કરતાં કીધેલાં ઉઘરાણાંથી, તેમજ હોંગકોંગ, કેનતાને, **કરાચી, એદન, તેહરાન, પુણા, ભરૂચ, વલસાડ, અમદનગર, ગણદેવી, ઈંદોર, તારાપોર, નવસારી, તવડી, દમણ, ઉદવાડા, વાંશડા, ધરમપોર, સુરત,** અને બીલીમોરા શેહેરોના **જરતોસ્તીઓએ** આપખુશીથી મોકલેલી રકમોથી, એકંદર રૂ. ૨૭,૧૧૯ ભરાયા, તેની, તે ખાતર ઠેડવેલી મેનેજીંગ-કમીટીના ૩ ગ્રહસ્થોને નામે ચઢતાં વ્યાજની સરકારી લોનો લેઈ રાખી છે. એ ફન્ડમાં, પરકોમોના ગૃહસ્થોએ મોઢે ચઢી નાણું ભરવા માગવા છતાં, ચોક્કસ સબબોથી એ કમીટીએ તે લેવા નમંનતાઈ સાથ નાપાડયું હતું. ચીનના **જરતોસ્તીઓએ** લીસ્ટમાં નાણું ભરવા ઉપરાંત એક બીજાં ઉઘરાણાંથી એ શેઠની—આખ્ખાં કદની નાદર છબી ચીતરાવી મુંબઈ મોકલી આપી, તે, હાલ શેઠ હોરમસજી વાહાડીઆજીના આતશબેહેરામમાં ટાંગીછે. એ સ્વર્ગવાસી નરની જીંદગીનો ચીતાર, માનવીને,—ચડતી પડતીનો એક અચ્છો અને અતી અશરકારક ધડો શીખવેછે.

શેઠ **રૂસતમજી**, 'તબાક' ખાનદાંનના બાઈ સુનાબાઈ સાથ પરણ્યા, તેણીએ ૩ પુત્રી અને એક પુત્રને જન્મ આપ્યો. તે પુત્ર બાલ્ય વયે મરણ પામ્યો, અને એ બાઈ ૧૮૬૭ ની ૮ મી જુલાઈએ સ્વર્ગવાસી થયાં. પાછો એક પુત્ર વારેશ થવાની આશાથી, એ શેઠ, બીજી વાર બાઈ **ભીખાઈજી** સાથ ૧૮૬૯ ની ૧૯ મી જાનેવારીએ પરણ્યાં પણ ફોકટ. એમની ૩ બેટીઓ હાલ હૈયાત છે. એ શેઠના નામથી, સર જમશેદજીની ધર્મની ઇંગ્રેજી સ્કુલમાં સ્થપાયલી 'સ્કોલરશીપો' હજુ અપાયછે.

# THE LATE

# Manekji Nasarwanji Petit, Esq., J. P.

MR. NASARWANJI PETIT lived in Surat and came to Bombay in A. D. 1784, where he carried on business as a *Dubash* and Commission-Agent to some French and Dutch ships. As his stature was short, he was styled by the French *le petit*, and hence the surname "Petit" of the family. He had traded with Calcutta, but with heavy loss in the end. He died in 1819 at the age of 50, leaving behind him the younger of his two sons, Sett Manekji Petit, the subject of this memoir.

Sett Manekji was born in Bombay on 25th September 1803, and knew English and Gujarati. He served as a candidate for 5 years in an European firm, and thereafter became broker to a mercantile firm newly opened in Bombay, through which he traded with London and other markets in Europe. He had become—a man of note in the public, and a merchant of repute. He was made a "Justice of the Peace" of Bombay, and a member of the late 'Grand-Jury' in 1834. He took a leading part in organizing the society for the support of the distressed Parsis in Persia, and was the President of its Managing-Committee. He initiated the efforts of the society for the abolition of the '*zajea*' or poll-tax invidiously levied on the Parsis in Persia. The tax has been abolished by the enlightened Sháh since 1882. He was one of the—leading members of the Parsi community, and was the first President of the Committee of the "Parsi Law Association" organized to obtain from Government a special legislation for Parsi marriage, divorce, and succession laws. He was one of the promoters of the "Colaba Land and Press Company." The—first spinning and weaving mill in India was built by this enterprising merchant in 1855. His careful management brought in good profit to the shareholders, who in appreciation of his services, ordered out a marble statue from London at their expense and placed it in the mills. He was a Trustee of the 'Fort Charitable Dispensary' and of the 'Charitable Funds of the Parsis in Persia.' His private charities are said to be large; but his public benefactions are known as follows:—



મરહુમ શેઠ માણેકજી નોશેરવાંનજી પીટીટ, જે. પી.

The Late Maneckji Nosserwanji Petit, Esq., J.P.

| | | |
|---|---|---|
| For the support of the distressed Parsis in Bombay, and for getting their children married | Rs. | 30,000 |
| For ameliorating the conditions of the Parsis in Persia | „ | 9,000 |
| To Charitable Dispensaries, Public Gardens, and other Funds | „ | 3,850 |
| Towards Parsi Female Education | „ | 1,901 |
| Towards Memorials, Fire, and Famine, Relief Funds, &c. | „ | 1,750 |

Sett Manekji died on 21st May 1859 at the age of 56, leaving two sons behind him, Messrs. Dinshaji and Nasarwanji, and Rs. 24,00,000 to be divided among them. To perpetuate their illustrious father's memory, the two brothers opened in Bombay a Charitable Dispensary in his name "the Manekji Petit Charitable-Dispensary," where the daily average attendance of poor and indigent patients receiving medical relief is nearly 200. The—first Mill in Bombay was also known after his name, viz., the "Manekji Petit Spinning and Weaving Mill," but in 1876, this designation changed into the "Manekji Petit Manufacturing Company, Limited."

Sett Manekji was a gentleman exceedingly kind and generous hearted and of free and familiar disposition.

The late Sett Manekji married a lady of the well-known "Moogá" family who gave birth to two sons, Mr. Dinshaji and Mr. Nasarwanji. Both are well known as extensive merchants and popular and liberal citizens of Bombay.

# મરહુમ શેઠ માણેકજી નસરવાનજી પીટીટ, જે. પી.

એમના બાપ શેઠ નસરવાનજી કાવસજી ઈ. સ. ૧૭૬૯ માં સુરતમાં જન્મ્યા, અને ત્યાંથી ૧૭૮૪ માં પેહેલે મુંબઈ
આવી ઈંગ્રેજી, ફ્રેન્ચ, અને વલંદાઓના વાહાણોનું ડુબાશનું લાભકારક કામ કરવા માંડી, માજી "ઇસ્ટ ઇંડયા
કંપની" નાં "ઇંડિયામેન" નામથી ઓળખાતાં વેપારી વાહાણોના અમલદારોને પોતાના લાભ ખાતર થોડાક
પરચુટણ માલ લાવવાની છુટ હતી, તેપણ, એઓ કમીશને વેચી આપતા હતા. એઓ કદે ઠીંગણા હોવે, ફ્રેન્ચો
એમને "લા પીટીટ" કરી બોલાવતા હતા. ત્યારથી, એમની એ ઓળખ એમના ખાંનદાનસાથ જોડાઇ આજસુધી
ચાલુ રહીછે. એમની અસલ કુટુંબ-ઓળખ "રાણા" હતી. એમના બીજા સસરા કલકત્તામાં હક થવે, તેમનો
વહીવટ ત્યાં ચાલુ રાખવા, થોડાંક વર્ષો જઈ રેહેવું પડવે, એઓએ વેપાર સંબંધી અચ્છો અનુભવ અને જ્ઞાન
મેલવ્યું હતું. મુંબઈ આવી ત્યાં લાભકારક વેપાર ચાલુ કીધા પછે, ટુંક વખતમાં એમનો કીંમતી માલ ભરેલું
વાહાંણ ડુબ્યું; તેનો વીમો ઉતારનારાઓ જવાબદારીમાંથી છટકી જવે, એમની હાલત તંગ બની હતી. તેઓ
૧૮૧૯ માં ૫૦ વર્ષની વયે પોતાના બે માંહેલા નાંધલા હેયાત પુત્ર, શેઠ માણેકજીને મેલી સ્વર્ગવાસી થયા.

મરહુમ શેઠ માણેકજી પીટીટ, મુંબઈમાં બાઈ ભીખાઈજીને પેટે ૧૮૦૩ ની ૨૬ મી ઓગષ્ટે જન્મી
ઈંગ્રેજી, ગુજરાતી, કેલવણી લીધી હતી. પોતાની નાંધલી વયે પીતા ગુજરવે, સંસારનો બોજો એમને સર
આવી પડ્યો હતો, ત્યારે એમની પીછાણના એક માયાળુ કપતાને એમને દલાલી આપવા કબુલી, મસ્કતમાં
તેના ચોખા વેચી આપવા, ત્યાં ૧૮૧૯ માં સાથે લેઈ ગયો હતો. ત્યાંથી આવી, એ શેઠ, ૧૮૨૦ માં
મુંબઈની એક ઈંગ્રેજી પેઢીમાં શીખાઉ દાખલ ૫ વર્ષો રહી, કામનો પક્કો અનુભવ મેળવી, નવી ઉઘડેલી
'મેશરસ દાએરેમ ક્યારટર' ની પેઢીના પેહેલ્લે દલાલ બન્યા. પછે ૧૮૨૪ માં તે મારફતે—પેહેલવેહેલે વેલાતનો
વેપાર કરવા માંડ્યો, ત્યારથી એઓ દેશી તેમજ ઇંગ્રેજી વેપારી પેહેડીઓ અને વેહવારી લોકો સાથ નજદીકના
સંબંધમાં આવતા જઈ, માન મેળવવા લાગી, ટુંક વખતમાં પેહેલ્લા વર્ગના એક વેપારી અને અગત્યના શેહેરી
થઈ પડી, દેશીઓ અને મુખ્ય કરી જરતોસ્તીઓને લગતાં અગત્યનાં કામોની ઉલટ ભરી આગેવાંની લેવા
લાગ્યા હતા. મુંબઈ સરકારે ૧૮૩૪ માં એમને "સુલ્લેહના અમલદાર" ઠેડવ્યા, તેમજ માજી 'ગ્રાંડ જુરી' ના
સભાસદ બનાવ્યા હતા. ઇરાણથી હાંદેસાના માર્યા મુંબઈમાં આશરો લેવા આવી વસેલા ઈરાણીઓને મદદ
કરવા મુંબઈમાં પારશી સભા ઉભી થઈ અને હજુ છે, તેના એઓ આશરો આપનારા, દેખરેખ રાખનારા,
અને જીંદગી સુધીના શરનશીન પણ હતા. ઈરાણના જરતોસ્તીઓ ઉપર ત્યાંના શાહે નાખેલા 'જજીઆ'
નો જુલમી કર ભરવા, અને તેને રદ કરાવવાના ઉપાયો લેવા, મુંબઈમાં મોહોટે પાયે પારશી ઉઘરાંણાથી
ઉભાં થયેલાં ફંડના જીંદગી સુધી પ્રમુખ રહી, એઓએ જબરી મેહેનત લઈ નાણાંની મદદ કીધી હતી. તેનું
સંતોષકારક પરીણામ એમનાં મરણ બાદ આવ્યું, અને ઈરાણના દયાળુ શાહે મુંબઈના પારશીઓની અરજ સાંભળી
—૧૮૮૨ થી ત્યાંના જરતોસ્તીઓને "જજીઆ" ના કરથી મોકલા કીધા છે. એ શેઠ માજી 'પારશી પંચાત-
ના એક મેહેનતુ અકાબર હતા. પારશી કુટુંબ કલેશ વગેરે તરેહવાર કંટાળા ભર્યા કજીઆ અને કુસંપનું
એઓ ડાહાપણથી અપક્ષપાતપણે શેવટ લાવતા હતા. 'પારશી વારશા, હીસ્સા અને લગન, તલાક' ને લગતા
ખાશ ધારા, તેઓના માગવાથી ઈંગ્રેજ સરકારે ૧૮૬૫ ની ૧ લી સપટેંબરે બાંધી આપ્યાછે. તે કામ ખાતર, પારશી
અનજુમને ઠેડવેલી કારોબાર-મંડળીની 'સબ-કમેટી' ના એઓ શરનશીન હતા. ૧૮૪૭ માં મુંબઈમાં રૂનો
વેપાર ઘણો વધી પડવે ગાંસડીઓ દાબવાના ઈસકુઓની ચાલેલી તાણ પુરી પાડવા, એમની આગેવાંની હેઠળ દેશી
અને ઈંગ્રેજી વેપારીઓએ "કોલાબા પ્રેસ કુંપની" ઉભી કીધી હતી. મુંબઈમાં—પેહલવેહેલું સુતર વણવાનું
કારખાનું ખોલવાનું માન એક સાહાસીક પારશીએ મેળવ્યું છે, તો, ૧૮૫૫ માં કાપડ વણવાનું "ઓરીયનટલ
સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપની" નામથી કારખાનું ખોલવાનું—પેહેલ્લું માન શેઠ માણેકજી પીટીટ મેલવીગયા છે. તેના
ઉપજેલા સરસ નફાથી બીજાઓની નજર ઉઘડી અને પરીણામ એ નીપજ્યું કે, આજ હીંદુસ્થાનમાં અને

મુખ્ય કરી મુંબઈ શેહેરમાં એવા કારખાંનાં ઉભાઈ જઈ, આબાદીનું મોહોટું મુળ થઈ પડયું છે. એ મીલનો કારોબાર એ શેઠે મેહેનત લેઈ હુશારીથી ચલાવી, ભાગીદારોને સારો નફો કરી આપ્યો, તેના હેસાનમાં તેઓએ એ શેઠના ગુજરવા બાદ તેમનું ઉભાકદનું—સંગમરમરનું એક આખ્ખું "બાવલું" વેલાતથી બનાવી મંગાવી એ કારખાંનાં મધ્યે ઉભું કીધું છે. એ શેઠ 'કોલાબા પ્રેસ કુંપની'ના એક સાહાસીક ડાયરેક્ટર, 'બોંમ્બે બ્રેન્ચ ઓવ ઈસ્ટ ઇંડીયા એસોશીએશન'ની મેનેજીંગ-કમીટીના એક સભાસદ, '*કોટના ધર્મના દવાખાના*'*નાં, તેમજ* '*ઈરાણના જરતોસ્તીઓનાં ધર્મના ફંડ*'*નાં પણ એક ટ્રસ્ટી, અને* '*ઈરાણીઓની* હાલત સુધારનારી મંડળી'ના મુખ્ય-આગેવાન, તેમજ વળી સ્થાપનાર પણ હતા. દેશાવરના પારશીઓની સગવડ ખાતર, ઘણાંક 'એબાદતખાંનાં' અને 'દુખમાં' બંધાવવા એઓએ મોહોટી બક્ષેસો કીધી, સુરતના પારશીઓને ઉઠમનાની ધર્મક્રિયા કરવાની સવગડ ખાતર રૂપાનાં સામનનો એક સેટ બનાવી આપ્યો, મુંબઈ તેમજ નવસારીમાં એક્કો કુવો બંધાવ્યો, અને મુંબઈમાં ૧૮૫૧ માં મુસલમાનોએ કીધેલાં હુલ્લડ વખતે કેટલાક દીવસો તુલીક બંધ બારણે રહેલા બાહેરકોટના પારશીઓને ગાડાંઓ ભરી અનાજ વગેરે ખોરાકી ઘરબેઠાં પુરી પાડી હતી. એ દયાળુ શેઠે ઘણાંક લાચાર થયલાં અબરૂદાર જરતોસ્તી કુટુંબોને—ખાનગીમાં સારી સખાવત કીધેલી ખાતરીથી મનાયછે, તો, એમની જણાયલી જાહેર સખાવતોનો રૂ. ૪૭,૦૦૦નો આંકડો —ખચીત ઘણો અધુરો દીસેછે. એ શેઠે પોતાનાં ગુરતમાંની ધણીઆંણી બાઈ **હમાબાઈની** યાદમાં ધર્મખાતર કહાડેલા રૂ. ૩૦,૦૦૦ માંથી ધર્મ કરવા ઉપરાંત બચેલાના વ્યાજ સુધ્ધાં થયલા રૂ. ૪૪,૦૦૦ માંથી, એમના બે જાણીતા પુત્રો શેઠો દીનશાજી અને નસરવાનજીએ એક મીલકત ખરીદી છે, તેનાં ઉપજતાં રૂ. ૪,૮૦૦ના વાર્ષીક ભાડાંમાંથી, હાલ તે ધર્મ થાય છે. એ શેઠની જાહેર સખાવતો, નીચે પ્રમાણેઃ—

| | રૂ. |
|---|---|
| મુંબઈના ગરીબ પારશીઓની પરવરી કરવા, તેઓનાં બચ્ચાંઓને શુદરો પેહેરાવવા, લગણ કરી આપવા, મરણોનો ખરચ કરવા, વગેરે ચોકશ ધર્મક્રિયાઓ દરવર્ષે કરવા | ૩૦,૦૦૦ |
| ઈરાંણના જરતોસ્તીઓની હાલત સુધારવા, અને તેઓના બાળકોને પરણાવવાના ફંડમાં | ૯,૦૦૦ |
| જાહેર દવાખાનાનાં, અને યાદગારીનાં ફંડોમાં | ૨,૨૫૦ |
| દુખમાં બંધાવવાના ફંડોમાં, અને પ્રજા ઉપયોગી જાહેર કામોમાં મદદ | ૧,૩૫૦ |
| "જરતોસ્તી છોકરીઓની નીશાળમંડળી"ને મદદ | ૧,૧૦૧ |
| "વીક્ટોરીયા મ્યુઝીઅમ એન્ડ ગારડન્સ" ફંડમાં | ૧,૦૦૦ |
| આગ, દુકાળ, અને તોફાનથી પીડાયલાંઓને મદદ | ૮૦૦ |
| જાહેર પર્સ આપવાના, અને પાંજરાપોલોના ફંડોને મદદ | ૫૦૦ |

એ શેઠ સેહેજ માદગી ભાગવી, ૫૬ વર્ષની વયે ૧૮૫૯ ની ૨૧ મી મેએ, રૂ. ૨૫,૦૦,૦૦૦ ની રોકડ પુંજી વગેરે મેલી બેહેસ્તી થયા. તેમનાં પુણ્ય ખાતર, તેમના બે પુત્રોએ, ઉપલી ધર્મખાતે કહાડેલી રૂ. ૪૪,૦૦૦ ની રકમમાં રૂ. ૫૦,૦૦૦ ઉમેરી, તેમાંથી એ શેઠે ફરમાવેલો ધર્મ ચાલુ રાખવા ઉપરાંત, તેમની યાદગારીમાં સઘલી ન્યાત જાતના લોકો ખાતર ૧૮૬૪ માં "માણેકજી નસરવાનજી પીટીટ ધર્મનું દવાખાનું" મુંબઈમાં 'માંડવી'ના લત્તા તરફ ખોલ્યું, તેનો વાર્ષીક ખરચ રૂ. ૫,૦૦૦ નો બોલાય છે. એમનાં નામથી એમના બે પુત્રોએ ૧૮૬૦ માં 'માણેકજી પીટીટ સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપની'નું નવું કારખાનું રાસમાં ઉભું કીધું હતું તેનું ૧૮૭૬ માં 'માણેકજી પીટીટ મેન્યુફેકચરીંગ કુંપની,' નામ બદલાઈ, હાલ તે જોઇન્ટ-સ્ટોક કંપનીથી ચાલે છે.

મરહુમ શેઠ માણેકજી, મુંબઈના પ્રખ્યાત શેઠ જીજીભાઈ દાદાભાઈની વડી બેટી હમાબાઈ સાથ પરણ્યા હતા. તેઓ બે પુત્રો દીનસાજી અને નસરવાનજીને મેલી બેહેસ્તનશીન થયાં. એ બે ભાઈઓ મુંબઈના જાણીતા માનીતા, સખાવત ખાતર વખણાયલા શેહેરી, શેઠયા, સાહાસીક વેપારી, અને 'સુલેહના અમલદારો' છે. તેઓએ બાપીકી રૂ. ૨૫,૦૦,૦૦૦ ની દોલતમાંથી, ફરમાવીયા મુજબ, તેમનાં સગાં વગેરેને વેહેંચી આપ્યા પછે, તે, સરખે હીસ્સે વેહેંચી લીધી હતી. સ્વર્ગવાસી શેઠ માણેકજી સ્વભાવે મીલનસાર, રીતભાતે સાદા અને લાયકીવાલા, દીલના દયાળુ, અને—હમજાતીઓ ઉપર ખરા મેહેરબાન હતા.

# Hn'ble* Mr. Framji Nasarwanji Patel, J. P.

THE primitive head of this family, Nanabhai Patel, lived in Surat. His fourth lineal descendant Jamsetji Patel was the first to settle in Bombay, where commencing business as a merchant he rose to some fortune. His son Nasarwanji Patel was a respectable citizen who died in 1846, leaving behind him four daughters and four sons, the eldest of whom is the subject of this memoir.

Mr. Framji, better known as *Frâmroz*, was born on 26th June 1804, and belongs on his mother's side to the well-known 'Banáji' family. He has been the architect of his own fortune. At sixteen he was engaged as a candidate in an European trading house, and after acquiring a sufficient knowledge of mercantile details, Mr. Framroz, in August 1824 jointly with two partners opened a firm under the name and style of 'Messrs. Frith, Bamanji and Company.' On the demise of Mr. Bamanji, ten years later, the name was changed into 'Messrs. Frith and Company.' On the dissolution of this partnership in 1848, Mr. Framji joined the house of Messrs. Wallace and Company, from which he retired in 1859, putting in his stead his son Mr. Dhanjibhai. This partnership continued till the end of 1862, when on account of some difference with the European partners Mr. Dhanjibhai retired. The next year Mr. Framji's two sons Messrs. Dhanjibhai and Sorabji jointly with Mr. John Sands opened a new house under the name of 'Messrs. Framji, Sands and Company.' Thus, for full thirty years he actively carried on business with European firms, and acquired a foremost position as a merchant in Bombay. During his time Mr. Framji was the—leading man of his community. In 1848 the Government of Bombay, having in view the pulling down of the old ramparts round the fort and the filling in of the trenches, for the accommodation of the increasing population of the city, Mr. Framji was selected to sit on the Committee appointed to report on the advisability of the step. In the same year he was nominated by the Government as a member of the Managing-Committee of the Elphinstone Institution, which then formed the Board of Education. He has been all his life a warm advocate of female education, which he has occasionally patronised with liberal contributions during the last 30 years. He had taken a primitive part in organising the 'Parsi Girls' Schools Committee' in 1857. In the same year he was made a "Justice of the Peace" for the city of Bombay. In 1851, he opened, on a requisition of the residents of Khetwady, a public school for boys, which still continues as 'the Framji Nasarwanji Anglo-Vernacular School,' and a cheap 'Reading Room and Library' was also opened at Khetwady under his patronage. He was elected the President of the Parsi Law Association formed for the purpose of obtaining from Government a special legislation for Parsis to regulate their laws as to marriage, divorce, and inheritance. A Commission of Enquiry was instituted for the

* Ex-Member, "Legislative-Council," Bombay.



શેઠ ફરામજી નાશેરવાંનજી. પટેલ, જે. પી.

FRAMJI NASSERWANJI PATELL, ESQ., J.P.
EX-MEMBER LEGISLATIVE COUNCIL, BOMBAY.

Vincent Brooks Day & Son Lith. London W.C.

purpose by the Government of India, of which Mr. Framroz was nominated a member, and he rendered valuable service thereto, by his lucid explanations, and practical suggestions. After eight years' work the 'Parsi Law Association' obtained the wished-for enactment and the law came into force from 1st September 1865. The—ability evinced by Mr. Framroz in the Commission was taken note of by its President, which favourably disposed the Bombay Government to nominate him on its Legislative-Council in 1866. He proved a valuable member to the Council, and resigned in 1869, on account of failing health. He was made a Fellow of the Bombay University in 1867. He is a member on the Committee of several charitable funds and the Vice-President to two associations of political influence, the 'Bombay' and 'East India' Associations. The late Viceroy, Lord Northbrook, expressed himself favourably of him in a public address in London. Though he has been held in special esteem among the Parsis, all classes of the Native Community honor his name alike. A full-sized portrait of his done in oil painting has been placed in the Council House at Poona, and another excellent one graces the walls of the "Bai Bhicaiji Bengáli Zoroastrian Girls' School" in Bombay, of which he has been the Patron and President for 30 years. He has built public inns, roads, and wells at heavy expense, supported charitable dispensaries and contributed largely to numerous public funds and institutions. He has founded scholarships in his name for the Girls' Schools in Bombay and the Seminary in Nausari. We may mention his public charities as follows:—

| | | |
|---|---|---|
| For building a Fire Temple in Bombay and maintaining it from 1845............ | Rs. | 56,000 |
| For building public Roads, Inns, Wells, Cattle-ponds, &c ............................ | „ | 26,550 |
| Contribution to several Parsi Charitable Funds, and to the Funds for ameliorating the condition of the oppressed Parsis in Persia ................................ | „ | 23,600 |
| For opening a Charitable School and maintaining it from 1861 .................. | „ | 19,000 |
| Support extended to Art and Education ................................................ | „ | 18,800 |
| Support given to the Relief Funds for sufferers by fire, famine, flood, or pestilence | „ | 15,900 |
| In donations to the Charitable Dispensaries, and public Libraries.................. | „ | 7,500 |
| To Public Purse, Memorials, Illuminations, Statues, Testimonials, &c ......... | „ | 14,900 |
| Contribution to the 'Victoria Gardens' and 'Albert Museum' ...................... | „ | 8,000 |
| To the Indigent Poor of Bombay of all classes........................................... | „ | 6,100 |

He has extended small sums to several other public institutions. His charities amount in all to Rs. 2,50,000. He owns an extensive estate in the city, and the village of Anik, in the vicinity of Bombay. He is living now as a retired gentleman.

Out of five children born to Mr. Framji three sons and a daughter are alive. The eldest son Mr. Dhanjibhai had been in his day a man of marked liberality and literary tastes, the second Mr. Sorabji is a well-known merchant, and continues still a senior partner in the firm of Messrs. Framji, Sands and Company, and the third Mr. Manekji has some time past retired from business. Mr. Framji commands a cheerful and majestic appearance and is very affable, kind-hearted and obliging to all who seek his advice or assistance.

# ઓનરેબલ* શેઠ ફરામજી નસરવાનજી પટેલ, જે. પી.

એમના મુળ-વડીલ શેઠ નાનાભાઇ કાંનજીભાઇ પટેલ સુરતનાં "ટણા" ગામના વતની હતા. તેમની ૪થી પેહેડીના શેઠ જમસેદજી પટેલ ઇ. સ. ૧૭૧૯ માં ત્યાંથી પેહેલા મુંબઇમાં આવી, વેલાતી તરેહવાર સામન વેચવા માંડી, વખત જતાં એક સારી આંટ અને આબરૂવાલા વેપારી થઇ, પારશી પંચાયતના એક માનવંત અકાબર બન્યા હતા. તેમના ૪ પુત્રો માંહેલા વડા દાદાભાઇએ, પોતાના ભાઇ બેરામજી સાથ પંત્યાલામાં જોડાઇ બાપીકો બોહોળો વેપાર ચલાવ્યો, ત્યારે 'પટેલ', વગેરે 'ગામડીઆ' ની અટકથી પણ તેઓ ઓલખાયા હતા. શેઠ દાદાભાઇ પટેલની મજગામ માંહેલી એસટેટનું 'સુરજ-કુંડ' તલાવ લોકોને ઘણું આગત્યનું થઇ પડયું હતું. તેઓ ૧૭૯૨ માં સ્વર્ગવાસી થયા. તેમના એકલા પુત્ર શેઠ નસરવાનજી પટેલે બાપના મરણ બાદ, ઉમ્મરે પુગી, તેમનો પંત્યાલામાં ચાલતો ભાગ છુટો પાડી, ૧૮૦૦ માં ત્યારની 'રેકોર્ડર કોર્ટ'ના કાયદાપ્રમાણે તે બંધ કીધા પછે, કરાણી ધંધામાં ન પડતાં, મળેલા મોહોટા વારશા ઉપર પોતાનાં મોહોટા કુટુંબ અને ચઢતા દરજાના ખરચનો આધાર રાખી, ૬૩ વર્ષની વયે, ૨ બેટી અને ૩ પુત્રો મેલી ૧૮૪૬ માં સ્વર્ગવાસી થયા. તેમના વડા પુત્ર તે આ હકીકતને લગતા શેઠ ફરામજી પટેલ છે.

**શેઠ ફરામજી** પટેલને, જાણીતાં 'બનાજી' ખાનદાનનાં બાઈ સુંનાબાઈએ ઈ. સ. ૧૮૦૪ ની ૨૬ મી જુને મુંબઈમાં જન્મ આપ્યો, તેઓ ઈંગ્રેજી, ગુજરાતી જાણેછે. એમને બાપીકા વારશામાં કશુ મળ્યું ન હતું. એમના બે ભાઈઓ મી. મેરવાનજી અને હીરજીભાઈ પટેલ, મુંબઈના જાણીતા વેપારીઓ હાલ એકાંતવાસ થયાછે. શેઠ ફરામજી ૧૮ વર્ષની વયે એક, બે, ઈંગ્રેજી વેપારી પેહેડીઓમાં કામે લાગી વેપાર સંબંધી સરસ અનુભવ મેળવ્યા પછે, મી. ગ્રીફીટ કીથ અને બમનજી નાનાભાઈ સાથ ભાગમાં "મેશરસ કીથ બમનજીની કું." નામથી નવી પેહેડી ઉઘાડી, તેને ખીલવવા શેઠ ફરામજીએ અથાક મેહનત લેઈ, વર્ષોવર્ષ તેનો નફો વધારતા ગયા. પેહેડી ઉઘડવાને ૧૦મે વર્ષે મી. બમનજી મરણ પામવે, એ પેહેડીનું નામ ૧૮૩૭ ની ઓગષ્ટે બદલી 'મેશરસ કીથ અને કું." રાખ્યું, તેમાં પાછલથી મી. વીલીયમ વોલેસ ૧૮૪૪ માં જોડાયો હતો. મી. ગ્રીફીથ ૧૮૪૮ ની જુલાઈએ ભાગ છોડવી વેલાત જવે, એજ સાલમાં શેઠ ફરામજીએ બાકી રહેલા ભાગ્યા મી. વોલેસના નાંમથી પેહેડીનું નામ બદલી "મેશરસ વોલેસની કું." રાખ્યું. જેમાંથી એ શેઠે ૧૮૫૯ માં છુટા પડી પોતાનાં વડા પુત્ર મી. ધનજીભાઈને તેમાં સામેલ કીધા. તેનું કાંમ ૧૮૬૨ સુધી ચાલ્યું હતું. ૧૮૬૩ ની શરૂઆતે એ શેઠે એક નવી પેહેડી ઉઘાડી, તેમાં પોતાના બે પુત્રો ધંનજીભાઈ અને સોરાબજીને મી. જોન શાંડસ સાથે ભાગ કરી આપી, "મેશરસ ફરામજી શાંડસની કું." નામથી પેહેડી ખોલી તે હાલ ઘણી જાણીતી થઈ પડીછે. એમ—લગભગ ૩૦ વર્ષો સુધી જુદી જુદી જાણીતી વેપારી પેહેડીઓ સાથ જોડાયલા રહી, શેઠ ફરામજીએ મોહોટી દોલત, પુરતી પ્રસીધ્ધતા, અને સરસ માન મેલવી એક સાહાસીક વેપારી તરીકે જાણીતા થયા હતા, તો, પોતાનાં પ્રજાઉપયોગી જાહેર કામોથી મુંબઈ શેહેરના એક પરોપકારી, આગેવાન, શખી ગૃહસ્થ અને શેહેરી તરીકે વધુ ખીલી નીકળી હાલ પુરતા માનીતા બન્યાછે. ૧૮૩૭ ની સુરતની 'મોહોટી આગ' થી પીડાયલાઓને અને ૧૮૪૨ માં એક 'બળી ગયલાં વાહાણ'ના લાચાર થયલા ઉતારૂઓને એઓએ છુટે હાથે મદદ કીધી હતી, તો, ૧૮૪૬ થી મુંબઈમાં આવી વસેલાં ઈરાણીઓને વખતે વખત મદદ કીધી અને કરતા રહેછે. —૧૮૪૮ માં મુંબઈનો કોટ ભાગી, ચર પુરી, ખુલ્લું મેદાન બનાવવા વીશે ત્યાંની સરકારને સલ્લાહ આપી ઉપાયો

---

* મુંબઈની "લેજીસ્લેટીવ-કાંઉન્સીલ" ના માજી સભાસદ, ૧૮૬૬—૬૮.

બતાવનારો 'રીપોર્ટ' કરવા યુરોપીયનો ભેગા દેશી શેહેરી આગેવાનોમાં એ શેઠને પણ નેમ્યા હતા. તો એજ સાલમાં એમને આગલી 'એલફીનસ્ટન ઈનસ્ટીટયુશન'ના સભાસદ પણ ઠેડવ્યા હતા. 'સ્ટુડંન્ટસ લીટરરી એન્ડ સાયનટીફીક સોસાઈટી' એ, એજ વર્ષે મુંબઈમાં—પેહેલવેહલી સ્ત્રી-કેલવણીનો પાયો નાખી નીશાળ સ્થાપી, તેને એ શેઠે મોહોટી મદદ કીધી હતી. પારશી સ્ત્રી-કેલવણીને આજ ૩૦ વર્ષો થયાં બનતી ચાલુ મદદ અને ઉત્તેજન આપવા, અને ૧૮૫૭ માં 'જરતોસ્તી છોકરીઓની નીશાળ-મંડળી' સ્થાપી, પારશી કન્યા-શાળાઓનો અખત્યાર, 'સ્ટુડંન્ટસ લીટરરી સોસાયટી'ના હાથમાંથી, તે મંડળીને હસ્તક સોંપવા, અને તેના પ્રમુખ તેમજ ટ્રસ્ટી બની, આજસુધી મેહેનત લેવા ખાતર એઓ સારી પેઠે જાણીતા થયાછે. ૧૮૫૧ માં ખેતવાડી તરફ સઘળા વર્ણનાં બાળકોને ઈંગ્રેજી-ગુજરાતી મુફત કેલવણી આપવા એમના ખરચથી "ફરામજી નસરવાનજી એંગ્લો-વરનાક્યુલર સ્કૂલ" ઉઘડી છે, તો, 'ફોર્ટ રીડીંગ રૂમ અને લાયબ્રેરી' પેહેલવેહેલી એમનાજ આશરાથી ઉઘડી ચાલુ થઈ. ૧૮૫૭ માં એમને મુંબઈસરકારે "સુલ્લેહના અમલદાર" નેમ્યા. પારશીઓના લગન, તલાક, અને વારશા હીસ્સા સંબંધી સરકાર પાસે ખાશ ધારા બાંધી માગવા ઉભી થયલી મંડળીના પ્રમુખ બનવાનું માન એમને મળ્યું હતું. તે કામ ૮ વર્ષો ચાલ્યું તે સઘલો વખત એઓએ બાહોશી અને ચાલાકીથી પોતાનું કામ બજાવી તેને કીમતી મદદ આપી, અને એ ધારાની જરૂર વીશે તપાસ કરવા ૧૮૬૧ માં મુંબઈ સરકારે નેમેલાં 'પારશી લોક મીશન' નાં એમને એક સભાસદ નેમવે, એ ધારાની અગત્ય વીશે ખાતરીપુરવક ખુલાસા આપવા એઓ ઘણાજ ઉપયોગી થઈ પડયા હતા. એ—ધારો બંધાઈ ૧૮૬૫ ની ૧ લી સપટેમ્બરે અમલમાં આવ્યો, અને મુંબઈમાં "ધી પારશી ચીફ મેટ્રીમોનીયલ કોર્ટ" સ્થપાઈ, તેના એ શેઠને સરકારે પેહેલા 'ડેલીગેટ' નેમ્યા હતા. એમને ૧૮૬૬ માં મુંબઈની સર બાર્ટલ ફ્રેયરની સરકારે પોતાની ધારા-સભાના એક સભાસદ નેમ્યા, તેવીશે ઈંગ્રેજી તેમજ દેશી પત્રોએ એક અવાજથી સંતોષ બતાવ્યો હતો. **ધી ઓનરેબલ શેઠ ફરામજીએ**, એ માનવંત હોદ્દો ૨ વર્ષ વખાણવા જોગ રીતે બજાવી છોડયો હતો. ૧૮૬૭ માં એઓ મુંબઈ યુનીવરસીટીના "ફેલો" નેમાયા. ૧૮૬૮ માં હીંદુસ્થાનની વડી સરકારે "ધી નેટીવ મેરીએજ-બીલ" નામથી એક એવો ધારો પસાર કરવા માગ્યો હતો કે, એક દેશી કોઈબી પર-જાત સ્ત્રીસાથ પરણવા રાજી થયે, તેને સરકારે ઠેડવેલા રેજીસ્ટ્રાર પાસ જઈ, પરસપરસની ખુશીનો એકરાર કરી, નોંધાવી, સર્ટીફીકેટ મેલવવે, થયલાં લગન કાયદાસર ગણાશે. આ ધારો પારશી કોમને નહીં લાગુ પાડવા શેઠ ફરામજીનું —પેહેલું ધ્યાન દોરવે, તેના ઉપાય લેવા, ૧૮૬૮ ની ૧૫ મી દીસેમ્બરે કુલ પારશીઓની એક ગંજાવર સભા બોલાવી, તેવીશે અરજી કરાવી હતી તે, વડી સરકારે બાહાલ રાખી હતી. ૧૮૭૦ માં એ મોહોટાં નામ અને કામના ઉપયોગી શેહેરીની એક ઓઈલ-પેંટીંગ 'છબી' પુણાના કાઉનસીલ હોલમાં મેલીછે. એઓ 'સર જમસેદજી જીજીભાઈની ધર્મની સ્કૂલ' ની મેનેજીંગ-કમીટીના સભાસદ હતા. 'બોમ્બે એસોશીએશનની સભા' ના, તેમજ 'બોમ્બે બ્રાંચ ઓવ ધી ઈસ્ટ ઈન્ડયા એસોશીએશન' ના નાયબ-શરનશીન છે. હીંદુસ્થાનના માજી વાઈસરોય લોર્ડ નોર્થ બ્રુકે, એ શેઠ વીશે લંડનમાં જાહેર-વીચારો જણાવ્યા હતા, તેના થોડાક બોલો જણાવ્યેઃ—"મુંબઈના સારી પેઠે માન પામેલા પારશીઓમાં ફરામજી નસરવાનજી ચઢતું માન ધરાવેછે, તેમને સઘલી વર્ણના લોકો ઘણું આદરમાન આપેછે અને તેઓ ગરીબોથી ચહવાયલા છે. મુંબઈના પારશી શેઠીઆઓમાં બુજરગી ખાતર એઓ વધુ માન પામેલાછે." એ શેઠે વિદ્યાર્થીઓને ઉત્તેજન આપ્યુંછે, મહાબલેશ્વરમાં 'ધર્મશાળા', નાધલો 'બંધ', અને 'ટાંકા', તો, સાતારા તરફ મેહેરામાં એક 'ધર્મશાળા' અને સુરત અને છાસ્ટી તરફ 'કુવા' બંધાવ્યાછે. ૧૮૪૫ માં એઓ-એ મજગામમાં મોહોટું ચાંદરીઆન બંધાવ્યું તેનો આજ ૩૬ વર્ષો થયાં મોહોટો ખરચ ચલાવેછે. 'વાંદરાંના સરકારી ધર્મના દવાખાનાં' ને એઓએ મદદ આપી, અને ઈરાંણમાં વશતા લાચાર જરતોસ્તીઓ ઉપરથી જુલમી 'જજીઆ' નો કર કહાડી નાખવા અને તેમના બાળકોને કેળવવા, મેહેનત લેવા સાથ મદદ પણ કીધી છે. મુંબઈની 'જરતોસ્તી કન્યા-શાળાઓ' માં અને 'નવસારીની મદ્રેસા' માં એમના નામની "સ્કોલરશીપો" સ્થપાઈ છે.

છાસ્ટીમાં ચીમોરથી આનીક ગામ વચ્ચે રૂ. ૧૦,૦૦૦ ખરચે એઓએ 'પાકી સડક' બંધાવી, અને મુંબઈની 'પ્રોપ્રાએટરી સ્કૂલ'ને, 'આંખના દવાખાનાંઓ'ને, ધોબીતલાવની શાખા–'નેટીવ જેનરલ દીસ્પેન્સરી'ને, 'કોટના ધર્મનાં દવાખાંના'ને, બૉંમ્બે એસોશીએશન'ને, નવસારીની 'જરતોસ્તી મેદ્રેસા'ને, મુંબઈના 'સેલરસ-હોમ'નાં અને 'ગોદીનાં 'ફંડો'ને, તેમજ દુખમાં અને દરેમેહેરો બંધાવવા મદદ આપીછે. એમની જાહેર સખાવતોના આંકડા નીચે જણાવ્યે:—

| | |
|---|---|
| મુંબઈમાં પારશીઓનું ઈ. સ. ૧૮૪૫ માં આતશ બેહેરામ બંધાવ્યું, અને તેનો આજસુધી ખરચ ચાલુ રાખવા ...... | રૂ. ૫૭,૦૦૦ |
| ચીમોરથી આનીક ગાંમ જવાની જાહેર પાકી સડક વગેરે ધર્મશાળા, હોજો, કુવા, ઈત્યાદી બંધાવ્યા | ૨૬,૫૫૦ |
| મુંબઈમાં સઘળી ન્યાતજાતના બાળકોને મુફ્ત કેળવણી આપવા ૧૮૬૧ માં સ્કુલ ઉઘાડવા ઈમારત ખરીદી, અને તેનો આજ સુધી થયલો ચાલુ ખરચ...... | ૧૯,૦૦૦ |
| જાહેર કેળવણી અને વિદ્યા એલમને મદદ ...... | ૧૮,૮૦૦ |
| મુંબઇ અને દેશાવરનાં પારશીઓનાં જાહેર ધર્મખાતાંઓને, અને મુંબઇની પારશી પંચાયતને મદદ... | ૧૭,૬૦૦ |
| ઈરાંણના જરતોસ્તીઓની હાલત સુધારવા, અને મુંબઈના લાચાર ઈરાંણીઓના ફન્ડોમાં ...... | ૧૨,૦૦૦ |
| તોફાન, દુકાળ, આગ, વગેરેના ફંડોને મદદ ...... | ૧૫,૯૦૦ |
| બાવલાં, મેમોરીયલ, જાહેર રોશની, અને ટેસ્ટીમોનીયલનાં ફંડોમાં ...... | ૧૪,૩૨૫ |
| જાહેર ધર્મના દવાખાનાં, ઈસ્પીતાલ, કસરતશાળા અને લાયબ્રેરીઓને મદદ ...... | ૯,૫૦૦ |
| મુંબઈની 'વીક્ટોરીઆ એન્ડ આલબર્ટ મ્યુઝીઅમ અને ગારડન'નાં, અને 'સેલરસ હોમ'નાં ફંડોમાં... | ૨,૮૦૦ |
| મુફલેશીમાં ફશી પડેલા પરજાતોને જાહેર મદદ ...... | ૬,૭૦૦ |
| દુખમાં, અગીઆરી, અને પાંજરાપોલોનાં ફંડોમાં ...... | ૬,૪૦૦ |

ઉપલી રકમોની અંદર એ શેઠે કીધેલી નાંધલી પુષ્કળ બક્ષેસો ઉમેરતાં, એમની એકંદર જાહેર બક્ષેસનો આંકડો રૂ. ૨,૫૦,૦૦૦નો થવા જાયછે. મુંબઈ શેહેરમાં એમની બોહોળી સ્થાવર મીલકત વગેરે છાસ્ટીમાં, ચીમોરની નજદીક 'અણીક' અને 'બોરલુ' ગામો છે, તો, 'માની' ગામમાં ૩૭૫ એકર જમીન છે. એઓ હાલ વેપાર ધંધો બંધ કરી મીલકતની આવક ઉપર ઘણું કરી એકાંત રહી, કદાચજ જાહેર હીલચાલમાં ભાગ લેછે.

શેઠ ફરામજી નાધલી ઉમ્મરે, બાઈ દીનબાઈ સાથ પરણ્યા, તેઓને થયલા ૫ પુત્રો માંહેલા ૩, ધનજીભાઈ, સોરાબજી અને માણેકજી હયાત છે, તો, ૩ બેટીઓ માંહેલી એકજ જીવેછે. મી. ધનજીભાઈ ઉગમણ તરફના ગણાતા એક વિદ્યાઅભ્યાસીએ ઘણાક પુસ્તકો રચ્યાં છે. મી. સોરાબજી એક ફતેમંદ વેપારી અને જાણીતા શેહેરી છે. અને મી. માણેકજી વેપાર બંધ કરી એકાંતવાસ થયાછે. શેઠ ફરામજી પોતાની—પાછલી ત્રણ પેઢીને જોવા ભાગ્યશાલી થયાછે, તો, મુંબઈમાં પ્રસિદ્ધ થઇ ગયલા બુજરગ પારશી શેઠીઆઓની સંઘ માંહેલા એઓ એકલાજ હયાત રહેલા છે. તેઓ મુંબઇના જાણીતા, માનીતા, અને દરજ્જાવાલા શેહેરી છે. તેમને ઘણુંકરી દરેક જાહેર સભામાં બુજરગીખાતર પ્રમુખની ખુરશી મલેછે. તેઓ ઘણાજ રાંક, મીલનસાર, નરમ, દયાલુ, અને સાદા ગૃહસ્થ છે.



શેઠ બેહેરામજી જીજીભાઈ. સી. એસ. આઈ.

BYRAMJI JEEJEEBHOY, ESQ., C.S.I.,

EX-MEMBER, LEGISLATIVE COUNCIL, BOMBAY.

Vincent Brooks Day & Son, Lith. London W.C.

# Hon'ble* Mr. Byramji Jejeebhoy, C. S. I.

MR. BYRÁMJI is the great-grand-son of Sett Merwánji, who was the head of the well-known "Mugá" family among the Parsis. His grand-son Jejeebhoy rose from small beginnings to be broker simultaneously to nine first-class English trading-houses in Bombay and agent to several French merchant ships. He was a gentleman of diligence, integrity, and enterprise. He took a principal part in starting the 'Bombay Steam Navigation Company' in 1841 which in ante-railway times plied their steam-ships between Bombay and the ports of Gujárát. He also took a—leading part in organising the 'Bombay Chamber of Commerce,' and was one of the active promoters and directors of the 'Oriental' and the 'Commercial Banks' in Bombay. He was a merchant of extensive transactions and an—acknowledged leader of his community. In March 1836 he laid out the enormous sum of Rs. 50,000, in building and providing for a Fire-Temple at Colábá, and expended another noble sum in providing elementary education to the Parsi and other native children in Bombay and Gujárát and in aid of several Parsi charitable funds. In his will he set apart Rs. 2,00,000 in 'trust' for his sons, to maintain from its interest, the several institutions founded in his name and for the grant-in-aid to the needy and indigent Parsis. A short sketch of this illustrious Parsi gentleman has been given with his 'portrait' in the issue of the "*Illustrated London News*" of the 4th August 1849, the year in which he died. He left four sons, Merwánji, Bamánji, Sorábji, and Byrámji, the last and youngest, is the subject of this memoir.

Mr. Byrámji was born in Bombay on 15th June 1822. He knows English and Gujaráti. He had from his father acquired a strict training in mercantile details and in public life. He gradually advanced as a merchant as well as a public citizen, and in a few years--became the director of several Banks, Insurance Companies, and Spinning and Weaving Mills, receiving occasionally thanks of their shareholders for watching over their interest with a special care. The Bombay Government made him a 'Justice of the Peace' in 1855, a 'Fellow' of the University in 1867, and a 'Delegate' of the Parsi Chief Matrimonial Court. He has resigned his delegateship. His public spirit and influence led to his nomination in the Bombay Legislative-Council on 7th August 1868. He was re-appointed in 1870, and in August 1872 he retired. Hon'ble Byrámji's legislative career bespoke a tone of independence, as it appears from his taking a prominent part in discussing the following 'bills' brought before the Council:—The 'City Survey Bill' in 1868, 'Town Duties,' and the 'Cotton Fraud Bill' in 1869, 'Grant-in-aid to the spread of education from the Municipal Funds,' the 'Bunder Fees' in 1870, and the 'Festival Tax Bill' in 1871. For this active public service the Hon'ble. Mr. Byrámji received on his retirement from the Council, a--public 'address' from the people of Ahmadabád, Surat, Broach, and Nausári as well as from his friends and admirers in Bombay. Her Most Gracious Majesty the Empress of India was pleased to confer upon him the title of the "**Order of the Companion of the Star of India**" on 1st January 1876. Sir Phillip Wodehouse, then Governor of Bombay,

* Ex-Member, "Legislative-Council," Bombay.

addressed Mr. Byrámji in the public *durbár* held on the occasion:—"The valuable services you have rendered as an important citizen to the people and to the Government, in lieu of which Her Imperial Majesty has conferred upon you the title of the "Star of India," and I am commanded to give you the medal and other insignia relating to the same in a public *durbár*. It gives me great pleasure to execute the order. I am much rejoiced to see that your public services are thus repaid." Mr. Byrámji was deputed to appear by the Bombay Government, in the Imperial Delhi Assemblage on the 1st of January 1877, and was there presented with a silver 'medal' by the then Viceroy. He —opened at Mahamudábád the "Manekbái charitable-dispensary" in 1869 at the cost of Rs. 5,000 in memory of his late wife Bai Manekbái. He has supplied the long-felt want of Medical Schools by princely donations of Rs. 40,000 for a school in Poona in 1878, and of Rs. 20,000 for another, in Ahmadabád in 1879, both—being known after his name. He has made a contribution also to the funds of the 'Grant Medical College' in Bombay, and of Rs. 5,000 for opening the "Tanna High-School" in 1880 which has now been known as the "Byrámji Jejeebhoy High-School." The residents of Tanna gave him a public 'address' in return for his liberality. Following the steps of his philanthropic father he has given away the interest of a sum of Rs. 2,12,500 in trust to be devoted to charitable purposes. His public charities may be enumerated as follows:—

| | | |
|---|---|---|
| For the "Byrámji Jejeebhoy Medical School" at Poona | Rs. | 40,000 |
| For a similar school in Ahmadabád | " | 20,000 |
| For Charitable Dispensary in Mahamudábád and in Salsette | " | 20,000 |
| For opening the Tanna High School Rs. 5,000, and contributed to the Parsi Girls' Schools, Bombay | " | 7,500 |
| Contribution to the Parsi Panchayet's Funds in Calcutta and other several Parsi public funds | " | 3,100 |
| To the Albert Edward Institution in Poona and the Victoria and Albert Museum in Bombay | " | 3,000 |
| Towards a scholarship in the Bombay University after the name of his late wife Manekbái, and donation to the Gujárát Provincial College | " | 3,000 |
| Contribution to the Gujaráti class in the Grant Medical College, Bombay, and subscribed to the 'Medical Women for India' Fund | " | 4,000 |

Taking his numerous other small charities in lump the amount comes to more than Rs. 1,10,000. Mr. Byrámji is well-known as a principal citizen and capitalist in Bombay. He owns an extensive estate in Salsette called 'Gorgam,' besides numerous bungalows and houses in the town of Bombay. Though he has been a retired gentleman for some years he takes a leading part in almost every public question and movement. He is a gentleman of affable and courteous disposition, of simple but engaging manners, and very obliging to all who seek for either advice or aid.

Mr. Byrámji is a widower, and has an only son Mr. Nanabhoy, a Justice of the Peace of Bombay. His grandson, Mr. Rastamji, is a bright and promising youth of 22.

# ઓનરેબલ* શેઠ બેરામજી જીજીભાઈ, જે. પી., સી. એસ. આઈ.

શેઠ બેરામજી, વખણાંયલાં "મુગા" ખાનદાંનથી ઉતરેલા છે. એ ખાનદાંની-અટક એમના મુળ વડીલ શેઠ મેરવાનજી મુગા જનમાવા ઉપરથી નીકલી, તેઓ, એક પુત્ર દાદાભાઇને મેલી ઈ. સ. ૧૮૨૫ માં ગુજર્યા. શેઠ દાદાભાઈ જાતી ચંચલાઇ અને ભલા ગુણો ખાતર સારૂં માંન મેલવી ૧૮૩૬ માં એક પુત્ર જીજીભાઇને મેલી સ્વર્ગવાસી થયા. શેઠ જીજીભાઇ ૧૭૮૫ માં જનમ્યા, અને ૨૦ વર્ષની વયથી ઇંગ્રેજી પેઢીમાં વેપાર સંબંધી તાલીમ લેઇ, જાતી મેહેનત અને ઇમાનદારીથી એકદમ વધી ખીલી નીકલી, ૭ જાણીતી ઇંગ્રેજી વેપારી પેઢીઓના દલાલ બની, આવક, આંટ, અને આબરૂ વધારી, વળી કેટલાંક ફ્રેન્ચ વાહાણોના આડતીઆ પણ બની, મુંબઇ અને દેશાવરના—પેહેલ્લા વર્ગના વેપારી ગણાયા હતા. ૧૮૪૧ થી સુરત અને ગુજરાતનાં બંદરો વચ્ચે આગબોટો ફરતી કરનાર "બોંબે સ્ટીમ નેવીગેશન કું." ને ઉભી કરનારાઓમાં એઓ મુખ્ય, તેમજ મુંબઈની "ચેમ્બર્સ ઓફ કોમર્સ," અને "ઓરીએંટલ" તેમજ "કમરસીઅલ" બેંકોનાં આગેવાન સ્થાપનાર, અને છેલ્લીના ડાયરેકટર પણ હતા. ૧૮૩૬ના માર્ચમાં એઓએ, મોહોટે કોલાબે શેહેનશાહી પારશીઓની એક 'દરેમેર' રૂ. ૫૦,૦૦૦ ને ખરચે બાંધી, તેના ચાલુ ખરચ સારૂ બીજી રકમ હેલાયધી કાહાડીગયા; તે હાલ સારી રીતે ચાલેછે. સર્વ જ્ઞાતનાં બાળકોને મફત કેલવણી આપવા એઓએ રૂ. ૨,૦૦,૦૦૦ નું મોહોટું ફંડ સ્થાપ્યું, અને ઘણાક જાહેર ધર્મખાતાઓને રૂ. ૧,૦૦,૦૦૦ની મદદ કીધી હતી. પારશી પંચાયતના તેઓ એક આગેવાંન અકાબર હતા. તેઓએ, પોતાની પાછલ બોહોળી દોલત અને માલ મીરાશ મેલી આ દુન્યા છોડી જતી વખતે રૂ. ૨,૦૦,૦૦૦ ની પાદશાહી રકમ હેલાયધી કહાડી તેનું "મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈનું ધરમખાતું" નામ રાખી, તેના વ્યાજમાંથી, પોતે મુંબઇમાં સ્થાપેલા ધર્મખાતાંઓ,—તે ૧૮૩૬ માં ઉઘાડેલી "શેઠ જીજીભાઇ દાદાભાઈ જરતોસ્તી મદ્રેસા" અને ૧૮૪૪ માં ખોલેલી ૩ "જીજીભાઇ દાદાભાઇ ઇંગ્રેજી ગુજરાતી અને જંદની નીશાળો," તેમજ સુરત, ભરૂચ, ખંભાત, નવસારી વગેરે શેહેરોમાં સર્વે જ્ઞાતના બાળકોને કેલવણી આપવા ખોલેલી "ધર્મની-નીશાળો," એ સઘળાંનો ચાલુ ખરચ કરવા ફરમાવી ગયા. જે દરવર્ષે રૂ. ૧૪,૦૦૦નો થતો ખોલાય છે, અને વળી તેમાંથી નાચાર પારશીઓને મદદ પણ આપવા, વીલમાં ફરમાવી જઇ, તેના ટ્રસ્ટીઓ, પોતાના પુત્રોનેજ ઠેડવી ગયા. શેઠ જીજીભાઇ દાદાભાઇ ૧૮૪૯ ના મેમાં સ્વર્ગવાસી થયા, તે વર્ષની ૪ થી ઓગષ્ટના "ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ"માં એમની છબી સાથ ટુક જન્મ-ચરીત્ર છપાયું હતું. એમના ૪ પુત્રો મેરવાનજી, બમનજી, સોરાબજી, અને બેરામજી, માંહેલા હૈયાત રહેલા છેલ્લા તેઓ આ હકીકતને લગતા શેઠ બેરામજી, સી. એસ. આઇ., વીરો જણાવ્યે.

શેઠ બેરામજીને મુંબઇમાં બાઈ વીરબાઈજીએ ૧૮૨૨ની ૧૫ મી જુને જન્મ આપ્યો, તેઓ ઈંગ્રેજી, ગુજરાતી ભાષા જણેછે. બાપના ચાલતા બોહોળા વેપારના વખતમાં તે સંબંધી પોતે જ્ઞાન અને અનુભવ મેળવી, વેપારમાં પડી, સારી પુંજી મેળવ્યા પછે, તેમાં વધુ ગુંતાઈ મેહેનત અને ચાલાકીથી તેને અચ્છી રીતે ખીલવી મોહોટાં નશીબે પુગ્યા. એમ એઓ એક હાથ ઉપર બોહોળો વેપાર કરતા, તો બીજી તરફથી પ્રજા ઉપયોગી જાહેર કામોમાં પડતા રેહેવે, મુંબઈના એક પ્રખ્યાત વેપારી તેમજ અગત્યના શેહેરી થઈ પડી વખણાતા ચાલ્યા.

* મુંબઈની "લેજીસ્લેટીવ-કાંઉન્સીલ" ના માજી-સુભાસદ, ૧૮૬૮—૭૨.

થોડીક મોહોટી બેંકો વગેરે, વીમાની પેઢીઓ, અને સ્પીનીંગોના એઓએ લાંબી મુદત સુધી 'ડાયરેકટર' બની, મેહેનત અને હોશીઆરીથી તેઓનું કામ બજાવી, ભાગીદારોને સારો લાભ કરવે તેઓ તરફથી—ઉપકાર સાથનું માન મેળવ્યું હતું. "રોયલ સ્પીનીંગ મીલ" ને ૧૮૫૮ માં સ્થાપવા એઓએ આગેવાન ભાગ લીધો હતો. મુંબઈ સરકારે એમને ૧૮૫૫ માં "સુલ્લેહના અમલદાર," તા, ૧૮૬૭ માં ત્યાંની 'યુનીવરસીટીના ફેલો', અને ૧૮૬૫ માં "ધી પારશી મેટ્રીમોનીયલ કોર્ટ" ના 'ડીલીગેટ' ઠેડવ્યા, એ છેલ્લો હોધ્ધો હાલ એઓએ છોડ્યોછે. ૧૮૬૮ ની ૭ મી ઓગષ્ટે મુંબઈની સર સેમોર ફીટઝરલ્ડની સરકારે, એમને પોતાની લૉકલ-કાઉનસીલના સભાસદ ઠેડવ્યા, તેની મુદત પુરી થતાં, ફરીથી ૧૮૭૦ ના ઓગષ્ટમાં બીજી વાર એમને નેમ્યા હતા. એમ ચાલુ ૪ વર્ષો, તે ૧૮૭૨ ના ઓગષ્ટ તુલીક એ હોધ્ધો ઓનરેબલ શેઠ બેરામજીએ પુર આપઅખત્યારી અને ચાલાકીથી બજાવી, રૈયતના લાભ અને સરકારના કાયદાને લગતી બાબદો ઉપર તકરારો કીધી અને બાઠ ભીડી, તેઓમાં મુખ્યઃ—'સીટી સર્વે બીલ,' 'ટાઉન ડયુટીસ,' 'રૂનાં કાંવત્રાનો ધારો', 'મ્યુનીશીપલ ફંડમાંથી કેલવણી ખાતાને મદદ', અને 'બંદર ફીઝ' ને લગતા પસારથતા ધારાઓ વીશે હતી. ૧૮૬૮ માં 'ધી સીટી સર્વે બીલ' ને પસાર થતી વખતે, તેની કેટલીક જુલમી કલમો અને અપૂર્ણ બાંધણી વીશે એઓએ મજબુત તકરાર લઈ કાયદેમંદ સુચનાઓ કીધી, તે વધુ મતે પસાર થઈ હતી. ૧૮૬૯ માં 'ટાઉન ડયુટીસ' ને લગતું ગરીબોના ખાધ ખોરાક ઉપર કર નાખનારાં બીલને એઓએ—જુલમાત ભર્યું પોકારી, તેનાં માઠાં પરીણાંમોનો આબેહુબ ચીતાર અશરકારક રીતે આપી, તે રદ થવાથી રાજ્યની આવકને ધક્કો ન પુગવાના ઉપાયો બતાવ્યા; તેની તરફેણમાં વધુ મત પડ્યાં હતાં. ટુકમાં જણાવ્યે કે, એમજ ૧૮૬૯ ના 'કોટન ફ્રોડ એકટ', અને ૧૮૭૦ ના 'બંદરફીજ', વીશેના બીલોની તકરાર વખતે પણ એઓએ વજનદાર, કીમતી, અને અશરકારક તકરારો લેઈ કીમતી સૂચના કીધી હતી. એ જાહેર સેવા બજાવવા ખાતર એમને, એ હોધ્ધો છોડતી વખતે, મુંબઈમાં 'માનપત્ર' મલવા ઉપરાંત અમદાવાદ, ભરૂચ, સુરત, નવસારી અને સચીન તરફથી પણ મળ્યાં હતાં. એમની ઘણીક જાહેર સેવા ખાતર, મહારાણીએ, એમને "ઓરડર ઓવ ધી કમ્પેનીઅન ઓવ ધી સ્ટાર ઓવ ઇંડયા" નો માન ભર્યો ખેતાબ ૧૮૭૬ ની ૧ લી જાનેવારીએ બક્ષ્યો, તેની ક્રિયા એ વર્ષની ૧૦ મી એપ્રેલે મુંબઈના ત્યારના ગવરનર સર ફીલીપ વોડહાઉસે, પરેલના સરકારી મેહેલમાં એક દબદબા ભરી દરબારમાં કરતી વખતે, તેણે, એ શેઠની વખાણમાં કહ્યું હતું કેઃ—'તમોએ મુંબઈના એક શેહેરી તરીકે સરકાર તેમજ પ્રજાની જે કીમતી સેવા બજાવીછે, તેના બદલામાં નામદાર મહારાણીએ તમને "સ્ટાર ઓવ ઈંડ્યા" નો ખેતાબ બક્ષ્યો, તેને લગતા ચાંદ સાથની બીજી અલામતો આ દરબાર ભરી બક્ષવા મને ફરમાન મળ્યું, તે બજાવતાં મને ભારે હરખ ઉપજેછે. સરકારની તમોએ બજાવેલી કીમતી સેવા, અને લોકોઉપયોગી કામો કરવાની કદર, આવી રીતે બુજાયલી જોઈ હું મગ્ન થયોછું, એ ખેતાબ તમો લાંબી જીંદગી ભોગવી વાપરજો." ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ દીલ્લીમાં ભરાયલી શાહાનશાહી દરબારમાં સામેલ થવા એમને ખાસ નોતરૂં કરી બોલાવી વાઈસરોયે એક રૂપાનો 'ચાંદ' આપ્યો હતો. પુણામાં વૈદકશાળા સંબંધી—ખુટ પુરી પાડવા, એ શેઠે ૧૮૭૮ ની ૧૩ મી દીસેમ્બરે રૂ. ૪૦,૦૦૦ ની પાદશાહી બક્ષેસ કીધી, તેને "બેરામજી જીજીભાઈ મેડીકલ સ્કુલ" નામથી ઉઘાડી ચાલુ કરતી વખતે, ત્યારનાં ગવરનર સર રીચર્ડ ટેમપલે એમની એ મોહોટી ઉદારતા અશરકારક શબ્દોમાં વખાણી હતી. વળી અમદાવાદમાં પણ એમની રૂ. ૨૦,૦૦૦ ની બક્ષેસથી એવીજ એક "બેરામજી જીજીભાઈ મેડીકલ સ્કૂલ" ૧૮૭૯ માં ઉઘડીછે. એ શેઠે થાણામાં રૂ. ૫,૦૦૦ ને ખરચે ૧૮૮૦ માં "બેરામજી જીજીભાઈ હાઈસ્કૂલ" ઉઘાડી, ત્યાંના રેહેવાશીઓ તરફનું એક 'માનપત્ર' મેળવ્યું છે. એઓએ રૂ. ૨,૧૨,૫૦૦ ની કાહાડેલી રકમનું વ્યાજ, ધર્મ કરવા ખાતર 'ફેમેલી ટ્રસ્ટ સેટલમેંટ' માં આપી, તેના પોતાની સાથ બીજા ૬ ટ્રસ્ટીઓ નેમી, તેમાંથી પોતે દરવર્ષે રૂ .૨,૦૦૦ નો

ધર્મ કરવાનો હક રાખી, બાકીનો ધર્મ કરવા ટ્રસ્ટીઓને પુર મુખત્યારી આપીછે. એ શેઠે, 'મુંબઈની મ્યુનીસીપલ કોરપોરેશન' સ્થપાવાના પેહેલાં બે અને પછેનાં બે મલી ૪ વર્ષો, એ શેહેરની કર ભરનારી પ્રજાના વકીલ તરીકે, તેમાં બેઠક લીધી હતી. એમની જાણીતી જાહેર સખાવતોના આંકડા નીચે પ્રમાણે:—

| | રૂ. |
|---|---|
| પુણામાં "બેરામજી જીજીભાઈ મેડીકલ સ્કુલ" ખોલવા સરકારને આપ્યા........................ | ૪૦,૦૦૦ |
| અમદાવાદમાં "મેડીકલ સ્કુલ" ઉઘાડવા સરકારને મદદ ........................ | ૨૦,૦૦૦ |
| છાસ્ટીમાં ધર્મનું દવાખાનું ખોલવા રૂ. ૧૫,૦૦૦ સરકારને આપવા કબુલ્યા, અને એહેમુદાબાદના ધર્મનાં દવાખાંનાને મદદ ........................ | ૨૦,૦૦૦ |
| ઇરાણના ગરીબ જરતોસ્તીઓને મદદ ........................ | ૫,૫૦૦ |
| થાણામાં 'બેરામજી જીજીભાઇ હાઈ સ્કુલ" ખોલી ........................ | ૫,૦૦૦ |
| કલકત્તાની પારશી પંચાયતને, સોલાપુરની અગ્યારીને, અને જુદાંજુદાં પારશી ધર્મખાતાંને મદદ... | ૩,૧૦૦ |
| "પુણા આલબર્ટ એડવર્ડ ઇનસ્ટીટયુશન ફંડ"માં........................ | ૧,૦૦૦ |
| મુંબઇની પારશી કન્યાશાળાઓને મદદ........................ | ૨,૫૦૦ |
| પોતાનાં સ્વર્ગવાસી ધણીઆંણી બાઇ માણેકબાઈની યાદગારીમાં મુંબઇ યુનીવરસીટીમાં "બાઇ માણેકબાઈ બેરામજી જીજીભાઈ પ્રાઇઝ" ની સ્કોલરશીપ સ્થાપવા રૂ. ૨,૦૦૦ અને 'ગુજરાત પ્રોવીનશીયલ કોલિજ' ને મદદ ........................ | ૩,૦૦૦ |
| 'વીકટોરીઆ અને આલબર્ટ મ્યુઝીયમ ફંડ'માં ........................ | ૨,૦૦૦ |
| મુંબઇની ગ્રાંટ મેડીકલ કોલિજના ગુજરાતી વર્ગને રૂ. ૩,૦૦૦, અને 'હીંદુસ્થાંનમાં સ્ત્રી તબીબો લાવવાનાં ફંડ' ને મદદ ........................ | ૪,૦૦૦ |

ઉપલી રકમોમાં, એમની ઘણીક છુટક નાધલી સખાવતોનો આંકડો ઉમેરતાં તે રૂ. ૧,૧૦,૦૦૦ ઉપર થવા જાયછે. એ શેઠ મુંબઈના પેહેલ્લા વર્ગના શેહેરી, શેઠીઆ, અને વેપારી છે. મુંબઈ શેહેરમાં એમની બોહોળી સ્થાવર મીલકત વગેરે, છાશટીમાં ૭ નાંધલાં ગામોવાલો "ગોર ગાંમ" નો વજીફો છે. મીલકતોની ઉપજ એમને મોહોટી થાયછે.

શેઠ બેરામજી, બાઇ માણેક બાઈ સાથ ૧૮૩૬ માં પરણ્યા. તેઓ ૧૮૬૯ માં સ્વર્ગવાસી થવે, તેમની યાદગારીમાં ઉપલી "સ્કોલરશીપ" સ્થપાઈ, તેમાંથી રૂ. ૮૦ની ચોપડીઓનું વાર્ષીક ઇનામ વિદ્યાર્થીઓને મળેછે. એ શેઠના એક પુરા બેટા મી. નાનાભાઈ જાણીતા શેહેરી છે. તેમના પુત્ર મી. રૂસતમજી ૨૨ વર્ષના એક ખીલતા જવાન ભવિષ્યમાં સારો દેખાવ કરવાની પુરતી આશા આપેછે. તેમને ૩ ફરજંદો છે, જેથી શેઠ બેરામજી પોતાની ૩ જી પેઢી જોવાને ભાગ્યશાલી થયાછે. એઓ જોકે હાલ એકાંતવાસી થયાછે તો પણ, જાહેર કામોમાં અગત્યની વખતે ભાગ લેતા રહેછે. એઓ સ્વભાવે મીલંનસાર, રીતભાતે નમનતાઈ ભરીઆ, દેખાવે સાદા પણ ટેકાવ જાલવનારા, અને મુંબઈમાં જાણીતા અને માનીતા ગૃહસ્થ છે.

THE LATE

# Ardeshar Hormasji Whadia, Esq., J. P.

THE LOWJI FAMILY claim descent from Náoji *alias* Lowji, who lived in 'Siganpore,' a suburb of Surat, and was employed under the Parsi master-builders in the—Surat Docks, then the largest in India under the Mogul Empire. It is said that, he was invited to Bombay by the Agents of the "East India Company" with a staff of clever ship-building carpenters in 1735. Since then,—the family has been known as the "Whadiá" or ship-building family, one branch of which has turned into princely merchants, while the other has over a *century* and a *half*, stuck to the profession of master-builders from generation to generation in the Bombay Docks. Shortly after Mr. Lowji's arrival the—first Dock in Bombay was constructed under his supervision. He served for 39 years, and built 34 ships, including several cruisers and men-of-war. He died on 3rd July 1774, leaving two sons, Manekji and Bamanji; the former succeeded his father as master-builder, and the latter became his assistant. In times of war, when the British fleet lay at anchor in Bombay, they were repaired so very speedily and satisfactorily, and 2 new ships of war built so opportunely, that the Admiral Sir Hughes,—rewarded the two brothers with gold 'medals,'. and the late "Honorable Board of Directors" made them an *hereditary* present of land on 19th December 1783. The two brothers built 33 ships during their tenure of office. The youngest brother, Bamanji died in 1789, leaving five sons, the youngest among whom was Hormasji Whadiá, born in 1765, who turned out a famous merchant. He had built his own trading ships, and projected to build 'cotton-presses.' In 1807 he built a Fire-Temple in memory of his father, which was much extended by his sons in 1830. In 1815 he leased from the Government "*Kurlá*" village, in Sálsette and improved it considerably. He died in 1825, leaving his extensive trade and estate in charge of a Trustee to manage for the benefit of his three minor sons. The youngest of them was Mr. Ardeshar Whadia, the subject of this memoir.

Mr. Ardeshar was born in Bombay on 19th August 1812. He knew English and Gujaráti. On attaining to their majority the three brothers, Bamánji, Rastámji and Ardeshar, took up their father's business, and commenced trading jointly in 1833 under the style of 'Messrs. Bamánji, Ardeshar & Co.' Their connections extended to China and to Europe, and they built 3 ships for trade. In 1839 the three brothers purchased from Government "*Kurlá*" village for Rs. 20,000 on the expiry of their father's lease, *reserving* to the Government the right to collect revenue *only* from the 'palm' and 'date' trees. Rastámji, dissolved his connection with the partnership in 1847, and the two brothers continued the firm. On the death of Mr. Bamánji in 1861, Ardeshar conducted the business on his own personal account, and made an enormous fortune. In 1837, he was elected Non-resident Member of the 'Royal Asiatic Society' in London; in 1840 a "Justice of the Peace," and in 1841 an Honorary Commissioner



મરહુમ વાહાડીઆજી. અરદેશર. હોરમશજી, જે. પી.

THE LATE ARDASEER HORMARJI, ESQ., J.P.

of the 'Court of Requisition.' He established the 'Bank of Western India' in 1843, and was a Director in the 'Oriental' and the 'Commerical Banks,' as well as appointed Life-Chairman of the 'Kurla Spinning and Weaving Mills.' His noble charities have been specially directed towards medical dispensaries, relief funds, public tanks, and in affording monthly grants to respectable families in distress. He gave Rs. 30,000 to Government for opening an Hospital in the Kurlá village, Rs. 10,000 for opening a Charitable-Dispensary in Eláv village near Surat, and spent Rs. 15,000 in building a Tank in Marwár. His public charities may be enumerated :—

| | | |
|---|---|---|
| To charitable dispensaries, and donation fund to the 'Grant Medical College'................................ | Rs. | 1,44,000 |
| Towards relief from fire, famine, tempest, &c. ................................ | " | 24,800 |
| In building tanks and wells ................................ | " | 21,000 |
| To public libraries................................ | " | 1,000 |
| | Rs. | 1,90,800 |

His *annual* private donations to ruined but respectable families and indigent poor have been surmised to be Rs. 40,000. He was offered a seat in the Legislative-Council by the late Government of Bombay, which he however thankfully declined. He was always indifferent to public honors. He died on 18th May 1882, leaving property worth about Rs. 36,20,000. To commemorate his memory the family opened a charitable-dispensary in his name in May 1882. The Shareholders of the "Kurlá Spinning and Weaving Mills" in a meeting held on 7th March 1883 voted a marble bust to be placed in the Mills. Mr. Ardeshar lived almost retired from public life some time previous to his death, and was—always esteemed as a shrewd merchant and a popular citizen. He was a gentleman of simple and obliging manners, of affable disposition, and of a very generous heart.

Mr. Ardeshar was twice married, the widow who survived him being Mehrbái, an educated and accomplished Parsi lady of position. He left seven sons—Mr. Nasarwánji, (besides three daughters by his first wife,) and Messrs. Hormasji, Bamanji, Pestanji and Jamsetji, and two others and seven daughters by his second. The daughters following the example of the mother—are all well educated.

# મરહુમ

## વાહાડીઆજી અરદેસર હોરમસજી, જે. પી.

એમના મુળ-વડીલ નવજી ઉર્ફે "લવજી" સુરત તરફનાં 'સીગનપોર'ના વતની હતા. તેઓ ઈ. સ. ૧૭૩૫ માં—પેહેલ્લા મુંબઈ આવ્યા, તે અગાઉ, મોગલ શાહાનશાત તાબેનાં સુરતની ત્યારે હીંદુસ્થાનમાં ગણાતી સૌથી મોહોટી ગોદીના વડા પારશી બીલડર અથવા 'વાહાડીઆ'ના હાથ હેઠળ રહ્યા હતા. કે જ્યારે, ઇંગ્રેજોને હસ્તક આવેલાં મુંબઈમાં* —ફીરંગીઓના વખતની નાધલી ગોદીઓ હતી. સુરતમાં લવજી વાહાડીઆ જાતી ચંચલાઈથી વાહાણો બાંધવાના હુન્નરમાં સરસ નીવડયા, ત્યારે મુંબઈના બારામાં પડેલી ઇંગ્રેજી મનવારને તળીએ ભરાતું પાણી બંધ કરવા લીધેલા સઘળા ઉપાયો નીષ્ફળ જવે, ત્યાંની સરકારે, સુરતની જાણીતી ગોદીમાંથી જાણીતા થયલા લવજીને લાગવગથી બોલાવ્યા હતા. તો, બીજી તરફથી સરકારી દરીઆઇખાતાંને લગતા દસ્તાવેજોને આધારે એમ જણાયછે કે, સુરતની મોહોટી ગોદીમાં માજી 'ઇસ્ટ ઇન્ડયા કુંપની' સરકારનું એક મોહોટું વાહાણ લવજી વાહાડીઆની દેખરેખ અને ઉપરીપણા હેઠળ બંધાવે, ઇંગ્રેજી દરીઆવરધી વડા અમલદારે એમની ચાલાકી જોઇ, તે વખતે મુંબઇમાં બાંધવા ધારેલી ગોદીઓ એમનાજ ઉપરીપણાં હેઠળ બંધાવવા, તેણે મજબુત ભલામણ કરવે, એમને બોલાવ્યા હતા. ખરી વાત ગમે તે હોય, પણ લવજી વાહાડીઆને, ૧૭૩૫ માં મુંબઇ સરકારે ઘણા લાગવગથી બોલાવવે તેઓ, પોતાના ભાઈ સોરાબજી વગેરે વાહાણ બાંધનારા થોડાક હુશીઆર કામદારો સાથે ત્યાં આવ્યા—એમ વાહાડીઆ ખાનદાંનના દરખતે મુંબઈમાં પેહેલવેહેલી જડ પકડી, તેની હાલ પુખ્ત થયલી ઘણીક ફળવંત દાળો મુંબઈમાં સારા નામ અને માનથી ફેલાઈ ખીલીઓછે. તેઓમાંના કેટલાકે વેપારની વલણ લીધીછે, તો બીજાઓ વડીલોના મુળ-ધંધાને આજ ૧૫૦ વર્ષો થયાં વળગી રહી, પેહેડી દરપેહેડીથી મુંબઈની જાણીતી મોહોટી ગોદીઓમાં "માસ્તર-બીલડરનો" માન ભર્યો મોહોટો હોદ્દો, સરકાર તરફની ચાલુ શાબાસી સાથ ખાતરીપુર્વક રીતે બજાવ્યો. જેઓના વખતમાં એ ગોદીઓ રફતે રફતે કદ, સંખ્યા, અને વીસ્તારમાં બોહોળી થતી જઇ, આજ સૌથી મોહોટી તરીકે જાણીતી થઇ પડીછે. એ હોદ્દો ૧૮૮૪ની આખેરીએ દેશીઓને અપાતો સરકારે હમેશાનો બંધ કરી,—છેલ્લા પારશી "માસ્તર-બીલડર" ખાન બહાદુર જમસેટજી ધનજીભાઇ વાહાડીઆને 'પેનશન' આપ્યું છે.

લવજી વાહાડીઆએ મુંબઇમાં આવી, કેટલાંક વાહાણોની મરામત કરવા પછે, હાલની કોટની મોહોટી ગોદી તરફનો નાધલો જમીનનો તુકડો પસંદ કરી ત્યાં એ-ગોદીનો પેહેલો પાયો નાખ્યો, અને લડાયક કાફલાની 'ફ્રુઝરો' વગેરે શુરૂ કરી ખાતરીપુર્વક રીતે બાંધી આપવાથી એમને, મોહોટી મનવારો બાંધવાનું કામ બેધડક સોંપવામાં આવ્યું હતું. મુંબઇના કોટમાં એમની સ્થાવર મીલકત હતી, જે "વાહાડીઆજીના ચકલા" નામથી હજુ ઓલખાયછે. લવજી વાહાડીઆએ ૩૯ વર્ષો, "ઇસ્ટ ઇંડીઆ કુંપની સરકાર" ની નોકરી કરી, મનવારો વગેરે બધાંમળી ૩૪ નવાં વાંહાંણો બાંધી. ૧૭૭૪ ની ૩ જી જુલાઇએ, બે પુત્રો માણેકજી અને બમંનજી, અને થોડીક દોલત મેલી સ્વર્ગવાસી થયા. એ ભાઈઓ, બાપનાજ હાથ હેઠળ વાહાણો બાંધવાનો હુન્નર અચ્છી રીતે શીખ્યા હતા. તેઓમાં માણેકજી—વડા વાહાડીઆ તરીકે અને તેમના નાયબ બમનજી નેમ્યા હતા. જ્યારે પારકાં રાજ્યોસાથ, ઇંગ્રેજ સરકારને લડાઈ થવાની ધાસ્તી હોવે. બારામાં લંગરવાર પડેલા 'કાફલા'ની ઘણીજ ઝડપથી મરામત કરવાનું કામ સરસ રીતે બજાવ્યા ઉપરાંત એ બેઉ ભાઇઓએ વળી તુરતો તુરત બે લડાઇનાં બારકસો બાંધી પાણીમાં ઉતાર્યાં હતાં. એવી અગત્યની સેવા બજાવવા ખાતર તે કાફલાના એડમીરલ સર એ. હયુજએ પોતાની તરફથી એ ભાઇઓને એક્કા 'ચાંદ'ની બક્ષેસ કરી, તેમની તારીફ, માજી ધી "ઓનરેબલ કોર્ટ ઓવ ડાયરેકટર્સની બોર્ડને લખવે, તેની તરફથી, એઓને 'પરેલ' માં, ૪૦ મુડા અથવા ૧૬૦ ખાંડી અનાજ ઉપજાવનારી અને તેટલીજ બીજી પળડત જમીનની—જાગીરની વંશપરંપરા બક્ષેસ

* ઈંગ્લાંડનો ૨ જો ચાર્લેસ, 'કેઠેરાઈન' સાથ પરણ્યો, ત્યારે તેના સસરા ફીરંગી રાજાએ મુંબઈનો ટાપુ, તેને ૧૮ મી સપતેમ્બર ૧૬૬૨ માં, પેહેરામણીમાં આપ્યો હતો.

થે, તેનું "ફરાંમન" ૧૭૮૩ ની ૧૯ મી દીસેમ્બરે આપ્યું હતું. તે જાગીરના હાલ ટુકડા બની ઘણાંક વારેશામાં વેંહેંચાઇછે, તો, તેનો મોહોટો ભાગ વેચાઇ પણ ગયેછે. એ બેઉ વાહાડીઆજીઓએ ૩૩ નવાં બારકશો બાંધી, સરકાર તરફથી માન, તો, મુંબઇનાં પંકાયલા શેહેરીઓ તરીકે ઇજત મેળવી હતી. બમંનજી બાવા ૧૭૮૯ માં પાંચ પુત્રો અને દોલત મેલી સ્વર્ગવાસી થયા, તેઓમાંહેલા નાધલા હોરમસજી વાહાડીઆએ વેપારમાં પડી, મુંબઇમાં જાણીતી 'ફોર્બ્સ કું.' નો પાયો નાખીજનાર સર ચાર્લસ ફોર્બ્સ બેરોનેટ સાથે જોડાઇ, મુખ્ય કરી પેહેલા વર્ગના, રૂ ના પ્રખ્યાત વેપારી તરીકે ખીલી નીકલી, પોતાના વાંહાંણો બાંધવા ઉપરાંત, ઉપલી કુ. ની સાથ પણ રાશામાં બીજાં ૩ બાંધ્યાં હતાં, અને કોટમાં 'રૂ ના ઇસ્કરૂઓ' ઉભા કરાવ્યા હતા. ૧૮૦૩ માં મુંબઇના કોટમાં—ભયંકર આગે ભારે ખરાબી કરવે, સરકારે, દેશીઓને કોટ બહાર જઇ રેહેવા ફરજ પાડવે, તેની વિરૂધ્ધ એ વાડીઆજીની આગેવાની અને ઉપરીપણા હેઠળ મુંબઇની સઘલી દેશી વર્ણે, ઇંગ્લાંડ અરજી મોકલી તે હુકમ રદ કરાવ્યો. તેટલો વખત, પારશીઓને વસવા એઓએ ચંદનવાડી તરફ ચાલીઓ બાંધી હતી, તે, એમનાં નામથી આજ પણ જાણીતી છે. ૧૮૦૭ માં પોતાના બાપના પુણ્ય ખાતર, એઓએ મુંબઇમાં એક "આતશ આદરાણ" બંધાવ્યું, તેને, એમનાં વીલના ફરમાંન મુજબ ૧૮૩૦ ની ૧૦ મી નવેમ્બરે એમના પુત્રો બમંનજી અને અરદેસરે 'આતશ બેહેરામ' બનાવ્યું જે, "હોરમસજી વાહાડીઆના આતશ બેહેરામ" નામથી હાલ જાણીતું છે, તેનો ખરચ, એલાયધી કાહાડેલી બોહોળી સ્થાવર મીલકતની ઉપજમાંથી થાયછે. પરેલનો એમનો "સીટારી બાગ" ઘણો જાણીતો હતો, જે હાલ 'લવજી-કેસ્ટલ' કરી બોલાયછે. એઓ ૧૮૧૧ માં પારશી પંચાયતની મોહોટી પુંજીના એખલા અકાબર બન્યા પછે, પોતાની સાથ ૧૮૨૩ માં બીજા ત્રણ પારશી શેઠીઆઓને જોડયા હતા. ૧૮૧૫ માં છાસ્ટીનું મોહોટા વિસ્તારવાલું **"કુરલા"** ગામ, ઇંગ્રેજ સરકાર પાસેથી એઓએ રૂ. ૭,૦૦૦ નાં વાર્ષીક ભરણાંથી ઇજારે લેઇ, તેને સારી આયપતવાલું બનાવી, પોતાના ૩ પુત્રો બમંનજી, રૂસતમજી અને આ હકીકતને લગતા શેઠ અરદેસર ખાતર વારશામાં મેલી, ૬૦ વર્ષની વયે, ૧૮૨૫ માં સ્વર્ગવાસી થયા; ત્યારે એ પુત્રો નાધલી વયના હોવે, એઓ પોતાના બોહોળા વહીવટ અને ખીલેલા વેપારના, જાણીતા શેઠ મોતીસાહને 'ટ્રસ્ટી' ઠેડવી ગયા હતા. ત્રણે ભાઇઓએ ઉમ્મરે પુગી બાપીકી મીરાશ અને વહીવટ હસ્તક લેઇ રાશામાં, "મેશરસ બમનજી અને અરદેશર હોરમસજીની કું." નામથી વેપાર ચલાવ્યો, તે ખુબ ખીલી નીકલ્યો, અને એ પેહેડીની આંટ અને આબરૂ ચીન, હીંદુસ્થાન, અને ઇંગ્લાંડમાં—પેહેલા વર્ગની ગણાઇ. ૧૮૪૭ માં રૂસ્તમજીએ ભાગ છોડવવે, બમનજી અને અરદેસર જોડાઇ રહ્યા હતા. એઓએ, ઉપલા ઇજારે રાખેલાં "કુરલા" ગામનું ચાલુ ભરણું ભરવા બદલે સરકારને ૧૭૩૯ માં હમેશાના ઉચ્ચકાના રૂ. ૨૦,૦૦૦ આપી, તેનો હક ફકત ખજુરાં અને તાડીની મેહેસુલની વસુલાત કરવાનોજ રાખી, સઘલી—માલેકી ભોગવવાના વંશપરંપરા હકની સત્તાભરી 'સનદ' મેલવેલી કહેવાયછે. એ ૨ જા બમંનજી બાવા ૧૮૬૨ માં ગુજર્યાં, તેમની યાદગારી કાયમ રાખવા મુંબઇના કેટલાક વગવાલા શેહેરીઓએ જાહેર ઉઘરાંણાંથી મોહોટી રકંમ ભેગી કરી, શેહેરમાં પીવાના પાંણીના ૬ જાહેર 'ફુવારા,' ૧૮૭૬ ના ફેબરવારીમાં બાંધ્યા, તો, બઝારગેટ લત્તાનાં ચોગાંનમાં રૂ. ૨૧,૪૬૧, ના ખરચે મોહોટા ફુવારા સાથનાં ૪ મોહોટાં ઘડયાળોનો એક સુશોભીત ગંજાવર પથ્થરનો 'મીનારો' બાંધી ૧૮૮૨ ની ૨૫ મી મેએ ખુલ્લો મેલ્યો, એ સઘલું, ત્યાંની મ્યુનીસીપાલીટીને હસ્તક સોપ્યુંછે. બમનજી બાવાના મરણથી, એ પેહેડીના એકલા માલેક આ હકીકતને લગતા સ્વર્ગવાસી વાહાડીઆજી શેઠ અરદેસર બન્યા હતા.

**શેઠ અરદેસર વાહાડીઆજીને,** બાઈ મીઠીબાઈએ, મુંબઈમાં ૧૮૧૨ ની ૨૭ મી ઑગષ્ટે જન્મ આપ્યો, તેઓ પોતાના ૩ ભાઈઓમાં નાધલા અને ઈંગ્રેજી, ગુજરાતી જાણતા હતા. ઉપર પ્રમાણે બાપીકી મીરાશ, "ટ્રસ્ટી"ના હાથમાંથી પોતે અને ભાઈઓએ લેવા પછે, "બંમનજી અને અરદેસર હોરમસજીની કું." નામથી પેહેડી ચાલુ થઈ, તેમાં શેઠ અરદેસર ૧૮૩૩ થી ભાગ્યા થયા હતા, તેનો બોહોળો વેપાર હીંદુસ્થાન, ચીન, અને યુરોપ ખંડમાં ચાલ્યો. એ કુંપનીએ વેપારની સવગડ અને વધારા ખાતર ૧૮૨૭ માં "હોરમસજી બંમનજી" નામનું એક મોહોટું વાહાણ બંધાવ્યું. તો, 'મેશરસ ફોર્બ્સની કું.' સાથ રાશમાં બીજાં ૨ વાહાણો "ચાર્લસ ફોર્બ્સ," અને "લવજી ફેમીલી" બંધાવ્યાં હતાં. પોતાની પેહેડીના શેઠ અરદેસર ૧૮૬૨ થી—એકલા

માલેક બનવા છતાં, તેનું આગલું નામ ચાલુ રાખી, તેનાં કામને ખીલવી, મોહોટા પાયા ઉપર લાવ્યા ત્યારથી આજ સુધી એ પેહેડી પેહેલ્લા વર્ગની આંટ અને આબરૂવાલી ગણાઈછે. એ શેઠે વેપારમાં લાખ્ખો રૂપીઆ મેલવતા જઈ,—૧૮૩૩ થી બીન ધોંધાટે પરોપકારી કામોમાં ઝોંકાવી મોહોટી સખાવતો કરતા આવ્યા હતા. એઓ ૧૮૩૫ માં પેહેલી, બનેલી 'ગ્રાંડ–જુરીમાં' બેઠા. ૧૮૩૭ માં લંડનની "રોયલ એશીઆટીક સોસાયટીના" 'પ્રદેશના સભાસદ નેમ્યા, ૧૮૪૦ માં મુંબઈના 'સુલ્લેહના અમલદાર' બનાવ્યા, જેથી ત્યારનાં શેહેરસુધરાઈખાતામાં એઓ તપાસ રાખવા લાગ્યા, અને ૧૮૪૫ થી એમની દરખાસ્તથી એ ખાતાંના નોકરોને દર રવીવારે રજા મલવા લાગી. એમને ૧૮૪૧ માં, મુંબઈ સરકારે, નાધલા દીવાની મુકરદમાઓ ચુકવનારી "કોર્ટ ઓવ રીકવેસ્ટ" ના ઓનરેરી કમીશનર નેમ્યા હતા. મુંબઈમાં, એઓએ ૧૮૪૩ માં "બેંક ઓવ વેસટર્ન ઈંડીઆ" સ્થાપી, અને "ઓરીએનટલ" તેમજ "કમરશીયલ" બેંકોના 'ડાયરેકટર' બન્યા વગેરે, બીજી થોડીક બેંકો ઉઘાડવામાં એમનો હાથ હતો. "કુરલા સ્પીનીંગ એન્ડ વીવીંગ કુંપની" ના ચેરમેન ઠરી, એ હોદ્દો એઓએ, જીંદગી સુધી ભોગવ્યો હતો. પોતાના ભાઈ બમનજી વાહાડીઆ સાથ બંદોબસ્ત કરી, એઓ "**કુરલા**" ગામના એકલા માલેક બન્યા હતા. એ શેઠ—ખાંનગી સખાવતો કરવામાં સંતોષ લેતા હતા, જે પુષ્કળ લાચારોને તરેહવાર આકારમાં થતી હતી, તો ઘણાંક પડી ભાગેલાં આબરૂદાર કુટુંબોનો ગુજારો, એમના છુપા માસીક દરમાહા ઘરબેઠાં પોંહોચતા થવે થતો હતો, એ વાત એમનાં મરણ પછે જાહેરમાં આવી, તેની એકંદર સંખ્યા જાહેરમાં વગર આચકાવે "લાખ્ખો" ની અટકલાય છે, તો એમના વર્ષોવર્ષ થતા ચાલુ ખાંનગી ધરમની રકમ રૂ. ૪૦,૦૦૦ ની વીચરાઈ હતી. એમના મરણથી તેવાં ઘણાંક કુટુંબોએ પોતાનો—છુપો પાલનકર્ત્તા ખોયોછે. એમની મોહોટી જાહેર સખાવતો, દવાખાંનાં અને દુકાલના ફંડોને, તેમજ મોહોટા તલાવો અને ટાંકીઓ બાંધવા થઈછે. એઓએ કુરલામાં 'દવાખાનું અને ઓસ્પીટલ' બંધાવવા સરકાર હસ્તક રૂ. ૩૦,૦૦૦, એલાવમાં 'દવાખાંનું' ખોલવા રૂ. ૧૦,૦૦૦, અને મારવાડમાં મોહોટું 'તલાવ' બંધાવવા રૂ. ૧૫,૦૦૦ આપ્યા હતા. પરેલની "લવજી વાહાડીઆ દીસ્પેનસરી" ને ૧૮૬૯ થી ૮૨, તે એમનાં મરણ સુધી દર સાલ રૂ ૩,૦૦૦ ની ચાલુ મદદ કીધી હતી. નવસારીના 'દવાખાનાને' કેટલાંક વર્ષો સુધી દર સાલ રૂ. ૧,૦૦૦ આપ્યા હતા, અને મુંબઈની "ગ્રાંટમેડીકલ કોલેજ" માં દાઈપણું શીખતી ઓરતોને દર માસે મોહોટી રકમથી ઉત્તેજન આપ્યું હતું. એમની જાહેર બક્ષસો નીચે પ્રમાણેઃ—

| | |
|---|---|
| કુરલા, એલાવ, વગેરે ગામોમાં ઓસ્પીટલો અને દવાખાનાઓ ખોલવા; નવસારી, પરેલ, વગેરેના ધર્મનાં દવાખાંનાંઓને બાંધી આપેલી વાર્ષીક મદદ, અને 'મુંબઈની મેડીકલ કોલેજ'ના દાઈના વર્ગને મદદ | રૂ. ૧,૪૪,૦૦૦ |
| આયરલાંડ, મારવાડ, ઈરાંણ, વગેરેનાં દુકળ્યાંના ફંડોને; અને રેલ, આગ, અને તોફાનથી પાયમાલ-થયેલાંઓને મદદ........ | ૨૪,૮૦૦ |
| જાહેર કુવા, મોહોટા તલાવો, અને ટાંકાં બંધાવવા આપ્યા ........ | ૨૧,૦૦૦ |
| લાયબ્રેરી, અને બાવલાંના ફંડોને મદદ........ | ૧,૦૦૦ |
| | રૂ. ૧,૯૦,૮૦૦ |

એ શેઠને સખાવત કરી પુકારો કરવા કે કરાવવાનો, તેમજ સરકાર તરફના પોકલ ગણાંતાં જાહેર માન અને નકામાં ચાંદો મેલવવાનો બીલકુલ શોખ ન હતો, જો હતે તો, તેઓ લાગવગથી કંઈ વર્ષો અગાઉ સર નાઈટ બની ચુક્યા હતે. એક વાર મુંબઈ સરકારે એમને પોતાની 'કાંઉનસીલ'ના સભાસદ કરવા પુર મરજી જણાવવા છતાં, તે માંન લેવા એઓએ ના પાડ્યું હતું.—ભરૂસાદાર સત્તા જણાવેછે કે, મુંબઈની સર જે. ફરગ્યુસનની સરકારના વખતમાં, એમના ભલા ગુણો અને પરોપકારી કાંમો ખાતર, મહારાણી તરફથી એમને "નાઈટ" નો

ખેતાબ મળવાની વકકી હતી, તેવામાં એઓ ૧૮૮૨ ની ૧૬ મી મેએ ૭૦ વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસી થયા. તેવીશે દીલગીરી જણાવી દીલાશો આપનારા તારના સંધેશા એમની વિધવા બાઈ મેહેરબાઈ અને છોકરાંઓ ઉપર ત્યારના વાઈસરોયના કાઉનસીલર, તેમજ મુંબઈના ગવરનર અને તેના કાઉનસીલરે મોકલ્યા હતા. એમનાં ઉઠમણાંની ક્રિયાની વખતે, રૂ. ૨૬,૦૦૦, ધર્મમાં ભર્યાં, તેનો મોહોટો ભાગ એ મરહુમ ગૃહસ્થને નામે મુંબઈમાં અરદેસર હોરમસજીનું ધરમનું દવાખાનું," ૧૮૮૨ ની ૧૫ મી સપટેમ્બરે ખોલી ચાલુ કરવામાં લીધોછે. એ શેઠ "કુરલા સ્પીનીંગ અને વીવીંગ કંુપની" ના સ્થાપનાર, ચેરમેન, અને કુલ-મુખત્યાર, કારોબારી હતા. તેના ભાગીદારોને સારો લાભ કરવાથી તેઓની ભેગી મળેલી એક જાહેર સભાએ, ૧૮૮૩ ની ૭ મી માર્ચે, "એ શેઠની યાદ કાયમ રાખવા, પુરાતમાંથી રૂ. ૫,૦૦૦ કહાડી, સંઘેમરમરનું એક 'અરધ-બાવલું' વેલાતથી બનાવી મંગાવી મીલમાં ગોઠવવા" નો ઠેરાવ પસાર કીધો હતો. એ શેઠના ગુજરવા બાદ, એમના ધર્મખાતાંના એક ટ્રસ્ટી અને વશીઅતનાંમાંના વકીલો વચ્ચે, એમનાં ૧૮૮૨ ની ૯ મી મેએ થયલાં છેલ્લાં કહેવાતાં "વીલ" વીશે વાંધો પડી તકરાર ઉઠવે, તેનો ફડચો, મુંબઈની હાઈકોર્ટે, રૂ. ૭૦,૦૦૦ ના ખરચના ખાડામાં જવા પછે, વીલના જોંઈન્ટ-એકઝીક્યુટરોના લાભમાં ૧૮૮૩ ની ૨૩ મી ફેબરવારીએ કીધો, જ્યારે એમની સ્થાવર અને જંગમ મીલકત, કુરલા ગાંમની (સુધ્ધાં) એકંદર આંકની રૂ. ૩૬,૨૦,૦૦૦ ની થઈ હતી.

શેઠ અરદેસરનાં પહેલાં ધણીઆંણી પીરોજબાઈ ૩ બેટી અને ૧ પુત્ર મી. નસરવાનજીને મેલી હક થવાથી, એ શેઠે બાઈ મેહેરબાઈ સાથ ફરીથી પરણ્યા. તેઓ મુંબઈની થોડીકજ—ખરી સુધરેલી, શીખેલી, અને ચંચલ પારશી બાનુઓ માંહેલાં એક છે. જેમને નોશારીની 'ભગર અનજુમન' તરફથી ૧૮૮૫ ની મારચમાં એક જાહેર માન-પત્ર મલ્યુંછે, એમની મેલાકાત મુંબઈના ગવરનરો વતીક લેય છે, તેઓએ ૭ પુત્રી અને ૬ બેટાને જન્મ આપ્યો. શેઠ અરદેસરના ૭ પુત્રોમાં ઉમરે પુગેલા નસરવાનજી, હોરમસજી, બમનજી, પેસતનજી, જમસેદજી, અને ૧૦ પુત્રીઓ છે. તેઓ સઘલાં ઇંગ્રેજીમ કેલવાઇ, સુધરેલી રીતભાત અને તાજીમ તવાજો શીખ્યાં છે. એ મરહુમ શેઠ, પારશી કોમના એક અકાબર, આગેવાન અને ખરા ધરમાતુ શેઠીઆ, મુંબઈના જાણીતા, માનીતા અને પેહેલા વર્ગના શેહેરી, ચુનંદા વેપારી, અને નાંણાંવટી હતા, તેઓના પેહેરવેશ સાદો, ઢબછબ ખીનદમામી, રીતભાત સુધરેલી, અને સ્વભાવ મીલનસાર પણ સ્વતંત્ર હતા.

THE LATE

# Gokaldas Tejpal, Esq., J. P.

MR. GOKALDAS'S grand-father Khatáu Káshvji lived in 'Kothária' in the province of Kutch. Tejpal, the younger of his two sons, first came to live and trade in Bombay in cotton. He died leaving Rs. 30,000 to his only son Gokaldás, the well-known Hindu philanthropist, the subject of this memoir.

Mr. Gokaldás was born on 11th June 1822, and belonged to and was the acknowledged leader of the *Kátchhi* Bhátia sect of Hindus. He knew only his vernacular Gujaráti. In addition to his paternal legacy, his uncle, dying without issue, left him a fortune of Rs. 6,00,000. The breaking out of the American Civil War in 1860 gave an unprecedented impulse to the cotton trade of Bombay and Mr. Gokaldás reaped a golden harvest, and acquired enormous wealth of Rs. *one Crore fifteen lacs*, a large portion of which, however, he subsequently lost. His public charities commenced from 1854 and continued to increase, with the advance of his age till his last hour, and even after his death he had caused the same to be continued by setting apart an enormous sum. He opened two "Anglo-Vernacular Schools" in the Hindu quarters of 'Mádvi' and 'Moobádevi' in Bombay, with the view of propagating education among his community. His career of public benevolence was cut short by his premature death at the age of 45. In his last will and testament he directed his executors—to build an Hospital for the poor in Bombay at the cost of Rs. 1,50,000, which was opened under the donor's name "The Gokaldás Tejpál Hospital" in 1870, and to organise a 'Sanskrit College' at the expense of Rs. 10,000, and a 'Sanskrit Seminary' and 'Boarding School' in Bombay at the expense of Rs. 1,60,000. These institutions were inaugurated after his name "The Gokaldás Tejpál Sanskrit College and Boarding School" in December 1883. He left a sum of Rs. 50,000 as a permanent fund—to support poor Hindu students, especially of the Bhátia sect, who may be desirous to study at either the 'Medical' or the 'Arts College' in Bombay. The items of his princely public charities may be enumerated as follows:—

| | |
|---|---|
| Funds for 'the Gokaldás Tejpál Anglo-Vernacular School' and 'the Gokaldás Tejpál Seminary' ........ | Rs. 56,000 |
| For building 'the Gokaldás Tejpál Hospital' in Bombay........ | „ 1,50,000 |
| For purchasing the building for the 'Boarding School' for Hindu students and founding 'scholarships' for them ........ | „ 6,08,000 |



સ્વર્ગવાસી શેઠ ગોકલદાશ. તેજપાલ, જે. પી.

THE LATE GOCULDASS TEZPALL ESQ., J.P.

Vincent Brooks Day & Son Lith London W.C.

| | |
|---|---|
| Funds for support of the poor Bhátias, and in aid of the marriage of their daughters | Rs. 1,55,000 |
| Funds, the interest of which goes to the support of Mr. Gokuldas's daughter and sister, but after their demise will be amalgamated with his public charitable funds | " 40,000 |
| Donations towards building inns, temples, &c. | " 65,000 |
| For building a tank in Kothária at Kutch | " 10,000 |
| Grand Total......Rs. | 10,84,000 |

His last will was made on 6th September 1876, and a further sum of Rs. 75,000 was therein set apart as the 'Gokaldás Tejpál Secretary Fund' with the view to maintain a small establishment to keep an account of the estates of the deceased and also of the several charitable funds he has instituted. This sum has been—mistaken by many, as included within the charitable funds. Pursuant to the wishes of the deceased, the Bombay Government was asked to become perpetual trustees to the several charitable funds amounting to Rs. 7,92,000 and to pay 6 per cent. interest thereon; but the Government having declined, the sum has been lodged in trust with the 'Bombay Bank.' Mr. Gokaldás died on 19th November 1867 at the age of 45, appointing three executors by his will to look after his extensive estate and distribute his Charities until the majority of his adopted son. He left a princely fortune of Rs. 40,00,000 after him. He was respected as the *leader* of his Kátchhi Bhátia caste and was very popular with the general public of Bombay. His extensive public charities will — perpetuate his name among the Gujaráti Hindus.

Mr. Gokaldás had *no* male issue but a daughter by his first wife, the second Sámábái now surviving being childless. His — *adopted* son is Sunderdás otherwise called Ghordhundás.

# સ્વર્ગવાસી શેઠ ગોકુળદાસ તેજપાળ, જે. પી.

એ શેઠના બાપાવા ઠકર ખટાઉ કેશવજી કચ્છના "કોઠારા" ગામના વતની હતા. તેમના ૨ માંહેલા નાધલા પુત્ર તેજપાળે ઇ. સ. ૧૮૦૨ માં—પેહેલવેહેલ્લા મુંબઇમાં આવી રૂ ના વેપારીને ત્યાં રહી ૧૨ વર્ષમાં જાતી મેહેનત અને ચંચલાઇથી વધી, રૂ ના એક નાધલા વેપારી બની, પોતાના ભાઇ નાનજી સાથ ભાગમાં 'મલબાર' તરફ વેપાર ચાલુ કીધા પછે, ૧૮૩૨ માં એ તેજપાળ ખટાઉ રૂ. ૩૦,૦૦૦ ની દોલત, અને ૨ પુત્રી અને ૧ પુત્ર તે શેઠ ગોકુળદાસને મેલી મરણ પામ્યા.

સ્વર્ગવાસી શેઠ ગોકુળદાસે, મુંબઈમાં બાઈ ગંગામાંથી ૧૮૨૨ ની ૧૧ મી જુને જન્મ લીધો. તેઓ હીંદુની 'કચ્છી ભાટીયા' ન્યાતને લગતા અને તેઓના—આગેવાન શેઠીઆ હતા, અને ફકત ગુજરાતીજ ભાષા જાણતા હતા. ૧૭ વર્ષની ઉમ્મરે તેમને બાપીકો મોહોટો વારશો મળવા ઉપરાંત, પોતાના નિર-વંશ મરણ પામેલા કાકાની રૂ. ૬,૦૦,૦૦૦ ની દોલત પણ મળી હતી. તેનો ઉપયોગ વેપારમાં કરી, તે પાછળ ભારી મેહેનત અને ખંતથી વળગી, તેને ખીલવી વધારી કે, પછે ૧૮૬૦-૬૪ સુધી અમેરીકામાં ગુલામોના છુટકારા સંબંધી માંહોમાંહે ચાલેલી જબરી લડાઈથી, ત્યાંનો ઇંગ્લાંડ જતો રૂ, એકાએક બંધ થૈ પડવે. હીંદુસ્થાની રૂ નો મોહોટો ખપ નીકળી આવવે મુંબઈના—રૂ ના વેપારીઓની ડેલીઓમાં ઈંગ્લાંડની દોલતની રેલ ઘસડાઈ આવી જમાવ થઈ, તે વખતે એ શેઠ પાસે રૂ. ૧ કરોડ અને ૧૫,૦૦,૦૦૦ ની દોલત ભેગી થઈ હતી. એ દોલતની ભરતીએ ટુક વખતમાંજ પાછી ઓટવા માંડતાં ઘણાકોને જબરો આચકો માર્યો, તે વખતે એમની પાસ ઠીક નાણું બચી રહ્યું હતું. એમની પેહેલ્લી સખાવતો ૧૮૫૨ થી એમનાં વતંન તરફનાં ધર્મનાં મકાણોંને સુરૂ થઈ હતી. તો,—જાહેર સખાવતોની સુરૂઆત ૧૮૫૪ થી ચાલુ થઈ, તે, રફતે રફતે મોહોટાં કદમાં ફુલતી અને ફેલાતી જઈ, શેવટે કંઈ લાખ્ખોના ગંજાવર આંકડા ઉપર આવી, જે નીચે જણાશે. એઓએ મુંબઈમાં હીંદુઓનાં બાળકોને દેશી તેમજ ઈંગ્રેજી ઉંચી કેલવણી મુફત આપવા, બે સ્કુલો "માંડવી" અને "મુંબાદેવી"ના લત્તાઓ તરફ મોહોટા પાયા ઉપર ખોલી, તેઓ હજુ ચાલુછે. એ, વિદ્યા એલમને ઉત્તેજન આપનાર આગેવાન, તેનો પોતાના જાતીલાઓમાં પ્રસારો કરવાને અતુર ગૃહસ્થ, તે સઘળું ઉલટથી અમલમાં લાવવા જતાં ૪૫ વર્ષની ભરજુવાન ઉમ્મરે—જમણે હાથે કટકો ખાઈ આ ફાંની દુનિઆ છોડી જતી વખતે, પોતાનું પકકા ઠરાવથી ધારેલું એ કામ બરોબર બજાવવા, પોતાનાં વશીઅત-નામાંના ઠેરવેલા ૩ વકીલોને ફરમાવી ગયા. તેમાં, કચ્છ માંડવી તરફ રૂ. ૧૦,૦૦૦ ને ખરચે એક "સંસ્કૃત કોલેજ," મુંબઈમાં એમનાં નામથી એક "સંકૃત વિદ્યાલય," તેમજ રૂ. ૧,૬૦,૦૦૦ ના ખરચે એક "બોરડીંગ સ્કુલ" બાંધી ઉઘાડવા, અને 'વકીલ' કે 'દાકતર' નો ધંદો શીખનાર હીંદુ ઉમેદવાર (જેનો પેહેલો લાભ 'ભાટીઆ'ના છોકરા)ને આપવા ખાતર રૂ. ૫૦,૦૦૦ ની રકમ હેલાયધી કહડાવી ગયા. 'બોરડીંગ સ્કુલ અને સંસ્કૃત કોલેજ' મુંબઈમાં ૧૮૮૪ ની ૮ મી ફેબરવારીએ એકજ જગ્યાએ ભેગી ઉઘડી છે, જેની ક્રિયા ત્યારના ગવરનર સર, જેમ્સ ફરગ્યુસને કરી હતી. ત્યાં, યુનીવરસીટીની બી. એ. ની પરીક્ષાનાં ધોરણ સુધી હીંદુ વીદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે. તેમજ 'ગ્રાંટ મેડીકલ કોલેજ' માં વૈદાંનો અભ્યાસ કરવા પણ મોકલાવે છે. "ગોકુળદાસ તેજપાળ ભાટીઆ નીરાશ્રીત ફંડ" માંથી ભાટીઆઓની વિધવા અને બાલકોને આશરો આપવા, લાચાર છોડીઓના વિવાહ કરવા, ગરીબ મુએલાંઓને બાળવા, અને આંધલાઓને પાલવા દર માસે રૂ. ૩૦૧ ની મદદ થાયછે. એ સ્વર્ગવાસી શખી શેઠે પોતે હાથે કીધેલી અને વીલમાં ફરમાવી પોતાની પાછળ કરાવેલી મોહોટી જાહેર સખાવતોના આંકડા ટુક હકીકતો સાથ નીચે જણાવ્યે:—

| | | રૂ. |
|---|---|---|
| પોતે હાથે કીધેલી મોહોટી સખાવતો | મુંબઇમાં ૨ ઠેકાણે "ગોકુળદાસ તેજપાળ ઇંગ્રેજી-ગુજરાથી સ્કુલો" મોહોટા પાયા ઉપર ખોલવા ૧૮૫૮ માં બે કટકે સરકારને હસ્તક આપ્યા ........................................ | ૫૬,૦૦૦ |
| | સઘળી ન્યાતજાતના ગરીબો ખાતર મુંબઇમાં "ગોકુળદાસ તેજપાળ ધર્મની ઓસ્પીટલ" બાંધી ખોલવા, ૧૮૬૭ ની ૧૨ મી સપટેમ્બરે સરકાર હસ્તક આપ્યા, તે, એમના મરણબાદ ૧૮૭૦ માં ઉઘડી ચાલુ થૈ છે ........................................ | ૧,૫૦,૦૦૦ |

વીલમાં ફરમાવી ફરવેલી જાહેર બક્ષીસો.

| | |
|---|---|
| ગરીબ હીંદુ વીદ્યાર્થીઓને મુફત ખાવા, રહેવા, અને કેલવણી આપવા, સ્કુલો બાંધી તેમાં અગત્યનો સામન મેળવા, અને ફતેહમંદ વિદ્યાર્થીઓને 'ઈનામો' આપવા | રૂ. ૬,૦૮,૦૦૦ |
| લાચાર ભાટીઆઓની કુવારીઓને પરણાવવા, વત્રોગે તરેહવાર મદદ કરવા, પોતાના નામથી "ગો. તે. ભાટીઆ નિરાશ્રીત ફંડ" સ્થાપ્યું | ૧,૫૫,૦૦૦ |
| પોતાની બેટી **જમનાબાઈ** અને બેહેન **માણેકબાઈ**નાં નામોથી ફંડ સ્થાપી, તેનું બ્યાજ તેઓને હેયાતી સુધી મળવા, અને તેઓના મરણ બાદ, એ રકમ ઉપલાં કોઈબી જાહેર ધર્મખાતાં માંહેલાં એકમાં, જેમ તેઓ મરજી જણાવી જાય તેમ, નહીં તો, વીલના વકીલોની મરજીમાં આવે તેમ મેળવી દેવા ઠેડવ્યું છે | ૪૦,૦૦૦ |
| કચ્છ **માંડવી** માંહેલાં પોતાના વતન 'કોઠારા' ગામની જાહેર ધર્મશાળાનાં, દેહેરાંનાં, અને બીજાં ધરમનાં ફંડોમાં મદદ | ૬૫,૦૦૦ |
| 'કોઠારા'ના તલાવના ફંડમાં આપ્યા | ૧૦,૦૦૦ |
| | એકંદર રૂ. ૧૦,૮૪,૦૦૦ |

એ મરહુમ શખી ગ્રહસ્થનાં ૧૮૭૬ની ૬ઠી સપ્તેમ્બરનાં છેલ્લા "વીલ" ની ૩૪મી કલમ મુજબ રૂ. ૭૫,૦૦૦ હેલાયદા કહાડી તેને "ગોકુળદાસ તેજપાળ સેક્રેટરી ફંડ" નામ આપ્યું છે. તે ખાતું એમનાં સઘળાં ધર્મખાતાંઓની દેખરેખ અને હીસાબ રાખવા, એક કેળવાયલા હીંદુ ઉપરીને "સેક્રેટરી" ના નામથી નેમી ચલાવ્યામાં આવેછે. પોતાનાં સઘળાં ધરમખાતાંઓનો વાર્ષીક હીસાબ, લોકની જાણ સારૂ, ૫૦૦ ચોપાન્યાં મુફત વેંહેંચી, અને આગેવાન દેશી અને ઈંગ્રેજી વર્તમાનપત્રોમાં છપાવી જાહેર કરવા, એ શેઠ ફરમાવી ગયાછે. એ સઘળો ખરચ ઉપલી રૂ. ૭૫,૦૦૦ ની રકમના બ્યાજમાંથી થાયછે. એ રકમને—ભુલથી સખાવતની રકમો સાથ ભેળી નાખવે તેનો એકંદર આંકડો રૂ. ૧૧,૭૭,૮૦૦ થી કંઈ વધુ બોલાયછે. એ શેઠે ધર્મમાં આપેલી ઉપલી ગંજાવર રકમોનાં બ્યાજમાંથી સઘળો ફરમાવેલો ખરચ થવા છતાં, જે નાણું બચ્યું, તેથી મુદલ રકમ વધી ૧૮૮૩ માં રૂ. ૧૯,૦૦,૦૦૦ ની થઈ હતી. એ વધારો થવાનું—માન એ મરહુમ શેઠનાં 'વીલ'ના એક વકીલ શેઠ લક્ષ્મીદાસ ખીમજીની મેહેનત, સાબેત ઈમાનદારી, અને મજબુત દેખરેખને ઘટેછે. એ મરહુમ શેઠ પોતાનાં વીલના ૩ વકીલોમાં શેઠ લક્ષ્મીદાસ ખીમજી, પોતાના ભાણેજ હાલ સ્વર્ગવાસી થયલા ઠક્કર દ્વારકાદાસ વસંનજી, અને પોતાની વીધવા બાઈ શામા વહુને ઠેડવી ગયાછે. જેઓએ, તેમના ફરમાવી જવા મુજબ, તેમનાં મુંબઈ માંહેલાં ધર્મનાં ૬ અને તેટલાંજ કચ્છ માંહેલાં કેલવણીખાતાં, તેમજ, ભાટીઆઓને લગતાં ૫, તેમની બેહેન અને બેટીને નામના ધરમખાતાં અને 'સેક્રેટરી-ફંડ' ની બધી મળી એકંદર રૂ. ૭,૯૨,૦૦૦ ની રકમ, મુંબઈ સરકારના જાથુક-ટ્રસ્ટમાં રાખી તેનું દર શેંકડે દરવર્ષે ૬ ટકાનું બ્યાજ માગવાની ૧૮૬૮ ની ૨૮ મી અકટોબરે અરજ કીધી—તે નાં મંજુર રહેવે, એ રકમ "મુંબઈ બેંક"માં દર શેકડે દર વર્ષે ૪ ટકાનાં બ્યાજે મેલી, સઘળાં ધર્મખાતાંઓનું ધારાપ્રમાણે "ટ્રસ્ટ-ડીડ" કરાવ્યુંછે. એ સ્વર્ગવાસી શખી શેઠના ખરા મીત્ર અને વીલના વકીલ મી. લક્ષ્મીદાસ, એ ધર્મખાતાંઓ પાછળ એકલા ભારી સંભાળ અને કાળજીથી મેહેનત લેઈ કામ કરી, કાયદાપ્રમાણે પોતાને લેવા ઘટતું કમીશન વતીક લેતા નથી, જેથી શાબાસી મળવા બદલે, કોઈ વાર એમને, લગતા વલગતાઓથી, ધીક્કારવા જોગ સાંબો કંટાળો સોસવો પડેછે !

શેઠ ગોકુળદાસનાં ૧ લાં ધણીયાંણી એક બેટી જમનાબાઈને જન્મ આપી ૧૮૪૦ માં મરણ પામવે, એઓ બાઈ શામાવહુ સાથ ફરી પરણ્યા, તેમને કશુંએ ફરજન થયું નહી. એઓએ પોતાના ઉપલા સ્વર્ગવાસી ભાણેજના પુત્ર સુંદરદાસનું નામ ગોરધનદાસ રાખી તેણે 'દત્તક' કરી લીધો, તે ૧૮ વર્ષની વયનો છે. એ શેઠ પોતાનાં એશીઓને વારશામાં રૂ. ૪૬,૦૦૦, તે, માને રૂ. ૧૫,૦૦૦, વિધવાને રૂ. ૬૦,૦૦૦, એકપુરી બેટીને રૂ. ૨,૫૦૦, અને બેહેનને રૂ. ૨,૫૦૦ આપી જૈ, ૪૫ વર્ષની વયે, ૧૮૬૭ ની ૧૯ મી નવેમ્બરે મુંબઈમાં સ્વર્ગવાસી થઈ, સ્થાવર અને જંગમ મળી એકંદર રૂ. ૪૦,૦૦,૦૦૦, ની દોલત મેલી ગયા. તોઓ કચ્છી "ભાટીઆ" ન્યાતના—મુખ્ય આગેવાન શેઠીઆ, અને મુંબઈનાં જાણીતા અને માનીતા શેહેરી, પોતાની ઓહોલી સખાવતો ખાતર હીંદુ જ્ઞાતમાં—નામ કાયમ રાખી ગયા છે.

# Hon'ble* Sir Mangaldas Nathoobhai, Knight, C. S. I.

SIR MANGALDAS'S early ancestor, Shá Rupji Dhánji, was an inhabitant of Diu, in Kathiawár. He — first came to Bombay in A.D. 1691, and died leaving three sons, of whom the eldest Mohandas was known as a principal citizen of his time. Second in lineal descent to him was Nathubhái, who died in 1842, leaving Sir Mangaldas, an only son, then 11 years old, and an extensive estate in charge of a 'trustee.'

Sir Mangaldas was born in Bombay on 15th October 1832, and belongs to the *Kapole* Baniá sect of the Hindu community. He knows English and Gujarati. He took charge of his patrimony on arriving at the age of 18, and has managed it since with marvellous success. From his youth upwards he—imbibed reformed views of life, and he was the first to petition Government to suppress the evil practice of using profane language on the occasion of the *Holi* holidays, and, to a certain extent, Government checked the evil since 1851. He has opened a 'Girls' School,' at his expense, for the spread of female education in his sect, and was one of the—bold reformers who made a full exposé, in the late Supreme Court, Bombay, of the shameful immoralities practised by the *Walbháchária* Maharajas or High Priests among the Vaishnavas, and supported the fund raised for the purpose with Rs. 2,000. He was made a "Justice of the Peace" in 1859, and a member of the 'Royal Asiatic,' and the 'Royal Geographical' Societies. He handed over to the Bombay University the sum of Rs. 20,000 for instituting the "Mangaldas Nathubhái Travelling Fellowship" for Hindu Graduates desirous of visiting Europe. In 1864 Sir Mangaldas spent Rs. 50,000 in building a "charitable dispensary" in memory of his deceased wife Lakhmani Bái at Kalián, and moreover gave Rs. 20,000 to Government in 'trust' to maintain its expenses. He has set apart in trust a sum of Rs. 25,550 to help his infirm caste-fellows, under the name of "Mungaldas Nathubhai *Nirásárit* Fund," and has built at an expense of Rs. 3,000 a separate room for the convenience of Hindus in the 'Sassoon Infirmary' at Poona. In 1866 he was appointed an additional member of the Bombay Legislative Council, and the Hon'ble Sir Mangaldas retained his seat for eight continuous years, having been thrice re-elected. His discussions, especially on the 'Salt Bill' in 1873, were very effective and independent. He was elected by the rate-payers of Bombay to a seat in the "Municipal

* Ex-Member, "Legislative-Council," Bombay.



સર મંગળદાસ નથુભાઈ, નાઈટ, સી. એસ. આઈ.

SIR MUNGULDASS NATHOOBHOY, KT. C.S.I.

EX-MEMBER, LEGISLATIVE COUNCIL, BOMBAY.

Vincent Brooks, Day & Son Lith. London, W.C.

Corporation" of the City, from 1875. His failing health compelled him to resign his seat in 1874, when the Governor of Bombay, while accepting his resignation, expressed himself warmly:—"The Government cannot allow your prolonged connection with the Legislative "Council to come to a close, without expressing the strong sense it entertains of the "attention to business and devotion to the interests of the public by which your "career has been strongly marked." Her Imperial Majesty the Queen-Empress conferred upon him on the 1st May 1872 the title of the "Order of the **Companion** of the **Star** of **India**," and the ceremony of investiture was performed by Sir Seymour Fitzgerald, then Governor of Bombay. Her Imperial Majesty moreover approving of his useful career, further honoured him with the "Order of **Knight-Commander** of the **Star** of **India**" on 19th January 1875. Sir Mangaldas's public charities are as follows:—

| | |
|---|---|
| For building the hospital at Kaliân | Rs. 75,500 |
| In the spread of popular education | „ 49,300 |
| To the several public contribution lists for addresses, testimonials, relief, &c... | „ 29,200 |
| Sum set apart to help his distressed caste-fellows under the name of "Mangaldas Nathubhâi *Nirâsârit* Fund." | „ 25,550 |
| Value of a building set apart in trust for a public inn for Gujarati Brahmins ... | „ 25,000 |
| Support extended to indigent poor | „ 11,000 |
| In completing the building of the temple begun by his father | „ 10,000 |
| To the public libraries, fireworks, &c | „ 5,000 |
| Miscellaneous charities | „ 8,550 |

Sir Mangaldas was presented with a silver 'medal' in 1877 by the Prince of Wales as a token of his visit to India. In a public meeting held on 29th September 1879, he has been—acknowledged as the *head* of his sect by a majority of the Kapole Baniá community, and the same was confirmed by the decision of the High-Court. Sir Mangaldas owns an extensive landed property in Bombay, the rent of which affords him a princely income. His influence is courted in all public meetings. Sir Mangaldas has active habits, obliging manners, and affable disposition; for some time past he has been unfortunately suffering from continued indisposition. Sir Mangaldas has, however, always acted as a bold and courageous advocate of the rights of the people, and his fame as a leading citizen of Bombay has been wide-spread throughout the whole of India.

Sir Mangaldas has three sons, Messrs. Tribhovundas, Pershotundas, and Jagmohundas, and a daughter.

# ઓનરેબલ*

## સર મંગળદાસ નથુભાઈ, નાઈટ, સી. એસ. આઈ.

સર મંગળદાસના મુળ-વડીલ શા. રૂપજી ધનજી ઈ. સ. ૧૬૯૧ માં કાઠીઆવાદ માંહેલાં દીવને લગતાં 'ગોહોગલા' ગામમાં વેપાર ચલાવ્યા પછે, મુંબઈમાં આવી, વસી, આબાદી ઉપર આવી, ૩ પુત્રો મેલી સ્વર્ગવાસી થયા. તેઓ માંહેલા વડા મોહનદાસે મોહોટાં કામ અને ધંધાથી સારી આબરૂ અને દોલત મેળવી, એક નગરશેઠ બની ૧૭૯૧ માં સ્વર્ગવાસી થઈ, ત્રણ પુત્રો મેલી ગયા. તેઓ માંહેલા બીજા રામદાસે વધુ માન અને દોલત મેળવી, પોતાની "કપોલ" ન્યાતના એક ચુનંદા શેઠીઆ તરીકે વખણાઈ, ૧૮૦૭ માં સ્વર્ગવાસી થઈ, બે બેટા માંહેલા નથુભાઇને નાધલી ઉમ્મરે હૈયાત મેલી ગયા. તેઓએ ઉમ્મરમાં આવી, બાપીકી દોલત અને પોતાનો મરતબો વધારી, મુંબઈમાં વાલકેશ્વર તરફ એક 'ધર્મશાળા' અને 'દેહેરૂં' બંધાવતાં ૧૮૪૨ માં સ્વર્ગવાસી થઈ, તે કામ પુરૂં કરવા પોતાના એક પુરા પુત્ર સર મંગળદાસને ૧૧ વર્ષની નાધલી વયે મેલી જે, પોતાની દોલતના 'ટ્રસ્ટીઓ' ઠેડવી ગયા હતા.

**સર મંગળદાસ** ૧૮૩૨ ની ૧૫ મી અકટોબરે મુંબઈમાં જનમ્યા, તેઓ હીંદુઓની 'કપોલ' વાણીઆ ન્યાતના, અને ઈંગ્રેજી, ગુજરાતી, ભાષા જાણેછે, એઓએ ૧૮ વર્ષની વયે પુગી, બાપીકી મીલકત વગેરે ટ્રસ્ટીઓના હાથમાંથી હસ્તક લેઈ, ચંચલાઈથી વહીવટ ચલાવવા માંડી, ત્યારથીજ એક—હીંદુ સુધારક તરીકે ખીલતા ચાલ્યા. તેઓએ પેહેલે 'હોલી' ના તેહેવારો ઉપર હીંદુઓમાં થતા નિર્લજ્જ દેખાવો અને કમકમાટ-ભર્યું અનિતીનું ભાડવું, ધર્મ-ફરમાનનું નહીં પણ ફક્ત રેવાજનું જણાવી, તેનો મજબુત અટકાવ કરવા ૧૮૫૧ માં મુંબઈ સરકારને ભલામણ કરી, પોતે બનતી મદદ આપી, એક ખરા જાહેર હીમતી સુધારક તરીકે નામ મેળવ્યું, જેથી હીંદુઓને માઠું લગાડનારી એ રશમ હાલ લગભગ નીકળી ગઈછે. એઓએ ૨૦ વર્ષની વયે હીંદુ છોકરાઓ ખાતર, 'સ્ટુડંટસ લીટરરી એંડ સાયેનટીફીક સોસાયટી' એ ઉઘાડેલી સ્કુલને સારી મદદ આપી, અને હીંદુઓમાંથી સ્ત્રી-કેલવણી વીશેનો જડ ઘાલેલો જબરો ધીક્કાર દુર કરવાના ઉપાયો લેવા આગેવાની કરી, તેમાં ફાવી, તેવી નીશાળોને એ 'સોસાયટી' તરફથી ખોલવાનાં ઉત્તેજન ખાતર—નાંણાંની મદદ કીધી હતી. કે જેવી નીશાળોનો હાલ મુંબઈમાં સારા પાયા ઊપર વધારો થયો છે. તો, હીંદુ સ્ત્રી-કેલવણીએ ખીલી બાહાર આપવા માંડયોછે. એમના રૂ. ૧૫૦૦ ના વાર્ષીક ખરચે "સર મંગળદાસ નથુભાઈ ગુજરાતી કન્યા શાળા" આજ કંઈ વર્ષો થયાં, મુંબઈમાં 'પાયધોણી' તરફ ઉઘડી ચાલેછે. વૈશ્ણવ હીંદુ મહારાજોના બદફેલીભર્યાં, અનીતીમાન, અને ભારે નિર્લજ્જ કાંમોને ઊંઘાડાં પાડવા, તન, મન, અને ધન થી મદદ કરી—હીમતથી બાહેર પડેલા બહાદુર હીંદુ સુધારક આગેવાનો માંહેલા **સર મંગળદાસ** એક હતા. અને એવા એક મહારાજની વિરૂધ્ધ છપાયલાં તોહોમતો મુંબઈની 'હાઈ કોર્ટ'માં સાબીત કરી આપવાની ખરચની ટીપમાં રૂ. ૨૦૦૦ ભર્યાં હતા. મુંબઈની સરકારે ૧૮૫૯ માં એમને "સુલ્લેહના અમલદાર" ઠેડવ્યા, તે વખતે એ માન ધરાવનારને સરકારની દેખરેખ હેઠળ ચાલતાં શેહરસુધરાઈ ખાતામાં ભાગ લેવો પડતો હતો, તે કામ, એઓએ સરસ રીતે બજાવ્યું હતું. ૧૮૬૩ માં એઓ મુંબઈની 'રાયેલ એશીઆટીક સોસાયટી'ની તેમજ 'રોયલ જ્યોગ્રેફીક સોસાયટી'ની શાખાઓના સભાસદ બન્યા. એજ વર્ષે એઓએ મુંબઈની યુનીવરસીટીને રૂ. ૨૦,૦૦૦

*મુંબઈ "લેજીસ્લેટીવ-કાંઉન્સીલ"ના માજી-સભાસદ, ૧૮૬૬—૭૪.

ની મદદ આપી, તેનાં સરકારની જામીનગીરી હેઠળ ઉપજતાં ૪ ટકાના વ્યાજમાંથી, ત્યાનાં હીંદુ ગ્રાજ્યુએટોને ઇંગ્લાંડ જઈ આભ્યાસ કરવા "સર મંગળદાસ નથુભાઈ ટ્રૅવેલીંગ ફેલોશીપ" સ્થપાવી, અને ૧૮૬૪ માં પોતાનાં સ્વર્ગવાસી ધણીઆણી **બાઈ રૂખમણી** બાઈની યાદગારી ખાતર રૂ. ૫૦,૦૦૦ ને ખરચે, કુલ્યાણીમાં એક સુશોભીત—ધર્મનું દવાખાનું બંધાવી ખોલ્યા ઉપરાંત, તેનો જથુક ખરચ ચલાવવા મુંબઈ સરકારન હસ્તક રૂ. ૨૦,૦૦૦ રોકડા આપ્યાછે, તો, વળી પુણાનાં 'દેવીદ સાસુનના આશ્રમખાના'માં, હીંદુ સ્ત્રીઓની સગવડ ખાતર હેલાયદો ભાગ બાંધવા રૂ. ૩,૦૦૦ આપ્યાછે. એવી રીતે રાજ્ય અને પ્રજાની એકસરખી જાહેર સેવા બજાવવાથી **સર** મંગળદાસ—હવેથી એક જાણીતા, માનીતા, અને પરોપકારી શેહેરી તરીકે વખણાતા ચાલ્યા. તેમને મુંબઈ સરકારે ૧૮૬૬ માં પોતાની "લેજીસલેટીવ-કાંઉનસીલ"ના એક સભાસદ ઠેડવ્યા, તે હોધ્ધો **ઓનરેબલ** સર મંગળદાસે સરસ હીમત અને ખરી આપ અખત્યારીથી બજાવી, રાજ્ય અને પ્રજા તરફથી એક સરખી શાબાસી મેળવી હતી. એ વખતનાં એમનાં અગત્યનાં ભાષણોએ કાંઉનસીલની નોંધનાં પુસ્તકોનાં ઘણાક સફા રોકયાછે. તેઓમાં સઉથી અગત્યની તકરાર ૧૮૭૩ ના 'સોલ્ટ બીલ' અથવા નીમખના જુલમી ધારાને પસાર થતી વખતની વધુ લાંબી પણ ઘણી હીમતી અને કીમતી છે, તેના શરૂઆતના થોડાજ શબ્દો હીંયા ટાંકીએ,—"એ બીલમાં ઘણીક જુલમી કલમો છે, તેઓને તદનજ સુધારવી જોઈએછે, અને તેથી "એ બીલને ત્રીજી વાર વંચાઈ પસાર થવા સામે હું મારૂં મજબુત વિરૂધ્ધ મત આપુંછું. તેમાં જેમ ઈનસાફનું "વાજબીપણું જાલવાયું નથી તેમજ અપરાધ ખરેપણે લાગુ પાડવાની બીલકુલ પરવા કરવામાં આવી નથી. "દરએક કુટુંબવાલાં ઘરમાં ૪૦ શેરથી વધુ મીઠું રાખવાની સખ્ત મનાઈ તદન ન કામી છે એથી મુફસીલમાં "રેહેનારા અણસમજુ કુટુંબો, મીઠાંના, મેહેસુલના, અને પોલીસના ઉતરતામાં ઉતરતા હોધ્ધેદારોથી તે એક "સાધારણ સીપાઈ વતીકની જુલમી સત્તાના ભોગ થઈ પડેછે." એમના જેવા એક અગત્યના સભાસદને, મુંબઈ સરકારે પોતાની 'કાઉનસીલ'ના ફરી ફરી મળી ૪ વાર સભાસદ નેમવે, લાગત ૮ વર્ષો સુધી એઓએ તે હોદ્દો ચાલાકી અને આપઅખત્યારીથી ભોગવ્યા પછે, પોતાની તબીએત ચાલુ બગડતી જતી જવે, ૧૮૭૪ની જુલાઈએ રાજીનામું આપી તે છોડયો. જે બાહાલ રાખતાં ત્યારની મુંબઈ સરકારે એમની વખાણ કરી જુવાબ વાળ્યો હતો કે:—"તમોએ ધારાબાંધનારી-સભા સાથ લાંબો વખત સંબંધ રાખી જે કારકીર્દી ચલાવી, તેનો છેડો આવતો જોઈ, સરકારને કહ્યા વગર ચાલતું નથી કે, તમોએ પ્રજાના લાભ ખાતર જે મેહેનત લીધી અને જાહેર સવાલો ઉપર પુરતું લક્ષ આપ્યું, તેથી સરકાર તમો ખાતર ઘણુંજ ઉંચું મત ધરાવેછે." કાંઉનસીલ સાથનો સંબંધ છોડવા છતાં પણ, અગત પડતાં મુંબઈના ગવરનરો, **સર** મંગળદાસનું મત અને સલ્લાહ લેતા હતા. દેશી હક અને લાભ જાલવનારી "ધી બામ્બે એસોસીએશન" ને નબલી હાલતમાંથી **સર** મંગળદાસે ૧૮૬૭માં પાછી ટઠાર બનાવી હતી, અને તેના સરનસીનનો માન ભર્યો હોદ્દો એમને અનુમતથી આપવામાં આવ્યો હતો. તે એઓએ ૧૮૭૪ માં છોડયો. મુંબઈ સરકારની 'લોકલ-કાંઉનસીલ' માં સર મંગળદાસે સ્વતંત્રપણે જાહેર સેવા બજાવવા ખાતર, મહારાણીએ એમને ૧૮૭૨ ની ૧ લી મેએ "**ઓરડર ઓવ ધી કમ્પેનીઅન ઓવ ધી સ્ટાર ઓવ ઈંડીઆ**'નો ખેતાબ આપ્યો, તેની દબદબા ભરી જાહેર ક્રીયા પરેલના સરકારી મેહેલમાં ત્યારના ગવરનર સર સેમોર ફીટઝરલ્ડે કીધી હતી. જે પછે, ૧૮૭૫ ની ૧૯ મી જાનેવારીએ એમને **મહારાણીએ** વધુ માનથી નવાજી "**નાઈટ-કમાંનડર** ઓવ ધી **સ્ટાર ઓવ ઇંડીઆ**" નો ખેતાબ બક્ષ્યો, ત્યારથી એઓ **સર** મંગળદાસ **નથુભાઈ** **નાઈટ, સી. એસ. આઈ.**, તરીકે ઓળખાયા. એઓએ **૧૮૭૫** ના નવેમ્બરમાં રૂ. ૨૫,૫૫૦ ની મોહોટી રકમ હેલાયધી કહાડી, તેનાં સ્થાપિલાં ધર્મખાતાંને "સર મંગળદાસ નથુભાઈ કપોલ નિરાશ્રીત ફંડ" નામ આપ્યું, જેની મુખ્ય નેમ પોતાના નાતીલા અશક્ત અને હાજતમંદ લોકોને આશરો આપવાની છે. તો, વળી એજ વખતે ગુજરાતી વાણીઆઓની સગવડ ખાતર વાલકેશ્વરમાં રૂ. ૨૫,૦૦૦ ની "ધર્મશાળા" જાહેરમાં ખુલ્લી

મેલી છે. એમ એકંદર રૂ. ૫૦,૫૫૦ નું ધર્મખાતું સ્થાપી, તેનું કાયદાસર ટ્રસ્ટ-ડીડ કરાવ્યું છે. સર મંગળદાસને, આપના શાહાજાદા અને તાજના વારેશ પ્રીન્સ ઑવ વેલ્સે ૧૮૭૭ માં એક રૂપાનો 'ચાંદ' ભેટ આપ્યો, તેની ક્રીયા મુંબઈના ગવરનર સર રીચર્ડ ટેમપલે એક દરબાર ભરી કીધી હતી. ૧૮૭૯ ની ૨૪ મી સપટેમ્બરે એમની ન્યાતના મોહોટા ભાગે એક જાહેર સભા ભરી એમને પોતાના—એકલા વડા તરીકે ઠેડવ્યા પછે, ૧૮૮૦ માં ન્યાતને લગતા સર સામનનો કબજો લેવા વીશે મુંબઈની 'હાઈ કોર્ટ'માં કજીઓ ચાલવે, એ ન્યાતના અનુમતથી એમને કોર્ટે પણ ઉપલાં વર્ષની ૩૦ મી મેએ—એકલા વડા ઠેડવ્યા હતા. મુંબઈની કર ભરનારી પ્રજાએ, એમને ૧૮૭૫ માં પોતાના વકીલ તરીકે ત્યાંની "મ્યુનીસીપલ-કોરપોરેશનમાં" સભાસદ તરીકે પસંદ કરી મોકલ્યા હતા. એમની જાહેર સખાવતોના આંકડા નીચે પ્રમાણે જાણીતા છે:—

| | રૂ. |
|---|---|
| કલ્યાણીમાં એમનાં સ્વર્ગવાસી ધણીઆણી રૂખમણી બાઈની યાદગારીમાં 'ધર્મની ઑસ્પિટાલ' બંધાવી. | ૭૫,૦૦૦ |
| જાહેર કેલવણીના ફેલાવાને મદદ .......... | ૪૯,૩૦૦ |
| જાહેરમાન અને યાદગારીનાં, તેમજ દુકાલ, આગ, રેલ, વગેરેથી પીડાયલા લાચારોને મદદ આપવાનાં ફંડોમાં .......... | ૨૯,૨૦૦ |
| પોતાના જાતીલાઓને મદદ કરવા પોતાના નામથી "નિરાશ્રીત ફંડ" સ્થાપ્યું .......... | ૨૫,૫૫૦ |
| ગુજરાતી હીંદુઓ વાસ્તે વાલકેશ્વરમાં એક "ધર્મશાળા" ખોલી .......... | ૨૫,૦૦૦ |
| ગરીબ અને હાજતમંદોને મદદ આપી .......... | ૧૧,૦૦૦ |
| વાળકેશ્વરમાં એમના બાપે અધુરૂં બંધાવેલું 'શીવનું દેહેરૂં' પુરૂં કરાવ્યું .......... | ૧૦,૦૦૦ |
| જાહેર પુસ્તકખાનાઓ, વગેરેને મદદ.......... | ૫,૦૦૦ |
| પરચુતન જાહેર નાધલી બક્ષેસો.......... | ૯,૫૫૦ |

એમ સર મંગળદાસની જાહેર સખાવતોની રકમોનો એકંદર આંકડો રૂ. ૨,૪૦,૦૦૦ થી કંઈ વધુ થવા જાયછે. એઓ મુંબઈના જાણીતા શેઠીઆ અને માનીતા શેહેરી છે. એમની સામેલગીરી એક સરખી રીતે સઘળાં જાહેર કામોમાં લેવાયછે. મુંબઈમાં, એમની મોહોટી ઉપજવાલી બોહોળી સ્થાવર મીલકત છે. એઓ ચંચલ, દેશાભિમાની, ઘટતો ટેકાવ રાખનારા, મીલનસાર, સાદી રીતભાત દેખાવ અને પેહેરવેશના ગૃહસ્થ છે. ચાલુ માદગીથી, એમની તનદુરસ્તી લઠરી છે.

સર મંગળદાસ, બાઈ રૂખમણી બાઇ સાથ, ઈ. સ. ૧૮૪૮ માં પરણ્યા, તેઓ, ૨ પુત્રી અને ૩ પુત્રો તેઓ મી. ત્રીભોવનદાસ, મી. પરશોત્તમદાસ, અને મી. નરોત્તમદાસને જન્મ આપી સ્વર્ગવાસી થયાંછે. એ ત્રણે જુવાંનોએ ઠીક કેળવણી લીધીછે.





પ્રોફેસર દાદાભાઈ નવરોજી.

DADABHAI NAOROJI, ESQ., LATE DEWAN OF BARODA.

FORMERLY PROFESSOR AT ELPHINSTONE COLLEGE

# Hon'ble Mr. Dadabhai Naoroji, J. P.,

## EX-DIVAN, BARODA.

THE family of Mr. Dadabhái hails from 'Nausári,' in Gujárát. His ancestor, Chánji, had accompanied the then learned Parsi High-Priest, Mehrji Ráná, to the Imperial Court in Delhi, when the Emperor Akbar was pleased to grant him, in perpetuity, a plot of ground in Nausári, and the title of "*Mulla Jamásp.*" Mr. Dadabhái's father, Naoroji, surnamed '*Dordi*,' was—the first of his family, who came and settled in Bombay, where he died leaving an only son, Mr. Dadabhái four years old.

Hon. Mr. Dadabhái was born in Bombay on 4th September 1825. In 1835 he entered the English School, and distinguished himself by obtaining *prizes* at every annual examination. In 1845, Sir E. Perry, then Chief-Justice and President of the 'Board of Education,' Bombay, entertaining a very high opinion of Mr. Dadabhái's abilities and character, proposed to send him to England, to study for the Bar, offering to pay half his expenses, if the leading Parsi gentlemen of the time subscribed to the other half. The generous project, however, fell through, and Mr. Dadabhái remained stuck to the School line, in which he rose rapidly. In November 1845 he was appointed Head-Native-Assistant in the School then known as the 'Elphinstone Institution.' In 1851 he was nominated as an Assistant-Professor, and in 1852 an Acting Professor of Mathematics and Natural Philosophy at the 'Elphinstone College.' Having distinguished himself by his talents and ability, he was in 1854 confirmed in the Chair of Professor of Mathematics and Natural Philosophy; and—since that time he has always been known as Professor Dadabhoy. As a well-known public-spirited gentleman, he was foremost in founding or promoting numerous public institutions, which were the first of their kind in Bombay. Among them, may be mentioned the following:—The 'Native General Library,' 'Students' Literary and Scientific Society,' 'Danyán Prasarak Society' for the diffusion of Science in Gujáráti, 'Rahánumá -e-Mázdiasná' for the spread of religious reform among the Parsis, 'Girls' Schools,' 'Fort Charitable Dispensary,' a 'Charitable Fund for the indigent Parsis in Persia,' 'Gymnasuim,' &c. &c. In 1851 he started the *Rast-Goftar*, a Gujáráti Weekly, which he left, owing to pressure of other work, in 1858, in the hands of others, after establishing its prestige, high tone, and character in the public. He was—the first in instituting all the reforms among the Parsis. In 1855, the first Native trading firm under the name of "Messrs. Camá & Co." was opened in London, and Mr. Dadabhái resigned his Professorship to join it as

a partner. There, too, as opportunity offered, he took part as a social and political reformer. In 1861 he read before two several Societies in Liverpool, two essays on the 'Customs and Religion of the Parsis.' In 1865 he—took a prominent part in organising the 'London Indian Society.' The next year he read a paper before the 'Ethnological Society,' proposing to refute the hasty opinion of many on the innate lower morality of the Asiatic races. In the same year he took a prominent part in promoting the 'East India Association,' for the welfare of India. Here he read several papers of vital political interest both to **India** and **England**; among which may be named the following :—'Duties of England towards India,' 'The State of Mysore,' 'Expenditure of the Abyssinian War,' 'Importance of admitting educated Natives in the Civil Service of India,' 'Wants and Means of India,' 'Indian Administration and Poverty of Indians.' In 1869 he opened a 'Branch of the East India Association' in Bombay, and the next year he was made Honorary Secretary to the 'East India Association' in London, and in that capacity he undertook a tour to India to extend its usefulness, and collect funds from Native Princes, and the public of that country. He succeeded in collecting a large contribution. After separating from 'Camá and Co.' Mr. Dadabhái opened an independent firm, but he suffered great losses in 1864, and in 1866 closed his business for a short time. As a merchant also he *did* some useful public services, especially in connection with rights arising out of documentary bills. The public of Bombay—presented him with an address and a purse of Rs. 25,000, and it was resolved to place his portrait in the 'Framji Cawasji Institute,' Bombay, for his important public services. The greater portion of the purse presented him he supplied for public purposes. The continued mal-administration of Malhár Ráo Gaekwár of Barodá, compelled the British to warn the Prince, to reform his Government within a period of 15 months, and in this plight, Malhár Ráo sought for the services of Mr. Dadabhái and—appointed him Diván or Chief-Minister. The then Political Agent, Colonel Phayre, in a spirit of *narrow* officialism, actively opposed this nomination, and after his appointment, began to submit prejudiced reports against the Diván and the Prince, which had some influence with the Government of Bombay. Mr. Dadabhái thereupon applied to then Viceroy, who removed the Resident from Barodá, and transferred the political relations with the State, to the Government of India. Mr. Dadabhái, in his pamphlet on "Baroda Administration in 1874," has published a full account of the *obstacles* thrown in his way in introducing reform into the State. His efforts were continually thwarted by the old Darbár party, who had always profitted by the corrupt state of administration, and finally Mr. Dadabhái was compelled to resign his high post. He refused to withdraw his *final* resignation, though greatly pressed by the Prince. Immediately afterwards on his coming to Bombay, the rate-payers, in 1875—76 and again in 1883—85 returned him a member of the "Municipal Corporation" of that city, and he was in 1875—76 and also in 1883—85 elected to the "Town Council," in which he served *without* the usual fees. Here he investigated with his usual acumen some matters vitally connected with the interest of the Corporation. For these useful services

to the public, and his zeal in assisting them, the 'Corporation' and the 'Town Council' severally passed votes of thanks to him. The *whole* Native Press of India, as well as the right-thinking portion of the English publicists, have with one accord declared Mr. Dadabhái an honest, straightforward *patriot*,—a man who has in every position and under varying circumstances and vicissitudes of life, *disinterestedly* devoted all his energies to the service of his country. H. E. Lord Reay, the Governor of Bombay, gave him a seat in his 'Legislative-Council' on the 15th September 1885. This appointment received the warmest approbation of the people and the Press of India. The Hon'ble Mr. Dadabhái will no doubt prove himself an able Legislator, and his career in Council will be marked with *that* independence and usefulness which have distinguished him through life. In the same year he was also appointed Delegate of the "Parsi Chief Matrimonial Court, Bombay." The Press has more than once called him "The Indian Franklin," "The Parsi Patriot," &c., and the "Hindoo-Patriot" has rightly remarked:—"Not only Bombay, but the whole of India, should be proud of a gentleman like Mr. Dadabhái Naoroji." It is *really* wonderful that the Government have not ere now recognized his worth with a deserving title of honor!! but—a man who has secured the profound esteem and appreciation of the people and princes of India, needs scarcely such a title to perpetuate his fame and memory already engraved and stamped in the hearts of the people of India.

Mr. Dadabhái has two educated daughters, and a son Mr. Ardeshir, an intelligent youth of 26, who after having been matriculated at London, has passed his L. M. and S. Examination in the 'Bombay University.'

# ઓનરેબલ શેઠ દાદાભાઈ નવરોજી, જે. પી.,

## માજી-દીવાન, બરોદાના.

સાધારણ સ્થીતીમાંથી જાતી મેહનત, ઈમાનદારી અને કાબેલીઅતથી વધી, ખીલી નીકલી, મોહોટાં દેશી રાજ્યની દીવાનગીરીએ ચઢી, આખ્ખાં હીંદુસ્થાનમાં લોકપ્રીય બની, પંકાઇ, માન અને વખાણની ઊંચી ટોંચે ચઢેલા ગૃહસ્થ **મી.** દાદાભાઈ છે. તેમના વડીલો 'નવસારી' ના વતની, અને એોલએ "દોરડી" બોલાઇ, મોબેદીનો ધંદો કરતા હતા. એમના ૯ માં વડીલ એરવદ ચાંદજીએ શાહ અકબરની દરબારમાં બોલાવેલા દસ્તુર મેહેરજી રાણા સાથ ત્યાં જઇ, "મુલ્લાં જામાસ્પ" ના એતાબ ઉપરાંત, પોતાના ભાઈ હોરાંગ સાથ નૌસારીમાં ૧૦૦ વીઘા જમીનની—જાગીરીની બક્ષેસ મેળવી હતી. જેના થોડા ભાગનો ભોગવટો, ચાંદજીના વંશથી ઉતરેલા મી. દાદાભાઇના કુટુંબીઓ હાલ પણ ભોગવેછે. એ કુટુંબના, મોબેદ નવરોજી દોરડી—પેહેલવેહેલ્લા મુંબઈમાં આવી વશી, ત્યાં સ્વર્ગવાસી થઈ, એકજ પુત્ર મી. દાદાભાઇને ૪ વર્ષની અંદરના મેલી ગયા.

**મી. દાદાભાઈને** બાઈ માણેકબાઈએ ૧૮૨૫ ની ૪ થી સપટેમ્બરે મુંબઈમાં જન્મ આપ્યો, તેઓ અથોરનાંન છે, અને ફ્રેંચ, ફારશી, ઈંગ્રેજી, હીંદુસ્થાની, ગુજરાતી ભાષા જાણેછે. ગુજરાતી શીખવા બાદ, ૧૮૩૫ માં આગલી 'એલફીનસ્ટન ઈનસ્ટીટયુશન' માં દાખલ થૈ, ૫ વર્ષ-ઈંગ્રેજી આભ્યાસ કરી, દર વાર્ષીક પરીક્ષામાં—ઈનામો મેળવતા રહી, પછે એલફીનસ્ટન કોલેજમાં જૈ, ત્યાંની પણ સઘલી 'સ્કોલરશીપો' એઓજ મેળવતા રહ્યા હતા. ઈનામો આપવાના એક જાહેર મેલાવડાની વખતે એઓએ પોતાની બાલ્ય વયે બતાવેલી અતીશય ચાલાકી વીશે એક ઈંગ્રેજ સ્ત્રીએ છપાવેલાં "વેસ્ટર્ન ઈંડયા" નામનાં પુસ્તકમાં 'એ લીટલ પારશી લેડ' વીશે સરસ નોંધ લીધીછે. મુંબઈના ત્યારના માજી વડા-જડજ સર એ. પેરીએ, **મી.** દાદાભાઈને અતી ચંચળ અને કોલેજની સઘળી ચઢતી સ્કોલરશીપો જીતી લેતા જોઈ, ૧૮૪૫ માં તેમને લંડન મોકલી 'બેરીસ્તર' બનાવવા વિષેના ખરચમાંથી અરધો પોતે આપવા કબુલી, બીજો અરધો પારશી શેઠીઆઓને આપવા ભલામણ કીધી હતી, તે ફોકટ. એ સાલના નવેમ્બરમાં **મી.** દાદાભાઈ 'એલફીનસ્ટન સ્કુલ' ના વડા-નેટીવ-એસીસ્ટન્ટ નેમાયા હતા, તો, ૧૮૫૧ ની જાનેવારીમાં 'એલફીનસ્ટન કોલેજ' ના એસીસ્ટન્ટ-'પ્રોફેસર' ૧૮૫૨ ની અકટોબરે એકટીંગ-પ્રોફેસર, અને ૧૮૫૪ ના જુનમાં વડા-પ્રોફેસરના ચઢતા હોધ્ધા ઉપર આવ્યા હતા. તે હોધ્ધો ચાલાકીથી બજાવવા વીશેના શાબાસીભર્યા એશારા, માજી "બોર્ડ ઓવ એજ્યુકેશન" ના ૧૮૫૧-૫૫ સુધીના રીપોર્ટોમાં આવેલા, એમને એક ફત્તેહમંદ શિક્ષાગુરૂ તરીકે દેખાડેછે. દેશીઓમાં એઓ—પેહેલ્લા 'પ્રોફેસર' બનવે, તેઓમાં ભારે ખુશાલી ઉપજી હતી. અને ત્યારથી એઓ "પ્રોફેસર મી. દાદાભાઈ" ના સાધારણ નામથી ઓલખાયછે. જાહેર કેલવણી-ખાતામાં માન ભરી મોહોટી પદવી મેળવી, એઓ પ્રખ્યાત બન્યા, તે કરતાં, પ્રજા ઉપયોગી ઘણાંક જાહેર કામોનો—પાયો નાખનાર અને આગેવાન મદદગાર તરીકે એઓ વધુ પંકાયાછે. 'મુંબઈની' નેટીવ જેનરલ લાયબ્રેરી,' 'સ્ટુડન્ટસ લીટરરી એંડ સાએનટીફીક સોસાયટી', 'જ્ઞાનપ્રસારક મંડળી,' 'રાહાનોમાઈ-માજ્દીઅશની સભા,' 'ફ્રોઠ ચેરીટેબલ ડીસ્પેનસરી,' 'મુફલેશ ઈરાણીઓને મદદ આપવાનું ફંડ,' 'બોંબે-આસોસીએશંન,' 'કન્યાશાળાઓ', 'કસરતશાળા સ્થાપક મંડળી,' વગેરે સ્થાપવા, અને પુનરવીવાહને ઉલત ભરચું ઉત્તેજન આપવા એઓએ—આગેવાની લેઈ, અથાક મેહેનત કીધી હતી. મુંબઈનાં અઠવાડીક "રાસ્ત-ગોફતાર" પત્રને, એઓએ ૧૮૫૧ માં જન્મ આપી, ખીલવી, વધારી, ફેલાવ્યા પછે રોકાણના સબબથી ૧૮૫૮ માં તેની લગામ છોડી છુદા થયા હતા. મુંબઈમાં "વીકટોરીઆ મ્યુઝીઅમ એંન્ડ ગારડન્સ" ઉભી

કરવાની આગેવાનીમાં એમનો હાથ હતો. ઓરતોને ચોક્કસ હદ સુધી છુટાપણું બક્ષવાની જાહેર તકરારોમાં એઓએ આગેવાન ભાગ લેઈ, તેના ટેકામાં, જુદા જુદા જમાનામાં જુદી જુદી કોમોની ઓરતોએ ભોગવેલા છુટાંપણાં વીશે સંઘીન અને અશરકારક દલીલો બતાવી હતી. ૧ લા બેરોનેટ સર જમશેદજીનાં, ટાઉન-હોલમાં મેલાયલાં 'બાવલાં' વીશે પેહેલી ચરચા ઉભી કરનાર એઓ હતા. દેશીઓના લાભ અને હક જાલવનારી "ધી બોમ્બે બ્રેન્ચ ઓવ ધી ઈસ્ટ ઈન્ડ્યા એસોસીએશન," ને સ્થાપી તેને ૧૮૮૩ માં પાછી મજબુત કરવા, અને ૧૮૮૫ ની ફેબરવારીમાં "બોમ્બે પ્રેસીડન્સી એસોસીએશન" ને જન્મ આપવામાં એમનો હાથ હતો. એમ એઓએ મુંબઈ શેહેર તરફ બજાવેલી પ્રજા ઉપયોગી જાહેર સેવાની નોંધ લેવા પછે,—વધુ અગત્યની બજાવેલી જાહેર સેવાનો સફો ફેરવાઈ, પાયતખ્ત લંડન શેહેર તરફ આપનું ધ્યાન ખેંચે છે, કે જ્યાં પોતાની જીંદગીનો લાંબો વખત, એ દેશ-હીતકારી પુરૂષે, દેશાભીમાની કામો કરવામાં ગુજાર્યો છે. મુંબઈના જાણીતાં 'કામા' ખાંનદાંને ૧૮૫૫ માં 'મેશરસ કામાં અને કું.' નામથી —પેહેલ્લી દેશી પેહેડી લંડનમાં ઉઘાડી, તે, મી. દાદાભાઈના લાંમ્બા વખતનાં ચાલુ ઉત્તેજન અને ઉલત આપવાનું ફળ હતું. તેમાં ભાગ્યા બની એજ સાલમાં એઓ—પેહેલ્લે ઇંગ્લાંડ ગયા, અને ત્યાં જાહેર બાબદોમાં ભાગ લેવા માંડી, 'લીવરપુલ' માં ૧૮૬૧ માં "પારશી રેવાજ, રશમ, અને ધર્મ" સંબંધી જાહેરમાં બે નીબંધો વાચ્યા, ૧૮૬૫ માં "ધી લંડન ઈનડીઅન સોસાયટી" ઉભી કરવામાં આગેવાની લીધી, ૧૮૬૬ માં 'એથના-લાજીક સોસાયટી'ના પ્રમુખે 'એશીઆની જાતોના ગુણો' વીશે કીધેલા સખ્ત ટીકાને, દાખલા દલીલોથી તોડી નાખનારો મજબુત રદીયા રૂપી એક નીબંધ તેજ સભામાં વાચ્યો, એજ સાલમાં એઓએ અથાક મેહેનત લૈ હીંદુસ્થાનના હક અને લાભો જાલવનારી "ઈસ્ટ ઈંડ્યા એસોસીએશન" સ્થાપી, અને દેશ ઉપર પડતા અંદેશા અને દેશી રાજ્યોને થતા ગેર-ઈનસાફ, વગેરે બાબદો ઉપર અશરકારક નીબંધો વાચ્યા અને તકરારો કીધી તેઓ: 'ઈગ્લાંડની હીંદુસ્થાન તરફની ફરજો,' 'માઈસોરનું રાજ્ય,' એબીશીન્યાની લડાઈનો ખર્ચ,' 'કેલવણી પામેલા દેશીઓને સીવીલ સરવીસમાં દાખલ કરવાની જરૂર,' એબાબદ ઉપર પારલમેન્ટમાં સર સ્ટાફોર્ડ નોર્થકોટે કીધેલા 'ટીકાનો જુવાબ,' 'માઈસોરની તકરારના સંબંધમાં લોર્ડ વીલીયમને જુવાબ,' 'હીંદુસ્થાન માંહેલી એસોસીએશન ની ફરજો,' 'હીંદુસ્થાનનાં પાણીનાં જાહેર બાંધકામો,' 'ઈસ્ટ ઈંડયા એસોસીએશન,' 'મુંબઈનો રૂ નો ધારો,' 'હીંદુસ્થાનની હાજત અને પેદાશ,' હીંદુસ્થાનનો વેપાર,' 'હીંદુસ્થાનનો રાજ્યકારોબાર,' 'હીંદુસ્થાનની કંગાલીઅત વીશે નીબંધો,' અને 'એ નીબંધોના સંબંધમાં ઉઠેલી તકરારોનો રડીઓ,' એ વગેરે સીવલ સરવીસમાં દેશીઓને દાખલ કરવાવીશે અરજી,' 'ગવરનર જેનરલ ઓવ ઈંડ્યા બીલ' માં "સીવીલ સરવીસ" ને લગતા ફકરા વીશે, સર સ્ટાફોર્ડનોર્થકોટ ઉપર કીધેલું લખાણ, હીંદની ગરીબાઇ વીશે સેક્રેટરી ઓવ સ્ટેટ વગેરે બીજા ચઢતા વર્ગના ઈંગ્રેજો સાથ ચલાવેલી તકરાર, લશ્કરી વૈદકખાતાંની નોકરીની પરીક્ષા પસાર કરવા ગયલા પારશી ઉમેદવાર મી. મનચેરજી બેરામજી કોલાને થયલી મોહોટી નડ દુર કરવા હીમતથી ભીડેલી બાઠ, અને સીવીલ સરવીસ પસાર કરવા ગયલા દેશી વિદ્યાર્થીઓના માર્ગમાં નડ નાખવા સંસ્કૃત અને અરબ્બી ભાષાઓની માર્કો ઘટાડી નાખવા વગેરેની હરકતો દૂર કરાવવા લીધેલી મેહેનત, એ સઘળી મી. દાદાભાઈની—દેશહીતકારી સેવાનો છાપ દેશીઓના જીગર ઉપર શાબુત પડી રહોછે. વેપારી મંડળીની પણ મી. દાદાભાઈએ જાહેર સેવા બજાવી 'ડાક્યુમેંટ-બીલ' સંબંધી લંડનની બે ઈંડયા બેંકો સાથ અગત્યનો સવાલ ઉપર કર્યો હતો. લંડનમાં એક—પારશી વેપારી તરીકે મી. દાદાભાઈ મજબુત આંટ, આબરૂ, અને ઈમાનદારી ખાતર પ્રસિધ્ધ થયા હતા. તેઓએ, એક હમજાતી મીત્રને વગર સ્વાર્થે મદદ કરતાં ૧૮૬૪ માં મોહોટો આચકો ખાધા પછે, ૧૮૬૬ માં મુંબઈની કેટલીક વેપારી પેહેડીઓ ભાગવે બીજો આચકો લાગ્યો કે, ભારી નુકસાની થઈ અને પોતાની પેહેડી બંધ કરવી પડી, તે વખતે એમની ચોખ્ખી આંટ અને ઈમાનદારીનો બદલો એમ મળ્યો હતો કે એમના માગનારાઓએજ એમનો તુરત છુટકારો થવા સામી મદદ આપી, અને એમના ચોખ્ખા વેહેવાર અને ઈમાનદારી વીશે જાહેર પત્રોમાં વખાણ થઈ હતી. સાહાસીક વેપારીઓ તરીકે પણ મી. દાદાભાઈની પેહેડીએ દેશીઓની બનતી

સેવા બજાવી, હીંદુસ્થાનમાં ઉપયોગી અને ઉદ્યોગી કારખાંનાં ઊભાં થવાને ઊત્તેજન આપી, ૪ આગબોટો ૯૩ નાં, તો ૧ રેશમનાં કપડાં વણવાના સાંચા, તેમજ કાગજ અને સાબુ બનાવવાનું સરસ શાંચા કામ, વગેરે કીફાયત ભાવથી બનાવી મોકલ્યું હતું. ૧૮૭૦ માં 'ઈસ્ટ ઈંડયા એસોસીએશન'ના ઓનરેરી સેક્રેટરી બની એઓએ તેની નાંણા સંબંધી તંગ હાલતને સુધારવા ૧૮૭૧ માં હીંદુસ્થાનમાં આવી, કચ્છ અને કાઠીઆવાડનાં રાજ્યોમાં મુશાફરી કરી, મદદ મેળવી હતી. એ એસોસીએશનની મદદથી મી. દાદાભાઈએ, દેશીઓનો લાભ અર્થે લાંબી મુદત જેહેમત એચી, તેનાં મીઠાં ફળ, લાયક દેશીઓ હવે રાજ્ય કારોબારમાં ભાગ લેતા જે, સીવીલ સરવીસમાં નેમાતા ચાલી, ઈત્યાદી રીતે ચાખેછે. એમ એ—હીંદના હીરાએ, ચાલુ કોશેશથી દેશના લાભ અને ફાયદાને શીકરી લેનારી સાંકળને અંતે તોડીછે. ૧૮૭૩ માં 'પારલેમેન્ટની ફીનાન્સ કમીટી' હુજુર એઓએ હીંદુસ્થાનની નાણા સંબંધી માઠી હાલત વીશે હીમતી અને અશરકારક સાક્ષી આપી હતી. ૧૮૬૪ માં મુંબઈ યુનીવરસીટીના એઓ "ફેલો" નેમાયા, દેશ અને દેશીઓની બીન સ્વાર્થે બજાવેલી સેવા ખાતર ૧૮૬૯ માં મુંબઈમાં ભેગી મળેલી જાહેર સભાએ એમને એક "માનપત્ર" સાથ રૂ. ૨૫,૦૦૦ ની 'પર્સ' ભેટ આપી હતી. પ્રજા તરફથી મળેલું એ નાણું એઓએ પ્રજા ઉપયોગી કામોમાંજ ખરચેલું બોલાયછે. બરોડાના કમ નશીબ મલ્હારરાવ ગાયકવાડે કમ અક્કલી સલ્લાહકારોનું સાંભળી, પોતાનાં રાજ્યને ખરાબીના ખડક સાથ લગભગ અથડાવી ભાગી પાડવાની હાલતમાં લાવી મેળવે, ૧૫ માસની ટુક મદતમાં તે સુધારી નાખવા, ઈંગ્રેજ સરકારની તાકીદના તકાદા થવાની —કટાકટીના વખતે, એ બેહેંકી અને બગડી ગયલાં રાજ્યનું શુકાન, ગાયકવાડે અરજ કરી ૧૮૭૪ ની શરૂઆતમાં મી. દાદાભાઈને હાથ આપ્યું. તે, એઓએ હીમ્મતથી ધરી, તેને ડુબતું બચાવવા તુરત ચાંપટા ઉપાયો લીધા અને ત્યાંનો ઈંગ્રેજી રેસીડંટ તે ગાયકવાડનો હરીફ કરનલ ફેયરને, એ મહારાજાની તેમજ પોતાની વિરૂધ્ધ જતો અને મુંબઈ સરકાર ઉપર જોડી કહાડેલા ખોટા 'ખરીતા' લખતો જોઈ, અને એ સરકારને તેની તરફ ફોધેલી જાણી, તે વીશે એ ચંચળ દીવાને ત્યારની લોર્ડ નાર્થબ્રુકની હીંદુસ્થાનની વડી-સરકાર હજુર ફરીઆદ ઉઠાવી તે શાબેત કરી આપવે, વડી-સરકારે,—મુંબઈ સરકારને, બરોડાની બાબદમાં હાથ નાખતાં તુરત અને તદ્દંન અટકાવી, રેસીડન્ટને બરોડા છોડી બહાર જવા ફરમાવી, તે જગ્યા ઉપર, પોતાનાં ખાસ એજન્ટ અને કમીશનરને નેમી મોકલી તેને સઘળો વેહેવાર પોતાની સાથ કરવા ફરમાવ્યું હતું. એમ એ કાબેલ પારશી દીવાને, એવા બેહેંકીગયલા અને મજબુત વગવાલા ઈંગ્રેજ એજંટને હરકતો નાખતો સફાઈથી દુર કહડાવ્યો તે કાંઈ સાધારણ કામ ન હતું. એ ખટપટ વખતે, પોતાની વિરૂધ્ધ જોડાયલાં શરમ ભર્યાં ખોટારાં ખુલ્લાં પાડવા મી. દાદાભાઈએ, "૧૮૭૪ નો બરોડાનો રાજ્ય વહીવટ" નામથી ઈંગ્રેજી ચોપાંન્યું છપાવ્યું હતું. એમ માથે લીધેલાં કામની ભારે હરકતો વટાવી, રાત દીવસ મેહેનત અને જેમતમાં ગુતાઈ, ફત્તેહ પામવાની ટોંચ ઉપર આવવા છતાં, બેસમજ અને દામાદોલ મહારાજાની કમબુદ્ધિથી, તે સઘળું ફોકટ ગયું હતું. તેના સલ્લાહકારો —હરહરતા ખટપટ્યા અને લાલચુ હતા, તેમની અપ્રમાણીકપણાંની રૈયત ઉપર ચાલતી જુલમી કાતર, દીવાન દાદાભાઈના વખતમાં બંધ પડવે, તેઓ, તેમના રાજ્ય સુધારાની આડે આવી નડ નાખતા રહેતા હતા, પણ ફોકટ, દીવાન તો પોતાના કામમાં ફાવ્યાજ જતા હતા. રાજ્યસુધારો કરવાનાં દોડતાં કાંમની આડે આવ્યાથી દીવાન દાદાભાઈએ ૨ વાર આપેલા રાજીનામાં મહારાજાની કાકલુદીથી પાછાં ખેંચી લીધાં હતાં. પણ હવે તેઓએ જબરા રેસીડંટને દુર કરાવવે, દરબારી ખટપટીઆઓનું જોર પાછું ખુબ વધ્યું, તેઓએ મલ્હાર-રાવને હાથમાં લૈ દીવાનના કાંમોમાં પાછી નડ નાખવા માંડી કે, તેઓએ—૩ જી વાર પક્કા ઠરાવથી ૧૮૭૪ ના દીસેમ્બરમાં રાજીનામું આપી, મહારાજાની વધુ કાલાવાલા ન સાંભળી છુટા થઆ. પછે તરતજ એકાએક એ ગાયકવાડ ઉપર, હોદ્દો છોડી જવા ફરમાવેલા રેસીડન્ટને 'વીખ' આપવાનું ભારે તોહોમત મેલાવ્યું,* અને તેવીશેની તપાસ ચાલતાં સુધી હીંદના વાઈસરોયે, એ રાજ્યનો સઘળો અખત્યાર પોતાના બરોડાના ખાસ એ-

*જુવો—"બરોડા."

જન્ટને હસ્તક લેવા હોકમ કીધોહતો. મી. દાદાભાઈએ ૧ વર્ષ જંજાળ ભરી દીવાનગીરી ભોગવ્યા બાદ મુંબઈ આવ્યા પછે ત્યાંની "મ્યુનીસીપલ કોરપોરેશન" માં ૧૮૭૫-૭૬ અને ૧૮૮૩-૮૫ માં કર ભરનારી રૈયતે એમને પોતાના એક વકીલ તરીકે મોકલ્યા, તેની "ટાઉન કાઉનસીલ"ના પણ એઓ સભાસદ નેમાયા હતા તે વખતે ધારાપ્રમાણે મળતી 'ફ્રી' એઓએ લીધી ન હતી. એ સભાઓના સંબંધમાં એઓએ બારે મેહનત લીધી અને સરસ સૂચના કીધી, તે ખાતર, બેઉ, 'કોરપોરેશન' ની તેમજ 'ટાંઉન કાઉનસીલ' ની સભાઓએ, મી. દાદાભાઈનો ભારે ઉપકાર માન્યો,—જે બનાવ એ સભાઓના સંબંધમાં પેહલવેહલોજ હતો. મુંબઈના લાયક ગવરનર લોરડ રેએ, ૧૮૮૫ ની ૧૫ મી સપતેમ્બરે મી. દાદાભાઈને પોતાની "લેજીસ્લેટીવ-કાંઉનસીલ" ના સભાસદ નેમ્યાછે. ઑનરેબલ મી. દાદાભાઈની એ નેમણુક આખ્ખી હીંદની પ્રજા અને વર્તમાનપત્રોએ એકદીલ અને આવાજે હરખ અને ખુશાલીના જુસ્સા સાથ વખાણી હતી. એ તક મી. દાદાભાઈને પ્રજા હક અને લાભોની વધુ જાલવણી કરવાની કીરતીનું મેદાન ખુલ્લુ મેળશે. એજ સાલમાં, મુંબઈની 'ધી પારશી ચીફ મેટ્રીમોન્યલ કોર્ટ'ના એઓ "દેલીગેટ" નેમાયા, 'રાનોમા-ઈ-માજદીઅશના સભા' ના, "શરનશીન" બન્યા, અને મુંબઈના આખ્ખા અથોરનાન ટોલા તરફથી એક જાહેર "માનપત્ર" ૧૯ મી ડીસેમ્બર ૧૮૮૫ એ મેળવ્યું. આખ્ખાં હીંદુસ્થાનના સઘળા દેશી જાહેર લખનારાઓ એકમત અને અવાજે એમને—ખરા દેશહીતકારી પુરૂષ તરીકે કબુલ રાખી ચુક્યાછે, તો, ચોખું લોહી ધરાવનારા ઘણાંક જાહેર યુરોપીયન લખનારાઓએ એમને વીશે ઉંચા મત જણાવ્યાંછે. પોતાની જીંદગીનો મોહોટો ભાગ, એ હીંદના ખરેખા ગૃહસ્થે દેશના હક, લાભ, અને હાજતો વીશેની ચાલુ માગણીઓની લાંબી લડત લડી, પ્રજાહીતકારી કામોમાં ઘશી નાખ્યો, તે ખાતર "હીંદુ પેટરીઅટ" એ વાજબી રીતે જણાવ્યું છે કે,—"ફકત મુંબઈએજ નહીં પણ આખ્ખાં હીંદુસ્થાને, મી. દાદાભઈ નવરોજી જેવા ગૃહસ્થ, વીશે મગરૂર રેહેવું જોઈએછે."

મી. દાદાભાઇ, બાઇ ગુલબાઇ સાથ પરણ્યા. તેવણે ૨ પુત્રી અને એક પુત્ર મી. અરદેસરને જન્મ આપ્યો, તે, ૨૫ વર્ષના જુવાને મુંબઇની 'ગ્રાંટ મેડીકલ કોલેજમાં' એલ. એમ. અને એસ. ની પરીક્ષા પસાર કીધીછે. મી. દાદાભાઇ—અથાક મેહેનત લેનારો એક કુદરતી સાંચો છે, જે રાતદીવસ ચાલુ જાહેર કામોમાં રોકાયલો, અને મોજ મજા કે રમત ગમતથી ઘણું કરી દુર રેહેછે. એમનો સ્વભાવ નરમ અને મીલનસાર, રીતભાત લાયક અને માન ખેચનારી, અને પોશાક અને દેખાવ સાદો છે. ચોખ્ખો વેહેવાર, સાચ્ચું બોલવું, અને આપઅખત્યારી ખાતર એઓ જાણીતા છે. કેલવાયલા વર્ગમાં એક્કા સુનંનદા લખનાર અને છટાથી બોલનાર તરીકે પંકાયલા છે, તો, પ્રજા-મતથી પુરા લોકપ્રિય બની સંપુર્ણ માન પામ્યાંછે. હીંદના દેશી રાજ્યો અને ઇંગ્લાંડના રાજ્ય-અધિકારીઓ, ઉમરાવો, અને હોદ્ધેદારોમાં, મી. દાદાભાઇનું નામ આપઅખત્યાર દેશ-હીતકારી અને ખરા પ્રમાણીક પુરૂષ તરીકે પુરતું જાણીતું થયલું છે. એમનાં વફાદાર કામોની કદર ખુદ્દ હજુર, મહારાણીએ એમને ઘટતું ખેતાબી માન કે ચાંદની બક્ષેસ કરી નવાજ્યા નથી!! તે છતાં પણ, એમના—ભારી ઉપકારના બોજાનો હીંદની ભોળાઇ જતી રૈયતના જીગર ઉપર પાડેલા શાબેત છાપે, ત્યાંની હાલની અને હવેપછેની ઓલાદોમાં મી. દાદાભાઇનું નામ અને—કીરતી અમર રાખ્ખવાને પુરતો છે.

THE LATE

# Naoroji Furdoonji, Esq., C. I. E.

MR. NAOROJI was justly styled the "Tribune of the People of Bombay" for his services to the popular cause. His father was *Vajifdár* or fiefholder in Broach, and Mr. Naoroji was born there in 1817. He resided in Bombay from his early years, and was educated in the 'Native Education Society's School.' He had obtained the 'West Scholarship' in 1832, and 'West Medal' in 1835. He left Bombay in 1836, to accompany the late Sir A. Barnes, the British Ambassador, to Cabul, and he had visited the Courts of Sindh and those of Ranjitsing of Punjab and Dost Mahomed of Cabul. His elaborate reports on the commercial affairs of those places had elicited the warm approval of Government, and on his return to Bombay in 1839, he obtained an Assistant-Professor's chair in the 'Elphinstone College.' In 1840 he had become known as the Editor of a Gujarati Magazine the '*Vidyá Ságar*' and of the Gujarati Daily the '*Jam-e-Jamshed*' newspaper. He was engaged in a theological discussion with the late Dr. Wilson and other missionaries and published the '*Rahnomee-e-Zarthosti.*' In 1851 he had established the "Rahnooma-e-Mazdiesna Society," with a view to introduce social and religious reforms among the Parsis,—an institution of which he had been the President for more than 30 years. From the Educational Department Mr. Naoroji was transferred to the late 'Supreme Court,' where he distinguished himself as an Interpreter and Translator for about 20 years till he retired from the public service, on pension in 1864. To—commemorate his services in the cause of education and social reform, a public meeting was held in Bombay on 7th of May 1864, and a public subscription of Rs. 20,000 was raised to present him with a *purse*, and to institute a 'scholarship' in his name. In the same year he was appointed a "Justice of the Peace." In 1852 he—took the lead in establishing the "Bombay Association," a Political Society started with the view of representing the wishes and grievances of the people of India, to their British rulers. As one of the Secretaries to that body, his tract on "The Civil Administration of the Bombay Presidency" was widely circulated in London, and in Bombay, at a time when the 'Government of India Bill' was introduced into Parliament. In 1868 Mr. Naoroji was elected a 'Fellow' of the Bombay University, and a Delegate of the 'Chief Parsi Matrimonial Court.' The 'Parsi Law Association' owed its success, in obtaining the 'Parsi Marriage and Divorce Act,' and the 'Parsi Succession Act,' to the strenuous exertion of the late Mr. Naoroji, as one of its Joint-Secretaries. His services to the cause of female-education are a matter of history. Bold and intrepid in all public discussions, a staunch advocate of social, religious, and political reforms, one who had always been known for his moral courage and unswerving probity and high principles, Mr. Naoroji had earned for himself, *not only* the gratitude of his own community, also of the whole of Bombay. Whatever public question happened to agitate the

ના એ તેવીશ

*જુવો—"બ-રાહા."



સ્વર્ગવાસી

શેઠ. નવરોજી. ફરદુનજી, જે. પી.

THE LATE

NAOROJI FURDUNJI, ESQ., J.P.

community,—whether a memorial was to be presented for the repeal of the odious Income-Tax or evidence was to be given before the Parliamentary Committee on Indian Finance, Mr. Naoroji was selected to represent Bombay. The 3rd Parliamentary Report of 1873, testifies to the zeal and industry displayed by him, when he gave his evidence on behalf of the 'Bombay Association' and the '*Poona Sarvájánik Sabhá*.' When the Indian Mutiny of 1857 had for the moment embittered the feelings of Englishmen, and Dr. Buist as editor of the "*Bombay Times*," was doing his utmost to promote the estrangement between the ruling and the ruled, it was Mr. Naoroji, who boldly stood up for the people, and Dr. Buist was removed from the editorship. The *extravagant* administration of the newly-constituted Bombay Municipality, found an uncompromising opponent in Mr. Naoroji, and in spite of the opprobrium he met with from a section of the Bombay community, he succeeded in exposing the recklessness with which the Municipal funds were squandered. What were called the 'Monster Meetings for Municipal Reform' were, mainly promoted by him. His exertions ably seconded by those of worthy colleagues, led to the organization of the present 'Bombay Municipal-Corporation,' and of the 'Town Council,' on the electoral basis. His services both as a Corporator and a Town-Councillor had been highly appreciated. The—public services of Mr. Naoroji were recognized, by the Bombay community, in 1858, by the present of a *purse*, a *silver box*, and a *silver tea service* with suitable inscriptions, and the founding of a "scholarship" in his name in the Parsi Girls' School; and Her Imperial Majesty the Queen-Empress set the stamp of her approval on a singularly useful career, by conferring upon him the title of the "Order of the **Companion** of the **Indian Empire**" in 1884. In commemoration of the event he was entertained at a 'public dinner' by the Parsis, and subsequently a public subscription was started—to perpetuate, his memory, to which Rs. 13,000 have been subscribed by his admirers of all castes and creed, and it has been *proposed* to order out a marble "Bust" from London, and also to found "scholarships" in his name in the "Ripon Technical College" in Bombay. Mr. Naoroji died after a short illness, on 22nd September 1885. The public of Bombay were deeply grieved at his death, and as the '*Times of India*' feelingly expressed :—"India has lost "one of its greatest sons, whose place it would be more difficult to imagine adequately "filled." The 'Bombay Town Council' and the 'Municipal Corporation' and "the Bombay Presidency Association," adjourned their meetings and passed resolutions of sympathy and profound sorrow, and so did 'the Grand Lodge of Scottish Freemasons' in India. In honour of him the 'Brokers' Hall,' and many of the public institutions were closed for the day, and H. E. the Governor of Bombay telegraphed his regret to his family for the loss of such a useful citizen. The late Mr. Naoroji—was a bold patriot, and was well-known for his firm resolution, foresight, perseverance and patience under difficulties. The name of this late public-spirited gentleman will long remain, a household word among the various classes, he has so well served. In him the people of Bombay have *lost* their tribune. His two sons had died in their infancy.

# મરહુમ

## શેઠ નવરોજી ફરદુનજી, સી. આઈ. ઈ.

એ ગૃહસ્થના બાપ ફરદુનજી, ભરૂચના વતની અને ત્યાંના એક 'જાહાગીરદાર' તેમજ નાણું-ધીરનારા
'સાહુકાર' પણ હતા.—મી. નવરોજજી ૧૮૧૭ ની ૧૦ મી માર્ચે ભરૂચમાં જન્મ્યા, તેઓ ફારશી,
ઈંગ્રેજી, અને ગુજરાતી ભાષા જાણતા હતા. સુરતની 'લંડન મીશનરી સોસાયટીની સ્કૂલ' માં શરૂ-
આતની કેલવણી લેઈ, ૧૮૩૦ માં મુંબઈ આવી, તેઓ, ત્યાંની માજી સદર-કોર્ટના જડજ અને કાઉંનસીલના
સભાસદ મી. સધરલોવડની મેહેરબાનીથી, આગલી 'નેટીવ એજ્યુકેશન સોસાયટી,' તે હાલની 'એલફીન્સ્ટંન
હાઈ-સ્કૂલ' માં દાખલ થઈ, ત્યાં ૧૮૩૨ માં પેહેલવેહેલી સ્થપાયલી "વેસ્ટ સ્કોલરશીપ" મેળવ્યા ઉપરાંત, તવારીખ
વગેરેની હુશીઆરી ખાતર "વેસ્ટનાં રૂપાના ચાંદ"નું ઈનામ પણ મેળવ્યું હતું. ૧૮૩૫ માં એજ સ્કૂલના
એઓ એસીસ્ટન્ટ-માસ્તર નેમાઈ રફતે રફતે વધી, નાયબ-પ્રોફેસરના હોદ્દા ઉપર આવ્યા હતા. ૧૮૩૬ માં
મુંબઈ સરકારે ખાસ એલચી તરીકે કાબુલ મોકલેલો સર એ. બરન્સ, મી. નવરોજીને એ સરકારની
રજાથી ત્યાં સાથે લેઈ ગયો હતો. એજ કામ સારૂં એઓ સિંધ અને પંજાબ પણ ગયા હતા. પોતે ફારસી
જાણવે, એ તકે એઓએ, સિંધની, પંજાબના રણજીતસીંગ, અને કાબુલના દોસ્ત મહમદની દરબારોના વેપાર
વગેરેની ઘણીક અગત્યની બાબદોના સંગ્રહના બે કીમતી રીપોર્ટો મુંબઈ સરકાર ઉપર લખી મોકલી, ઘણી
શાબાસી મેળવી હતી. ત્યાંથી આવી, ૧૮૩૯માં એઓ 'એલફીનસ્ટન કાલેજ' ના નાયબ-પ્રોફેસર નેમાયા
હતા. મી. નવરોજજી ૧૮૪૦ થી એક—જાહેર લખનાર તરીકે જાણીતા થઈ, "વિદ્યાસાગર" નામનું માસીક
ચોપાન્યું ગુજરાતીમાં કાહાડવા માંડી, એજ સાલમાં, રોજીંદાં 'જામ-ઈ-જમસેદના' અધિપતી નેમાઈ, પારશી
અને ખ્રીસ્તીઓ વચ્ચે ધર્મ સંબંધી જોશ ઉપર આવેલી જબરી તકરારના મેદાનમાં ઝોંકાવી, મીશનરી હરીફોને
માહત કરી, એ બાબદને લગતાં ગુજરાતીમાં "રાહનોમા-ઈ-જરતોસ્તી" ચોપાન્યાં, અને ઈંગ્રેજીમાં "દીસ્કશન
ઓન ધી ક્રીસ્ચ્યન રિલીજ્યન" નું કાબેલીયત ભર્યું પુસ્તક છાપી, અભણ પારશીઓને આપ-ધર્મની
અપાર ખુબીઓ સમજાવી, કાચ્ચા જુવાનીઆઓને પાદરીઓની ઠગારી સમજાવતની જાલમાં ફસતાં
ચેતવી, પારશી કોમ અને ધર્મની નાદર સેવા બજાવી હતી. એઓએ ૧૮૪૫ માં એક 'ગુજરાથી-ઈંગ્રેજી
ડીક્શનરી' બહાર પાડી હતી. અને ૧૮૫૦ માં 'તાઝીખાં એ જરતોસ્તી' નામનું પુસ્તક છપાવ્યું હતું.
એસીસ્ટન્ટ-પ્રોફેસરના હોધ્ધા ઉપરથી, એઓ ૧૮૪૫ માં માજી સુપ્રીમ-કોર્ટ ના દુબાશીઆ અને તરજુમો
કરનાર નેમાઈ, તે હોધ્ધો ૧૮૬૪ ની અપ્રેલમાં રૂ. ૧૭૩ નું માસીક "પેનશન" લેઈ છોડયો હતો. એમ
કેલવણી અને ન્યાયખાતામાં ૨૮ વર્ષો ચાલુ સરકારી નોકરી બજાવી છુટા થયા, તે સાલની ૭ મી મેએ,
એમની કેટલીક—જાહેર સેવાની યાદગારી રાખવા અને વળી એક 'પર્સ' ની ભેટ આપવા, મુંબઈના દેશીઓએ
જાહેર સભા બોલાવી ઉઘરાણું કીધું તેમાં રૂ. ૨૦,૦૦૦ ભરાયા હતા. ૧૮૬૫ માં એમને મુંબઈ સરકારે
"સુલ્લેહના અમલદાર" ઠેડવ્યા પછે, એઓ, લંડનમાં ઉઘડેલી એક પારશી પેઢીના સંબંધમાં ત્યાં ગયા હતા.
પોતાના વખતનાં કેલવાયલા પારશી એલફીનશતોનીઅનશોની ભેગી કોશેશથી મી. નવરોજીએ ૧૮૫૧ માં
હીંદુસ્તાનનાં પારશીઓમાં પરજાતોનાં પેવશ થયલાં ધર્મ-ફરમાંનો, રીવાજો, અને વેહેમો વીશે તેમને સમજાવવા

અને પોતાંના મૂળ ધર્મ-ફરમાનો જાણવા "રાહનુમા-ઈ-માઝદીઅશના" સભા સ્થાપી, તેના એઓએજ પ્રમુખ નેમાઈ જીંદગી સુધી તે હોદ્ધો ભોગવ્યો હતો. તે સભામાં, એઓએ ઘણાક કીમતી રશાળા વાંચ્યા અને ભાષણો આપ્યાં હતાં. ૧૮૫૨ માં એમની સામેલગીરીથી "ધી બોમ્બે એસોસીએશન" ની પેહલવેહલી રાજ્ય-દ્વારી મંડળી, મુંબઈ શેહેર અને ઇલાકાનાં લોકોની ફરીઆદ અને હાજતો, હીંદુસ્થાન અને ઇંગ્લાંડના સત્તાવાળાઓને કાને લાવવા સ્થપાઈ, તેના એઓ જોઈન્ટ-ઓનરેરી સેક્રેટરી નેમાયા હતા. અને તેની મેનેજીંગ-કમીટીની એલતેમાસથી, એઓએ 'હીંદુસ્તાને લગતા રાજ્યવહીવટ' સંબંધી પસાર થતા કાયદા વીશેની પાર્લમેન્ટમાં ચાલતી તકરાર વખતે, "મુંબઈ ઈલાકાનો મુલકી રાજ્યવહીવટ" નામથી લંડનમાં કાબેલીયત ભરચું ચોપાન્યું છપાવી, ત્યાં બોહોળી રીતે ફેલાવ્યું હતું. એમનાં એ—હીંમતી કામ ખાતર ઘણાંક બડેખાં ઈંગ્રેજો એમનાં વેરી બન્યા, તેઓમાં એમના મીત્રો પણ હતા. ૧૮૭૦ માં હીંદુસ્તાન ઉપરથી 'ઈન-કમ-ટેક્સ' કહાડી નાખી, બીજા કરો ઘટાડવા વીશેની એક અરજી, ઉપલી એસોસીએશને, એઓ મારફતે ઇંગ્લાંડ મોકલી હતી તો, તેને બીજે વર્ષે, એજ એસોસીએશન અને 'પુણા સાર્વજનીક સભા' એ, એમને હીંદુસ્તાનમાં ખરચાતાં નાણાંની તપાસ કરવા વીશે, પાર્લમેન્ટથી નેમાયલી, 'ફીનાંન્સ-કમીટી' હજુર સાક્ષી આપવા મોકલ્યા, તે કામ એઓએ તારીફ લાયક હોશીઆરીથી બજાવ્યું હતું. એઓએ આપેલી કીમતી જુબાનીનો સાર, પાર્લમેન્ટની કમીટીના ૧૮૭૩ માં છપાયલા ૩ જા રીપોર્ટમાં છે. ત્યાંથી ૧૮૭૪ માં પાછા આવ્યા પછે, એઓએ ઘણીક જાહેર સભાઓમાં મુખ્ય ભાગ બજાવ્યો હતો. ૧૮૫૫ માં, હીંદુસ્થાનના પારશી-ઓએ પોતાની સંસારી હાલત સુધારવા, મુંબઈમાં "ધી પારશી લૉ એસોસીએશન" સ્થાપી તે મારફતે, પારશી લગ્ન, તલાક, અને વારશા હીસ્સા વીશે ખાસ ધારા બાંધી આપવા હિંદુસ્થાનની વડી સરકાર સાથ વેહેવાર ચલાવવા નેમેલી મેનેજીંગ કમીટીના મી. નવરોજી એક ઓનરેરી-સેક્રેટરી હતા. તે કામ ૧૦ વર્ષો ચાલી ફત્તેહમંદ ઉતર્યું, ત્યાં સુધી લીધેલી અથાક મેહેનતનો બદલામાં, કમીટીએ, બીજા સેક્રેટરીઓ ભેગા એમને લેખ સાથના 'રૂપાના વાસણનાં સેટ' ની ભેટ કીધી હતી. ૧૮૫૮ માં, 'પારશી સ્ત્રી-કેલવણીનો ફેલાવો કરનારી મંડળી' તરફથી મેહેનત લઈ, મદદ આપી, આગેવાની કરવાના બદલામાં, તેની મેનેજીંગ-કમીટીએ, એમને 'રૂપાનો ચાહ પીવાનો એક સેટ' ભેટ આપી, એમના નામથી રૂ. ૬૦ ની વાર્ષીક "સ્કોલરશીપ" સ્થાપીછે. ૧૮૫૧ માં, પારશીઓના ધર્મ ફરમાનો ઉપર અજવાળું નાખનારી "રાહનોમાં-ઈ-માજદીઅશના સભા" ને-જન્મ આપનારા એઓ એક આગેવાન હતા. દેશીઓને અદેખીથી ધીક્કારનારા ઈંગ્રેજોને એઓએ હીમતથી મારેલા ફટકાઓનો એકજ દાખલો જણાવ્યેઃ ૧૮૫૬-૭-૮ ના હીંદુસ્થાનના લશ્કરી બળવાની વખતે 'બોમ્બે ટાઈમ્સ' ના માજી અધિપતી ડોકટર બ્યુસ્ટે, દરેક દેશીને બેધડક જાહેર રીતે બેવફા અને ઈંગ્રેજ સરકારના દુશ્મન તરીકે જણાવી, તેઓ. વિરૂદ્ધ હેવાં ચાલુ લખાંણો કરી, તેમને કાપી નાખવા વતીકની સુચના પણ કીધી હતી!! એ પત્રને ખરીદનારો મોહોટો ભાગ જેમ દેશી ગૃહસ્થોના હતો, તેમજ તેના ઘણાંક દેશી ભાગીદાર માલેકો પણ હતા, તેઓમાં મી. નવરોજજી એક હતા. એઓએ એવા એક નીમકહરામ અને ઝનુની ગીબતખોર જાહેર લખનારને તેના હોદ્ધા ઉપરથી દુર કરવાની આગેવાની પોતે એકલાને માથે હીમતથી ખેચી લઈ, તેને કહાડી, મી. રોબર્ટ નાઈટને નેમ્યો, ત્યારે પડેલી ભારે મેહેનત, ખમેલો ઠપકો, અને બનેલી દુશ્મનીની એઓએ લગાર પણ પરવા ન કરી,—દેશી આલમને ગલીચ હુમલાથી છોડવી હતી. ગુજરાતના ખેડુતોની માઠી હાલતનો આબેહુબ ચીતાર જોવા, એઓએ ૧૮૭૩ માં તે તરફ મુસાફરી કીધી હતી. મુંબઈનાં શેહેરસુધરાઈખાતાંનો કારોબાર પેહેલે સુલ્લેહના અમલદારોની સભાથી ચાલ્યો ત્યારે, અંધેર ચાલ્યું, લખલુટ ખરચ થયો, આપખુશીના કરો નખાયા, એને મન ફાંટાનાં ખરચો થવે, કરભરનારી આલમે કંટાળી જોરાથી બેદાદીનો પોકાર ઉઠાવ્યો કે, મી. નવરોજજીએ બાહાર પડી, તેમાં પેસેલા સલા અને ખામીઓ ખુલ્લી બતાવી આપી, ફોકટ પગાર ખાનારા-

ઓને ત્યાંથી ખંખેરી કહડાવી, એ ખાતાંને મજબુત કરી પાધરો રસ્તો મેળવા ભારે મેહનત લેઈ, જેહેમત ખેંચી, કર ભરનારી કકલતી આલમની પીડા ટાળી, તેમના—આશીરવાદ સાથ ભારે માન પણ મેળવ્યું હતું. એ કરભરનારાઓનાંજ જાહેર મતોની ચુટણીથી, તેમના હક અને લાભો સંભાલનારા કોરપોરેટર્સો નેમવાની પ્રજાની માગણી કબુલી, સરકારે, "મુંબઈની મ્યુનીસીપલ-કોરપોરેશન" ને ૧૮૭૨ માં સ્થાપી, તેની આગેવાન હીલચાલ કરવાનું માન પણ એમનેજ ઘટેછે; જે સભામાં એઓ ૧૮૭૫ ની જુલાઈથી કરભરનારાઓનાં સૌ કરતાં વધુ મતોથી ચુટી કહડાઈ ચાલુ રીતે તેમના વકીલ તરીકે જીંદગી સુધી નેમાતાજ રહા હતા. અને તેની "ટાઉન-કાઉનસીલના" પણ એઓ એજ સાલની ૪ થી સપતેમ્બરથી સભાસદ નેમાતા જઈ, પ્રજાના હક અને લાભ ખાતર મજબુત બાઠ ભીડી ઘણાક કીમતી સુધારા સુચવી અમલમાં મેલાવ્યા હતા. એમ એ ખાતાંને સુધારી લોકોને ભારે સુખ કરી આપ્યું છે. ૧૮૮૪ માં એમને એ કોરપોરેશનની સભાએ પોતાના પ્રમુખ બનાવવા માગવે, તેવીશે એઓએ ના પાડી હતી. એમ લગભગ ૩૬ વર્ષો સુધી ચાલુ રીતે એઓ પ્રજા ઉપયોગી દરેક જાહેર સવાલોમાં ઉમંગથી આગેવાન ભાગ લેતા રહી, પેહેલ્લે 'સુલ્લેહના આમલદારોની સભા' માં, પછે મ્યુનીસીપાલ કમીશનરોની' અને હાલની મુંબઈની 'મ્યુનીસીપલ-કોરપોરેશન'ની સભાના સ્વતંત્ર મીજલશી, અને આગેવાન શેહેરી તરીકે પ્રખ્યાત થવે, એમની જાહેર કારકીર્દીએ એટલો તો ઝળકાત મેળવ્યો હતો કે, મુંબઈના માજી ગવરનર સર રીચર્ડ ટેમપલે એક જાહેર સભામાં એમને "ટ્રીબ્યુંન ઓવ ધી પીપલ" અથવા 'પ્રજા -હીમાયતી' નો માનભર્યો એલકાબ આપ્યો હતો, તો ૧૮૮૪ ની ૧ લી જનેવારીએ, મહારાણીએ એમને "**કમપેનીઅન ઓવ ધી ઈનડીઅન એમપાયર**" નો એતાબ બક્ષ્યો, તે ટાંકણે, એમના પ્રજાહીતકારી પરમાર્થ ખાતર મુંબઈની આલમે દીલોજાન ભરી મુબારકબાદી આપવા ઉપરાંત, ત્યાંની પારશી કોમે જાહેર ઉઘરાણાથી એમને એક જ્યાફત આપી હતી; કે જે—બનાવ તેઓમાં પેહેલવેહલોજ બન્યો હતો. વળી એમને સુરત અને ભરૂચ તરફથી મુબારકબાદીના 'માન-પત્રો' પણ મળ્યાં હતાં. એમનાં નામ અને કામોની યાદગારી રાખવા મુંબઇમાં જાહેર ઉઘરાણાં મારફતે ભરાયલા રૂ. ૧૩,૦૦૦ માંથી, એમનું એક "બાવલું" ઉભું કરવા અને એમના નામથી "રીપન ટેકનીકલ કોલેજ" માં સ્કોલરશીપ સ્થાપવા ઠરાવ થૈ ચુકયો છે.—મી. નવરોજી ૧૧ વર્ષની ઉમ્મરે બાઈ ગુલબાઈ સાથ પરણ્યા હતા. તેણીએ જન્મ આપેલા ૨ પુત્રો બાલ્યવયેજ પાછા થયા. એમનો કરીલીધેલો છોકરો મી. દાદી છે.

શેઠ નવરોજી ટુક બીમારી ભોગવી, ૬૮ વરસની વયે ૧૯૮૫ ની ૨૨ મી સપતેમ્બરે મુંબઇમાં ગુજરયા. જે ખાતર એકઆવાજે ત્યાંની પ્રજા તેમજ વર્તમાનપત્રોએ ભારે દલગીરી બતાવી, અને 'ટાઇમ્સ ઓવ ઇંડિયા' એ જણાવ્યું હતું કેઃ—"હીંદે પોતાનો એક સરસ પુત્ર ખોયો છે." મુંબઇની 'ટાંઉન કાંઉનસીલ' અને 'મ્યુનીસીપલ કોરપોરેશન,' 'ધી બામ્બે પ્રેસીડેન્સી આસોસીએશન,' હીંદુસ્થાન માંહેલી સઘળી 'સ્કોટીશ ફ્રીમેશન લાડજો' અને 'રાહનોમા-ઈ-માઝદીઅશના સભા' એ, એ ખાતર ભારે દલગીરી જણાવી, તે વીશેની નોંધ લે, એમના કુટુંબ ઉપર દીલાશા-પત્રો મોકલ્યાં હતાં. એમના 'ઉઠમણાં' માં, ઘણાંક પારશી ધરમખાતાંઓ માટે રૂ. ૪૫૦ ભરાયા હતા. અને—એમનું નામ પંકાયલા પારશી મહા-પુરૂષો ભેગુ "ધુપ અને નીરંગ" ની ક્રીયામાં લેવા દશતુરોએ ઠરાવ પસાર કીધો હતો. એમનાં માન ખાતર આખો દીવસ, 'બ્રોકર્સ-હોલ' વીગરે કેટલીક જાહેર મંડળીઓએ પોતાનું કામ બંધ રાખ્યું હતું. ભરૂચના જરથોસ્તીઓએ, ત્યાં, ૨ ઠેકાંણે એમનાં ઉઠમણાની ક્રીયા કરાવી હતી. અને મુંબઇના ગવરનર લોર્ડ રે એ, હેવા અગત્યના શેહેરીની ખોટ જવા વીશેની દલગીરીનો તાર એમના કુટુંબ ઉપર મોકલ્યો હતો. મરહુમ મી. નવરોજી પક્કા ઠરાવના, દુરઅંદેશી, ખંતી, અને અઘરી વખતે ધીરજ રાખનારા ગૃહસ્થ હતા. તેમનું નામ મુંબઇની તરેહવાર જાત અને ન્યાતોમાં સદા યાદગાર રેહેશે, કે જેઓએ એમનાં મરણથી એક ખરેખરો—સ્વતંત્ર, ચુનંદો, હીમતી, દેશહીતકારી, બેરખા ખોયોછે.

# THE LATE

# Khan Bahadur Ardeshir, Kotwal of Surat.

THE great grand-father of Ardeshir *Báhádur*, was Sorabji, a trader of Surát, who knew the art of watch-repairing. The Emperor of Delhi sent for him to repair a valuable clock, and with a view to induce him to settle in the Imperial city presented him with a *Khilat* and the title of "Nek-saát-khán." His two sons were also invited and raised to the peerage. The eldest Barjorji was given the title of "Behr-Reman-khán," and the second "Táleyár-khán." Sorábji was entrusted with the command of 3,000 foot and 500 cavalry in Delhi. It was—through his *influence*, the British traders obtained a footing in Surát in A.D. 1759, while he acted as a revenue-officer of the city. The family thus came to be in intimate connection with British interest, and when in 1800 Surát passed into British possession, Dhánjishá, the son of Barjorji, was appointed Native-Agent for the surrounding petty Native States of Sachin, Vánsdá, Mándvi, Dharámpur, &c. In 1810 a fanatic Mahomedan mendicant excited the Dandi Bohorás of Bodhán, in the Mándvi State, 12 miles off Surát, to rise against all ruling powers, and to assert the Moslem millenium. Surát—then the Chief seat of British power, was threatened, when the Collector in concert with the British military authorities sent the Native-Agent along with two wings of cavalry under Captain Cunningham. While negotiating with the Fákir, Dhánjishá was killed. The cavalry at once attacked, destroyed the village, and 200 rebels with their chief were slaughtered. This prompt retribution put an end to the millenium in the surrounding country. Dhánjishá's widow was granted an annual pension of Rs. 3,000 by the Paramount Power, and his two sons Firozshá and Ardeshir were placed under the care and training of the then Collector.

Ardeshir Báhádur was born in Surat in A.D. 1797 and knew English, Hindustani, and Gujaráti. His elder brother enjoyed high offices in the judicial line, and Ardeshir rose from the service of a clerk in the court, to be the '*kotwál*' or head of the police, a 'magistrate,' and a 'civil judge.' These various duties he discharged with rare ability and tact. His endeavours in apprehending desperate highway-men and freebooters who then infested the country from Damon to Ahmadábád and along the entire banks of the Nerbadá and Máhi rivers were undoubtedly praiseworthy. Surát being the richest city was a prey to the cupidity of the Bhil marauders, who boldly either broke open the city gates or jumped over the ramparts to enter and plunder the city. Ardeshir organised night patrols, and strong hardy police, and engaged some of the robbers themselves in his service to act as detectives. Many a—marvellous tale has been told as to how he surprised gangs of robbers, fought hand to hand with their desperate chiefs, and narrowly escaped with his life when he was beset by Bhil robbers. In a few years he succeeded in *freeing* Surát from the constant inroads of robbers, and his fame reached even the ears of "the Court of Directors" in England. He also rendered—valuable service to the British in compromising intricate political disputes between them and the surrounding Native States. British Judges and Collectors consulted him on every material question, and the Governors

and Admirals visiting Surát made it a point of public etiquette to see him and called him **"the great man of his age."** In 1825, the Bombay Government—rewarded his valuable services with costly presents, and in 1829, Governor Sir John Malcolm presented him in open *Durbár* with the title of **"Khan Bahadur,"** and the grant of a *jágir* in perpetuity of an annual income of Rs. 3,000. In 1830 he was presented with a gold "medal" from Her Imperial Majesty the Queen. The Emperor of Delhi visiting Surát in 1828 presented him with the sanction of the British with a Mogul Turban of Honor, and a Sword, as a mark of his prowess and bravery. His—fame had reached its climax, when Mr. R. D. Leward arrived to act as Judge in Surát. He *envied* his position and preferred some specious charges against Ardeshir and suspended him from his duties. A 'Commission of Enquiry' was nominated by the Bombay Government, and Ardeshir was honourably acquitted and re-instated, while Leward was ordered to leave Surát for Thaná. Shortly after in 1849, Ardeshir retired on a 'pension.' While in office in Surát, he was offered the post of Premiership of Barodá by two successive Gaekwáds, Shiáji Ráo and Ganpat Ráo, on a salary of Rs. 3,000 a month, but he declined and remained content with the British salary of Rs. 1,000 for the offices of 'Kotwál,' 'Sadar Amin,' and 'Native-Agent,' combined together. Ardeshir lived in princely style,—paid police detectives out of his pocket, and undertook contracts from Government at lower rates than the actual cost, for building roads, wells, and tanks, which he suggested for the good of the people. His expenses therefore *exceeded* his income, and he borrowed money at heavy interest, which—proved his and his family's ruin. Some of his creditors were men whom he had been instrumental in raising to affluence from the meanest position, and they issued warrants of execution against his person as well as property!! Under this predicament Ardeshir fled to Dámon, beyond the jurisdiction of the British Court, where brooding over his misfortunes, he lost his health, intellect, and peace of mind, a *striking* instance of the *vicissitude of fortune*. He was brought back to Surát in a dangerous state, and died shortly afterwards in 1856, leaving a debt of Rs. 9,00,000. His creditors are paid from the income of his 4 *Inám* villages which are managed by his widowed daughter-in-law, and her brother. Ardeshir Báhádur was a brave and generous cavalier, who—gloried in redressing the wrongs of his poor fellow-subjects, in rooting out lawlessness and maintaining peace. His name even to this day is a household word throughout Gujarat, and will be remembered hereafter and through all times as "Ardeshir Báhádur."

Ardeshir Báhádur had 13 sons, of whom only Jehángirshá survived him; but he too died in 1859, a promising youth of 16, leaving only his widow behind. In physical appearance Ardeshir Báhádur was tall and majestic, with a large forehead, small sparkling and fiery eyes, and large prominent nose. His skin was white, and face bore small-pox marks. He generally talked in the Hindustáni language. He was affable, open-hearted, strict in his duties, and was thoroughly honest and independent. He had many *opportunities* of making fortune which he despised. Surát could *not* point out another citizen—more chivalrous and bold, intrepid and independent, painstaking and honest, faithful and loyal than Ardeshir Báhádur.

# મરહુમ

## ખાન બહાદુર અરદેસીર કોતવાલ, સુરતના.

સુરતના એ પંકાઈ ગયલા કોતવાલના પ્રખ્યાત વડીલોને, મોગલાઈ સત્તા વખતની—સુરતની પુરાતન તવારીખ સાથ સંબંધ હોવે, તે વીશે, પેહેલ્લે ટુકમાં જણાવ્યે.

ગુજરાત પ્રાંતને મૂળ-પાયે વસાવનાર 'ગુરજર' લોકોનાં નામ ઉપરથી, તે, ઈ. સ. ૧,૦૦૦ ને આશારે જાણીતો થયો. તો, ત્યાંના પ્રખ્યાત 'સુરત' શેહેરનું નામ 'સુરતા' નામની એક 'કંચની' ઉપરથી ૧,૧૦૦ ને આશારે પડ્યું. તે, એક વાર આખ્ખાં હીંદુસ્થાનમાં—પેહેલ્લા વર્ગનું, ધીકતા બંદરવાલું, દોલતમંદ, અને વેપારી શેહેર થઈ પડયું, કે જ્યાંના ઘણાક જબરા નાનાવટીઓ માંહેલા એક તરેવાડી શ્રીકૃષ્ણ હરજુનજી નાથજી એકલાએજ, માજી "ઇસ્ટ ઇંડયા કુંપની સરકાર" નો શરાફ બની ગંજાવર રકમો ધીરતો હતો, તેમજ, ગાયકવાડને પણ આપતો હતો, તે આજપણ, ત્યાં જાણીતું છે. ત્યાં ખુશકી ઉપર અથંગ 'લુટારા' અને 'વાટપાડાઓ' ના ચાલુ દરોરા અને ધાડ, તો દરીઆમાં 'ચાંચીઆ ચોરો'નો જુલમ અને ત્રાસ ચાલુ હતો. શેહેર અને તેની બાહેરનાં પરાંઓના હેવા બે મજબુત કીલ્લા હોવા છતાં—સુન્નાથી ભરપુર સુરત અંદર પેશવા, હીમતી લુટારૂઓ ફાવતા હતા. શેહેરની કીલ્લેબંધી ૧૭૫૯ માં થયા પછે, કોટબાહેર જબરી વસ્તી ફેલાઈ, મોહોટા મોહોલ્લાઓની હારો બની તેઓ 'પરાં' ને નામે ઓલખાયાં. ત્યાં વસતા દોલતમંદોના જાનમાલની સંભાલ ખાતર—બીજી કિલ્લેબંધી થઈ હતી. દરેક કોટના ૧૨ દરવાજાઓ ઉપર મજબુત ચોકીપોહરા રેહેતા હતા. ત્યાંનો—નદી કીનારેનો કીલ્લો ફીરંગીઓએ ચાંચીઆ ચોરોનો અટકાવ કરવા ઈ. સ. ૧,૫૦૦ ની અધવચમાં બાંધ્યો હતો. ઈ. સ. ની ૧૩ મી સદીમાં—મુસલમાનોએ ગુજ-રાતમાં પોતાની રાજ્યસત્તા સ્થાપી. ૧૭ મી સદીના આરંભમાં ઔરંગઝેબના મરણ બાદ દીહલી શાહાનશાતની પડતી દશા બની, ઘણીક ઉથલપાથલો થે, તે વખતે, મજબુત થઈપડેલા ગાયકવાડ અને પેશવા "ગુજરાત" દબાવી બેઠા; ૧ લો નીજામ હેદ્રાબાદ હાથ કરી સ્વતંત્ર બન્યો; અમદાવાદનો સુબો, તે દીલ્લીનો 'વાઇસિરોએ' તાબેદારી છોડી આપઅખત્યાર થયો કે, તેને તાબેનો સુરત ઉપર સત્તા ચલાવનારો "નાયબ" મીયાં અચ્છે એ પણ તે તાબેદારી છોડી સ્વતંત્ર બની,—પેહેલવેહેલો 'સુરતના નવાબ' નો એતાબ લીધો હતો. તેણે, "ઇસ્ટ ઇંડયા કુંપની સરકાર" સાથ દુશ્મની કરવે, ઇંગ્રેજોએ ગાદી ઉપરથી ઉઠાડી મેલી બીજાને બેસાડી, તે વીશેની પરવાનગી, ત્યારે દીલ્લી દરબારમાં રહેલા અને—ઘણો વગ ધરાવનારા અરદેસર કોતવાલના વડીલ શેઠ સોરાબજી મારફતે મેળવી હતી, તે આગળ જણાશે. ત્યારે સુરતની કષ્ટમ-જગાત (લાટી) જંજીરાનો હબશી હાકેમ, જે દરીઆઈ-સેનાધીપતી તરીકે કિલ્લામાં રહી, ચાંચીઆ ચોરોનો બંદોબસ્ત રાખતો હતો, તે લેતો હતો. તો બાકીની મેહેસુલ અથવા "તનખા" નવાબ વસુલ કરતો હતો. ઇંગ્રેજોએ હવેથી—નવાબની સત્તા ઉપર ધીરે ધીરે તરાપ મારતા આવી, ૧૭૫૯ માં હબશી દરીઆઈ સેનાધીપતીને હાંકી મેલી, તેની સત્તા લેઈ, કીલ્લાના માલેક થઈ બેઠા. પછે ૧૮૦૦ ની શરૂઆતમાં, નવાબ બરોબર રાજ્ય ચલાવી શકતો નથી એવાં બાહાણાંથી, તેનું "સાલ્યાનું" બાંધી આપી, દબાંણ કરી ગાદીએથી ઉઠાડી મેલ્યો—ત્યારથી સુરત ઇંગ્રેજોને હસ્તક આવી, તેમનું મોહોટું લશ્કરી મથક બની, ત્યાં દરીઆઈ એડમીરલ, અને સેનાધીપતીએ રેહેવા માંડી, "સદર અદાલત" પણ ત્યાંજ સ્થપાઈ હતી, તેને ૧૮૨૮ માં મુંબઈમાં લાવવામાં આવી હતી. ૧૮૪૨ માં સુરતનો નામનો નવાબ મરણ પામ્યો કે, એજ સાલમાં દરીઆઈ-સેનાધીપતીએ પોતાનું મથક ત્યાંથી ઉઠાવી મુંબઈમાં કીધું. વેપાર અને દોલતની—પુર આબાદીથી મસ્ત થયલાં સુરતને, ૧૮૦૧ માં એકાએક લાગેલી ભયંકર અને કંઈ દીવસો સુધી ચાલુ રહેલી જબરી "આગે" પાયમાલ કરી, પટકી પાડી, કંગાળ્યતની ઘોરમાં દાટી નાખ્યું, ત્યારથી મીશકીન બનેલું સુરત, ઝાવઝલાલી ખોઈ, રૂદન કરતું આજતુલીક માહેતમમાંજ પડેલું છે.

**ખાન બહાદુર અરદેસીર કોતવાલના મુળ-વડીલની** ત્રીજી પેઢીના શેઠ સોરાબજી, સુરતના વતની, આબરૂ ભર્યો ધંધો કરવા ઉપરાંત "ઘડીઆળી" નું કામ પણ જાણતા હતા. હવે દીલ્લીના શાહનું એક કીંમતી ઘડીઆળ બંધ પડવે, તેને શમારવા, ત્યારના સુરતના નબાબે શેઠ સોરાબજીને એક ફારશી દુબાશીઆ સાથ ત્યાં દમામથી મોકલ્યા, અને ઘડીઆળ ચાલુ કરવામાં આવ્યું. તેથી શાહે, તેમને 'ખીલાત' ની બક્ષેસ સાથ "**નેક શાયતખાન**" નો એતાબ બક્ષ્યો. એમને ચાલાક જોઈ ત્યાંજ રેહેવા લલચાવવા 'અમીર' ની પદવી આપી, તેમના ખરચ સારૂ કેટલીક જાગીરો બક્ષી. અને તેમના બે પુત્રોને પણ ત્યાં બોલાવી ચહડતા દરજ્જા બક્ષ્યા તે આગળ જણાશે. હવેથી શેઠ સોરાબજી "નેક શાયતખાન" ના એતાબી નામથી એક—પારશી ઉમરાવ તરીકે ત્યાં દીપી નીકળ્યા. વળી તેમને ૩૦૦૦ પેદલ અને ૫૦૦ સ્વારોની સરદારી મળી હતી. ઉપર પ્રમાણે, ૧૭૫૯ માં ઇંગ્રેજોએ સુરતનો કીલ્લો હસ્તક લીધો, ત્યારે તેઓએ તેવીશેનો "પરવાનો" દીલ્લી શાહાનશાત તરફથી, શેઠ સોરાબજીના—લાગવગથી મેળવ્યો હતો. એજ વર્ષના મે માં એઓ દીલ્લીથી એક મોગલ ઉમરાવ સાથ "કુંપની સરકાર" વાસ્તે શરપાવ લેઈ સુરત આવ્યા. મોગલ દરબારે એમને સુરતની મેહેસુલ વસુલ કરનાર પુરઅખત્યાર અમલદાર નેમ્યા, તેમાં એમને દરસાલ રૂ. ૨,૦૦,૦૦૦ ની આવક હતી. તેઓ પોતાની પાછળ બે પુત્રો મેલીગયા. તેઓએ બાપની હૈયાતીમાંજ, વડા બરજોરજીએ "**બેહેરેમદખાન**" (દુવાથી વધેલો) અને નાધલાએ "**તાલેચારખાન**" (ભાગ્યશાલી) ના એતાબો મેળવ્યા હતા. શેઠ સોરાબજી અથવા નેક સાયતખાને, ઇંગ્રેજ સરકાર સાથ કીધેલી ભલાઈ બદલે એ સરકારે એમનાં કુટુંબ ઉપર મેહેરબાની રાખી,—૧૮૦૦ ની મે માં સુરત દબાવી લીધું તે વખતે, સોરાબજીના પૌત્ર અને બરજોરજીના વડા બેટા ધંનજીશાને, ત્યાંના "નેટીવ એજંટ" નેમી સુરતની આસપાસનાં, સચીન, વાંસડા, માંડવી, ધર્મપુર, વગેરે નાધલાં રાજ્યો સાથ, તેઓ મારફતે વેહેવાર ચલાવ્યો હતો. તેમની રાજ્ય-ખટપટ કરવાની શકતી ચપલ હતી. તેઓ સરકારની અગત્યની સેવા બજાવતાં—મારયા ગયા, તે એમ કે, સુરતથી ૧૨ માઇલ તફાવતે આવેલો ત્યારે હીંદુરાજાને તાબેના 'માંડવી કસબા' ની હદ માંહેલાં "બોધાંન" ગામના જાણીતા ફીસાદખોર દાઉદી હોરા જેઓ એતી ઉપર ગુજારો કરેછે, તેઓને ૧૮૧૦ માં એક મુસલમાન ફકીરે "આખ્ખી દુન્યાને મુસલમાન થવા વખત આવી પોહોંચવા" નો ફતવો આપવે, ઉસકેરાઇ ૧૦ મી જાનેવારીએ મોહોટું બંડ ઉઠાવ્યું. દીવાનને કતલ કીધો, હીંદુઓ ઉપર તલવાર ચલાવી, જેથી રાજાએ નાહાશી "પારડી"ના કીલ્લામાં આશરો લીધો. એમ ફાવવે ફુલી જે તેઓએ ત્યારના સુરતના કલેકટર મી. ક્રો ઉપર તાકીદથી રૂ. ૩૦૦ મોકલી આપવા કાશદ મોકલ્યો, જેને, તેણે બંધીખાને નાખ્યો કે, ત્યાંનાં મુસલમાનો ઉસકેરીઆ. એમ મુસલમાનોને જોશ ઉપર ચહેલા જોઈ, કલેકટરે કરનલ કીથની મસલત લે ફકીરને રાતોરાત પકડવા કેપટન કેનીંગહામની સરદારી હેઠળ "બોધાંન" ને ઘેરી લેવા લશ્કર મોકલીયું, તેની મદદે બીજે દીને ૪ પાયદલ તુકડીઓને જવાનો હોકમ થયો. પેહેલે ધશી ગયલાં લશ્કર સાથ—અરદેસીરના બાપ ધનજીશા પણ હતા. ઘેરો નાખ્યો કે, લશ્કરી સરદાર સાથ ધનજીશાએ જઇ ફકીરને તાબે થવા કેહેતાંજ, તેના ઝનુની સાથરદિએ—તલવારો ખેંચી ધનજીશાના ટુકડા કરી નાખ્યા કે, "બોધાંન" ઉપર બહાદુર ઇંગ્રેજી સેનાએ ધશી જે ધર્મના ઝનુનમાં આવેલા ૨૦૦ હોરા અને આરબોની લોથ જમીન ઉપર તત્કાલ નાખી, તેવામાં મદદે આવેલાં પાયદળ લશ્કરે બીજો ધશારો કીધો કે સંખ્યાબંદ ફીસાદખોરો કપાઈ મુવા અને છુપાઈ બેઠેલા 'ફકીર' ને બહાર ઘસડી કહાડી ઠાર કીધો. હવે ઇંગ્રેજ બહાદુરોનો જબરો ત્રાસ પેઠો. "માંડવી" ઇંગ્રેજોએ પાછું હાથ કીધું, અને ૨૨ મી જાનેવારીએ બંડખોર જુલમગારો ઉપર છેલ્લો મજબુત ફટકો પડી, તેમનો પુરેપુરો ધાણ નીકળી ગયો. એમ—પ્રખ્યાત ધનજીશાના થયલાં હીચકારાં ખુનનો બદલો બહાદુર ઇંગ્રેજ સીપાહ બચ્ચાઓએ લીધો, અને ઇંગ્રેજ સરકારે, તેમની વિધવાને જન્મ સુધી રૂ. ૩૦૦૦ નું "વરસાણુ" બાંધી આપ્યું હતું. શેઠ ધનજીશા, બે પુત્રોમાં વડા ફીરોજશા અને નાધલા અરદેસીરને ૧૩ વરસના મેલી બેહેસ્તનશીન હતા.

**ખાન બહાદુર અરદેસીર કોતવાલ**, ઈ. સ. ૧૭૯૭ માં સુરતમાં જન્મ્યા, તેઓ ઇંગ્રેજી, હીંદુસ્થાની અને ગુજરાતી જાણતા હતા. અરદેસીર અને તેમના ભાઈ ફીરોજશાહ બાલ વયથીજ ચપલ હતા. તેમની ઉપર સરકારની મેહેરબાની હતી. ફીરોજશાહ નેટીવ-એજંટ, રેવીન્યુ-કલેકટર અને 'ધરમપોર' તેમજ, 'વાંસડા' રાજ્યોના પુરઅખત્યાર અધિકારીના મોહોટા હોદ્દા ભોગવી ગયા. તેમની—રાજ્યકીય કળા અને સમજ ઘણી ચપલ હતી, જેથી ઇંગ્રેજ અંમલદારો વતીક તેમની સલ્લાહ લેતા હતા. સરકારે તેમને જાવેદાન

સુધી રૂ. ૧૨,૦૦૦ ની વાર્ષીક 'જાગીર' ઈનામમાં બક્ષી હતી, તો, 'માંડવી'ના રાજાએ રૂ. ૧,૨૦૦ ની વાર્ષીક ઉપજની 'કમલાપુર'ની જાગીર બક્ષી હતી. તેઓ ૧૮૪૬ માં નીર-વંશ ગુજરવે, ઈંગ્રેજ સરકારે બક્ષેલી જાગીર પાછી લેઈ તેમની વિધવાને રૂ. ૧૫૦ નું માસીક લવાજમ આપતું કીધું હતું. પણ, 'માંડવી'ના રાજા તરફથી થયલી વંશપરંમપરા બક્ષેસ કાયમ રહી હતી. અરદેસીરે પોતાના એ ભાઈના હાથ હેઠળ તરબીએત લીધી હતી. તેઓ પેહલ્લે સુરતની અદાલતમાં કલાર્ક રહ્યા, ત્યાંના સદાવાળાઓને જાતી હીમત, કળા, અને બાહોશીના દાખલા બતાવી, પેહલ્લે ત્યાંનાં 'પરાંઓ'ની હદના અને પછે શેહેરના, એઓ એકલા **કોતવાલ** બન્યા કે જે, અસલ બે જુદા હોદ્દા હતા. ભાઈના મરણ બાદ ખીલી નીકલી અરદેસીરે વધુ સત્તા મેળવી, 'કોતવાલ', 'મેજીસ્ટ્રેટ', તેમજ દીવાની અદાલતના 'ન્યાયધીશ'ના સામટા હોદ્દા ચલાવવા લાગવે, આખ્ખાં સુરતના ઈનસાફ અને પોલીસ ખાતાંના એઓ—એકલા વડા બન્યા હતા. પણ, અરદેસીર બહાદુરે જે પ્રખ્યાતી ભરી અમર કીર્ત્તી મેળવી હતી, તે પંકાયલા **ભીલ લુટારા**, અને ભયંકર **કોલી પીંડારાઓને** પકડી તેમને જડમુળથી ઉખેડી નાખવાની—જીવશતોશતની મરદાનગી ભરી સેવા બજાવવાની હતી, કે જે, સુછ ઉપર તાવ દેનારા ઈંગ્રેજ અમલદારોથી બન્યું ન હોતું. અરદેસીરે રાજ્યદ્દુવારી ખટપટ, ભુલથાપી કળા, સમો જોઈ કામ કરવા, અને જેવા સાથ તેવા બનવા વાશે, અચ્છી તાલીમ લેઈ પક્કા પાવરડા થવા ઉપરાંત, તેમને—સમયસૂચકતાની કુદરતી બક્ષેસ, બાંધે મજબુત, હીમ્મતે બહાદુર, અને કસાયલા લડવૈયા હતા; એથી એ કામમાં એઓ પુરા ફાવી, ખુબ ખીળી નીકળ્યા હતા. એ વખતે **નરબદાથી મહીકાંઠા** અને **નવસારીથી અમદાવાદ** સુધીનો મુલક લડવૈયા ભીલ સરદારોની ટોળીઓથી ઉભાઈ લુટાતો હતો, જેઓ ધોળે દીવસે બેધડક કીલ્લેબંધ શેહેરમાં પેશી તવંગરોને લુટતા, તો, દરીઆમાં તેઓએ **ખંબાતથી દમણ** સુધીના કોસ્ટા ઉપર જબરો ત્રાસ બેસાડયો હતો. એ વખતનું—સુરત સુન્નાથી ભરપુર અને દોલતથી ઉભાઈ જતું હતું, જ્યાંના અથંગ વેપારીઓ અને નાણાવટીઓ પોતાનાં જાન માલના રક્ષણ ખાતર, લુટારા સરદારો સાથ, બીક ખાતર મીત્રાઈ રાખી દરસાલ "પાલ" એટલે 'રક્ષણ-દામ' ની ચોક્કસ રકમ આપતા હતા. ત્યાંના દરીઆઈ-લુટારૂઓને ઇંગ્રેજી **એડમીરલ વાટસને** ઘણાં વર્ષો મેહેનત લેઈ, હવે ઉખેડી નાખ્યા હતા. પણ સુરત શેહેરમાં નીત્ય પડતા દરોડાઓની જડ ઉખેડી નાખવા લીધેલા પુશ્કળ ઉપાયો ફોકટ ગયા હતા. શેહેરના બંધ કીધેલા—મજબુત દરવાજા રાતની વખતે ધારપાડુઓ બળ અથવા કળથી ઉઘાડી આ તો કોટ કુદાવી શેહેરમાં પેશતા, તો, કોઈવાર દીવસના છુપા લેબાશમાં શેહેરમાં છુપાઈ રેહી, મધરાતે શૈંકડોની સંખ્યામાં નાગી તલવારો સાથ બહાર પડી જબરી લુટ મચાવતા હતા. ખુદ કલેકટરને ત્યાં ૨-૩ વાર ધાડ પડી હતી. હવે અરદેસીરે તે વીશે મજબુત હાથથી ચાપતા ઉપાયો લીધા, બહાદુર તાલીમબાજ પકા પારશીઓ વગેરેની રાતની 'ગીસ્ટ' કરવા ટુકડીઓ ઉભી કીધી, ખેલારી શીપાઈઓની હથીઆરવાળી મજબુત પોલીસ બનાવી, તેઓને મદદ માટે ફુકવા 'રણશીંગડાં' આપ્યાં કે, જેનો અવાજ થતાંજ સંખ્યાબંધ હથીઆરવાળા શીપાઈઓનો જરામાં જમાવ થવે, લોકોનો બચાવ થતો હતો. વળી કેટલાક મેલવી લીધેલા ચોરોને,—ગીરોથી મોહોટા પગારો આપી, જાસુશો બનાવી, લુટારૂઓનાં શેહેરમાંહેલાં છુપાં ખાંચરાં અને ધાડપાડવાનો વખત જાણી લેઈ, અરદેસીર તેમની ઉપર જઈ પડતા હતા. એમ, જાતી-બહાદુરી, ચપળ મનશક્તી, ચંચલાઈ ભરી ચુકતી, અને અશરકારક ઉપાયોથી, અરદેસીર લુટારૂઓને જડમુળથી ઉખડી કાહાડી, રૈયતની ફીકર ટાળી હતી. ભયંકર લુટારૂઓ હવે અરદેસીરના ધાકથી ધ્રુજી રહ્યા હતા. એ કાંઈ થોડી મેહેનત, પીડા, અને વખતમાં બન્યું ન હોતું. એ કાંમ, બહાદુર અરદેસીરે ઘણીવાર મરતાં જરાકમાં બચી, જબરા જખ્મો ખાઈ, જીવ ઉપર આવેલા **ભીલ** લુટારૂઓના ઝણુની હુમલા હટાવી, બજાવ્યું હતું. હવેથી સુરતમાં બીજા ગામોના લોકો આવી વસવે, જબરી વસ્તી વધી, તેમાં **મોહોટો ભાગ નવસારી** તરફનો હતો. પીંડારા **ભીલ** સરદારોએ ભુકે મરવે હવે અરદેસીરનો—જીવ લેવા ટાંપ્યા હતા, તેઓ માંહેલા એક ઘણાજ

બહાદુરે, મજબુત રાખેલા ચોકી પેહેરા વટાવી, રાતના અરદેસીરનાં ઘરમાં પેશી, તેમના બીછાંનાં તુલીક
જવા પામ્યો હતો, ત્યારે અરદેસીર અગાઉ લાગેલા જખ્મોથી પીડાતા હતા, તેઓ છટકી ગયા, તે ભીલ અને
તેના સાથીઓ સામે નાગી તલવારો સાથ પારશી પથ્થાઓ હાથોહાથ ભીડી પડ્યા, જપાજપી ચાલી કે,
અરદેસીરે માફીની કબુલાત આપવે, તે બહાદુર ભીલે તાબે થૈ તલવાર છોડી કે, તેને સાથીઓ સાથ
પકડી લૈ બેડીઓ ઠોકી બેસાડી. એવા બેવિશ્વાસ ખાતર અરદેસીર કહેતા હતા કે "લુટારાઓને ઠગાઈથીજ
બદલો મળવો જોઈએ." પીંડારા ભીલોના સંબંધમાં એમ એઓએ ઘણીવાર કીધું હતું. વાટપાડાઓના
અનચીતા હુમલાઓમાંથી ઘણીકવાર સમયસૂચકતા વાપરી એઓ—બચી ગયા હતા, તેનો એકજ દાખલો
આપ્યેઃ— દર સાંજની રોન એઓ ફક્ત ૫-૭ સીપાઈઓ સાથે પાલખીમાં બેશી ફરતા, તેમાંથી પોતે કોઈને
ન દેખાતાં સઘળાઓને જોતા હતા. ત્યારે એક ભીલ સરદારને મજબુત ટોળી સાથ પોતાનો રસ્તો ઘેરી
ઉભેલો દુરથી જોઈ, પાલખીમાંથી ઉતરી, એક સીપાઈનો દગલો ઝટ પેહેરી લૈ, પાલખી સાથ દોડતા
ચાલ્યા. પાલખી ખાલી જોઈ ભીલે શેઠ વીશે સવાલ કરતાં, તેને હશતાં મોહથી ઉડાવી, સલામત નીકળી
જઈ, તુરત હથીઆરબંધ માણસોસાથ પાછા ફરી, તેને પકડી લીધો હતો. અરદેસીર બહાદુરના—ત્રાસથી
ભીલો કેવા ધ્રુજતા હતા, તેનો પણ એકજ દાખલો આપ્યે:—ભરૂચથી સુરત આવતા થોડાક વેપારીઓને
એક ભીલ લુટારૂ ટોળીએ લુટીને વળી ભરૂચની એક જાણીતી પેહેડી ઉપર રૂ. ૫૦૦ ની ચીઠી લખાવી
લેતા હતા, તેવામાં દુર ધુલાડ઼ થયું, ટપાલના બે તદ્દ સ્વારો દેખાયા, તેમનું ભુગલું વાગ્યું કે, ભીલો ચંમકી
બોલ્યા, 'અરદેસીર બહાદુર છડી સ્વારીએ દોડતા આવેછે', અને તેઓ સઘણુ પડતું મેલી નાઠા.
અરદેસીરનાં—અગણીત બહાદુરીનાં કામોનો પણ એકજ દાખલો આપ્યે:-દેશી લશ્કરનું મથક અસલ સુરતમાં
હતું, જ્યાં દર વર્ષે તાબુતો નાખતી વખતે, લશ્કરી સીપાઈઓ નીરલજ્જ મજાખ મસ્તીથી, ઓરતો, મરદોને
સતાવતા રેહેવે, અરદેસીર ચીડાઈ રહ્યા હતા. એવા એક વખતે જ્યાં કોતવાલ ઉભેલા હતા, ત્યાંથી
તલવારોથી પટા ખેલી પસાર થતા સીપાઈઓ લોકોની પાઘડીઓ ફૂંકી દેતા, તેમાં તેમનાં ચીબાવલા ઇંગ્રેજ
ઓફીસરો રમુજ લૈ, ઉશકેરતા હતા. અરદેસીરે, તેમને રીતસર ચાલવા ફરમાવવે, અશર થયલી ન જોવે,
પોતે ફક્ત ૧૨ ચુનંદા સીપાઈઓ સાથ ખેંચેલી તલવારોથી તેઓ ઉપર જોશથી ધસ્યા કે, થતી મસ્તી અટકી.
જે ચીબાવલા ઓફીસરોનાં ઉત્તેજનથી પાછી ચાલી કે, જીવના આધા અરદેસીરે બેઉ હાથમાં તલવારો સાથ
તે ટોળી વચ્ચે ઝોકાવી તેને તુરત વીખેરી નાખી, પોલીસનું રણશીંગડું ફુક્યું, કે ખેચેલી તલવારો સાથ ખુની
નેનથી સંખ્યાબંધ સીપાઈઓ પોતાના વડાની ઈશારત થવાની વાર જોતા ઉભા. એ ખબર લશ્કરના વડાને
પોહોચતાં, તેણે દોડી આવી, પોતાના શીપાઈઓને લાઈનમાં લઈજવે, સઘણું સમાધાન થયું. એવું ફરી ન
બનવા અરદેસીરે સરકારમાં લખી, મજબુત બંદોબસ્ત કરાવ્યો હતો. એમ, અરદેસીર બહાદુરે આખ્ખી
તોફાની રીજમીટને તુરત દાબી નાખી—પોતાનું પાણી બતાવ્યું હતું. હવે એમની—આપખુત્યારીનો એક
દાખલો જણાવ્યે:–સુરતનો છેલ્લો નવાબ મીજાજે આકરો અને અરદેસીર તેમજ તેમના ભાઈનો મીત્ર હતો.
તેણે એકવાર ચીરડાઈ પોતાના દીવાનનું ઘર ઉરાડી નાખવા ઠરાવ કીધો. દીવાને નાહાશી અરદેસીરના
ભાઈ ફીરોજશાના ઘરમાં ભરાઈ આશરો માગ્યો. તેની પાછલ નવાબે ૧૦ સ્વારો સાથ આવી, પોતાના શીકારને
સ્વાધીન કરવા તલબ કીધી તેને નરમ પાડવા ઘણોબી સમજાવ્યો પણ ફોકટ, જેથી અરદેસીરને તુરત બોલાવ્યા.
તેવણે આવી, ખેચેલી તલવારથી નવાબને સલામ કરી, નરમ પડવા સમજાવવે, તે વધું જોશમાં આવ્યો કે,
અરદેસીરે મીજાજ ખોઈ તેને કહ્યું, "નવાબ સાહેબ તમોને હું મુરબ્બી તરીકે માન આપુછું, પણ હાલ મુગા
ચાલ્યા જાવો, નહીં તો મારી ફરજ બજાવતાં તમોને મુશકા બાંધી લઈ જઈશ," એમ બોલી, ખેચેલી તલવાર
સાથ તેના સ્વારો ઉપર ધસ્યા કે, તેઓ દુર હટી ઉભા, અને નવાબ પછે ઘર ગયો. અરદેસીરની—પુષ્કળ
બહાદુરી અને કીર્તીભર્યાં કામોની વખાણ છેક ઈંગ્લાંડની "પારલમેન્ટ" સુધી પોહોંચી, વખણાઈ, ગવાઈ

હતી. એ કીરતી, પોતાનો જીવ ઘણીકવાર જોખમમાં નાખી, લુટારૂઓમાંથીજ સેંકડો જાસુસો અને સંખ્યાબંધ પથ્થાઓને—ગીરોથી મોહોટા પગારો આપી રાખી, મેળવી હતી. ઈંગ્રેજ સરકારની એમ અતી કીમતી સેવા કરવા ઉપરાંત "સચીન" તેમજ 'સુરત' ના નવાબોના વારેશો સાથ પડેલા જબરા રાજ્યદ્દુવારી ગુચવાડાનો નીવેડો સફાઈથી લાવી વધુ સેવા બજાવી હતી. ખરૂં કહીએ તો, સુરતનો પુર રાજ્ય-અમલ અરદેસીર પોતેજ રોબથી ચલાવતા હતા. ત્યાં જતા, દરેક—ગવરનર અને સેનાધીપતી એમની માન અને ચાહાથી મોલાકાત લેઈ, એમને "**પોતાના વખતના એક પરાક્રમી પુરૂષ**" કરી કેહેતા હતા. મુંબઈ સરકારે ૧૮૨૫ માં જાહેર દરબાર ભરી એમને 'શરપાવ' સાથ બીજાં ઈનામો બક્ષ્યાં હતાં. ૧૮૨૯ માં ગવરનર સર જોન માલકમે પોતે એમને ખાસ માન આપવા શુરત જઈ, દરબાર ભરી, "**ખાન બાહદુર**" નો ખેતાબ, ખીલાત, અને રૂ. ૩.૦૦૦ ની વાર્ષીક 'જાગીરી' નું વંશપરંમપરા ઈનામ બક્ષ્યું હતું. ત્યારે અરદેસીરનાં માનને ખાતર, સેનાધીપતી જેનરલ એમસને એક પાયદલ ટુકડીને વાજુ વગાડતી તેમને ઘર પોહોંચાડી આપવા સાથ મોકલી હતી. ૧૮૩૦ ની જાનેવારીએ મહારાણીએ એમને સોનાના એક 'ચાંદ' ની ભેટ મોહોટી દરબાર ભરાવી કીધી હતી. એ સઘળી બક્ષેસોની વખતે સરકાર તરફથી અરદેસીરની—ભારી તારીફ થઈ હતી. ૧૮૨૮ માં સુરત આવેલા દીલ્લીના શાહાજાદાએ સરકારની પરવાનગીથી અરદેસીરને હીમતી કામો ખાતર એક શુપેહશાલારનો 'શરપેચ' અને 'તલવાર'ની ભેટ કીધી હતી. અરદેસીરની ચઢતી અને રોબ એમ વધતો જતો જોઈ, તેથી ઘણાંક બળી મરનારાઓમાં ઈંગ્રેજો પણ હતા. તેથી જ્યારે ત્યાં આકલા મીજાજનો મી. આર. ડી. લુવરડ જડજ નેમાઈ આવ્યો તેને, તેઓએ ચઢાવી આપવે, હોદ્દો લેતાંજ તેણે અરદેસીર સાથ તોછડાઈ વાપરવે, તેઓ વચ્ચે બગડી ઘણું સુધી તેમ ચાલ્યું કે, પછી સુરતના એક લક્ષપતી વાણીઆના વારેશો વચ્ચે વાંધો પડવે, અરદેસીરે, વચ્ચે પડી, વાજબીપણે તેણી વીધવાના લાભમાં સમજુતી કરાવી, તેથી શામી બોરડુએ ફરીઆદ ઉઠાવી, જે ઉપરથી તક જોતાં રહેલા મી. લુવરડે, અરદેસીરને તુરત વેળા હોદ્દા ઉપરથી ખસેડી, રીપોર્ટ કીધો, મુંબઈ સરકારે તપાસ કરવા 'કમીશન' નેમ્યું, તેને, અરદેસીરને શદંતર નીરદોષ ઠેડવવે, તેઓ હોદ્દા ઉપર પાછા કાયમ થયા, અને લુવરડને ત્યાંથી એકદમ ખસેડી, 'ઠાને' મોકલ્યો. જે પછે ટુક મુદતે ૧૮૪૯ માં અરદેસીરે રાજીનામું આપી 'પેનશન' લેઈ હોદ્દો છોડયો. વખણાયલા શીહાજીરાવ અને તેમની પછેના ગણપતરાવ ગાયકવાડોએ અરદેસીર બાહાદુરને—બરોડા રાજ્યની પુર અખત્યાર દીવાનગીરી રૂ. ૫૦૦૦ ને દરમાયે આપવા ઘણીકવાર કીધેલી માગણી, એઓએ નાપાડી હતી, સબબ ઈંગ્રેજ સરકારના અમલદાર બનવા એઓને વધુ પસંદ પડવે, ફકત રૂ. ૧,૦૦૦ ને દરમાયે ૪ હોદ્દા તે, "૨ કોતવાલી"ના, "૧ સદર અમીન" અને "૧ નેટીવએજંટનો" ચલાવતા હતા. અમીરી બુનીયાદના અરદેસીર—પાદશાહી દોલ દમામથી રહેતા હતા. એમનું રેહેઠાણ સુરતના 'રામપરા'માં એક મેહેલ-જેવા મજબુત કીલ્લા-રોકાં દેખાવનું હતું, એમને આવક કરતાં ખરચ વધુ થતો હતો. વળી તેવણે પોતાના ખરચે મોહોટું 'જાશુસખાતું' અને 'ગીસ્તીબાંન લશ્કર' ઉભું કરી રાખ્યું હતું, અને મોલાકાતે આવનાર રાજ્યદ્દુવારી અને દરજ્જાવાલા લોકોને નામ પ્રમાણે કીમતી પેહેરામણીઓ કરતા હતા, પણ પોતે સરકારી હોદ્દેદાર હોવે તેમનું લેઈ શકયા નહોતા. વળી એમની શખાવત છેક દીલ્લીસુધી પંકાઈ ત્યાંવેરથી 'ફકીરો' અને મુફલેશો અરદેસીર બહાદુરનું નામ પુછતા અને પોકારતા આવી, સવાલ કરી સંતોષાઈ જતા, તેઓ કોઈ વખતે એકકી રકમે રૂ. ૧૦૦૦ ની થેલી લૈ ગયેલા બોલાયછે. વળી લોક ઉપયોગી જાહેરકામો તે, નવા રસ્તા, કુવા, તલાવો, વગેરે બાંધવા સરકારને સુચવી, તેનું કનટ્રાકટ પોતે હલકી કીમતે લેઈ,—ગાંઠના પૈસા ઉમેરી રૈયતને શુખ કરી આપતા હતા. એથી પરોપકારી, પરદુઃખભંજન, પણ ટુક આવકવાલા અરદેસીરને માથે મોહોટાં બ્યાજનો કરજનો બોજો વધતો ગયો, કે જે, એમના પાછલા વખતની પડતીનું મૂળ થઇ પડયું હતું. માનવી ચડતા નશીબનું સુખ હંમેશા ભોગવતું નથી તેમ હવે, અરદેસીરનું બન્યું. એમના પ્રતાપે વધેલા થોડાક

બે-મુરવત માગનારાઓ, જેઓ કંગાળ્યતપણાંમાંથી એમની જુતી ઉઠાવી આબાદી ઉપર આવેલા, તેઓએજ એ એમની ઉપર રૂઠી, મીલકતો ઉપર ટાંચ, અને પકડી કેદ નાખવા વારંટો કહાડયાં!! જેથી અરદેસીર 'દુમશ' જઇ છુપાઈ બેઠા હતા. જે હીમતી પુરૂષે, મહાભારત બહાદુરીના કામોમાં જીંદગી ગુજારેલી, જીવ લેનારી તલવારોના ઝટકા હટાવી કહાડેલા, ભયંકર લુટારૂ સરદારોને ગરડાપેચ કરીનાખેલા, તેવા બહાદુર, તેવી મોહોટી સત્તા અને જાઓઝલાલી ભોગવેલા અરદેસીરને પોતા ઉપર—થોડાક કંગાળ, ચશંમચોર, નીમકહરાંમ બેમુરવતોને જાસ્તી કરતાં જોઈ, ઓરતની માફક નાહાશી ભરાતાં ફરતાં, તેનાં કલેજામાં કેવા કારી જખમો લાગ્યા હશે! અફશોશ! નશીબનાં ઉલટાં ચકકરે એમજ મહાપરાક્રમી ૧ લા નેપોલીયન બોના-પાર્ટને તેના પાછલા વખતમાં કચડીનાખ્યો હતો. 'દુમશ'માં ૬ મહીના છુપાઈ રેહેવે, મન અને તનનાં બીગાડાથી અંતે બીમાર પડવે, અરદેસીરને સુરતમાં લાવ્યા, તે વખતે એમનો એક યુરોપીયન આગલો હરીફ તે સુરતનો જડજ મી° હેબરટે આપ ખુશીથી મદદ આપી, દેવાંની પતાવત કરવા મેહેનત લેઈ, વારંટ અને ટાંચો કંઈ મહીનાઓ સુધી ઢીલમાં નાખી, ખરે માન છે હેવા દયાળુ હરીફને! પણ તેટલે ૧૮૫૬ માં રૂ. ૯,૦૦,૦૦૦ નું કરજ મેલી અરદેસીર બહાદુર એકાએક ગુજર્યા, જેથી શેવટનો થતો ફડચો અટકી પડયો હતો. માગનારાઓએ હવે એમની 'જાગીરો' વેચાવી, તે વીશે એમની વીધવાએ, વંશપરંપરા બક્ષાયલી જાગીરો વેચાય નહીં પણ પોતાને મળવી જોઈએ, એવી મુંબઈ સરકારને અરજો કરવે, સર બાર્ટલ ફ્રીયરની શેયાની સરકારે એમના ૪ જાગીરી ગામો વેચાવવા વીશેનો માગનારાઓનો હક રદ કરી, તેમનું દેવું બાઈએ પતાવી, ગામો પોતાને સ્વાધીન લેવા ઠેડવ્યું હતું. જેથી એમના ૪ ગામોની રૂ. ૭,૦૦૦ ની વાર્ષીક ઉપજ ઉપર હાલ જપતી રખાઈ કરજની વસુલાત થાયછે, જેની બાકી હજુણ રૂ° ૪ લાખ સુધીની છે. અરદેસીરની માલેકીના એ ૪ 'ઈનામી' ગામો ચોરાશીના તાલુકામાં આવેલાં, 'ભેશતાન,' 'શોનારી,' તો, જલાલપોર તાલુકામાં આવેલાં 'ખુંબાડા, અને 'બોરીઆજ'નો વહીવટ, એમનાં ધણીઆણી અને એકલા પુત્ર ગુજરી જવે, હાલ એમની વીધવા વહુ અને વારેશ દોશીબાઈ તરફથી તેમના ભાઈ સોરાબજી વાહાડીઆ કરેછે.—વળી અરદેસીરને તેમના નીર-વંશ ગયલા ભાઈ ફીરોજશાજીના ૬ ગામો 'ગેજ,' 'કુડવેલ,' 'રજવાડા,' 'ભાણોદરા,' 'દીલાવડા,' અને 'ઉંમખેર' મળ્યાં હતાં, તેપણ એઓએ ગીરવી મેલી, ઉપર પ્રમાણે નામ કાહાડવા રાખેલા મોહોટા ખરચનો ખાડો પુર્યો હતો. અરદેસીર બહાદુરનું નામ આખ્ખા મુંબઈ ઈલાકામાં—યાદગાર છે અને રેહેશે.

અરદેસીર બહાદુર, ઉંચા કદ, રોબદાર ચેહેરા, કદાવર બદંન, અને ભભુક મારતાં નેન અને દેખાવના પુરૂષ હતા. તેમનું કપાલ શોભીતું અને મોહોટું, આંખો ઝીણી, ચંચળ, અને આતશી નાક ઉઠાવવાલું, હુઠડી ડોલદાર, નીચલો હોઠ અંદર દબાયલો નાહાનો, ચામડી ઘણીજ ગોરી, મોહોડાં ઉપર શીતલાના ઝીણા દાગ, અને કાનમાં કડી પેહેડી, ભાષા હીંદુસ્થાની બોલતા હતા. તેઓ સ્વભાવે મીલનસાર, પણ હોધ્ધો બજાવવે કઠણ, ઈમાનદારીએ ચોખ્ખા, આપઅખત્યાર અને કોઈનીબી પરવા નહી કરવા પંકાયલા હતા. જો એઓ પોતાની જબરી સત્તાના અમલમાં ઈમાનદારી ફેરવતે તો એક જબરી થાપણવાલા લખ્ખોપતી થઈ પડત.

અરદેસીર બહાદુર, બાઇ આવાંબાઇ સાથ પરણ્યા હતા. તેમનાં ૧૩ બાળકોમાંથી—એકલો જાહાંગીરશા બાપના મરણ વખતે હૈયાત હતો, તેપણ ચાલાકી ખાતર સારૂ મત બેસાડી ૧૩ વર્ષની ખીલતી વયે ૧૮૫૯ માં નીર-વંશ ગુજર્યો, કે તેની પાછળ તેના ગંમમાં પડેલી દુખ્યારી મા પણ ચાલી ગયાં, કે જેવણને સરકાર તરફથી રૂ. ૧૫૦ નું "પેનશન" મળતું. એમ અરદેસીર બહાદુરના—વંશની યાદ તદન ભુંસાઈ ગઇછે, પણ તેનું નાંમ જાવેદાન—અમર રહી જશે.



શેઠ દીનસાહજી માંણેકજી પીટીટ, જે. પી.

DINSHAWJI MANECKJI PETIT, ESQ., J.P.

Vincent Brooks Day & Son Lith. Lond

# Dinshaji Manekji Petit, Esq., J. P.

MR. DINSHAJI, the eldest of the two sons of the late Sett Mánekji Nasarwánji Petit, was born in Bombay on 30th June 1823. He knows English and Gujarati. His only brother, Mr. Nasarwánji, is a well-known citizen, merchant, and a "Justice of the Peace" of Bombay. In 1840 with the view to acquire a knowledge of details of mercantile business Mr. Dinshaji served an European trading firm, and finally became its manager. Since then he conjointly with his brother commenced business under the name of 'Messrs. Manekji Nasarwánji and Sons,' as guarantee-brokers to three well-known English trading firms. Sett Manekji died in 1859, and the partnership of the two brothers was dissolved in 1864. Mr. Dinshaji invested all his inheritance as well as his acquired fortune in extensive trade about the time of the breaking out of the American Civil War, and made an immense profit on his ventures. Mr. Dinshaji may be said to be—the most opulent and influential merchant and capitalist in Bombay, engaged in works of public interest. He is a Director of the 'New Bank of Bombay,' and had sat on the board of the Old Bank also. He is a *perpetual* trustee of several public trust funds, among which may be named the 'Byramji Jejeebhai Trust Fund,' 'the Merwánji Pánday Charitable Fund,' 'the Fund for maintaining the poor Pársi Iranees of Bombay,' 'the Fund for ameliorating the condition of the poor Pársis in Persia,' and of the several great 'charitable Funds of the Bombay Pársi Pancháyet.' He is the Chairman and Managing Agent of the 'Manekji Petit's Manufacturing Company,' and a Director of the 'Oriental Spinning Mills.' He is a —devoted well-wisher of the Pársi community, and is consulted on all questions affecting it. He is a Delegate of the 'Pársi Chief Matrimonial Court,' Bombay, a Government nominee in the 'Bombay Municipal-Corporation' from 1883, and the President of the 'Mill Owner's Association.' His long connection has made him thoroughly acquainted with every detail of mill-industry, and on every question affecting the same, he is held to be a qualified judge. He is the Managing-Agent of 6 large cotton manufactories, viz., the 'Manekji Petit,' 'Victoria,' 'Mazagon,' 'Dinsha Petit,' 'Framji Petit,' and 'Gordon Mills,' all of which declare handsome dividends annually under his supervision and management. He has opened a factory at Máhim for dyeing cotton threads, which has also proved a success. Mr. Dinshaji's—charities have been numerous, and he has always been *foremost* in the benevolent support of education and other important public purposes. Besides extending his charities to the opening of numerous schools for boys and girls, and to libraries and the boarding-schools, he gave a princely sum of Rs. 1,55,000 for building a Leper Hospital in Ratnágiry, a sum of Rs. 51,600 for building 7 charitable dispensaries in Gujárát, Rs. 11,000 for building a Pársi Fire Temple, Rs. 45,000 for building in Bombay a

hospital for the treatment of animals, called after his wife's name as "the Bai Sakerbai Hospital for Animals," Rs. 43,000 for supplying fresh water to the inhabitants of Pooná and Ahmadábád, and Rs. 17,250 for building the 'Brokers' Hall' in Bombay. He is foremost in all works of charity and public good. His—private charities to many a ruined family, and the needy poor is certainly *great*, the amount of which is unknown. His public charities may be enumerated as follows:—

| | | |
|---|---|---|
| For releasing petty insolvents, marrying the daughters of the poor, and for burying indigent dead ........................................ | Rs. | 3,16,366 |
| Subscribed to the funds of the poor Pársis in Bombay, and to the 'Pársi Puncháyet charitable funds' ........................................ | " | 1,65,868 |
| For supplying water to the people of Pooná, and Ahmadábád by pipes, and for building wells and tanks........................................ | " | 50,332 |
| For building five charitable dispensaries, and donations in medical aid ... | " | 70,326 |
| For building hospital for cattle in memory and under the name of his wife, "Bái Sakerbái Dinshaji Petit Animal Hospital"........................ | " | 48,775 |
| Towards relief from fire, flood, famine, tempest, and to the funds for the pinfolds ........................................ | " | 48,412 |
| Contributions for the boys' and girls' schools and gymnasia ............... | " | 50,590 |
| To funds for building public places of worship or prayers and Towers of Silence........................................ | " | 54,451 |
| Subscribed to the orphanage, pension, and numerous other charitable funds........................................ | " | 27,116 |
| To memorials, exhibition, and other public funds ........................... | " | 43,486 |
| For building 'Leper Hospital' ........................................ | " | 15,500 |
| Donations to funds for public libraries, book-clubs, inns, &c................... | " | 18,580 |
| Grand Total......Rs. | | 9,09,802 |

The bulk and varieties of Mr. Dinshaji's noble and liberal charities is the best proof of his generous heart. Sett Dinshaji is one of the few worthies and leaders of the Bombay Pársi community. His princely charity, generous and amiable disposition and other qualifications have made him the most popular citizen of Bombay. His—popularity is so marked that he does not stand in need of civic honours at the hands of the Government, which should have been conferred upon him long ago. He has an enormous income as Commission-Agent and Manager of several Spinning and Weaving Mills. He owns extensive estates, chiefly in Bombay. Mr. Dinshaji is well known as a profound merchant, a capitalist and a most popular citizen of Bombay. He is a painstaking and useful gentleman of engaging manners and of a generous heart.

Mr. Dinshaji has 6 daughters and 2 sons alive, out of 13 children. The eldest son, Mr. Framji, is 35 years old, and has travelled over England and other parts of Europe and published a Gujáráti book of his travels, in Bombay. The second son, Mr. Bomanji, is aged 26 years. Both brothers have been made thoroughly conversant with their father's extensive business in the Mill Industry and are Commission-Agents and Managers of some Mills.

# શેઠ દીનશાજી માણેકજી પીટીટ, જે. પી.

"પીટીટ" ખાનદાનને, પ્રખ્યાતી આપી ખીલવી આબાદી ઉપર લાવનાર શેઠ માણેકજી પીટીટના ૨ પુત્રો માંહેલા વડા શેઠ દીનશાજી પીટીટ, જાણીતાં "મુગા" ખાનદાંનથી ઉતરેલાં બાઈ હામાબાઈ ને પેટે ૧૮૨૩ ની ૩૦ મી જુને મુંબઈમાં જાનમ્યા, તેઓ, ગુજરાતી, ઈંગ્રેજી જાણેછે. તેમના નાધલા ભાઇ શેઠ નસરવાનજી પીટીટ મુંબઈના માનવંત વેપારી, શેહેરી, અને 'સુલ્લેહના અમલદાર' છે. શેઠ દીનશાજી ૧૮૪૦ માં એક ઈંગ્રેજી પેહેડી કે, જેના એમના પીતા વડા-કારભારી હતા, ત્યાં અનુભવ મેળવવા પેહલ્લે નાધલે પગારે રેહી, રફતે રફતે રૂ. ૧૦૦ ના પગાર ઉપર આવ્યા પછે, તે પેહેડી મારફતે પોતાને હીસાબે થોડો વેપાર ચલાવવા લાગ્યા બાદ, પેહેડીના ભાગીદારોમાં ફેરફાર થવે તેનું નામ અને કામ બદલાવ્યું, ત્યારે તેના એઓ વડા-મેનેજર નેમાયા; કે જ્યારથી—એમના બાવા ધંધાથી એકાંતવાસ થવે, તેમને હસ્તકની ૩ ઈંગ્રેજી પેહેડીઓના શેઠ દીનશાજીએ પોતાના ભાઈ સાથ ભાગમાં દલાલ બની, "માણેકજી નસરવાનજી પીટીટ અને છોકરાઓની કું૦" નામે કામ ચલાવી, તે માંહેલી ૨, 'રેણી' અને 'શીલર'ની પેહેડીઓનું કામ પોતે કરવા લાગ્યા, તો ત્રીજી 'દાયરમ' વાલીનું કામ એમના ભાઈએ ચલાવ્યું. ૧૮૫૯ માં એમના પીતા શેઠ માણેકજી સ્વર્ગવાસી થયા છતાં, એ પંત્યાલું ચાલુજ રહ્યું, તે ૧૮૬૪ માં બેઉ ભાઈઓએ રાજીખુશીથી છુટા પડી બંધ કીધું હતું. હવેથી શેઠ દીનશાજીએ બાપીકા વારસામાં મળેલી મોહોટી દોલતનો ઉપયોગ તરેહવાર બોહોલા ધંધામાં કરી, જાતી ચંચલાઈ, મેહેનત, અને ઉલટથી ટુક મુદતમાં એક—ફતેહમંદ પ્રખ્યાત વેપારી તરીકે દીપી નીકળી, જાણીતા થઈ, મોહોટું નામ મેળવ્યું. પૂરો બાહોશ અને પકકો દુરઅંદેશી માણસ પણ સાબેત ગણત્રી છતાં ભુલથાપ ખાયછે, તેમ, એ ચંચળ ગૃહસ્થને પણ એક બે વાર આચકા લાગ્યા હતા. ૧૮૬૦—૬૪ સુધી અમેરીકામાં ગુલામોના છુટકારા ખાતર માંહોમાંહે ચાલેલી ખુનખાર લડાઈના વખતે, ત્યાંનો વેલાત જતો 'રૂ' બંધ પડવે, મુંબઈના રૂના વેપારીઓને દોલત ભેગી કરવાની જે સુનેરી તક મળી હતી, તેનો લાભ શેઠ દીનશાજીએ સાવચેતીથી સંપુર્ણ રીતે લેઈ, સારૂં નાણું મેળવ્યું હતું. ત્યારે એચાઈ આવેલી દોલતની રેલથી, મુંબઈના લોકોએ વધુ લોભના દેવાનાંમાં ફશી, 'શેર સટ્ટા' ની સત્યાનાશની ઝાળ અને 'બેકબે' વત્રોગે ખાડા પુરવાના અને બીજી પરપોતા કુંમપનીઓ ની પોકળ ગણત્રીમાં ડુબી, પાયમાલ બન્યા; તેમાં એઓ ફસ્યા નહીં હતા, તો પણ, તેની—ખરાબીએ ૧૮૬૫ માં જે પુષ્કળ લોકોને જડમુળથી ઉખેડી નાખી, મોહોટી પેહેડીઓ, નામીચા નરો અને ખાનદાંનોને ડુબાડી પાયમાલ કીધાં, તેઓને, અઓએ ધીરેલાં નાંણાની બોલાતી રૂ. ૩૦,૦૦,૦૦૦, ની ગંજાવર રકમ એકજ ફટકે શદંતર ડુબી જવા છતાં, એઓ પોતા પાસ બચી રહેલી દોલત, જાણીતી આંટ, અને શાબેત ઈમાનદારી ખાતર ખુબ ટટાર ઉભા રેહી, એક ફત્તેહમંદ નાંણાવટી તરીકે નામ દીપાવ્યું હતું. શેઠ દીનશાજી પોતાની ઘણીક નાધલી મોહોટી સખાવતો ખાતર, અને પરોપકારી જાહેર કામોમાં ભાગ લેતા આવવે, મુંબઈ સરકાર અને પ્રજામાં એક સરખા જાણીતા અને માનીતા થયાછે. ત્યાંની સરકારે ૧૮૬૧ માં એમને "સુલ્લેહના અમલદાર" નેમ્યા. મુંબઈની ઘણીક બેંકો, સ્પીનીંગો, વીમા પેહેડીઓ, વગેરે વેહેવારી ખાતાંઓ સાથ એઓ જોડાયલાજ રહેછે. એઓ એકલાનેજ 'જુની મુંબઈ બેંક'ની ૧૮૬૮ માં માઠી હાલત થવે તેની તપાસ કરનારાં "કમીશન"માં સરકારે, દેશી મેમ્બર તરીકે નેમ્યા

હતા. તો, ૧૮૬૯ માં 'નવી મુંબઈ બેંક' સ્થાપવામાં એમનો હાથ હતો. કે જેનાં એઓ ત્યારથી એક ડાયરેકટર છે. એઓ, દેશી પ્રજાના હક અને લાભ જાલવનારી "બોમ્બે એસોસીએશન"ના નાયબ-સરનશીન છે, 'ધી ઓનરેબલ બેરામજી જીજીભાઈ ટ્રસ્ટ ફંડ'નાં, 'મુંબઈનાં સુફલેશ ઈરાણી જરતોસ્તીઓના ફંડ'નાં, 'સર જમસેદજી જીજીભાઈ બેનેવલંટ ઈન્સ્ટીટ્યુશન ફંડ' નાં, 'ઈરાણ દેશના ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારનારાં ફંડ નાં,' 'મરહુમ શેઠ મેરવાનજી પાંડિના ધરમ ફંડ' નાં અને ૧૮૬૦ થી 'મુંબઈની પારશી પંચાયત હસ્તકના ધર્મખાતાઓ' નાં, વીગરે પુષ્કળ ધર્મખાતાંઓના એઓ "ત્રસ્ટી" છે. તો, 'ઓરીએનટલ સ્પીનીંગ કુંપની' ના મુખ્ય ડાયરેકટર, અને 'માણેકજી પીટીટ મેન્યુફેકચરીંગ કુંપની' ના સ્થાપનાર અને વળી ડાયરેકટર પણ છે. મુંબઈની સઘળી જાહેર હીલચાલો અને સભાઓમાં એમની હમેશ સામેલગીરી લેવાયછે. એઓ માજી પારશી પંચાયતના એક ચુનડી અધિકારી હતા, અને મુંબઈની 'ધી ચીફ પારશી મેત્રીમોનીયલ કોર્ટ'ના ડીલીગેટ છે, તેમજ 'બોંમ્બે ફાયર ઈનશ્યુરન્સ કુંપની'ના, અને 'સાસુન મીકેનીકલ ઈનસ્ટીટ્યુટ'ના સભાસદ, અને 'મીલ ઓનર્સ એસોસીએશન'ના પ્રમુખ છે. મુંબઈ સરકારે પોતાની તરફથી એમને ૧૮૮૩ માં ત્યાંની 'મ્યુનીસીપલ કોરપોરેશન' માં એક સભાસદ પસંદ કરી મોકલ્યા હતા. એઓ અભ્યાસથી નહીં પણ પક્કા અનુભવથી, કપડાં વણવાની મીલોના, પલાનો કરવા, તેઓને બાંધવાનો અડસટો કહાડવા, કરકસરથી ચલાવવા, અને સાંચાકામ મંગાવવાનું પુરતું જ્ઞાન ધરાવેછે. ૧૮૭૯ માં ફડચામાં ગયલી 'ન્યુ ફલેમીંગ મીલ'ને એઓએ અરધે ભાવે પોતાના જોખમે ખરીદી, તે, 'માણેકજી પીટીટ મીલ'ના ભાગીદારોને ખરીદ ભાવે આપવે, તેઓએ એમનાં એ હેશાંન ખાતર મોહોટો ઉપકાર માન્યો હતો. આજ એઓ ૬ મ્હોટાં કારખાનાંના વડા-ભાગ્યા અને એજંટ છે, તેઓ "માણેકજી પીટીટ મેન્યુફેકચરીંગ કુંપની", "ગોરદન મીલ કુંપની," "વીકટોરીયા મેન્યુફેકચરીંગ કુંપની," "ફરામજી પીટીટ મેન્યુફેકચરીંગ કુંપની," "મઝગામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કુંપની," અને "દીનશાજી પીટીટ મીલ" છે. પોતાની સંભાળ હેઠળનાં કારખાનાઓમાં એઓએ લાભકારક સુધારો કીધો અને કરતાં જાયછે. હાલ એ 'માણેકજી પીટીટ મીલ' માં કાપડ ઉપરાંત, તુવાળ, મોજાં, ગનજીફ્રોક, સીવવાનો દોરો, વગેરે સાધારણ ખપમાં આવતો માલ બનેછે. એઓએ માહિમ તરફ ઉઘાડેલું મોહોટું 'સુતર રંગવાનું કારખાનું' ઈંગ્લાંડના માલ સાથ હરીફાઈ કરી, જાંબુરો, પીલો, વીગરે ઘણીક જાતનો મજબુત રંગ સુતર ઉપર ચહડાવેછે. એ શેઠના મરહુમ પીતાની કોશેસ અને આગેવાનીથી "ઈરાંણના ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારનારૂં ધર્મખાતું" સ્થપાયું તેના એક આગેવાન સભાસદ તરીકે કંઈ વર્ષો થયાં એઓએ અથાક મેહનત લેઈ, સારો વહીવટ ચલાવી, ત્યાંના જરતોસ્તીઓ ઉપર તે રાજ્યે નાખેલા જુલમી "જજીઆ" નો કર કાહાડીનાખવા, ૨૫ વર્ષો જારી કોશેસ કરી અંતે—૧૮૮૨ માં તે રદ કરાવ્યો. "જાનવરો ઉપરનું ઘાતકીપણું અટકાવનારી મંડળી" ને એ શેઠે તન, મન, અને ધનથી, મોહોટી મદદ કીધી અને કરાવી તેવીશે, ૧૮૮૩ ની ૭ મી માર્ચે, માજી ગવરનર સર જે. ફરગ્યુસનનાં સરનશીનપણાં હેઠળ મુંબઈની ટાઉન હોલમાં, તે મંડળીની મળેળી ૮ મી વાર્ષીક જાહેર સભામાં, તેના પ્રમુખ તે મુંબઈની હાઈકોર્ટના એક જડજ ઓનરેબલ મી. જસ્તીસ બેલીએ રજુ કીધેલા રીપોર્ટમાં જણાવ્યું હતું કેઃ—"મી. દીનશાજી પીટીટે આ મંડળીના કામ તરફ ઉલટભરી દીલસોજી બતાવી અને મદદ કીધી તે ઘણીજ તારીફ લાયક છે." વળી એ શેઠે, મુગાં પ્રાણીઓ ખાતર પરેલમાં રૂ. ૪૫,૦૦૦ ને ખરચે એક 'ઓસ્પીટલ,' ( જે સાથે સરકારી ખરચે જોડાયલી પ્રાણીઓનાં દરદો શીખવા એક 'કોલેજ') ૧૮૮૪ ની ૧૦ મી દીસેમ્બરે "બાઈ સાકરબાઈ દીનશાજી પીટીટ જાનવરોની ઑસ્પીટલ" નામે ખોલી, તે—હીંદુસ્થાનમાં પેહલવેહેલી અને એખલીજ ગણાયછે. તેની દબદબા ભરી ક્રિયા હાલના નામદાર વાઇસરોય લોર્ડ દફરીને કરતાં એ શેઠના ધર્મ વીશે ઘટતી વખાંણ કીધી હતી. શેઠ દીનશાજીની જાહેર સખાવતો તરેહવાર રૂપ અને આકારમાં ફેલાઈછે. એઓએ 'નારગોર'ના ગરીબ જરતોસ્તી બાળકોને જંદ અને ગુજરાતી મુફત શીખવવા ૧૮૬૧ માં નીશાળ ઉઘડાવી ૧૨ વર્ષો ચાલુ રાખી હતી.

પેશવા ૨ જા બાજીરાવના સુબ્બા રૂપરામ ચોધરીએ પુણામાં લાંબેથી નલ મારફતે લાવેલાં પાણીમાંથી, શાખા ખોલી, પાણી લેવાના હકના, તેના વારેશને રૂ. ૧૧,૯૨૫ આપી, ત્યાંની 'ભવાની પેંઠ' ની વસ્તીને પાણી પુરૂં પાડવા ૧૮૬૧ માં હોજો બંધાવી તે મળી રૂ. ૨૮,૦૦૦ ખરચ્યા. અમદનગરનાં લોકોની પાણીની તંગી ટાલવા ત્યાંનો "બાજાબાઈનો નલ" બીગડી ગયેલો સુધારી પાણી લાવવા સરકારને ૧૮૬૬ માં રૂ. ૧૫,૦૦૦ આપ્યા. 'રગતપીત'થી પીડાતાઓ વાસ્તે રતનાગીરીમાં "ધર્મની-ઓસ્પીટલ" બાંધવા રૂ. ૧,૫૫,૦૦૦ બક્ષ્યા. મુંબઈમાં જાહેર 'ખ્રોકર્સ-હોલ' બાંધવા રૂ. ૧૭,૨૫૦ આપ્યા. 'બોમ્બે નેટીવ જેનરલ લાયબ્રેરી' ને, દરસાલે પોતાના નામથી પુસ્તકો ખરીદવા રૂ. ૧,૦૦૦ આપ્યા. ઈરાણના જરતોસ્તી બાળકોની બોરડીંગ સ્કુલ' ને ૧૮૬૮—૭૬ સુધી દરસાલ ચાલુ રૂ. ૨૫૦ ની મદદ કીધી. સુરત નજદીક 'કુરશેદ' ગાંમમાં એક સ્કુલ બાંધી, તેનો ખરચ ચાલવા રૂ. ૩,૫૦૦ ખરચ્યા. મુંબઈની "ગ્રાંટ મેડીકલ કોલેજ" તેમજ પુણા ઈનજીનીયરીંગ કોલેજ' ના ઘણાંક ગરીબ પારશી અને બીજી કોમના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા મદદ મળી અને મળેછે, 'ચીકલી,' 'બીલીમોરા,' 'મહુવા,' 'બારડોલી,' 'નારગોર,' અને 'ઈગતપુરા', ના દુખમાં, તો, દુમશની, ઈગતપુરાની, અને શરોંદાની અગીઆરીઓ, એમની મારફત, મદદ, અને દેખરેખથી જાહેર ઉઘરાણે બંધાયાં છે. વળી એરગામ, બરમા, જંગબાર, ઈત્યાદી શેહેરોનાં જરથોસ્તી ધર્મનાં મકાંણો હવે પછે એમની મારફતે બંધાશે. ૬ ધર્મનાં દવાખાનાં—પોતાના નામથી એઓએ તારાપોરમાં રૂ. ૧૦,૦૦૦, વલસાદમાં રૂ. ૧૦,૦૦૦, ચીકલીમાં રૂ. ૫,૦૦૦, ભીમડીમાં રૂ. ૫,૦૦૦, ઉમ્મર ગાંમમાં રૂ. ૧૦,૦૦૦, વસાઈમાં રૂ. ૧૧,૫૦૦, અને થાંણા નજદીક મોરબાદ ગાંમમાં રૂ. ૧૦,૦૦૦, ને ખરચે બંધાવ્યાંછે. ગરીબોની વસ્તીથી ભરપુર મોરબાદ ગામમાં એ ધરમી શેઠનોજ પેહલવેહલ્લો શખી હાથ લંબાવે ત્યાં ભારી સુખ થયું છે. નવસારીમાં રૂ. ૧૧,૦૦૦ ખરચી મોહોટી સધડી બંધાવી, અને રૂ. ૪૫,૦૦૦ ની પાદશાહી સખાવતે ચોપગાં-ઓનું દુખ દરદ ટાળવા પરેલમાં "બાઈ સાકરબાઈ દીનશાજી પીટીટ ઓસ્પીટલ" ખોલી છે. ગુજરાતનાં 'ખુરસદ' ગામની પડી ભાગતી સ્કુલ રૂ. ૨,૫૦૦ ને ખરચે સમરાવી. એઓ મુંબઈના આંધલાં, લુલાં, અને લાચાર ઈરાનીઓ ખાતર કેટલાંક વર્ષો થયાં ચાલુ નવાં ગોદરાં, ચાદરો, વગેરે પુરાં પાડેછે. સુરતની હીરામ મલીદાની ભાગીપડેલી અગીઆરીને મોહોટા ખરચે મજબુત બનાવી આપી છે. પંઢરપુરની 'ફાઉ-ન્ડલીંગ-ઓસ્પીટલ' બાંધવા અને પુણાની 'આલબર્ટ એડવર્ડ ઈનસ્ટીટ્યુશન લાયબ્રેરીને' બંધ થઈ પડતાં બંચાવી લેઈ ચાલુ રાખવા મદદ આપીછે. પુષ્કળ અગત્યનાં જાહેર ખાતાંઓને એઓ કઈ સુદત થઈ રૂ. ૫૦ થી ૨૦૦ સુધી ચાલુ વાર્ષીક લવાજમ આપેછે, તેઓ, 'સ્ટ્રેનજર્સ ફ્રેન્ડ એસોસીએશન', 'નેટીવ જેનરલ ડીસ્પેનસરી' અને તેની, ખેતવાડીની શાખા, 'સ્ટે વીનશંત દી પોલ,' 'ડીસ્ટ્રીક્ટ બેનેવોલંટ સોસાયટી' ને ૧૮૬૫ થી, 'જરતોસ્તી છોકરીઓના નીશાળનાં ફંડો,' "બેને ઈસરાયલ બેનેવોલંટ સોસાઈટી,' મુંબઈની 'સેન્ટ ઝેવીયર કોલેજ,' ખેતવાડીની 'ધનજીભાઈ ફરામજી લાયબ્રેરી,' 'માઉન્ટ રોડ લાયબ્રેરી,' 'દમણનાં દવાખા-નાંનું ફંડ અને મુંબઈ માંહેલી 'જાનવરો ઉપરનું ઘાતકીપણું અટકાવનારી મંડળી' છે. એમનો—ખાનગી ધરમ ઘણો મોહોટો બોલાયછે, તો, લાચાર થઈ પડેલાં આબરૂદાર કુટુંબોને ચાલુ થતી સખાવતોની વાર્ષીક રકમ રૂ. ૨૦,૦૦૦ જાહેરમાં બોલાઈ મનાયછે. એમની જાહેર સખાવતોના આંકડાં ટુંક સાર સાથ નીચે જણાવ્યેઃ—

| | રૂ. |
|---|---|
| લાચાર દેવાદારોને છોડવવા, ગરીબોની છોકરીઓ પરણાવવા, અને ગુજરેલાં મુફલેશોને શેવટની જગ્યાએ પોહોંચાડવા કીવેલી મદદ ........ | ૩,૧૬,૩૬૬ |
| મુંબઈના તેમજ ઇરાંણ, કલકત્તા, અને ઉદવારાંનાં મુફલેશ જરતોસ્તીઓનાં, અને પારશી પંચાયતનાં ફંડોને મદદ ........ | ૧,૬૫,૮૬૮ |

| | રૂ. |
|---|---|
| પુણાની "ભવાની પેંઠમાં" અને અમદનગર તરફ જબરા માહોટા ખરચે નલો મારફતે દુરથી પાણી લાવવા, અને કુવા, તલાવો બંધાવવા ........ | ૫૦,૩૩૨ |
| વલસાડ, તારાપોર, ચીકલી, ભીમડી, ઉમર ગામ, મોરબાદ ગામ, અને વસાઈમાં દવાખાનાં પોતે બંધાવ્યાં, અને બીજાંઓનાં ફંડોમાં ભર્યાં ........ | ૭૦,૩૨૬ |
| જાનવરો ઉપરનું ઘાતકીપણું ટાળનારી મંડળીને "બાઈ શાકરબાઈ દીનશાજી પીટીટ જાનવરોની ઑાસ્પીટલ" ખોલવા 'પરેલ' માં ગંજાવર ઈમારત ખરીદી અપીઆ વીગેરે થયલો ખરચ........ | ૪૮,૭૭૫ |
| આગ, રેલ, દુકાળ, તોફાનથી પીડાયલાઓના ફંડોમાં અને પાંજરા પોલોના ફંડોમાં ........ | ૪૮,૪૧૨ |
| જાહેર કેલવણી ખાતાને, તેમજ સ્કુલો, નીશાળો, કસરતશાળા, અને કન્યાશાળાઓને મદદ ........ | ૫૦,૫૯૦ |
| પુષ્કળ આદરીઆંનો, સગડીઓ, અને દોખમાંઓ બાંધવા તેમજ મરામત કરવાનાં, અને રૂવાનોને અવલ મંજલ પોહોંચાડવાનાં ફંડોમાં ........ | ૫૪,૪૫૧ |
| ઑારફનેજ, પેનશન, ગરીબોને પાળવાના, વગેરે ફંડોમાં તેમજ સ્ટ્રેંજર્સ ફ્રેન્ડ, બેને ઈસ્રાયલ બેનીવોલંટ, અને ડીસ્ટ્રીક્ટ બેનીવોલંટ સોસાયટીઓ, સેલર્સ હોમ, પેનશન ફંડ, ફાઉન્ડલીંગ ઑાસ્પીટલ, વગેરે ધર્મખાતાઓમાં ભરયા ........ | ૨૭,૧૧૬ |
| જાહેર માનપત્રો અને મેલાવડાનાં, તેમજ સંગ્રહસ્થાનો, મ્યુઝીયમ, વગેરેનાં જાહેર ફંડોમાં ........ | ૪૩,૪૮૬ |
| રત્નાગીરીમાં "રગતપીતની ઑાસ્પીટલ" બંધાવી........ | ૧૫,૫૦૦ |
| જાહેર લાયબ્રેરીઓ, અને બુક-ક્લબોને, તેમજ વિદ્યાભ્યાસ સંબંધી ખોલકરનારી ઘણીક જાહેર સોસાયટીઓને મદદ ........ | ૧૨,૩૭૦ |
| ધર્મશાલા બાંધવાનાં ફંડોને, અને પરચુટન ધર્મ ખાંતાંઓને મદદ ........ | ૬,૨૧૦ |
| | રૂ. ૯,૦૯,૮૦૨ |

અત્યાર સુધી એમની થયલી સખાવતોનો એ આંકડો છે, જેમનો ધરમી હાથ ચાલુ સખાવતો કરતો રુજતોજ રહ્યોછે. એ જબરી સખાવતો—એમની કુદરતી દયાળુ લાગણીની ખુલ્લી શાબેતી આપેછે. પોતાના હમજાતીઓ તરફ સારી લાગણી રાખવાથી એઓએ, તેઓનો ખરો પ્યાર અને અંતઃકરણનું માન મેળવ્યુંછે. એઓ, પારશી કોમના એક વડા આગેવાન અને અકાબર, મુંબઈના દરજ્જા અને વગવાલા વેપારી અને ઉપયોગી શેહેરી છે. એમને મીલોના કમીશન-એજંટ અને મેનેજર તરીકે મોહોટી આવક થાયછે. પ્રજા-મત પ્રમાણે, એમના ઉલત ભર્યાં પરોપકારી કામો ખાતર, એઓ ક્યારના મુંબઈ સરકારની 'લોકલ-કાઉનસીલ" ના સભાસદ નેમાઈ, વળી ખેતાબી માન અને ચાંદની નવાજેશ લેઈ ચુકવા જોઈએ; જે વીશે હજુ સરકારની આંખ ખુલી નથી, પણ હવે અશુરેથી પણ તેવું કાંઈ બનવાના ચીન્હો દીસે છે.

શેઠ દીનશાજી, બાઈ શાકર બાઈ સાથ પરણ્યા, તેઓએ એકંદર ૧૩ ફરજંદોને જન્મ આપ્યો. તેઓ માંહેલા વડા પુત્ર મી. કાવસજી ૩૪ વર્ષની ભરજુવાનીએ ૧૮૭૯ માં ગુજરયા, તેઓ એક લાયક જવાન હતા. હાલ હૈયાત રેહેલાંઓમાં ૬ બેટીઓ, અને ૨ પુત્રોમાં મી. ફરામજી ૩૫ વર્ષના, અને મી. બમનજી ૨૬ વર્ષના છે. મી. ફરામજીએ ઇંગ્લાંડ અને યુરપની કીધેલી મુશાફરીની નોંધનુ એક પુસ્તક બાહાર પાડયું છે, અને મીલોના વહીવટ હુશીઆરીથી ચલાવવાનો અચ્છો અનુભવ ધરાવેછે. એ લાયકીવાલા બે ભાઈઓ પોતાના બાપને તેમના બોહોળા ધંધામાં મદદ કરેછે, અને થોડીક મીલોના એજંટો પણ છે.—શેઠ દીનશાજી દયાલુ, દુરઅંદેશી, ભોલકના, અને પક્કા અનુભવી ગૃહસ્થ છે. દરેક જાહીર કામમાં એમની સામેલગીરી લેવાય છે, દોલતનો ફોકટ દમામ કે ગર્વ તેઓમાં જણાતો નથી. તેમનો વાલકેશ્વરનો "પીટીટ-હોલ" મુંબઈ શાહેરમાં આજ એક્કો ગણાયછે.



શેઠ નોસેરવાંનજી માણેકજી પીટીટ, જે. પી.

NESSERWANJI MANOCKJI PETIT, ESQ., J.P.

Vincent Brooks, Day & Son, Lith. London W.

# Nasarwanji Manekji Petit, Esq., J. P.

THIS noteworthy Pársi gentleman is the second son of the late Manekji Nasarwánji Petit, Esq., the founder of the Petit family in Bombay. His mother belonged to the equally well-known 'Mooga' family among the Pársis.

Mr. Nasarwánji was born in Bombay on 10th March 1827. His only brother Mr. Dinshaji Manekji Petit, is the well-known colossal mill-owner and a 'Justice of the Peace' of Bombay. Both brothers were brought up under their father's special care in commercial pursuits, and on his retiring from business, the brothers entered into partnership under the name and style of 'Messrs. Manekji Nasarwánji Sons and Company.' Their father died in 1859, and the partnership was dissolved in 1864, each brother intent to reap the harvest of his own calculation and risk. This was in the time of the American Civil War, which gave an unprecedented impetus to the cotton trade of Bombay. American cotton having ceased to be exported on account of the war, Indian cotton was in request and fetched enormously high rates in England and brought a flood of wealth to Bombay. Mr. Nasarwánji took advantage of the time, and made a large fortune. He had also the happy foresight to escape the effects of the re-action which followed on the conclusion of the war, and—ruined many a respectable and rich family in Bombay. He saved to him a great portion of his gains and he advantageously turned the same to investments in the rising cotton manufactories. He studied the details of the new industry, and began to invest his money therein. The year 1879 was ominous to all investors in the Mills, and he *saved* two Spinning Companies—the 'National' in Bombay, and the 'Southern' in Madras—from being wound up, by offering accommodating terms to its shareholders. He is greatly interested in the 'Oriental Spinning and Weaving Mills' in Bombay, of which he is the painstaking Agent and Chairman. He bought up the concern of another Spinning Company, the Colaba Mills, which he converted into a branch of the 'Oriental.' He is known as a merchant with extensive connections, and as a liberal citizen of Bombay. He has been a "Justice of the Peace" since 1862, and a member of the 'Port Trust' from 1881, and was a Delegate of the 'Parsi Chief Matrimonial Court' in Bombay. He is one of the trustees of the 'Bombay Pársi Puncháyet Fund' and a member of the Society to ameliorate the condition of the Pársis in Persia. Sett Nasarwánji is—well-known for his public charities. He has given away princely sums of Rs. 55,000 at a stroke to the "Native General Charitable Dispensary," the first institution of its kind established in Bombay, which ministers to the medical wants of the indigent poor, and has extended a branch at Khetwádi, which affords medical

relief on an average of nearly 20,000 patients per annum. It was maintained for several years by voluntary subscriptions, failing these the branch was about to be *closed*, when Mr. Nasarwánji extended his generous hand, and offered at once the large sum to its support. He gave another noble sum of Rs. 50,000 at a time to the Pársi Charitable Funds for maintaining the indigent Pársis of Bombay. A third sum of Rs. 32,150 was subscribed to the several other charitable funds of the Pársi *Pancháyet*, in memory of his worthy parents. A Pársi Fire Temple, built some years ago by a relative of his, being in a neglected and delapidated state, was built anew, as well as funds were provided for its future maintenance, by a gift of Rs. 26,500. Again Rs. 25,000 were given in a lump sum to provide for a 'boarding-school' for poor Pársi boys in Persia. His numerous charities may be mentioned as follows:—

| | | |
|---|---|---|
| For the Marriage and *Nowzot* or Thread-ceremony of poor Zorastrian children, and other Pársi ceremonies ........................................ | Rs. | 1,35,000 |
| To the Funds in aid of Medical wants by donations to the 'Native General' and the 'Fort Charitable' Dispensaries in Bombay, the 'Khergám Dispensary' in Gujárát, and the 'Pundurpur Hospital' in the Deccan, &c... | ,, | 72,665 |
| To the Funds for maintaining and allowing grant-in-aid to poor Pársi families in Bombay and elsewhere; also to boarding and other public schools for boys and girls, &c.......................................... | ,, | 61,500 |
| To the several Charitable Public Funds of the Pársi Pancháyet......... | ,, | 44,350 |
| 'The Gujárát Provincial College,' Schools, Gymnasia, Reading-rooms, and Libraries supported ................................................................ | ,, | 42,260 |
| To the Funds opened for the relief of sufferers by fire, famine, hurricane, flood, and pestilence, as well as to Patriotic Funds, and for cattle-ponds.......................................................................... | ,, | 30,750 |
| To the Funds for Pársi Fire Temples and Towers of Silence as well as for building wells at Bombay, Gundevi, and in Broach ............... | ,, | 22,532 |
| To the Funds for memorials, and other miscellaneous funds ............... | ,, | 5,625 |
| | Rs. | 4,13,662 |

Mr. Nasarwánji also occasionally extends his—private charities to the indigent poor and needy, the amount of which, however, could not be ascertained. Mr Nasarwánji is one of the foremost citizens of Bombay, and is loved and respected by all communities. He is a gentleman of affable disposition, meek of heart, plain in manners, and without the slightest tinge of the vice of vanity for riches.

Mr. Nasarwánji has 2 children, an educated daughter, and a son, Mr. Jamsetji, a good scholar of 30, who has passed his 'Matriculation,' and who occasionally writes metrical compositions in Gujaráti, which have been favourably noticed by most of the Vernacular papers. He assists his father in his extensive business, and has been made a 'Justice of the Peace' in 1884.

# શેઠ નસરવાનજી માણેકજી પીટીટ, જે. પી.

‘પીટીટ’ ખાનદાનનાં દરખ્તને મુળથી મજબુતી આપી ખીલવનાર, મરહુમ શેઠ માણેકજી પીટીટના બે પુત્રો માંહેલા નાધલા શેઠ નસરવાનજી પીટીટને, જાણીતાં ‘મુગા’ ખાનદાંનથી ઉતરેલાં બાઈ હમાંબાઈ એ ૧૮૨૭ ની ૧૦ મી માર્ચે મુંબઈમાં જન્મ આપ્યો, તેઓ ગુજરાતી, ઈંગ્રેજી જાણેછે. તેમના એકજ વડા ભાઈ શેઠ દીનશાજી પીટીટ, મુંબઈના ‘સુલ્લેહના અમલદાર’ અને જાણીતા શેહેરી અને વેપારી છે. શેઠ નસરવાનજીએ, પોતાના પીતા જેઓ ઘણીક મોહોટી ઇંગ્રેજી જાણીતી વેપારી પેહેડીઓના વડા-કારભારી અને દલાલ હતા, તેમના હાથ હેઠળ વેપાર વગેરેની તાલીમ લેઈ, તેમને એકાંતવાસ થવે, તેમનો વહીવટ પોતાના ભાઈસાથ સાંશમાં ચલાવવા માંડી, તે પેહેડીનું નામ “માણેકજી નસરવાનજી અને છોકરાઓની કું.” રાખ્યું હતું. એ પંત્યાલાને લગતી ૩ માંહેલી બે ઈંગ્રેજી પેહેડીઓ એમના ભાઈ ચલાવતા હતા, તો શેઠ નસરવાનજી ‘મેશરસ દાથરમ કારતર’ની જાણીતી પેહેડીનું કામ કરતા હતા. તે વહીવટ, એમના પીતા ૧૮૫૯ માં ગુજરચા છતાં પણ ચાલુજ રહ્યો હતો; જે ૧૮૬૪ માં બેઉ ભાઈઓએ રાજીખુશીથી છુટા પડી બંધ કીધો હતો. હવેથી એ શેઠે એ પંત્યાલામાં થયલા મોહોટા નફા અને બાપીકા વારશામાં મળેલા રૂ. ૧,૨૫,૦૦૦ નો ઉપયોગ પોતે એકલાને હીસાબે વેપાર ચલાવવામાં કીધો કે, તુરતજ અમેરીકામાં માંહામાંહેની જબરી લડાઈ ફાટી નીકલવે, હીંદુસ્થાન અને મુખ્ય કરી મુંબઈમાં ‘રૂ’ ના વેપારનો એકદમ ઉછાળો થયો, જેથી ઈંગ્લાંડની દોલતની રેલ ત્યાં ધસડાઈ આવી, તે તકે, એ શેઠે સારી ચાલાકી અને સમયસૂચકતાથી પુષ્કળ નાણું મેલવી કહાડી, ત્યાંના—એક સાહાસીક વેપારી અને પેહેલ્લા વર્ગના શેહેરી તરીકે જાણીતા થઈ પડી, ત્યારથી સુતર કાંતવા અને કાપડ વણવાની મીલોના સંબંધમાં નાણું રોકી, દન પર દન તેમાં વધુ ગુંતાતા જઈ, એ ફાયદા-કારક ધંધાનો સરસ અનુભવ મેળવ્યો; કે જેથી, જ્યારે શેરસટ્ટાનું દેવાણું, ખરાબીના ખાડા, અને પરપોતા કંપનીઓની પોકલ અને હવાઈ ગણત્રીએ, મુંબઈ શેહેરને થોડોક વખત હેમકાઈભરી આશાની ધુનમાં રમાડ્યા પછે, અંતે વેપારી અને વેહવારી આલમને પાયમાલીના આંટામાં કચડી નાખી, ઘણાંક ધીકતાં અને જરદાર માણસોને દીવાલાં ફુકાવ્યાં, તે વખતે, એ શેઠે બનતી કોશેસથી, ઘણાંક જાણીતાં આસામીઓને ભારી જોખમમાં જતા બચાવી લેવા ઉપરાંત, ૧૮૭૯ ના—મીલોને લાગેલા મુશકેલીના જબરા આચકાઓની વખતે, મુંબઈની “નેશનલ મીલ” અને મદ્રાસની “સધર્ન સ્પીનીંગ મીલ” ને ડુબતી, ભારી મેહેનતે તેરવી કહાડી, તેના ભાગીદારોને જબરી નુકસાનમાંથી બચાવ્યા હતા. મુંબઈની “ઓરીએનટલ સ્પીનીંગ મીલ” અને તેની કોલાબેની મોહોટી ‘શાખા’ એમના હસ્તકમાં છે, જેના એઓ એજંટ તેમજ ચેરમેન છે. મુંબઈ સરકારે ૧૮૬૨ માં એમને “સુલ્લેહના અમલદાર” ટેડવ્યા, તે પછે ત્યાંનાં ‘પોર્ટટ્રસ્ટ’ ના એક સભાસદ પણ નેમ્યા છે. એઓ મુંબઈની ‘ધી પારશી ચીફ મેત્રીમોનીયલ કોર્ટ’ ના એક દેલીગેટ હતા. ‘ઈરાંણનાં જરતોસ્તીઓની હાલત સુધારનારી મંડળી’ ના, તેમજ ‘મુંબઈની નેટીવ જનરલ ડીસ્પેનસરી,’ ‘મેડીકલ વીમેન ફોર ઇંડયા,’ અને ‘મુંબઈનાં આંખકાનનાં દવાખાના’ ની મેનેજીંગ-કમીટીઓનાં ‘ટ્રસ્ટી’ અને સભાસદ પણ છે; તો, ‘ધી ઈંડયન’ અને ‘ધી એમપ્રેસ’ ફાયર-ઈન્શુરન્સ કંપનીઓના, અને ‘ધી સધર્ન’, ‘ધી નેશનલ’, અને ‘બીરાર’ મીલોના ચેરમેન, તો વળી ‘મીલ ઓનર્સ એસોસીએશન’ ના, અને ‘સર જમસેદજીની ધર્મની સ્કુલ’ નો વહીવટચલા-વનારી-કમીટીના સભાસદ છે. એ શેઠ, તરેહવાર જાહેર ધર્મો કરી ચુક્યાછે, તો, કેટલાંક જાહેર ધર્મ-

ખાતાંઓને દરસાલ ચાલુ મદદ કરતા રહેછે. મુંબઈમાં, ભીંડીબજાર તરફની મરહુમ મેરવાનજી પટેલી
અગીઆરી પડી ભાગવાની હાલતે પુગવે, એઓએ તેને નવે પાયે રૂ. ૨૩,૦૦૦ ખરચી બંધાવ્યા ઉપરાંત, દરવર્ષે
તેની ચાલુ મરામત કરવા, રૂ. ૩,૫૦૦ ની લોનનું વ્યાજ આપતું કીધુંછે. 'જરતોસ્તી છોકરીઓની નીશાળ
મંડળીના' ફંડને રૂ. ૧,૦૦૦ બક્ષેસ કરી, દરસાલ રૂ. ૫૦ ની ચાલુ મદદ કરતા રહેછે. મુંબઈની ધર્મની "નેટીવ
જનરલ દીસ્પેનસરી" ની એતવાડીની શાખા, જેનો કંઈ વર્ષો થયાં હજારોં હાજતમંદો આશરો લેતા આવેછે,
તેનું ફંડ ઘટવે તે—બંધ પડવાની ફીકર ફેલાતાં, એ પરદુઃખભંજન ગૃહસ્થે, તેને એકકી રકમે રૂ. ૫૬,૦૦૦
ની 'ત્રસ્ટ' મારફતે પાદશાહી મદદ આપીછે. જેનો લાભ હાલ દર સાલ ૨૦,૦૦૦ દરદીઓ લેછે. મુંબઈના
હાજતમંદ જરતોસ્તીઓને પગાર આપવા, પરવશી કરવા વગેરે, તેઓ ખાતર એઓએ, એકંદર રૂ. ૫૦,૦૦૦
ની પાદશાહી બક્ષેસ કીધીછે. ઈરાણમાં ગરીબ જરતોસ્તીઓનાં બાળકોને મુફત ખાવા, રેહેવા, અને કેલવણી
લેવા 'બોરડીંગ-સ્કુલ' ઉઘાડવા રૂ. ૨૫,૦૦૦ આપ્યાછે. મુંબઈની નેટીવ જનરલ લાયબ્રેરી' ને એઓએ મોહોટી
બક્ષેસ કીધી, તેમજ 'એલફીનસ્ટન કોલેજ'ની સંસ્કૃત લાયબ્રેરી, મહાબલેશ્વરનો રીડીંગ-રૂમ, બાહારકોટની
ઈમપ્રુવમેન્ટ લાયબ્રેરી, કરાચીની, ભુલેશ્વરની, દસ્તુર મેહેરજી રાણાની, બીલીમોરાની, વાંદરાની, કોટે ઈમપ્રુવમેન્ટ
અને મુલ્લાફીરોજ લાયબ્રેરી વગેરે લાયબ્રેરીઓ, એમની સખાવતની આભારી થઈછે. જુદી જુદી અગી-
આરીઓને મદદ આપવા એમનો શખી હાથ લંબાઓ છે, તેઓ, સોલાપુરની કેંપની, મુંબઈની ઈડાંવાળાની, તવરી
ગામની, કરાચીની, દમણની, વીગેરે. મુંબઈ તેમજ દેશાવરોમાં બંધાયલાં દુખમાં એમની બક્ષેસની યાદ આપે
છે, તેઓ, અમરેલી, તવરી, તારાપોર, ગણદેવી, ચીકલી, બીલીમોરા, બારડોલી, સુધરવ્યારા, તેમજ મુંબઈનાં છે.
દેશાવરોના હાજતમંદ જરતોસ્તીઓને મદદ કરવા અને વેહેંચી આપવાનાં મુંબઈની પારશી પંચાયત હસ્તકનાં
ફંડોમાં દરસાલ એઓ મદદ કર્યા જાએછે. મોરાની અગીઆરીને ૧૮૬૫ થી રૂ. ૬૦ ની, તો 'ડીસ્ટ્રીક્ટ
બેનીવોલન્ટ સોસાયટી' ને ૧૮૬૪ થી, 'જાનવરો ઉપરનું ઘાતકીપણું અટકાવનારી મંડળી' ને ૧૮૭૪ થી, 'ભટકતાં
કુતરાંઓનું પાલન કરવાનાં ફંડ' ને ૧૮૬૧ થી, રૂ. ૫૦ ની વાર્ષીક બક્ષેસ એમની તરફથી લંબાયલી ચાલુજ રહીછે.
શરોનદાં' ગામની ગુજરાતી-ઈંગ્રેજી સ્કૂલને નીભાવી રાખવા ૧૮૬૩—૬૫ સુધીનો ખરચ એઓએ આપ્યો હતો.
ગાયકવાડ સરકારે 'ગણદેવી'ના દરજીયો ઉપર નાખેલા "વેરા" ની નાધલી રકમ, એ પરોપકારી દયાળુ શેઠ
૧૮૬૨ થી હજુ સુધી ભર્યા જાયછે. 'તેહેરાન'ના જરતોસ્તીઓમાં બંદગી કરવાની ચોપડીયો એઓએ ખરીદી
વેહેચાવી હતી. ૧૮૫૬ ની મુંબઈની પાણીની તાણના વખતે, એઓએ, કોટના મેદાનમાં એક મોહોટો 'કુવો'
બંધાવી ખુલ્લો મેલ્યો, અને ૧૮૮૩ ની સુરતની ભારે રેલથી ઘરબાર વગરનાં થઈ પડેલાં કંઈ હજારો માનવીને
મદદ આપવાના ફંડમાં રૂ. ૨,૫૦૦ ની મદદ કીધી. એમની જાહેર સખાવતોના આંકડા તેઓને લગતી
હકીકત સાથ ટુકમાં નીચે પ્રમાણેઃ—

| | રૂ. |
|---|---|
| લાચાર પારસીઓનાં બાલકોને પરણાવવા, શદરો પેહેરાવવા, મરણની કીરીઆ કરવા, વીગરે બીજાં | |
| લાચાર પારસીઓનાં બાલકોને પરણાવવા ........................ | ૧,૩૫,૦૦૦ |
| ધરમનાં કાંમો કરવા ખાતર ખરચેલા ........................ | ૫૬,૪૦૦ |
| મુંબઈની "નેટીવ જેનરલ દીસ્પેનસરીની એતવાડીની શાખા" ને મદદ ........................ | |
| મુંબઈના તેમજ દેશાવરોના ગરીબ પારશીઓને પગાર આપવા અને પરવશી કરવાના ફંડને, તેમજ | |
| ........................ | ૫૦,૪૫૦ |
| 'પારશી પંચાયત'નાં ફંડોને મદદ ........................ | ૩૩,૭૩૦ |
| મુંબઇ અને દેશાવરોમાં અગીઆરીઓ બાંધવા અને તેઓની ચાલુ મરામત કરવા. ........................ | ૨૯,૨૫૦ |
| જુદાં જુદાં જરતોસ્તી જાહેર ધર્મખાતાંઓને મદદ ........................ | |
| ઈરાણમાં જરતોસ્તીઓ ખાતર દવાખાંનાં, અને તેમના બાળકોસારૂ 'બોરડીંગ-સ્કૂલ' ખોલવા, અને | |
| ........................ | ૨૬,૧૫૦ |
| 'જજીઆ'નાં ફંડોને મદદ ........................ | |
| રેલ, દુકાલ, આગ, અને પેટ્રીઓટીક, વગેરે ફંડોને, અને "ડીસ્ટ્રીક્ટ બેનીવોલન્ટ સોસાયટી" ને મદદ | ૧૯,૫૫૦ |

| | |
|---|---|
| મુંબઈ અને ઍરગામનાં ધર્મના-દવાખાંનાં, પંઢરપુર અને બીજી તરફની ફાઉન્ડલીંગ ઓસ્પીટલ, અને એશાઈલિમોનાં, અને ઇંગ્લાંડથી ઓરત તબીબો મંગાવવાના ફંડોમાં ...................... | રૂ. ૧૩,૯૧૫ |
| જાહેર સ્કુલો, કન્યાશાળા, કસરતશાળા, નીશાળો, ધર્મશાળા, કુવા, અને તળાવો બંધાવવાના ફંડોમાં, અને 'ગુજરાત પ્રોવીનસીયલ-કોલેજ'ને મદદ .................. | ૧૦,૦૫૦ |
| દેશ પરદેશની પાંજરાપોળોનાં, કશાઈવાડેથી ગાય બકરાં છોડવવા, અને ભટકતાં કુતરાંઓને પાલવાનાં ફંડોમાં.................. | ૭,૯૭૬ |
| પોતાની ધણીઆણી અને બે ફરજંદોને નામે કીધેલો તરેહવાર ધર્મ .................. | ૭,૩૩૬ |
| જાહેર લાયબ્રેરી અને રીડીંગ-રૂમોને મદદ.................. | ૮,૫૮૦ |
| દુખમાં બાંધવાનાં; થાણા, પુના, તથા જંગબારના જરતોસ્તીઓનાં ફંડોમાં; અને નવસારી, ભાઠાં, ઇગતપોરા, બરોડા, વગેરે શેહેરોનાં રૂવાંનોને અવલ મંજલ પોહોંચાડવાનાં અને, ગંભારનાં ફંડોમાં. | ૬,૪૫૦ |
| જાહેર 'પર્સ' આપવાના, પ્રદરશનનાં, યાદગારીનાં, અને પ્રજાના ફાયદા ખાતર ઉપાયો લેવાનાં ફંડોને મદદ .................. | ૮,૭૨૫ |
| ખીલારો કાહરફોનો તરજુમો કરવા, પારશી-ધારા બંધાવવા, મુંબઈની પારશી પંચાયતને લગતાં, ઇનસાફ મેળવવા અને અરજીઓ કરવાનાં, વગેરે, જુદી જુદી જ્ઞાતનાં તરેહવાર જાહેર ધર્મ-ખાતાંઓને મદદ .................. | ૩,૧૦૦ |
| | રૂ. ૪,૧૩,૬૬૨. |

શેઠ નસરવાનજી મુંબઈના એક ખીલી નીકળેલા પેહેલ્લા વર્ગના વેપારી, દરજ્જાવાલા શેહેરી, અને કેટલીક "કપડાં વણવાની મીલો" ના માલેક છે.

એ શેઠ, જાણીતાં જીજીભાઇ ખાનદાંનનાં બાઇ દીનબાઇ સાથ પરણ્યાછે. એ સાદા પોશાક, દયાળુ અને ધરમી દીલ, માયાળુ સ્વભાવ, અને શેકટ ફીશીઆરીને ધીક્કારનારાં બાઇએ, ૧ બેટી આંવાબાઇ, અને પુત્ર મી. જમસેદજીને જન્મ આપ્યો, તે ૩૦ વર્ષના ખીલતા અને કેળવાયલા જુવાને ૧૮૭૫ માં મુંબઇ યુનીવરસીટીની 'મેટ્રીકયુલેશન'ની પરીક્ષા પસાર કીધી છે. તેમને મુંબઇ સરકારે ૧૮૮૪ ના જાનેવારીમાં "સુલેહના અમલદાર" બનાવ્યાછે. તેઓએ ઇંગ્રેજી, ફારશી, તેમજ કાંઇ જંદ અભ્યાસ પણ કીધોછે, અને કવીતા જોડી ગુજરાતી ચોપાન્યાંમાં છપાવવાના એમના શોખ વીશે જાહેર પત્રોમાં સારૂ મત ઓચરાયું છે. તેઓ પોતાના બાપને તેમનાં બોહોળાં કામમાં મદદ કરેછે. ભરૂચમાં "જં. ન. પીટીટ જરથોસ્તી કન્યા શાળા" ખોલવા તેઓએ રૂ. ૪,૦૦૦ આપ્યા ઉપરાંત, વાર્ષીક ઇનામો આપવા રૂ. ૩૦૦ ની બક્ષેસ કીધી, જેથી ત્યાંની પારશી પંચાયતે એક સાલની ભેટ આપવા સાથ 'ઉપકાર-પત્ર' લખી એમનો આભાર માન્યોછે.—શેઠ નસરવાનજીએ 'ઍરગાંમ' માં ધરમનું-દવાખાનું ખોલવા મદદ આપવે, ત્યાંના જરતોસ્તીઓએ એક 'માન-પત્ર' મોકલી એમનો ઉપકાર માન્યોછે. એ શેઠ ઘણાજ મીલનસાર, ખરા દયાળુ, અને અમીરી મીજાજના ગૃહસ્થ છે. તેઓ મુંબઇમાં એક સાહાસીક વેપારી અને, ધર્મી શેહેરી તરીકે માનીતા અને જાણીતા છે. તેઓ ફોકટ દમામ અને પોકળ ગર્વને ધીક્કારનારા છે.

# Hon'ble* Khan Bahadur Padamji Pestanji,

## FIRST CLASS SIRDÁR, DECCAN.

SIRDÁR PADAMJI'S well-known father, Khán Báhádur Pestanji, came from Surat to settle in Pooná, and signalized himself by undertaking the Government Mail Contract in 1836, between Pooná, Aurangabad, and Nágpur, and in 1842 the contract also between Pooná and Bombay. This entailed a daily run of 500 miles, for which 700 horses besides numerous conveyances were employed. The contract continued till 1864, when the mail was transferred to the Railways. Mr. Padamji assisted his father in his business. Mr. Pestanji proved the most successful Mail Contractor, and was favourably taken notice of by the 'Hon'ble Board of Directors,' of the late "East India Company," in their reports, from 1847—53. The—most valuable services rendered by him to the Government were in the hazardous time of the Indian Mutiny from 1857—59. The heavy risk of life and property and the enormous stretch of personal *toil* and *anxiety*, which the abnormal time entailed upon the enterprising contractor, were duly acknowledged by the first Viceroy of India, who—awarded both the father and the son 'gold medals' and the title of "Khán Báhádurs." The award was made in a public *Durbar* at Dápoli, by Governor Sir G. Russel Clerk, on 19th July 1860, and was approved of by the Secretary of State for India. The Parsis of Pooná, Ahmednágar, Jalná, Bombay, and Nausari congratulated them for the honour thus loyally won, while the public of Pooná, with a view to perpetuate the memory of their most useful and popular citizen, raised a fund of Rs. 10,500, to which the Khán Báhádurs added Rs. 7,000. The amount was handed over to the Bombay Government to maintain a public dispensary at Pooná, which was forthwith opened as "the Khán Báhádur Pestanji Sorábji Pooná Charitable Dispensary." The following year Khán Báhádur Padamji presented commodious premises to the Government for the dispensary, of which 20,000 indigent patients now avail themselves annually. Khán Báhádur Pestanji expended in all Rs. 61,000 in public charities in the Deccan as well in Gujárát. He died at the advanced age of 71, in December 1861, in very affluent circumstances, leaving an only son Sirdár Khán Báhádur Padamji.

Mr. Padamji was born in Surat on 18th June 1820. He is conversant with the English, Marathi, and Gujarati languages. His past history has been associated with his worthy father, as he co-operated with him for 28 years in his Mail Contracts. His —success in the Bombay Presidency, induced the Postmaster of Madras to entrust to him, in 1852, with the carrying out of the mails between Dánur and Bellári in his Presidency. During the Mutiny, the mail-lines between Jabálpur and Allahábád were interrupted, and other lines were altogether unsafe, so that the mails from Calcutta, Delhi, Panjab, &c., were all suddenly thrown upon the Nágpur line, quite beyond the

* Ex-Member, "Legislative-Council," Bombay.



ખાંનબાહાદુર. શેઠ પદંમજી પેશ્તાંનજી,

દખણના ૧લા વર્ગના શરદાર.

KHAN BAHADUR PADANJI PESTONJI, — FIRST-CLASS SIRDAR, DECCAN,
EX-MEMBER LEGISLATIVE COUNCIL, BOMBAY.

Vincent Brooks, Day & Son, Lith. London W.C.

terms of the original contract, and Mr. Padamji, without demurring to the heavy risk and additional expense thus entailed, conveyed them safely with energy, patience, and prudence. For this he was *awarded* a 'gold medal,' the title of "**Khan Bahadur,**" and Rs. 10,000 in consideration for loss sustained. He had subsequently the further honour of being enrolled among the "**First Class Sirdars of the Deccan**" on the 20th November 1872. He is—the first Parsi gentleman who has had this rank conferred on him. In 1864 he was made a "Fellow" of the Bombay University, and in the same year elected to sit on the Committee of the 'Pooná District Local Funds.' In August 1874 he was made a member of the 'Legislative-Council' of Bombay, in which he sat for two years. This was the time of His Royal Highness the Prince of Wales' tour in India. When the Prince visited Pooná, the Hon'ble Sirdár Padamji was elected as President of the Reception Committee formed of influential European and Native members, and had the honour to read to the Prince the Address of Welcome presented by the citizens. He has been *exempted* from personal appearance in the British Courts in civil matters. The following is a list of his public charities:—

| | | |
|---|---|---|
| To the 'Khán Báhádur Pestanji Sorabji Charitable Dispensary' at Pooná...... | Rs. | 7,000 |
| To the building purchased and presented for locating the same.................. | „ | 5,000 |
| To the 'David Sassoon Infirm Hospital'............................................ | „ | 3,000 |
| To the Towers of Silence Funds at Ahmadnágar .................................. | „ | 3,000 |
| To the Pooná Famine Funds, N. W. Provinces Relief Funds, &c. ............ | „ | 6,000 |
| The 'Pooná Town Hall Funds'............................................................ | „ | 1,000 |
| The 'Victoria Gardens' in Bombay, the Pooná Pinfold, and to several schools and libraries ...................................................................................... | „ | 4,000 |
| To the Funds for Testimonials, Purses, &c. ........................................ | „ | 1,000 |

He has also extended small charities to minor other institutions and funds. Taking them along with his late father's charities, the aggregate would come to very near Rs. 1,00,000. Sirdár Padamji is a gentleman of courteous manners, and of a genial and affable disposition. He owns extensive estates, chiefly in Pooná, which bring him a large income.

Sirdár Khán Báhádur Padamji has 7 daughters and 4 sons, Messrs. Dorabji, Navroji, Sorabji, and Beramji. Mr. Dorabji is a member of the Pooná City Municipality and of the Western India Rifle Association, where he has won several prizes as a good marksman. Mr. Navroji is disposed to literary tastes. Mr. Sorabji has been admitted into the New Statutory Civil Service, and Mr. Beramji is a scholar and an Honorary 2nd class Magistrate of Pooná.

# ઓનરેબલ* ખાન બહાદુર પદમજી પેસતનજી,

## ૧ લા વર્ગના સરદાર, દખણના.

એમના પીતા ખાન બહાદુર શેઠ પેસતનજી સોરાબજી એ, ગુજરાતથી દખણમાં આવી વસી, ઘણાક માહેભાવાલા ધંધા કીધા પછે, ઈ. સ. ૧૮૩૬ માં 'સરકારી મેલ' ને પુણા, ઔરંગાબાદ, અને નાગપોર વચ્ચે, અને તે પછે ૧૮૪૨ માં, પુણેથી મુંબઈ સુધી, લગભગ ૫૦૦ માઇલિના મેલનું કામ માથે લેઈ, ૭૦૦ ઘોડા તે કામે લગાડયા હતા. તેમજ વળી બીજી પોષ્ટ-લાઇનોનું કામ લેઈ, તેની દોર છેક મદ્રાસ ઇલાકાની સરહદ તુલીક લંબાવી હતી. એ જબરૂં કામ ચાલવાની સરૂઆતથી—શેઠ પદંમજી પોતાના બાપની સાથ જોડાયા હતા તે, ૧૮૬૪ સુધી એવું તો સરસ રીતે ચાલી ફતેહમંદ ઉતર્યું હતું કે, મુંબઈ સરકારે તે વીરો સંપુર્ણ સંતોષ જાહેર કરી, એ સાલથી એ કોનટ્રેક્ટ એમનેજ હસ્તક ચાલુ ૨૮ વર્ષો તુલીક રેહેવા દીધું હતું. પછે 'ડાક' રેલવે મારફતે જવે, ટપાલની રીત કાહાડી નાખી હતી. એ કામ એ બાપ બેટાએ ખાતરીપુરવક રીતે બજાવવે, મુંબઈ સરકારે તે વખાણ્યું હતું તો, માજી ઓનરેબલ "ધી કોર્ટ ઓવ ડાયરેકટર્સની સભા" એ તે વીરો પોતાના ૧૮૪૭ ની ૧૩ મી અકટોબરથી ૧૮૫૩ ની ૧૯ નવેમ્બર સુધીના ડીસ્પેચોમાં ચાલુ સંતોષ જાહેર કરતી રહી હતી. ત્યારે ડાક લઈ જવાની જબરી હધડાઇનો વીચાર લાવવા ત્યારના પોષ્ટ-માસ્તર-જેનરલે, ૧૮૫૪ માં સરકારને કીધેલા રીપોર્ટના થોડાક શબ્દો જણાવ્યેઃ—"ધોધબંધ પડતા "વરસાદના જબરા મારાની અંધારી રાત્રે, જ્યારે રસ્તો બતાવનારી દરેક નીશાન ઘણું કરી ધોવાઈ જઈ, રસ્તા ઘોડા- "ઓના ગુથણ પુર પાણી અને કાદવથી ભરાઈ જાયછે, તેવા વખતે, એઓને પોતાનું કામ સંપુર્ણ રીતે અને વગર "ઢીલે બજાવતા જોઈ, મને ઘણી અજાયબી લાગેછે." એ વખાણાયલા બાપ બેટાએ, ઇંગ્રેજ સરકારની—વધુ કીમતી અને અતી અગત્યની સેવા, ૧૮૫૭-૫૯ સુધી હીંદુસ્થાનમાં ચાલેલા ભયંકર લશ્કરી-બલવાના જીવ સતોસતની વખતે, જબરી પીડા, મોહોટો જોખમ, અને ભારે હલાકીની અઘડીઓ વચ્ચે, મેહેનત કરી, જેહેમત ખેંચી, માથે આવી પડેલાં વધારાના મેલોનું કામ, ફત્તેહમંદીથી બજાવી કીધી હતી. તે ખાતર ત્યારના ગવરનર-જેનરલે, શેઠ પેસતનજીને આ દુનિયા છોડી જવાની છેલ્લી ઘડીએ, તો, શેઠ પદંમજીને ખીલતી વયે, "ખાન બહાદુર" ના ખેતાબો અને સોનાના 'ચાંદ' ના માનથી નવાજી, તેની સનદો આપવાની ક્રિયા ૧૮૬૦ ની ૧૯ મી જુલાઇએ, ત્યારના મુંબઈના ગવરનર સર જી. રસલ કલાર્કે, 'દાપોળીમાં' દરબાર ભરી કીધી હતી. તે નવાજેશ બાહાલ રાખતાં હીંદના-વજીરે ૧૮૬૦ માં જણાવ્યું હતું કેઃ—"મી. પેસતનજી અને તેમના બેટાએ લાંબી મુદત સેવા બજાવી, રાજ્ય તરફ પોતાની "ફરજો, અને સરકાર તરફ વફાદારી દેખાડી, અને મુખ્ય કરી બળવાના વખતે જે નીમકહલાલી બતાવી, પોતાનું કામ "પુર પતીજ ભરી રીતે બજાવ્યું, તે ખાતર લાયક બદલો મળવાને એઓ પુરતા લાયક છે." એ માન મળવાની ખુશાલીમાં પુણાની પ્રજા, અને મુંબઈ, અમદનગર, જાલના અને નવસારીના જરતોસ્તીઓ તરફથી એમને "મુબારકબાદીના-પત્રો" મળ્યા ઉપરાંત, પુણામાં પ્રિય થે પડેલા શેઠ પેસતનજીની—યાદગારી કાયમ રાખવા, ત્યાંના લોકોએ જાહેર ઉઘરાણાથી ભેગા કીધેલા રૂ. ૧૦,૫૦૦ માં, એ બે ખાન બહાદુરોએ રૂ. ૭૦૦૦ ઉમેરી, તે રકમ સરકારને હસ્તક "ખાન બહાદુર પેસતનજી સોરાબજીનું પુણાનું ધરમનું દવાખાનું" ખોલી ચાલુ કરવા 'ટ્રસ્ટ' માં આપી, એ દવાખાનાને ૧૮૬૧ માં શેઠ પદમજીએ ખરેદીઆપેલી ઇમારતમાં લાવ્યા, કે જ્યાં તે હાલ ચાલુ છે. જેનો લાભ દરસાલ લગભગ ૨૦,૦૦૦ દરદીઓ લેયછે. મરહુમ શેઠ પેસતનજી, પારશીઓને લગતાં ઘણાંક જાહેર ધરમ કામોનાં ફંડોમાં રૂ. ૩૯,૦૦૦ ની, તો, 'મુંબઈની પારશી પંચાએત' હસ્તકનાં ધરમખાતાંઓમાં રૂ. ૧૫,૦૦૦ ની બક્ષેસ કરી ગયા, અને

---

* મુંબઈની "લેજીસલેટીવ-કાઉનસીલ" ના માજી સભાસદ, ૧૮૭૪-૭૬.

પુણા, અમદનગર, અને અદાજણમાં મોહોટી 'ધર્મશાળાઓ' બંધાવી, તેઓ હાલ ચાલુ છે. એમ રૂ. ૬૧,૦૦૦ ની સખાવત કરી, તેઓ ૭૧ વર્ષની વયે, ૧૮૬૧ ની દીસેમ્બરમાં મોહોટું માન મેળવી, પુંજી મેળી, પુણામાં બેહેશતી થયા, તેમના એકપુરા પુત્ર તેઓ આ હકીકતને લગતા ખાન બહાદુર શેઠ પદમજી છે.

**શેઠ પદમજીને**, સુરતમાં બાઈ હીરાંબાઈએ ૧૮૨૦ ની ૧૮મી જુને જન્મ આપ્યો, તેઓ ઈંગ્રેજી, મરાઠી, અને ગુજરાતી જાણેછે. એમનાં બેહેન સ્વર્ગવાસી થયાંછે. પોતાના બાપ સાથ કેટલાક આબરૂ-દાર ધંધા કરવા ઉપરાંત, સરકારી 'મેલ કોનટ્રેકટ' નું કામ, ૧૮૩૬ થી—૨૮ વર્ષો સુધી ચંચલાઈથી ચલાવ્યા પછે, 'મેલ' રેલવેથી જવે, તેનો અંત આવ્યો હતો. ૧૮૫૧ માં શેઠ પદમજીનું એ કોનટ્રેકટ—વધી, દખણ મરાઠા દેશમાં સોલાપુરથી હરીહરપુર સુધી વધ્યું હતું. મુંબઈ ઈલાકાના ડાકનું કામ એમને ફત્તેહથી બજાવતા જોઈ, મદ્રાસ ઈલાકાના પોષ્ટ–માસ્તર–જેનરલે, ત્યાંનું, દાનુરથી બેલારી સુધીનું ડાક–કનટ્રેકટ એમનેજ ૧૮૫૨ માં આપ્યું. હવે ખુબ વધીપડેલાં કામસર ઘોડાઓની મોહોટી સંખ્યા વગેરે જથાબંધ ગાડીઓ એમને રાખવી પડી હતી. ૧૮૫૭–૫૮ ના ભયંકર 'બળવા' વખતે શેઠ પદમજીએ, ઈંગ્રેજ સરકારની અતી અગત્યની અને—કીમતી સેવા બજાવી, ત્યારે, જબલપુર અને અલ્લાહબાદની પશ્ચમતરફના સઘળા જીલ્લા તોફાની બનવે, ત્યાં જતો ટપાલ બંધ થૈ પડયો હતો, અને બીજી તરફના 'મેલો' ની પણ ધાસ્તી રાખવામાં આવવે, નાગપોરની શેઠ પદમજીવાલી ઓછી ધાસ્તી ભરી મેલ–લાઈન ઉપર, એકાએક જબરી ધમાલ આવીપડી, તેમાં કુલકત્તાની, દીલ્હીને ઘેરો ઘાલી પડેલાં ઈંગ્રેજી લશ્કરની, અને પંજાબની મેલ–લાઇનોનું સાંમટું ૪૨૨ માઈલના લાંમબા તફાવતનું, જબરી કડાકુટ અને કંટાળાભરચું, વધું નવું કામ આવી પડયું, તે, એવા કટાકટીના વખતે, એ શેઠે બીન ગભરાવે, હોશીઆરી, હીમત, ધીરજ, અને ડાહાપણ ભરી ગોઠવણથી—પતીજ ભરી રીતે પાર ઉતારી, લડાઈખાતાંના અને બીજા અગત્યના કંઈ શેંકડો સંધેશાઓમાંથી એક પણ ખોયો ન હતો. એમ વીશ્વાસુ અને અતી અગત્યની સેવા બજાવવાની કદર, ઇંગ્રેજ સરકારે બુજેલી, ઉપર જણાવીછે. પોતે લીધેલાં કનટ્રેકટ ઉપરાંત, એ વધુ કામ, વગર બંદોબસ્તે બજાવતાં એમને ગાડીઓની ભાગતુટ વગેરે થયલી નુકસાની બદલે, મુંબઈ સરકારે રૂ. ૧૦,૦૦૦ ઈનામમાં બક્ષ્યા હતા.—પેહેલ્લી **પારશી** તરીકે **"દખણના ૧ લા વર્ગના સરદાર"** ની પદવી એમને, સરકારે ૧૮૭૨ ની ૨૦ મી નવેમ્બરે આપી. ૧૮૬૪ થી એઓ "મુંબઈ યુનીવરસીટીના ફેલો" નેમાયા, અને 'પુણા ડીસ્ટ્રીકટ લોકલ ફંડ કમીટી' ના સભાસદ બન્યા. એમને ઇંગ્રેજી 'દીવાની અદાલત' માં—પોતે હાજર નહી થવાનો 'હક' મલ્યોછે. પુણા શેહેરના 'મ્યુનીશીપલ કમીશનર' નો હોધ્ધો ૧૮૬૦ થી ૧૮૭૪ ની ૧૭ મી ઓગષ્ટ તુલીક એઓએ ભોગવી છોડયો, કે જે દીવસથી મુંબઈ સરકારની "લેજીસલેટીવ–કાઉનસીલ" ના એઓ સભાસદ નેમાયા. એ હોધ્ધો **ધી ઑનરેબલ ખાન** બહાદુર પદમજીએ સારી સમજ અને હોશીઆરીથી ૨ વર્ષ બજાવ્યો. તે વખતે હીંદુસ્થાનની મોલાકાતે આવેલા આપણા તખ્તના—વારેસ **પ્રિન્સ ઑવ વેલ્સે**, લીધેલી પુણાની ભેટની વખતે, ત્યાં તેને જાહેર 'માનપત્ર' આપવાનો ઠારાવ કરવા ભેગી મળેલી યુરોપીયન અને દેશીઓની ગંજાવર સભાએ, એમને **સરનશીન** ઠેડવ્યા હતા. અને તે 'માનપત્ર' શાહાજાદા હજુર ૧૮૭૫ ની ૧૩ મી નવેમ્બરે વાંચી સંભળાવવાનું માન પણ એમનેજ મળ્યું હતું. એમની જાહેર સખાવતોના આંકડાં ટુક હકીકત સાથ નીચે જણાવ્યે:—

| | |
|---|---|
| ખાન બહાદુર શેઠ પેસતનજી સોરાબજીની યાદગારીમાં તેમના નામથી પુણામાં ઉઘાડેલાં "ધર્મના દવાખાના" ને મદદ............ | રૂ. ૭,૦૦૦ |
| 'પુણા ફેમીનફંડ', 'નાર્થ વેસ્ટ પ્રોવીન્સના રીલીફ ફંડ,' વગેરે રેલનાં, અને બીજાં ફંડોને મદદ | ૬,૧૦૦ |
| "ખાન બહાદુર પેસતનજીનાં પુણાનાં ધર્મના દવાખાંના" ની ઈમારત ખરીદી આપી............ | ૫૦૦૦ |

| | રૂ. |
|---|---|
| પુણાની પાંજરાપોલ, મુંબઈની 'વીકટોરીયા ગારડન', તેમજ સ્કૂલો, અને લાયબ્રેરીઓને મદદ... | ૪,૦૦૦ |
| અમદનગરનાં દુખ્ખમાનાં, નાશીરાબાદીઓનાં, અને રૂવાંણીને અવલ મંજલ પોહોંચાડવાનાં ફંડોમાં ... | ૩,૫૦૦ |
| પુણા 'ડેવીડસાસુન ઇનક્યુરેબલ-આસાઇલમ'નાં ફંડમાં ........................................ | ૩,૦૦૦ |
| 'પુણાના ટાઉન હોલ ફંડ' માં ........................................ | ૧,૦૦૦ |
| યાદગારીનાં, અને બીજાં ફંડોને મદદ........................................ | ૧,૦૦૦ |

એ વગેરે બીજાં ઘણાંક ફંડોમાં એમની નાખલી રકમોથી થયલી મદદ, એમના મરહુમ પીતાની ઉપલી શખાવતો સાથે લેતાં, તેનો આંકડો રૂ. ૧,૦૦,૦૦૦ ઉપર જાયછે. અદાજણની 'જરતોસ્તી કન્યાશાળા', એમની સખાવતથી ચાલેછે.

ખાન બહાદુર શેઠ પદમજીની ૭ બેટીઓ વગેરે ૪ પુત્રો, મેસરસ દોરાબજી, નવરોજજી, સોરાબજી અને બેરામજી છે. મી. સોરાબજીને મુંબઇ સરકારે સ્ટાટ્યુટરી સીવીલ સરવીસમાં દાખલ કીધા. તેઓ બેલગાંમના એસીસ્ટંટ કલેકટર છે. મી. દોરાબજી 'પુણા સીટી મ્યુનીસીપાલીટી' ના સભાસદ, અને પુણા "વેસ્ટર્ન ઇંડયા રાયફલ એસોસીએશન" ના ઓનરેરી-સેક્રેટરી છે. તેમના વડા પુત્ર મી. ગાડરેજજી બી. એ., મુંબઇમાં એસીસ્ટંન્ટ-એકાઉનટંટના હોદ્દા ઉપર છે. મી. નવરોજજી કેલવાયલા એક ચંચળ ગ્રહસ્થ છે, અને મી. બેરામજી પુણાના ત્રીજા વર્ગના ઓનરેરી મેજીસ્ટ્રેટ છે.—શેઠ પદમજી દેખાવે ગંભીર અને દબદબાવાળા, હસમુખા, બોલકના પણ ટેકાવ જાલવનારા, મુંબઈમાં જાણીતા, પુણામાં પ્રખ્યાત લોકપ્રિય શેહેરી તરીકે માનીતા, અને ૬૪ વર્ષોની ઉમ્મર છતાં બાંધે ટટાર છે. તેમની બોહોળી સ્થાવર મીલકતનો મોહોટો ભાગ પુણામાં છે, તેની આવક મોહોટી ઉપજેછે.



મરહુમ આનરેબલ શેઠ જગંનાથ શંકરશેઠ, જે. પી.

THE LATE HON^BLE. JAGANNATHJI SANKARSETT. J.P.

Vincent Brooks, Day & Son, Lith London. W.C.

THE LATE

# Hon'ble* Mr. Jagannath Sunkershett, J. P.

THE primitive head of the family, Naráyen Ráo, lived at 'Porbunder' in Kathiáwár. His grand-son, Babul Ráo, opened business as a pawn-broker and money-lender in Bombay in 1733. The eldest of his two sons, Sunkershett, greatly extended his father's business, and as a dealer in 'pearls' acquired a large fortune. He built in Bombay a 'Temple of Bhawany Sankar' in memory of his deceased wife in 1805, now generally known as 'Sunkershett's temple' at Tárdeo. He gave large sums in charity for the well-being of his caste-fellows, and died in 1822, leaving behind him a large fortune and 3 sons, among whom Mr. Jagannáth, the subject of this memoir, was the youngest.

The late Hon. Mr. Jagannáth, or as he was popularly called *Shankershett-ná-Náná*, was born in Bombay in 1804, and belonged to the '*Daivádná*' section of the Hindu community. He followed his ancestral business of pawn-broking to great advantage, and was in his time one of—the acknowledged *leaders* of the native public. The present Government High-School was first opened in 1821, under the auspices of a committee of well-known citizens of Bombay, known as the "Native Education Society," of which Mr. Jagannáth formed a leading member. He was also a member of the 'Schoolbook Society,' formed in 1822. In 1840 the 'Native Education Society' was superseded by the "Board of Education," in which Mr. Jagannáth sat as a member. He was elected to the 'Petty-Jury' in 1824, the 'Grand-Jury' in 1828, was made a member of the Petty Sessions in 1833, and a "Justice of the Peace" in 1834. He was—an advocate of the spread of female education, and opened in 1859 a 'Girls' School' at his own expense. During the Indian Mutiny in 1857-58, he was from his great popularity suspected of having connection with the Maráthá rebels; but after searching enquiry he not only proved a most faithful subject of Her Majesty, but was even consulted by Government about the general feeling of the people. He was made a member of the *first* "Legislative-Council" of Bombay in 1861, and was re-elected in 1863. The Hon'ble Jagannáth died in 1865 in the midst of his useful public career in the Council, where he proved an able and useful member, and the '*Bombay Gazette*' of the 1st of August 1865 recorded that:—"Mr. Jagannáth's abilities as a legislator were very great. His discussions on the "public questions were most effective, and full of taste, independence, and activity." The —first Theatre in Bombay was built in 1841 on his ground, at Grant Road. In 1857 he opened a charitable 'Anglo-Marathi School,' which still continues after his name. He founded 8 scholarships in his name, 2 in the 'Gujarati medical class'

* Ex-Member, "Legislative-Council," Bombay.

of the Grant Medical College, Bombay, and 6 for the most successful Sanskrit scholars in the 'Bombay University.' He—opened in 1857 a "Charitable Dispensary" in Bombay, and named it after his father as "the Sunkershett's Charitable Dispensary." His public charities may be thus enumerated:—

| | | |
|---|---|---|
| To founding eight scholarships after his name in the 'Bombay University,' and in the 'Grant Medical College' | Rs. | 35,000 |
| To the 'Victoria Gardens and Albert Museum' | " | 25,000 |
| A Temple built in Poona | " | 15,000 |
| Contribution to the 'Royal Asiatic Society' | " | 5,000 |
| Set apart in his will, as the "Late Jagannáth Sunkershett's Fund" for extending charities to the needy poor | " | 25,000 |
| | Rs. | 1,05,000 |

He built also a public Temple and 2 Inns in Bombay and 4 in Poona for the Hindus; but the expenditure thereon has not been known. He was a prominent and useful member of the Municipal-Board of his time. In all public concerns his services were solicited either as chairman or a member. In 1863 a general public meeting was convened by the Sheriff of Bombay, to perpetuate his memory, and a—marble statue was voted, the same was ordered out from London at the expense of Rs. 25,000 and placed in the Town Hall in 1869. He died on 31st July 1865 at the age of 61. The sad occurrence grieved the general public, and most of the European and Native houses of trade, banks, shops and schools were closed for the day. All the public papers, including even the '*Government Gazette*' of the 4th August 1865, printed condolatory notices. Sir Bartle Frere, then Governor of Bombay, spoke highly of him in the Council:—"I believe that the Council has sustained a heavy loss in consequence "of the Hon'ble Mr. Jagannáth's demise, for which the Council as well as the Bombay "Government are *extremely* sorry. His services rendered to the Council were *most* "valuable. His place cannot easily be refilled." The Secretary of State for India for the time being also expressed his sorrow for his loss. Mr. Jagannáth was—the head of his community, a principal citizen and capitalist of Bombay.

He left an only son, Mr. Vinayekrao, then 30 years old, already well-known as a public-spirited citizen. He was a 'Justice of the Peace' and a Vice-President to the 'Bombay Association,' and died in the prime of life in 1873, leaving an infant son Bhavánishánker, who also died at the early age of 7, in 1877, to the utter grief of the family. The widow of Mr. Vinayekrao has *adopted* her nearest kinsman, Mr. Ráoji, a promising youth of 14, who is yet a student.

# સ્વર્ગવાસી

## ઓનરેબલ* શેઠ જગન્નાથ શંકરશેઠ, જે. પી.

એમના વડીલ નારાયણરાવ જાતે સોનાર, અટકે "મુરમાદ," અને વતની 'પોરબંદર'ના હતા. તેમના પૌત્ર બાબુલરાવે ઈ. સ. ૧૭૩૩ માં થોડી પુંજી સાથ—પેહેલવેહેલ્લા મુંબઈમાં આવી વશી, ફાયદા ભર્યો ધંધો કીધો હતો. તેમના બે માંહેલા વડા પુત્ર શંકર શેઠે, જાતી ચંચલાઈ અને મેહેનતથી બાપીકો સરાફી ધંધો ખુબ ખીલવી, મુંબઈના જાણીતા નાણાવટી અને શેઠીઆ થઈ પડયા, તે વખતે ઇંગ્રેજોને અફઘાનો સાથ લડાઈ ઉઠવે, સરકારી લોનોના ભાવ અરધા અરધ ગળીજવે તે એઓએ ખરીદી લીધા પછે, તેનો ભાવ પાછો ચહડવે, તેમાં, તેમજ 'મોતી'ના વેપારમાં સારી દોલત મેળવી હતી. તેઓએ પોતાની ધણીઆણી બાઈ ભવાનીબાઈ ની યાદગામાંરી "ભવાની શંકરનું દેહેરૂં" ૧૮૦૫ માં બંધાવ્યું, તે હાલ "શંકરશેઠનાં દેહેરાં"નાં નામથી જાણીતું છે, શંકરશેઠ પોતાના જાતીલાઓ ખાતર સારો ધર્મ કરી, ૧૮૨૨ માં, ૮૨ વર્ષની ઉમ્મરે, ૩ બેટાઓ મેલી સ્વર્ગવાસી થયા, તેઓ માંહેલા છેલ્લા તે આ હકીકતને લગતા સ્વર્ગવાસી શેઠ જગન્નાથજી હતા.

**શેઠ જગન્નાથ ઉર્ફે "નાના શંકરશેઠ,"** હીંદુજાતની "દૈવજ્ઞ" ન્યાતના, અને મુંબઈમાં બાઈ ભવાનીને પેટે ૧૮૦૪ ની જાનેવારીમાં જનમ્યા હતા. તેઓ સંસ્કૃત, મરાઠી, ગુજરાતી, ઈંગ્રેજી, વીગરે જાણતા હતા. પોતાને મળેલી મોહોટી દોલતથી બાપીકો નાણાવટીનો ધીકતો ધંધો ચાલુ રાખી વધાર્યો હતો. ૧૮ વર્ષની ઉમ્મરથીજ એમનાં વીચારો સુધારા અને વિદ્યાએલમના વધારા તરફ વળેલા હતા. હાલની "એલફીનસ્ટન હાઈસ્કુલ" જે પેહેલ્લી ૧૮૨૧ માં "નેટીવ એજ્યુકેશન સોસાઈટી" નામથી સ્થપાઈ અને તવંગર પારશીઓ ભેગા ૧૨ દેશીઓના આશરાથી ચાલુ થઈ હતી, તેઓમાં જગન્નાથ એક હતા, તેઓએ જીંદગી સુધી તેના લાભ ઉપર ધ્યાન આપ્યું હતું. એ ખાતાંને લગતી ૧૮૨૨ માં ઉભી થયલી "સ્કુલ બુક સોસાયટી"ના એઓ સ્થાપનાર હતા, કે જેણે, ૧૮૨૪ માં "બોમ્બે નેટીવ એજ્યુકેશન સોસાયટી" નામ ધારણ કીધું હતું. ૧૮૪૦ માં એ સોસાયટીએ પોતાનો અખત્યાર "બોરડ ઓવ એજ્યુકેશન" ને સોંપ્યો, તેના શેઠ જગન્નાથ સભાસદ હતા. મુંબઈના આગેવાન દેશી શેહેરીઓને 'માજી સુપ્રીમ કોર્ટના' ફોજદારી મુકરદમાઓની તપાસ વખતે "પેટી-જુરી"માં બેસવા ૧૮૨૪ માં અને "ગ્રાંડ-જુરી"માં બીરાજવા ૧૮૨૮ માં—પેહેલવેહેલ્લો હક મળ્યો, તેઓમાં શેઠ જગન્નાથ પણ હતા. તેમજ, વડી-સરકારની મંજુરીઅતથી ૧૮૩૪ ની ૨૯ મી જાનેવારીએ એક જાહેરનામાથી મુંબઈ સરકારે ગ્રાંડ-જુરીના સભાસદોને "સુલ્લેહના અમલદાર" ઠેડવ્યા તેઓમાં પણ એઓ-એ નેમાઈ મુંબઈની રૈયત ઉપર ત્યાંનાં શેહેરસુધરાઈખાતાં તરફથી થતાં જુલમી દબાંણોનો અટકાવવા એઓ બેદહેસ્ત હીમતથી સાંમે થતા હતા. ૧૮૩૩ માં એ સરકારે "કોર્ટ ઓવ ધી પેટીસેશન" માં બેસવા નેમેલા દેશી સભાસદોમાં એઓ એક હતા. એઓ—સ્ત્રી કેલવણીના મોહોટા મદદગાર, અને "સ્ટુડંન્ટસ લીટરરી એન્ડ સાએનટીફીક સોસાયટી" તરફથી સ્થપાયલી કન્યાશાળાઓને પેહેલું ઉત્તેજન આપનારાઓ માંહેલા એક હતા. ૧૮૫૯ માં એમના નામથી "જગન્નાથ શંકરશેઠ કન્યાશાળા" ઉઘડી, અને ૧૮૪૪ માં "બોમ્બે બ્રાંચ ઓવ ધી રાયલ એશીઆટીક સોસાયટી"ના એઓ સભાસદ બન્યા. દેશી પ્રજાના હક

* મુંબઈના "લેજીસ્લેટીવ-કાઉન્સીલ" ના સભાસદ, ૧૮૬૧—૬૫.

અને લાભ જાલવનારી 'ધી બોમ્બે એસોસીએશન' ૧૮૫૧ માં ઉભી થઈ ત્યારથી પોતાનો મરણ સુધી તેના એઓ સરનસીન હતા. ૧૮૫૭-૫૮ માં હીંદુસ્થાનમાં ફાટી નીકળેલા લશ્કરી-બળવાની વખતે, એ શેઠને મુંબઈ સરકાર તરફથી દેશીઓની લાગણી સંબંધી વારંમવાર સવાલો થતા, અને સલ્લાહ પુછવામાં આવતી હતી. એ બળવો બેશી ગયા પછે, તેને લગતો એક દસ્તાવેજ ૧૮૬૩ માં મળી આવવે, એ શેઠ ઉપર શેહેજ શક જવે, તેની તપાસ થતાં એઓ તદન નીરદોષ સાબેત થયા હતા. માજી "ઈસ્ટ ઈનડીઆ કંપની સરકાર"ના હાથમાંથી મહારાણીએ ૧૮૫૮ ની ઓગસ્ટમાં હીંદની સત્તા આપ-સ્વાધીન લીધી, અને ત્રણે ઈલાકાઓના ગવરનરોની ધારા "બાંધનારી-સભાઓ" નું પેહેલ્લું બંધણ કીધું, ત્યારે, મુંબઈની સર જ્યોરજ રસલ ક્લાર્કની સરકારે પોતાની એ "કાંઉનસીલ"ના દેશી સભાસદ તરીકે ૧૮૬૧ માં એ શેઠને ચુંટી કહાડ્યા હતા. ત્યારથી ધી ઓનરેબલ જગન્નાથ શંકરશેઠ—વધુ પ્રકાશી નીકળ્યા. તે હોધ્ધાની મુદત પુરી થવે ફરીથી એમને ૧૮૬૩ માં ચુટી કહાડ્યા, જે ભોગવતાંજ એઓ ૧૮૬૫ માં મરણ પામ્યા. એમની કાંઉનસીલની-કારકીર્દી ઘણીજ ફતેહમંદ નીવડી, તેને હીમત, આપઅખત્યારી, અને ચંચલાઈથી ચલકાવી કહાડી, રૈયત તેમજ રાજ્યને એકસરખો લાભ કરી, એઓ એક બાહોશ કાયદા—બાંધનાર તરીકે દીપીનીકળ્યા હતા. જે વીશે ત્યારનાં "બોમ્બે-ગેઝેટે" એ શેઠનાં મરણની નોંધ લેતાં જણાવ્યું હતું કેઃ—"એક કાયદાબાંધનાર તરીકે મી. જગન્નાથની શકતી બેશક ઘણીજ સરસ હતી. જાહેર સવાલોની તકરાર તેઓ ઘણીજ બાહોશી, આપ અખત્યારી, અને અશરકારક રીતે કરતા હતા. તેઓ એક ખરા કેલવણી પામેલા અને રોબવાલા હીન્દુ ગૃહસ્થ હતા, કે જેમની સાથ સંબંધ રાખનારાઓ તેના દબદબાનાં તાપથી તેને નમંન કરી માન આપતા હતા." ૧૮૪૧ માં—પેહેલેવેહેલી જાહેર 'નાટકશાળા' મુંબઈમાં એઓએ બાંધી, તેની ઉપજે, થયલા ખરચની રેશેરેશ વાળી આપીયા ઉપરાંત સારો નફો કરયા પછે, તે ૧૮૮૫ ની દીસેમ્બરમાં વેચાઈ ખાંનગી મકાન બન્યુંછે. હીંદુબાળકોને મુફત કેલવણી આપવા એઓએ ૧૮૫૭ માં "જગન્નાથ શંકરશેઠ ઈંગ્લીશ સ્કુલ" ઉઘાડી જે હાલ ચાલુ છે, અને 'ગ્રાંટ મેડીકલ કોલેજ' માં દેશી ભાષામાં વૈદકનું જ્ઞાન લેનારાઓ વાસ્તે પોતાના નાંમથી ૨ "જગન્નાથ શંકરશેઠ વરનેક્યુલર સ્કોલ-રશીપો" સ્થાપવા રૂ. ૫,૦૦૦ આપ્યા હતા. વળી એ મરહુમ શેઠનાં નામથી, તેમના સ્વર્ગવાસી પુત્ર મી. વીનાયકરાવે ૧૮૬૫ ની દીસેમ્બરે 'મુંબઈ યુનીવરસીટી' માં ૬ "જગન્નાથ શંકરશેઠ સંસ્કૃત સ્કોલ-રશીપો" ખોલવા રૂ. ૩૦,૦૦૦ ની પાદશાઈ બક્ષેસ કીધી હતી. ૧૮૫૭ માં શેઠ જગન્નાથે મુંબઈમાં પોતાના બાપની યાદગારીમાં "શંકરશેઠ ધર્મનું દવાખાનું" ખોલ્યું જે ચાલુ છે. મુંબઈની રૈયતના ખરચથી ૧૮૬૨ માં ત્યાં ઉઘડેલાં "વીક્ટોરીયા ગારડન એંડ ઓલબર્ટ મ્યુઝીયમ" ને એઓએ રૂ. ૨૫.૦૦૦ ની મદદ કીધી, પુણામાં 'પર્વતી' તરફ જવા ૧૮૬૩ માં રૂ. ૧૫૦૦૦ ને ખરચે 'જગન્નાથ શંકરશેઠ રોડ, નામથી જાહેર સડક બંધાવી, 'રોયલ એશીએટીક સોસાયટી' ને રૂ. ૫,૦૦૦ ના પુસ્તકો ખરીદી આપ્યાં, હીંદુઓ ખાતર મુંબઈમાં "રામ મંદીર" અને પુણામાં "શીવ મંદીર" દેહેરાં બંધાવ્યા, મુંબઈનાં 'વાળકેશ્વર' તેમજ 'ગીરગામ' માં ધર્મશાળા બંધાવી, તો બીજી ૪ પુણા, વજેશ્વરી, વાસીંદ, અને ઘોડબંદર તરફ બંધાવી છે. મુંબઈની દરએક જાહેર હીલચાલ કે સભાઓના એઓ સરનસીન કે સભાસદ તરીકે ચાલુ દેખાવ દેતા હતા. એઓ 'એલફીનસ્ટન ફંડ' નાં એક ટ્રસ્ટી હતા, 'બોરડ ઓવ કન્સરવેન્સી' ના ૭ વર્ષો સભાસદ રહ્યા હતા, 'એગ્રીહોર્ટીકલ્ચરલ સોસાયટી' ના, અને 'વીકટોરીયા મ્યુઝીઅમ કમીટી" ના સરન-સીન હતા, અને આગલી 'એલફીનસ્ટન ઈનસ્ટીટયુશન" (હાલની 'હાઈસ્કુલ'), તેમજ 'એલફીનસ્ટન કોલેજ' ની સ્થાપના કરવામાં એમની મુખ્ય-આગેવાની હતી. એઓએ બજાવેલી કીમતી સેવાનો બદલો વાળી આપવા, મુંબઈની પ્રજાએ એમની હૈયાતીના વખતેજ ૧૮૬૩ માં, દેશી ભેગા ઇંગ્રેજોની એક જાહેર-સભા બોલાવી એ પરોપકારી શેઠનું એક—સંગેમરમરનું બાવલું વેલાતથી બનાવી મંગાવવાનો ઠરાવ કીધો, તે ખાતર

ઉઘરાણામાં રૂ. ૨૫,૦૦૦ ભર્યા હતા. તે બાવલું ૧૮૬૯ માં ત્યાંની 'ટાઉન હૉલ' માં મેલાચુંછે. એઓ શેહેજ વખત 'કમલા'ની બીમારી ભોગવી, ૧૮૬૫ ની ૩૧ મી જુલાઈએ ૬૧વર્ષની ઉમ્મરે મુંબઈમાં —સ્વર્ગવાસી થયા, તે આખ્ખો દીવસ જાહેર દીલગીરી જણાવવા, ત્યાંની ઈંગ્રેજી તેમજ દેશી આફીસો, બેંકો, પેહેડીઓ, દુકાનો, જાહેર કારખાંનાં, અને નીશાળો બંધ રાખી હતી. તો, મુલ્લેહના અમલદારોની સભાએ, બૉમ્બે બ્રાંન્ચ ઓવ ધી રૉયલ એશીઆટીક સોસાયટીએ, વીકટોરીઆ મ્યુઝીઅમ એન્ડ ગારડન્સ કમેટીએ, એગ્રીહોર્ટીકલચરલ સોસાયટી આવ વેસ્ટર્ન ઈંડીઆએ, મુંબઈની યુનીવરસીટીએ, અને ગ્રાંટ મેડીકલ કૉલેજે, તેમજ સઘળાં દેશી તેમજ ઈંગ્રેજી પત્રોએ અંતઃકરણની દીલગીરી બતાવી હતી. વળી ત્યારની સર બાર્ટલ ફ્રેયરની મુંબઈની સરકારે ૪ થી ઓગષ્ટ ૧૮૬૫ ના "સરકારી-ગેઝેટ"માં જાહેર દલગીરી જણાવ્યા ઉપરાંત પોતાની 'કાઉનસીલ' માં એ મરહુમ ગૃહસ્થની લાંબી તારીફ કીધી હતી, તે હીયાં ટુકમાં જણાવ્યેઃ—"આ કાઉનસીલ ઑનરેબલ જગન્નાથના મરણથી પોતાને મોહોટી ખોટ ગયલી "સમજી ભારે અફશોશ જાહેર કરેછે. એ મરહુમ સભાસદે આ કાઊનસીલની જે અમુલ્ય સેવા બજાવીછે, "તેની જગ્યા જલદીથી પુરાશે નહીં." શેઠ જગન્નાથ પોતાના વખતના મુંબઈમાં એક મુખ્ય નાણાવટી, દરજ્જાવાલા શેહેરી, અને હીંદુ કોમના—વડા તરીકે ૩૫ વર્ષ સુધી ચાલુ માન ભોગવી ગયા. પોતાના ગરીબ હમજાતીઓને ઘટતો આશરો આપવા વીલમાં ફરમાવી જઈ તેઓ રૂ. ૨૫,૦૦૦ હેલાયધા કાહાડી ગયા, તે, "ધી ઓનરેબલ, જગન્નાથ શંકરશેઠ ફંડ" નામથી ઓલખાય છે.

મરહુમ શેઠ જગન્નાથ પોતાની પાછળ એક પુરા પુત્ર મી. વીનાયકરાવને ૩૦ વર્ષના મેલી ગયા હતા. તેઓ જાણીતા શેહેરી, મુલ્લેહના અમલદાર, "બોમ્બે એસોસીએશન" ના સેક્રેટરી, અને નાયબ-સરનશીન હતા. તેઓપણ પોતાના ૪ પુત્રોમાં ૩ વર્ષના એક ભવાનીશંકરને હેયાત મેલી, ૧૮૭૩ ની ૩ જી અકટોબરે ૪૩ વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસી થયા. હવે એકલા ભવાનીશંકર ઉર્ફે બાળાસાહેબ ઉપરજ જે, જગન્નાથના કુટુંબની યાદ કાયમ રહેવાની આશા રખાઈ હતી તેપણ ભ્રષ્ટ થઇ, કે જેને પણ ૭ વર્ષની ખીલતી વયે જમે ઝુટી લેઈ એ કુટુંબને ગમખ્વાર કીધું. એમ, ઑનરેબલ જગન્નાથની—ઓલાદની યાદ બુજાઈ ગઇ તે નીર-વંશ બન્યુંછે. મી. વીનાયકરાવની વિધવા બાઈ લક્ષ્મીબાઇએ, હાલ પોતાના એક નજદીકના એશીના પુત્ર રાવજીને "દત્તક" કરી લીધો, તે જવાન ઇંગ્રેજી અભ્યાસ કરેછે, અને ભવીષ્યમાં ચાલાક નીવડવાની પુરતી આશા આપેછે. મરહુમ શેઠ જગન્નાથ, દેખાવે દબદબાવાલા, પુરા બાહોરા અને પાવરદા, અને વાતચીતમાં લાયક અને, દીલ જીતી લેનારા ગૃહસ્થ હતા.

# Hon'ble* Mr. Dossabhai Framji Karaka, J. P., C. S. I.

MR. DOSSABHÁI is one of the singularly successful and self-made gentlemen on this side of India, and has secured for the educated Native Gentlemen many rights and privileges, which, before his time, were enjoyed exclusively by Europeans. He has ably and faithfully discharged his public offices, as—the *first* Native Magistrate, the *first* Native Chairman of the "Bombay Municipal-Corporation," and also of "H. M.'s Bench of Justices," and the first *Native* Official appointed to the "Legislative-Council."

His early ancestors lived at Surát, and one of them, Mr. Nasserwanji, served under a Dutch Merchant named "Crock," and hence the Surname "Karáká." Nasserwanji's grand-son Mr. Frámji —first settled in Bombay, and is now a Government Pensioner. Mr. Dossabhái, the subject of this Memoir, is the second among his four sons.

Mr. Dossabhái was born at Surát on the 8th of May 1828, and is conversant with Gujaráti, Maráthi, and English languages. His public career commenced in 1850 as the Editor of the "*Jám-e-Jamshed*," then a bi-weekly Gujaráti paper, which he was instrumental in converting into a daily journal. He was at the same time Assistant Secretary to the "Sir Jamsetji Jeejibhoy Parsee Benevolent Institution," and also conducted a Gujaráti periodical "*Jagát Prêmi*," contributed to other periodicals and delivered lectures in connection with the "Dnyan Prasáruk Society." In 1853 Mr. Dossabhái was appointed Manager to the "*Bombay Times*," then under Native proprietory, and subsequently was nominated Sub-Editor. A collection of his Gujaráti 'Essays' and 'Lectures' was published in 1856. During the Indian Mutiny in 1857 Mr. Dossabhái rendered—valuable services to the Paramount Power by printing for public circulation all over India a pamphlet entitled "The British *Ráj*" in Gujaráti and Maráthi languages, which brought him the warmest acknowledgment from Lord Elphinstone, then Governor of Bombay. In 1858 he went on a tour to England, and there brought out his first English standard work on the "History of the Parsis," which was favourably taken notice of by the public and the Press, the improved second edition of which he also published there in 1884 with the same success. It was highly spoken of by the English and the Indian Press. Mr. Dossabhái may be called the *first* historian of the renowned Parsi race. On his return from London he published in Gujaráti his "Travel in Great Britain." He was appointed in 1859 Assessor in the 'Bombay Municipality,' and also one of the Collectors of the 'Income-Tax,' then first introduced into India. The intelligence and activity with

* Ex-Member, "Legislative-Council," Bombay.



શેઠ દોસાભાઈ ફરામજી કરાકા, સી. એસ. આઈ.

Dossabhai Framji, Esq., C.S.I.
Ex- Member of the Legislative Council, Bombay.

which Mr. Dossabhái discharged his responsible duties was approved of by the Government, and he was appointed to the post of Third Presidency Magistrate of Bombay. He was the—first Native gentleman appointed to this honourable and responsible post. In 1868 he was transferred from the Judicial to the Revenue Department as Collector of the "Certificate-Tax," and in the next year of the re-imposed "Income-Tax," which he levied with such a degree of discretion and good sense, as to evoke approbation from the Local, Supreme, and the Home Governments. He was appointed the *only* Native member on the "Boregaught Commission of Enquiry," instituted in connection with the fatal accident on the G. I. P. Railway Line. In 1873, on the abrogation of the odious Income-Tax, Mr. Dossabhái reverted to the Magisterial Bench. He soon became Second Presidency Magistrate, and in 1874, he was temporarily appointed to act as Chief-Magistrate and Revenue Judge of Bombay Presidency. At the same time he was elected Chairman of the 'Bench of Justices of the Peace' of Bombay. In 1872 he was nominated High-Sheriff of Bombay, and has since been continuously elected as a member of the "Bombay Municipal Corporation" and of the "Town Council." Mr. Dossabhái always takes an active and prominent part in the administration of the City Municipality, and in acknowledgment of the same, he was in 1875 appointed Chairman of the "Municipal-Corporation." On H. R. H. the Prince of Wales's visit to India, Mr. Dossabhái had the honour of reading the Public Address presented to the Prince, both on the occasions of his arrival and departure. In commemoration of the event Mr. Dossabhái was presented with a 'medal' bearing the Prince's effigy. In 1877 H. I. M. the Queen-Empress, approving of his official and public services, appointed him "a **Companion** of the Most Exalted Order of the **Star** of **India.**" In January 1878 the Licence-Tax was re-imposed, and owing to—his success on previous occasions in calming all agitation and securing the peaceful recovery of the odious tax, Mr. Dossabhái was appointed Collector for the first year, and was at the same time made a member of the "Legislative-Council," Bombay. In 1882 the Hon'ble Mr. Dossabhái was temporarily nominated the Collector of Bombay,—a post hitherto *reserved* for the members of the Covenanted Civil Service only. He has twice visited England. His time for public service having expired in May 1884, he has been allowed extension by the Government for two years. Mr. Dossabhái is one of the leading citizens of Bombay, and a most faithful and valuable officer of Government. There are very *few* officials, either Native or English, who have had such a distinguished career as Mr. Dossabhái.

Mr. Dossabhái has 4 daughters and 2 sons. The eldest, Mr. Jehángir, is an Assistant-Collector of Customs, Bombay. He has passed his final examination for the Bar, in London, in August 1885. The second, Mr. Kaikhushru, is a student of St. Xavier's College, Bombay.

# ઓનરેબલ* શેઠ ડોસાભાઈ ફરામજી કરાકા, સી. એસ. આઈ.

જાતી બુદ્ધિ અને ચંચલાઈનાં બળથી ખીલી નીકળેલા પ્રખ્યાત ગૃહસ્થો માંહેલા **મી.** ડોસાભાઈ એક છે. એમના સુરતમાં વશી ગયલા વડીલો માંહેલા શેઠ **નસરવાનજી**, ત્યાંના વલંડા વેપારી "કરેક" ને ત્યાં કામે લાગવે "કરાકા" તરીકે ઓળખાયા, તે અટક આજસુધી તેમના વંશીઓ સાથ જોડાઈ ચાલુ રહીછે. **નસરવાનજી** કરાકાની ત્રીજી પેઢીના **મી.** ફરામજી કરાકા,—પેહેલ્લા મુંબઈમાં આવી વસ્યા અને ત્યાંની માજી 'સદર-અદાલત' માં વડા-કલાર્ક તરીકે ઓધ્ધો બજાવી હાલ પેનશન મેળવી એકાંત થયા છે. તેમના ૪ પુત્રો માંહેલા ૨ જા તેઓ આ હકીકતને લગતા **મી°** ડોસાભાઈ, સી. એસ. આઈ. છે.

શેઠ **ડોસાભાઈ**, ૧૮૨૮ ની ૮ મી મેએ સુરતમાં જનમ્યા અને મુંબઈની 'એલફીનસ્ટન કોલેજ' માં ઈંગ્રેજી કેલવણી લીધી, તેઓ ગુજરાતી, મરાઠી પણ જાણેછે. એમના ૩ માંહેલો ૧ ભાઈ હૈયાત છે. કૉલેજ છોડ્યા પછે ૧૮૫૦ માં, ત્યારે અઠવાડીયામાં બે વાર છપાતા "જામે જમસેદ" વર્તમાનપત્રના અધિપતી નેમાઈ, તેને રોજીંદુ બનાવી તેનાં લખાણમાં વધારો અને દેખાવમાં સુધારો કીધો હતો. એજ વખતે એઓએ "સર જમસેદજી જીજીભાઈ પારશી બેનીવોલંન્ટ ઈનસ્ટીટ્યુશન" ના નાયબ-સેક્રેટરીનો હોધ્ધો બજાવી, જાણીતાં માસીક, "જગત-પ્રેમી" ચોપાંન્યાંને ૧ વર્ષ ચલાવી, "જ્ઞાન પ્રસારક" ચોપાંન્યાંની બાબદો અવારનવાર લખતા રહી, એજ નામની મંડળીના સંબંધમાં ભાષણો આપ્યાં હતાં. ૧૮૫૩ માં 'જામે જમશેદ' ના અધિપતીનો, તેમજ, સર 'જમસેદજી ઈનસ્ટીટ્યુટ' ના સેક્રેટરીનો હોધ્ધો છોડી, એઓ તે વખતનાં "બૉમ્બે ટાઈમ્સ" નાં મેનેજર બન્યા પછે, તેના નાયબ-એડીટર નેમાઈ, તે પત્રને ઘણી ચંચલાઈ અને બાહોશીથી ચલાવ્યું હતું. એમના લખાયલા ઘણાક 'રશાલા' ઓના શામટા સંગ્રહનું એક નાધલું પુસ્તક ૧૮૫૬ માં છપાયું હતું. હીંદુસ્થાનમાં ૧૮૫૭ માં ફાટી નીકળેલા યાદગાર લશકરી બળવાના ગરમ હીગાંમમાં, મી. ડોસાભાઈએ, ઇંગ્રેજી રાજ્યના ફાયદાવીશે ગુજરાથી તેમજ મરાઠી ચોપાન્યાં છપાવી, મુફત વેહેચ્યાં હતાં; જેથી ત્યારના—મુંબઈના ગવરનર લૉર્ડ એલફીનસ્ટને પોતે પત્ર લખી એમનો ઉપકાર માન્યો હતો. ૧૮૫૮ માં એઓ યુરોપની મુસાફરીએ નીકળેલા લંડન જઈ, ત્યાં, હાલના "પારશીઓની રીત-રશમ અને તવારીખ" ને લગતું પુસ્તક છપાવ્યું કે જેની વધારા સાથ સુધારેલી ૨ જી આવૃત્તિ ફરીથી ૧૮૮૪ માં ત્યાંજ છપાવી હતી. એ બેઉ વખતે તેની જાહેરમાં સારી વખાંણ થઈ હતી. ૧૮૬૦ માં, એઓએ 'ગ્રેટ બ્રીટનની મુસાફરી" નું પેહેલું ગુજરાતી પુસ્તક મુંબઈમાં છપાવ્યું. ૧૮૫૯ માં 'બોમ્બેટાઈમ્સ' સાથનો સંબંધ છોડી, એઓ મુંબઈનાં શેહેરસુધરાઈખાતાંનાં એસેસમેંટને લગતા એસેસર નેમાઈ, તે ખાતું સુધારયું, અને ત્યારે મુંબઈમાં—પેહેલવેહેલા નખાયલા "ઈનકમ-ટેક્સ" ના, કોટ ખાતાંના એસેસરનો હોધ્ધો પણ બજાવ્યો હતો. એ ટેક્સ કહાડી નાખવાનો ઠરાવ થયો કે, મુંબઈ સરકારે એમની ચાલાકી અને ઈમાનદારી ધ્યાનમાં લેઈ, એમને મુંબઈ શેહેરના ૩જા મેજીસ્ટ્રેટના હોધ્ધા ઉપર નેમ્યા.—દેશીઓમાં પેહેલ્લા એ હોધ્ધા ઉપર આવેલા મી. ડોસાભાઈએ, તે, એવો તો ખાતરીપુર્વક રીતે બજાવી બતાવ્યો કે, ત્યારથી બીજા દેશીઓ ખાતર તે મારગ ખુલ્લો થયોછે. ૧૮૬૭ માં નખાયલા "લાઈસન્સ-ટેક્સ" ના એમને મુંબઈ ખાતાંના કલેકટર નેમ્યા હતા. એજ વર્ષે, "જી. આઈ. પી. રેલવે" ની બોરઘાટ-લાઈન ઉપર બનેલા એક ભયંકર અકસ્માતથી પુષ્કળ પ્રાંણોની ઘાત થવે, તેની તપાસ કરવા, સરકારે નેમેલાં મોહોટાં 'કમીશન' માં એકલા દેશી સભાસદ તરીકે, મી. ડોસાભાઈને નેમ્યા હતા. ૧૮૬૮ માં લાઈસન્સ-ટેક્સને સુધારી "સરટીફીકેટ-ટેક્સ" નામથી ચાલુ કીધો, તેના, અને બીજે વર્ષે પાછા ચાલુ થયલા "ઈનકમ-ટેક્સ" ના કલેકટર તરીકે એમનેજ સરકારે નેમી રૂ. ૧,૫૦૦ નો દરમાયો આપ્યો હતો. રૈયતને—અકારા થઈ પડેલા એ કરો વસુલ કરવાનો હોધ્ધો, ચાલુ ૬ વર્ષો સુધી ઈમાનદારીથી બજાવતાં મી. ડોસાભાઈએ, કંટાળેલી રૈયતના

* મુંબઈની, "લેજીસલેટીવ-કાઉન્સીલ" ના માજી સભાસદ, ૧૮૭૮-૮૨.

ગુસ્સા અને જુસ્સા તરફ ઘણીજ સારી સમજ વાપરી, સંભાળથી કામ લીધું હતું. એ 'ટેક્સ'ને લગતા દરેક વાર્ષીક રીપોર્ટમાં, એમને—મુંબઈ અને કલકત્તાની સરકારો, અને હીંદના-વજીર તરફથી, સારી શાબાસી મળતી રહી હતી. ૧૮૭૩ માં 'ઈનકમ ટેક્સ'નું નામ નાબુદ થવે, મી. ડોસાભાઈ પોતાના આગલા મેજીસ્ટ્રેટના હોધ્ધા ઉપર આવ્યા પછે, પદવી ચઢી ૨ જા મેજીસ્ટ્રેટ નેમાઈ, તે હોધ્ધો હજુ ભોગવેછે. ૧૮૭૪ માં ૪ માસ સુધી—દેશીને કદી નહીં મળેલો મુંબઈ ઈલાકાના ૧ લા મેજીસ્ટ્રેટનો જોખમ ભર્યો હોધ્ધો એઓએ પુર પતીજ ભરી રીતે બજાવ્યો. એમ મોહોટા અને જોખમ ભર્યા જાહેર હોધ્ધા ચંચલાઈથી બજાવી, સરકારનું સારૂ મત બેસાડી, એઓએ પુરતું માન મેળવ્યુંછે. તો, એક દેશહિતકારી શેહેરી તરીકે પ્રજા-ઉપયોગી જાહેર સેવા બજાવવા ખાતર પુરા જાણીતા થયાછે. સઘળાં પ્રજા-ઉપયોગી કામો અને હીલચાલ સાથ **મી.** ડોસાભાઈનું નામ જોડાયલું જણાયછે. ૧૮૬૦ માં મુંબઈ સરકારે એમને 'સુલ્લેહના અમલદાર' ઠેડવ્યા. મુંબઈ શેહેરની કરભરનારી-પ્રજાની પારલીમેંટની બેઉ સભા તે 'મ્યુનીસીપલ-કોરપોરેશન' અને 'ટાઉન-કાઉનસીલ'માં એઓ કેટલાંક વર્ષો થયાં ચાલુ રીતે સરકાર કે પ્રજા તરફથી સભાસદ પસંદ થઈ બીરાજેછે. મહારાણી વીકટોરીઆના બીજા પુત્ર ડ્યુક ઓવ એડીનબરોની હીંદુસ્થાનની મુસાફરી વખતે, તેણે મુંબઈમાં પેહેલ્લો પગ મેલતાં, ત્યાંની ટાઉનહોલમાં ભરાયલી શેહેરી જાહેર સભાએ તેને મુબારકબાદી આપીહતી ત્યારે નેમાયલી 'રીસેપશન-કમીટી' ના ૫ ગૃહસ્થોમાં **મી.** ડોસાભાઈ એકલાજ દેશી હતા. એમને, **સર** સેમોર ફીટઝરલ્ડની સરકારે ૧૮૭૨ માં મુંબઈના "શેરીફ" બનાવ્યા હતા. એજ વર્ષે, મુંબઈને કીનારે ઉતરેલા માજી વાઈસરોય **લોર્ડ નાર્થ** બ્રુકને માનપુર્વક આવકાર દેવા ટાઉનહોલમાં મળેલી જાહેર-સભાના પ્રમુખની ખુરશી એમને આપવામાં આવી હતી, અને 'નાર્થબ્રુક-બગીચો' બાંધવા કરતાં થયલાં ઉઘરાણાંનાં લીસ્ટમાં રૂ. ૫૦૦ ભર્યા હતા. એઓ ૧૮૭૫ માં મુંબઈની "મ્યુનીસીપલ-કોરપોરેશન"ના—પેહેલ્લા દેશી તરીકે પ્રમુખ નેમાયા હતા, ત્યારે મી. **ડોસાભાઈને** ખુશાલી ભર્યું કામ બજાવવાની સુંનેરી ટક એ મળી હતી કે, આપણાં **મહારાણીના** વડા પુત્ર અને તાજના-વારેસ પ્રીન્સ ઓવ વેલ્સને, હીંદુસ્થાની મુસાફરીએ આવવે, તેને મુંબઈના કીનારા ઉપર પગ મેલતાં મુબારકબાદી આપનારૂં માન-પત્ર, યુરોપીઅન અને દેશીઓના ભેગા ભરચકર મેલાવડામાં એઓએ વાચ્યું હતું. તેમજ વળી, મુસાફરી પુરી કરી તેણે, હીંદુસ્થાનના કીનારા ઉપરથી છેલ્લો પગ ઉચક્યો ત્યારે પણ છેલ્લા આશીરવાદનું આપેલું માન-પત્ર એઓએજ વાચ્યું હતું. તેની યાદમાં, શાહાજાદાએ, મી. ડોસાભઈને પોતાની છબી સાથનો એક 'ચાંદ' ભેટ આપ્યો હતો. એમની અગણીત જાહેર સેવા ધ્યાનમાં લેઈ, **મહારાણી** વીકટોરીઆએ 'કયસરેહીંદ'નો ખેતાબ લેવાની ખુશાલીમાં ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ, એમને "**ઓરડર ઓવ ધી કુંમપેનીયન ઓવ ધી સ્ટાર ઓવ ઇંડયા**" નો માનવંન ખેતાબ, ત્યારના હીંદુસ્થાનના વાઈસરોય મારફતે બક્ષી, તેનો 'ચાંદ' આપ્યો હતો. ૧૮૭૮ માં શજીવંત થયલા 'લાઈસન્સ-ટેકસ'ના ખાતાંને સારા પાયા ઉપર લાવવા ૧ વર્ષ, મુંબઈ સરકારે, મી. ડોસાભાઈના ઉપરીપણા હેઠળ તેને મેલ્યું હતું. એજ સાલમાં મુંબઈની **સર** રીચર્ડ ટેમપલની સરકારે, એમને પોતાની "લોકલ-કાંઉનસીલ"ના સભાસદ નેમ્યા, તે માન ભર્યો હોધ્ધો '**ઓનરેબલ મી.** ડોસાભાઈ ૨ વર્ષો ભોગવી' છુટા થયા હતા.—પેહેલ્લા દેશીતરીકે મુંબઈના કલેકટરનો હોધ્ધો જે, યુરોપીયન 'સીવીલ સરવંટો' નેજ મળે છે, તે એમને વગર-સનદી અમલદાર તરીકે ૧૮૮૨ ના ઓગષ્ટમાં કામ ચલાઉ મળ્યો હતો. ૧૮૮૪ ની ૨૫ મી મેએ પોતે ૫૫ વર્ષની વયે પુગવે, કાયદા પ્રમાણે મેજીસ્ટ્રેટનો હોધ્ધો પેનશન લેઈ ન છોડતાં **મી.** ડોસાભાઈએ ૨ વર્ષની મુદત વધારે લીધી છે. એઓ યુરોપખંડ માં બે વાર મુસાફરી કરી આવ્યાછે.

શેઠ ડોસાભાઇને, ૬ ફરજંદોમાં ૪ બેટીઓ અને ૨ પુત્રો છે. વડો બેટો **મી.** જાહાંગીર એક કેલવાયલો જુવાન મુંબઇની 'કસ્ટમ'ના એસીસ્ટન્ટ-કલેકટર નેમાયા છે, અને લંડનમાં 'બેરીશતર'ની પરીક્ષા પશાર કીધી છે. બીજો પુત્ર મી. કેખુશરૂ વિદ્યા અભ્યાસ કરેછે. **મી.** ડોસાભાઇ, મુંબઇ ઇલાકાના ૨ જા મેજીસ્ટ્રેટ છે. તેઓ જાહેરમાં ઘણાં ઓલકના, ઘટતી રીતે ટેકાવ રાખનારા, સ્વભાવે મીલનસાર, વાતચીતમાં હશમુખા અને શામાનું દીલ જીતી લેનારા, ઇંગ્રેજ સરકારના એક સુનંદા હોધ્ધેદાર, અને મુંબઇ શેહેરના એક પંકાયલા શેહેરી છે.

THE LATE

# Ganesh Vasudeo Joshi, Esq., of Poona.

MR. GANESH JOSHI, a singularly successful and a thoroughly self-made man, was born in Pooná on 6th April 1829, and belonged to the '*Konkánásht*' Bráhmins among the Hindoos. He knew Maráthi and English. His eldest brother was a subordinate-judge, now retired on pension, and his second brother is a leading 'pleader' in the court of Sátárá. Mr. Ganesh began life in the service of the court of the Assistant-Judge of Pooná, and on passing the pleader's examination, he practised in the same court, and quickly—rose to eminence by his ability and perseverance. He made his *mark* in the very first case that came to his hand. He was engaged on behalf of a party to prosecute some of the influential Bráhmins of Pooná for fraud, and he remained unflinching under all the influence and pecuniary offers brought to bear upon him to withdraw the prosecution. In another civil case Mr. Ganesh sustained his reputation for uprightness, independence and legal ability in disproving a charge of forgery against his respectable Bhorá clients. The management of the "Shrine of Párvati" at Pooná, which has been endowed with the grant of certain villages from the time of the Peshvás, had been left by the British Government to a committee, who however proved themselves careless and irresponsible. Mr. Ganesh on the 14th March 1869 organised an association of respectable Hindoo citizens to check this mismanagement. By-and-by the scope of the labours of this association was enlarged, and the "*Pooná Sarvájánik Sabhá*," or 'Popular Assembly,' became the representative body of the public, that represent to the Government the popular views on administrative wrongs and shortcomings. In order to secure funds for the association, Mr. Joshi took a protracted tour to Calcutta, Benares, Agrá, Láhore, and other principal cities of India, and raised subscriptions therefrom. In his new zeal for the good of his country he gradually neglected, and ultimately even—sacrificed, his lucrative profession, and gave himself up to the solution of problems connected with the future advancement of India. He delivered lectures on Indian commerce, the material loss it sustains in its unequal imports and exports, &c. With the view to *encourage* native industry, he formed associations, the members whereof bound themselves to use as far as possible all native products, and opened shops in Pooná, Sátárá, Nágpur, Bombay, Surát, Ahmadábád, &c., to sell home-made articles for use. The British law being expensive, and litigation having *ruined* several families, Mr. Joshi held them up as a warning to poor



રા. રા. ગણેશ વાસુદેવ જોસી.

The Late Gunesh Wasoodan Joshi, Esq.

people, and proposed to Government the establishment of "arbitration courts" where petty suits could be disposed of with little trouble and expense. He undertook an extensive tour to explain to the people the merit of this institution, and delivered lectures in almost all parts of India. The Government of India—at last encouraged the suggestion and opened several courts of arbitration in Pooná and its vicinities, and recognised them by passing "The Deccan Agricultural Relief Act." Similar courts are now established in many parts of Gujárát. Mr. Joshi's—name will always be associated with the "*Pooná Sarvájánik Sabhá*" the "*Lavád* or Arbitration Courts," and "the associations for encouraging *Deshi* or native manufactures and industries." He was the *first* to propose a press conference, and had gone as far as Calcutta to organise "The Native Press Conference," but he failed. He had the moral courage to make a bold stand against the caste-prohibition of voyages across the sea, against re-marriage, and many other prevailing abnormal customs among the Hindoos. He was a powerful advocate of female-education, and organised a special institution the "*Stri Vichárváti Sabhá*" for enhancement of the female cause. Out of his small professional gains, he built a temple to "the God Vishnu," and a reservoir to supply the *wants* of the people in his neighbourhood. He died on 25th July 1880,—deeply regretted by the public of Pooná, and in honour to him the Arbitration Courts, the Native General Library, mercantile firms, and the bázárs were closed for the day. His funeral was largely attended, and a meeting was called on 8th August 1880 to concert measures to commemorate his name. The amount of Rs. 7,000 was raised by public subscription, and the **"Ganesh Vasudev Joshi Memorial Hall"** was built, and opened on 6th January 1885. The "*Graphic*" of England thus noticed his death:—"He was equally liked by the Natives as well as the Europeans. He died of nine days' "weakness. He was a true patriot, beloved by the Natives, and a true friend of the "farmers. For the benefit of his countrymen, he travelled from one to the other end "of India without hesitation. In short, he was seldom at rest, and his death is a great "loss."

Mr. Joshi left 3 daughters and 3 sons, the eldest, Mr. Hurree Gunésh, is in the employ of the Mahárajá of Indore, and the others, Narayen and Vishnu, are students. Mr. Joshi's pecuniary circumstances were easy and he never grudged to bestow his money on fitting occasions. He was extremely simple in habits and free in conversation. He had an extraordinarily strong constitution for hardwork, and his great self-dependence, untiring perseverance, total abnegation of all enervating pleasures, public spirit, and an utter sinking of self-interest in the love of his country, have made—his name revered as a *patriot* of India.

# સ્વર્ગવાસી ગણેશ વાસુદેવ જોશી,

## પુણાના.

**મી૦** ગણેશના બાપ વાસુદેવ જોશી આબરૂદાર ખાનદાંનના અને ઇંગ્રેજ સરકારની નોકરીમાં હતા. તેઓના ૩ પુત્રો માંહેલા નાહાના તે આ હકીકતને લગતા ગણેશ જોશી, ચંચલાઈ અને મેહેનતથી ખીલી નીકળી આખ્ખાં દખ્ખણમાં—ખરા દેશ-હીતકારી પુરૂષ તરીકે વખાણાઇ ગયા.

**મી૦ ગણેશનું** બીજું નામ **ગણપતરાવ** પણ હતું. તેઓ પુણામાં સાવીત્રી બાઈને પેટે, ૬ ઠી અપરેલ ૧૮૨૯માં જન્મયા અને હીંદુઓમાં સરસ ગણાતી 'કોકણસ્થ બ્રાહ્મણ' ન્યાતના હતા. તેઓ પક્કું મરાઠી અને કામચલાઉ ઇંગ્રેજી જાણતા હતા. તેમના વડા ભાઈ સબોરડીનેટ-જડજ હતા, અને હાલ પેનશનર છે. તો, વચલા ભાઈ સતારાની કોર્ટના મુખ્ય 'પ્લીડર' ગણાયછે. મી૦ ગણેશ પેહેલે પુણાના અસીસ્ટંટ-જડજની કોર્ટમાં રહ્યા પછે, "પ્લીડર"ની પરીક્ષા પસાર કરી, પુણાની કોર્ટમાં સરસ ચંચલાઈ અને બુદ્ધી બળે—ખીલી નીકળી જાણીતા થયા હતા. એમને હાથ આવેલો ફરયાદી તરફનો પેહેલવેહેલો ફોજદારી કેસ ઘણોજ ગુચવાડાનો અને મેહેનત ભર્યો હતો. પ્રતીવાદીઓ પુણાના ઘણા જાણીતા શાસ્ત્રીઓ ઉપર દગલબાજીનું તોહોમત હતું, તેમની તરફથી માંડવાળ કરવા મોહોટા વગ અને શેવટે પૈસાની અસર કારગત ન લાગતાં, ગણપતરાવે તેઓને ઈનસાફની અદાલતમાં ઘશડવે, તે, વગવાલા લોકોમાં અકારો થવા છતાં,—ઈમાનદારી અને પક્કા ઠરાવ ખાતર વખણાયો હતો. બીજા એક અગત્યના દીવાની કેસમાં, મુખ્ય આગેવાનો પુણાના 'વોહરા' હતા. તેમની વિરૂધ્ધ ખોટી સહી કરવા, પુરતી ચંચલાઈ અને બાહોશીથી પ્રતીવાદીઓનો કેસ ચલાવી તે ઉરાડી નંખાવ્યો હતો. એથી લોકોમાં એને વીશે ઉચું મત બેઠું હતું. હવેથી મી. ગણપતરાવનાં—દેશહીતકારી અને પ્રજા ઉપયોગી કામોની કારકીર્દીનો શકો ફેરવાયછે. પુણા નજદીકનાં જાણીતાં અને પુરાતન "પરવતીનાં દેહેરાં"નો ખરચ નીભાવવા, પેશવાઈ રાજ્યે અસલથી ગામોની આયપત કાયમ બક્ષી હતી, તે, ઈંગ્રેજ સરકારે પણ ચાલુ રાખી, એ સરનજામમાંથી* તે ખરચ ચલાવી તપાસ રાખવા એક 'કમીટી' નેમી, તેઓનો કારોબાર પુણાના હીંદુઓને નાપસંદ પડવે, ગણપતરાવે તે ફરીયાદ ઉચકી લેઈ એ વહીવટ, સરકાર બદલે હીંદુ પ્રજાના વધુ મતે ઠરેલા ગૃહસ્થોની કમીટીએ કરવો, એવી તકરાર ઉઠાવી, તે વીશે, તેમજ રાજ્ય-વહીવટ ચલાવવા વીશેની શેહેરી આગેવાનોએ અનુમતે કીધેલી સુચનાને, પ્રજા-વીચાર તરીકે અરજના આકારમાં મજબુતાઈથી સરકાર હજુર મેળવા, એઓએ, પુણાના પોતાના મરાઠા જાતભાઈ આગેવાનો અને બીજા શેહેરીઓ, તેમજ આ ઈલાકાના કેળવાયલા હીંદુ ગૃહસ્થોને સાથે મેળવી, તેમની મદદથી, એક દેશ-હીતકારી "પુણા સાર્વજનીક સભા" ૧૮૬૯ ની ૧૪ મી મારચમાં ઉભી કરવે, લોકોએ મસ્કરીમાં એમનું નામ "સાર્વજનીક-કાકા" આપ્યું હતું. તે સભા હાલ મજબુત બની—ખરાં દેશ-હીતકારી કામો અચ્છી રીતે બજાવેછે. એ સભા ખાતર પૈસાની મદદ મેળવવા, મી. જોશી, કુલકત્તા, આગ્રા, લાહોર, બનારસ, વગેરે ઘણાંક દુર દરાઝ શેહેરોમાં ભટક્યા, ત્યારથી, તેઓ, હીંદુસ્થાનના ઘણાક ભાગોમાં જાણીતા થયા હતા. હવેથી દેશ-હીતકારી કામોમાં વધુ લપેટાતો જવે, તેવણે, પોતાનો વકીલનો ધંધો હળવે હળવે કરી અંતે છોડી દેઈ, સઘળું ધ્યાન અને ચીત—લોકોના લાભ ખાતરની વેઠ કરવા ઉપરજ મજબુતીથી લગાડી, તે પાછળ મંડી, જાહેર-જીંદગીના

* ધરમના કામમાં બક્ષેલી-"જાગીરી".—જુવો "ગોપાલ-રાવ હરી"માં.

શુચવાડાભર્યાં વમળમાં બીન સ્વાર્થે ઝોકાવ્યું, તેથી ઘણાકો એમને દીવાનો! કેહેવા લાગ્યા, તો, રાજ્ય તરફથી બેવફાઈનું તોહોમત મેળાઈ! તેમની હીલચાલ ઉપર છુપી તપાસ રખાઈ હતી. ઉપલી સભાનો જીવ અને ટેકો જે મી. ગણપતરાવ તેવણજ તેના સેક્રેટરી પણ હતા, વળી તેવણે એ સભા મારફતે હીંદુસ્થાન અને ઈંગ્લાંડની વચ્ચે ચાલતા વેપાર સંબંધી સવાલ ઉઠાવી, હીંદુસ્થાન પોતાનો હુન્નર અને કારીગરીનો ઉદ્યોગ કેમ ખોઈ બેઠું ? અને તેને અગત્યની ચીજો સારૂ ઈંગ્લાંડ ઉપર શું કરવા આધાર રાખવો જોઈયે ? એ વીષયો ઉપર લાભકારક સુચના કરનારા ઘણાંક જાહેર ભાષણો આપ્યાં અને લખાણો કરાવ્યાં ; અને દેશી કારીગરોને ઉત્તેજન મળવા, પોતે તેમનો માલ વાપરી, બીજાઓને સમજાવી તેમ કરાવી, તેને બોહોળા વિસ્તારમાં ફેલાવવા, એવણે, અથાક મેહેનત લેઈ, મુંબઈ ઈલાકાના ઘણાક શેહેરોમાં દેશી-કારીગરીને ઉત્તેજન આપવા સભાઓ સ્થાપી, તેમની મારફતે એવો માલ વેચનારી કંપનીઓનું, પુણા, મુંબઈ, સુરત, અમદાવાદ, સતારા, સોલાપુર, નાગપોર, વગેરે બીજા મોહોટા શેહેરોમાં, ચક્કર ચાલુ કીધું, જે કામ હાલ—જોર પકડતું જાયછે. મી. જોશીએ ધારાના હીમાયતી તરીકે અનુભવ મેળવ્યો હતો કે, અદાલતોમાં કજીઓ લડનારા પુષ્કળ લોક પાયમાલ બનેછે, તેનું કારણ, ઈંગ્રેજી હીંદુસ્થાનમાં ચાલતા કાયદા છે, કે જે, હારેલા ધણીને વધુ અને વધુ કંટાળા અને ખરચના ઉંડા ખાડામાં પડવાના માર્ગો ખુલ્લા કરી આપેછે, તે વીશે, ધારા બાંધનારાઓને ખબર નથી. તેનો શુતરો ઉપાય કરવા એવણે પુણાનાં લોકોને "લવાદ-કોર્ટો" સ્થાપવા સરકારને અરજ કરાવી, કે જેથી, દીવાની-કોર્ટોના મોહોટા ખરચના ખાડામાં ન જતાં ટુંકમાં ફડચો થાય. એ ફાયદેમંદ સૂચના ઉપર પેહેલ્લે ટીકા થવેથી હીમત ન હારતાં મી. ગણપતરાવે પક્કા ઠેરાવથી લગભગ—આખ્ખાં હીંદુસ્થાનમાં ફરી, જાહેર ભાષણો કરી, ખેડુતો અને શાહુકારોને, 'લવાદ-કોર્ટના ફાયદા અશરકારક રીતે સમજાવવામાં ફત્તેહમંદ ઉતરી, અંતે પુષ્કળ ઠેકાણે 'લવાદ-કોર્ટો' ઉઘડાવી હતી. એથી કેટલાક સબોરડીનેટ-જડજોએ અદેખીથી તેનાં કામમાં નડ નાખવા લાગવે, તે દુર કરવા, મી. જોશીએ તન અને મનથી જબરી મેહેનત લેઈ, રખડ કરી, હીંદના વાઈસરોયની 'કાંઉનસીલ' ના ધ્યાનમાં પોતાની સૂચના ફાયદેમંદ તરીકે ઉતારી, તેને ચોકસ ફેરફારથી "**ધી. દખણ એગ્રીકલચરીસ્ટ રીલીફ એકટ**" નામથી પસાર કરાવી, અમલમાં મેલાવ્યો. હવે પુણા તેમજ તેની આસપાસના તાલુકાઓમાં 'લવાદ-કોર્ટો' ઉઘડી, કે જેવી કોર્ટો હાલ દખણમાંજ નહીં પણ ગુજરાતમાં પણ વધી પડીછે. મી. જોશીએ વધુ મેહેનત લેઈ, લવાદો ઠેરવવા ખાતર ઘટતાં માણસોનાં નામો સરકારમાં મોકલ્યાં. અને જે લાયક માણસો એ હોદ્ધો લેવા ના ખુશી હતા, તેઓને લોકોનાં ભલાં અરથે તેમ કરવા સમજાવ્યા હતા. એમની એ ભારે મેહનતથીજ એ કામ પાર ઉતર્યું હતું. મી. જોશીનાં—ઘણાંજ પ્રજા ઉપયોગી ૩ જાહેર કામો, તે, "સાર્વજનીક સભા" "દેશીકારીગરી તેમજ હુન્નરને ઉત્તેજન આપનારી મંડળીઓ" અને "લવાદ-કોર્ટો" છે. જેઓને અથાક મેહેનતે જન્મ આપી, ઉછેરી મજબુત કરી, તે ખાતાંઓ સાથ પોતાનું નામ હમેશનું યાદગાર રાખીગયાછે. મી. જોશી હમેશ જાહેર કે રાજ્યદવારી અગત્યની બાબદમાં, પોતાની કે સભાની તરફથી વગર સ્વાર્થે ખરાં દીલથી હરોલમાં આગળ ઝોકાવતો હતો, કે જેમ, સુરતનાં પાછલથી તદન પોકલ માલમ પડેલાં હુલ્લડના કેસની, તેમજ, સોલાપુરના રેલવે કેસની વખતે પણ, કરી બતાવ્યું હતું. વર્તમાનપત્રોનું એક "પ્રેસ કાનફરન્સ" ઉભું કરવા, ખશુસકરી તેઓ કુલકત્તે ગયા હતા. પોતાની કોમમાં ધર્મ અને રેવાજ સંબંધી—સંગીન સુધારો પક્કા ઠેરાવથી કરનારો એઓ ચીવટ હીમાયતી હતા. જે સુધારા એવણે ધીરે પણ મક્કમ પણે ફેલાવી. જડ ઘાલી બેઠેલા જુના વેહેમી વીચારોનો પાયો હીલવી ઢીલો કીધો: તેઓમાં મુખ્ય, દરીઆની લાંબી મુસાફરીની મનાઈના વેહેમની સાંકળને તોડી, 'બાલ-લગ્ન'ની રશમ અટકાવી, અને સ્ત્રી-કેલવણીને ફેલાવી. તેવણે, પોતાની ધણીઆંણી ભેગી બીજી સ્ત્રીઓ મારફતે, "સ્ત્રી વીચારવતી સભા" સ્થાપી, તેમાં સ્ત્રીઓની મીજલસ બોલાવી, સુધારા સંબંધી ભાષણો આપતાં

કીધાં હતાં. એઓએ, પુણામાં એક 'દેહેરૂ' બાંધી વિષ્ણુને અર્પણ કીધું, અને પોતાના પાડોશીઓને પાણીનું સુખ કરી આપવા એક 'હોજ' બંધાવી. મી. જોશી ૧૮૮૦ ની ૨૫ મી જુલાઇએ મરણ પામ્યા, તે ખાતર, પુણાની પ્રજાએ પેહેલવેહેલ્લી જાહેર દલગીરી બતાવી હતી. ત્યાંની નેટીવ જનરલ લાયબ્રેરી, લવાદ-કોર્ટો, મોહોટી દુકાનો, અને શરાફી પેહેડીઓ તે દીવસે બંધ રાખી હતી. એમની પાયદસ્ત ઘણું કરી સઘળી ન્યાતના મુખ્ય-આગેવાનોથી બની હતી. એમની—યાદગારી કાયમ રાખવા ૮ મી ઓગષ્ટે ભેગી મળેલી એક મોહોટી જાહેર સભાએ ઠરાવ પસાર કરી, ફંડ ઉભું કરવા એક કમીટી નેમી, એક 'ડેપ્યુટેશન' મારફતે મરનારની બુઢ્ઢી માને પુણાની પ્રજા તરફથી દીલાસા-પત્ર મોકલ્યું હતું. એ ફંડમાં, નવસારી, રતનાગીરી, અને અમદનગર તરફથી રૂ. ૩૧૦ અને પુણામાં રૂ. ૭,૦૦૦ ભરાયા, તેમાંથી "ધી ગણેશ વાસુદેવ જોશી મેમોરયલ હોલ" પુણામાં બંધાવી, ૧૮૮૫ ની ૬ ઠી જાનેવારીએ ખોલ્યોછે. ઇંગ્લાંડનાં જાણીતાં "ગ્રેફીક" પત્રે, મી૰ જોશીનાં મરણની નોધ લેતાં જણાવ્યું હતું કેઃ—"તે દેશી તેમજ યુરોપીઅનોમાં એક સરખી રીતે ચહવાયલો હતો, અને ૯ દીવસોની નાતવાની ભોગવી મરણ પામ્યો. તે, એક ખરો સ્વદેશાભીમાની, દેશીઓ તરફ મજબુત પ્યાર ધરાવનારો, અને ખેડુતોનો બેરખા હતો. દેશીઓના ભલા ખાતર હીંદુસ્થાનના એક છેડાથી બીજા છેડા સુધી કરવું, તેને મનસે શેહેલું હતું. ટુકમાં, તે ઘણીજ થોડી ફુરસદ ભોગવતો હતોઃ તેના મરણથી મોહોટી ખોટ ગઈછે."

મી. જોસી, બાઈ સરસ્વતી સાથ પરણ્યા, તેણીએ ૩ પુત્રી અને ૩ પુત્રોને જન્મ આપ્યો. વડો પુત્ર મી. હરી ગણેશ 'ઇંદોર' રાજ્યમાં કામે લાગ્યોછે. તો, બે નાધલા, નારાયણ અને વીષ્ણુ વીદ્યાર્થીઓ છે. મી. જોશીએ પ્રજાનાં ભલાં ખાતર પોતાનાં—લાભકારક ધંધાનો ભોગ વગર સ્વાર્થે આપ્યો હતો. તે મીજાજે બહુ આકલો, નાણા સંબંધી હાલતે ઠીક, ઉમંગી, ઉદ્યોગી, પરમાર્થી, સુધો, સાદો, ખુલાં દીલનો, રખડવે જબરો ખડતલ, મેહેનતુ, પોતાથી બનતું કામ માથે લેનારો, લોક ઉપયોગી, જાહેર હીમતી, પોતા ઉપર આધાર રાખનારો, અને ખરચાં માફકની સાદાઇનો હતો.—જે એક ખરા સ્વદેશ-હીતકારી અને ચુનંદા મહારાઠા તરીકે કીર્તી ભર્યું નામ કાયમ રાખી ગયોછે.



રાવબાહાદુર ગોપાલરાવ હરી દેશમુખ. જે. પી.

RAO BAHADOOR GOPALLRAO H. DESHMUKH, J.P.

Vincent Brooks, Day & Son, Lith. London W.C.

# Hon.* Rao Bahadur Gopalrao H. Deshmukh, J. P.,

## FIRST CLASS SIRDAR, DECCAN.

THE **Founder** of the family was Vishvanáth, surnamed '*Sindhiá*,' which was converted into '*Deshmukh*,' or tithe-holder, from his nomination as a revenue officer, getting 10 per cent. commission from the revenue or *deshmukhi*. He had purchased 12 villages of this hereditary deshmukhi *Vátán* in the Konkán, where he was born in 1650, and died, leaving Naráyen Ráo as an only son. His 4 sons enjoyed high offices under the Peshvá, and one of them, Lakhshman Pánt, had the *grant* of the 'Vankád' village, near Pooná, from Náná Fadnávis, for valuable State services in 1777. Govind Pánt, the second brother, was raised to the post of a *Fadnávis*, under the last Peshvá, Baji Ráo II., who was dethroned by the British in 1817. In virtue of the treaty of abdication of the Peshvá, the British—allowed the *jághirdárs* the right over their *Inám*, and accordingly Hari Pánt enjoyed a *saránjám* or compensatory rental of Rs. 10,000 during his life. On his demise on 16th May 1837, the right was escheated to the British Government. But on the recommendation of Colonel Menson, then Commissioner of Bithur, the late 'Hon'ble Court of Directors' allowed the widow an annuity of Rs. 600, and his three sons, Chintoman Ráo, Gopál Ráo, and Govind Ráo, an annuity of Rs. 200 each, till they should obtain Government service. They had *in vain* repeatedly appealed to the Bombay and Supreme authorities against the conditional award. Gopal Ráo, the second son, in whose favour the award in question was made, is the subject of this memoir.

Ráo Báhádur Gopál Ráo Hurry Déshmukh was born on 18th February 1823, and belongs to the high caste of '*Chitpáván*' Konkániást Brahmins among the Máráthás. His two brothers are now dead, the eldest after having been enrolled among the First Class Sirdárs of the Deckan, and nominated an Honorary Second Class Magistrate of Pooná. Ráo Báhádur Gopál Ráo knows English, Sanskrit, Persian, Hindustani, Gujaráti and Maráthi. In October 1844 he was first employed as an English Clerk under the Agent for the Sirdárs of the Deckán, when his annuity above alluded to was stopped, but was renewed, on application, for life. In 1848 he became Head Clerk in the same office. In 1852 he was made a *Sheristádár*, and thereafter Munsiff at Wái in Sáttára. In 1853 he was appointed principal Sadar Ámin, and in 1855 a Sub-Assistant Inám Commissioner of the Northern-Division, and—received warm approbation of the Bombay Government for the able and honest discharge of his onerous duty. He was subsequently made a Senior Native Sub-Assistant Inám Commissioner for alienations of estates to Government, and then told off on duty to introduce summary settlement in Sáttára. In April 1862 he was appointed Acting Second Assistant Registrar of the late 'Sadar Court' in Bombay, and in the following September, nominated Assistant-Sessions Judge of Ahmednágar and Ahmádábád.

* Ex-Member, "Legislative-Council," Bombay.

In August 1865 he was Judge of the 'Court of Small Causes' in Ahmednágar, and a principal Sádar Ámin of Sáttára, and in the following October Acting Fourth Judge of the 'Bombay Court of Small Causes.' In March 1867 he was transferred to the same position in Ahmádábád for several years, and was subsequently made *Judge* and Joint-Sessions Judge of Tháná in February 1877. In September 1879 he was on the same post at Násik, where in August 1880 he resigned his Uncovenanted Civil Service, after holding various appointments, on an annual pension of Rs. 5,000. From August 1880 to August 1882 he was given a seat on the "Legislative-Council" of Bombay, and the Hon'ble Gopál Ráo's career in Council was—marked by independence and usefulness. In February 1884 he was appointed *Diván* of the Rutlám State, in Málvá, and resigned it on the 19th February 1885, to the great sorrow of the Prince Runjit Singji. He was made a "Fellow" of the 'Bombay University' in 1874, and a "Justice of the Peace" in 1877. In recognition of his valuable services the title of "**Ráo Báhádur**" was conferred for life upon him in the Imperial Delhi Assemblage on 1st January 1877, where he was deputed to appear by the Bombay Government. In 1881, he is made a **1st Class Sirdar of the Deccán**. His public charities may be mentioned as follows:—

| | |
|---|---|
| To the funds for the support of the poor ........................................ | Rs. 5,000 |
| Contribution for the schools, and to 'the Gujarat Provincial College' ...... | ,, 6,500 |
| A small 'charitable dispensary' opened at Pooná ................................ | ,, 1,500 |
| Donations to the Prárathná Sámáj, and other associations ..................... | ,, 1,200 |
| Support extended to the public libraries ........................................ | ,, 1,000 |
| In building wells and a public inn................................................ | ,, 1,000 |

He has since 1880 opened at his place in Pooná a 'Charitable Dispensary,' and has compiled 12 volumes of a Maráthi work entitled "*Loká-Hitwády*," and has delivered several lectures on moral, social, and various interesting subjects, in English, Maráthi and Gujaráti in Bombay, Ahmádábád and the Deckán. He was Secretary of the "Gujárát Vernacular Society," and the Vice-President of the "*Prárathná Sámáj*" in Ahmádábád, and President of the "*Ariá Dyán Vurdhák Sabhá*," and has warmly advocated widow-marriages among the Hindoos. He owns the village 'Vankad' in Ratnágiri, and has life-interest in three other villages. He has bought some property in 'Chálisgaum' in Khándésh, 'Wái' in Sáttára and in the city of Ahmádábád, which fetch him a gross income of Rs. 900. He gets an annual pension of Rs. 5,000, and has been exempted from personal attendance to get the same.

He has 2 daughters and 5 sons; the eldest, Ganpat Ráo who lately died, was in the Government employ at Broach. The 2nd, Rámchandrá, is a B. A. and LL.B. of Bombay, and is a *Subáh* or head of the district of Nausári under the Gáikvád. The 3rd, Raghunáth Ráo, is a Bombay B.A., and employed as a Translator in the High-Court. The 4th, Moreshvar, is a B.A. and M.D. The 5th, Lakshmán Ráo, is a B.A., and is a Statutory Civil Servant in Sáttára. The Ráo Báhádur Gopál Ráo is of an affable disposition and plain habits and of engaging manners. He is a very intelligent, painstaking, straightforward gentleman,—very popular in the Deckán.

# ઓનરેબલ રાવ બહાદુર ગોપાળરાવ હરી દેશમુખ, જે. પી.

## પેહેલ્લા વર્ગના સરદાર, દખણના.

"દેશમુખ" વંશનો મુળ–સ્થાપનાર અને કોકણના વતની વીશ્વનાથ રાવ, ઇ. સ ૧૬૫૦ માં જન્મી, ૧૭૧૦ માં મરણ પામ્યા. તેમની અટક "સીધયે" હતી, તો, વતનથી "દેશમુખ" * ઓળખાઈ, રત્નાગીરીમાં વસ્યા, તેઓએ દેશમુખી વતનદારીના ૧૨ ગામો ખરીદ્યાં હતાં. એ કુટુંબનાં ૧૦૦ થી વધુ લોકો રત્નાગીરી, પુણા, સતારા, ઇંદોર, બરોડા, વગેરે શેહેરોમાં વસેછે. વીશ્વનાથનો પુત્ર નારાયણરાવ ઈ. સ. ૧૬૯૦ માં જનમ્યો, તેના ૪ પુત્રો—પેહેલે પુણે આવી "પેશવાઈ દરબાર" માં કામે લાગ્યા હતા. તેઓ માંહેલા નાધલા લક્ષમણપંતે વધુ નામદારી મેળવી, બાજીરાવના ઘણા માનીતા બનેલા બાળાજી જનારદન ઉર્ફે નાના ફડનવીસની મેહેરબાની અને વિશ્વાસ મેળવ્યો હતો. તેણે, એને, પુણા માંહેલું "વાનકડ" ગામ ૧૭૭૭ માં વંશપરંમપરા—ઇનામમાં આપ્યું હતું. નારાયણરાવના ૪ પુત્રો માંહેલો બીજા ગોવીંદપંતના પુત્ર હરીપંત ૧૭૫૬ માં જનમ્યા, તેઓ બીજા બાજીરાવના વખતમાં "ફડનવીસ" † ના હોદ્ધા ઉપર હતા. હવે ૧૮૧૭ માં બાપુ ગોખલાએ 'ખડકી' તરફ બાજીરાવના લશ્કર સાથ, ઇંગ્રેજોના હાથથી હાર ખાવે, બીજો બાજીરાવ "આશીરગઢ" તરફ ઇંગ્રેજોને તાબે થયો. તે પછે બીજે વર્ષે, હરીપંત, સર જોન માલકમની રજાથી, પુણે પાછો ફર્યો, ત્યારે, ત્યાં ઇંગ્રેજી અમલ ચાલી ચુક્યો હતો.—બાજીરાવે તાબે થઈ, ઇંગ્રેજો સાથ, ૧ લી જુન ૧૮૧૮ માં કીધેલા કરારની ૫ મી કલમમાં, ઓનરેબલ મી. માઉન્ટ સ્ટુઅર્ટ એલફીનસ્ટંટની કબુલાત લીધી હતી કેઃ—"દખણના "મુખ્ય જાગીરદારો બાજીરાવના અમલમાં જે હક્કો ભોગવતા હતા, તેજ માફક તેમને ભોગવવા દેવા." તેવા એક જાગીરદાર હરીપંત હતા, જેમની રૂ. ૧૦,૦૦૦ ના વાર્ષીક સરનજામનાં‡ ૩ ગામોની જાગીરી સોલાપુર અને ધારવાડમાં હતી. એ જાગીરી અથવા સરનજામ, બાજીરાવે ૧૭૮૦ માં, હરી ગોવીંદને, મુલકી નોકરી બજાવવા ખાતર બક્ષી હતી. તે ઇંગ્રેજ સરકારે પણ ૧૮૨૫ માં તેણે પાછી બક્ષી.§ તેમજ તેનો ભાઈ ચીંતોપંત, જે પેશવાનો દફતરદાર, તેણે પણ મળેલી એટલીજ ઉપજની જાગીરી, તેના પુત્ર વીનાયકને બક્ષી હતી. હરીપંત ૧૬ મી મેએ ૧૮૩૭ માં મરણ પામવે, તેમની જાગીરીનો હક વંશપરમપરાનો નહીં જણાવી, મુંબઈ સરકારે તે છીનવી લીધી. એ—ગેરવાજબી થયું હતું, એવું બીઠુરના ત્યારના કમીશનર કરનલ બ્રેનસને, મુંબઈ સરકારને ખુલ્લી રીતે જણાવવે, તેનો ચુકાદો માજી "કોર્ટ ઓવ દાયરેકટર્સ' ની સભા ઉપર સોંપાવે, તેઓએ ૧૮૪૦ ની ૨૯ મી જુલાઇએ ચુકવ્યું હતું કે, "હરીપંતના કુટુંબને જાગીર પ્રાછી ન મળતાં 'પેનશન' મળે." તેમ, તેની વીધવાને જનમસુધી દરસાલ રૂ. ૬૦૦ નું, તો, તેના ૩ પુત્રો, ચીંતામણરાવ, ગોપાળરાવ, અને ગોવીંદરાવ, જ્યાં સુધી સરકારી નોકરીમાં દરસાલ રૂ. ૧,૨૦૦ મેળવે, ત્યાં સુધી, દરએકને દરવર્ષે રૂ. ૨૦૦ મળે. એ ચુકાદાથી અસંતોષ થઈ, વાજબી ઇનસાફ નહીં મળવા વીશે, ગોપાળરાવે પોતાના ભાઈસાથ ફરીઆદ ઉઠાવી, ત્યારના સરદારોના એજંટ મી. જે. વારડનને ૧૮૪૪ માં અરજ કરવે, તેણે, "એઓની—માગણી વાજબી છે" એમ મુંબઈ સરકારને જણાવ્યું, પણ ફોકટ. સરકારે બનતાં સુધી, એ ભાઇઓની યોગ્યતા અને કાબેલીઅત માફક તેમને જાહેર હોદ્ધા આપવાના ઠેરાવનું એક 'સરક્યુલર' ઇલાકાના કલેકટરો અને જડજો ઉપર મોકલ્યું હતું. તોપણ, એ ભાઇઓએ બાપીકી જાગીરી છીનવી લેવા વીશે, ૧૮૪૫—૬૪ સુધી ગાળે ગાળે મુંબઈ સરકારને અરજો કરવાનું ચાલુજ રાખ્યું પણ કશું ન વળવે, અંતે તેઓએ હીંદના વજીરને ૧૮૭૬ માં ખુલાસાવાર અરજ કીધી, પણ તેબી ફોકટ. તેનો મોહોટી નાશીપાશી ભર્યો જવાબ ૧૮૭૭ ની ૩૦ મી જુને એમ મળ્યો હતો કે, "તમારાં બાપીકાં ૩ ઇનામી ગામો હવે તમને મળશે નહી." હરીપંત ૩ પુત્રો મેલી ગયા, તેઓમાંહેલા ૨ જા રાવ બહાદુર ગોપાળરાવ છે.

* એટલે રેવીન્યુ ઓફીસરને ચાકરી બદલ પગાર ન મળતાં "દેશમુખી" અથવા શેંકડે ૧૦ ટકા મળતા હતા.—"દેશમુખ" વતંનદારી વંશપરંમપરાની હતી.

† રાજ્યની આવક જાવકનો હીસાબ રાખનાર.

‡ "સરંનજામ"—બે જાતના—હતા, એક ગામ ખાતાંના અધીકારીઓને તેઓના પગારને બદલે જાગીરી મળતી હતી, તો, બીજી લશ્કરી સરદારોને પોતાના અને લશ્કરના ગુજરા ખાતર આપવામાં આવતી હતી.

§ ઇંગ્રેજ સરકારનો પુણામાં અમલ થવા અગાઉ હરીપંત જેવા હક ધરાવનારાઓ, સરદારો ગણતા ન હતા. પણ ઇંગ્રેજી અમલ પછે સરનજામ ભોગવનારાઓનું એક લીસ્ટ બનાવી, તેને "સરદારોનું-લીસ્ટ" કરી નામ આપ્યુંછે.

રાવ બહાદુર ગોપાળરાવ દેશમુખ હીંદુઓની "ચીતપાવન" ન્યાતના કોકણસ્થ બ્રાહ્મણ, ૧૮૨૩ ની ૧૮ મી ફેબ્રુવારીએ, કાશીબાઇને પેટે જનમ્યા. એમના મરણ પામેલા બે ભાઈઓ માંહેલા ચીંતામણરાવ દખણના

૧ લા વર્ગના સરદાર, અને બીજા વર્ગના ઑનરેરી મેજીસ્ટ્રેટ હતા. મી. ગોપાળરાવ ઈંગ્રજી, ફારશી, સંસ્કૃત, ગુજરાતી, અને મરાઠી ભાષા જાણેછે. તેઓએ ૧૮૪૪ માં ઈંગ્રેજ સરકારની પેહેલ્લી નોકરી પકડી, પુણાનાં સરદારોના-એજંટનાં રાજ્યદ્વારી ખાતાંમાં રહ્યા, (ત્યારથી એમને ઉપર જણાવેલું મળતું રૂ. ૨૦૦ નું વર્ષાશન બંધ થયું હતું. જે પાછળથી, હવે જીવતા રહેલા બે ભાઈઓ ગોપાળરાવ અને ચીંતામણરાવને સરકારી નોકરીઓ છોડવા પછે, જનમ સુધી રૂ. ૨૦૦ નું વાર્ષીક પેનશન પાછું મળવા, ૧૮૭૭ ના મેમાં ઠરાવ થયોછે.) મી. ગોપાળરાવ એજ ખાતાંમાં વધી, તરજુમો કરવાના, વડા કલાર્કના, અને સીરસ્તેદારના હોધ્ધા ઉપર ચઢતા પગારે વધતા ગયા પછે, ૧૮૫૨ ના અકટોબરમાં રૂ. ૨૦૦ ને પગારે સતારા માંહેલા 'વાઈ,' ના પેહેલ્લા વર્ગના મુનસીફ નેમાયા, ત્યારે એમના વડા તે સતારાના કમીશનરે એમની ચંચલાઈ અને મેહેનત લેવાવીશે—ઉંચું મત જણાવ્યું હતું. એઓએ, ૧૮૫૩ માં સતારાના કામ ચલાઉ, પ્રીનસીપલ-સદર અમીનનો હોધ્ધો બજાવ્યા પછે, 'વાઈના' પેહેલા વર્ગના મુનસીફની જગ્યા ઉપર આવી, ૧૮૫૫ ના માર્ચ સુધી તે ચલાવ્યો. એમ પુણા એજંસીના પોલીટીકલ ખાતામાં રહ્યા પછી સરકારી અમલતળેના રાજ્યોના ઉત્તર ભાગના સબ-એસીસ્ટંટ રેવીન્યુ કમીશનર નેમાઈ, તે ઉલટ અને હોશીઆરીથી ચલાવવા ખાતર, પોતાના વડાઓ તરફથી શાબાસી મેળવ્યા ઉપરાંત, મુંબઈ સરકારના ૨૬ મી નવેમ્બર ૧૮૫૫ ના બહાર પડેલા ઠેરાવવમાં પણ—ઉંચું મત મેળવ્યું હતું. એ હોધ્ધાનું કામ ૧૮૫૫ ના ઓગષ્ટે પુરૂં થવે, એમને સરકારી જમીનો વત્રોગેના હકો સંબંધી પડેલા વાંધાનો ફડચો કરનારા રેવીન્યુ કમીશનરના ખાતાંમાં પેહેલ્લે 'સીનીઅર નેટીવ સબ-એસીસ્ટંટ ઈનામ કમીશનર' અને પછે ૧૮૫૭ માં એસીસ્ટંટ-કમીશનર તરીકે રૂ. ૬૦૦ ને પગારે નેમાયા, તે વખતે એમના વડાએ મત જણાવ્યું હતું કેઃ—"ગોપાળરાવની એકીનદારી "અને ચાલચલન તપાસતાં તેઓ, સઘળા શકથી મોકળા થયલાછે, એ કાંઈ નાહાની વાત નથી.—લાલચ- "માં [illegible], અને ઈમાનદારી બગડે, તેવા લોકો સાથ ભેલાવા છતાં, તેઓ દયાનતે ચોખ્ખા માલમ પડયા છે." [illegible] સરકારી લાભોની પુરતી જાલવણી કરવાસાથ ચલાવી, ૧૮૫૯ માં શાબાસી એ હોધ્ધો અપક્ષપાતપણે [illegible] અમલદાર નેમ્યા. તે ખાતું મેળવી હતી. ૧૮૬૦ માં એમને સતારામાં સરકારી નાહાના વાંધા પટાવનાર [illegible] નોકરીમાં ૧૮૬૧ ના મારચમાં કમતી કરવે એમને રજા મળી, (ત્યારે હીંદુસ્થાનની સરકારે એમની [illegible] પડેલો એ ખાચો ન ગણતાં તેને પેનશનની મુદતમાં ચાલુજ ગણવા ઠેડયું હતું.) ૧૮૬૨ ની ઓગસ્ટમાં ગોપાળરાવને, હીંદુ અને મુસલમાની કાયદાની સમજ અથવા ખુલાસા છપાવાના ખાસ કામ ઉપર નેમ્યા પછે, એપરેલમાં મુંબઈની "માજી સદર અદાલત" ના કામચલાઉ બીજા નાયબ-રજીસ્ટ્રાર ઠેડવ્યા બાદ, સપ્તેમ્બરમાં અમદાવાદ અને અમદનગરના એસીસ્ટંટ-જડજ અને સેશન જડજ તરીકે રૂ. ૭૦૦ ને પગારે નેમાયા. ૧૮૬૫ ની ઓગષ્ટમાં એમને અમદનગરની "સ્માલ કાઝ કોર્ટ" ના જડજનો હોધ્ધો મળ્યો. અને સપટેમ્બરમાં એ હોધ્ધા ઉપરાંત સતારાના પ્રીનસીપલ-સદરઅમીન નેમાયા પછે, અકટો-બરમાં મુંબઈની "સ્માલ કાઝ કોર્ટ" ના કામ ચલાઉ જડજ બન્યા બાદ, ૧૮૬૭ ના મારચમાં અમદાવાદની "સ્માલ કાઝ કોર્ટ" ના જડજ રૂ. ૧૦૦૦ ને દરમાયે નેમાયા. ત્યાંથી ૧૮૭૭ ના ફેબ્રુવારીમાં થાણાના જડજ અને જોઈન્ટ-સેશંન-જડજના હોધ્ધા ઉપર રૂ. ૧૩૫૦ ને પગારે આવ્યા, તે હોધ્ધા ઉપર અત્યાર લગી જે સીવીલ સરવીસના સનદી અમલદારોનો હક હતો, તે ઉપર હવેથી "પ્રોવીનશીયલ મેમ્બર ઓવ ધી સીવીલ સરવીસ" ના—પેહેલવેલા દેશી તરીકે મુંબઈ ઈલાકામાં એઓએ નેમાઈ, કાયદા પ્રમાણે ૧૮૭૯ ના ફેબ્રુવારીમાં કાયમ થયા પછે, નાશિકના જડજ અને જોઈન્ટ-સેશન-જડજના હોધ્ધાઉપર આવ્યા—એમ લગભગ ૪૦ વર્ષ સરકારી નોકરી પુરતી આબરૂ અને ઈમાનદારીથી બજાવી, ૧૮૭૯ ની ૧ લી સપટેમ્બરે રાજીનામું આપી, રૂ. ૫,૦૦૦ નું વારષીક પેનશન લેઈ, છોડીછે. એઓએ મુંબઈની "લેજીસ્લેટીવ—કાંઉનસીલ" ના, ૧૮૮૦ ની ૨૩ મી ઓગષ્ટે સભાસદ નેમાઈ, એ માનવંત હોધ્ધાની ફરજ,

ઓનરેબલ મી. ગોપાળરાવે પુરતી હીમત અને આપઅખત્યારીથી બજાવી, પસાર થતા દરેક કાયદાને લગતી જાહેર તકરારમાં ભાગ લેઈ, પ્રજાની હીમાયત કરી, કાઉનસીલને લગતી પોતાની જાહેર કારકીરદી ઝલકાવી કાહાડી, દેશી પ્રજાની ૨ વર્ષ કીમતી સેવા બજાવી, ૧૮૮૨ ની ૨૩ મી ઓગષ્ટમાં તે છોડ્યો. પછે, ૨૪ મી ફેબ્રવારી ૧૮૮૪ ને દીને એઓ "રતલામ" રાજ્યના **દીવાન** નેમાઈ, તે માંન ભર્યો હોદ્ધો ૧૮૮૫ ની ૨૮ મી ફેબરવારીએ છોડયો. એઓએ હીંદુસ્થાનના મુખ્ય શેહેરોની મુસાફરી કીધીછે. ૧૮૭૪ માં એઓ મુંબઈ યુનીવરસીટીના "ફેલો," અને ૧૮૭૭ માં ત્યાંના "સુલ્લેહના અમલદાર" નેમ્યા, તો, ૧૮૭૭ ની જાનેવારીએ દીલ્લીમાં ભરાયલી શાહાનશાહી દરબારમાં, ઈંગ્રેજ સરકાર તરફથી એક રૂપાંનો 'ચાંદ' અને હેયાતી સુધી "રાવ બહાદુર"નો ખેતાબ મળ્યો, તેની 'સનદ' થાણામાં જાહેર દરબાર ભરી આપતાં ઘટતા શબ્દોમાં એમની વફાદાર વર્ત્તણુક અને સેવા વીશે તારીફ થઈ હતી. તે દરબારમાં હાજર થવા મુંબઈના ગવરનર સર પી. વોડહાઉસે થોડાક દેશી ગૃહસ્થો ભેગા રાવ બહાદુર ગોપાળરાવને પણ નોતરચા હતા. એમની જાહેર સખાવતોના આંકડા નીચે પરમાણેઃ—

| | રૂ. |
|---|---|
| લાચાર અને હાજતમંદોને મદદ કરવાનાં ફંડોમાં ........ | ૫,૦૦૦ |
| જાહેર નીસાળો, અને "ગુજરાત પ્રોવીનશીઅલ કૉલેજ"ને મદદ. ........ | ૬,૫૦૦ |
| "પ્રારથના સમાજ," અને બીજી જાહેર સભાઓને મદદ. ........ | ૧,૨૦૦ |
| પુણામાં પોતાનાં ઘરમાં ૧૮૮૦ થી "ધરમનું દવાખાનું" ખોલવા રૂ. ૧૫૦૦ અને તે પાછળ દર-સાલ થએલો રૂ. ૩૦૦ નો ખરચ........ | ૨,૩૦૦ |
| જાહેર પુસ્તકખાંનાંઓને મદદ ........ | ૧,૦૦૦ |
| ધરમશાળા, અને કુવા બંધાવવા આપ્યા ........ | ૧,૦૦૦ |
| | રૂ. ૧૭,૦૦૦ |

એમની—ખાનગી સખાવતો વીશે ખાતરીથી બોલાયછે, પણ તે ચોકસ જણાતી નથી. એઓએ "લોકહીતવાદી" નામથી નીતી, અર્થશાસ્ત્ર, સીધ્ધપદાર્થવીજ્ઞાન, વેહેમી ક્રીયા, અલંકાર, ઈત્યાદી બાબદો ઉપર ૧૨ મરાઠી પુસ્તકો રચ્યાં છે. એઓ અમદાવાદની "ગુજરાત વરનેક્યુલર સોસાયટી" ના સેક્રેટરી, તો, 'પ્રાર્થના સમાજ' તેમજ 'જેનરલ લાયબ્રેરી'ના નાયબ-સરનશીન હતા, અને મુંબઈની "આર્ય જ્ઞાનવર્ધકસભાના" એક પ્રમુખ છે, ત્યાંની 'આર્ય પ્રાર્થના સમાજ' ના સંબંધમાં ઘણાક ભાષણો આપ્યાં, તેમજ, દખણ અને અમદાવાદમાં પણ આપ્યાંછે,—પુનરવિવાહના એઓ મજબુત હીમાયતી મદદગાર અને આગેવાન છે.

એઓ, ૧૮૩૦ માં ગોપીકાબાઈ સાથ પરણ્યા, તેઓ ૧૮૮૫ માં સ્વર્ગવાસી થઈ, ૨ પુત્રી અને ૬ પુત્રો મેલી ગયાં. વડા ગણપતરાવ હાલ સ્વર્ગવાસી થયા, તેઓ ભરૂચમાં સરકારી કામ ઉપર હતા. રામચંદ્ર, મુંબઈ યુનીવરસીટીના બી. એ. અને એલ. એલ. બી., ગાયકવાડીના નવસારી માહાલના 'સુબા' છે. રઘુનાથરાવ ૨૬ વર્ષના મુંબઈ યુનીવરસીટીના બી. એ. અને ત્યાંની હાઈ કોરટના તરજુમો કરનાર છે. મોરેશ્વર ૨૨ વર્ષના, બી. એ. અને એમ. ડી. છે. લક્ષ્મણરાવ ૨૦ વર્ષના, બી. એ. ને મુંબઈ સરકારે સતારા તરફ પ્રોબેશનરી સીવીલ સરવંટ નેમ્યા છે.—રાવ બહાદુર ગોપાળરાવની ખાનદેશનાં જાગીર ગામમાં, સતારા તરફ 'વાઈ' માં, અને અમદાવાદમાં જમીનો, તેમજ રત્નાગીરી માંહેલાં 'વાનકડ' ગામનો, અંતે તેઓ પેશવા બાળાજીરાવ તરફની વંશપરમપરાની થયલી બક્ષેસનો ભોગવટો કરેછે. તો, બીજાં ઇનાંમી ગામોમાં જવાબ ભાગ છે, તેની સામટી આવક રૂ. ૯૦૦ ની થાયછે. ઇંગ્રેજ સરકાર રૂ. ૫,૦૦૦ નું એમને વાર્ષીક 'પેનશન' આપેછે. એઓ પહેરવેશે સાદા, સ્વભાવે મીલનસાર અને નરમ, વાતચીતે ચપલ અને સાર ખેચનારા, તદન સુધરેલા વીચાર અને વલણના, ઘણા જાણીતા અને—આખા દેખણમાં માનીતા ગૃહસ્થ છે. તેમની છુપી સખાવતો વીશે ઘણું બોલાયછે.

# Hon'ble Mr. Justice Nanabhai Haridas, LL.B.

MR. JUSTICE NÁNÁBHÁI traces descent from CHETRÁ GUPAT, the primitive-head of the '*Káest*' caste among the Gujaráti Hindus. His ancestor, Bábul Mehtá, was an inhabitant of Surát, and—the first of the family employed in the service of the then ruling Nawáb, and hence a man of some significance. The third in lineal descent to him, Haridás, was in the Nawab's employ as a Customs Officer, and when—Surat passed into the hands of the British in A.D. 1800 he was retained in the same capacity by the new Government. With the *fall* of Surát in the beginning of the 19th century, the family of Haridás, along with many other influential families, who had their day of prosperity, was ruined. He died at the patriarchal age of 84, leaving an only son the Hon'ble Mr. Justice Nánábhái, the subject of the memoir.

Mr. Nánábhái was born in Surát on 5th September 1832, and belongs to the '*Káest*' sect of the Hindus. He knows Gujaráti, Maráthi, Persian, and English languages. He was brought up under his maternal uncle, a *Vákil* or Pleader by profession. At the age of twelve, Mr. Nánábhái lost his uncle, and with him his support in life. He joined the Government English School, newly opened at Surat in 1843, studied hard, and left it in 1850 to join the 'Elphinstone College' in Bombay, where he obtained the "Clare" and "West" scholarships. He left College to join the late "Supreme Court" as an Interpreter in 1852. He entered the Government Law Class in 1855, and passed the examination for Munsiffship in 1857. Two years later he passed the final examination of the Law Class. From 1859—61, the Bombay Government engaged his services in translating into Gujaráti the Indian 'Civil Law' and the 'Criminal Law' and the 'Indian Penal Code.' He passed the first Matriculation examination in 1860, and the next year obtained a *Sanád* to practise as a Pleader in the *Sudder* or the Appellate-side of the late "Supreme Court." He now left the post of an Interpreter after a service of eleven years, to practise as a lawyer. He—rapidly rose as a Vákil, so much so, that he had the prerogative of the *first* refusal in almost all important appeals from Gujárát. Mr. Nánábhái went to Madras to pass his LL.B. in 1869. He was recognised as one of the—soundest lawyers on the Appellate-side of the Court, and enjoyed a reputation for legal acમશીચલ among even European members of the Bar. In 1873, the Government of Sir વદા પ્રમાણે Wodehouse made a trial-appointment of a Native Judge at the suggestion of Sir M. W ોધ્યાઉ the Ex-Chief-Justice of Bombay. Mr. Nánábhái was appointed an Acting Judge on the Appellate-side and was—the first fortunate Pleader called to the Bench of the High Court, and the appointment was hailed with satisfaction by the press and the public. He was called



શેઠ નાનાભાઈ હરીદાસ એલઃ એલ. બી.

NANABHAI HARIDAS, ESQ., LL.B., ~~LATE ACTING~~ JUDGE OF THE HIGH COURT, BOMBAY.

Vincent Brooks, Day & Son Lith. London, W.C.

several times to the Bench, to relieve judges going out on leave, and discharged his duties with *marked* ability and strictness. In 1877 he was appointed Government-Pleader in the Appellate Court, and in 1880 as Acting Government Law Professor. After having reverted from the Bar to the Bench for nearly ten years, Mr. Nánábhái was at last—fixed as one of the Judges of the Bombay "High Court," in May 1884, with the full salary of Rs. 3,700. The appointment was warmly received by the people and the Press, and public parties were given to him in congratulation in Bombay and Surát. From early life Mr. Nánábhái has been an active student, and all his tutors and superiors, under whom he worked, entertained a high opinion of his abilities. Mr. Hore, Chief-Judge of the 'Small Cause Court' and Government Law Professor, wrote to say in 1859:—"I am sure that he "will become well-known in whatsoever business he will undertake or will be engaged." The late Chief Justice Sir Michael Westropp also held him in high esteem. Mr. Nánábhái has edited three Gujaráti Periodicals, in which he warmly advocated female education and reform.

Mr. Nánábhái has 5 sons, the eldest, Mr. Jamietrám, aged 22, has passed his LL.B. examination, and Mr. Ochavarám, aged 19, is preparing for the B. A. examination, and the others are students. Mr. Nánábhái is a gentleman of a mild disposition, of retired habits, and a well-known and highly respectable citizen of Bombay.

# ઑનરેબલ જસ્ટીસ શેઠ નાનાભાઈ હરીદાસ,

## એલ. એલ. બી.

મી. જસ્ટીસ નાનાભાઈના મુળ-વડીલો, ચીત્રગુપ્ત, જે 'કાયસ્થ' જાતનો મુળ પુરૂષ થઈ ગયો, તેના વંશથી ઉતરેલા વીચરાયછે. તેઓ કંઇ સદીઓ અગાઉ ઉત્તર-હીંદુસ્તાનમાં આવી વસ્યા હતા, તેમના વંશીઓ—પેહેલવેહેલે સુરતમાં ઈ. સ. ની ૧૭—૧૮ મી સદીમાં આવી વશી, ત્યાંનાં નવાબોના અમલદારો તરીકે માનવંત હોદ્દધા ભોગવી ગયા. તેમની ઓલાદથી ઉતરેલા બાબજી મેહેતા અને તેમના પુત્ર ગોવનભાઇ, નવાબ સરકારના કષ્ટમખાતામાં જોખમ ભર્યા હોદ્દધા ઉપર આવીગયા. ગોવનભાઈની બીજી પેઢીના હરીદાસે પણ એજ હોદ્દધા ભોગવ્યા પછે, ઈ. સ. ૧૮૦૦ માં—નવાબી સત્તા ઇંગ્રેજને હાથ જવે, હરીદાસ તે સરકારની નોકરીમાં જોડાયા, અને ૧૮૩૭ માં સુરતનાં પડી ભાગવા સાથ, ઘણુંક કુટુંબોની ખરાબી થઇ, તેઓમાં હરીદાસ એક હતા. તેઓ એકજ પુરા પુત્ર, તે આ હકીકતને લગતા ઑનરેબલ જસ્ટીસ મી. નાનાભાઇને મેલી, ૮૪ વર્ષની વયે સ્વર્ગવાસી થયા.

શેઠ **નાનાભાઈ**, ૧૮૩૨ ની ૫ મી સપટેમ્બરે સુરતમાં બાઈ દાહીબાઈને પેટે જનમ્યા. તેઓ ગુજરાતી હીંદુઓની 'કાયસ્થ' ન્યાતના, અને ગુજરાથી, મરાઠી, ફારશી, ઈંગ્રેજી જાણેછે. એમના બાપની તંગ હાલત હોવે, મામાએ એમને પાળી, કેળવ્યા હતા. મી. નાનાભાઈના એ પાલનકર્ત્તા અને મદદગાર વકીલનો ધંદો કરતા હતા. તેઓ એમની ૧૨ વર્ષની વયે આ દુનીઆ છોડી જવે, મી. નાનાભાઈનો બીજો કોઈ મદદગાર ન રહેવે, તેમને નાશીપાશીનો જબરો ગોદો લાગ્યો, અને નોકરી સોધવા માંડી, તેવા વખતે એમનાં થોડાક ભલું ઈચ્છનારાઓની હીમત મળવે, એઓએ પોતાનો અભ્યાસ આગળ ચલાવી, સુરતમાં—પેહેલવેહેલી ૧૮૪૩ માં ઉઘડેલી ઈંગ્રેજી સ્કૂલમાં, તેને બીજે વર્ષે દાખલ થઈ, મેહેનતથી અભ્યાસ કરવા માંડવે, એમના ભવિશ્યવિશે સ્વર્ગવાસી પ્રોફેસર મી. ગ્રીન વગેરે શિક્ષકોએ સારી આશા બતાવી હતી. પોતાના અભ્યાસ અને વખાણલાયક વર્તણુકવીશે 'સરટીફીકેટ' મેળવી, એઓ ૧૮૫૦ માં ત્યાંથી મુંબઈની "એલફીનસ્ટન કૉલેજ" માં આવી જોડાયા, અને ત્યાંની વાર્ષીક પરીક્ષાઓમાં જુદી જુદી બાબદોમાં હુશીઆરી બતાવી, પેહેલા વર્ગના ઈનામો મેળવતા રહી, 'કલેર' અને 'વેસ્ટ' ની સ્કોલરશીપો પણ મેળવી હતી. પરીક્ષકોએ એમને વીશે ઉંચા વીચારો જણાવ્યા હતા. એ વખતે, પોતાના ગરીબ માબાપનું પાલન કરવા, એઓ ખાનગી કેળવણી આપતા હતા. ૧૮૫૨ માં માજી "સુપ્રીમ કોર્ટ" માં દુબાસીઆ અને તરજુમો કરવાના હોદ્ધાની પરીક્ષા પસાર કરી, તે મેળવ્યો હતો. ૧૮૫૫ માં ઉઘડેલા સરકારી 'લૉ કલાસ' માં એઓએ જોડાઈ ૪ વર્ષો કાયદા શાસ્ત્રનો અભ્યાસ કરી, વાર્ષીક પરીક્ષાઓમાં પેહેલા ઉતરી ઈનામો મેળવતા રહ્યા, તે વખતે, એમના કાયદાને લગતા ઉત્તમ જ્ઞાન વીશે, લૉ પ્રોફેસરો અને એકઝામીનરો મેશર્સ, હાવર્ડ, હોર, અને રીડે, ઉંચું મત આપ્યું હતું. ૧૮૫૭ માં એઓએ 'મુનસફ' ની, અને ૧૮૫૯ માં લૉ-સ્કુલની શેવટની પરીક્ષા પસાર કીધી હતી. ઈંગ્રેજી દીવાની, ફોજદારી, અને હીંદુસ્થાનના ફોજદારી કાયદાનો ગુજરાથી તરજુમો કરવાના ખાસ કામ ઉપર એમને ૧૮૫૯—૬૧ સુધી રાખ્યા હતા. ૧૮૬૦ માં એઓએ મુંબઈની યુનીવરસીટીની 'મેટ્રીક્યુલેશન' ની પરીક્ષા પસાર કીધી હતી. મી. નાનાભાઈ, "સુપ્રીમ કોર્ટ" ના તરજુમાખાતાંમાં એટલા તો અગત્યના થઈ પડયા હતા કે, ૧૮૬૧ માં સરકારે, એમને 'અમદાબાદ કૉલેજ' માં પ્રીન્સીપાલ અને લૉ પ્રોફેસરનો હોદ્ધો આપવા માગતી વખતે, ચીફ-જસ્ટીસ સર મેથ્યુ સોસે, ઘણા અગત્યના થઈ પડેલા મી. નાનાભાઈને, તે ખાતામાંથી જુદા નહી પાડવા જબરી હઠ, લેવે, તેઓ ત્યાંજ રહ્યા હતા. માજી 'સદર અદાલત' માં—વકીલનો ધંધો ચલાવવા એઓએ ૧૮૬૧ ના અકટોબરમાં 'સનદ' મેળવી હતી. ૧૮૬૨ માં માજી 'સદર અદાલત અને સુપ્રીમ કોર્ટ' નું નામ છેકાઈ, હાલની 'હાઈકોર્ટ' નું નામ હૈયાતીમાં આવ્યું, ત્યારે એ કોર્ટની એપેલેટ-સાઈડનાં તરજુમા ખાતાંમાં, મોહોટો પગાર આપી રાખવા માગવા છતાં, નાપાડી,

મી. નાનાભાઈએ, લગભગ ૧૧ વર્ષો તુલીક તે હોદ્ધો બજાવી છોડયો, અને સ્વતંત્રપણે "પ્લીડર" નો ધંધો ચાલુ કીધો કે, ટુંક વખતમાં, એમનું કામ અને ઘરાકી ભારે વધી પડી, એઓ—એક્કા અને મુખ્ય પ્લીડર તરીકે પ્રસીધ્ધ થઈ વધતા ગયા, અને મુખ્ય કરી ગુજરાથ તરફના સઘળા અગત્યની અપીલના કજીઆ એમનાજ હાથમાં મેળાવવા લાગ્યા. ૧૮૬૪ માં એઓએ મદ્રાસની 'યુનીવરસીટી' માં પરીક્ષા પસાર કરી એલ. એલ. બી. તે 'બેચલર ઓવ લૉ' ની ડીગ્રી મેળવી. ૧૮૬૯ માં મુંબઈ સરકારે એમને ફર્સ્ટ ક્લાસ, ફર્સ્ટ-ગ્રેડ સબઓરડીનેટ-જડજ નેમવા માગત્રે, તે માનવંત હોદ્ધો, એઓએ આપ કમાઈનો ઝરો એસથી વેહેતો જોઈ, નાકબુલ રાખ્યો હતો. પછે ૪ વર્ષે, મુંબઈની **સર ફીલીપ વોડ હાઉસ**ની સરકારે, મી. નાનાભાઈએ સ્વપને પણ ન ધારેલો અને—દેશી વકીલોને કદી ન મળેલા હાઈકોર્ટ ના "જડજ" નો મોહોટાં માન અને મોહોબ્બાવાળો હોદ્ધો, એક તપાસ તરીકે, એમને ૧૮૭૩ ની ૩૦ મી મેએ આપ્યો હતો. એ લાયક નેમણુકને દેશી તેમજ ઈંગ્રેજી પત્રોએ એક અવાજ અને હરખથી વખાણી પસંદ કીધી હતી. તો, તેની ખુશાલીમાં, એમના મીત્રોએ **સુરત** અને **અમદાવાદ**માં વગવાલા દેશી અને યુરોપીઅનોના દબદબા ભર્યા મેલાવડા, કરી એમને જાહેર મુબારકબાદી આપવા ખાણાં કીધાં હતાં. ૧૮૭૭ ની ૨૩ મી મેએ એમને મુંબઈની હાઈકોર્ટના "સરકારી વકીલ"નો હોદ્ધો મળ્યો, જે, કામ ચલાઉ જડજના બેંચ ઉપરથી ઉતરતાંજ તે પાછો સ્વાધીન લેઈ એઓ ચલાવતા હતા. મુંબઈની **સર,** જેમ્સ ફરગ્યુસનની સરકારે, એમને થાણાનાં જોઈન્ટ-જડજ અને સેશન જડજનો હોદ્ધો આપવા માગવે, તે લેવા એઓએ ના પાડી હતી. એજ સરકારે ૧૮૮૦ ના જુલાઈમાં એમને કામ ચલાઉ 'લૉ પ્રોફેસર' ની જગ્યા આપી હતી. હાઈકોર્ટના જડજનો કામ ચલાઉ હોદ્ધો ગાલેગાલે ૧૧ વર્ષો તુલીક એઓએ પ્રજાની પુર પતીજ, પોતાના ભાઈબંધ પ્લીડરોની મોહોટી ખુશાલી, અને સરકારનો પુરતો વીશ્વાસ અને ખાતરી મેળવી, અપક્ષપાત રીતે બજાવ્યા પછે, મહા-રાણીની સરકારે એ હોદ્ધા ઉપર ૧૮૮૪ ની ૧૩ મી મેએ—રૂ. ૩૭૫૦ ને દરમાએ એમને કાયમ કીધા, તે ખાતર આખી દેશી પ્રજાએ ખુશાલી બતાવી, મુંબઈ અને સુરતના આગેવાન ગૃહસ્થોએ **મી० નાનાભાઈ**-ને મુબારકબાદી ભરી જાહેર 'જાફતો' આપી હતી. **મી० નાનાભાઈએ** નાધલી વયથીજ એક ચંચળ વિદ્યાર્થી અને મેહેનતુ અભ્યાસી તરીકે ખીલતા ચાલી, પોતાના ભવીષ્ય વીશે ત્યારના શીક્ષકો તરફથી ઉમડા મત અને આશીરવાદ મેળવ્યા હતા, તે, પાછળથી હાલ ખરા પડયાછે. સુરતની સરકારી સ્કુલમાં એમના અભ્યાસના વખતના એક માસ્તરે, એમને ભવીષ્યમાં "એક સરસ વકીલ બનવા" અગમચેતી કીધી હતી. તો, લૉ ક્લાસના પ્રોફેસર મી. **હોરે** ૧૮૫૯ માં એમને વીશે જણાવ્યું હતુંઃ "હું ખાતરીથી આશા "રાખું છું કે, એ, જેબી કામ ધંધામાં પડશે, તેમાં જલદીથી ખીલી નીકળી જાણીતો થઈ પડશે." મુંબઈ ઈલાકાનો થઈ ગયલો ઘણો જુનો, જાણીતો, અને અનુભવી માજી ચીફ-જસ્ટીસ **સર** માઈકલ વેસ્ટ રોપ, મી. નાનાભાઈ વીશે ઘણું સારૂં મત અને માન ધરાવતો હતો. એઓ, 'હાયકોર્ટ' ની એપેલેટ-સાઈડના સૌકરતાં સીનીયર-પ્લીડર, અને મુંબઈ યુનીવરસીટીના ૧૮૭૨ માં "ફેલો" નેમાયાછે. એઓ સ્ત્રીકેલવ-ણીના આગેવાન છે. ૨-૩ જાણીતા ગુજરાતી માસીક ચોપાન્યાં, એઓ એકલાએ ચોક્કસ મુદત સુધી બીન સ્વાર્થે ચલાવ્યાં હતાં.

**મી·** નાનાભાઇ, બાઇ તુલજાગવરી સાથ પરણ્યા. તેણીએ ૧ પુત્રી અને ૫ પુત્રોને જન્મ આપ્યો છે. વડા પુત્ર **મી·** જમીયતરામ ૨૨ વર્ષનાયે મુંબઈ યુનીવરસીટીની એલ. એલ. બી. ની ડીગ્રી મેળવી છે; **મી·** ઓચ્છવરામ ૧૯ વર્ષના બી. એ. ની પરીક્ષા વીશે તૈયાર થાયછે. અને હરદેરોમ ૧૬ વર્ષનાં, કરશનલાલ ૧૦ વર્ષના, અને **મનુભાઇ** ૭ વર્ષના છે.—**મી·** નાનાભાઈ ઘણાજ એકાંત અને નરમ સ્વભાવના, ગંભીર અને થોડું બોલનારા, થોડાઓ સાથ વેહેવાર રાખનારા અને ભેલાનારા, નમંનતાઇવાલા પણ ટેકાવ જાલવવાને ખંતી, પોતાના કામમાં ગુંથાયલા, એક ચંચળ, બાહોશ, જાણીતા અને મુંબઇમાં માનીતા ગૃહસ્થ છે. એમની બોહોળી વાર્ષીક આવક અને કાંઇક સ્થાવર મીલકત છે.

# Gaurishanker Udeshanker, Esq., C. S. I.,

## EX-DIVÁN, BHAUNAGAR.

MOTILAL, the grand-father of the Diván, lived at Gogo, and carried on petty trade with Surat and Bombay. His son, Udeshánker, followed his father's business, and died as a petty trader, leaving 2 sons, of whom the subject of this memoir is the youngest.

Diván Gaurishánker was born at Gogo, on 21st August 1805, and belongs to the *Vadnágará'* sect of the Nágar community. He knew Gujarati and Sanskrit, and was *first* employed at the age of 17 as an Assistant State *Vakil* of Bhaunágar in 1822, and was thence transferred to the Revenue-Department. The then ruler of Bhaunagar, Thákor Vakhatsingji, was, for certain reasons,—deprived by the British Government of the right to exercise civil and criminal jurisdiction over 116 villages, and moreover was made himself amenable to the British law in 1815. Consequently, several suits were filed against him in the Courts of Ahmedabad and Surát. Mr. Gaurishánker—first signalised himself in the interest of the State by bringing round the suitors to amicable settlement. He was engaged in this active service from 1826 to 1830, and was thereafter appointed to the administration of the Gogo district, and also made Chief-Counsellor to the Thákor. In this capacity he rendered another *series* of valuable services to the State by settling disputes between it and the British Government, in return for which he was elected Special Agent for the State. In 1839 he was appointed Assistant-Diván, and on the retirement of Mr. Parmanandás from the office, he was made Chief-Diván or Premier in 1847. About the time the State affairs were very serious. There was a public standing debt of Rs. 10,60,000, the British exercised absolute authority over the confiscated 116 villages above alluded to, the creditors to the State continually put the law into motion, and warrants from the British Political-Agency were constantly issued for the recovery of the outstandings. From all this depression Mr. Gaurishánker during his Divánship, which continued from 1847 to 1870, and during three reigns, *freed* the State. He also satisfactorily settled all political and financial disputes with the British Government, *freed* the rich district of Mahwá from entailment to the head of the Arab *Sibándi* or mercenaries, and restored civil and criminal jurisdiction over the 116 villages. During the Indian Mutiny in 1856-57-58 it was Mr. Gaurishánker's loyalty and foresight which



આજમ ગવરીશંકર ઉદેશંકર. સી. એસ. આઇ. માજી-દીવાન સાહેબ.

AZAM GOWREESHANKER OODESHANKER, C.S.I. — EX-PRIME MINISTER OF BHOWNUGAR.

Vincent Brooks, Day & Son, Lith. London, W.C.

preserved the State in the interest of the Paramount Power. He was an —enlightened administrator, and during his Divánship gave Bhaunágar its foremost start in civilized life. He opened schools and dispensaries, built roads, bázárs, bunders, jails and wells. He inaugurated the municipal and public works departments, re-organised the police and judiciary, and improved the revenue system. During the minority of the present Prince, the British Government confirmed him as a Joint-Administrator with the British Deputy, and in 1877, when the Prince attained his majority, Mr. Gaurishánker resumed his Premiership amidst the approbation of the Bombay and the Supreme-Governments. For his valuable political services, Her Imperial Majesty the Queen-Empress was pleased to confer upon him the title of "The Order of the **Companion** of the **Star** of **India**." The insignia was handed to him by then Viceroy, Lord Lytton, in the Imperial Delhi Assemblage, on 1st January 1877. Diván Gaurishánker served the State for full 32 years, and retired on an annual pension of Rs. 2,000 in January 1879 at the ripe old age of 80. He had the village of 'Turkhá' presented to him in *Inám* in perpetuity by the State in 1866. Besides he has extensive corn-fields in 'Kundá' village, and his annual rental in all, amounts to about Rs. 10,000. He has opened at Bhaunágar a 'Ved-Sálá' or Vedic-School, on the 27th February 1885, at an enormous expense.

Diván Gaurishánker had several issues, of whom only 2 sons and 1 daughter survived. The eldest son, Mr. Vajeshánker, aged 45, is Assistant-Diván, and the second, Mr. Prabhásbánker, is at the head of the household of the Royal family of Bhaunágar. Mr. Gaurishánker is of a mild disposition and reformed views. He has published a work in Gujárâti on Vedic philosophy, entitled '*Sávrup-anoo-Sánthán*.'

# દીવાન ગવરીશંકર ઉદેશંકર, સી. એસ. આઈ.,

## માજી દીવાન, ભાવનગરના.

એમના બપાવા અથવા દાદા મોતીલાલ, "ઘોઘા" માં વસી, સુરત અને મુંબઈ સાથ વેપાર ચલાવતા હતા, અને તે ખાતર ઘરનું વાહાણ અથવા બતેલો બંધાવ્યો હતો. તેમના પુત્ર ઉમ્યાશંકર નાધલા વેપારી બન્યા, તેમની નાંણાં સંબંધી હાલત ઠીક ન હોતી. તેઓ ૨ પુત્રો મેલી મરણ પામ્યા તેઓ માંહેલા નાધલા, તે આ હકીકતને લગતા દીવાન ગવરીશંકર, સી. એસ. આઈ. છે.

દીવાન ગવરીશંકરને, "ઘોઘા" માં બાઈ અજબે ૧૮૦૫ ની ૨૧ મી ઓગષ્ટે જન્મ આપ્યો. તેઓ હીંદુજાતની 'વડનગરા નાગર' ન્યાતના, અને ગુજરાતી તેમજ સંસ્કૃત ભાષા જાણેછે. એમના એકજ ભાઈ હતા. ૧૮૨૨ માં ૧૭ વર્ષની ઉમ્મરે, ગવરીશંકર—પેહલ્લા ભાવનગર દરબારના 'નાયબ-વકીલ' તરીકે, રાજકોટની ઇંગ્રેજી-એજંનસી જે તુરતની સ્થપાઈ હતી, ત્યાં કામે લાગ્યા હતા. તેને બીજે વર્ષે એ રાજ્યના 'કુંડલા' મહાલના નાયબ-મેહેસુલઅધીકારી બની, ચાલાકીથી ૪ વર્ષ ઓધ્ધો બજાવી, ત્યારના ઠાકોર વીજય-સીંહજીનું સારૂં મત મેળવી, ૧૮૨૬ માં ચઢતે દરજ્જે વધી, અતી વીશ્વાસુ કામ ઉપર આવ્યા, તે, એ હતું કે, એ ઠાકોરના બાપ વખતસીંહજી, અને ઈંગ્રેજ સરકાર વચ્ચે ૧૮૧૫ માં ગેરસમજુતી થવે, સરકારે, તે ઠાકોરનાં, પેશવાઈ ખંડણી આપનારાં ૧૧૬ ગામો ઉપરની તેમણી દીવાની અને ફોજદારી સત્તા ઈંગ્રેજ સરકારે છીનવી લેઈ, સામબી વળી તેમના ઉપર ઈંગ્રેજી દીવાની, તેમજ ફોજદારી, સત્તા લાગુ પાડી હતી. જે તકનો ગેરવાજબી લાભ લેઈ, એ ઠાકોરને સતાવનારાઓએ તેમની ઉપર સુરત અને અમદાવાદની ઈંગ્રેજી દીવાની અદાલતમાં ઘણી એક ફરીઆદીઓ માંડી હતી. તે સઘળાનો નીવેડો લાવવાનું એ કામ હતું. જે ખાતર ૪ વર્ષો મેહેનત લેઈ, ૧૮૩૦ માં ખાતરીપૂર્વક રીતે એઓએ બજાવ્યું. પછે, ગવરીશંકરને ઘોઘા પ્રગણાના 'વહીવટદાર' નો હોધ્ધો મળ્યો, તેજ વખતે તેઓ વળી ઠાકોરના એક ઘણા વિશ્વાસુ સલાહકાર, અને એ રાજ્ય અને ઈંગ્રેજ સરકાર વચ્ચે ઉઠેલા ઘણાક વાંધાઓનો નીવેડો લાવવા દરબારી 'એજન્ટ' તરીકે નેમાયા હતા. ૧૮૩૯ માં એઓએ 'નાયબ-દીવાન'ના ઓધ્ધા ઉપર આવી, જાતી ચંચલાઈ અને મેહેનતથી વધતા જઈ, ૧૮૪૭ માં — મુખ્ય-દીવાનના માન અને જોખમ ભર્યાં હોધ્ધા ઉપર આવ્યા, કે જે, હાલના મુખ્ય-દીવાનના બપાવા પરમાનંદદાસે રાજીનામું આપી છોડયો હતો. તે વખતે ભાવનગરની નાંણાં સંબંધી તેમજ બીજી હાલત ઠીક ન હોતી, તીજોરી રૂ. ૧૦,૬૦,૦૦૦ ના કરજનાં બોજાથી કચડાતી જતી હતી, રાજ્યનાં ૧૧૬ ગામો ઉપર હુકુમત કરનારા ઈંગ્રેજી હોધ્ધેદારોનો ભારી દોર હતો, તો, ઈંગ્રેજી-એજંનસી તરફથી દેણું ભરાવાના તકાદા થઈ, વારેઘડીએ 'જપતી' અથવા મોહસલના ઝપાટા આવતા હતા, જે સઘણું રફતે રફતે, સારી સમજ, ભારે મેહેનત, અને ધીરજથી એ દીવાને ટાળ્યું હતું. મી० ગવરીશંકરે ૧૮૪૭—૭૦ સુધી હોધ્ધો ભોગવતાં, ભાવનગરનાં તખ્ત ઉપર ૩ ઠાકોર સાહેબો આવી ગયા, તેઓ સઘળાઓનો એઓએ, એકસરખો—પ્યાર અને વિશ્વાસ મેળવ્યો હતો. રાજ્યને, સાહુકારો વગેરેના કરજમાંથી ધીરે ધીરે મોકળું કીધું, કષ્ટમ જગાતની વસુલાતના હક વીશે ઈંગ્રેજ સરકાર સાથ ઉઠેલો મોહોટો વાંધા અને બીજી ઉઠેલી તકરારો ધીરજ અને ડાહાપણથી પતાવી નાખી, અને રાજ્ય તરફથી એક આરબ જમાદારે આપેલી "બાહેધરી" અથવા જામીનગીરી વીશેના તેના દાવા બદલે, તેના બે વારેશોને હસ્તક ૧૮૩૬ થી મોહોટી આવકવાળું

"મહુવા" પ્રગણું અપાયું હતું, તે ઉપર, તેઓએ પોતાની પુરઅખત્યાર માલેકીનો દાવો કરવે, તેનો પણ સમજુતીથી નીવેડો લાવ્યા હતા. ઉપલાં ઈંગ્રેજી સત્તા હેઠળ દબાયલાં ૧૧૬ ગામોનો છુટકો કરાવી, રાજ્યને પાછાં અપાવવા ખાતર, લાગત ૧૨ વર્ષો ચાલુ મેહેનત કરવામાં ગવરીશંકરે—મુખ્ય ભાગ લીધો હતો. ઈ. સ. ૧૮૫૭-૫૮ માં ફાટીનીકળેલા હીંદુસ્થાનના ભયંકર "બળવા"ની વખતે, એ દીવાનની ભલી રાજ્યનીતી અને ઠાકોર જસવંતસીંહજીની સારી સમજથી એ રાજ્ય અને ઈંગ્રેજ સરકાર વચ્ચે દોસ્તીનો મજબુત ગાંઠ ટકી રહ્યો હતો. એ દીવાનની કોશેશથી, રાજ્યમાં નીશાળો અને દવાખાનાં સ્થપાયાં, પાણીની સગવડ ખાતર તલાવો અને કુવા બન્યા, સરસ રસ્તા, બંદરો, પુલો, બજારો, મોહોટી જેલ, વગેરે બંધાવ્યાંછે. શેહેર સુધરાઈનું, સરવેનું, જાહેર બાંધકામોનું, વગેરે અગત્યનાં ખાતાંઓ ખુલ્યાં, અને મેહેસુલ, પોલીસ, અને ન્યાયખાતાં નવે પાયે રચાઈ મજબુત બન્યાં. કષ્ટમની જગાત ઘટી, અને રૈયતના સુખ સગવડખાતર શેહેરથી ૧૬ માઈલ દુર આવેલી નદીમાંથી નેહેર મારફતે પાણી લાવવા જબરા ખરચવાલું ગંજાવર બાંધકામ કરવાવ્યું છે. ઠાકોર સાહેબ **સર** જસવંતસીંહજી ૧૮૭૦ માં મરણ પામવે. તેમના પુત્ર તે હાલના ઠાકોર સાહેબની બાળ વય હોવે, ભાવનગર રાજ્યનો કારભાર, મુંબઈ સરકારે પોતાની દેખરેખ હેઠળ, એક નેમેલા ઈંગ્રેજ વહીવટદારને, રાજ્ય તરફથી નેમાયલા. **મી॰** ગવરીશંકર સાથ જોડી, જોડાયલા-રાજ્ય-કારભારથી ચલાવ્યો, તેમાં મી. ગવરીશંકર—પુરતા ફત્તેહમંદ ઉતર્યા હતા. તેમ ૬ વર્ષથી કાંઈ સેહેજ વધુ ચાલીઆ પછે, ૧૮૭૭ ના એપ્રેલમાં ઠાકોર સાહેબે ઉમ્મરે પુગી પુરઅખત્યાર હસ્તક લીધો, તે વખતે, ગવરીશંકર દીવાનના આગલા હોદ્ધા ઉપર પાછા નેમાયા હતા. જોડાયલા-રાજ્યકારભારી તરીકે સરસ મન-શકતી અને ચંચલાઈ વાપરી ફત્તેહમંદ નીવડવા ખાતર, એમની મુંબઈસરકારે જે વખાણ કીધી, તે હીંદના વજીરે સ્વીકારી હતી. **મી.** ગવરીશંકરે, પોતાના રાજ્યની સેવા બજાવવા ઉપરાંત ઈંગ્રેજ સરકારની પણ ઘણી કીમતી સેવા બજાવવે, આપણાં મહારાણીએ "કયશરે હીંન્દ" નો ખેતાબ લેવાની ખુશાલીમાં, વાઈસરોય લૉર્ડ **લીટન**ની મારફતે, દીલ્લીમાં ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ ભરેલી દરબારમાં, એમને "**કમ્પેનીઅન ઓવ ધી સ્ટાર ઓવ્ ઈન્ડીઆ**" નો દરજ્જાવાલો ખેતાબ બક્ષ્યો. પોતાની ૮૦ વર્ષની ઉમ્મરમાં ચાલુ ૩૨ વર્ષો નોકરીમાં ૪ ઠાકોર સાહેબોના અમલ હેઠળ દીવાનગીરી ભોગવ્યા પછે, તેની લગામ ૧૮૭૯ ના જાનેવારીમાં ગવરીશંકરે રાજીનામું આપી છોડી, જ્યારથી ભાવનગરના હાલના ઠાકોર સાહેબ તખ્તસીંહજીએ એમને જન્મસુધી દરસાલ રૂ. ૨૦,૦૦૦ નું આખું 'પેનશન' આપતું કીધું છે. એઓએ ૧૮૮૫ ની ૨૭ મી ફેબરવારીએ ભાવનગરમાં મોહોટા ખરચે એક 'વેદ-શાળા' ખોલી છે, અને લંડનની "ઈસ્ટ ઈન્ડીઆ એસોસીએશન" ને રૂ. ૧૦,૦૦૦ ની મદદ આપીછે, ભાવનગર દરબારે એમની નીમકહલાલ નોકરીના બદલામાં "તુરખા" ગામ ૧૮૬૬ માં—વંશપરંપરા બક્ષ્યું, તે વગોગે એઓ "કુડા" ગામમાં ઘણાંક ખેત્રો વગેરેની માલેકી ધરાવેછે.

દીવાન ગવરીશંકરને થયલાં ઘણાંક ફરજંદોમાં ૧ પુત્રી અને ૨ પુત્રો હૈયાત છે. વડા પુત્ર **મી.** વીજયશંકર ૪૫ વર્ષની વયના અને એ રાજ્યમાં નાયબ-દીવાનનો ઓહ્દો ધરાવેછે. બીજા **મી.** પ્રભાશંકર ૪૦ વર્ષના અને ત્યાંનાં રાજ્ય-ખરચના ઉપરીનો હોદ્દો ભોગવેછે.—**મી.** ગવરીશંકરને ભાવનગર દરબાર તરફથી રૂ. ૨૦,૦૦૦ નું વાર્ષીક 'પેનશન' મળવા ઉપરાંત, બક્ષીસમાં મળેલા 'તુરખા' ગામની વાર્ષીક આવક રૂ. ૧૦,૦૦૦ ને આશરે થાયછે. તેઓ, રીતભાતે પુરા સુધરેલા, સ્વભાવે મીલનસાર, વિદ્યા એલમને આગેવાન ઉત્તેજન આપનારા, ઉમ્મરે વૃધ્ધ પણ જુબાંએ જુવાન, ચંચળ, પુરા અનુભવી, અને લાયક ગૃહસ્થ છે. એઓએ "સ્વરૂપનું સન્ધાંન" નામે વેદને લગતા વીચારો ઉપર એક પુસ્તક રચ્યુંછે.

THE LATE

# Rao Bahadur Gokalji Zala,

## DIVAN OF JUNÁGAD.

RAO BAHADUR GOKALJI'S primitive ancestor, Morárji Zálá, lived in Junágad. The younger of his two sons, Rudarji Zálá, was employed in the household of the Nawáb of Junágad. His son, Amarji, held the same office, and even advanced money to the Nawáb. He was also an *Ijárdár* or fief-holder, and had farmed 4 villages of the State on a long lease of 25 years. His personal services to the Nawáb were rewarded by the free grant in *Inám* of the village of Gágechá, a portion of which is still enjoyed by his descendants. Second in lineal descent from him was Sampatrám Zálá, who died in 1872, leaving behind him an only son Mr. Gokalji, the subject of this memoir.

Ráo Báhádur Gokalji was born on 13th July 1824, and belonged to the '*Vadnágrá*' sect, of the Nágar Bráhmins among the Hindus. He knew Sanskrit, Persian, and Gujaráti. At the age of sixteen he was engaged as a candidate in the Court of Junágad, and in 1848 appointed Assistant Record-keeper. In 1851 he was employed on the personal staff of the Nawáb, and thence entrusted with the post of *Daftédar*, or the responsible head of the records, which had fallen into arrears for 16 years. He cleared up the same in no time. In 1861 he was appointed the Chief-Diván, with the title of '*Izat-ásár*,' or 'the Right Honourable,' and three years later he had the title of '*Khasusiá-dastga*' conferred upon him for life. When he assumed the Divánship, the State was in utter anarchy from which he—redeemed it with political tact, and thus rendered important services to the State. Mr. Gokalji was a straightforward and an independent gentleman. He was one of the Assessors of the 'Committee of Inquiry' in a criminal case presided over by the Political Agent, Colonel Anderson, when the President alone convicted the accused, but on appeal of Mr. Gokalji, the Bombay Government *reversed* the judgment, and the accused was discharged. In 1870 differences between the Princes and *grássiás* or appanagists of Káthiawár raged rampant, when the Political-Agent interfered to assert his authority. The Nawáb's Court with one voice opposed his authority, and Gokalji acted as the spokesman, and Colonel Anderson was ordered, by the Bombay Government, to refrain. Shortly after this Gokalji was pressed to resign the service, but his salary was continued by the late Nawáb. He also rendered valuable services to the advancement of the State, and in establishing the



સ્વર્ગવાસી રાવ બાહાદુર ગોકલજી ઝાલા. જુનાગઢના દીવાન સાહેબ.

THE LATE RAO BAHADOOR GOCULJEE ZÁLLÁ — DEWAN OF JOONAGHUD.

Vincent Brooks, Day & Son, Lith, London W.C.

right of the present Nawáb Báhádur Khánji to the throne, which was being disputed by a rival claimant of the family of Ráthanpur. For these valuable services he was—rewarded with the grant in perpetuity of the village of 'Gádalá.' The British Government conferred upon him the title of **"Rao Bahadur"** in the Imperial Delhi *Durbar* held on 1st January 1877. He was a life-member of the "East India Association" and member of the 'Royal Asiatic,' 'Budhi Vardhak' and 'Dnyan Prasárák' Societies. He has built a public Inn for travellers in Junágad, beside spending Rs. 3,000 in—miscellaneous charities. He died on 28th November 1878. To commemorate his name among his compatriots the sum of Rs. 10,395 has been raised by public subscription, but the form of the memorial has not as yet been decided upon.

Mr. Gokalji has left *no* male issue. He was reputed as one of the few shrewd Diváns or Premiers in the province of Káthiawár, and was well-known for his straightforwardness and simple and obliging manners.

# સ્વર્ગવાસી

## રાવ બાહાદુર ગોકળજી ઝાલા,

### જુનાગઢના દીવાન.

એમના વડીલોની અસલ ઓળખ "કચોલા" હતી જે, તેઓ 'ઝાલાવાડ'ના રાજ્યકર્તાઓની નોકરીમાં રેહેવે, ત્યારથી બદલાઈ "ઝાલા" કેહેવાતા આવ્યા. ગોકળજીના મુળ-વડીલ મોરારજી ઝાલા જુનાગઢમાં વસ્યા હતા. તેમના બે પુત્રો માંહિલા નાહાના રૂદ્રજી ઝાલા, જુનાગઢના નવાબ બહાદુર ખાનજીનાં કુટુંબના મુખ્ય-કારભારી થવા પછે, ઈ. સ. ૧૭૭૧ માં સ્વર્ગવાસી થયા. તેમના પુત્ર અમરજી ઝાલાએ પણ એજ રાજ્ય કુટુંબમાં નવાબ મોહોટા હામદખાનજીનાં બેગમ કમાલબખ્તના ખાસ વહીવટદાર બની, પોતે નાણાવટી હોવે, એ રાજ્યને નાણું ધીરી, ત્યાંનાં "વંથલી" માહાલ, વગેરે "માંગરોલ" અને "જેતપોર" પ્રગણાં, અને "કેશોદ" વગેરે તાલુકા ઈજારે રાખી, ૨૫ વર્ષસુધી પુરઅખત્યાર સત્તા ભોગવી અમલ ચલાવ્યો હતો. એમની ઈમાનદારી ભરી અગત્યની સેવા બજાવવા ખાતર, ઉપલા નવાબે "ગાગેચા" ગામ—વંશપરંમપાર ઈનામમાં આપ્યું, તેના ચોક્કસ ભાગ ઉપરનો હક હજુણ તુલીક એમના વારેશો ભોગવેછે. અમરજી ૧૮૨૧ માં સ્વર્ગવાસી થયા, તેમના ૨ પુત્રો માંહેલા ઇંદ્રજી, નવાબ બહાદુરખાનજીના—મુખ્ય દીવાન બન્યા; પણ, હોદ્ધા ઉપર ઘણો વાર ન ટકતાં ૩ જે વર્ષે દીવાનગીરી ખોવે, તેમનાં કુટુંબની ઘણી પડતી દશા બની અને તેઓ સ્વર્ગવાસી થયા. તેમના પુત્ર સંપતરામ ઝાલા ૧૮૭૨ માં ગરીબી હાલતે આ દુન્યા છોડી જે, એક પુત્ર તે આ હકીગતને લગતા રાવ બહાદુર ગોકળજી ઝાલાને મેલી ગયા હતા.

સ્વર્ગવાસી **રાવ બહાદુર ગોકુળજી ઝાલા,** નાગર જાતની 'અભ્યંતર" ન્યાતના હતા, તેમને જુનાગઢમાં બાઈ સદાકુવરે ૧૮૨૪ ની ૧૩ મી જુલાઈએ જન્મ આપ્યો હતો. તેમનાં અચરત નામનાં એક બેહેન હાલ હૈયાત છે. ગોકળજી, ફારશી, સંસ્કૃત અને ગુજરાતી ભાષા જાણતા હતા. તેઓ ૧૬ વર્ષની વયે, જુનાગઢ દરબારમાં એક ઉમેદવાર તરીકે રહ્યા પછે, ૧૮૪૮ માં નવાબ હામદખાનજીના વખતે, નાયબ-દફતરીનો હોધ્ધો મેળવ્યો હતો. એ નવાબ ૧૮૫૧ માં મરણ પામવે, ગાદીએ આવેલા નવાબ સર મોહોબતખાનજીએ એમની ચાલાકી ધ્યાનમાં લેઈ, પેહેલ્લે ખાસ કામનાં ખાતાં ઉપર અને પછે વડા-દફતરીના જોખમ ભર્યા હોધ્ધા ઉપર નેમ્યા. ગોકળજીએ દફતરખાતાંનાં બંધણમાં સુધારો કરી, તેનો ચઢી ગયલો ૧૬ વર્ષનો ગુચવાડાનો હીસાબ, એઓએ ઘણી મેહેનત અને ચાલાકીથી નકકી પણે સફાઈ કરવે, વધુ ખીલી નીકળીઆ અને નવાબ તેમજ આખ્ખાં દરબારી મંડળ તરફથી સારૂં મત અને માન મેળવ્યું હતું. ૧૮૬૦ ની આખેરીએ, એ પેહેલ્લા વર્ગનાં રાજ્યમાં અનચીત્યા બનાવથી મુખ્ય-દીવાનની જગ્યા ખાલી પડવે, તે, એ ભાગ્યશાલી નરને રૂ. ૪૨૫૦ વરસાણથી "ઈઝઠ આશાર" ના ખેતાબ (જે ઇંગ્રેજી દરબારના "ધી રાઈટ ઓનરેબલ" ના ખીતાબને મળતો છે.) સાથ મળી. પછે ૩ વર્ષે, રાજ્ય તરફથી બીજો "ખશુસીય દસ્તધા" નો ઉંચો ખેતાબ મળ્યો હતો. એ વખતે રાજ્યની હાલત ખટપટી બની હતી, તેને એ દીવાને મજબુત હાથ અને ઉપાયોથી સુધારી રૈયતને લાભ થનારા ઘણાક સુધારા કીધા હતા. મી. ગોકળજી ખરા અને સ્વતંત્ર હતા, જેથી કાઠીઆવાડના "વાઘેર" લોકોએ, ત્યાં જબરૂં તોફાન મચાવી, ઈંગ્રેજોને સતાવતા રેહેવે, તેઓએ

તેઓને ૧૮૬૮ માં નરમ કરી મેલ્યા, ત્યારે ચોક્કસ લુચ્ચા શખ્સોએ, એક મંનજી નામના આબરૂદાર ધણી ઉપર ખાનગી વેર લેવા, તેને વીશે ઈંગ્રેજોને એમ ખોટું સમજાવ્યું હતું કે 'તે વાઘેરોને મદદ કરતો હતો.' એથી રાજકોટ એજંન્સીમાં, તેની તપાસ, પોલીટીકલ-એજંટ મી. અન્ડરસનના પ્રમુખપણા હેઠળ, ૪ દેશી 'અસેસરો' જેઓમાં ગોકળજી હતા, તેઓ હજુર થઈ, અને આરોપીને સરનશીને ગુનેગાર ઠેડવ્યો, તો, અસેસરોએ તેને નીર-અપરાધી ઠેરવ્યો, તેથી તેનો શેવટનો ચુકાદો કરવાનું કામ મુંબઈ સરકાર ઉપર આવવે, તેણે, અસેસરો સાથ અનુમત થઈ બંધવાને છોડી મેલ્યો હતો. હવે ૧૮૭૦ માં કાઠીઆવાડના દેશી રાજા અને ગરાશીઆઓ* વચ્ચે તકરાર ઉઠવે, એજ પોલીટિકલ-એજંન્ટે ગેર કાયદે ગરાશીઆ અને ભાયતો† તરફથી વચ્ચે આવવે, પેહેલ્લા વર્ગના રાજ્યોના કારભારીઓએ તે વીશે, મુંબઈની સર સેમોર ફીટઝરલ્ડની સરકારને ફરીઆદ કીધી.—તેઓનો આગેવાન હીમતી મી॰ ગોકળજી હતા, તેઓ તેમાં ફત્તેહ પામ્યા હતા. પણ એ આગેવાની કરવાથી, ગોકળજીને ઘણું ખમવું પડયું, 'એજંનસી' તરફથી હવે જુનાગઢના નવાબ ઉપર ગોકળજીને બરતરફ કરવા આડકતરી રીતે જુલમી દબાણ થતું જોઈ, એ ડાહ્યા દુર-અંદેશી દીવાને, વાત એમ જોસ ઉપર આવેલી જોઈ, રાજ્યનો નુકસાન થવાની અગમચેતી પામી જે, પોતેજ રાજીનામું આપી હોદ્દો છોડયો હતો. તે છતાંપણ ત્યારના શહાણા નવાબે તેમને ઘર બેઠાં ચાલુ ભર પગાર આપ્યો હતો. પછે, ટુક વખતમાં ઉપલા પોલીટીકલ એજંટના હોધ્ધા ઉપર મી॰ પીલ આવ્યો કે ગોકળજીએ છોડેલો હોધ્ધો પાછો હસ્તક લીધો હતો. એ દીવાને જુનાગઢ રાજ્યની—કીમતી સેવા બજાવી, તેને લગતા દાવા અને હકો સાબેતપણે નક્કી કીધા, તેની વિરૂધ ઉઠેલા અતી ગુચવાડા ભરયાં વાંધાને ખાતરીપુરવક દલીલોથી તોડી નાખ્યા, રાજ્યની સત્તા અને લાભોમાં વધારો કરી ખીલવ્યા, 'ગરાશીઆ' ઓનાં હાથમાંથી દબાવી લીધેલાં ગામો પાછાં મેળવ્યાં, અને હાલના જુવાન નવાબ બહાદુરખાનજીને તખ્તે આવવાના હકોનું વાજવીપણું પક્કી રીતે નક્કી શાબેત કરી આપ્યું હતું. એ મોહોટી કીમતી સેવા બજાવવા ખાતર મરહુમ નવાબ સાહેબે, એ દીવાનને "ગુડાલા" ગામ—વંશપરંમપરા બક્ષ્યું, જેનો ભોગવટો હાલ એમનું કુટુંબ કરેછે. એ દીવાને સાબેત ઈમાનદારીથી હોધ્ધો બજાવવા ખાતરનાં, નવાબ સાહેબ તેમજ ઇંગ્રેજ સરકાર તરફથી ઘણાક શાબાસી-પત્રો મળ્યાં, વખાણ ગવાઈ, અને ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ, હીંદના વાઈસરોય લોર્ડ લીટને ઈંગ્રેજ સરકાર તરફથી એમને "રાવ બહાદુર" નો ખેતાબ બક્ષ્યો હતો. એઓ, 'ઈસ્ટ ઈન્ડીઆ આસોસીએશનના' લાઈફ મેમ્બર, તેમજ 'રોયલ એશીયાટીક સોસાએટી' ના, 'બુધ્ધીવર્ધક' અને 'જ્ઞાનપ્રસારક' મંડળીઓના પણ સભાસદ હતા, અને રૂ. ૩,૦૦૦ ની જાહેર બક્ષેસ કરવા ઉપરાંત, જુનાગઢ તરફ ગીરનાર પર્વત ઉપર એક 'ધર્મશાળા' અને એ શેહેરમાં 'પાટાકુંડ'ની ધર્મસંબંધી નાહાવાની 'હોજ' બંધાવી ગયાછે. "ગુદાલા" ગામની પુરઅખત્યાર, તો, "ગાગેચા" ગામના ચોક્કસ ભાગ ઉપરના એમની માલેકી, હાલ એમનું વંશ ભોગવેછે. રાવ બહાદુર ગોકળજી ૧૮૭૮ ની ૨૮ મી નવેમ્બરે સ્વર્ગવાસી થયા. તેમની—યાદગારી કાયમ રાખવા ઉભા કીધેલાં ફંડમાં રૂ. ૧૦૩૯૫ ભરાયાછે, તે વીશેનો હજુ નક્કી પણે પક્કો ઠરાવ થયો નથી.

* તે, 'ગરાશ' ખાનાર.

† જુવો.—'ગ્રાંગદ્દા.'

મી॰ ગોકળજી, બાઇ અંબાકુવર સાથ પરણ્યા હતા, તેણીને બેટા વારેસ ન થતાં, ૩ બેટીઓ જન્મી છે. આખા કાઠીઆવાડ પ્રાંતમાં એઓ એક—પેહેલા વર્ગના દીવાન તરીકે પુરતું માન પામી પંકાયા હતા. તેઓ સાદી રીતભાત અને પોશાકવાળા, પુરતા બાહોશ અને અનુભવી, આપઅખત્યાર, ચંચળ, અને હીમતી ગૃહસ્થ હતા. જેઓએ, "વેદ" નો ઠીક અભ્યાસ કીધો હતો.

THE LATE

# Samaldas Parmanandas, Esq.,

## DIVAN OF BHAVNAGAR.

MR. SAMALDÁS'S grand-father, Ránchordás, lived at Gogo, near Bhavnágar, and was in the employ of a military officer of the Barodá State, who had received warm commendations from his immediate superior as well as the Gáikvád. Ránchordás died in A. D. 1796, leaving an only son, Parmanandás, 4 years old, who, on attaining his majority, began life as a merchant, and in his visits to the late Thakor Vajeshingji of Bhavnágar on matters connected with trade, made such an intelligent impression, that the Thakor was induced to engage him as an Assistant-Diván in 1817. By sheer force of ability he rose in 1826 to the post of Chief-Minister. During his administration he suppressed the outlawry of the Káthis of Kudla as well as of the Khasiás of Muhvá, and encouraged the cultivation of waste lands. After a tenure of 18 years he resigned the Premiership in consequence of failing health, and was succeeded by his Deputy, Mr. Gaurishankar. Parmanandás died leaving 4 sons, of whom Samaldás,the late Diván, the subject of this memoir, was the youngest.

Mr. Samaldás was born at Gogo, on 18th June 1828, and belonged to the *Vadnágrá* section of the Nágár Bráhmins. The eldest of his three brothers, Mr. Bapubhái, was in his time the Diván of Bhavnágar. Mr. Samaldás knew Sanskrit, Persian, Brij, and Gujarati. He entered the service of the State at the age of eighteen, and served in the subordinate grades of the political and judicial departments, after which he was raised to the post of Chief-Justice of Bhavnágar as well as Assistant-Diván in 1864. It was he—who enacted the Civil and Criminal Codes of the State. He laboured jointly with Azam Gaurishankar, the Ex-Premier, in obtaining for Bhavnágar the right of civil and criminal jurisdiction over the 116 villages of which the British Government had deprived the Bhavnágar State 50 years ago. During the minority of the present Thakor Saheb Takhátsingji, the State was administered by the Political-Agent, when Mr. Samaldás was nominated Assistant Administrator in the revenue department and Joint-Administrator in the judicial department. This was from 1870—77, when the Prince assumed the reins of Government. He encouraged the opening of a Spinning and Weaving manufactory, afforded facilities for the increase of commerce in Bhavnágar, and introduced *Khatabándy*



રાવબાહાદુર મણીભાઈ જસભાઈ કચ્છના મરહુમ દીવાન.

RAO BAHÁDUR MANIBHÁI JASBHÁI, THE LATE DEWAN OF CUTCH.

Vincent Brooks, Day & Son, Lith. London W.C.

to see a great deal in a few days, while his clever judgment has enabled me to shift blots in the administration and suggest remedies for them." The Bombay Government in their Administration Report of 1876—77 remarked :—" The measures which he has commenced and contemplated appear to be judicious." The State during the minority of the Prince was administered by the ' Council of Regency ' under the presidentship of the Political-Agent, Major Reeves. In 1880, on the demise of a *Bháyát* member, the president nominated another *Bháyát*, who was supposed to be in opposition to the interest of the ruling family, and hence the nomination was objected to by all the members of the Council and the Diván. The difference was so *serious* as to lead the Bombay Government to abolish the Council, to remove Mr. Manibhái from Premiership, and to appoint the Political-Agent sole Administrator, assisted by a newly-organized " Council of Administration" and a new Diván. The decision was opposed by the people of Cutch, and clamoured against by the Native Press. Mr. Manibhái then reverted to the Barodá State, when the then Minister, Sir T. Madevá Ráo, entrusted him with the management of the revenue and settlement departments. In September 1883 the Bombay Government of Sir James Fergusson, at the request of H. H. the present young Ráo, re-appointed him as Diván of Cutch and the first member of the ' Council of Administration,' which closed with the Ráo attaining his majority and assuming the reins of Government. The British Government, approving his services, conferred on Ráo Báhádur Manibhái the title of "**Divan Bahadur**" on 15th November 1884. Mr. Manibhái has translated and published in Gujaráti, 'The Select Tales from Shakespeare,' 'Mahomedan Civil Law,' and 'The Bombay High-Court Report, Part I.' He took a prominent part in opening the boys' and girls' schools, and a public library in Petlad.

Mr. Manibhái has 3 daughters and 2 sons. The eldest Motibhái, aged 18, is a candidate for the first B.A. examination of the Bombay University ; the second, Hurribhái, 9 years old, is a student. Mr. Manibhái enjoys at present the honourable post of the Diván of Cutch. Though of weak built, he is a very hard-working gentleman, who knows *no* pleasure except in work. He is very obliging, and possesses a mild temper, an affable disposition, and simple but engaging manners.

# દીવાન બહાદુર મણીભાઈ જશભાઈ,

## માજી દીવાન, કચ્છના.

**મી.** મણીભાઈના વડીલો પેશવાઈ અમલમાં તે રાજ્યકારોબારમાં પડ્યા હતા. એમના પીતા જશભાઈ ઇંગ્રેજી નોકરીમાં બરોડા, મહુવા, ખેડા, નડીઆદ, વીગેરે શેહેરોમાં ફોઝદારનો હોદ્ધો બજાવી, ઈ. સ. ૧૮૮૧ માં ૨ બેટા મેલી સ્વર્ગવાસી થયા, તેઓ માંહેલા વડા તે આ હકીતને લગતા મી. મણીભાઈ છે.

**દીવાન મણીભાઈને**, બાઈ ગંગાજી બેને, ગુજરાત માંહેલાં નડીઆદમાં ૧૮૪૪ ના મે માં જન્મ આપ્યો, તેઓ હીંદુ જાતની 'વડનગરા નાગર' ન્યાતના, અને ઈંગ્રેજી, ગુજરાતી, ભાષા જાણેછે. એમનો એક ભાઈ માણેકભાઈ છે. એઓએ અમદાવાદની ઈંગ્રેજી સ્કુલમાં અભ્યાસ કીધો, અને ત્યાંજ ૧૮૬૨ માં મદદનીસ-માસ્તરની જગ્યા મેળવીયા પછે, એજ સાલમાં અમદાવાદનાં કલેકટરખાતાંમાં ચઢતી જગ્યા ઉપર નેમાયા, અને ત્યાંની 'પ્રોવીનસીયલ કૉલેજ'માં ન્યાય-શાસ્ત્ર સંબંધી અભ્યાસ પણ કીધો હતો. ૧૮૬૮ માં, એઓએ મુંબઈમાં 'મુનસફ'ની પરીક્ષા પસાર કીધી. અને ૧૮૭૦ ના જાનેવારીમાં, ઈંગ્રેજ સરકારની રજાથી; ટુક વખત જુનાગઢના નવાબના એક 'સલ્લાહકાર,' ત્યાંની કોર્ટના 'વડા-ન્યાયાધીશ કીધા,' અને તેમની 'કાંઉનસીલ'ના ન્યાયાધીકારી-સભાસદ તરીકે નેમાઈ, ઘણાક સુધારા કીધા, ફોજદારી કાયદા સુધારી રચ્યા પછે, ૧૮૭૨ ના જાનેવારીમાં ત્યાંની રૈયત તરફથી એક માન-પત્ર અને—નવાબ તરફથી શાબાસી મેળવી, હોધ્ધા છોડી, પોતાના આગલા હેડ-કલાર્કના હોધ્ધા ઉપર આવી પાછા જોડાયા. ૧૮૭૧ ના માર્ચમાં 'પાલનપુર'ના પોલીટીકલ સુપ્રીનટેનડન્ટના નેટીવ-આસીસ્ટંન્ટ અથવા નાયબ-પોલીટીકલ એજન્ટના વિશ્વાસુ હોધ્ધા ઉપર નેમાઈ, એઓએ, પોતાના વડાઓને ઘણા ઉપયોગી થઈ પડી, તેઓનું સારૂં મત અને માન મેળવી, પાલનપુર અને દાંનતાના રાજ્યો વચ્ચે હદ્દ સંબંધી ઉઠેલી ગુચવાડા ભરી તકરારનો નક્કી નીવેડો સફાઈથી લાવ્યા હતા. વળી પાલનપુરની ખેતી અને વેપારને ખીલવી ચઢતી કળા ઉપર મેળવા, અને ત્યાં કેળવણીનો પાયો નાખી તેનો પ્રસારો કરી, નવી નીશાળો અને જાહેર-પુસ્તકખાનું ઉઘાડવાની મેહેનત લેવાથી એઓ ત્યાં લોકપ્રિય બન્યા હતા. ૧૮૭૩ ના સપ્ટેંબરમાં, એઓ, બરોડાના નેટીવ-એસીસ્ટન્ટ-રેસીડન્ટના, વધુ વિશ્વાસુ હોધ્ધા ઉપર નેમ્યા પછે, ૧૮૭૪ માં ત્યાંના ગાયકવાડ મલ્હારરાવ અને ઇંગ્રેજી રેસીડન્ટ કરનલ ફ્રેયર વચ્ચે—રાજ્યદ્વારી કશાકશી ચાલવે, તેઓ વચ્ચે ગુસ્સાના જુસ્સા ઊભરી નીકળ્યા, અને તેનું શેવટ રેસીડન્ટને ઝેર આપવાની વાત વચ્ચે નીકલી આવવે, મલ્હારરાવને મદ્રાસ દેશ-નીકાલ કાહાડ્યો, તો, ફ્રેયરને બરોડા છોડી શધાવી આવવા હોકમ થયો. તેવા કટાકટી અને ભારે રશ ઉપર ચઢેલા ગુચવાડાના વખતે મી. મણીભાઈએ—સાબેત ઈમાનદારીથી હોધ્ધો બજાવી, વધી પડેલાં કામની જબરી ધમાલ વગર થાક કે કંટાળવે ઘસડી કહાડી હતી. એ વખત મલ્હારરાવની લાગવગની જાલ અને મન પગલાવનારી મોહોટી લાલચોના ફાંદામાં ફસવાનો હતો, તે સઘળું, ઈમાનદાર, મી. મણીભાઈએ સલામતીથી વટાવી જઈ, તે વીશેનો મજબુત છાપ ઈંગ્રેજ સરકારના મન ઉપર સાબેત બેસાડી, ખુબ શાબાસી મેળવી હતી. હીંદુસ્તાનની વડી સરકારે, કરનલ ફ્રેયરને ખસેડી, પોતાની તરફથી ત્યાં, સર લ્યુઈસ પેલી નાઈટને, એજંન્ટ અને સ્પેશીયલ-કમીશનર ઠેડવી મોકલ્યો હતો. તેના ટુક વખતના

અમલમાં પણ, મેહેનતુ મી. મણીભાઈએ શાબાસી મેળવી, કે જેની ભલામણથી, એમને જન્મ તુલીક "રાવ બહાદુર" નો ખેતાબ, ૨ જી જુલાઈ ૧૮૭૫ માં મળવા ઉપરાંત, રૂ. ૧,૦૦૦ ની 'ખીલાત' ની બક્ષેસમાં સોનાતું એક 'ઘડીઆળ અને 'ચાંદ' ભેટ મળ્યો હતો. અને ત્યારના વાઈસરોએ લૉર્ડ નૉર્થ બ્રુક, એમની સાબેત ઇમાનદારી વખાણી હતી. હવે, મી. મણીભાઈએ વધું દરજાની ઉંચી પંગતીએ ચઢી ૧૮૭૬ માં રૂ. ૧,૨૦૦ ને દરમાયે કચ્છના "દીવાન" બન્યા, કે જે ખાતર, ત્યાંના સ્વર્ગવાસી થયલા મહારાવ સર પ્રાગમલજી, ઈંગ્રેજ સરકારની મંજુરીઅત લેઈ, પોતાના વશીએતનામામાં ફરમાવી ગયા હતા. એ વખતે ગાદી-વારેશ હાલના રાવ નાની વયના હોવે, ત્યાંનો રાજ્યવહીવટ 'રીજંન્સીની-કાંઉન્સીલ' મારફતે ચાલ્યો, તેનો પ્રમુખ ત્યાંનો પોલીટીકલ-એજંટ હતો. પેહેલ્લા પ્રમુખના વખતમાં રીજંન્સીનું કામ સારૂ ચાલ્યું, અને એ દીવાને ભારે મેહેનત લેઈ, સરસ ચંચલાઈ વાપરી, રાજ્ય અને રૈયતને એકસરખો ફાયદો કીધો, રાણીનો વિશ્વાસ મેળવ્યો, લાંબા વખતના ઉભેલા ગુચવાડા ભર્યાં સવાલોનો સંતોષકારક નીવેડો લાવ્યા, મેહેસુલખાતાંને નવી રીતે રચી સુધાર્યું, પોલીસને ગાળી કહાડી, જંગલ અને ફોજદારી ખાતાં સુધાર્યાં, દરીઆઈ પોલીસ ઉભી કીધી, ટુકમાં રાજ્યને લગતાં દરેક ખાતાંમાં ઘટતો ફેરફાર કરી, સંઘીન પાયા ઉપર મેલ્યાં. અને નવી હાઈ-કોર્ટ ૧૮૭૯ માં ઉઘાડી, નીશાળો વધારી, કન્યાશાળાઓ ખોલી, કેલવણીને ખીલવી, દરબાર અને ભાયાતો* વચ્ચેના સંબંધનો ગાંઠ ખુબ મજબુત અને મીત્રાચારી ભર્યો કીધો, ભૂશાસ્ત્રવિદ્યા સંબંધી શોધ, અને ખનીજપદાર્થોની તપાસ કરાવી, સરસ કારીગરોને ઉત્તેજન આપ્યું, પુરાતન તવારીખ ઉપર અજવાળું પડનારી શોધને ઉલત આપી, અને ખેતીને ખીલવવા પુરતું ઉત્તેજન આપ્યું હતું. એ ચંચલ દીવાન વીશે ત્યાંના પોલીટીકલ-એજંન્ટે મુંબઈ સરકારને જણાવ્યું હતું કે—"મી. મણીભાઈની ઉલટભરી મેહેનતથી, હું થોડાજ દીવસોમાં ઘણું જોવા અને "જાણવા શકતીમાન થયોછું, રાજ્ય-વહીવટને લગતી ખાંમીઓ વીશેની તેમની તુરત ધ્યાનમાં ઉતરી સમજ "પડે તેવી સુચનાઓએ, તેના તુરત ઉપાયો લેવા મને સમર્થ કીધો હતો." એ કીધેલા સુધારા ખાતર ત્યારની મુંબઈ સરકારે, તેમજ ગવરનર-જેનરલે, અને હીંદના-વજીરે એમને ઘણી શાબાસી આપી હતી. કચ્છી રૈયતનો એઓએ પુરો પ્યાર મેળવ્યો હતો. ૧૮૭૮ ના નવેમ્બરમાં એ દીવાન મુંબઈમાં આવ્યા ત્યારે, ત્યાં વસતી કચ્છી રૈયતે એક જાહેર મીજલસ ભરી એમને જોસ ભર્યો આવકાર કીધો હતો. કચ્છના થઈ ગયલા પોલીટીકલ-એજંન્ટો, એમની રાજ્ય-વહીવટ ચલાવવાની ઉમદા શકતી, અથાક મેહેનત, સરસ ચંચલાઈ, કામની હોશીઆરી, અને ઉલટભરી આતુરતા વીશે—ઉમદા વીચારો જણાવી ગયાછે, એમ એ દીવાનની મેહેનત અને ઉલટથી કચ્છમાં સંઘીન સુધારો ફેલાઈ આબાદી બાહાર આપવા લાગી કે, ૧૮૮૦ માં ત્યાં નેમાયલા પોલીટીકલ-એજંન્ટ મેજર રીવસે 'રીજંનસીની-કાઉનસીલ' ના એક ભાયાત સભાસદના મરણથી, તેની જગ્યાએ સ્વર્ગવાસી રાવના કુટુંબ સાથ જુની દુશ્મની ધરાવનાર એક બીજા ભાયાતની નેમણુક કીધી, તે વીશે કાઉનસીલના સઘળા સભાસદો સાથ એ દીવાને પણ નાપંસદગી જણાવ્યા છતાં, પોલીટીકલ-એજંટે તે ઉપર ધ્યાન ન આપવે, તે ફરીઆદ, તેઓએ મુંબઈની ત્યારની સર જેમ્સ ફરગ્યુસનની સરકાર ઉપર મોકલી. તેણે, પોલીટીકલ એજંન્ટ અને રીજંન્સીના કાંઉનસીલરો વચ્ચે એ થયલા અનબનાવનો અંત લાવવા, 'કાંઉનસીલનું' બંધન ભાંજી નાખી, દીવાન મણીભાઈને હોદ્ધો છોડી આગલા બરોડાના હોદ્ધા ઉપર જોડાઈ જવા ફરમાવી, કચ્છનો રાજ્યકારોબાર, એ પોલીટીકલ-એજંટના હાથ હેઠળ એક નવો દીવાન અને નવી 'કાંઉનસીલ ઓવ એડમીનીસ્ટ્રેશન', નેમી, તેણે સોંપ્યો હતો. એથી સઘળા દેશી છાપાએ તેમજ કચ્છની આખ્ખી પ્રજાએ —એક આવાજે ફરીઆદનો જાહેર પોકાર ઉઠાવ્યો, અને ભુજના લોકોએ હડતાળ પાડી હતી, પણ ફોકટ. મી. મણીભાઈ બરોડાના પોલીટીકલ-એજંટના નાયબ અથવા નેટીવ-એસીસ્ટંન્ટના હોદ્ધા ઉપર આવી પાછા જોડાયા કે પછે તુરતજ, બરોડાના નેમાયલા પુરઅખત્યાર દીવાન સર ટી. માધવરાવે, એમને માગી

*જુવો—ભાયાત.

લેઈ, મેહેસુલ વીગેરે મોહોટા ખાતાંઓમાં હોધ્ધા આપ્યા હતા. **મી.** મણીભાઈએ, ૧૮૮૩ ના સપ્ટેંબરમાં કચ્છ "મુખ્ય-દીવાન" પાછા નેમાઈ, ત્યાંની રાજ્યવહીવટ ચલાવનારી 'કાઉનસીલ ઓવ એડમીનીટ્રેશન' ના ૧ લા સભાસદ બન્યા હતા. કે જે 'કાઉનસીલ' નો અંત આવ્યો, કે જ્યારે, તા૦ ૧૧ મી ઓગષ્ટ ૧૮૮૪ દીનેથી, ભુજના હાલના **મહારાવે** ઉમ્મરમાં આવી રાજ્યનો પુરઅખત્યાર પોતે સ્વાધીન લીધો. એ જુવાન **રાવે** પણ મી. મણીભાઈને દીવાનના હોધ્ધાઉપર કાયમ રાખ્યા હતા. જે હોદ્દો એઓએ લગભગ ૭ વર્ષો ભોગવી ૧૮૮૫ ની ડીસેમ્બરે, જાહેર દરબારમાં રાવ તરફની વખાણ ભરી શાબાસી લૈ, અને એ ઓદ્દો છોડવા તેમની દલગીરી સાંભળી છોડયો હતો. ભુજમાં **મી.** મણીભાઈની યાદગારી કાયમ રાખવા જાહેર ઉઘરાણાંથી રૂ. ૧૫,૦૦૦ ભરાયાછે. હાલ એઓ બરોદામાં સેટલમેંટ-આફીસરના હોદ્દા ઉપર છે, કે જ્યાંની એમને ટુક વખતમાં દીવાનગીરી મળવાનો સંભવ છે. એમનાં નામથી ૩ "કચ્છ દીવાન બહાદુર મણીભાઈ સ્કાલરશીપો" સ્થપાઈછે. તે ભુજની 'આલફ્રેડ હાઈ-સ્કુલ' નો જે વિદ્યાર્થી મુંબઈ યુનીવરસીટીની મેટ્રીકયુલેશનની પરીક્ષામાં વધુ મારક મેળવે તેને રૂ. ૧૦૦ નું વાર્ષીક ઈનામ આપવા રૂ. ૨૫૦૦ આપ્યાછે, તો ભુજની "મહારાણી નાણીબા સંસ્કૃત પાઠશાલા" માં માસીક ઈનામ આપવા રૂ. ૮૦૦, અને ત્યાંની "ખીજ પાઠશાલા" માં ઈનામ આપવા રૂ. ૫૦૦ આપ્યાછે. કચ્છનો રાજ્યવહીવટ ખીલવી કાહાડવામાં **મી.** મણીભાઈ ફતેહમંદ ઉતરવે, ઇંગ્રેજ સરકારે એમને ૧૮૮૪ ની ૧૫ મી નવંબરે **'દીવાન બહાદુર"** ના માનવંત ખેતાબ સાથ સોનાના એક 'ચાંદ' થી નવાજ્યાછે.

**મી.** મણીભાઈએ, ૩ ઇંગ્રેજી પુસ્તકોનું ભાષાંતર છપાવ્યું, તેઓ "શેક્સપીઅર કથાસમાજ", "મુંબઈની હાઇકોરટના રિપોર્ટનું પેહેલું પુસ્તક," અને "મુસલમાની દીવાની કાયદા" હતા. એઓ, પોતાના શીક્ષકો અને જાણીતા મોહોટા સરકારી અમલદારો તરફની સરસ સરટીફીકેટો મોહોટા જથો ધરાવેછે. **મી.** મણીભાઈને ૩ પુત્રો અને ૨ પુત્રી છે. વડો પુત્ર ૧૮ વર્ષનો **મી.** મોતીભાઈ પેહેલ્લી બી. એ. ની પરીક્ષા ખાતર તૈયાર થાયછે, તો, નાધલો ૧૩ વર્ષનો હીરાલાલ એક વિદ્યાર્થી છે.—**મી.** મણીભાઈ રાંક સ્વભાવના, ખુશામતને ધીકારનારા, દેખાવ અને વાતચીતે સાદા, હસતાં મોહોડાના બાંધે નબળા પણ મેહેનત લેવે જબરા, એક જાણીતા, માનીતા, આપમેહેનતે વધેલા, પક્કા અનુભવી, અને બીજાઓની બુરી સમજાવતથી ભુલથાપ નહીં ખાનારા, એક બાહોશ ગૃહસ્થ છે.



ઠા॰ લખમીદાસ ખીમજી. જે પી.

LAKMIDASS KHIMJEE, ESQ., J.P.

Vincent Brooks, Day & Son,

# Lakhmidas Khimji, Esq., J. P.

PARSOTAM ODHUVJI, the great-grandfather of Mr. Lakhmidás, was a native of Hálar, in the province of Kathiawar. His grand-son, Govindji, a linen-draper, settled in Bombay, and was very successful in business. He left two sons, of whom Mr. Khimji, born in Cutch, was the younger, who—first came down to Bombay in A.D. 1783. He pursued his father's prosperous business in which he amassed a vast fortune, a respectable name in the commercial circle, and was recognized as the *head* of his Bhátiá community. He died, leaving 5 sons, of whom Mr. Lakhmidás, the subject of the memoir, is the third.

Mr. Lakhmidás is by caste a Hindoo of the '*Hallái*' Bhátiá community and was born in Bombay in A.D. 1830. By following on the lines of his father he steadily advanced and became very wealthy and conspicuous as a native merchant. As an encourager of learning and an advocate of social reform, Mr. Lakhmidás has—won a name among his people. He is one of that band of enlightened gentlemen, who, in A.D. 1861, stood forth against the *Walbhácháryá* Máharájáhs, and exposed in the late "Bombay Supreme Court" their gross immoralities under the garb of religious practices, which Sir Joseph Arnould, then one of the judges, refused to recognize the practices as religious, saying that 'what was morally wrong cannot be theologically right.' That case was the celebrated "Maharaj Libel Case." For the part he took on that occasion, Mr. Lakhmidás was detested and harassed by the orthodox and bigoted portion of the Bhátiá community, and even his life was supposed to be in danger. As an—advocate of widow-remarriage among the Hindoos, he has done excellent service in extending pecuniary support to needy persons who have had the courage to break through the time-honoured but most injurious custom. Thousands of the orthodox Hindoos still strongly *resist* this great social reform which has happily been initiated, and from which the lessening of human misery and other great results may be expected to follow. The strong prejudice among the Bhátiás, living for the purposes of trade at Muskat and in Zanzibár, to take with them their wives and family has been rooted out by his painstaking perseverance to the great delight of the reformed portion of his community. The *Hallái* Bhátiás pay him high honour for the reforms he has steadily introduced among them. He has promoted the founding of many an Hindoo orphanage in Punderpoor and Násik. So great has been his influence that, in A.D. 1858, when the Income-Tax—first levied by the Government of India, caused discontent especially among the trading community who complained of the inquisitorial character of the tax, Mr. Lakhmidás was asked to assist the Government in ascertaining the annual income of thousands of native

piece-goods merchants of Bombay. He accomplished this commission so satisfactorily, that he received—thanks from the Government of Sir George Russell Clerk. He rendered another important service to the Commercial Public of Bombay in 1858, by causing the arrest and conviction of the notorious burglar Máhdiá, whose name was a terror, and who had imposed black mail over the petty merchants, and collected it by force. In 1860 Mr. Lakhmidás, seeing the vice of Gambling spreading wide in Bombay, and the sons of respectable families being ensnared and entangled therein, took pains to bring charges home against such gangs and the gambling house-keepers and had them convicted, which had made the desired effect. At this time the Government of Bombay passed an "Act prohibiting Gambling within the limits of the Town and Island of Bombay." Thus Mr. Lakhmidás has—rendered valuable services to the public and the Government of Bombay. In 1863 he was made a "Justice of the Peace," and from 1874—79 he was twice elected a member of the "Municipal-Corporation" of Bombay. He is a patron of literature, and 11 Gujarati works have been dedicated to him. He has spent Rs. 3,000 for the spread of arts and education, and contributed another sum of Rs. 7,000 to the support of several important public funds. To commemorate the memory of his valuable services, the piece-goods merchants of the town of Bombay have opened a new market in 1883 after his name "The Lakhmidás Khimji Piece-goods Market." In 1884, "The Lakhmidás Khimji Spinning and Weaving Mills" was opened, of which he is the Agent and Managing-Director.

Mr. Lakhmidás is 56 years old, and of his many children only 2 daughters and 3 sons are alive, the eldest of whom Mr. Nánsy assists his father in his extensive commercial business, and the other two, Dámoder and Virji, are minors.

# શેઠ લક્ષ્મીદાસ ખીમજી, જે. પી.

એમના મુળ-વડીલ ઠક્કર પરસોત્તમ ઓધવજીનું વતન 'ખંભાલ્યા' હતું, ત્યાંની રૈયત ઉપર ઇ. સ. ૧૭૧૮ માં "ચુલવેરો" નામથી દરેક કુટુંબ ઉપર જબરો જુલમી કર નાખવે, લોકોનો મોહોટો ભાગ વતંન તજી, કચ્છમાં આવી વસ્યો, તેઓમાં પરસોત્તમ પણ હતા. તેમની હાલત તંગ હતી, તેમના પુત્ર ગોવીંદજીએ ૧૭૮૬ માં —પેહેલા મુંબઇ આવી, સુતરાઉ કાપડની ફેરી ફરવા હતા. તેઓ ૧૭૮૯ માં પોતાના બે પુત્રો માંહેલા ખીમજીને હૈયાત મેલી સ્વર્ગવાસી થયા. ઠક્કર ખીમજીએ ૧૭૬૬ માં કચ્છમાં જન્મી, ૧૭૮૩ માં મુંબઈ આવી, બાપીકો ફેરીનો ધંધો કીધા પછે, તેમાં આગળ વધી એક કાપડની દુકાન ખોલી, જાતી મેહેનત, ચોખ્ખી આંટ અને વ્યવહારથી રફતે રફતે વેપારને ખીલવી, વધારી, "ખીમજી ગોવીંદની પેહેડી" ને નામથી ધંધો ચાલુ કરી, એક જાણીતા વેપારી થઈ પડી, કલકત્તામાં પણ એક શાખા-પેહેડી ઉઘાડી, સારી દોલત મેળવી હતી; અને પોતાની ન્યાત જાતના લાભ ઉપર ધ્યાન આપતા રેહેવે, ભાટીઆ લોકોના એક—માનવંત શેઠીઆ બન્યા હતા. તેઓ ઈ. સ. ૧૮૪૧ માં ગોકુલ મથુરાની યાત્રે ગયેલા નાથદ્વારમાં સ્વર્ગવાસી થયા અને પોતાની પાછળ મોહોટી દોલત સાથે ૫ પુત્રો મેલી ગયા, તેઓ માંહેલા ત્રીજા તે, આ હકીકતને લગતા **લક્ષ્મીદાસ** છે.

શેઠ **લક્ષ્મીદાસ**ને, મુંબઈમાં બાઈ નલીમાએ ઈ. સ. ૧૮૩૦ માં જન્મ આપ્યો, તેઓ 'હાલાઈ ભાટીઆ જાતના, અને ગુજરાતી જાણેછે. એઓએ બાપીકો લાભકારક ધંધો ચાલુ રાખી, તેને, મેહેનત અને જાતી ચંચલાઈથી બોહોળો વધારી, ખીલવી, સારી દોલત અને માન મેળવ્યા પછે, ૧૮૬૩ માં મુંબઈની જાણીતી અને બોહોળા વેપારવાલી 'મેશર્સ વૉલિસ અને કું૦' ની પેહેડીના દલાલ બન્યા, ત્યારથી એઓ ચાલુ રીતે આંટ, આબરૂ, અને આબાદીમાં, વધ્યાજ જાયછે. એઓ, સુધારાના મકકમ અને હીમતી આગેવાન છે, અને મુંબઈ માંહેલા 'વલ્લભ' વંશના મહારાજોના કમકમાટ ભર્યાં, અનિતીમાન નિર્લજ્જ કામોને ઉઘાડાં પાડી, આલમમાં ખુલ્લાં કરનારાઓમાં એઓએ—મુખ્ય ભાગ લેઈ, ૧૮૬૧ માં મુંબઈની 'હાઈકોર્ટ' ચહડેલા પ્રખ્યાત "મહારાજ લાયબલ કેસ" ની વખતે, જબરી હીમત બતાવી, હવશી મહારાજોના ભોપાળાં ઉઘાડાં પાડી, તન, મન, અને ધનથી મદદ આપી હતી. જેથી થોડાક વખત સુધી એવણ, પોતાના ભોળા, અને વેહેમી જાતભાઈઓ, જેઓ, તે મહારાજોને નીતિમાન સમજી ઈશ્વરી માન આપતા હતા, તેઓનાં જબરા ઝનુન અને ક્રોધના ભોગ થઈ પડી, પોતાનાં ઘર ઉપર પથરનો માર, અને પોતાની ઉપર ગાલોનો વરસાદ અને આંગ ઉપર ધસારા વતીક થવાની ભારે પીડા ખમી હતી. પણ અંતે મહારાજો હાર્યા, તેઓની અનીતિ ખુલ્લી થૈ, રાસ્તપણું પ્રકાશી નીકળ્યું, અને શેવટે ખરાંપણાંનીજ ફત્તેહ થઈ હતી. 'પુનર વિવાહ' જેવા અતી પુણ્યનાં અને નીતિમાન કામના **મી. લક્ષ્મીદાસ**—જબરા હીમાયતી અને મદદગાર છે, અને એવાં પરણેલાં કેટલાક ગરીબ જોડાંઓનો ગુજારો થવા બનતી મદદ આપેછે. હીંદુઓનો મોહોટો ભાગ 'પુનરલગ્ન' થવાની વિરૂધ્ધ હોવે, તેમની વિધવા બનેલી સંખ્યાબંદ સ્રીઓ, કુદરતી હવશી જોશનાં ભોગ બની ગર્ભવાન થવે, તે નામોશી છુપાવવા, તીર્થ કરવાને બાહાંણે પંઢરપુર, બેટ, ગોકલ, મથુરા, નાથદ્વાર, કે એવી બીજી જગ્યાએ જઈ, ગર્ભપાત કરી, બાળ-હત્યાનું મહાપાપ કરેછે, તેનો અટકાવ કરવા, તેવાં બાળકોનો પ્રાણ

બચાવી તેમનું પાલન કરવા ખાતર "બાળ-રક્ષકઘર" નામથી પંઢરપુરમાં ધરમખાતું ખોલવા મી. લક્ષ્મીદાસે ઉળતભરી આગેવાની લેઈ, તેનો ખરચ ચલાવવા મદદ કરી અને બીજાઓ પાસ તેમ કરાવી, તે કામ પાર પડયુંછે. એક ઉપયોગી શેહેરી તરીકે એઓએ મુંબઈની પ્રજા અને સરકારની એકસરખી સેવા બજાવીછે. ૧૮૫૬-૫૭-૫૮ ના હીંદુસ્થાની 'લશ્કરી બળવા' ને બેસાડી દેવા પાછળ થયલા જબરા ખરચની ખોટ પુરવા, મુંબઈમાં અકારા થએલા 'ઈનકમ-ટાકસ' ને ૧૮૫૮ માં પેહેલ્લો ચાલુ કીધો. ત્યારે વેપારીઓની નક્કી આવક વીશે શક જતાં, તેમના ચોપડા તપાશી ઉપજ નક્કી કરવાના સરકારી ઠેરાવથી, વેપારી આલમને પોતાનો ભરમ ઉઘડી જવાની ધાસ્તીમાં આવેલી જોઈ, મી. લક્ષ્મીદાસે, તેઓ અને સરકાર વચ્ચે ગેર-સમજુતી ન બનવા ખાતર વચ્ચે આવી, ઘણાં દહાપણથી, સરકારની મતલબ જાલવાએ અને વેપારીઓનો ભરમ છુપો રહે એવી સલ્લાહ આપી, સરકારનો પુરતો વિશ્વાસ મેળવી, મુંબઈની સૌથી મોહોટી ગણાતી બાહેર કોટની કાપડ-બજારના સંખ્યાબંધ વેપારીઓની આવકની રકમ વીશે, તેઓના ચોપડા ન તપાસતાં મી. લક્ષ્મીદાસ જે આંકડો જણાવતા હતા, તે સરકાર કબુલ રાખતી હતી. એથી તે વેપારીઓનો ભરમ અને મોહોભ્ભો જલવાઈ રહ્યો હતો. એવા ઉશકેરાયલા અને ગુચવાડાના વખતે પ્રજા અને સરકારની કીધેલી એ—કીમતી સેવા ખાતર, ત્યારની મુંબઈની સર જ્યોર્જ રસલ કલાર્કની સરકારે, એમનો માનપૂર્વક ઉપકાર માન્યો, જે તે વર્ષનાં "મુંબઈ ગેઝીટ" માં છપાયો હતો. ૧૮૫૭ માં મુંબઈ સરકારે કાપડ ઉપર નાખેલી ૧૦ ટકાની જકાતથી, જથ્થાબંધ કાપડવેચનારા ઈંગ્રેજ વેપારીઓએ સંપ કરી, વેચવા બંધાઈ ચુકેલા માલ ઉપર, દેશીઓ-પાસેથી ૫ ટકા વધુ દબાવી લેવાનો ઠરાવ કીધો હતો, કે જે માલ, ધંધો ચલાવવા ખાતર તેમને જોઈતોજ હતો. એમ--દબાણમાં આવી ગયલા વેપારીઓને છોડવવા, મી. લક્ષ્મીદાસે સરસ અને હીમતી ઉપાય એમ શોધી કહાડયો હતો કે, એકસંપ થયલા ઈંગ્રેજ વેપારીઓને પડતા નાખી, પોતાની સાથે ઘણાક શક્તીવાળા વેપારીઓને સામેલ કરી, મોહોટું ફંડ સ્થાપી, યુરોપનાં કાપડ પુરૂં પાડનારાં દેશોમાં, પોતાની પેહેડીઓ ઉગાડી કે આડતીઆઓ રાખી, ત્યાંથી પાધરૂં, કાપડ મુંબઈ મંગાવી વેચવાનો ઠરાવ કીધો એથી મજબુત થઈ બેઠેલા ઈંગ્રેજ હાઉસવાળાઓના હોશ ઉડી ગયા, અને હવે તેઓએ દેશી વેપારીઓની ખુશામત કરી, સમજાવી, કબુલાત પ્રમાણે માલ આપ્યો હતો. જેથી ઉઘાડવા ધારેલી પેહેડીઓનું કામ પાછું ખેચી લેવામાં આવ્યું હતું. મી. લક્ષ્મીદાસે, ૧૮૫૮ માં મુંબઈની વેપારી આલમના લાભ અને રક્ષણ ખાતર રૂના જથ્થા, અને વેપારી માલથી ભરેલી વખારો, વીગેરે જગ્યાઓ ઉપર—ધોળે દીવસે જબરી મોહોટી ચોરીઓ કરાવનાર અને નહાના વેપારીઓને દબાવી જુમલથી રકમો કહડાવનાર જાણીતા ટોળીવાલા માધવ મોચાર ઉર્ફે માધ્યોને, લગતા પત્તા અને પુરાવા, મોહોટી મેહેનત અને જેહેમતે મેળવી, તેણે પોલીસને હાથ શપડાવી, શીક્ષા કરાવી, તે જબરી બલાના ભારી અને જારી દુઃખમાંથી વેપારી આલમને મોકળી કીધી હતી. વળી મી. લક્ષ્મીદાસે, ૧૮૬૦ માં મુંબઈમાં છુટથી ચાલતા—જબરા 'જુગાર' ના માઠાં પરીણામો ધ્યાંનમાં લેઈ, તેમાં જાણીતા કુટુંબોના ખીલતા જુવાનોને ફશતા જતા જોઈ, ઘણી મેહેનત લેઈ, જોખમમાં જઈ, જુગારી મથકો અને ટોળીઓના શાબેત પત્તા મેળવી, તે, ત્યારના પ્રખ્યાત પોલીસ-કમીશનર મી. ફોરજેટને જણાવી, જુગારખાંનાં પકડાવી, જુગારી ટોળીઓને શપડાવી અને સજાએ પોહોંચડાવી, એ થતી ભારી બદી, ખરાબી, અને ખોવારીનો અંત લાવ્યા હતા. એજ વખતે સરકારે મુંબઈ શેહેરની ચોકસ હદ સુધીમાં—જુગાર નહીં રમવાનો ધારો બાંધી પસાર કીધો હતો. એમ એઓએ પ્રજા તેમજ સરકારની એક સરખી રીતે, જાહેર સેવા બજાવી છે. મી. લક્ષ્મીદાસ, મુંબઈના 'હાલાઈ' ભાટીઆ મહાજનના ઈ. સ. ૧૮૫૮ થી સેક્રેટરી, ટ્રેઝરર, અને મેનેજર નેમાઈ, તે કડાકુટ અને કંટાળા ભર્યો હોદ્દો ૨૬ વર્ષોની લાંબી મુદત સુધી પુરતા વીશ્વાસ અને ચંચલાઈથી ચલાવી, તેણી દરસાલની આવકમાંથી અગત્યનો આલુ મોહોટો ખરચ કરવા છતાં, જાતી મેહેનત અને કરકસરથી, પુરાંતમાં રૂ. ૧,૧૨,૬૭૦ બચાવી, ૧૮૮૪

ની આખેરીએ જાહેરમાં પુરતી શાબાસી મેળવી, એ હોદ્દો આપખુશીથી છોડયો છે. પોતાની એ ન્યાતમાં, રેવાજ અને સંસાર સંબંધી સુધારા, એઓએ ઘણી મેહેનતે કીધા અને કરેછે. વેપાર ખાતર "મસ્કત" માં લાંબા વખતથી જઈ રહેલા એમના જાતીલાઓ, ત્યાં પોતાની સ્ત્રીઓને બોલાવી સાથે રાખવા જાતીભેદના સબબથી અચકાતા હતા, તે—બંધીની બેડી એ હીમતી સુધારકે ૧૮૭૯ થી તોડીનાખી છે. મી. લક્ષ્મીદાસ મુંબઈના એક જાણીતા અને મોહોબાવાળા ગૃહસ્થ છે. સઘળાં જાહેર કામોમાં હમેશ એમની સામેલગીરી લેવાયછે, એમની જાહેર સેવાના બદલા તરીકે, મુંબઈમાં ૧૮૮૩ માં નવી બંધાયલી કાપડ બજારને "લક્ષ્મીદાસ ખીમજી કાપડ બજાર' નામ આપ્યું. ૧૮૮૪ માં "લક્ષ્મીદાસ ખીમજી સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ્સ" સ્થપાઈ, તેના એઓ એજંટ અને મેનેજીંગ-ડાયરેકટર છે. મુંબઈ સરકારે તેમને ૧૮૬૩ માં "સુલેહના અમલદાર" ઠેડવ્યાછે અને મુંબઈની કરભરનારી રૈયતે, ત્યાંની "મ્યુનસીપલ-કોરપોરેશન" માં પોતાના વકીલ તરીકે એમને ૧૮૭૪—૭૯ સુધી બે વાર પસંદ કરી મોકલ્યા હતા. એઓ પોતાના જાતીલા દ્રવ્યવાન સ્વર્ગવાસી થયલા ગૃહસ્થોની મીલકત અને દોલતના 'ટ્રસ્ટી છે.' પણ એ ભારી કંટાળા અને જોખમ ભર્યું કામ એઓ સાંખી પીડા ખમી, મરણ પામેલા મીત્રોની મોહોબત ખાતર, અને વળી પોતાના હકનું મળતું કમીશન વતીક છોડી દેઈ, વગર સ્વાર્થે કરેછે. એઓએ કેલવણીના ફેલાવા ખાતર રૂ. ૩,૦૦૦ ની, તો તરેહવાર બીજી રૂ. ૭૦૦૦ ની, મળી એકંદર રૂ. ૧૦,૦૦૦ ની—જાહેર બક્ષેસ કીધીછે.

શેઠ લક્ષ્મીદાસનાં હાલનાં પમાં ઘણીઆણી બાઈ લક્ષ્મી વહુ છે. એ શેઠને જન્મેલા ઘણાંક ફરજંદોમાં હાલ હૈયાત રહેલા ૩ પુત્રોમાં, વડો મિ૦ નેનશી, અને નાઘલા દામોદરદાસ અને વીરજી, વગેરે ૪ પુત્રીઓ છે. આ. લક્ષ્મીદાસ તદ્દન સુધરેલી વળણ અને વીચારના, મેહેનતુ, ચંચળ, ચોખ્ખા, નમાના અને મીલનસાર, પણ આપઅખત્યાર અને કોઈનીભી પરવા ન કરતાં મોહાડાં ઉપર બોલનારા,—મુંબઇના ઘણાજ જાણીતા ગૃહસ્થ છે.

# Rao Bahadur Nana Moroji, J. P.,

## DIVÁN TO H. H. THE HOLKÁR OF INDORE.

THE primitive-head of the family was Rámji Sett, born in A.D. 1728. Third in lineal descent from him was Moroji, who left two sons, the younger of whom, Mr. Náná, is the subject of this memoir.

Mr. Náná, otherwise known as *Trilokákar*, was born in Bombay on 18th March 1822, and belongs to the '*Páthári*' Prabhu sect of the Hindus. He is acquainted with the English, Sanskrit, Arabic, Persian, Urdu, Maráthi and Gujaráti languages. His brother, Piláji, enjoys a Government pension. While in the school he obtained certificates of proficiency in English from the Principal of the late "Elphinstone Native Education Institution," the present 'Elphinstone High-School.' In 1845 he was appointed an Assistant-Teacher in the Elphinstone Institution, and shortly after transferred as Head Master to the 'Thána English School,' which he improved so well by his painstaking perseverance that, on his resigning it in 1846, he was—rewarded with an address from the European and Native members of the Educational Committee. He was engaged as an Assistant-Translator and Head-Clerk in the late 'Bombay *Sadar* Court' and after 13 months' service, transferred to the Thána Collectorate as an Assistant-Accountant and Head-Clerk. From 1849—51 he served as Head-Clerk to the Political-Agent of Koláhpur and also as Teacher to the young *Raja*. He was, moreover, entrusted with the delicate task of investigating questions of *Inám* disputes, which he managed satisfactorily, and received the thanks of the Government. During his connection with Koláhpur he materially assisted in opening an English school, a printing press, and also in starting a Maráthi magazine. In 1852 he was appointed Deputy-Collector and Magistrate of Sholápur, and was in the next year transferred to Pooná, where he continued to hold office for 9 years. In 1856 seven influential Bráhmins of Pooná obtained a large sum of money from the widow of a Deckán Sirdár, under pretext of bribing two of the Judges of the late '*Sadar* Court.' It was a case of some importance bearing on the probity and dignity of the English Bench, and Mr. Náná was entrusted to collect evidence to bring home the charge against the accused, who had to be tried by a special Commission of Enquiry. Mr. Náná—received from the Government thanks as well as an award of Rs. 500 for his painstaking and praiseworthy assistance in the case. During the Mutiny of 1857—58 Mr. Náná rendered assistance to Government

in deciphering suspected letters in Maráthi, Urdu and Persian languages. In 1860 he was transferred to Khândeish, and thereafter to Surát. In 1867 he was appointed Third Police Magistrate of Bombay, which office he performed with marked ability and cleverness for a long period of 13 years. His time for retiring was well nigh up when, on 1st November 1880, the Government of Sir James Fergusson passed a resolution, compelling him to retire on a pension. The resolution was disapproved of by the public, and the "*Times of India*" remarked:—"Thus Sir James Fergusson declined to change the judgment, passed some weeks ago in spite of the concurrence of the public opinion, that it was unduly harsh treatment for an old servant to be compelled to retire when within a few months more he would have vacated the Bench in the ordinary course. His single mistake is allowed to annul the claims to consideration founded on 35 years' work in public services." Mr. Náná is made a "Justice of the Peace" for the city of Bombay. He is the President of the 'Girgaum Swimming Bath and Gymnasium,' and also of the 'Perbhu Seminary' in Bombay. In December 1884 he was appointed Chief-Divan or Premier to H. H. the Holkar of Indore on a monthly salary of Rs. 1,500.

Mr. Náná has 5 daughters and 8 sons, namely, Krishná Ráo, Sadáshivá Ráo, Balvánt Ráo, Vináyek Ráo, Dinanáth, Gajánand, Sunder Ráo and Anánd Ráo. Four of them are students, and one Mr. Sadáshiv Ráo was called to the Bar in England, and has joined his father as Secretary in the State of Indore. Mr. Náná is a gentleman of intelligence, independence, and much worldly experience. His dress and manners are simple, and conversation searching. He gets an annual pension of Rs. 5,000 from the British Government. He is a well-known citizen of Bombay.

# રાવબહાદુર નાના મોરોજી, જે. પી.,

## દીવાન ઈંદોરના.

એમના વડીલોમાં જાણીતા થઈ ગયલા રામજી શેઠ ઈ. સ. ૧૭૨૮ ને આસરે થઈ ગયા. તેમની ત્રીજી પેઢીએ ઉતરેલા મોરોજી, મુંબઈનાં કોમેસેરીએટખાતામાં, વડા-કલાર્કના ઘણાક વર્ષો સુધી ઈમાનદારીથી હોદ્દો બજાવી ૨ પુત્રો મેલી સ્વર્ગવાસી થયા, તેઓ માંહેલા નાધલા, તે આ હકીકતને લગતા **મી. નાનાભાઈ** છે.

**મી. નાના** ઉર્ફે "ત્રીલોકેકર," ૧૮૨૨ ની ૧૮ મી માર્ચે મુંબઈમાં જનમ્યા; તેઓ હીંદુ જાતની 'પાતાણે' પરભુ ન્યાતના છે, અને ઈંગ્રેજી, ગુજરાતી, મરાઠી, ઉરદુ, સંસ્કૃત, અરબ્બી, અને ફારશી ભાષા જાણેછે. એમના એકલા ભાઈ પીલાજીને, ઈંગ્રેજ સરકાર તરફથી પેનશન મળેછે. એઓએ પોતાના વખતની આગલી "એલફીનસ્ટન નેટીવ એજ્યુકેશન ઈનસ્ટીટયુશન" તે હાલની 'એલફીનસ્ટન હાઈ-સ્કુલ'માં કેળવણી લેઈ, ઘણાક જાણીતા **પ્રીનસીપાલ** અને **પ્રોફેસરો** તરફથી હોશીઆરી તેમજ લાયકતના શાબાસી-પત્રો મેળવ્યાં હતાં, કે જ્યારે, હાલની 'કોલેજ' અથવા 'યુનીવરસીટી'નું નામ ત્યારે મુંબઈમાં અનજાણ્યું હતું. **મી. નાના**એ પેહેલ્લે, એજ ઈનસ્ટીટયુશનમાં નાયબ-શીક્ષાગુરૂના હોદ્દા ઉપર આવી, સરકારી નોકરી સુરૂ કીધી હતી. પછે ટુક મુદતમાં એમને થાણાંની 'ઈંગ્રેજી સ્કૂલ'માં વડા-માસ્તરની જગ્યા મળી, કે જ્યારે તે નીશાળની હાલત સારી ન હોતી. તેને, મેહેનત લેઈ સુધારી મજબુત પાયા ઉપર લાવવા ખાતર, અને વળી પોતાની ભલી લાયકતથી, એઓએ વિદ્યાર્થીઓનો પ્યાર અને ત્યાંનાં લોકો તરફથી સારૂં માન મેળવ્યું હતું. એ હોદ્દો એઓએ ૧૮૪૬ માં છોડયો તે વખતે, ત્યાંની કેળવણી ખાતાની 'કમીટી'ના યુરોપીઅન અને દેશી અધીકારીઓએ એમને એક—માનપત્ર આપ્યું હતું. હવેથી એઓ મુંબઈની માજી 'સદર અદાલત' માં કામચલાઉ તરજુમોકરનાર અને વડા-કલાર્ક તરીકે ૧૩ મહીના હોદ્દો ભોગવ્યો, પછે, એટલીજ મુદતસુધી થાણાંના કલેકટરની કચેરીમાં નાયબ-એકાંઉનટંન્ટ અને હેડ-કલાર્કની જગ્યા ઉપર નેમાયા હતા. એ બેઉ હોદ્દા છોડતી વખતે, પોતાના વડાઓ તરફથી એઓએ 'શાબાસી-પત્રો' મેળવ્યાં હતાં, તેમાં એમની ચાલાકી અને એકીનદારી વીશે ઘટતી વખાણ કરી, એમને સરકારી હોદ્દા ઉપર વધેલા જોવાની, તેઓએ ઉમેદ ઈચ્છી હતી. ૧૮૪૯ માં એમની કોલાપુરના પોલીટીકલ-સુપ્રીનટેનડંન્ટના વડા-કલાર્ક, અને ત્યાંના રાજાના શિક્ષક તરીકે નેમણુક થઈ હતી. તે હોદ્દો ૩ વર્ષ ચલાવ્યો, તે મુદતમાં એઓએ ત્યાં એક ઈંગ્રેજી સ્કુલ અને છાપાખાનું ઉઘાડવા, અને વિદ્યા એલમને લગતું એક મરાઠી માસીક ચોપાનીયું કહાડવાની આગેવાની કરવા ઉપરાંત નાંણાં સંબંધી ઉત્તેજન પણ આપ્યું હતું. એ હોદ્ધો પુરતી હુશીઆરીથી બજાવવા ખાતર ત્યાંનાં પોલીટીકલ-સુપ્રીનટેન્ડેન્ટે એમને વીશે સરકારને—ઘણુંજ ઉંચું મત લખી જણાવ્યું હતું, જે હોદ્ધાની વખતે ઈનામદારી બતાવવાના અતી ગુંચવાડા ભર્યા કજીઆઓની તપાસ કરવાનું અતી વિશ્વાસુ કામ પણ સરકારે એમને સોપ્યું હતું. તે ખાતરીપૂર્વક રીતે બજાવી, સરકાર તરફથી શાબાસી મેળવી એ હોદ્ધો ૧૮૫૨ માં એઓએ છોડયો, ત્યારથી એમની કારકીર્દી એક—મેજીસ્ટ્રેટ તરીકે સુરૂ થઈ હતી, તે, એઓએ પેનશન લેઈ હોદ્ધો છોડવા સાથ ખતંમ થઈછે. એઓ ઉપલાં સાલમાં સોલાપુરના ડેપ્યુટી-કલેકટર અને મેજીસ્ટ્રેટ નેમાયા, અને ૧૮૫૩ માં ત્યાંથી એજ હોદ્ધા ઉપર પુણામાં આવી તે ૯ વર્ષ સુધી ચલાવ્યો, તે વખતે

૧૮૫૬ માં, દખણના એક સરદારની વિધવા પાસેથી, માજી 'સદર કોર્ટ'ના બે ન્યાયાધીશોને લાંચ આપવાને બાહાણે ઠગાઈ કરી, મોહાટી રકમ લેવા ખાતર, પુણાના ૭ વગવાળા બ્રાહ્મણો ઉપર મુંબઈ સરકારે આરોપ મેળી, તેવીશેના સાબેત પુરાવા મેળવવાનું કામ મી. નાનાને સોપ્યું હતું. તે કામ, એમની ઉપર —ઈંગ્રેજ સરકારના પુરતા વિશ્વાસની એક મજબુત સરટીફીકેટ હતી. તે વીશે મી. નાનાએ, ભારે મેહેતન લેઈ, શાબેત પત્તા મેળવી, ગુન્હેગારો વિરૂદ્ધ, સરકાર તરફથી નેમાયલાં ખાસ 'કમીશન' હજુર ચાલેલી તપાસ વખતે, મજબુત પુરાવા આપવા ખાતર, સરકારી બેરીસ્ટર સાથ કેસ ચલાવવા એમને પણ સાથે જોડયા હતા, તેમાં ગુન્હેગારો અપરાધી ઠરી સજાએ પુગ્યા હતા. એ ભારે મેહેનત લેવાના બદલામાં, મુંબઈ સરકારે, મી. નાના તરફ—ખુશાલી ભર્યો સંતોષ જણાવી રૂ. ૫૦૦ નું ઈનામ આપ્યું હતું. હીંદુસ્થાનમાં ૧૮૫૬-૫૭-૫૮ માં ફાટી નીકળેલાં ભયંકર 'લશ્કરી બળવા'ની વખતે, એઓ પુણાના ડેપ્યુટી-કલેકટર અને મેજીસ્ટ્રેટ હતા, ત્યારે શકભરચાં મરાઠી, હીંદુસ્તાની, અને ફારશી, પોષ્ટમાં નંખાયલા કાગજો, મુંબઈ સરકાર પોતાના એ વિશ્વાસુ હોધ્ધેદાર પાસે વંચાવી જોતી હતી. હવેથી મી. નાનાને ફુલ-પાવર-મેજીસ્ટ્રેટેની સત્તા મળી, ત્યારે, એમને હોદ્દાની રૂએ "રાવ બહાદુર" નો ખેતાબ મળ્યો. અને એ હોધ્ધા ઉપર પુણેથી તેઓ પેહેલે ખાનદેશ અને પછે સુરત, બદલી થયા હતા. ૧૮૬૭ માં એઓએ મુંબઈના ૩ જા પોલીસ 'મેજીસ્ટ્રેટ' નેમાઈ, તે હોદ્દો ૧૩ વર્ષો તુલીક ચાલુરીતે ભોગવ્યા પછે, ૧૮૮૦ ની ૧ લી નવેંબરે એમની પેનશનની મુદત લગભગ ભરાવાના વખતે, એક નજીવી ભુલ વાસ્તે, ત્યારની મુંબઈની સર જેમ્સ ફરગ્યુસનની સરકારે, એમને 'પેનશન' લેઈ રાજીનામું આપવાની ફરજ પાડી હતી, તે વીશેની પ્રજા તરફની નાપસંદગી વીશે, દેશી તેમજ ઇંગ્રેજી વર્તમાન-પત્રોએ એક સરખો સખત જાહેર પોકાર, મુંબઈ સરકાર વિરૂધ્ધ ઉઠાવ્યો હતો, પણ ફોકટ! અને મી. નાનાએ પેનશન લઇ હોધ્ધો છોડ્યો. એઓ મુંબઈ શેહેરના "સુલ્લેહના અમલદાર" નેમાયાછે. એઓએ, સરકારી કેલવણી, રાજ્યદ્વારી, મેહેસુલ, અને ન્યાયખાતાંઓમાં ચાલુ ૩૫ વર્ષો નોકરી કીધી, તેમાં 'મેજીસ્ટ્રેટ' તરીકે જુદા જુદા શેહેરોમાં ૧૫ વર્ષ, અને મુંબઈમાં ૧૩ વર્ષો મળી એકંદર ૨૮ વર્ષો હોધ્ધો ભોગવ્યો હતો. એઓ મુંબઈની "ગીરગામ સ્વીમીંગ બાથ અને જીમનેસ્યમ"ની, તેમજ "પ્રભુ-સેમીનરી" ની મેનેજીંગ-કમીટીના પ્રમુખ છે, એ પેહેલાં ખાતાં તરફથી એઓએ લીધેલી ઉલતભરી મેહેનત ખાતર, ૧૮૮૪ ની દીસેમ્બરમાં એમને એક 'માન-પત્ર' આપ્યું હતું. મી. નાના, ઇંદોરના નામદાર મહારાજા હોળકરના ૧૮૮૪ ના ઉપલાજ માસમાં, રૂ. ૧૫૦૦ ને દરમાયે—મુખ્ય-દીવાન નેમાઈ એ ભારે વિશ્વાસુ અને માનભર્યો હોધ્ધો સંપુર્ણ કાબેલીઅત અને ચંચલાઈથી ચલાવેછે. ઈંગ્રેજી સરકાર તરફથી એમને રૂ. ૫૦૦૦ નું વાર્ષીક પેનશન મળેછે.

મી. નાના, બાઈ સત્યભામા સાથ પરણ્યા, તેણીએ ૪ પુત્રીઓ અને ૮ પુત્રોમાં, કૃષ્ણરાવ, સદાશીવ, બળવંતરાવ, વીનાયકરાવ, દીનાનાથ, ગજાનન, સુંદરરાવ, અને આનંદરાવને, જન્મ આપ્યો, તેઓમાં ૪ વિદ્યાર્થી છે અને મી. સદાશીવરાવે, ઇંગ્લાંન્ડમાં પસાર થઈ આવી, મુંબઈની "હાઇકોર્ટ"માં બેરીસ્તરનું કામ કર્યાંપછે, હાલ પોતાના 'દીવાન' બનેલા બાપના સેક્રેટરી નેમાયાછે.—મી. નાના, ચંચળ, આપઅખત્યાર, પકકા ઠેરાવવાળા, દેખાવે પતલા, સ્વભાવે રાંક અને થંડા, બોલવે નરમ, રીતભાતે અને પોશાકે ઘણા સાદા, પણ પુરા પાવરડા અને અનુભવી ગ્રહસ્થ છે. હાલ એઓ, હીંદુસ્થાનમાં મોહોટા અને પ્રખ્યાત નામદાર મહારાજા હોળકરના મુખ્ય-દીવાનનો માન ભર્યો હોધ્ધો ભોગવેછે.

# Rao Bahadur Jagjivandas Khusaldas, of Surat.

THIS gentleman's ancestor, Rágodru, settled some 300 years ago in Surát, and there obtained employment in the Custom department of the then ruling Nawábs. Khusáldas was the twelfth in descent from him. He was in the employ of the last of the Nawábs, and when the British took Surát in A.D. 1800, he continued to serve the new government till 1837, a year—memorable for the great conflagration, which destroyed the rich city and ruined thousands of prosperous families, Khusáldas's being one of them. He retired on a pension and died in 1853, leaving only one son, Mr. Jágjivandás.

Ráo Báhádur Jágjivandás was born at Balsár, in Surát, on 27th August 1825. He belongs to the '*Valmik Káist*' sect of the Gujaráti Hindus, and knows English and Gujaráti. He was first engaged as an English Clerk in the Broach Collectorate in 1843, and was promoted to be the Head Clerk in Surát. In 1855 he was appointed a *Mamlatdár* in the Surát Collectorate, and in 1859 Huzoor Deputy Collector and Magistrate in Ahmadábád, where he was—popular with the people. In 1867 he was transferred to Surát as Huzoor Deputy Collector and Magistrate. During the mal-administration of Mahláhráo Gáikvad of Baroda, the Bombay Government on the recommendation of Sir Louis Pelly, Kt., then Resident of that city and Special Agent to the Governor-General, appointed Mr. Jágjivandás Chief-Magistrate of Baroda in 1875. During the *émeute* which the people made upon the constituted authorities, on the dethronement of Mahláhráo, Mr. Jágjivandás tried his best to calm all agitation and to restore peace, but in vain; he suffered much personal injury and insult, which induced him to request rejoining his post in Surát, and his resignation was accepted with *regret* by then Diván Sir T. Madhevárao and Resident Sir Louis Pelly. In August 1882 Mr. Jágjivandás retired on pension. His faithful services for full 38 years—met with the approval and approbation of 19 high officials under whom he served, and Lord Lytton, then Viceroy of India, made a favourable acknowledgment, and bestowed upon him the title of "**Rao Bahadur**" for life and a silver 'medal,' in the Imperial Delhi Assemblage on 1st January 1877. He was further rewarded on 13th January 1883 with a 'gold medal' bearing his name, and —certifying to his valuable services. He has effected much sanitary improvement in his capacity of a Municipal-Commissioner both in Surát and in Ahmadábád. He has been an advocate of reform and female education, being at one time the Secretary of the 'Raechand Dipchand Girls' School,' and of the 'School of Arts and Industry' in Surát. Mr. Jágjivandás enjoys a monthly Government 'pension' of Rs. 300. He has been appointed Agent to the State of Dhárámpur in Gujárat, and is a First Class Honorary Magistrate of Surát.

Mr. Jágjivandás married Rádhá Bái, an educated lady, who exerted personally to promote education among the females of her own caste. She died in 1874, leaving only one son, Dhirájrám, who also died in 1878, leaving three sons, the eldest of whom, Pritumblál, is a boy of 15. Mr. Jágjivandás is a gentleman of affable disposition, obliging manners, and—is very popular in Surát.

# રાવ બહાદુર જગજીવનદાસ ખુશાલદાસ,

## સુરતના માજી હુજુર ડેપ્યુટી કલેકટર.

એમના મુળ-વડીલ શગોદર, આસરે ૩૦૦ વર્ષ અગાઉ, તે વખતનાં નવાબી સત્તાવાળાં સુરતમાં આવી વસી, ત્યાંનાં 'કષ્ટમખાતાં' માં કામે લાગ્યા હતા. તેમની ૧૨ મી પેઢીએ ઉતરેલા નરભેરામ પણ, ત્યાંજ ચડ ઉતર હોદ્દા ભોગવી ગયા. તેમના પુત્ર ખુશાલદાસે—પેહેલે, ત્યારે સુરતના છેલ્લા થઈ ગયલા નવાબની નોકરી બજાવી અને જ્યારે ઈ. સ. ૧૮૦૦ માં—સુરતને ઇંગ્રેજોએ પોતાના કબજામાં લીધું, ત્યારથી તે ૧૮૩૭ સુધી ઇંગ્રેજ સરકારની નોકરી બજાવી હતી. એ વર્ષમાં સુનાની સુરતને—ભયંકર આગે હમેશાસુધી પાયમાલ કરી નાખ્યું, તેમાં ખુશાલદાસની પણ મોહોટી ખરાબી થઈ, અને ત્યારથી તેઓ 'પેનશન' લેઈ, એકાંતવાસ રહી, ૧૮૫૩ માં સ્વર્ગવાસી થયા. તેમના એકપુરા પુત્ર તે આ હકીકતને લગતા રાવ બહાદુર જગજીવનદાસ છે.

મી૦ જગજીવનદાસ, ૧૮૨૫ની ૨૭મી ઓગષ્ટે 'બલસાર'માં જન્મ્યા, તેઓ હીંદુ જાતની 'વાલમીક કાયસ્ટ' ન્યાતના, વૈષ્ણવ ધર્મ પાલનારા, અને ઇંગ્રેજી, ગુજરાતી ભાષા જાણેછે. તેઓ જાતી-મેહેનતે વધી ખીલી નીકળેલા એક ગૃહસ્થ છે. પોતાના વખતની 'મીશન સ્કુલ' માં હુશીઆરી ખાતર એઓએ ઘણાંક ઈનામો મેળવ્યાં હતાં. ૧૮૪૩ માં ડેડવેલી પરીક્ષા પસાર કરી, ભરૂચના કલેકટર ખાતાંમાં એઓ પેહેલે ત્રીસ રૂપીઆને દરમાએ કલાર્ક તરીકે રહ્યા, પછે ૧૮૫૧ માં એમને સુરતમાં કુલેકટરના વડા-કલાર્કની જગ્યા મળી. ૧૮૫૫ માં સુરતના કલેકટરના ચડતા વર્ગના મામલતદારની પદવીએ ચહડયા,—ત્યારથી જાતી ચંચલાઈ અને ઉદ્યોગથી એઓ વધતાજ ગયા હતા. ૧૮૫૭ માં અમદાવાદમાંહેલા 'ધોલકા'ના મામલતદારની ચડતી પદવીનો હોદ્દો એમને મળ્યો, અને ૧૮૫૯ માં અમદાવાદના હુજુર-ડેપ્યુટી-કલેકટર અને મેજીસ્ટ્રેટનો, તેમજ ત્યાંનાં અફીમખાતાંના વડાનો પણ હોદ્દો મળ્યો હતો. ૧૮૬૭ માં એઓ સુરતના હુજુર-ડેપ્યુટી-કલેકટર અને મેજીસ્ટ્રેટ નેમ્યા હતા. બરોડાના મલ્હારરાવ ગાયકવાડને પોતાનો અંધેર રાજ્ય કારોબાર સુધારી સારા પાયા ઉપર મેળવા, તે વખતના ગવરનર-જેનરલે થોડાક મહીનાની મુદત આપી, ત્યાનાં પોલીટીકલ એજંટ કરનલ ફ્રેયરને દુર કરીને પોતાની તરફથી સર લુઈસ પેલી બેરોનેતને ખાસ રીતે એજંન્ટ અને કમીશનર નેમી બરોડે મોકલ્યો હતો. તેણે, પોતાના કામમાં મદદ કરવા, મી૦ જગજીવનદાસની મુંબઈ સરકાર પાસ માગણી કરવે, તેવણે ૧૮૭૫ ની જાનેવારીમાં બરોડે જઈ ત્યાંના વડા-મેજીસ્ટ્રેટનો હોદ્દો રૂ. ૨૦૦૦ ને દરમાયે હસ્તક લીધો હતો. પછે મલ્હારરાવ ગાયકવાડને, તેના ખરાબ કામો ખાતર મહારાણીની સરકારે બરોડાની ગાદીઉપરથી ખસેડયો, તેથી ત્યાંની રૈયતે ઉસકેરાઈ, ૧૮૭૫ ની ૨૮ મી અપ્રેલે બંડ કરવાનો જોસ બતાવવે, તે દાબી નાખવા જતાં, એ મેજીસ્ટ્રેટને, તેઓએ મોહોટી ઈજા કીધી હતી. ઘણું કરીને એજ સબબથી એ હોદ્ધો મી. જગજીવનદાસે એજ સાલના સપટેમબરમાં રાજીનામું આપી છોડી, પોતાનાં આગલા, તે સુરતના હજુર-ડેપ્યુટી-કલેકટર અને ફર્સ્ટકલાસ-મેજીસ્ટ્રેટના હોદ્ધા ઉપર પાછા જૈ જોડાયા હતા. એમનું એ રાજીનામું સર લુઈસ પેલી નાઇટ, અને તે વખતના બરોડાના દીવાન સર. ટી. માધવરાવે ઘણી આનાકાની અને દલગીરી સાથ બાહાલ રાખ્યું હતું. પોતાનો છેલ્લો હોદ્ધો, એ લોકપ્રિય અમલદારે ૧૮૮૨ ના ઓગષ્ટમાં 'પેનશન' લેઈ છોડયો, તે વખતે—સુરતની રૈયતે ભારે દલગીરી બતાવી હતી. મી. જગજી-

વનદાસે, ઈંગ્રેજ સરકારની નોકરી ૩૮ વર્ષની લાંબી મુદત સુધી એવી તો મેહેનત, નીમકહલાલી અને ખંતથી બજાવી હતી કે, તેવીશે જુદાજુદા ૧૯ જાણીતા મોહોટા ઇંગ્રેજી અમલદારો વગેરેગે, સર લુઈસ પેલી, સર રીચર્ડ મીડ, સર ફીલીપ વોડ હાઉસ, અને લાર્ડ લીટને પણ એમની—કીમતી સેવાવીશેના ઉંચા મતની નોંધો સરકારી દફતરમાં કીધીછે, અને તે ખાતર, ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ દીલ્લીમાં ભરાયલી સેનસાહી દરબારમાં હાજર થવા એમને મુંબઈ સરકારે ખાસ ઈજન કરી, ત્યાં, એમને વાઈસરોય લોર્ડ લીટને જન્મ સુધી ભોગવવા "**રાવ બહાદુર**" નો એતાબ બક્ષીઆ ઉપરાંત, એક રૂપાના 'ચાંદ' ની ભેટ કીધી હતી. તો, વળી પછી એમને ૧૮૮૩ ની ૧૩ મી જાનેવારીએ, રૂ. ૭૦૦ ની કીમતનો સુનાની સાકળી સાથનો એક 'ચાંદ' સુરતનાં કલેકટર મારફતે મોહોટી દરબાર ભરી બક્ષવામાં આવ્યો હતો. તે ઉપર, એમનાં નામ ઉપરાંત એમ કોતરેલું હતું કેઃ—"એઓએ બજાવેલી કીમતી નોકરીના બદલામાં વડી "સરકાર તરફથી એ બક્ષેસ આપવામાં આવીછે." એ બક્ષેસની ખુશાલીમાં, એમનાં મીત્રોએ પોતપોતામાં ઉઘરાણું કરી એમને એક "ખાણું" આપ્યા ઉપરાંત, એવીશેની યાદગારી કાયમ રાખવા એક ફંડ ઉભું કીધું છે, કે જેના ઉપયોગ વીશે હજુ નક્કી ઉપાય લેવાયો નથી. મી. જગજીવનદાસે સુરત તેમજ અમદાવાદના એક દેશી મ્યુનીસીપલ-કમીશનર તરીકે નેમાઈ, મેહેનત લેઈ, ત્યાંનાં શેહેરસુધરાઈખાતાંઓમાં સારા સુધારા વતરોગે મજ્બુત બંદોબસ્ત કીધા હતા. એઓ સુરતની 'રાયચંદ દીપચંદ કન્યાશાળાના' કેટકાક વર્ષોસુધી તેમજ ફરદુનજી સોરાબજી સ્કુલ ઓવ આર્ટસ એન્ડ ઈન્ડસ્ટ્રી' ના થોડાક વખત સુધી સેક્રેટરી બન્યા હતા. પોતાની ન્યાતમાં એઓએ—સ્ત્રી-કેળવણીનો ફેલાવો કરવામાં મોહોટી હીમાયત કીધી અને આગેવાની લીધીછે. મુંબઈ સરકારે એમને ૧૮૮૪ ના જુનમાં રૂ. ૫૦૦ ને દરમાયે "ધરમપોર" રાજ્યના 'એજંટ' નેમ્યાછે. એઓ વિદ્યા એલમનો ફેલાવો ચાહાનારા અને તેને બનતું ઉત્તેજન આપનારા ગૃહસ્થ છે. ઇંગ્રેજ સરકાર તરફથી મી. જગજીવનદાસને રૂ. ૩૦૦ નું માસીક 'પેનશન' મળેછે. એઓ, સુરતના પેહેલ્લા વર્ગના 'ઓનરેરી મેજીસ્ટ્રેટ' નેમાયા છે.

મી. જગજીવનદાસ, હાલ સ્વર્ગવાસી થયલાં **રાધાબાઈ** સાથ પરણ્યા હતા. તે બાઇએ સારી કેળવણી લેઈ, પોતાની ન્યાતમાં સ્ત્રી-કેળવણીનો બાહોળો ફેલાવો કરવા ખાતર મેહેનત લીધી હતી, અને એકપુરા બેટા **મી. ધીરજરામને** જન્મ આપ્યો હતો. તેણે પણ પોતાની મા પાછળ ભર જુવાનીમાં ૧૮૭૮ માં આફાની દુન્યા છોડી ચાલી જઈ, ૩ બેટા પાછળ મેલી ગયો, તેઓ માંહેલા વડા ૧૫ વર્ષના **પ્રીતમલાલને** મી. જગજીવનદાસે 'દત્તક' કરી લીધોછે. —મી. જગજીવનદાસ દેખાવે રાંક, સ્વભાવે મીલનસાર, પોશાકે સાદા, વાતચીતમાં બાહોશ અને માણસની જલદીથી પીછાન કરનારા એક ચંચળ ગૃહસ્થ છે. તેઓ સુરત શેહેરના—ઘણાજ જાણીતા, માનીતા અને ખરા પ્રજાપ્રિય શેહેરી છે.



શેખ બાવદીનભાઈ હાશમભાઈ. જુનાગઢના વજીર.

SHAIK BÁWDINBHOY HÁSAMBHOY — WAZIR OF JOONAGHUD.

Vincent Brooks, Day & Son, Lith. London W.C.

# Shaikh Baudinbhai Hasambhai, Esq.,

## VAZIR OF JUNÁGAD.

VAZIR BÁVDINBHÁI'S family claims descent from the well-known house of the *Sháikh* among the Mahomedans. He was born at Junágad in A.D 1835, and belongs to the '*Sooni*' sect of his community. He knows Urdu and Gujaráti languages, and has two elder brothers. His only sister Láddy Bibi, now deceased, was given in marriage to the late Nawáb Mohbat Khánji, K.C.S.I., of Junágad. Bávdinbhái originally entered into one of the subordinate services of the State, and in 1856 was appointed *Jamadár* of the '*Lál Rasálá*' or Body-guard of the then minor Nawáb. Though the Nawáb Sir Mohbat Khánji had assumed independent authority, he was much *harassed* by the interference of his mother, who, having acted as Regent during his minority, was unwilling to forego her authority. Bávdinbhái with the aid of the British Political-Agent settled the dispute in 1861, and established the Nawáb's authority. Since then he became a great favourite with the late Nawáb, and was raised to the post of Vázir or Premier. His services were—rewarded with the hereditary *Inám* grant in perpetuity of two extensive villages of 'Agtrái,' and 'Bháel,' and certain perquisites or allowances for a State palanquin, umbrella and torch-bearer. He was ennobled with the title of "*Soozáeát-sar-va-utmád-ásár-furzand,*" or 'the most faithful and bold son.' He arrested at great risk and personal danger of his life the desperate highwayman Juslá, who was a terror to all the subjects of Junágad. The culprit was tried and blown up at the cannon's mouth. His active zeal in arresting culprits, wise administration, generous encouragement to cultivators, revenue and educational reforms, and decent Municipal arrangement, have received from time to time the—approbation of the Rájkot British-Agency. The revenue of the State during the time of Regency amounted in 1854 to Rs. 13,82,000, and since Bávdinbhái's administration, it has increased to Rs. 30,00,000 without fresh taxation or tolls. He has opened in Junágad in 1880 the 'Nagur-Seminary,' founded educational establishments, and built the 'Mohbat Khánji School,' at the cost of Rs. 50,000. He subscribed Rs. 3,500 for building an 'Anglo-Vernacular School' at Maneckwadá, and instituted in March 1885 an annual scholarship of Rs. 150 after his name, to encourage students of his State to go to England for higher acquirements in law and in medicine. He has—liberally subscribed to many charitable funds, and built three public Inns and Wells at Junágad. He was presented with an address in Bombay, by the people of Delvádá in Junágad, inhabiting Bombay, for his wise and beneficial administration. He displays artistic taste for handsome buildings, and his zoological collections consist of several pairs of lions, tigers, and rhinoceroses.. He is a reformed gentleman of simple manners and liberal disposition.. He had only one issue, a son, who died in his infancy.

# શેખ મહમદ બાવદીનભાઈ,

## મુખ્ય-વજીર, જુનાગઢના.

નીમકહલાલી, મેહનત, અને ચપળ બુદ્ધીબળે ગરીબાઈમાંથી વધી, બાવદીનભાઈ જુનાગઢના મુખ્ય-વજીરના માન-ભર્યા હોદ્દા ઉપર આવ્યાછે. તેમના પીતા હાસમભાઈની સંભાળ હેઠળ જુનાગઢના મરહુમ નવાબ મોહોટા બહાદુરખાનજીએ, ત્યાંનો "ઉપરકોટ"નો કીલ્લો સોંપ્યો હતો. તેઓ ત્યાં પોતાના જાતીલાઓમાં સારૂં માન મેળવી, પોતાની પાછળ ૩ બેટાઓ મેલી ગયા, તેઓ માંહેલા છેલ્લા શેખ મહમદ બાવદીનભાઈ છે.

'શેખ'ની બુજરગ ઓલાદથી ઉતરેલા વજીર **બાવદીનભાઈ**, ઈશલામી કોમનાં 'સુન્ની' પંથના છે. તેમને જુનાગઢમાં બુ મોહોટીબુએ ઈ. સ. ૧૮૩૫ માં જન્મ આપ્યો. એમનાં હાલ સ્વર્ગવાસી થયલાં બેહેન લાડડી બીબી જુનાગઢના સ્વર્ગવાસી નવાબ સાહેબ મોહોબતખાનજી સાથે પરણ્યાં હતાં. તેઓએ હાલના નવાબ સાહેબ બાહાદુર ખાનજી ઉર્ફે બાપુમીયા સાહેબને જન્મ આપ્યો. એમના બે ભાઈઓ નથુભાઈ અને જમાલભાઈ, જુનાગઢના 'અમીરો' ગણાયછે. બાવદીનભાઈ ગુજરાતી અને ઉરદુ ભાષા જાણેછે. તેઓ—પેહેલ્લા ૧૮૪૩ માં ઉપલા મરહુમ નવાબની હજુરમાં રહ્યા, અને પછે ૧૮૫૬ માં "લાલ રસાલા"ના વડાનો હોદ્ધો મળ્યો. એઓએ, જાન માલની ભારે ખરાબી કરનાર જાણીતા લુટારા જસલા મીઆને ભારે મરદાનગીથી ૧૮૬૦ માં પકડ્યો, તેને જુનાગઢમાં તોપને મોહોડે ઉડાડ્યો હતો. ૧૮૫૭ માં મરહુમ નવાબ મોહોબતખાનજીએ લાયક ઉમ્મરે પુગી પોતાની માજી સાહેબના હાથમાંથી જુનાગઢ રાજ્યની પુરઅખત્યાર સત્તા લેવા છતાં, તેણીએ રાજ્ય-કારોબારમાં હાથ નાખવો ચાલુ રાખી, નવાબ ઉપર અઘટીત દબાણ રાખવે, તે કંટાળામાંથી નવાબને છોડવવા, બાવદીનભાઈએ, ઈંગ્રેજ સરકારની મદદ લેઈ, ૧૮૬૧ માં નવાબને તદન આપઅખત્યાર બનાવ્યા હતા. એ—કીમતી સેવા બજાવવા બદલામાં નવાબે બાવદીનભાઈને પોતાના "વજીર" નો માન અને વિશ્વાસ ભર્યો હોદ્દો ૧૮૬૨ માં આપવા ઉપરાંત, મોહોટી આવકવાળું 'અગતરાઈ' ગામ વંશપરંમપરા ઈનામમાં બક્ષી, વળી, દરબારના રેવાજ પ્રમાણે, છત્રી મસાલ, મીયાના, પાલખી, વીગરેની નવાજેશ કીધી હતી. વજીરાતના હોદ્દાની આપેલી સનદમાં, નવાબે જણાવ્યું હતું કે, "મારી ઘણીજ અગત્યની સેવા બજાવી, મારા સંબંધમાં નિમકહલાલીથી વર્તી, સારી સલાહ આપી, અંતઃકરણથી મારૂં ભલું ઈચ્છી, બાવદીનભાઈએ મારો પુરતો ચાહ અને વિશ્વાસ મેળવ્યોછે." એમને રાજ્ય તરફથી "**શુજાએતસાર વ એતમાદ આસાર ફરઝંદ**" એટલે "બહાદુરીવાળા પુરતા વિશ્વાસુ પુત્ર જેવા" નો ખેતાબ મળ્યો હતો. પોતાનો હોદ્ધો ફતેહમંદીથી બજાવવા, અગત્યના જાહેર કામોને ઊત્તેજન આપવા, હરામખોરો અને લુટારાઓને ચાલાકીથી પકડવા, ખેતીને ખીલવવા, શેહેર-સુધરાઈમાં વધારો, અને સુખાકારીનો ફેલાવો કરવા ખાતર, રાજકોટની ઈંગ્રેજી-એજન્સિએ એમની ઉપર ઘણાંક પત્રો લખી, શાબાશી આપી તારીફ કીધીછે. એઓએ, એ રાજ્યની કીધેલી સેવાના થોડાક દાખલા જણાવ્યે: ૧૮૫૪ માં નવાબની બાલ્યાવસ્થાના સબબથી ત્યાંનો રાજ્યકારભાર "પંચ" મારફતે ચાલતો હતો. ત્યારે રાજ્યની કુલ વાર્ષિક આવક ૨૨,૩૪,૦૦૦ કોરી (રૂ. ૬,૩૮,૨૮૫) ને આસરે થતી હતી, તેને, ૧૮૬૧ માં જ્યારે નવાબે ઉમરે પુગી, રાજ્યના પુરઅખત્યાર માલેક બની, બાવદીનભાઈને વજીરાત આપી,

ત્યારે, એમની મેહેનત અને ચંચલાઈથી રાજ્યની વાર્ષિક મેહેસુલ વધી, ૩૫,૦૦,૦૦૦ કોરી* (રૂ. ૧૦,૦૦,૦૦૦) ની થઈ, તેમાં પણ રફતે રફતે સુધારો કરી, રૈયત ઊપર કરનું કે તેવું બીજું કશું પણ દબાણ ન નાખતાં એ વજીરે પુષ્કળ વધારો કરી મેલ્યો, કે જે મેહેસુલ આજ દરસાલ રૂ. ૩૦,૦૦,૦૦૦ ની થઈછે. એમ રાજ્યના લાભ ખાતર મેહેનત લેવાના બદલામાં, એ વજીરને, મરહુમ નવાબ સાહેબે ૧૮૬૭ માં એક બીજું "ભાયાલ" ગામ વંશપરંપરા ઈનામમાં બક્ષવા ઊપરાંત, "ઊમતવાડા" ની હદમાંની ઘાસની મોહોટી પેદાસવાળી ૩૦૦ વીંઘા જમીન, અને "ખામ ધ્રોળનું" ૭૫ વીંઘાના વિસ્તારનું સારી પેદાસવાળું 'વન' ઈનામમાં આપ્યાંછે. વજીર બાવદીનભાઈ "ઈસ્ટ ઇંડિઆ એસોશિયેશનના" લાઈફ મેમ્બર છે, અને એ "એસોશિયેશન" ને, "કરસનદાસ મેમોરિઅલ ફંડ," ને અમદાવાદની રેલમાં પીડાયલાંઓને મદદ કરવા, અને ૧૮૭૯ માં જુનાગઢમાં ચાલેલી સખ્ત મરકી વખતે ખરચેલા, મળી એકંદર રૂ. ૨,૫૦૦ ની મદદ કીધી છે. અમદાવાદની "મદરેસાએ અનજુમને ઈસલામ" ને એઓએ રૂ. ૭,૦૦૦ બક્ષ્યા, જુનાગઢમાં કેળવણીનો પસારો કરવા ૧૮૮૦ માં "નાગર પાઠશાળા" ખોલી, અને "મોહોબતખાનજી મદરેસા" નામથી કેળવણીખાતું સ્થાપી તેની ઈમારત બાંધવા રૂ. ૫૦,૦૦૦ ની બક્ષેસ કીધીછે. જે ઈમારતનો પાયો નાખવાની ક્રિયા મુંબઈના માજી ગવર્નર સર જેમ્સ ફરગ્યુસને ૧૮૮૪ ના નવેંમ્બરમાં કીધી. માણેકવાડામાં ૧૮૮૧ માં 'અંગ્લો-વર્નાક્યુલર સ્કુલ' બાંધવા એઓએ રૂ. ૩,૫૦૦ આપ્યા, અને ૧૮૮૫ ના માર્ચમાં પોતાના નામથી રૂ. ૧૫૦ ની માસિક સ્કોલરશિપ સ્થપાવી જુનાગઢના આતુર વિદ્યાર્થિઓને ઇંગ્લાંડ જઈ ઊંચી કેળવણી લેવા ઊત્તેજન આપ્યુંછે. એઓએ 'મુંબાઈ યુનીવર્સિટી' માં "માહોબતખાનજી સ્કોલરશિપ" સ્થાપવા રૂ. ૩૦,૦૦૦ આપવા કબુલ્યા છે. એમની ભલી અને ફાયદેમંદ રાજ્યનીતી ખાતર, મુંબઈમાં વસનારા જુનાગઢ તાબાના 'દેલવાડા' ના વતનીઓએ એ વજીરને મુંબઈ આવવાની તકનો લાભ લે ત્યાં ૧૮૮૫ ની ૪થી એપરેલે એમને એક-'માનપત્ર' આપ્યું હતું. એમની જાહેર શખાવતોના આંકડા નીચે પરમાણેઃ—

* રૂ. ૧ ની, "દીવાનસાઈ કોરી" ૩॥ થાય છે.

| | રૂ. |
|---|---|
| "મોહોબતખાનજી મદરેસા" અને એક "ઇંગ્રેજી-ગુજરાતી નીશાળ" બાંધવા આપ્યા............ | ૫૩,૫૦૦ |
| મુંબઈ યુનીવરસિટીમાં "મોહોબતખાંનજી સ્કોલરશીપ" સ્થાપવી ............ | ૩૦,૦૦૦ |
| જાહેર કેળવણીખાતાંને મદદ ............ | ૭,૦૦૦ |
| રેલ અને દુકાળથી પીડાયલાંઓને મદદ ............ | ૧,૦૦૦ |
| | રૂ. ૯૧,૫૦૦ |

એ વજીરે, જુનાગઢમાં ૩ મુસાફરખાંનાં, તેટલાંજ કુવા, દાતાર તરફ જવાનો પાકી બાંધણીનો રસ્તો, ગિરનાર ઊપર એક જલાશય, અને ૧ ઈમામવાડો, બંધાવ્યાંછે. હાલના નવાબ સાહેબ બહાદુરખાનજીએ, એ વજીરને મળેલા આગલા ખેતાબમાંથી "ફરઝંદ" શબ્દ રદ કરી તે બદલે "મદારૂલ મહામ" એટલે 'રાજ્યનો મુખ્ય સ્તંભ' શબ્દ મેલ્યોછે. એ વજીરની સલાહથી નવાબે "જુનાંગઢ સ્ટેટરેલવે" નું કાંમ ટુક વખતમાં સરૂ કરવા નક્કી ઠેડવ્યુંછે. એમના બનાવેલા સુશોભિત સકર બાગમાં સિંહો, વાઘ, રિંછો, દીપડાં, વગેરે જનાવરોનું એક 'સંગ્રહસ્થાન' છે. એ સખીતબે વજીર, આપ કોમના નાચાર પણ આબરૂદાર કુટુંબોને મદદ કરતા રહેછે. તેઓ, '**અગતરાઈ**', '**ભયાલ**', અને '**બીમ પાડર**' ગામોના પુરઅખત્યાર માલીક છે. એમની વાર્ષિક આવક રૂ. ૨૫,૦૦૦ ની બોલાયછે, અને રાજ્ય તરફથી રૂ. ૨,૦૦૦ નું સાલ્યાનું મળેછે.

# Khan Bahadoor Sale Hindi, C. I. E.,

## EX-DIVÁN OF JUNÁGAD.

THE KHÁN BÁHÁDOOR is decended from a family, whose native town was Laház in Arabia. His father, Sálam, travelling to Kátthiawár, found military employ under the Nawáb of Junágad, and died, leaving a son, Sále Hindi, the subject of this memoir.

Khán Báhádoor Sále Hindi is an Arab gentleman of the *Sooni* sect of Mahomedans, and was born in A.D. 1820 at Navánugar. Following his father's profession, he entered the Nawáb's service in 1839. From this time he began to rise in the estimation of his master. Entrusted at first with business of minor importance, he came to be charged with many confidential and difficult affairs in connection with the British Residency at Rájkot, and these he conducted in a manner that won for him the approbation and good-will of the *Durbar*. The Nawáb dying in A.D. 1851, the State was administered by a committee or *Punch* for seven years, during which time Sále Hindi not only attended to the affairs of the widowed *Ranees*, but also—devoted himself to the welfare of the State, by organizing measures for the suppression of an offence, which had grown to so great an extent, as to cause a general panic. The late Nawáb Sir Mohbat Khanji, five years after attaining his majority, appointed Sále Hindi, his Assistant-*Vazir*, and bestowed upon him a title of distinction. While acting in this capacity, he subdued and drove from Junágad the plundering tribes of the Wághars, and for two years rendered —signal assistance to the British officers in pursuing and hunting down those robbers in Kátthiawár. He has improved the land survey, and has successfully arranged for the regular collection of the land revenues and the customs dues. For his various distinguished services he has received the hereditary *Inám* grant of two villages, which yield him a large private income. This he has hitherto used without stint, in giving pecuniary aid to the poor Mahomedan students coming from Pátan, to study English at Junágad, and his generosity has been most marked in the construction of wells and *dhúramsálas* or Inns and in free supplies of grain to the poor. In—recognition of his merits and deserts the British Government conferred upon him the title of **"Khan Bahadoor"** in A.D. 1877, and the dignity of a **"Companion** of the Order of the **Indian Empire"** in 1879. Thus, by his own exertions and worth, has Khán Báhádoor Sále Hindi risen from a humble degree in life to the exalted position of a Diván among the eminent statesmen of Kátthiawár.

Sále Hindi resigned his post of Premiership in 1883. He is a gentleman of affable disposition and unassuming manners. He has one daughter, and a son Sálem, 24 years old.



ખાંનબાહાદુર સાલે હીંદી. સી. આઇ. ઇ. જુનાગઢના દીવાન

KHAN BAHADOOR SÁLÉ HINDI, C.I.E. — DEWAN OF JOONAGHUD

Vincent Brooks Day & Son, Lith London W.C.

# ખાન બહાદુર સાલેહ હીન્દી, સી. આઈ. ઈ.

ગરીબ હાલતમાંથી વધી જુનાગઢનાં મોહોટાં રાજ્યની "દીવાનગીરી" ભોગવી, અને ઇંગ્રેજ સરકાર તરફથી માનનો એતાબ મેળવનાર, સાલેહ હીંન્દીનો બપાવો સાલેહ જે—પહેલવેહેલો હિંદુસ્થાનમાં આવ્યો હતો, તે, અરબસ્થાનના 'લાહેજ' શેહેરનો વતની હોવે, "લેહાજી" તરીકે પેહેલે ઓળખાયો હતો, પણ હીંદુસ્તાનથી પોતાને વતન પાછો ગયા પછે, "હીંન્દી"ની અટકથી ઓળખાઈ ગયો. તેના બેટા સાલેમે હીંદુસ્તાનમાં આવી, જામનગરમાં સીપાઈગીરી બજાવી, ૫૫ વર્ષની ઉમ્મરે 'જોડીઆ'માં સ્વર્ગવાસી થઈ, એકપુરા બેટા તે આ હકીગતને લગતા ખાન બહાદુર સાલેહભાઈને ૨૦ વર્ષની ઉમ્મરે મેળી ગયો.

**ખાન બહાદુર સાલેહ હીંન્દી,** અરબ જાત અને ઈસલામી ન્યાતનાં 'સુન્ની' પંથના અને અટકે 'લેહાઝી' કહેવાયછે. તેઓને, બાઈ ફાતમાંબુએ ઈ. સ. ૧૮૨૦ માં નવાનગરમાં જન્મ આપ્યો. એઓ ગુજરાતી, અરબ્બી, અને ઉરદુ, જાણેછે. એઓ ૧૪ વર્ષની ઉમ્મરે, નવાનગર તેમજ જોડીઆમાં પેહેલે સીપાઈગીરીની નોકરીમાં રહ્યા પછે, ૧૮૩૮ માં દ્વારકાં તરફ ગાયકવાડની નોકરી બજાવ્યા બાદ, ૧૮૩૯ માં જુનાગઢના મરહુમ નવાબ હામદખાંનજીની ખીદમતમાં રહ્યા,—ત્યારથી એમની ચંચળ મનશક્તી દીપવા લાગી અને નશીબ ખીલતું ચાલ્યું. ૧૮૪૩ માં એમની 'ખાશપાશ બાન' અથવા 'વીશ્વાસુ હજુરી' તરીકે નેમણુક થૈ, અને વળી સીલેખાંનાં અને દરબારી બાગોના ઉપરીનો હોધ્ધો પણ મળ્યો. પછે નવાબ સાહેબે, એમને, રાજ્યને લગતાં ગુચવાડાભર્યાં અગત્યનાં કામોનો નીવેડો લાવવા ખાતર, રાજકોટની ઈંગ્રેજી-એજન્સીમાં મોકલ્યા, તે કામ પુર પતીજભરી રીતે એઓએ બજાવ્યું હતું. તેમાંનું એક 'જુનાગઢ' અને 'જાફરાવાદ' રાજ્યોની હદ (સામડા)ની તકરારને લગતું હતું. તો, બીજું 'જેતપોર' અને 'મેદરડા' તાલુકાઓના કાઠી-ભાગીદારો સાથે 'બરવાળા' અને 'સમધીઆરા' ગામોની હદ વીશેનું ભારે ગુચવાડાનું હતું. તેનો નક્કી નીવેડો લાવવા, પક્કા પુરાવા મેળવી, ચંચલાઈથી મુશતકીમ તકરારો લેઈ, એઓએ જુનાગઢના લાભમાં ચુકાદો કરાવ્યો હતો, તેમજ એ રાજ્યના 'વીસાવદર' પ્રગણા સંબંધી, હરસુર વાળા કાઠીએ પોતાનો હક વીશે સવાલ ઉઠાવવે, એઓએ, મજબુત દલીલોથી તેનો દાવો ઉડાડી નાખ્યો હતો. ૧૮૫૧ માં નવાબ હામદખાનજી સ્વર્ગવાસી થવે, તેમનાં રાજ્યનો કારભાર ૭ વર્ષો તુલીક 'પંચે' ચલાવ્યો, તે સઘળો વખત. સાલેહભાઈને મરહુમ નવાબની વિધવા રાણીઓની સગવડની દેખરેખ અને તેમના ગરાશોના હકોની જાલવણી કરવા ખાતર, તેમને 'જમાદાર' બનાવ્યા હતા, (જે હોદ્દો, કાઠીઆવાડમાં ઘણો મોહોભ્ભાવાળો ગણાયછે.)—ત્યારથી સાધારણ રીતે એઓ જમાદાર તરીકે ઓળખાતા આવેછે. એ કામ વતરોગે, 'પંચ'ના વહીવટમાં પણ એમનો હાથ હતો. ૧૮૫૨ માં રાજકોટ-એજન્સીમાં મોહોટી ચોરી થવે, તેનો પત્તો ન લાગવે, સાલેહભાઈને તેનો પત્તો મેળવ્યા ફરમાસ થવે, તેઓએ ઘણી મેહેનત લેઈ, ચાલાકી વાપરી, તે ચોરી મુદ્દા સહીત 'દડવા' અને 'ભડલી' ગામોમાંથી પકડી આપી, ઈંગ્રેજ સરકાર તરફથી ઘટતી શાબાસી મેળવી હતી. ૧૮૫૪ માં જુનાગઢના 'શેરગઢ' ગામના લુટ કરવા નીકળેલા બે શખશો, **જસલા** અને **ગીગા** મેયાને, એઓએ રાજ્યની હદ બહાર હાંકી કહાડી, રખારી અને સીંધી લુટારાઓને જેર કીધા હતા. ૧૮૫૭ માં નવાબ મોહોબતખાનજી ઉમ્મરે પુગી જુનાગઢના તખતે બેઠા, તેઓએ, ચાલાક સાલેહભાઈને ૧૮૬૧ માં વજીર બાવદીનભાઈના હાથહેઠળ—

નાયબ વજીરનો હોધ્ધો આપી 'સુજાએતસાર-વ-એતમાદ-આશાર' અથવા 'બહાદુર અને પુર વિશ્વાસુ' નો માનવંત ખેતાબ બક્ષ્યો હતો. એઓએ ખરાબી કરતા કરતા વાંધેરોને, જુનાગઢનું 'રોઘડા' ગામ લુટતા અટકાવી, રાજ્યની હદ બહાર હાકી કહાડીયા, અને પછે ૧૮૬૬ સુધી આજુજ રીતે તેઓ પાછળ લાગેલા રહી, ઈંગ્રેજી લશ્કરી અમલદારોને 'ગીર,' 'માછરડા,' વગેરે જગ્યાઓ તરફ અગત્યની મદદ કીધી હતી, તે વીશે, એમને ઈંગ્રેજી રાજ્ય તરફથી ઘણાંક શાબાશી-પત્રો મળ્યાંછે. એવી મરદાનગી ભરી નોકરી કરવા, અને વળી રાજ્યને સારૂ લગાડવાના બદલામાં, નવાબ સાહેબે, **સાલેહભાઈને** ૧૮૬૪ માં સરસ ઉપજવાળું 'હાડલા' ગામ વંશપરંપરા—ઈનાંમમાં બક્ષ્યું. એ રાજ્યના 'શેરગઢ' પ્રગણાંના મૈયાઓએ ૧૮૭૦ માં લુટફાટ મચાવવાની તૈયારી કરતાંજ, તેઓ ઉપર લશ્કર સહીત ધશી જઈ, સારી સમજ વાપરી, તલવાર ચલાવવા બદલે સમજાવતથી તેઓનાં હથીઆરો છોડાવ્યાં હતાં, અને 'ગીર' ડુંગર તરફના લુટારૂઓથી રાહદારીઓને બચાવવા, ચાંપતા ઉપાયો લીધા હતા. એ બહાદુરીના કામો કરવા વતરોગે **સાલેહભાઈએ**, રાજ્યસુધારાને લગતાં પણ પુષ્કળ કામો કીધાંછે. એઓએ 'લેંન્ડ સરવે ખાતું' સ્થાપ્યું, રજવાડી દફતરો રાખવા સુધરેલી રીત દાખલ કીધી, રેવીન્યુ, કષ્ટમ, અને શીબંદી, ખાતાંઓ ગાળી સુધાર્યાં, જાહેરખાતાંઓની નવી ઈમારતો બંધાવી, મેહેસુલને લગતી કાયદેમંદ સુચના કીધી, અને ખેડુતોની સગવડ જાલવનારા ઉપાયો લીધા. એ ખાતર નવાબે એમને ૧૮૬૭ માં 'વાંદરવડ' ગામ વંશપરંપરા—ઈનાંમમાં બક્ષ્યું. એઓએ ૧૮૭૩ થી ૨ વર્ષો ત્યાંના દીવાનને બદલે પુરઅખત્યાર કારભાર ચલાવ્યો હતો. ૧૮૭૪ માં પોતાની ઉમ્મર ભરાવાના સબબથી, **સાલેહભાઈએ** રાજીનામું આપી હોધ્ધો છોડવા માગવે, તેમને વગર જવાબદારીએ પોતાનું કામ ચાલુ રાખવા હોકમ થવે, તેઓ **નવાબના** મુખ્ય-સલ્લાહકાર અને રાજ્યના-ઉપરી તરીકે દેખરેખ રાખતા રહ્યા હતા. પણ જ્યારે ત્યાનાં જાણીતા દીવાન **રાવ** બહાદુર ગોકલજી ઝાલા ૨૬ મી દીસેમબર ૧૮૭૮ ને દીને અચણુચ મરણ પામ્યા કે **સાલેહભાઈને**—મુખ્ય-દીવાનગીરી મળી જે એઓએ ૧૮૮૩ ના જુન સુધી ચલાવી રાજીનામું આપી છોડી, એકાંતવાસી થયાછે. જુનાગઢમાં વસનારા પોતાના જાતીલાઓએ સેયાદી કે ગમીના વખતે ગજાં ઉપરાંત ખરચ ન કરવા એઓએ પુરતો બંદોબસ્ત કીધોછે. એઓ 'ઈસ્ટ ઈન્ડીઆ એસોશીએશન'ના લાઈફ મેમબર બની તેને, તેમજ 'કરશનદાસ મેમોરીયલ ફંડ' અને અમદાવાદની રેલથી પીડાયલાંઓને મદદ કીધીછે, અને એક મુસાફરખાનું અને ૩ કુવા બંધાવ્યાછે. એઓ 'હાડલા' અને 'વાદરવડ' ગામોની પુરઅખત્યાર માલેક બનવા, ઉપરાંત પુષ્કળ જાગીરોની પણ માલેકી ધરાવેછે. એમની વાર્ષીક આવક રૂ. ૧૦,૦૦૦ ની બોલાયછે. પોતાના રાજ્યની વફાદાર સેવા બજાવ્યા ઉપરાંત, ઈંગ્રેજ સરકારની પણ સેવા કરવા ખાતર, તે સરકારે, એમને ૧ લી જાનેવારી ૧૮૭૭ ને દીને દીલ્લી તરફ ભરાયલી મોહોટી દરબારમાં પેહેલ્લે '**ખાન બહાદુર**' નો ખેતાબ બક્ષ્યો, અને પછે, ૧ લી જાનેવારી ૧૮૭૯ ને દીને, "**ઓરડર ઓવ ધી કમપેનીયન ઓવ ધી ઇનડીઅન એમપાયર**" નો મોહોટાં માનનો બીજો ખેતાબ બક્ષ્યો, જે વીશેનો 'ચાંદ' આપવાની ક્રિયા, જુનાગઢમાં દબદબા ભરી દરબારમાં કરતી વખતે કાઠીઆવાડનો ઈંગ્રેજી પોલીટીકલ-એજંટ બોલ્યો હતો કેઃ—"તમો ૪૦ વર્ષ અગાઉ એક સીપાઈ તરીકે જુનાગઢમાં નોકર રહ્યા હતા, તે ઉપરથી વધી આજ ચઢતી પદવીના હોધ્ધા ઉપર આવ્યાછો. તમોએ ફક્ત નવાબનીજ નીમકહલાલીથી નોકરી બજાવી નથી પણ વળી ઈંગ્રેજ સરકારની પણ કીમતી સેવા બજાવીછે."

સાલેહભાઈ, બાઈ **મરીયમણુ** સાથે પરણ્યા, તેણીએ હાલ ૨૪ વર્ષની વયના પુત્ર સાલમ, અને એક પુત્રી હાંસાંબુને જન્મ આપ્યોછે. ખાન બહાદુર સાલેહભાઈ, લાયકતવાલા, ચંચળ, અને મેહનતુ ગૃહસ્થ છે. તેઓ પુરા પાવરધા, અને અનુભવી રાજ્ય અધીકારી ગણાયછે.

# The late Rao Bahadoor Sambooparsad Laxmilal.

MR. SAMBOOPARSÁD, a *Vudnággár* Bráhmin by caste, was born at Ahmadábád, on 19th October 1825. Born of humble parents, it was entirely by his own exertions that—he rose to the honourable position which he occupied in the Government service. In 1840 he was employed as a Kárkoon, on a small salary, in the Collectorate of Ahmadábád, and was afterwards transferred to a higher post in Pooná, in the Office of the Revenue Commissioner, Northern Division, where he remained till the year 1854. Having given abundant proofs of his capacity for revenue administration, he was raised to the post of *Dufterdár* in Sind, by the then Commissioner, the late Sir Bartle Frere. In 1857 the title of "**Rao Bahadoor**" was conferred upon him, as a personal distinction by the British Government. In conjunction with an European officer, he was directed by Government to settle certain disputes in connection with the land tenures in the districts of Kairá. From 1859—65 he served as a *Dufterdár*, in the Northern Division. He was then promoted to the office of Assistant-Settlement Officer in the Gujárát Revenue Survey and simultaneously with the duties of his own post, he found time to do the work of a *Tálookdári* Settlement Officer in Gujárát. Subsequently he was ordered to proceed to Ratnágiri as a Special Settlement Officer of Revenue Department. On the death of the Chief of Morvi in 1870, Mr. Sambooparsád was appointed by the Government Joint-Administrator of the 'Morvi' State. During his administration, which lasted for eight years, he rendered to the State—most important services, and remarkably improved its revenue. The balance in the exchequer when he took charge was only nine *lacs;* but this, when Mr. Sambooparsád resigned office in 1879, was raised to Rs. 18,80,000, a result which, in spite of bad seasons and greatly increased expenditure on works of public utility, could only be secured by strict economy, and by a careful development of the resources of the State. In 1875 Government selected Mr. Sambooparsád for employment as a member of the "Deccan Ryot Commission." The Commission received very—valuable assistance from him, and his suggestions contributed largely in giving shape to the Bill, which has recently been passed by the Supreme Government 'for the relief of the indebted agriculturists of the Deccan.' Resigning his post of Administrator of the Morvi State, he reverted to his old place of Assistant Settlement Officer in Gujárát, and was soon after employed by Sir T. Madhav Rao, then Dewan of Baroda, in the Settlement Department in the territory of the Gáicwar. Mr. Sambooparsád consented to this transfer of service for three years; he was sent on special duty to Káthiáwár, and then entrusted with the *Subáhship* of the Amroli district. He performed his new duties with signal success, affording promise of much future usefulness, when he suddenly died of cholera at the age of fifty-four, regretted by the Bombay Government and by many personal friends.

His experience in the Revenue Department was—so great, that a Bombay Officer of high position, now in England and acquainted with him, is reported to have said on hearing of his demise:—"There were few natives whose advice on revenue matters he would more willingly have sought, than that of Rao Bahadoor Sambooparsád." Mr. Sambooparsád was tall and well-built. He was very active, hard-working, straightforward, obliging, and of engaging manners.

# સ્વર્ગવાસી

## રાવ બહાદુર શંભુપ્રસાદ લક્ષ્મિલાલ.

ગરીબ હાલતમાંથી, જાતી ચંચલાઈ, ઉદ્યોગ, અને ઈમાનદારીથી વધી ચઢતા દરજ્જાએ પુગેલા **રાવ બહાદુર શંભુપ્રસાદને**, બાઈ **દુર્લભ કુવરે** ૧૮૨૫ ની ૧૦મી અકટોબરે **અમદાવાદમાં** જન્મ આપ્યો હતો. તેઓ, જાતે નાગર બ્રાહ્મણ, ઓલખે "દાટચા," અને ઈંગ્રેજી, ગુજરાતી ભાષા જાણતા હતા. તેમના એકજ ભાઈ **રાયપ્રસાદ**, ખેડા કલેકટરના દફતરદાર હતા. **મી. શંભુપ્રસાદે** નીશાળ છોડ્યા અગાઉ ચાર વખત હુશીઆરીનાં 'ઈનામો' મેળવ્યાં હતાં. તેમના વખતે **અમદાવાદમાં** ઇંગ્રેજી સ્કુલ નહીં હતી. તેઓએ—પેહલ્લે ૧૮૪૦ માં **અમદાવાદ** કલેકટરેટમાં કારકુન તરીકે રૂ. ૬ ને દરમાયે રહી, દશ વર્ષ ચાકરી કર્યાં પછી ૧૮૫૦ માં પુણાના ઉત્તર ભાગના રેવીન્યુ-કમીશનરની આફીસમાં જગ્યા મેળવી, ૧૮૫૪ માં વધી રૂ. ૫૦ ને દરમાયે કારકુન બન્યા. ગરીબીના ભોગ થઈ પડેલા **મી. શંભુપ્રસાદનો**—સીતારો હવેથી ખીલ્યો અને એ વખતે **સર બાર્ટલ ફ્રીયર** જે **સીંધનો** કમીશનર હતો, તેણે, એમની ચંચલાઈ અને કાબેલીયતથી ખુશી થઈ, એકદમ રૂ. ૩૦૦ ને દરમાયે એમને સીંધ હૈદ્રાબાદના 'દફતરદાર' નેમ્યા, તે હોદ્દો ૧૮૫૭ સુધી ઘણી બાહોશીથી ચલાવી "**રાવ બહાદુર**" નો ખેતાબ મેળવ્યા પછે, એમને મુંબઈ સરકારે **ખેડા** તાલુકામાં જમીનના પટા સંબંધી ઉઠેલા ઘણાક મોહોટા ગુચવાડા ભરયા વાંધાનો નીવેડો લાવવા એક ઈંગ્રેજી હોદ્દેદાર ભેગા નેમ્યા હતા. ૧૮૬૫ માં ઉત્તર ભાગના રેવીન્યુ કમીશનરના 'દફતરદાર'નો હોદ્દો બજાવ્યા પછે, એજ સાલમાં—દેશીઓને કવચીત મળેલો ઘણો જોખમ ભર્યો એસીસ્ટંન્ઠ-સેટલમેંન્ટ ઓફીસરનો હોદ્દો એમને ગુજરાત રેવીન્યુ સર્વેખાતામાં રૂ. ૫૫૦ ને દરમાયે મળ્યો, તે ૧૮૭૦ સુધી ચલાવ્યો, તેમાં મેહેસુલ સંબંધી એઓને પકકું જ્ઞાન મેળવ્યું હતું. જે પછે થોડો વખત, ખાશ એસીસ્ટંન્ઠ-સેટલમેંઠ-ઓફીસરનો રત્નાગીરી રેવીન્યુ સર્વેખાતામાં રૂ. ૬૫૦ ને દરમાયે હોદ્દો બજાવ્યા પછે, ૧૮૭૦ માં **મોરબીના ઠાકોર સાહેબ** મરણ પામવે, તે સાલના અકટોબરમાં મુંબઈ સરકારે એમને, ત્યાનાં જોડાયલા-પુરઅખત્યાર-રાજ્ય-અધિકારી નેમી ત્યાંનો કુલઅખત્યાર એમને સોંપ્યો હતો, જે વખતે, **મોરબીના** હાલના ઠાકોર સાહેબ ૧૩ વર્ષના હતા, તેઓએ ૧૮૭૯ ની ૧ લી જાનેવારીએ ૨૧ વર્ષની લાયક ઉમ્મરે પુગી, રાજ્ય અખત્યાર પોતાને સ્વાધાન લીધો, ત્યાં સુધી, એ રાજ્ય અમલ **મી. શંભુપ્રસાદે** ૮ વર્ષો સુધી કાબેલીઅતથી ચલાવી શાબાશી મેળવી હતી. તે વખતે એઓએ ત્યાં—ઘણાક સુધારા કીધા, રૈયતને પાણીની સગવડ કરી આપી, જાહેર સુશોભીત ઈમારતો, જેલ, અને સડકો બંધાવી, મેહેસુલ સુધારી અને વધારી, કરકશરથી ખરચ ઘટાડ્યો, અને રૈયતની પુર પ્યાર મેળવી, પોતાનાં નામથી એક નવું "શંભુ પરૂં" વસાવ્યું હતું, કે જે પાછળથી, ત્યાંનાં હાલના ઠાકોર સાહેબના નામે "વાઘ પરૂં" કરી બોલાયછે. ૧૮૭૫ માં **મી. શંભુપ્રસાદને** મુંબઈ સરકારે, "દખણના ખેડુતોની માઠી હાલતની તપાસ કરવા ઠેડવેલા કમીશન"ના દેશી સભાસદ તરીકે નેમવે, તેના સંબંધમાં એઓએ કીમતી સેવા બજાવી જે જે અગત્યની

સુચનાઓ કીધી હતી, તે, 'સુપ્રીમ કાઉનસીલે' પસંદ કરી, બાહાલ રાખી હતી. મોરબીના રાજ્ય-વહીવટનો અખત્યાર છોડ્યા પછે, એઓ પોતાના આગલા ગુજરાતના એસીસ્ટન્ટ-સેટલમેંટ ઑફીસરના હોદ્દા ઉપર ગયા, કે, તુરતજ, બરોડા રાજ્યના 'સેટલમેંટ ઑફીસરનો' હોદ્દો ચલાવવા, ત્યાનાં ત્યારના દીવાન **સર ટી. માધવરાવે**, એમની મદદ લેવા મુંબઈ સરકારને અરજ કરવે, તે હોદ્દો, ત્રણ વર્ષો સુધીજ બજાવવા **મી. શંભુપ્રસાદે** કબુલ રાખી, ૧૮૭૯ ના એપ્રેલમાં, એ રાજ્યના કાઠીઆવાડ માંહેલા **'અમરોલી'** તાલુકાના પુર-અખત્યાર 'સુબા' નેમાયા, પણ ૬ મહીના વહીવટ ચલાવી રાજ્ય અને રૈયતને એક સરખા ફાયદા કરનાર સંગીન ઉપાયો રચ્યા કે, તેવામાં ૧૮૭૯ ની ૭ મી અકટોબરે એઓ અંચીતા ૫૪ વર્ષની વયે કોલેરાના ભોગ થઈ મરણ પામ્યા. તે ખાતર, મુંબઈ સરકારે દલગીરી જણાવતાં, એમના ભલા ગુણો વીશે જણાવ્યું હતું કેઃ—"**મી. શંભુપ્રસાદે** સરકારના એક ઘણાજ "વફાદાર, બાહોશ, મેહેનતુ અને અપક્ષપાત હોદ્દેદાર "તરીકે હમેશાની મજબુત ખાત્રી આપી હતી." અને હીંદુસ્થાન વીશે પકકો અનુભવ ધરાવનાર 'ઈંડીઆ કાઉનસીલ'ના એક પ્રખ્યાત ઈંગ્રેજ અધીકારીએ એમના મરણની ખબર જાણતાં જાહેરમાં મત જણાવ્યું હતું કેઃ—"**મી.** શંભુપ્રસાદના "મરણથી ઈંગ્રેજ સરકારે એક ચુનંદો નોકર ખોયોછે કે, જેની જગ્યા "જલદીથી પુરાવી મુશ્કેળ ગણાશે." એમની ખરી ખુબી, ઘણાક જાણીતા મોહોટા ઈંગ્રેજ હોદ્દેદારો અછી રીતે પીછાની ગયા, તેઓમાં **સર બાર્ટલ ફ્રેયર, સર રોબર્ટ એલીસ, એસ. મેન્સફીલ્ડ, ઑનરેબલ મી. રોજર્સ, ઑનરેબલ મી. જે. ગીબ્સ**, વીગેરે હતા.

રાવ બહાદુર શંભુપ્રસાદ, બાઈ ધનલક્ષ્મી સાથે પરણ્યા, જેણી વગર ફરજંદે સ્વર્ગવાસ થવે, એઓએ બીજા લગ્ન કર્યાં, પણ ફરજંદ થયુંજ નહી, **મી.** શંભુપ્રસાદ શરીરે પતલા પણ ચીવટ, ઉમ્મર ભરાવવા છતાં એક ઉઘરતા જુવાન પેઠે આખો દીવસ વગર થાક કે કંટાળવે મેહેનત કરનારા, અને મેહેસુલ તેમજ દેશી રાજ્ય કારોબાર વીશે પક્કો અનુભવ ધરાવતા હતા. તેઓ સ્વભાવે મીલનસાર, દેખાવ અને પોશાકે ઘણાજ સાદા, દીલના દયાળુ, વાતચીતમાં ઘણાજ હશમુખા, અને દોલ દમામને ધીક્કારનારા હતા.

# Rao Bahadur Bholanath Sarabhai of Ahmadabad.

NÁTHMULJI, from whom the family traces its descent, lived in "Vadnágur," which he left for Ahmadábád in A.D. 1457. Being a good Persian scholar he was engaged as a *Munshi* or Persian clerk under the Mogal, as well as the Peshvá's governments. The second among his five sons was Kirpashánker, who left two sons, the youngest being Bápubhái, who was engaged as a Persian clerk in the Barodá Residency in 1802. He died, leaving two sons, the eldest of whom was Sárábhái, who held for 30 years the responsible post of Recordkeeper and Native-Agent in the Residency. For his faithful services the Government made him an—hereditary grant of the 'Nikoli' village 3 miles off Ahmadábád, and awarded him a gold 'medal,' besides a monthly pension of Rs. 500. The Nawab of Radhánpur also made him—a grant of the 'Ganorá' village for valuable services rendered to his State. He died, leaving only one son, Mr. Bholánáth, the subject of this memoir.

Ráo Báhádur Bholánáth was born in Barodá on 23rd July 1822. He belongs to the *Vadnagrá* division of the Nágar Bráhmins, and knows English, Sanskrit, Persian, Maráthi and Gujaráti. In 1844 he was first engaged as a *Munshi* in Ahmadábád; in 1854 he was appointed a Sadar Amin, and in 1864 a Principal Sadar Amin. In 1869 he was entrusted with the office of the First Class Subordinate Judge of Thaná and then of Khedá. After completing the period of 30 years' service to Government, he retired on a pension of Rs. 400 per month, when Government—awarded him the title of **"Rao Bahadur"** for life accompanied with a *Khilát* of a costly shawl in a public *Durbár* in Ahmadábád on 27th March 1875. He is also made a **Second Class Sirdar of the Deckan.** He is a —zealous reformer and an advocate of the spread of popular education. He established at an outlay of Rs. 11,000 a free public Library in Ahmadábád in memory of his deceased son, Apá Ráo. He contributed also to the opening of a library and a school in Khedá, and to the establishment of the "Gujárát Provincial College" in Ahmadábád. His public donations are as follows:—

| | | |
|---|---|---|
| For founding the 'Apa Rao Library' in Ahmadábád | Rs. | 11,000 |
| To the 'Gujárát Provincial College' | ,, | 3,000 |
| Donation to the Khedá Library and English School | ,, | 400 |
| Subscribed to the Ahmadábád Relief Fund | ,, | 300 |

Ráo Báhádur Bholánáth was presented with a "certificate of honor" by the Viceroy of India on 1st January 1877. He is in undisturbed possession of the two villages of 'Nikoli' and 'Ganorá.' He has an annual income of Rs. 20,000, from which he occasionally supplies food and clothing to the indigent poor.

Ráo Báhádur Bholánáth has 4 sons and 2 daughters, the eldest, Mr. Bábá Ráo, is 44; the second, Mr. Bhim Ráo, is 32, and a B. A. of the Bombay University, and has just been admitted into the new Statutory Civil Service; the third, Mr. Narsing Rao, is 23, and the fourth, Mr. Keshav Ráo, is 19 years of age. Ráo Báhádur Bholánáth is one of the—leading and popular citizens of Ahmadábád, an affable and kind-hearted gentleman.



રાવબાહાદુર ભોલાનાથ સારાભાઈ. અમદાવાદના.

RAO BAHADOOR BHOLANATH SARABHOY OF AHMEDABAD.

Vincent Brooks, Day & Son, Lith. London W

# રાવ બહાદુર ભોલાનાથ સારાભાઈ,

## ૨ જા વર્ગના સરદાર, દખણના.

---

એમના મુળ-વડીલ **નથમલજી**, 'વડનગર' વતન છોડી ઇ. સ. ૧૪૫૭ ને [આસરે] અમદાવાદમાં આવી વસ્યા. તેઓએ પેશવાઇ રાજ્ય, અને દીલ્લીની મોગલ શાહાનશાતમાં ફારશી ભાષાના મુનશીનો હોદ્દો બજાવ્યો હતો. તેમના ૫ પુત્રો માંહેલા બીજા કીરપાશંકરના બે પુત્રો માંહેલા નાધલા **બાપાભાઇએ** ૧૮૦૨ માં વડોદરા-રેસીડંન્સીમાં ફારશી મુનશીનો હોદ્દો મેળવી, ગુજરાત અને કાઠીઆવાડના જાણીતા ઇંગ્રેજી પોલીટીકલ-એજંટ કરનલ વોકરના હાથ હેઠળ કામે લાગી,—કાઠીઆવાડ પ્રાંતનો સત્તાવાર રીપોર્ટ ઘડી કાહાડવા તેને મદદ આપવા ઘણી મેહેનત લીધી હતી. તેમના બે પુત્રો માંહેલા વડા સારાભાઇએ, બાપની હૈયાતી અને હોદ્દો ચલાવવાના વખતમાંજ ઉપલી રેસીડંન્સીમાં કામે લાગી, કરનલ મરેએ, દેશી રાજ્યો ઉપર કીધેલી ચઢાઇઓ વખતે તેની સાથે રહ્યા પછે, એ રેસિડંન્સીના સરકારી-દફતરદાર અથવા 'નેટીવ-એજંટ' નો માન ભર્યો અને અતી વિશ્વાસુ હોદ્દો મેળવી, ૩૦ વર્ષની લાંબી મુદત તુલીક, તે, સાબેત ઇમાનદારી અને ચાલાકીથી, પોતાના વડાઓથી શાબાસી મેળવી બજાવ્યો—ને નીમકહલાલીના બદલામાં ઇંગ્રેજ સરકારે, તેમને અમદાવાદથી ૩ ગાઉને છેટે આવેલું '**નીકોલ**" ગામ વંશપરંમપરા ઇનામમાં બક્ષવા ઉપરાંત, એક સોનાના 'ચાંદ' ની ભેટ કરી, જન્મ સુધી દરમાસે રૂ. ૫૦૦ નું પેનશન બાંધી આપ્યું હતું. વળી એમને રાધણપોરના **નવાબે**, પોતાની અગત્યની સેવા બજાવવાના બદલામાં, ઇંગ્રેજ સરકારની મંજુરીઆતથી—"ધનોરા" ગામ વંશપરંમપરા બક્ષ્યું હતું. એ બેઉ ગામનો ભોગવટો હાલ એમના વારેશાને હસ્તક છે. એમ સારાભાઈ પોતાની કુટુંબની આબાદી ખીલવી એક પુત્ર તે આ હકીકતને લગતા રાવ બહાદુર ભોલાનાથને પાછળ મેલી ગયા.

રાવ બહાદુર **ભોલાનાથને**, વડોદરામાં બાઈ જયકુવરે, ૧૮૨૨ ની 31 મી જુલાઈએ જન્મ આપ્યો. તેઓ હીંદુઓની 'વડનગરા નાગર' બ્રાહ્મણ ન્યાતના અને ઉંચા કુળના છે. તેઓ ઈંગ્રેજી, ફારસી, સંસ્કૃત, મરાઠી, અને ગુજરાતી ભાષા જાણેછે. ૧૮૪૪ માં પેહેલે તેઓ **અમદાવાદમાં** ઈંગ્રેજી નોકરીમાં 'મુનસીફ' ની જગ્યા ઉપર રૂ. ૧૦૦ ને પગારે રહ્યા, પછે ૧૮૫૪ માં **અમદાવાદ દીસટ્રીકટના** તેમજ **સુરતના** 'સદર અમીનના' હોધ્ધા ઉપર રૂ. ૩૨૫ ને પગારે વધ્યા. ૧૮૬૪ માં રૂ. ૫૦૦ ને દરમાયે 'પ્રીનસીપલ સદર અમીન' બન્યા, ૧૮૬૯ માં **થાણાં** અને **ખેડાના**, ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ ગ્રેડ સબઓરડીનેટ-જડજનો હોધ્ધો રૂ. ૮૦૦ ને દરમાએ લગભગ ૪ વર્ષ સુધી ભોગવ્યો. એમ—એકંદર 31 વર્ષ સુધી ઈમાનદારી, ચંચલાઈ, અને આબરૂને બટ્ટો કે ઠપકો લગાડયા વગર, સરકારની નોકરી બજાવી, ૧૮૭૪ ની ૩૦ મી સપટેમબરે પોતાની તંનદુરસ્તી બીગડવાના સબબે, પેનશન મેળવવાની અરજ કરી રાજીનામું આપ્યું, તે ૧ લી નવેમબર ૧૮૭૪ ને દીને બાહાલ રેહેવે, એમને દરમાસે રૂ. ૪૦૦ નું 'પેનશન' મળ્યું; અંન ૧૮૭૫ ની ૨૬ મી જાનેવારીએ જન્મસુધી "**રાવ બહાદુર**" નો ખેતાબનો હક, અને એજ વર્ષની ૨૭ મી માર્ચે એક કીમતી 'સાલની' ભેટ અમદાવાદ તરફ જાહેર દરબારમાં મળવા ઉપરાંત, **દખણના ૨ જા વર્ગના સરદારની** પદવીએ ચહડયાછે. એ પક્કા ઠેરાવના સુધારક રાવ બહાદુરની—ચીવટ હીમતનો હીયાં એકજ દાખલો આપીએ કે, અમદાવાદની 'ટ્રેનીંગ કોલેજના' વડા મી. મહીપતરામ, ઈંગ્લાંડની

મુસાફરીએ જવે, તેમને, જાતનો કાયદો તોડવા ખાતર ન્યાત બહાર મેલ્યા હતા. તે સજાનું ખુલ્લું ગેરવાજબી-પણું જોઈ, પોતે મોહોટા જોખમમાં જવા વીશે અગાઉથી સમજવા છતાં, મી. ભોલાનાથે તેમની સાથ વેહ-વાર ચાલુ રાખી તેની તરફેણ કીધી હતી, તેનું અગમ ચેતેલું પરીણામ નીપજ્યું, અને મી. ભોલાનાથને પણ ન્યાત બહાર મેલ્યા. જેથી ૭ વર્ષની લાંબી મુદત સુધી ચાલ્યું, એઓએ હીમત અને ધીરજ રાખી હતી, તે પછે, અંતે ન્યાતે એમને આપખુશીથી પાછા પોતાની સાથ સામેલ કીધા હતા. એઓ, વિદ્યા એલમને ઉત્તેજન આપનારા અતુર આગેવાન, અને "અમદાવાદ વિધવા વિવાહ ઉત્તેજક મંડળી," "બાલા નિષેધક મંડળી" અને "અમદાવાદ પ્રાર્થના સમાજ" ના પ્રમુખ, તેમજ "ગુજરાત વરનાક્યુલર સોસાયટી" ના લાઈફ-મેમબર છે. એઓએ અમદાવાદમાં, પોતાના સ્વર્ગવાસી બીજા પુત્ર આપારાવની યાદગારી કાયમ રાખવા, અને ત્યાંના લોકોની સગવડ ખાતર રૂ. ૬,૦૦૦ ને ખરચે એક જાહેર "લાયબ્રેરી" બંધાવી, વળી તેમાં પુસ્તકો ખરેદી મેળવા રૂ. ૫૦૦૦ આપી, તેને "આપારાવ લાયબ્રેરી" નામથી મુફત ખુલ્લી મેલીછે. અમદાવાદની 'ગુજરાત પ્રોવીનશીયલ કાલેજ' ના ફંડમાં એઓએ રૂ. ૩૦૦૦ આપ્યા હતા. અને ખેડામાં એક લાયબ્રેરી અને ઇંગ્રેજી સ્કુલ સ્થાપવાના કામને ઉચકી લેઈ, તે પાર ઉતારવા મેહેનત લીધી હતી. એમની જાહેર બક્ષેસો નીચે જણાવ્યેઃ—

| | |
|---|---|
| | રૂ. |
| અમદાવાદમાં "આપારાવ લાયબ્રેરી" બંધાવી મુફત ખોલી .................... | ૧૧,૦૦૦ |
| "ગુજરાત પ્રોવીનશીયલ કોલેજ" ને બક્ષેસ .................... | ૩,૦૦૦ |
| 'ખેડા લાયબ્રેરી' અને 'ઇંગ્રેજી સ્કુલને' મદદ .................... | ૪૦૦ |
| અમદાવાદ રીલીફ ફંડને મદદ .................... | ૩૦૦ |
| 'અમદાવાદ પ્રાર્થનાસમાજ'ને મદદ .................... | ૧,૫૦૦ |
| | રૂ. ૧૬,૨૦૦ |

ઊપલાં બે ગામો "નીકોલ" અને "ઘનોરા" ના એઓ પુરમુખત્યાર માલેક છે. અને પહેલાં ખાતર ઇંગ્રેજ સરકારના 'ઇનામદાર' ગણાયછે. એમને ૧૮૭૭ ની ૧ લી જાનેવારીએ તે વખતના મુંબ-ઈના ગવરનર સર ફીલીપ વોડ હાઉસે "સરટીફીકેટ ઓવ ઓનર" બક્ષી હતી.

મી. ભોલાનાથ નાધલી વયે, હાલ સ્વર્ગવાસી થયેલાં બાઈ શીવકાશી સાથે પરણ્યા, તેઓએ જન્મ આપેલા ૫ પુત્રો માંહેલા ૪ હેયાત છે. વડા મી. બાબારાવ ૪૪ વર્ષના, ઇંદોરના મહારાજાના એજંટ તરીકે મહીકાંઠા પોલીટીકલ-એજંસીમાં કાંમે લાગેલા છે. બીજા મી. ભીમરાવ ૩૨ વર્ષના, મુંબઈ યુનીવરસીટીની બી. એ. ની ડીગ્રી મેળવી, એ ઇલાકાની સ્ટેચ્યુટરી સીવીલ સરવીસમાં દાખલ થયાછે. ત્રીજા મી. નરસીંહરાવ ૨૩ વર્ષના મુંબઈ યુનીવરસીટીની બી. એ. ની ડીગ્રી મેળવી, એલ. એલ. બી. થવા અભ્યાસ કરેછે. ચોથા મી. કૃષ્ણરાવ ૧૯ વર્ષના, મુંબઈ યુનીવરસીટીની મેટ્રીક્યુલેશન પાસ કરી, ફર્સ્ટ બી. એ. નો અભ્યાસ કરે છે, વત્રોગે બે પરણેલી બેટીઓ છે.—એ રાવ બહાદુરનાં ઇનાંમી ગામો વગેરેની ઉપજ અને પેનશનની વાર્ષીક આવક મળી એકંદર રૂ. ૨૦,૦૦૦ ને આસરે બોલાયછે. તેઓ સ્વભાવે મીલનસાર, વાતચીતમાં ચપલ અને નમનતાઈવાળા, રીતભાતે લાયક અને સુધરેલા, પક્કા અનુભવી ગૃહસ્થ, અને અમદાવાદના—પુરતા જાણીતા, માનીતા, અને લોકપ્રીય શેહેરી છે.



શેઠ કમરૂદીન તૈયબજી. જે. પી.

CUMRUDIN TYABJI, ESQ., J.P., SOLICITOR, HIGH COURT.

Vincent Brooks Day & Son, Lith. Lond.

# Kamrudin Tyabji, Esq., J. P., of Bombay.

THE family of this gentleman originally belonged to Cambay. His father, Mr. Tyábji, first settled in Bombay, and after small beginnings, opened a firm under the name of 'Messrs. Tyábji & Co.' In course of time, as his business prospered, he opened branch houses in China, Karachi, and London, where he enjoyed great credit in commercial circles. He was—revered as the head of the Sulemáni Bohrá community, and elected their high-priest. As a respectable citizen of Bombay, he was made a "Justice of the Peace" in A.D. 1863. He died, leaving six sons, four of whom are alive, and Mr. Kamrudin is the eldest among them.

Mr. Kamrudin was born in Bombay on the 18th April 1836, and belongs to the *Shiá* sect of *Sulemáni* Bohrás among Mahomedans. He has studied Persian, French, English, and Gujaráti. One of his three brothers, the Hon'ble Mr. Badrudin, is a barrister-at-law of great eminence, and has been appointed a member of the Bombay 'Legislative-Council' since 1883. Mr. Kamrudin went to England in 1851, where, after a three years' course of English education, he was articled to the well-known firm of Messrs. Ashurst and Son, now known as Messrs. Ashurst, Morris and Crisp, attorneys in London. He passed his examination as a solicitor in 1858, and being the first Mahomedan attorney, a question arose as to whether the usual oath should be administered on the Bible or the Koran. Lord Chief Justice Campbell decided in favour of the latter. In 1855 Mr. Kamrudin was presented to Her Imperial Majesty and in 1859 he left England to practise his profession in Bombay. He soon made a mark in his new line of business, and began to take part in all public matters as a citizen. He has been much esteemed for his special efforts to ameliorate the condition of his Mahomedan community. He has established the '*Anjumán-e-Islám*,' which has opened charitable schools in the several Mahomedan quarters of Bombay, supported by private subscriptions and contributions from the public, the Government, and the Municipality. By means of occasional meetings and addresses of the 'Anjuman,' the Mahomedans have, for the first time, been taught the value of communistic growth and the duties of active citizens. He has raised jointly with his brother the Hon'ble Mr. Badrudin, and other members of his family, a fund of Rs. 30,000, and established the charitable institution of the "*Surmai-Jumat-e-Sulemáni*," to afford boarding and lodging as well as education to his indigent co-religionists. He joined the Freemason's "Lodge Rising Star" in 1863, and a few years later "Lodge Islam" was, through his prominent influence, opened for the exclusive initiation of the members of his community. He was made Worshipful Master of Lodge Islam in 1880. He is a Director and Chairman of several Spinning and Weaving, Fire Insurance, Cotton Pressing and other public Companies. He was made a Justice of the Peace in 1863, a Fellow of the University of Bombay in 1876, and a member by Government nomination of the Municipal-Corporation in 1874.

Mr. Kamrudin has 1 daughter and 4 sons. The eldest, Haidar Ali, aged 22, has passed his first B. A. examination in the University of Bombay, and is now articled in his father's office. Mr. Kamrudin is a gentleman of thoroughly affable disposition, highly esteemed in his profession, and kind and urbane towards all who come in contact with him.

# શેઠ કમરૂદીન તૈયબજી, જે. પી.

એમના અસલ વડીલો 'ખંભાત'ના વતની હતા. તેઓએ 'દાવદી' અને 'સુલેમા'ની વોહરાની જમાતોમાં સરસાઈ સંબંધી ચાલેલી હરીફાઇમાં, છેલ્લાઓની તરફ લીધી હતી. મી. કમરૂદીનનાં કુટુંબના વડીલ શેઠ ભાઇ મીયાના પુત્ર શેઠ તૈયબજી—પેહેલવેહેલા મુંબઇમાં આવી, વેપારમાં પડી, "તૈયબજી અને કુંપની" નામથી પેહેડી ખોલી, તેની શાખાઓ ચીન, કરાચી, લંડન, વગેરે શેહેરોમાં ખોલી, વેપારને બોહોળો ફેલાવી, ખીલવી, વધારી, પોતાની ચોખ્ખી આંટ અને ઇમાનદારી ખાતર વખણાઇ, આપ મેહનતથી મોહોટી દોલત, ચઢતું માન અને ઉચ્ચે દરજ્જે પોહોચી, એક પેહેલ્લા વર્ગના શેહેરી અને વેપારી થઇ પડી, પોતાની "સુલેમાની વોહરા" ની જમાતમાં—પ્રમુખ ગણાઇ, તેમના 'મુલ્લાં' બની, ઉંચે દરજ્જે પોહોચ્યા હતા. તેઓ અરબ્બી જાણતા હતા, અને મુંબઇ સરકારે તેમને ૧૮૬૩ માં "સુલેહના અમલદાર" કીધા હતા. તેઓએ પોતાનાં પુત્રોને ઉંચે દરજ્જેની કેળવણી આપવા ઇંગ્લાંન્ડ મોકલી, પોતે પણ ૧૮૫૩ માં ત્યાંની મુશાફરી કરી આવ્યા હતા. શેઠ તૈયબજીએ પોતાની જીંદગીના પાછલા દીવસો એકાંતપણે અશાએશમાં ગુજાર્યાં પછે, ૬ પુત્રો મેલી મરણ પામ્યા, તેઓ માંહેલા હૈયાત રહેલા ૪ પુત્રો માંહેલા વડા તે આ હકીકતને લગતા મી. કમરૂદીન છે.

શેઠ કમરૂદીન, ૧૮૩૯ ની ૧૮ મી એપ્રેલે મુંબઈમાં જનમ્યા, તેઓ મુસલમાન કોમની 'સુલેમાની વોહરા' જાત અને 'સીંહા' પંથના છે, અને ઉરદુ, ફારસી, ફ્રેંચ, ઈંગ્રજી, ગુજરાતી, વગેરે જાણેછે. એમના ૩ ભાઈઓ માંહેલા એક ઓનરેબલ મી. બદરૂદીન મુંબઈ સરકારની "ધારા-સભા" ના ૧૮૮૩ થી સભાસદ નેમાયાછે. તેઓ ત્યાંના એક ફત્તેહમંદ બેરીસ્ટર, પ્રખ્યાત શેહેરી, અને "સુલ્લેહના અમલદાર છે. બીજા મી. નઝમુદીન વેપારી, અને ત્રીજા મી. અમીરૂદીન મીલકતોની આવક ઉપર રહેછે. મી. કમરૂદીને ૧૮૫૧ માં ૧૬ વર્ષની ઉમ્મરે લંડન જઈ, કેળવણી લેઈ, કાયદાશાસ્ત્ર સંબંધી ત્યાંના ત્યારે જાણીતા વકીલો 'મેશરસ એસહરસ્ટ એન્ડ સન" કે જેઓ હાલ 'એસહરસ્ટ મોરીશ ક્રીસ્પ' ના નામથી ઓળખાયછે, ત્યાં ૫ વર્ષો આભ્યાસ કરી, ૧૮૫૮ માં—વકીલની પરીક્ષા પસાર કીધી. તે વખતે ધારાપ્રમાણે એમને સોગંન આપવાનો ગુચવાડો એમ ઉઠ્યો હતો કે, ત્યાર સુધી ત્યાંની અદાલતમાં 'બાઈબલ' ઉપરજ સોગન આપવામાં આવ્યા હતા, તેજ રીતે એમને પણ આપવા કે, એક ઈસ્લામી તરીકે 'કોરાન' ઉપર આપવા? જેનો નીવેડો લાવવા ત્યારના લોર્ડ ચીફ જસ્તીશ લોર્ડ કેમબાલને ખાશ અરજ કરવામાં આવતે, તેણે એમને કોરાન ઉપર સોગન આપવા ચુકવ્યું હતું, અને તે વડા ન્યાયાધીશે, એમની એ ધંધામાં ફત્તેહ ઈચ્છી હતી. ૧૮૫૫ ના માર્ચમાં એઓએ મહારાણીની મોલાકાત લીધી હતી. અને ત્યાંથી ૧૮૫૯ માં મુંબઈ આવી, કામ ચલાવી, એક ચંચળ વકીલ તરીકે ખીલી નીકળી, જાહેર કામોમાં ભાગ લેતા જઈ, જાણીતા થઈ, આજ એઓ—ઘણાજ આબરૂદાર અને વગવાલા શેહેરી થઈ પડ્યાછે. પોતાના કુટુંબીઓ સાથે મળી, એઓએ પોતાની જાતના ગરીબ વોહરાઓના બાળકોને મુફત રહેવા, ખાવા, અને કેળવણી લેવા ખાતર, "શુરમાઈ ઝમાતે સુલેમાની" નામથી એક ધર્મખાતું ઉઘાડવામાં આગેવાન ભાગ લીધો, તેની

થાપણ હાલ રૂ. ૩૦,૦૦૦ ની થઈછે. એ ખાતાંની મદદથી એમના જાતીલા મુફલેસોના કેટલાંક બાળકો સુખી થઈ, આજ સારી હાલતમાં આવ્યાંછે. વળી એઓનીજ મુખ્ય આગેવાનીથી "મુંબઈની અનજુમને ઈસ્લામ" નામથી કુકણી, વોહરા, મેમન, ખોજા, વગેરે મુંબઈની જુદી જુદી ઈસ્લામી જમાતોના આગેવાનોની સામટી કોશેસથી એક જાહેરખાતું સ્થાપ્યું, જેના એઓ હાલ પ્રમુખ્ય છે. તેની મુખ્ય નેમ, પોતાની કોમની હાલત સુધારવાની છે, જેનું કામ આગળ વધતું જાય છે, અને વળી એ કોમના છોકરાઓને હીંદુસ્થાની ભાષામાં કેળવણી આપવા "મદરેસાએ અનજુમને ઈસ્લામ" નામથી એક જાહેર કેળવણીખાતું ઉઘડીયું તે ફતેહમંદ નીવડયું છે, તેને ખાંનગી ઉઘરાંણાંથી રૂ. ૫૦,૦૦૦ ની મદદ થવા ઉપરાંત, મુંબઈ સરકાર તરફથી દરમાસ રૂ. ૫૦૦ ની, અને ત્યાંની મ્યુનીસીપાલીટી તરફથી દરસાલ રૂ. ૫,૦૦૦ ની મદદ આપેછે. એ મદરેસાની શાખા પણ છે. **મી.** ફમરૂદીને પોતાના ભાઈ **મી.** બદરૂદીન સાથના ભેગા ખર્ચે 'બરોડા' ના પોતાના ગરીબ જાતભાઈ વોહરાઓના બાળકોને મુફત કેળવણી આપવા ત્યાં "બરોડા-મકતબ" નામથી એક સ્કુલ ઉઘાડી ચાલુ કીધીછે. એઓ પેહેલવેહેલા મુંબઈ માંહેલી ફ્રીમેશન લૉડજ "રાઈઝીંગ સ્ટાર" ના ૧૮૬૩ માં સભાસદ થયા. કે જે વખતે એમના જુજ જાતીલાઓ ફ્રીમેશનો બન્યા હતા. તેથી 'ફ્રીમેશનરી' ઉપર મુસલમાન કોમની મોહોટી સંખ્યાનું ધ્યાન ખેચવા, અને તેઓનીજ દેખરેખ હેઠળ એક હેલાયધી લૉડજ સ્થાપી ચાલુ કરનારાઓમાં **મી.** ફમરૂદીને આગેવાન ભાગ લેઈ, "લૉડજ ઈસ્લામ" સ્થાપી, તેના, એઓ ૧૮૮૦ માં વરશીપફુલ-માસ્તર બન્યા પછે, હાલ પાસ્ટ માસ્તરની પદવી ભોગવેછે. **મી.** ફમરૂદીન ઘણીક સ્પીનીંગો અને જાહેર કંપનીઓના ડાયરેકટર બન્યા, અને હાલ 'સોલાપુર સ્પીનીંગ અને વીવીંગ,' 'બોમ્બે યુનાઈટેડ સ્પીનીંગ એન્ડ વીવીંગ,' 'ઓરીએનટલ લાઈફ ઈનસ્યુરંન્સ, કુ૦,' 'કરાચી પ્રેસ કંપની,' વીગરેનાં ચેરમેન, અને 'ધી બોમ્બે આઈસ કંપની' ના દાયરેકટર છે. એમને મુંબઇ સરકારે ૧૮૬૩ માં "સુલ્લેહના અમલદાર," અને ૧૮૭૬ માં ત્યાંની યુનીવરસીટીના "ફેલો" ઠેડવ્યા, અને એ સરકારે પોતાની તરફથી એમને ૧૮૭૪ માં સભાસદ ઠેડવી મુંબઈની "મ્યુનીસીપલ-કોરપોરેશનમાં" મોકલ્યા હતા.

મી. કમરૂદીનને, ૪ પુત્રો અને ૧ પુત્રી છે. વડો બેટો ૨૪ વર્ષનો **મી.** હૈદર, પેહેલી બી. એ. ની પરીક્ષા પસાર કરી હાલ પોતાના બાપની ઓફીસમાં વકીલનો ધંધો શીખવી 'આરટીકલ-કલાર્ક' બની ધારાનો અભ્યાસ કરેછે. તો બીજા **મીરજાં મહમદ** સુફી, **મીરજાં મહમદ** હાડી, અને **મીરજાં મહમદ** કાઝીમ, ચઢતી ઉતરતી ઉમ્મરના વિદ્યાર્થીઓ છે. બેટીઓ માંહેલી એક હૈયાત હાલ ૬ વર્ષની છે.—**મી.** કમરૂદીન સ્વભાવે મીલનસાર, રીતભાતે ખરા લાયક, ઘટતી રીતે મોહોબ્બે જાલવનારા, મુંબઇની હાઇ કોર્ટના એક ફત્તેહમંદ વકીલ, અને મુંબઇ શેહેરના એક જાણીતા અને ઉપયોગી શેહેરી છે.

# Nursingpersad Hurripersad, Esq., of Junagad.

THE great-grandfather of this gentleman was Máhádéo, who lived at Navánagar. His grandson, Rámji, first came to Junagád for trade, and his son, Umbárám, had farmed one of the districts of Junagád. His son, Hurripersád, also farmed several large districts in the same State and in other native States, with full powers to exercise absolute authority. By this means he became wealthy, and a most influential, *Ijárdár* or farmer in the whole of Kathiawar. He died, leaving 3 sons, of whom Mr. Nursingpersád, the subject of this memoir, is the second.

Mr. Nursingpersád is a *Wadnugra* Nagar Bráhmin by caste, born at Junagád, on the 18th of December 1827, and is known by the surname of "Booch." He has seen a good deal of service in different native courts. When only fourteen years of age, he was employed as a *Vahivatdár* or Manager of a district in Junagád, and afterwards of the districts of Varávul and Páten in the same State. At this time many of the plundering Whagars were pursued and captured by him, and handed over to the British authorities. He subsequently accepted the office of Private Secretary to the Nawab Hamad Khanji, whom he served for four years. On the demise of the Nawab, he left the services of the State, but shortly after obtained the appointment of *Sheristádár* in the Rajkot British-Agency. Here he remained for ten years, discharging his duties in a manner that won for him the high approbation of seven successive Political Agents, who, with one accord, have testified to his industry, intelligence and integrity. On his resigning his office in the Agency he was employed by the late Nawab of Junagád, Sir Mohabut Khanji, as a Special Counsellor to His Highness, on a high salary. The courts of justice in Junagád have been formed upon his advice, while the criminal and civil laws have been improved in accordance with his suggestions. His fitness for high judicial office was at length recognized by his appointment as Chief Justice of the State, which honourable post he filled with great credit and with strict impartiality for more than ten years, but he retired from active life and resigned the post in 1877. In 1868 his immense services were—rewarded by the grant of a village, and the dignity of an **Oomrav** or nobleman of the court. In all public movements he has been forward, exerting himself in the promotion of education, and delivering public lectures on politics and morality. He contributed in August of 1884 a sum of Rs. 3,000 to institute scholarships for the successful students of Junagád studying in the Bombay University. Among his benefactions are a 'Charitable School' established in his own village, and a 'Library' in Junagád opened in A.D. 1871. A sum of money has been set apart by him, out of the interest of which needy families of his own Nagar caste are maintained, and poor scholars are provided with their school fees and books.

Mr. Nursingpersád has one son and a daughter. He is held in the highest honour by the Nawab of Junagád and by all those who have watched his career, and have been privileged to come in contact with him officially or socially.



રાજે શ્રી નરસીંહપ્રસાદ હરીપ્રસાદ. જુનાગઢના.

NURSIPURSÁD HURRYPURSÁD, ESQ., OF JOONAGHUD.

Vincent Brooks, Day & Son, Lith. London, W.C.

# રાજશ્રી નરસીંહપ્રસાદ હરીપ્રસાદ,

## જુનાગઢના.

એમના વડીલ મહાદેવ, ઓલખે "બુચ," જામનગરના વતની હતા. તેમના પૌત્ર રામજી—પેહેલ્લ જુનાગઢમાં વેપાર-અર્થે આવી રહ્યા, તેમના પુત્ર અંબારામે ત્યાં અનાજનો મોહોળો વેપાર કરવા ઉપરાંત, જુનાગઢનું ૨૬ ગામો વાલું 'કોડીનાર' પ્રગણું ઇજારે રાખી, તે ઉપર પુર સત્તા ભોગવી ગયા. તેમના એક પુરા પુત્ર હરીપ્રસાદે આબરૂદાર નાણાવટીઓ સાથ ભાગમાં ધંધો ચલાવવા ઉપરાંત, જુદા જુદા રાજ્યના ગામોનો ઇજારો પુર સત્તા ચલાવવાના હક્કો સાથ રાખ્યો હતો. તેઓ આખા કાઠીઆવાડમાં—ઘણા જાણીતા થૈ, ત્યાંનાં ઇંગ્રેજી મોહોટા હોદ્દેદારો તરફથી ઉંચું મત મેળવી, ધોરાજી અને લીમડીનો રાજ્ય કારોબાર ઇંગ્રેજ સરકારની દેખરેખ હેઠળ ચલાવી, ત્યાંનાં રાજ્ય કુટુંબો તરફથી ઉઠેલી ફરીઆદો વીરોનાં જોખમ અને વિશ્વાસ ભર્યાં કામનો નીવેડો, એઓ ખાતરી પૂર્વક રીતે લાવ્યા હતા. તેમના ૩ પુત્રો માંહેલા ૨ જા તે આ હકીકતને લગતા રાજશ્રી નરસીંહપ્રસાદ છે.

**મી. નરસીંહપ્રસાદ**, 'વડનગરા નાગર' છે. તેમને બાઈ બચીબાઈએ, જુનાગઢમાં, ૧૮૨૭ ની ૧૮ મી દીસેમ્બરે જન્મ આપ્યો. એમની ન્યાતની ઓળખ 'આભયંત્ર,' તો, વંશીક ઓળખ 'બુચ'* છે. એઓના ૩ બેહેનો અને ૨ ભાઈઓ માંહેલા દુરગાપ્રસાદ હૈયાત છે. એઓ ગુજરાતી અને સંસ્કૃત જાણેછે, અને ૧૮૪૬ માં ૧૪ વર્ષની વયે જુનાગઢના મરહુમ નવાબ હામદખાનજીના વખતમાં, પ્રગણાના વહીવટદારના કામ ઉપર લાગી, વધતા જઈ, 'પાટણ' અને 'વેરાવળ' માહાલોના મોહોટા હોદ્દા ભોગવ્યા, તે વખતે જાણીતા થયલા અબુજી વાટપાડાને તેમજ ઘણાક વાઘેર લુટારાઓને પકડી, ઈંગ્રેજ સરકારને હસ્તક આપ્યા હતા. ૧૮૪૭ માં નવાબે એમને પોતાના ખાનગી-સેક્રેટરીનો વિશ્વાસુ હોધ્ધો આપ્યો હતો. ૧૮૪૯ માં પોરબંદર અને જુનાગઢના રાજ્યો વચ્ચે, 'માધવપોર' અને 'આજખમેખડી' ગામોની હદ વીશે તકરાર ઉઠી, તેનો ચુકાદો જુનાગઢની વિરૂધ્ધ જવે. મી. નરસીંહપ્રસાદે ભારે મેહેનત લઈ, સાબેત પુરાવા આપી, પાછો જુનાગઢના લાભમાં શેવટનો ફેસલો કરાવ્યો કે, પછે તુરતજ એ નવાબ ભર જુવાનીમાં મરણ પામવે, જુનાગઢમાં 'પંચ'નો રાજ્ય કારોબાર શરૂ થવે, એમને ૧૮૫૧ માં, રાજ્યના 'વકીલ' તરીકે રાજકોટ-એજંસીમાં નેમ્યા, તે હોધ્ધો ૧૮૫૩ ના જુલાઈમાં એઓએ છોડી, ઈંગ્રેજી એજંસીમાં એસીસ્ટન્ટ-પોલીટીકલ-એજંન્ટના 'સીરસ્તેદાર'ના હોધ્ધા ઉપર નેમાયા. ૧૮૫૭ માં લીમડીના ઠાકોરને, પોતાની મા સાથે વાંધો પાડવે, ત્યાં જબરી કાપાકાપી થવા જેવું જબરૂં તોફાન ઉઠ્યું, ત્યાં જઈ બંદોબસ્ત કરવા એજંન્સીના નોકરોએ હીમત નહી કરવે, તે કામમાં **મી. નરસીંહપ્રસાદ** હીમતથી હાથ ઘાલી, ત્યાં ઈંગ્રેજી ફોજ સહીત ચઢી જઈ, પુરતો બંદોબસ્ત કીધો હતો. અને એજ સાલમાં ગોંડલ રાજ્યનો વહીવટ જે ઈંગ્રેજી દેખરેખ હેઠળ ચાલતો હતો, ત્યાંના કારભારી અને રાણી વચ્ચે જોસ ભરી તકરાર ઉઠવે, તેની પણ, એઓએજ ટુક વખતમાં સમજુતી કીધી હતી. એમ **મી. નરસીંહપ્રસાદે**, એજંન્સીમાં ૧૦ વર્ષો તુલીક જુદા જુદા ૭ પોલીટીકલ એજંન્ટોના હાથ હેઠળ ચાલાકીથી હોધ્ધો બજાવી તેઓ તરફથી—પોતાની હુશીઆરી, ઈમાનદારી, મેહેનત, નમ્ર સ્વભાવ, વગેરે ભલા ગુણો ખાતર સર્ટીફીકેટો

* 'બુચ,' એ ઉર્દુ 'બુજ', એટલે સમજનો અપભ્રંશ થયલો છે.

મેળવી, ૧૯ મી ઑગષ્ટ ૧૮૬૩ ને દીને રાજીનામું આપી હોધ્ધો છોડયો કે, પછે બીજે વર્ષે જુનાગઢના મરહુમ નવાબ મોહોબતખાનજીએ, એમને મોહોટું સાલ્યાણું આપી પોતાના ખાસ-સલાહકાર તરીકે નેમ્યા. એમની સલ્લાહથી તે રાજ્યમાં—પેહલવેહલી જુદી જુદી 'કોર્ટો' સ્થપાઈ, અને સુધરેલી ધોરણે નવા કાયદા બંધાઈ ચાલુ થયા. નવાબ સાહેબે એમને પુરતા લાયક જોઈ, આખ્ખા જુનાગઢ પ્રાંતના—'સર ન્યાયાધીશ' તે ચીફ-જસ્તિસનો અતીશય વિશ્વાસુ અને જોખમ ભર્યો હોધ્ધો આપી "ઈજત આશાર"નો માનવંત ખેતાબ બક્ષ્યો. તે હોધ્ધો એઓએ પુરતી ચંચલ્લાઈ અને બાહોશીથી ૧૮૭૩ ની ૧૪ મી નવેમ્બર સુધી ચલાવી એકાંતવાસ થવા રાજીનામું આપી તે છોડવા માગવે, નવાબે તે બાહાલ ન રાખતાં, એમની ઘટતી તારીફ કરી, એ હોધ્ધાની જવાબદારી તેમને એકલાને માથેથી કહાડી નાખી હતી, પણ એમનો 'હજુર કાંઉનસીલ' અથવા 'રાજ્યની મસલત કરનારી મંડળી'ના સભાસદ તરીકેનો હોધ્ધો ચાલુ રાખ્યો હતો. હવેથી ન્યાય-ખાતાંની જવાબદારીનો જોખમ, એમની સાથ બીજા બે ગૃહસ્થોની 'કાંઉનસીલ' નેમી, તેને માથે નાખ્યો હતો. જુનાગઢનાં ૧૫૦ ગામો જેતપોર સાથ ભાગીમાં હતાં, તેઓની વેંહેંચણી થતી વખતે, મૈયા લોકોએ 'જીત્રાઈ*' સંબંધી ઉઠાવેલો જબરો ગુચવાડા ભર્યો વાંધો, મી. નરસીંહપ્રસાદે સફાઈથી પતાવ્યો હતો. એમ રાજ્યની કીમતી સેવા બજાવવા બદલે એમને નવાબે ૧૮૬૬ માં મોહોટી આવકવાળું—'સમઠીઆલા' ગામ વંશપરંપરા ઈનામમાં બક્ષી, દરબારના એક ઉમરાવની પદવીએ ચહડાવ્યા. ૧૮૭૪ માં એઓએ હોધ્ધો છોડવા આપેલું રાજીનામું નામંજુર રહ્યા પછે, ૧૮૭૭ માં નવાબે તે બાહાલ રાખી એમને ભર પગાર આપતો ચાલુ રાખ્યોછે. ત્યારથી એઓ એકાંતપણે રહેછે. એઓએ દેશ અને દેશીઓને લાભકારક અને વિદ્યા એલમને ઉત્તેજન આપનારા કામોમાં સામેલ થતા રેહી, જુનાગઢમાં નીતીસંબંધી વીગેરે ભાષણો આપ્યાંછે. એમની મેહેનતથી નાગર લોકોને લાભ કરનારી 'નાગર-મંડળી' ત્યાં ઉભી થઈછે. 'ઈસ્ટ ઈંડીયા એસોશીએશન'ના એઓ લાઈફ-મેમ્બર છે. એ એસોશીએશનનાં, તેમજ કરસનદાસ મેમોરીયલ'નાં અને રેલથી પીડાયલા અમદાવાદીઓના ફંડમાં રૂ. ૫૫૦ ભર્યાંછે. પોતાના ગામ 'શમઠીઆલા' માં એઓએ એક 'ધર્મની નીશાળ' સ્થાપી, જેનો વાર્ષીક ખરચ રૂ. ૧૫૦ નો થાયછે. પોતાને ખરચે જુનાગઢમાં ૧૮૭૧ થી મોહોટા પાયાઉપર 'નરસીંહ લાયબ્રેરી' ઉઘાડીછે, અને પોતાના ગરીબ જાતીલાઓને તરેહવાર મદદ આપવા એઓએ ૫૦,૦૦૦ કોરી† એટલે રૂ. ૧૪,૨૮૫ એલાયધા કહાડી તેને "નરસીંહપ્રસાદ-નાગર નિરાશ્રીત ફંન્ડ" નામ આપ્યું છે. એઓએ ગીરનાર પાહાડ ઉપર નહાના ઉતારા બંધાવ્યાછે. ૧૮૮૪ ના ઑગષ્ટમાં એઓએ મુંબઈ યુનીવરસીટીને રૂ. ૩,૦૦૦ બક્ષી તેના વ્યાજમાંથી, દરમાસે રૂ. ૧૦ ની સ્કોલરશીપ 'જુનાગઢ બાહાદુર ખાનજી હાઈસ્કુલના' સર્વેથી પેહેલા ઉતરેલા મેટ્રીક્યુલેટને ૧ વર્ષ તુલીક આપવા ઠેડવ્યું છે.

*જુવો—ગોંડળ.

† રૂ. ૧ ની 'દીવાનસાહી' ૩॥ કોરી થાયછે.

મી. નરસીંહપ્રસાદ બીજીવાર બાઈ જવલ સાથ પરણ્યા. તેણીએ રામપ્રસાદ નામનો પુત્ર, અને એક પુત્રીને જન્મ આપ્યો છે. એમને પોતાના ગામો વગેરેની દરસાલ રૂ. ૭૦૦૦ ને આસરે આવક થાયછે. મી. નરસીંહપ્રસાદ સ્વભાવે ઘણુંજ નમ્ર અને મીલનસાર, વાતચીતમાં ચપલ અને લાયક, યોગ્ય માણસો સાથે જલદીથી હળીજઈ દીલ જીતી લેનારા, ઘણુંજ સાદા, મેહેનતુ, અનુભવી, અને પુરા લાયક ગૃહસ્થ છે.

# Naranji Dulabhji, Esq.,

## EX-DIVAN OF VADHVÁN.

MULSHÁNKAR, surnamed '*Booch*,' was the first of the family who made a name. His son, Dulabhji, born in A.D. 1798, was appointed *Vákil* to represent Jámnágar in the British Agency at Rajkot. His strict services met with warm approval from H. H. the Jam. The British Political-Agent appointed him—Diván of Gondal, to rescue the small State from its confused affairs. He worked hard and heartily from 1847—54 as British nominee. From 1861—66 he was engaged directly by the Thakor of Gondal as his Diván, and his services met with approbation from the Bombay Government, the late Hon. Court of Directors, as well as from the Chief of that State. He died in 1866, leaving two daughters and a son, Mr. Nárânji, the subject of the memoir.

Mr. Nárânji, better known as *Nárádbhoy*, born at Dhoráji in Káthiáwár, on 9th October 1831, belongs to the *Vadnágra* Nagar Bráhmin sect among the Hindus. His official name is '*Mehta*,' and he knows Gujáráti and Urdu languages. He began life as a State Storekeeper in Gondal State in 1847. Approving of his expertness and ability in the management of the State, Thakor Rae Singji of Vadhván at once appointed him as his Chief-Diván in 1854. He effected much improvement in the State, and the British Political-Agents, Colonels Anderson and Law, gave him warm thanks in January 1873. He—relieved the State from heavy debts, and improved its revenue in a manner equally advantageous to the State and the subject. During his administration were built at the State's expense a bridge across the river Bhogává, an hospital, a jail, a charitable dispensary, a school-house for boys and another for girls, a ginning factory, *bazar* or market, and the police lines. During the minority of H. H. the late Thakor Dajiráj of Vadhván, the British Government managed the State as trustees, and Mr. Náranji—had the full power of administration relegated to him from 1873. In July 1875, the Government expressed their approval and warm approbation of his administration, but the next year he resigned the Premiership of the Vadhván State in consequence of disagreement or difference with the Queen-mother. He now holds office of a Revenue-Commissioner in the State of Jámnágar.

Mr. Náranji has *no* male issue but only a daughter. His stature is short and well-built. He is an active, intelligent,—and painstaking gentleman,—well-known in the province of Káthiáwár.

# રાજશ્રી નારણજી દુલભજી,

## માજી દીવાન, વઢવાણના.

આ ખરદાર ખાનદાનથી ઉતરેલા મી. નારણજીના વડીલ મુળશંકર "બુચ"* ની ઓળખથી જાણીતા હતા, તેઓ એક પુરા પુત્ર દુલભજીને મેળી સ્વર્ગવાસી થયા. દુલભજીએ, જામનગરના વકીલ તરીકે રાજકોટ-એજંન્સીમાં રહી, હોશીઆરીથી કામ બજાવવા ખાતર, એ રાજ્ય તરફથી શાબાસી અને માન મેળવ્યું હતું. ગોંડલના ઠાકોર ભાણાભાઈના અમલમાં એ રાજ્યના બગડેલા વહીવટને સુધારવા એમને ઇંગ્રેજ સરકારે ૧૮૪૭—૫૪ સુધી દીવાન નેમી, રાજ્ય-કારોબાર સોંપ્યો હતો. તો ફરીથી, એજ રાજ્યમાં ઠાકોર સધરામજીના વખતમાં, ત્યાંનો સુથાયલો વહીવટ સુધારી મજબુતી ઉપર લાવવા, એમને ૧૮૬૨—૬૬ સુધીક રાજ્ય-અધિકારી નેમ્યા હતા. એમ ગાળે ગાળે બે વાર દીવાન બની ફતેહમંદ નીવડવા ખાતર, એમને, તે વખતની 'ધી ઓનરેબલ કોર્ટ ઓવ ડાયરેકટર્સ,' તેમજ મુંબઈ સરકાર, અને કાઠીઆવાડ-એજન્સી, તરફથી ૧૮૪૪ ના જાનેવારી અને ૧૮૫૫ ના ફેબરવારી અને દીસેમ્બરમાં—શાબાસી મળી હતી. દુલભજી ૧૮૬૬ માં સ્વર્ગવાસી થઈ બે બેટીઓ અને એક પુત્ર તે આ હકીકતને લગતા મી. નારણજીને મેલીગયા.

* જુઓ નરસીંહપ્રસાદ હરીપ્રસાદ.

**મી. નારણજી** ઉર્ફે **નારડ ભાઈ**, "મેહેતા" ની ઓળખથી જાણીતા અને કાઠીઆવાડના ધોરાજી, શેહેરમાં ૧૮૩૧ની ૧૯મી અક્ટોબરે જનમ્યા, તેઓ હીંદુઓની 'વડનગરા નાગર' બ્રાહ્મણ ન્યાતના, અને ગુજરાતી, ઉરદુ, ભાષા જાણેછે. ૧૮૪૭ માં પેહેલે એઓ ગોંડલ રાજ્યમાં 'બક્ષીગરા' ના કામ ઉપર લાગ્યા અને રાજ્ય વહીવટને લગતો પણ સારો અનુભવ મેળ્યો, પછે એમની બાહોશી અને ચંચલાઈ જોઈ ૧૮૫૪ માં વઢવાઢણના મરહુમ ઠાકોર સાહેબ રાયસંગજીએ એમને પોતાના—દીવાંનનો માન અને જોખમભર્યો હોધ્ધો આપ્યો, તે, એઓએ ચાલુ રીતે ૨૨ વર્ષોની લાંબી મુદત તુલીક ભોગવી, ત્યાં પ્રજા ઉપયોગી પુષ્કળ કામો બજાવી, રાજ્ય અને રૈયતને એક સરખો લાભ કરનારા ઘણાંક સંગીન સુધારા કરી, વઢવાણ તાલુકાને આબાદી ઉપર લાવી ખીલવવા ભારે મેહેનત લીધી હતી, જે ખાતર તે વખતના પોલીટીકલ-એજંન્ટો **કરનલ લો** અને **આન્દરસને**, પોતાના ૧૬ મી જાનેવારી ૧૮૭૩ ના ઠરાવમાં, મી. **નારણભાઈની** મેહેનતુ કોશેશ અને ચાલાકીભર્યા રાજ્ય-વહીવટ ખાતર સંતોષ જણાવી શાબાસી આપી હતી. એઓએ, રાજ્યનું ચડી ગયલું કરજ અદા કરી, આવક સુધારી, તીજોરીમાં વધારો કીધો હતો. વઢવાણ શેહેરમાં પેશતાં 'ભોગાવા' નદી ઉપર નાખેલો સુશોભીત પુલ, ઓસ્પીટલ, સ્કૂલ, જેલ, બજાર, પોલીસ-લાઈન, રંગમેહેલ, ઉતારાની જગ્યા, ગામોની દીવાલબંધી, વીગેરે જાહેર બાંધકામો એમનાંજ વખતમાં થયાં, તેમજ ઈંગ્રેજી સ્કૂલ, ગુજરાતી નીશાળો, કન્યાશાળા, અને ધર્મનું-દવાખાનું રાજ્યના ખરચે ઉઘડીયાં, અને દરબારી 'જીનીંગ ફેકટરી' સ્થપાઈ હતી. એમનાજ વખતે, 'બરોડા રેલવે કંપની'નું વઢવાણ ટરમીનસ સ્ટેશન, અને 'કોટન મારકેટ,' પણ ખુલ્યાં હતાં. એમની એકીનદારીવીશે, ઈંગ્રેજ સરકારને એટલો તો વિશ્વાસ બેઠો હતો કે, વઢવાણના ઠાકોર સાહેબ **રાય-સીંઘજી** સ્વર્ગવાસી થવે, તેમના કુવર તે હાલ સ્વર્ગવાસી થયલા ઠાકોર સાહેબ દાજીરાજ ત્યારે નાધલી વયના હોવે, રાજ્યની દેખરેખ ઈંગ્રેજ સરકારને હસ્તક જવે, તેણે ૧૮૭૩ માં, ત્યાંનો પુરઅખત્યાર વહીવટ એકલા **નારણભાઈનેજ** સોંપ્યો હતો. જે ઘણી હોશીઆરીથી ચલાવવા ખાતર, એ સરકારે ૧૮૭૫ ની જુલાઇમાં ઘણા સારા વીચારો જણાવી શાબાસી આપી હતી; પણ પછે, એ દીવાનને, વઢવાણના ચંચલ કેળવાયલાં અને ખરાં નીતીમાન રાણી સાહેબ સાથે ગેર સમજુતી થવે, રાજીનામું આપી ૧૮૭૫ ની આખેરીએ એ ઓધ્ધો છોડયો. બાદ, ગોંડલનાં **રાણી સાહેબના** ખાંનગી હોધ્ધેદાર તરીકે થોડી મુદત હોધ્ધો બજાવ્યા પછે, હાલ એઓ જામનગરમાં રેવીન્યુ-કમીશનરનો હોધ્ધો ભોગવેછે.

**મી. નારણભાઈ**, બાઈ ઇછાકુવર સાથ પરણ્યા, તેણીએ એકજ બેટીને જન્મ આપ્યોછે. એઓ, કદે ઠીંગણા, બાંધે મજબુત, ચંચળ, અને મેહેનતુ, ૫૫ વર્ષની વયના ગૃહસ્થ છે. તેઓ કાઠીઆવાડમાં સારીપેઠે જાણીતા છે.

NOT TO BE ISSUED

SHRI HANSA MEHTA LIBRARY BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

NOT TO BE ISSUED

SHML
31310

31310
A.S.P.

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY
NOT TO BE ISSUED
7CT
1501
.J2
31310